# માધ્યમિક અભ્યાસક્રમ

# ૨૧૩ - સામાજિક વિજ્ઞાન

પુસ્તક - ૧


**અભ્યાસક્રમ સહયોજક**

કુ. તરુણ પુનિયા

ડૉ.ચુન્નુ પ્રસાદ

ડૉ. અજમત નોરી

**પ્રોજેક્ટ સહયોજક**

કુ. આસીમા સિંગ

**ભાષાંતર સહયોજક**

ડૉ.રાજેશ કુમાર



**રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન**

(એમ.એચ.આર.ડી, ભારત સરકાર હેઠળની એક સ્વાયત સંસ્થા)

એ - ૨૪-૨૫, ઈન્સ્ટિટ્યુશનલ, એરીયા સેકટર - ૬૨ નોઈડા -૨૦૧૩૦૯ (ઉ.પ્ર)

વેબસાઈટ : **www.nios.ac.in,** ટોલ ફ્રી નં. ૧૮૦૦૧૮૦૯૩૯૩

## સલાહકાર સમિતિ

| | | | | |
|---|---|---|---|---|
| **ડૉ.સિતાંશુ એસ.જેના** | **ડૉ.કુલદીપ અગ્રવાલ** | **ડૉ. વૈકટેશ શ્રીનિવાસન** | **કુમારી ગોપા બિસવાસ** | **ડૉ. સોનિયા બહેલ** |
| *અધ્યક્ષ* | *નિયામક (શૈક્ષણિક)* | *મદદનીશ પ્રતિનિધિ* | *સંયુક્ત નિયામક (શૈક્ષણિક)* | *મદદનીશ નિયામક* |
| *એન.આઈ.ઓ.એસ. નોઈડા* | *એન.આઈ.ઓ.એસ. નોઈડા* | *યુ.એન.એફ.પી.એ.ન્યુ દિલ્હી* | *એન.આઈ.ઓ.એસ. નોઈડા* | *એન.આઈ.ઓ.એસ. નોઈડા* |

## અભ્યાસક્રમ સમિતિ

**અધ્યક્ષ**
**પ્રો. સી.એસ.આર. મૂર્તિ**
**સી.આઈ.પી.ઓ.ડી, એસ.આઈ.એસ.**
**જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, ન્યુ દિલ્હી**

| | | | |
|---|---|---|---|
| **પ્રો.નિવીદિતા મેનન** | **પ્રો. મોહમદ કુરેશી** | **પ્રો.નુર મોહમદ** | **પ્રો. સાલીલ મિશ્રા** |
| *અધ્યાપક* | *અધ્યાપક, ભૂગોળ* | *અધ્યાપક (નિવૃત્ત)* | *ફેકલ્ટી (ઈતિહાસ)* |
| *એસ.આઈ.એસ.*, JNU | *સી.એસ.આર.ડી.*SSS, JNU | *દિલ્હી યુનિવર્સિટી* | SSS, *ઈગ્નુ* |
| *ન્યુ દિલ્હી* | *ન્યુ દિલ્હી* | *દિલ્હી* | *ન્યુ દિલ્હી* |
| **પ્રો.અનીલ સેઠી** | **ડૉ.ક્રિષ્ના મેનન** | **ડૉ.બી.એલ. ગુપ્તા** | **કુ. અપરના પાન્ડે** |
| *અધ્યાપક* | *રીડર, (રાજકિય વિજ્ઞાન)* | *ઉપઆચાર્ય (નિવૃત્ત)* | *લેક્ચરર* |
| DESSH, NCERT | *લેડી શ્રીરામ કોલેજ,* | *દિલ્હી સરકાર, નવી દિલ્હી* | DESSH, NCERT |
| *ન્યુ દિલ્હી* | *દિલ્હી* | | *નવી દિલ્હી* |
| **સ્વ. કુ.ચિત્રા શ્રીનિવાસ** | **ડૉ.ટી.એન. ગીરી** | **શ્રી વિવેક સિંઘ** | |
| PGT *(ઈતિહાસ)* | *ક્ષેત્રીય નિયામક* | SEO, *(શૈક્ષણિક)* | |
| *સરદાર પટેલ વિદ્યાલય* | *એન.આઈ.ઓ.એસ.પટના* | NIOS, *નોઈડા* | |
| *લોઢી કોલોની, ન્યુ દિલ્હી* | | | |

## સંપાદક સમિતિ

| | | | | |
|---|---|---|---|---|
| **પ્રો. જે.એલ. પાંડે** | **શ્રી ભગવતી પ્રસાદ ધ્યાની** | **કુ.અનિતા દેવરાજ** | **ડૉ.બી.એલ. ગુપ્તા** | **ડૉ. ટી.ગીતા** |
| *નિવૃત અધ્યાપક* | *લેક્ચરર* | *આચાર્ય* | *ઉપઆચાર્ય (નિવૃત્ત)* | *સહાયક પ્રોફેસર* |
| NCERT | *શિક્ષણ વિભાગ* | *ડી.એ.વી.પબ્લિક સ્કૂલ,* | *દિલ્હી સરકાર, નવી દિલ્હી* | *સી.આઈ.ઈ.* |
| *ન્યુ દિલ્હી* | *દિલ્હી સરકાર* | *બહાદુરગઢ, હરિયાણા* | | *દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી* |
| **ડૉ.એસ.કે. મહાપાત્રા** | **કુ. તરુણ પુનિયા** | **ડૉ. ચુન્નુ પ્રસાદ** | **ડૉ. અઝમત નુરી** | **કુ. રીટા થોકસોમ** |
| *રીડર, ભૂગોળ* | *શૈક્ષણિક અધિકારી* | *શૈક્ષણિક અધિકારી* | *શૈક્ષણિક અધિકારી* | *૪/૪૩, એ- પહેલો માળ,* |
| *ઈગ્નુ, નવી દિલ્હી* | *ભૂગોળ, એન.આઈ.ઓ.એસ.* | *રાજકીય વિજ્ઞાન* | *ઇતિહાસ* | *વિજયનગર, દિલ્હી* |
| | *નોઈડા* | *એન.આઈ.ઓ.એસ. નોઈડા* | *એન.આઈ.ઓ.એસ. નોઈડા* | |
| **કુ.ઉર્મિલ મહેન્દ્રુ** | **કુ. એસ.કે. અરોરા** | **ડૉ. આર.કે. શ્રીવાસ્તવ** | | |
| *જી.૧૪૬, એલ.વાય કોલોની* | *જી.એચ-૪/૧૯૦, મિરા અપાર્ટમેન્ટ* | *લેક્ચરર* | | |
| *પશ્ચિમ વિહાર, દિલ્હી* | *પશ્ચિમ વિહાર, દિલ્હી* | SCERT, *દિલ્હી* | | |

## પાઠ લેખકો

| | | | | |
|---|---|---|---|---|
| **કુ.અનિતા દેવરાજ** | **ડૉ.એસ.કે. મહાપાત્રા** | **ડૉ. રામશ્રય પ્રસાદ** | **ડૉ. વી.એસ. નેગી** | **ડૉ. સ્વાતિ રાજપુત** |
| *આચાર્ય* | *રીડર, ભૂગોળ* | *સહાયક અધ્યાપક* | *મદદનીશ અધ્યાપક* | *મદદનીશ અધ્યાપક* |
| *ડી.એ.વી.પબ્લિક સ્કૂલ,* | *ઈગ્નુ, નવી દિલ્હી* | *ડૉ. આબેંડકર કોલેજ* | *શહિદ ભગતસિંહ કોલેજ* | *શહિદ ભગતસિંહ કોલેજ* |
| *બહાદુરગઢ, હરિયાણા* | | *દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી* | *દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી* | *દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી* |
| **ડૉ. અલ્પના ટપારીયા** | **ડૉ.ભુઆન જ્હા** | **શ્રી પ્રેમ ઓઝા** | **કુ. નસરીન રીઝવી** | **ડૉ. સાલીન જૈન** |
| TGT, *સામાજિક વિજ્ઞાન* | *સહાયક રજીસ્ટ્રાર* | TGT, *સામાજિક વિજ્ઞાન* | TGT, *સામાજિક વિજ્ઞાન* | *મદદનીશ અધ્યાપક* |
| *ડી.પી.એસ. ઈન્દ્રપુરમ* | *દિલ્હી યુનિવર્સિટી,* | *ધ હેરીટેજ સ્કુલ, સેક્ટર-૨૬* | *ડી.પી.એસ. ઈન્દ્રપુરમ* | *એસ.જી.ટી.બી. ખાલસા કોલેજ* |
| *ગાઝીયાબાદ* | *દિલ્હી* | *ગુરગાંવ, યુ.પી.* | *ગાઝીયાબાદ* | *દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી* |
| **કું. સ્મિતા દાસ** | **શ્રી ચંદન શ્રીવાસ્તવ** | **કું. મનિષા સુબા** | | |
| TGT, *સામાજિક વિજ્ઞાન* | *સંશોધન છાત્ર* | *સંશોધન છાત્રા* | | |
| *ડી.પી.એસ. ઈન્દ્રપુરમ* | *સી.આઈ.ઈ.* | *સી.આઈ.ઈ.* | | |
| *ગાઝીયાબાદ* | *દિલ્લી યુનિવર્સિટી, દિલ્હી* | *દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી* | | |

## જીવન કૌશલ્ય સલાહકાર ગૃપ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રો. જે.એલ. પાંડે** | **કુ.અનિતા દેવરાજ** | **ડૉ.એસ.કે. મહાપાત્રા** | **કુ.આસીમાસિંગ** | **ડૉ. જયા** | **પ્રવાહ** |
| *નિવૃત અધ્યાપક* | *આચાર્ય* | *રીડર, ભૂગોળ* | *પ્રોજેક્ટ સહયોજક (AEP)* | *નેશનલ પ્રોગ્રામ ઓફિસર (UNFPA)* | *મેન્ટરીંગ એજન્સી* |
| NCERT | *ડી.એ.વી.પબ્લિક સ્કૂલ,* | *ઈગ્નુ, નવી દિલ્હી* | *એન.આઈ.ઓ.એસ. નોઈડા* | *૫૫, લોઢી એસ્ટેટ, દિલ્હી* | *સી-૨૪બી, કાલકજી,* |
| *ન્યુ દિલ્હી* | *બહાદુરગઢ, હરિયાણા* | | | | *નવી દિલ્હી* |

## અભ્યાસક્રમ સયોજક

| | | |
|---|---|---|
| **કુ. તરુણ પુનિયા** | **ડૉ. ચુન્નુ પ્રસાદ** | **ડૉ. અઝમત નુરી** |
| *શૈક્ષણિક અધિકારી* | *શૈક્ષણિક અધિકારી* | *શૈક્ષણિક અધિકારી* |
| *ભૂગોળ, એન.આઈ.ઓ.એસ.* | *રાજકીય વિજ્ઞાન* | *ઇતિહાસ* |
| *નોઈડા* | *એન.આઈ.ઓ.એસ. નોઈડા* | *એન.આઈ.ઓ.એસ. નોઈડા* |

## ગ્રાફિક્સ આર્ટિસ્ટ

| | |
|---|---|
| **શ્રી મહેશ શર્મા** | **શ્રી રૂપેશ ખારકવાલ** |
| *ગ્રાફિક્સ આર્ટિસ્ટ* | *ફ્રીલાન્સ ગ્રાફિક્સ આર્ટિસ્ટ* |
| *એન.આઈ.ઓ.એસ. નોઈડા* | *નવી દિલ્હી* |

**Developed under MHRD-UNFPA Supported: Adolescence Education Programme**

# અધ્યક્ષશ્રીનો સંદેશ

*પ્રિય અભ્યેતા / વિદ્યાર્થી*

*સતત પરિવર્તિત થતા જતા જન-સમાજની જરૂરીયાતો કેટલાંક જૂથોની સમય સાથે પરિવર્તિત થવાની પધ્ધતિ અને આવડતને પરિપૂર્ણ કરવા માટે જરૂરી અપેક્ષાઓ અનુસાર બદલાય તે અનિવાર્ય બાબત ગણાય. શિક્ષણએ પરિવર્તન માટેનું એક અદકું ઓજાર છે. યોગ્ય સમયનું અને યથાયોગ્ય શિક્ષણ જ સમાજની મહત્વાકાંક્ષાઓની આપૂર્તિ કરવા ઉપરાંત નવીન સમસ્યાઓનો સામનો કરવા તેમજ તે માટે જોઈતી હિંમત કેળવવા સારૂ વ્યાવહારિક પરિવર્તનની આવશ્યકતા હોય છે. અવાર નવાર તેમજ તબક્કાવાર રીતે પાઠ્યક્રમોમાં જરૂરી ફેરફારો દ્વારા અસરકારક રીતે આવું સઘળું પરિવર્તન કરી શકાય. કોઈ પણ જડ (અપરિવર્તન શીલ) પાઠ્યક્રમ આવો કોઈજ હેતુ પાર પાડી શકે નહી. કારણ કે તે આવી કોઈ વૈયક્તિક અથવા સામાજિક (સામૂહિક) જરૂરીયાતને પોષાતો હોતો નથી.*

*એકમાત્ર ઉક્ત હેતુસર સમગ્ર રાષ્ટ્રના કેળવણીકારોએ સમયાન્તરે એકઠા થઈને આવા પરિવર્તન માટે જરૂરી ચર્ચા-વિચારણાઓ કરવી જોઈએ. આથી જ એક ચર્ચા-વિચારણાની ફલશ્રુતિ રૂપે રાષ્ટ્રીય પાઠ્યક્રમ માળખા (NCF 2005) ની રચના કરવામાં આવી છે. તેણે વિવિધ કક્ષાઓ જેવી કે પાયાની પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સંદર્ભે વિષદ ચર્ચા- વિચારણાઓને અંતે એક ભૂમિકા તૈયાર કરી છે.*

*ઉક્ત તમામ -રાષ્ટ્રીય તથા સામાજિક બાબતોને ધ્યાનમાં રાખી ને અમે તાજેતરમાં માધ્યમિક કક્ષાનો પાઠ્યક્રમ અદ્યતન તેમજ જરૂરીયાત અનુસારનો બની રહે એ રીતે સુધાર્યો છે આમ તો અભ્યાસ સામગ્રીનું ઉત્પાદન એ NIOS કાર્યક્રમો મુક્ત વિદ્યાલયી કે દૂરવર્તી શિક્ષણનો એક સર્વાંગી તથા અતિઆવશ્યક ભાગ ગણાય. એ ન્યાયે અમે ખાસ કાળજી રાખીને આ અભ્યાસ સામગ્રી તમારા જેવા ઉપયોગ કર્તા (અભ્યેતાઓ) માટે તે મૈત્રીપૂર્ણ, રસપ્રદ તથા અતિઆવશ્યક બની રહે તે માટે પૂરતો પ્રયાસ કર્યો છે.*

*આ સંદર્ભે અત્રેઆ અભ્યાસ સામગ્રીને રસપ્રદ તથા તમારી જરૂરીયાત મુજબની બનાવવામાં મદદકર્તા તમામ વિખ્યાત વિતજનોનો આભાર માનું છું. આશા રાખું કે તમને પણ તે અસરકારક તેમજ તન્મય કરી દેનાર બની રહેશે.*

*રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન વતી અત્રે હું આપ સર્વે ને અત્યંત ઉજ્જવળ તેમજ સફળ ભાવી માટે શુભકામનાઓ પાઠવુ છું.*

*ડો. એસ. એસ. જેના*
*અધ્યક્ષશ્રી*, NIOS

# નિયામકશ્રીની નોંધ

*પ્રિય અભ્યેતાઓ / વિદ્યાર્થીઓ*

*રાષ્ટ્રીય મૂકત વિદ્યાલયી સંસ્થાન* (NIOS) *નો એ હંમેશનો પ્રયત્ન છે કે તે તમને અવાર નવાર નવો તેમજ તમારી જરૂરીયાતને પહોંચી વળે તેવો અભ્યાસક્રમ આપે. હવે અમે માધ્યામિક કક્ષાના તમામ વિષયોના અભ્યાસક્રમ સુધારી રહયા છીએ. આ સંદર્ભે તમને નવો અભ્યાસક્રમ આપવાના હેતુસર અમે CBSE (સેંટ્રલ બોર્ડ ઓફ સ્કૂલ એજયુકેશન)તેમજ વિવિધ રાજયોના માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે જુદા જુદા વિષયો સંદર્ભે મસલતો યોજી છે. રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું શૈક્ષણિક સંશોધન અને તાલીમ માટેની રાષ્ટ્રીય સંસ્થાને આધારે ઘડાય છે. આમ વ્યાપક અને તુલનાત્મક અભ્યાસ બાદ અમે જીવનને સુસંગત તેમજ સરળ એવાં અભ્યાસક્રમ ઘડીએ છીએ. રાષ્ટ્રના જાણીતા શિક્ષણવીદો / કેળવણીકારોને સાથે લઈને તેમના માર્ગદર્શન અંતર્ગત અમે અભ્યાક્રમોને સુધારીને અદ્યતન બનાવતા રહીએ છીએ.*

*આ ઉપંરાત અમે શૈક્ષણિક-અભ્યાસક્રમ સાગ્રી પર પણ નજર રાખતા હોઈએ છીએ. અમે એમાંની જૂનીપૂરાણી તથા નકામી થઈ ગયેલી માહિતી રદ કરીને તેની જગ્યાએ નવીન તથા સુસંગત બાબતો તેમાં ઉમેરીને આ અભ્યાસક્રમને આકર્ષક તેમજ અસરકારક બનાવતા રહીએ છીએ. ભારતીય સંસ્કૃતિ અને વારસાનો વિષય વાસ્તવમાં રસપ્રદ અને આનંદદાયક છે જેનાથી તમને નવાં નવાં ક્ષેત્રોમાં આપણા દેશના પ્રદાનનો ખ્યાલ આવશે.*

*મને આશા છે કે અત્રે તમારા માટે ઘડાઈ રહેલ આ અભ્યાસ સામગ્રી સાચેજ રસપ્રદ અને નવું જાણવાની ઉત્કંઠાવાળી બની રહેશે. આ સંદર્ભે તમારા કોઈપણ સૂચન આવકાર્ય છે.*

*મારા તરફથી આપ સર્વને સુખી એન સફળભાવીની અભ્યર્થના.*

*(ડૉ.કુલદિપ અગ્રવાલ)*

*નિયામક શૈક્ષણિક*

# આપની સાથે બે બોલ

*પ્રિય વિદ્યાર્થીઓ,*

*રાષ્ટ્રીય મુક્તિ વિદ્યાલય શિક્ષા સંસ્થાન તમને માધ્યમિક અભ્યાસક્રમના સામાજીક વિજ્ઞાન વિષયમાં આવકારે છે. આ કોર્ષની અભ્યાસ સામગ્રી બે પુસ્તક ધરવે છે.પ્રથમ પુસ્તકમાં ઈતિહાસ અને ભૂગોળ જ્યારે દ્વિતિય પુસ્તકમાં રાજકીય વિજ્ઞાનનો સમાવેશ થાય છે. સામાજિક વિજ્ઞાનમાં માનવ સમાજના અભ્યાસનો સમાવેશ થયો છે. જે આપણને માનવ સમાજની ઉત્ક્રાંતિનો પરિચય કરાવે છે અને વિશ્વની મુખ્ય સંસ્કૃતિને આવરી લે છે.તમે પ્રાચિન, મેડિવિયલ અને આધુનિક સમયગાળા દરમ્યાન ભારત અને વિશ્વ વિશે વાંચશો. પ્રથમ પુસ્તકમાં તમે ઉત્કાંતિ વિશે સમજશો અને ભારતમાં સંસ્થાનવાદની અસર અને બ્રિટિશ શાસન સામે રક્ષણ અને સમાજ સુધારા સાથે તમને પરિચિત કરાવશે.*

*વધુમાં તમે ભૌગોલિક ખ્યાલો અને હકીકતો સાથે વ્યવહાર કરશો. તમે સમજશો કે પ્રકૃત્તિ, પર્યાવરણ, સ્રોતો અને પૃથ્વી પર ઈકોલોજીકલ સમતુલન કેવી રીતે જાળી શકાય.*

*આ પાઠોનો અભ્યાસ કરતાં તમને કેટલીક પ્રવૃત્તિઓ જેવી કે સર્વેક્ષણ, કેસસ્ટડી, સમસ્યા નિવારણ જોવા મળશે. આ અભ્યાસક્રમ ખાસ કરીને મુદ્દાઓની વધુ સારી સમજ તેમજ કૌશલ્યો અને ક્ષમતાઓનો વિકાસ જેવી કે વિચારવું , બોલવું, વાટાઘાટ, અને બીજી ઘણી બાબતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. આ પ્રવૃત્તિઓ શીખવામાં તમે પુરતો સમય લઈ શકો છો. કેમ કે આ અભ્યાસક્રમ તમને વિદ્યાર્થી તરીકે સમૃદ્ધ કરવા માટે બનાવવામાં આવ્યો છે.*

*અમે આશા રાખીએ છીએ કે આ પુસ્તક માત્ર પરીક્ષા માટે ઉપયોગી નિવડશે એવું નથી. પરંતુ તમને સારા માનવી બનવાની પ્રેરણા આપશે.* **કોઈપણ પ્રકારની મુશ્કેલી કે પ્રશ્નો માટે તમે અમને લખી શકો છો. તમારા પ્રતિભાવની પ્રશંસા કરવામાં આવશે.**


**કુ. તરુણ પુનિયા**
*શૈક્ષણિક અધિકારી*
*ભૂગોળ, એન.આઈ.ઓ.એસ.*
*એન.આઈ.ઓ.એસ. નોઈડા*

**ડૉ. ચુન્નુ પ્રસાદ**
*શૈક્ષણિક અધિકારી*
*રાજકીય વિજ્ઞાન*
*એન.આઈ.ઓ.એસ. નોઈડા*

**ડૉ. અઝમત નુરી**
*શૈક્ષણિક અધિકારી*
*ઈતિહાસ*
*એન.આઈ.ઓ.એસ. નોઈડા*

# અભ્યાસ સામગ્રીના ઉપયોગની રીત

*અભિનંદન, હવે તમે સ્વયં અભ્યાસુ બનવાનો પડકાર સ્વિકાર્યો છે.* NIOS *એ પ્રત્યેક ડગલે અને પગલે તમારી સાથે રહીને માનસશાસ્ત્રીય ઢબે,નિષ્ણાતોની સહાયથી તમને ધ્યાનમાં રાખીને અભ્યાસ સામગ્રી તૈયાર કરી છે. સ્વયંશિક્ષણના માળખાનું અત્રે અનુસરણ કરવામાં આવેલ છે. જો અત્રે આપેલી સૂચનાઓ ધ્યાનમાં રાખશો તો તમે તેનો મહત્તમ લાભ ઉઠાવી શકશો. અભ્યાસ સામગ્રીમાં અને નીચે દર્શાવેલ ચીન્હો તમને ચોકકસ માર્ગદર્શક બની રહેશે.*



**શિર્ષક (મથાળુ):** *તેમાં સમાવિષ્ટની સ્પષ્ટ સૂચના આપે છે. માટે તે અવશ્ય વાંચવુ.*

**પ્રસ્તાવના :** *એ તમને પાઠથી અવગત કરાવશે અને સાથેસાથે ગત પાઠ સાથે સાંકળી પણ રાખશે.*

**હેતુઓ / ઉદ્દેશ્યો:** *તે પાઠના અભ્યાસ બાદ નિષ્પન્ન થયેલા (નીપજેલા) અને અપેક્ષિત જ્ઞાનની કેફિયત આપશે. જે તમે મેળવી ચૂકયા હોવાથી તેને અવશ્ય વાંચીને ખાત્રી કરો કે તમે તે મેળવ્યું છે ( કે નહી ?)*


**અનુક્રમ :** *સંપૂર્ણ અનુક્રમને વિભાગો તથા પેટા વિભાગોમાં વિભાજીત કરેલ છે. વિભાગ તમને એકથી બીજા સાથે સંપર્ક કરાવશે. જ્યારે પેટાવિભાગો અનુક્રમના તત્વો સાથેની સમજ કેળવવામાં મદદરૂપ બની રહેશે.*



**નોંધ :** *પ્રત્યેક પૃષ્ઠની બાજુમાં હાંસીયામાં પૂરતી જગ્યા આપવામાં આવી છે. જેથી તમે ત્યાં જરૂરી મુદ્દા કે નોંધ ટપકાવી શકો.*




**પ્રવૃત્તિઓ :** *વિચારને (ખ્યાલને) પૃષ્ઠ કરવાના આશયથી કેટલીક પ્રવૃતિઓની ભલામણ કરવામાં આવી છે.*




**પાઠસંલગ્ન પ્રશ્નો :** *પ્રત્યેક વિભાગને અંતે ઘણા ટૂંકા અને જાતે જ તૈયાર કરી શકાય તેવા પ્રશ્નોત્તરો આપેલ છે. જે તમને તમારી પ્રગતિ ચકાસવામાં મદદરૂપ બનશે. તેને જરૂરથી ઉકેલશો (હલ કરશો) એની સફળ પૂર્ણતાથી તમને ખ્યાલ આવશે કે તમે આગળનો અભ્યાસ શરૂ કરી શકો તેમ છો કે તમારે જે તે પાઠનો ફરી અભ્યાસ કરવો જરૂરી છે.*



**તમે શું શીખ્યા ? :** *એમાં તમને પાઠના મુખ્ય મુખ્ય મુદ્દાઓ ટૂંકમાં આપ્યા છે. જે તમને પાઠનો સારાંશ જણાવી પુનરાવર્તન કરાવશે. તેમાં તમને તમારા પોતાના મુદ્દા પણ ઉમેરવાની છૂટ છે.*




**પાઠાંત પ્રશ્નો:** *આ એવા લાંબા અને ટૂંકા પ્રશ્નો છે જે તમને સમગ્ર પાઠની સ્પષ્ટ સમજ આપવા માટેની તક પૂરી પાડશે.*



**પાઠાંત પ્રશ્નોતર:** *એ તમને કઈ રીતે પાઠાંત પ્રશ્નોના સાચા ઉત્તર આપી શકાય તે સમજાવશે.*

**પાઠાંત પ્રશ્નોની સૂચના :** *એ તમને સાચા ઉત્તર શોધવામાં મદદરૂપ બનશે.*

# અભ્યાસક્રમ ઝલક




**મોડ્યૂલ - ૧ : ભારત અને વિશ્વ વિવિધ યુગો દરમ્યાન**

સામાજિક વિજ્ઞાનની પ્રસ્તાવના

પાઠ ૧ પ્રાચીન વિશ્વ

પાઠ ૨ મધ્યયુગીન વિશ્વ

પાઠ ૩ આધુનિક વિશ્વ-૧

પાઠ ૪ આધુનિક વિશ્વ-૨

પાઠ ૫ ભારત પર બ્રિટિશ શાસનનો પ્રભાવ (૧૭૫૭-૧૮૫૭)

પાઠ ૬ બ્રિટિશ ભારતમાં ધાર્મિક અને સામાજિક જાગૃતિ

પાઠ ૭ બ્રિટિશ શાસન વિરુદ્ધ લોકપ્રિય જનઆંદોલન

પાઠ ૮ ભારતનું રાષ્ટ્રિય આંદોલન

**મોડ્યૂલ - ૨ : ભારત પ્રાકૃતિક વાતાવરણ, સંસાધનો અને વિકાસ**

પાઠ ૯ ભારતની પ્રાકૃતિક ભુગોળ

પાઠ ૧૦ આબોહવા

પાઠ ૧૧ જૈવ વિવિધતા

પાઠ ૧૨ ભારતમાં ખેતી

પાઠ ૧૩ વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર

પાઠ ૧૪ વસ્તી : આપણું સૌથી મોટું સંસાધન




**મોડ્યૂલ - ૩ : લોકશાહીની કાર્યપ્રણાલિ**

પાઠ ૧૫ બંધારણીય મૂલ્ય અને ભારતની રાજનિતિક વ્યવસ્થા

પાઠ ૧૬ મૂળભૂત હક્ક અને મૂળભૂત ફરજ

પાઠ ૧૭ ભારત એક કલ્યાણ રાજ્ય

પાઠ ૧૮ સ્થાનિક સ્વરાજ્ય અને ક્ષેત્રીય વહીવટ

પાઠ ૧૯ રાજ્ય સ્તરે શાસન

પાઠ ૨૦ સંઘ (યુનિયન) સ્તરે શાસન

પાઠ ૨૧ રાજકીય પક્ષો અને દબાણ જુથ

પાઠ ૨૨ લોકશાહી પ્રક્રિયામાં લોકોની ભાગીદારી

**મોડ્યૂલ - ૪ : સમકાલીન ભારત : સમસ્યાઓ અને ઉદ્દેશો**

પાઠ ૨૩ ભારતીય લોકશાહી સામેના પડકારો

પાઠ ૨૪ રાષ્ટ્રીય એકતા તથા બિનસાંપ્રદાયિકતા

પાઠ ૨૫ સામાજિક, આર્થિક વિકાસ : તકવંચિત સમુદાયોનું સશક્તિકરણ

પાઠ ૨૬ પર્યાવરણનું ખવાણ અને આપત્તિ વ્યવસ્થાપન

પાઠ ૨૭ શાંતિ અને સુરક્ષા

# વિષયસૂચિ

## મોડ્યૂલ - ૧ : ભારત અને વિશ્વ વિવિધ યુગો દરમ્યાન


| | | |
|---|---|---|
| | સામાજિક વિજ્ઞાનની પ્રસ્તાવના | ૧ |
| પાઠ ૧ | પ્રાચીન વિશ્વ | ૨૭ |
| પાઠ ૨ | મધ્યયુગીન વિશ્વ | ૫૧ |
| પાઠ ૩ | આધુનિક વિશ્વ-૧ | ૭૧ |
| પાઠ ૪ | આધુનિક વિશ્વ-૨ | ૯૧ |
| પાઠ ૫ | ભારત પર બ્રિટિશ શાસનનો પ્રભાવ (૧૭૫૭-૧૮૫૭) | ૧૧૯ |
| પાઠ ૬ | બ્રિટિશ ભારતમાં ધાર્મિક અને સામાજિક જાગૃતિ | ૧૪૪ |
| પાઠ ૭ | બ્રિટિશ શાસન વિરુદ્ધ લોકપ્રિય જનઆંદોલન | ૧૬૪ |
| પાઠ ૮ | ભારતનું રાષ્ટ્રિય આંદોલન | ૧૮૮ |


## મોડ્યૂલ - ૨ : ભારત પ્રાકૃતિક વાતાવરણ, સંસાધનો અને વિકાસ


| | | |
|---|---|---|
| પાઠ ૯ | ભારતની પ્રાકૃતિક ભુગોળ | ૨૧૫ |
| પાઠ ૧૦ | આબોહવા | ૨૪૦ |
| પાઠ ૧૧ | જૈવ વિવિધતા | ૨૬૩ |
| પાઠ ૧૨ | ભારતમાં ખેતી | ૨૮૫ |
| પાઠ ૧૩ | વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર | ૩૧૦ |
| પાઠ ૧૪ | વસ્તી : આપણું સૌથી મોટું સંસાધન | ૩૩૫ |
| પરિશિષ્ટ ૧ | અભ્યાસક્રમ | ૩૬૫ |
| પરિશિષ્ટ ૨ | પ્રતિભાવ | ૩૬૮ |

## મોડ્યૂલ - ૧
## ભારત અને વિશ્વ વિવિધ યુગો દરમ્યાન


સામાજિક વિજ્ઞાનની પ્રસ્તાવના

પાઠ ૧ પ્રાચીન વિશ્વ

પાઠ ૨ મધ્યયુગીન વિશ્વ

પાઠ ૩ આધુનિક વિશ્વ-૧

પાઠ ૪ આધુનિક વિશ્વ-૨

પાઠ ૫ ભારત પર બ્રિટિશ શાસનનો પ્રભાવ (૧૭૫૭-૧૮૫૭)

પાઠ ૬ બ્રિટિશ ભારતમાં ધાર્મિક અને સામાજિક જાગૃતિ

પાઠ ૭ બ્રિટિશ શાસન વિરુદ્ધ લોકપ્રિય જનઆંદોલન

પાઠ ૮ ભારતનું રાષ્ટ્રિય આંદોલન

# માધ્યમિક સ્તર પર સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ

## તાર્કિક આધાર

માનવસમાજનો અભ્યાસ એક જટિલ બાબત છે તેમાં સામાજીક સંબંધોની પરસ્પર ગૂંથણીનો અભ્યાસ સમાયેલો છે. સમાજને સમજવા માટે અનેક વિષયોના તથ્યની જાણકારી જરુરી બને છે. તેથી જ સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમમાં નૃવંશ શાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ,ભૂગોળ, અર્થશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્ર જેવા વિષયોને સાંકળી લેવામાં આવ્યા છે.

સામાજિક વિજ્ઞાન વિધાર્થીઓને સમાજના ઐતિહાસિક, સામાજીક, સાંસ્કૃતિક, આર્થિક, રાજનૈતિક અને ભૌતિક પાસાઓની જ્ઞાન અને સમજણ આપવાનો પ્રયાસ કરે છે તે આ જ્ઞાનને વાસ્તવિક જીવનમાં સાંકળતા પણ શીખવે છે. આવું અનુભવજન્ય જ્ઞાન તેમને પોતાના જીવનમાં મહત્વના મૂલ્યો વિકસાવતા શીખે છે અને તેમને જવાબદાર નાગરિક બનવા પ્રેરે છે. રાષ્ટ્રના નિર્માણમાં અને વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બનીને પોતાનો ફાળો આપવા માટે તે વિધાર્થીગણને પ્રોત્સાહિત કરે છે.

## ઉદ્દેશો :-

અભ્યાસક્રમના ઉદ્દેશો :-

- આપણી ગઈ પેઢીના સંઘર્ષો અને અનુભવો ઉપર આધારિત પાઠ બનાવવા
- દેશના સંશોધનોનો ઉચિત ઉપયોગ કરીને તેમનું સંરક્ષણ કરવાની જરુરીયાત પ્રત્યે ધ્યાન દોરવું.
- ભારતમાં પ્રવતર્તી લોકશાહી તેના બંધારણમાં કંડારાયેલા મૂલ્યો દ્વારા પ્રેરિત છે તે તથ્યને સમજાવવું.
- પ્રવર્તમાન ભારતની સામાજિક, રાજનૈતિક સમસ્યાઓને સમજવી અને તે સમસ્યાઓના નિરાકરણ માટે આપણામાંથી પ્રત્યેક વ્યક્તિ શો ફાળો આપી શકે તે જાણવાના પ્રયત્નો કરવા.

## મૂલ્યાંકન :

અને એ બેઉ પ્રકારના મૂલ્યાંકન કરવામાં આવશે. મૂલ્યાંકન માટે ટી.એમ.એસ. (ટીચર માર્કડ એસાઈમેન્ટ) અને મૂલ્યાંકન માટે ૧૦૦ ગુણની બાહ્ય પરીક્ષા લેવામાં આવશે. જે દર માર્ચ અને ઓક્ટોબર માસમાં લેવાશે. ૨૦ ગુણના ૩ ટી.એમ.એ. કરવાના રહેશે. આ બે મૂલ્યાંકન ઉપરાંત દરેક પાઠમાં સ્વમૂલ્યાંકન માટે પાઠસ્વાધ્યાય, મનોયત્ન તથા પાઠયાંત સ્વાધ્યાય આપવામાં આવશે.

## પાઠયક્રમનું માળખું

| મોડયુલ નં. | મોડયૂલનું નામ | ગુણ | અભ્યાસની અવધિ |
|---|---|---|---|
| I | ભારત અને વિવિધ વિભિન્ન યુગો દરમ્યાન | ૩૨ | ૭૬ કલાક |
| II | ભારત : પ્રાકૃતિક વાતાવરણ સંસાધનો અને વિકાસ | ૨૭ | ૬૪ કલાક |
| III | લોકતંત્રની કાર્યપ્રણાલિ | ૨૮ | ૬૮ કલાક |
| IV | સમકાલીન ભારત : સમસ્યાઓ અને ધ્યેયો | ૧૩ | ૩૨ કલાક |
| | કુલ | ૧૦૦ | ૨૪૦ કલાક |

## પાઠયક્રમનું વર્ણન

### મોડયૂલ I : ભારત અને વિશ્વ-વિવિધ યુગો દરમ્યાન

**ગુણ : ૩૨** **અભ્યાસ અવધિ : ૭૬ કલાક**

આ મોડયુલનો ઉદ્દેશ વિધાર્થીઓને વિવિધ યુગો દરમ્યાન કેવીરીતે વિશ્વનું તેમજ ભારતનું નિર્માણ થયુ તેનો પરિચય કરાવવાનો છે. અહીં દર્શાવેલી ઘટનાઓ અને પ્રક્રિયાઓ એકબીજાથી તદ્દન અલગ હોવાછતાં તે નવીન, રાજનૈતિક અને આર્થિક શક્તિઓનો નિર્દેશ કરે છે. ફ્રેન્ચ ક્રાંતિએ સ્વતંત્રવાદ અને લોકશાહીને ફેલાવ્યા તો રશિયન ક્રાંતિએ સમાજવાદમાંથી જન્મીને તેને જ આગળ વધાર્યા. નાઝીવાદનો જન્મ સમાજવાદ અને લોકશાહી બેઉંને નકારી દઈને થયો. આ મોડયુલનો એક ઉદ્દેશ એ પણ છે કે વિધાર્થીઓ ભારતમાં સંસ્થાનવાદની સાથે અસરની સાથોસાથ થયેલી સામાજીક સુધારણાઓ તથા ભારતના રાષ્ટ્રિય આંદોલનના ઉદ્ભવને પણ સમજે. તેઓ સમજે કે કેવીરીતે સ્વતંત્ર સંગ્રામ દ્વારા સમાન નાગરિકત્વ અને સાર્વભૌમત્વની ભાવના ફેલાઈ. અહી વિધાર્થીઓને એ સમજાવવાની કોશિશ પણ કરવામાં આવી છે કે ભારતના સ્વતંત્રસેનાનીઓ અને નેતાઓ દ્વારા ભારતના ભાવિ માટે જે દ્રષ્ટિ સેવવામાં આવી હતી તેને પણ વિધાર્થીગણ સમજે. આ પ્રકરણોને એવી રીતે તૈયાર કરવામાં આવ્યા છે જેને લીધે વિધાર્થીઓમાં વિચાર-કૌશલ્ય, પ્રત્યાયન કૌશલ્ય અને વિચારવિમર્શ કૌશલ્યો જેવા જીવન કૌશલ્યો વિક્સતા જાય તે માટે વિવિધ ઉદાહરણો, પ્રવૃત્તિઓ, સર્વેક્ષણો, કેસસ્ટડી (સમસ્યા અભ્યાસ) વગેરે પદ્ધતિઓ વાપરવામાં આવી છે.

### સામાજીક વિજ્ઞાનનો પરિચય

૧. પ્રાચીન વિશ્વ

૨. મધ્ય યુગીન વિશ્વ

૩. આધુનિક વિશ્વ - ૧

૪. આધુનિક વિશ્વ- ૨

૫. ભારત ઉપર બ્રિટીશ શાસનનો આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક પ્રભાવ (૧૭૫૭-૧૮૫૭)

૬. બ્રિટીશ ભારતમાં ધાર્મિક અને સામાજીક પુનઃજાગૃતિ

૭. બ્રિટીશ શાસન સામેનો લોકપ્રિય વિદ્રોહ

૮. ભારતનું રાષ્ટ્રિય આંદોલન

### મોડયુલ : II ભારત પ્રાકૃતિક વાતાવરણ, સંસાધનો અને વિકાસ

**ગુણ : ૨૭** **અભ્યાસ અવધિ : ૬૪ કલાક**

આ મોડયુલની રચના એવી રીતે કરવામાં આવી છે જેથી વિધાર્થીઓ પ્રાકૃતિક વાતાવરણ, સંશાધનો અને વિકાસ વચ્ચે રહેલા આંતરસંબંધો સમજી શકે. આ મોડયુલ તેમને વાતાવરણમાં થતી વિવિધ પ્રક્રિયાઓ અને વાતાવરણના મૂળભૂત ઘટકોને સમજવામાં મદદરૂપ થશે. અહીં વાતાવરણ તંત્રના સંતુલનને જાળવી રાખવાના મુદ્દા પર ધ્યાન આપવામાં આવ્યું છે. જેને જાળવી રાખવાથી તેના જ એક ભાગ તરીકે માનવજીવન પણ પૃથ્વી ઉપર પોષાય છે.

આ મોડયુલ વિધાર્થીગણને એ સમજાવે છે કે સમગ્ર પ્રાકૃતિક સંશાધનો એ શું છે અને સતત વૈજ્ઞાનિક ઢબે કરાતો વિકાસ એ શું છે. આ મોડયુલમાં મુખ્યત્વે વિવિધ કુદરતી અને કૃત્રિમ સંશાધનો અને તેમનું વિતરણ, વપરાશ તેમજ તેમના સંચાલન અને જાળવણીની જરુરીયાતોની ચર્ચા કરવામાં આવી છે. આ મોડયુલને ભારતીય સંદર્ભમાં તૈયાર કરવામાં આવ્યું છે જેમાં તેની ભૌતિક અને સાંસ્કૃતિક વિવિધતા વચ્ચે પણ નિદેર્શિત એક્તાને ધ્યાનમાં લેવામાં આવી છે. ભૌતિક વિવધતામાં ભૂમિના પ્રકારો, હવામાન, જમીન, વનસ્પતિ અને વન્યજીવનનો સમાવેશ થાય છે. સાંસ્કૃતિક પાસાઓમાં ભારતીય સંસ્કૃતિનો તેના ભૌતિક વાતાવરણ સાથેનો સંબંધ સમજાવવામાં આવ્યો છે. અહીં એ સમજાવવાની કોશિશ કરવામાં આવી છે કે કેવીરીતે ભારતના સમૃદ્ધ, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક વારસાને આવનારી પેઢીઓ માટે સાચવી રાખવું. આ મોડયુલના પ્રકરણોમાં વિચાર કૌશલ્ય પ્રત્યાપર્ણ કૌશલ્ય અને વિચાર-વિમર્શ જેવા કૌશલ્યો

જેવા જીવન કૌશલ્યો વિકસાવવાનો ઉદ્દેશ રાખીને વિવિધ ઉદાહરણો, પ્રવૃત્તિઓ, સર્વેક્ષણો, સમસ્યા અભ્યાસો વગેરે પદ્ધતિઓ અપનાવવામાં આવી છે.

૧. ભારતની ભૌગોલિક ભૂગોળ

૨. આબોહવા

૩. જૈવ વિવિધતા

૪. ભારતની ખેતી

૫. વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર

૬. આપણું સૌથી મોટું સંશાધન : વસ્તી

## મોડયુલ : III લોકશાહીની કાર્યપ્રણાલિ

**ગુણ : ૨૮** **અભ્યાસ અવધિ : ૬૮ કલાક**

એક સારા નાગરિક બનવાનું મહત્વ શું છે તેમજ રાષ્ટ્ર અને નાગરિક વચ્ચેનો પરસ્પર સંબંધમાં વધુ પ્રોત્સાહક નીવડતી મૂળભૂત ફરજો અને અધિકારોનું કાર્ય શું છે તેના ઉપર આ મોડયૂલમાં વિશેષ ભાર મૂકાયો છે. આ મોડયૂલમાં કલ્યાણરાજયની સંરચના અને તેના અમલીકરણ ઉપર વધુ પ્રકાશ ફેકવામાં આવ્યો છે. અહીં વિધાર્થીઓને સરકારના સ્થાનિક સ્તરથી માંડીને ઉપલા સ્તર સુધી પરિચય કરાવવામાં આવશે. સરકારના સ્થાનિક સ્તરે પંચાયતી રાજ, નગરપાલિકા અને જિલ્લા વહીવટનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્તરથી ઉપલા સ્તરે રાજય અને કેન્દ્ર સરકાર આવે છે.

આ પ્રકરણોના વિષયવસ્તુની માવજત એ પદ્ધતિથી કરવામાં આવી છે, જેમાં વિવિધ પ્રવૃત્તિઓ, ઉદાહરણો, સર્વેક્ષણ અને સમસ્યા, ઉકેલો દ્વારા વિધાર્થીઓમાં વિચાર કૌશલ્ય અને પ્રત્યાયન કૌશલ્યો જેવા જીવનકૌશલ્ય વિકસે.

૧. ભારતના રાજનૈતિક અને બંધારણીય મૂલ્યો

૨. મૂળભૂત અધિકારો અને ફરજો.

૩. ભારત : એક કલ્યાણરાજય

૪. સ્થાનિક સરકાર અને ક્ષેત્રીય વહીવટ

૫. રાજય સરકાર

૬. કેન્દ્ર સરકાર

૭. રાજનૈતિક પક્ષો અને જૂથો

૮. લોકશાહીની પ્રક્રિયાઓમાં લોકોની ભાગીદારી

## મોડયૂલ IV સમકાલીન ભારત : સમસ્યાઓ અને ઉદ્દેશો

**ગુણ : ૧૩** **અભ્યાસ અવધિ : ૩૨ કલાક**

આ મોડયૂલમાં દેશ બાહય તેમજ આંતરિક રીતે નડતા રાજનૈતિક, સામાજિક અને આર્થિક પડકારોની વાત વણવામાં આવી છે. વિધાર્થીગણે રાષ્ટ્રની સમસ્યાઓને જાણવી જોઈએ અને તેમના ઉકેલની જરૂરિયાતને વિષે વિચારવું જોઈએ. આ પ્રકરણોમાં વિવિધ ઉદાહરણો, પ્રવૃત્તિઓ, સર્વેક્ષણો, સમસ્યાઉકેલ વગેરે પદ્ધતિઓ વાપરીને વિધાર્થીઓમાં વિચાર કૌશલ્ય અને પ્રત્યાયન કૌશલ્યો જેવા જીવનકૌશલ્યો વિકસે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

૧. ભારતની લોકશાહી સામે ઊભેલા પડકારો.

૨. રાષ્ટ્રિય એકતા અને બિનસાંપ્રદાયિકતા

૩. સામાજિક-આર્થિક વિકાસ અને વંચિત જૂથોનું સશક્તિકરણ

૪. વાતાવરણને લાગી રહેલો ઘસારો અને આપાતકાલીન (કટોકટી) સંચાલન

૫. શાંતિ અને સલામતી.

# સામાજિક વિજ્ઞાનની પ્રસ્તાવના

*એક કલ્પના કરો કે તમે ટાઈમ મશીનમાં બેસીને એ સમયમાં પહોંચી જાઓ છો, જ્યારે તમારા દાદાના દાદા બાળક હતાં. તમને તમારું ઘર અને તેની આસપાસનું વાતાવરણ એકદમ જુદું લાગશે. તમે હજુ પાછળના સમયની મુસાફરી કરશો તો તે વખતનો ખોરાક, કપડાં અને ભાષા જોઈને તમને જબરજસ્ત આશ્ચર્ય થશે. ભૂતકાળમાં શું બન્યુ હશે, તે જાણવાની કેવી મજા પડે.*

*શું તમને લાગે છે, કે હજી આજે પણ આપણે આપણા ભૂતકાળ સાથે જોડાયેલા છીએ ? શું આ એક એવું રહસ્ય નથી, જેને આપણે ઉકેલવું જ જોઈએ ? તેવું કરવા માટે આપણે વિવિધ સ્ત્રોતોનો ઉપયોગ કરીને જાણીશું કે પ્રાગ્ ઐતિહાસિક કાળથી માંડીને અત્યારસુધીમાં માનવજીવન કેવી રીતે વિકસ્યું.*


## હેતુઓ :

*આ પાઠ ભણ્યા પછી તમે આટલું કરી શકશો.*

- *સામાજિક વિજ્ઞાનના અભ્યાસમાં ઈતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો અભ્યાસ પણ સમાયેલો છે, તે સમજી શકશો.*
- *એ સમજી શકશો કે આ બધા જ વિષયો એકબીજા સાથે જોડાયેલા છે અને તેમના પરસ્પર જોડાણના અભ્યાસ દ્વારા જ સામાજિક વિજ્ઞાનના જ્ઞાનનો પાયો બને છે.*
- *માનવસમાજના વિકાસના વિવિધ તબક્કાઓની ચર્ચા કરી શકશો.*
- *આપણા વર્તમાન સમાજ માટે ઊભી થયેલી તકો તથા પડકારોને ઓળખી શકશો.*

## ૦.૧ એક શૈક્ષણિક શાખા તરીકે સામાજિક વિજ્ઞાન

*આ વિષયનું નામ જ સૂચવે છે કે તે સમાજ ઉપર આધારિત વિષય છે. આ વિષયનો ઉદ્દેશ*



નોંધ



સમાજના દરેકે દરેક પાસાઓને ગહનતાથી સમજવાનો અને સમાજમાં ઊભી થયેલી સમસ્યાઓના સમાધાન લાવવાનો છે. આ વિષય એક વિસ્તૃત જ્ઞાનનો વિષય છે, જેના અભ્યાસમાં બીજા ઘણા ક્ષેત્રોનો અભ્યાસ સમાઈ જાય છે. એમાંના કેટલાક મહત્વના જે ક્ષેત્રો ઉપર તમારે અત્યારે ખાસ ધ્યાન આપવાનું છે, તે છે :

- ઈતિહાસ અને પુરાતત્વશાસ્ત્ર
- સમાજશાસ્ત્ર
- ભૂગોળ - અર્થશાસ્ત્ર
- રાજનીતિશાસ્ત્ર

આ પાઠયક્રમના વિવિધ મોડયૂલ અને પ્રકરણો ઉપર જણાવેલા ક્ષેત્રો સાથે સંબંધિત છે. આ પ્રકરણમાં આપણે સામાજિક વિજ્ઞાનને, તેમાંય ખાસ તો ઈતિહાસને સમજવાનો પ્રયત્ન કરીશું. આપણે સામાજિક વિજ્ઞાનના મહત્વને સમજીશું તેમજ આપણા રોજિંદા જીવન સાથે તે કેવીરીતે જોડાયેલું છે તે સમજીશું. આપણે જોઈશું કે માનવો તરીકે કેવીરીતે વિવિધ તબકકાઓમાંથી પસાર થઈને આપણી ઉત્ક્રાંતિ થઈ, ને કેવી રીતે આપણે ગુફાઓમાંથી અત્યારના આધુનિક શહેરો સુધી પહોંચ્યા. આપણે ઈતિહાસને આપણા ભૂતકાળની માહિતી તરીકે જ નથી જોવાનો, પણ તેમાંથી શીખવાનું છે. સામાજિક વિજ્ઞાનના અભ્યાસથી આપણે વિવિધ વિષયો એકબીજા સાથે કેવી રીતે સંકળાયેલા છે, તે જાણીશું. આટલા વર્ષોમાં ઘટેલી ઘટનાઓના આપણા વિકાસ સાથે શો સંબંધ છે, તેની ક્રમબધ્ધ કડી પણ આપણે મેળવીશું. આમ કરવાથી આપણને આપણા ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ વચ્ચે રહેલો સંબંધ સમજાશે. આપણે આ વિષયને વધુ ઊંડાણથી સમજીને જોઈશુ કે તે બધાથી આપણા જીવન ઉપર શી અસરો છે.

તમને શું લાગે છે કે માધ્યમિક સ્તરે સામાજિક વિજ્ઞાનના અભ્યાસને લીધે તમારી આસપાસ ફેલાયેલા સમાજને તમે કેવી રીતે વધુ સમજી શકશો ? ઓછામાં ઓછા બે કારણ જણાવો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## ૦.૨ સામાજિક વિજ્ઞાનનો અભ્યાસ :

એક શૈક્ષણિક શાખા તરીકે અથવા તો અભ્યાસના એક ક્ષેત્ર તરીકે સામાજિક વિજ્ઞાનને શિક્ષણના વિવિધ સ્તરોમાં ભણાવવામાં આવે છે. તેમજ યુનિવર્સિટીઓમાં તેના ઉપર સંશોધનો

કરવામાં આવે છે. વિધાના કોઈપણ એક ક્ષેત્રના અભ્યાસમાં કેટલાક બીજા પેટા-ક્ષેત્રોનો અભ્યાસ સમાઈ જ જતો હોય છે. ઘણીવાર તો ક્ષેત્રો એકબીજામાં ભળી પણ જતા હોય છે. સામાજિક વિજ્ઞાનના અભ્યાસમાં સમાયેલા આવા પેટાવિષયો છે. અર્થશાસ્ત્ર, ઈતિહાસ, પુરાતત્વશાસ્ત્ર, ભૂગોળ, રાજનીતિશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર.

તમને કદાચ નવાઈ લાગશે, પણ પહેલાં તો અભ્યાસની એક જ શાખા હતી- દર્શન શાસ્ત્ર (ફિલોસોફી)જેનો અર્થ થાય છે જ્ઞાન અથવા શાણપણ માટેનો પ્રેમ.

તેથી જ, આજે પણ કોઈપણ ક્ષેત્રની ઊંચામાં ઊંચી સિદ્ધિ ડોકટરેટ ઓફ ફિલોસોફીની ગણાય છે, જેને પીએચ.ડી.કહે છે.

પછી જેમજેમ જ્ઞાનનો વ્યાપ વધતો ચાલ્યો તેમતેમ વિવિધ ક્ષેત્રોના જ્ઞાનને વિવિધ વર્ગોમાં વહેંચવાની જરુર જણાઈ. વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનને અલગ પાડીને જોવામાં આવ્યા. જ્ઞાનની આ બેઉ શાખાઓનો સંબંધ આપણા જીવનની વાસ્તવિકતાના જુદા જુદા પાસાઓ સાથે છે. પર્યાવરણ વિજ્ઞાન કુદરત અને ભૌતિક જગતના જ્ઞાનના અભ્યાસ ઉપર પોતાના તથા તેમના સામાજિક જીવનની બાબતોનો અભ્યાસ ઉપર કેન્દ્રિત છે. ચાલો, આપણે ઈતિહાસથી શરુઆત કરીએ.

### ૦.૨.૧ ઈતિહાસ અને પુરાતત્વશાસ્ત્ર :

ઈતિહાસ શું છે ? ઈતિહાસ એ ભૂતકાળમાં બનેલી ઘટનાઓનું એક ખાતું છે. તેને વાસ્તવિક જગતને લગતી ઘટનાઓ અને લોકો સાથે સંબંધ છે. તેનો સંબંધ માત્ર આદર્શો કે કોઈ ખ્યાલો સાથે નહી પરંતુ સાચેસાચ જે બન્યું હતું તેના અભ્યાસ સાથે છે.

ઈતિહાસને માત્ર વ્યક્તિ સાથે જ નહી પરંતુ આખા દેશો અને સમાજો સાથે સંબંધ છે તે માત્ર રાજા-રાણીની જ નહી પરંતુ સમગ્ર માનવજાતની વાત ધ્યાનમાં લે છે. કોઈપણ ધર્મ કે નાત-જાતના ભેદભાવ વગર તે તમામ સ્ત્રી-પુરુષો, ગરીબ-તવંગરો એમ સૌને સમાવે છે. તમને કદી એવું વિસ્મય થયું છે, કે પ્રાચીનયુગમાં આપણા પૂર્વજો કેવા હતાં ? આ પુસ્તકમાં તમે એમના વિશે જાણશો. આ પાઠયક્રમ ભણતી વખતે જે કોઈ ઘટનામાં તમને રસ પડે, તેને નોંધી લે જો. એમના વિશે વધુ માહિતી જોઈતી હોય, તો લાયબ્રેરીમાં જઈને અથવા તો ઈન્ટરનેટ ઉપરથી તે માહિતી મેળવજો. અને પણ તમારી જ્ઞાનખોજમાં તમને મદદરૂપ થઈશું.

### આપણે ઈતિહાસ શા માટે ભણીએ છીએ ?

ઈતિહાસના અભ્યાસથી આપણને આપણા અસ્તિત્વના મૂળિયા વિશે જાણકારી મળે છે, આપણી શકિત અને સિદ્ધિઓની ખબર પડે છે જેને લીધે આપણા આત્મગૌરવમાં વધારો થાય છે અને એક પ્રકારનું દિશાસૂચન મળે છે. આજે જેને આપણે વિકાસ કહીએ છીએ, તે આપણા ભૂતકાળ વિશેના જ્ઞાન વગર કદી શકય ન બન્યો હોત. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ઈતિહાસ તો

એ ભૂતકાળનો અભ્યાસ છે, જેનો સંબંધ મૃત વ્યક્તિઓ સાથે છે. ખરેખર જોતાં ઈતિહાસમાંથી જ આપણને આપણા વર્તમાન અને ભવિષ્ય વિશેના મહત્વના પાઠ મળે છે. આખા ઈતિહાસનો સાર જોઈએ તો જણાશે, કે નર-નારીઓએ પરસ્પર સહકાર દ્વારા બહેતર જીવન જીવવાના જે સતત પ્રયાસો કર્યા, તેની વાત એટલે જ ઈતિહાસ જયારે આપણને આપણા ભૂતકાળ વિશે જાણવાની ઈચ્છા થાય ત્યારે આપમેળે જ આપણે પુરાતત્વશાસ્ત્ર સાથે જોડાઈ જઈએ છીએ. મોટાભાગે ભવ્ય સિદ્ધિઓ અને મહાન પ્રવૃત્તિઓથી છલકતો આપણો ગૌરવવંતો ભૂતકાળ આપણા આત્મગૌરવને વધારે છે. ચાલો આપણે આવતી પેઢી માટે પણ આપણે તેને સાચવીએ.

પુરાતત્વશાસ્ત્ર એટલે પ્રાચીનકાળની સંસ્કૃતિ અને સમાજનો અભ્યાસ. આજે પણ પુરાતત્વ ખાતા દ્વારા થતા ખોદકામ દરમ્યાન મળી આવતા હસ્તકલાના નમૂનાઓ, કબરો, ખંડેરો, સ્મારકો વગેરે જેવા પ્રાચીનકળાના અવશેષો ઉપરથી તે સમયની ઘટનાઓ તથા માનવજીવનનો તાગ મળે છે. પુરાતત્વશાસ્ત્રીઓ એ અવશેષોનો અભ્યાસ કરીને એ અવશેષો જે સમયગાળાના હોય, તે સમયની માહિતી મેળવે છે. પુરાતત્વશાસ્ત્રના અભ્યાસમાં એવા પ્રાચીન લખાણોનો અભ્યાસ પણ કરવામાં આવે છે, જે આસાનાથી ઉકેલી શકાતા નથી કે જેની ભાષા સમજવી મુશ્કેલ હોય છે. આવા સ્ત્રોતો દ્વારા મળતી માહિતી વિશ્વાસપાત્ર હોય છે.

મોટાભાગે પ્રાચીનકાળથી આવી નિશાનીઓ જમીનની નીચે દટાયેલી હોય છે, જેને ખોદકામ દ્વારા બહાર કાઢવામાં આવે છે. આ પ્રક્રિયાને ઉત્ખનન કહે છે. (archaeorogical excavation) મોહન-જો-ડેરો, હડપ્પા અને નાલંદા જેવા પ્રખ્યાત સ્થળોએ આવા ઉત્ખનન કાર્ય કરવામાં આવ્યા હતા, જ્યાંથી મૂલ્યવાન ઐતિહાસિક સામગ્રી મળી આવી હતી.

છાપાઓમાં અવારનવાર આવા ઉત્ખનનોના સમાચાર ઝળકતા રહે છે. આવા જ એક રસપ્રદ સમાચાર આજકાલ ચર્ચામાં છે, કે ગુજરાત નજીક દરિયાની અંદર એક નગરના અવશેષો મળી આવ્યા છે. આ સ્થળ હિંદુઓના ઈશ્વર કૃષ્ણની દ્વારિકાનગરી હોવાનું માનવામાં આવે છે. હાલમાં જ ઉત્ખનન દ્વારા મળી આવેલું બીજુ સ્થળ હરિયાણાના રાખીગઢીમાં છે.

આવા સ્થળોએ કરેલો પ્રવાસ તમને તમારા પ્રાચીનકાળમાં લઈ જાય છે. તમને જયારે પણ તક મળે ત્યારે આવા સ્થળોનો પ્રવાસ અચૂક કરવો જોઈએ. દેશમાં આવેલા આવા બીજા સ્થળો વિશે પણ માહિતી ભેગી કરો.

હસ્તપ્રતો, સ્તંભો, ધાતુની તપ્તીઓ, સિક્કાઓ, મહોરો, સ્મારકો, ઓજારો, માટીના વાસણો, રમકડાં, ચિત્રો જેવી વસ્તુઓ પ્રાચીન અવશેષોરુપે મળી આવે છે. જે-તે કાળના આવા અવશેષો આપણને તે સમયની સંસ્કૃતિ વિશે જણાવે છે. તમારા શહેરમાં અથવા આસપાસ આવેલા

સંગ્રહસ્થાન (મ્યૂઝીયમ) ની અથવા તો કોઈએ જાતે કરેલા ખાસ સંગ્રહની મુલાકાત લો. આવી વસ્તુઓની એક યાદી બનાવો અને તે કયા સમયની છે તે જાણવાની કોશીશ કરો. આવી માહિતી તમને લાયબ્રેરીમાંથી કે ઈન્ટરનેટ ઉપરથી પણ મળશે. આજકાલ તો અખબારો, સામિયકો અને પુસ્તકોમાંથી પણ ઘણી માહિતી મળી શકે છે.

**? શું તમે જાણો છો**

દેશની પ્રાચીન સંસ્કૃતિના વારસાનું રક્ષણ કરવાનું અને આપણા પુરાતત્વ વારસાનું સંશોધન કાર્ય કરનારા ખોજીઓને સહાય કરવાનું કાર્ય કરતી મુખ્ય સંસ્થા છે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એ.એસ.આઈ.), જે સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત છે. આ સંસ્થાના મુખ્ય ઉદ્દેશો છે આપણાં પ્રાચીન સ્મારકોનું જનત કરવું, પુરાતત્વશાસ્ત્રની દ્રષ્ટિએ મહત્વના સ્થળોની સંભાળ રાખવી અને રાષ્ટ્રિય મહત્વ ધરાવતા અવશેષોની સુરક્ષા કરવી. આ કાર્ય માટે આખા દેશને ૨૪ વર્તુળોમાં વહેચી નાખવામાં આવ્યો છે. આ સંસ્થામાં ઘણાબધા પુરાતત્વવિદ્વો, સંરક્ષકો (અભિલેખવિદો), સ્થાપત્યકારો (આર્કીટેકટ) અને વૈજ્ઞાનિકો છે જે પુરાતત્વ કાર્યને લગતી પ્રવૃત્તિઓ અને સંશોધનો કરે છે. આ અંગે વધુ માહિતી મેળવો. આ વેબસાઈટ ઉપરથી : www.asi.nic.in

**પાઠ સ્વાધ્યાય ૦.૧**

૧. સામાજિક વિજ્ઞાનના જ્ઞાનક્ષેત્રમાં આવતા વિવિધ વિષયોની યાદી જણાવો.

૨. શું તમે માનો છો કે ઈતિહાસનો અભ્યાસ જરુરી છે ? તમારો અભિપ્રાય સમજાવવા માટે બે કારણો આપો.

૩. ઈતિહાસ અને પુરાતત્વશાસ્ત્ર વચ્ચેનો એક તફાવત જણાવો.

૪. આપણા ભૂતકાળનો અભ્યાસ કરવામાં મદદરુપ થાય એવા કોઈ પાંચ સ્ત્રોતો જણાવો.

૫. આ પાઠમાં જણાવ્યા સિવાયના કોઈ પાંચ પુરાતત્વ સ્થળો જણાવો.

### ૦.૨.૨ ભૂગોળ

જે વિસ્તારના ઈતિહાસ અને પુરાતત્વની વાત થતી હોય, તેનો અભ્યાસ ત્યાંની ભૂગોળના અભ્યાસ વગર અધૂરો ગણાય. ભૂગોળએ પૃથ્વી પરના ભૂખંડો, લોકો, સ્થળો અને વાતાવરણનો અભ્યાસ છે. સાદી ભાષામાં કહીએ, તો એ આ દુનિયાનો અભ્યાસ છે, જયાં આપણે વસીએ છીએ. સામાજિક વિજ્ઞાન (માનવભૂગોળ) ને પ્રાકૃતિક વિજ્ઞાન (ભૌતિક ભૂગોળ) સાથે જોડવામાં ભૂગોળનો અભ્યાસ એક બેજોડ કડીરુપ બને છે.

કોઈપણ સમાજના જીવન અને ઈતિહાસને ઘડવામાં ભૂગોળની ભૂમિકા અગત્યની છે. આખી દુનિયામાં ફેલાયેલા વિવિધ ધર્મો, સંસ્કૃતિઓ, રાજનૈતિક વ્યવસ્થાઓ, અર્થતંત્રો, ભુદ્રશ્યો અને વાતાવરણમાં રહેલું વૈવિધ્ય આપણને ભૂગોળના અભ્યાસ દ્વારા સમજાય છે. એ બધાને એકબીજા સાથે સાંકળવામાં પણ ભૂગોળ આપણી મદદ કરે છે. જ્ઞાનના બીજા ક્ષેત્રો સાથે પણ ભૂગોળ આપણને જોડી આપે છે. જો આપણે કોઈ દેશની ભૂગોળ જાણતા હોઈએ, તો ત્યાંનો ઈતિહાસ સમજવામાં આપણને સરળતા રહે છે. આ પાઠમાં તમે જાણશો કે પ્રાચીન માનવોએ ધનુષ-બાણ તથા બીજા નાના ઓજારો બનાવ્યા હતા. આવું કેમ બન્યુ હતું તે તમને ભૂગોળના અભ્યાસ દ્વારા જ સમજ પડશે.

હિમયુગ પછી વાતાવરણમાં ઘણાં ફેરફારો થયા હોવા જોઈએ, જેને લીધે ગાઢ જંગલો ઘાસના મેદાનોમાં ફેરવાઈ ગયા હશે. તમે કલ્પના કરી શકો છો, કે ત્યારે શું થયું હશે. હા, તેને લીધે તૃણભક્ષી પ્રાણીઓ (હરણ, ઘેટાં, બકરા, સાબર વગેરે) મોટી સંખ્યામાં પેદા થયા હશે. તમે જાણો છો કે આ પ્રાણીઓ ખૂબ ઝડપથી દોડી શકે છે. તેથી ભારે હથિયારોથી તેમનો શિકાર કરવો મુશ્કેલ પડે. પરિણામે, ઓછા વજનવાળા ઓજારો અને હથિયારો શોધાયા, જેને લીધે તે સમયના માનવો પોતાનું ભરણ-પોષણ કરીને પોતાનું અસ્તિત્વ ટકાવી શકયા.

શું તમને ખ્યાલ છે, કે સિંધુ-ગંગાના મેદાનોએ ભારતની સૌથી ફળદ્રુપ જમીન છે ? એવું એટલા માટે છે, કે ગંગા જેવી મોટી નદીઓ એ પ્રદેશમાં પીવાલાયક તાજા પાણીનો અને સિંચાઈ માટેના પાણીનો વિપુલ જથ્થો પૂરો પાડે છે. આ કારણને લીધે જ અહીં મૌર્ય, ગુપ્ત અને મુઘલ જેવા મહાન સામ્રાજ્યો સ્થપાયા.

આ વિસ્તારમાં મોટાપાયે મળી આવતા લોખંડને લીધે આ સામ્રાજ્યોના વિસ્તાર વધારવામાં મદદ મળી. એવું કેમ થયું હશે ? એના વિશે ચોથા પ્રકરણમાં તમે વધુ વિગતવાર જાણશો.

### મનોયત્ન ૦.૧

આગ્રા, નાસિક, કોલકત્તા અને પટના જેવા મોટા શહેરો મોટી નદીઓના કાંઠે વસેલા છે. તમને એ જાણીને આશ્ચર્ય થશે કે ત્યાંજ ઈતિહાસ પણ લખાયો છે.

આ શહેરોનો વ્યાપાર-તથા વહીવટના કેન્દ્રો તરીકે વિકાસ થવા પાછળ જવાબદાર ત્રણ કારણો જણાવો.

## ૦૨.૩ રાજનીતિશાસ્ત્ર

'સરકાર' શબ્દને તમે સારી રીતે ઓળખો છો. ટી.વી. અથવા છાપાઓ દ્વારા તમને તેના વિશે જાણવા મળતું રહે છે. શું તમે કદી વિચાર્યુ છે કે સરકાર એટલે શું ? શું તમે જાણો છો કે લોકો

*માટે કેટલી મહત્વના કાર્યો તે કરે છે, અને તમારા પોતાના જીવન ઉપર પણ તે કેવી અસર કરે છે ? કોઈપણ દેશના લોકો માટે તે દેશની સરકાર કાયદા-કાનુન બનાવે છે, જેનું પાલન ત્યાંના લોકોએ કરવાનું હોય છે. લોકશાહી વ્યવસ્થામાં લોકો જ સરકાર ચૂંટીને તેને સત્તા આપે છે. આ રીતે લોકો જ સંસદને કાયદા ઘડવામાં મદદરુપ થાય છે. જ્યારે, એક રાજાશાહી વ્યવસ્થામાં રાજા/રાણી કે શાસક જ બધાં નિર્ણયો લે છે અને લોકોએ તે નિર્ણયોને આધીન રહેવાનું હોય છે. સામાજિક વિજ્ઞાનમાં આપણો વહીવટ કેવી સરકાર દ્વારા ચાલે છે, તે વિષયનો પણ સમાવેશ થાય છે. આપણા જેવા લોકો કઈ રીતે સરકાર બનાવવામાં તથા દેશ ચલાવવામાં ભાગ ભજવી શકે, તે બાબતો પણ આ વિષયમાં સમાવવામાં આવે છે.*

*આ વિષયને રાજનીતિશાસ્ત્ર કહે છે. આ વિષય રાજનીતિના સિદ્ધાંતો અને તેના અમલ સાથે તેમજ રાજનૈતિક વ્યવસ્થાઓ અને રાજકારણના વ્યવહારો સાથે સંકળાયેલો છે તે આપણને જણાવે છે, કે સરકાર કેવી રીતે ચૂંટાય છે. રાજનીતિના અભ્યાસુઓ રાજનૈતિક ઘટનાઓ અને પરિસ્થિતિઓ વચ્ચે રહેલા સંબંધનો અભ્યાસ કરે છે. રાજકારણની દુનિયામાં રાજનીતિના સિદ્ધાંતો કેવીરીતે કાર્ય કરે છે, એ સમજવાની આ લોકો કોશીશ કરે છે. આ વિષયમાં સરકાર, જાહેર નીતિઓ, રાજનૈતિક પ્રક્રિયાઓ, વ્યવસ્થાઓ અને રાજનૈતિક વર્તન-વ્યવહારનો અભ્યાસ કરવામાં આવે છે. જો તમે ઉચ્ચતર માધ્યમિક કક્ષામાં રાજનીતિ-શાસ્ત્રનો અભ્યાસ કરવાનું પસંદ કરશો, તો તમને રાજનીતિના સિદ્ધાંતો રાજકારણની ફિલસૂફી અને રાજનૈતિક અર્થતંત્રનો અભ્યાસ કરવાનો રહેશે. આ ત્રણે શીખાઓ રાજનીતિશાસ્ત્રની મુખ્ય શાખાઓ છે.*

### ૦.૨.૪ સમાજશાસ્ત્ર

*સમાજશાસ્ત્ર એ સામાજિક વિજ્ઞાનનો બીજો મહત્વનો ભાગ છે. તે સામાજિક સંદર્ભમાં વ્યક્તિઓના વર્તન-વ્યવહારનો અભ્યાસ કરે છે. સમાજશાસ્ત્રમાં મુખ્યત્વે વ્યક્તિઓના સમૂહ વિશેનો અભ્યાસ કરવામાં આવે છે. સમાજશાસ્ત્ર માટેનો અંગ્રેજી શબ્દ છે.* sociology, *જે મૂળ લેટીન શબ્દ ઉપરથી બન્યો છે. તેનો અર્થ થાય છે : પોતાના સાથીદાર વિશેનો અભ્યાસ.*

*સમાજશાસ્ત્ર સમાજના માળખા વિશે અને એ માળખું કેવી રીતે કાર્ય કરે છે તેના વિશેનો અભ્યાસ છે તેમાં આપણા સમાજને ઘડનારા વિવિધ પરિબળોને સમજીને તેમની પાંચ વ્યાખ્યા કરવામાં આવે છે.*

*તેથી અહીં, જ્ઞાતિ, વર્ગ, લીંગ, સંસ્કૃતિ, ધર્મ માન્યતા પ્રણાલી અને સરકાર જેવા ઘટકોનો સમાવેશ થાય છે. આપણા સમાજ ઉપર વ્યકિતગત અને સામુહિક વર્તન-વ્યવહારની શી અસરો પડે છે, તે જાણવાનું કામ પણ સમાજશાસ્ત્ર કરે છે.*

### ૦.૨.૫ અર્થશાસ્ત્ર

*એક સમાજમાં રહેવાનો અર્થ એ પણ થાય, કે કેવી રીતે આપણે આપણા જીવનની વ્યવસ્થા ગોઠવીએ છીએ. આપણે આપણા સમય, ધન અને સંશાધનોની કરકસર કરતાં શીખવું જ પડે, કેમ કે એ બધું જ આપણને અમુક મર્યાદિત માત્રામાં જ મળી શકતું હોય છે. જો તમારે તમારી મનગમતી બાબતો કરવી હોય, તો તેની માટે સમય બચાવવા માટે તમારે સમયનું આયોજન કરવું જ પડે તેવી જ રીતે, જયારે આપણે આપણા ઘર માટે અંદાજપત્ર (બજેટ) બનાવીએ ત્યારે ઘરમાં ઉપલબ્ધ સંસાધનોનો સારામાં સારો ઉપયોગ કરવા માંગીએ છીએ. આ રીતે આપણે ઘણી સમસ્યાઓથી બચી શકીએ છીએ. આવા અભ્યાસને અર્થશાસ્ત્ર કહેવાય છે તે માત્ર બજેટ બનાવવા સુધી મર્યાદિત નથી. લોકો કઈરીતે તેમની સંપત્તિ, ઉત્પાદન અને વપરાશની પસંદગી કરે છે, તેનો વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ કરવો તે અર્થશાસ્ત્રનો અભ્યાસ છે. ખાસ કરીને જયારે આપણી પાસે મર્યાદિત સાધનો હોય, ત્યારે આ અભ્યાસ ખૂબ જ મહત્વનો બની જાય છે. આપણી જરુરીયાતો અને ઉપલબ્ધ સંસાધનો વચ્ચે સંતુલન રાખવાનું કામ સામાજિક વિજ્ઞાનનું કામ છે જયારે આપણે આપણા રોજીંદા જીવનની વાસ્તવિક ઘટનાઓ દ્વારા આ વિષયને ભણીને ત્યારે એ ખરેખર રસપ્રદ બને છે. તમારું ટાઈમટેબલ બનાવો કે તમારા ઘરનું બજેટ તૈયાર કરો, તો તે એવી જ પ્રવૃતિ છે.*

*આ તમામ વિષયો આપણને એ સમજવામાં મદદરૂપ બને છે, કે કેવી રીતે માનવજાતે વિકાસ સાધ્યો અને પ્રગતિ કરી. આ સમજવા માટે ચાલો, આપણે આપણા ભૂતકાળમાં ડોકિયું કરીએ. ધીમેધીમે એકેએક પગલાંને સમજતા જઈને આપણે એ સમજીશું કે આ પૃથ્વી ઉપર માનવજાતની ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ. તમને ખબર છે, કે વિજ્ઞાનમાં પણ આપણે ઉત્ક્રાંતિ ભણીએ છીએ ? પરંતુ ત્યાં આપણે એ ભણીએ છીએ કે કુદરતમાં ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ, ને કેવી રીતે વનસ્પતિઓ અને પ્રાણીઓ વિકસ્યા. સાવ ઓછા વિકસીત પ્રાણીઓમાંથી સૌથી વધુ વિકસીત માનવો કેવી રીતે ઉદ્ભવ્યા, તેની ઉત્ક્રાંતિ-વાર્તા ખુબ જ રસપ્રદ છે. શું તમે જાણો છો, કે આપણી પ્રજાતિ (માનવો) નું નામ જીવવિજ્ઞાનની ભાષામાં હોમો સેપીઅન્સ છે ? આગલા વિભાગમાં આપણે હોમોએપીઅન્સ વિશે વધું જાણીશું.*

### પાઠ સ્વાધ્યાય ૦.૨

૧. *શું તમે સમજાવી શકશો કે ઈતિહાસ સમજવા માટે ભૂગોળનો અભ્યાસ કેમ જરૂરી છે ?*

૨. *રાજનીતિશાસ્ત્રના મુખ્ય ઘટકો જણાવો.*

૩. *એક વિષય તરીકે સમાજશાસ્ત્ર કઈ બાબત ઉપર ધ્યાન આપે છે ?*

૪. *અર્થશાસ્ત્રના અભ્યાસને શેની સાથે સંબંધ છે ?*

૫. સમાજને વધુ સારી રીતે સમજવા માટે તમને રાજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર કેવી રીતે જરૂરી લાગે છે ?

## ૦.૩ માનવોની ઉત્ક્રાંતિ

લગભગ બે કરોડ વર્ષ પહેલાં પ્રથમ માનવ જેવા સજીવો અસ્તિત્વમાં આવ્યા હોવાનું માનવામાં આવે છે. તેઓ વાનરોને મળતા આવતા હતાં. જીવવિજ્ઞાનીઓએ તેમને હોમોસેપીઅન્સ (લેટીન ભાષામાં શાણા માનવો) નામ આપ્યું. તેમને ખેતી કરીને ખાદ્ય પદાર્થો પકવતા આવડતું ન હતું, કે ન તો તેમને પોતાના આશ્રય માટે ઘર બાંધતા આવડતુ હતું. તેઓ ગુફાઓમાં અથવા વૃક્ષોની ટોચ ઉપર રહેતાં. શું તમને ખબર છે, કે માણસો લખતા શીખ્યા તેના લાખો વર્ષ પહેલાંથી આ પૃથ્વી ઉપર રહેવા માંડયા હતાં. લેખનકલાની શોધ માનવજાત માટે અત્યંત મહત્વની બની, કેમ કે લેખિત નોંધો ઉપરથી ભૂતકાળની મહત્વની માહિતીઓ મળી તમે જાણો છો, જેના વિશે કોઈપણ જાતની લેખિત માહિતી નથી મળી શકી તેને પ્રાગઈતિહાસ કહે છે. તમને આશ્ચર્ય થશે કે જેની આપણી પાસે કોઈ નોંધ નથી તેવો પ્રાગ ઈતિહાસનો સમય આપણા નોંધાયેલા ઈતિહાસ કરતા ઘણો લાંબો છે તેથી પ્રાગ ઈતિહાસના સમયના જીવનને ઓળખવા માટે નૃવંશશાસ્ત્રીઓ (એન્થ્રોપોલોજીસ્ટ) અને ઈતિકાસકારો આપણા પૂર્વજો દ્વારા વાપરવામાં આવેલી ગુફાઓમાંના ભીંતચિત્રો, તે સમયના હથિયારો, ઓજારો અને ઘરેણાનો અભ્યાસ કરે છે. ઈતિહાસ માત્ર એ જ સમયને માન્ય રાખે છે જેના વિષે લેખિત નોંધો મળી આવી છે. આવા લખાણો, શિલાલેખો, સ્તંભલેખો, તામ્રપત્રો ઉપરના લેખો અને અમુક હસ્તલિખિત કાગળો દ્વારા મળી આવેલા છે.

### ૦.૩.૧ ભટકતું જીવન : પાષાણ યુગ

શરૂઆતના માનવો ભટકતું જીવન ગાળતા. વાતાવરણમાંથી ખોરાકની શોધ કરવા માટે તેઓ એકથી બીજા સ્થળોએ ભટકતાં રહેતાં.

સામાજિક સલામતી માટે, જંગલી પશુઓથી બચવા માટે અને એકબીજાના સહવાસમાં જીવન વીતાવવા માટે આ લોકો સમૂહો બનાવીને જ ફરતા. તેમણે પથ્થરમાંથી ઓજારો બનાવવા શરૂ કર્યા તેથી જ માવનજાતની ઉત્ક્રાંતિના એ સમયગાળાને પથ્થરયુગ/પાષાણયુગ કહેવાય છે. દરેક તબક્કે માનવોએ વધુ સારા ને કુશળ પાષાણ-ઓજારો વાપરવા માંડયા. તેને લીધે તેમનું જીવન વધુ સુખમય અને સલામત બનવા માંડયું. આ વખતના મુખ્ય તબકકાઓ આ પ્રમાણે હતાં :

**(i) પ્રારંભિક પાષાણયુગ - (પેલીઓલીથીક એ જ) (ઈસવીસન પૂર્વે ૫,૦૦,૦૦૦ થી ૧૦,૦૦૦)**

પાષાણયુગની શરૂઆતમાં માનવો પર્વતોની તળેટીઓમાં બને ત્યાં સુધી નદીકાંઠે વસવાટ કરતા હતા. નદીઓ દ્વારા તેમને પીવાનું પાણી બળી રહેતું અને ત્યાં પાણી પીવા આવતા પશુઓના શિકાર દ્વારા તેમને ખોરાક પણ મળી રહેતો. તેથી આવા સ્થળોએ ખોરાક, પાણી અને આશ્રય જેવી

તેમની મૂળભૂત જરૂરિયાતો સંતોષાઈ જતી. તમે જાણો છો કે પોતાના માટે આશ્રય/રહેઠાણની વ્યવસ્થા કરવા માટે પાષાણયુગના માનવોએ મહાકાય રીંછ જેવા જંગલી પ્રાણીઓને તેમની ગુફામાંથી બહાર ધકેલી મૂકવા પડતા હતા ? જરા કલ્પના કરો કે પહેલાનો માનવી કેવું કઠીન જોખમી જીવન જીવ્યો હશે.

પોતાના શરીરોને તાપ અને ટાઢથી બચાવવા અને ઢાંકવા માટે આ પ્રારંભિક મનુષ્યોએ વૃક્ષોની છાલ અને પ્રાણીઓના ચામડાંને તડકામાં સૂકવીને વાપરવા માંડયા. આજે પણ જે રીતે આપણને જીવવામાં પર્યાવરણ સહાયક બને છે, તે માટે આપણે તેના આભારી બનવું જોઈએ. આજે પણ ભારતમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ જેવી જગ્યાઓમાં કેટલાક આદિવાસી લોકો એવું જ જીવન ગાળે છે, જેવી રીતે પ્રારંભિક મનુષ્યો જીવતાં.

પ્રારંભિક મનુષ્યો ગુફાઓમાં રહેતાં અને તેની દિવાલો ઉપર શિકારના દ્રશ્યો ચિતરતા. મધ્યપ્રદેશના ભીમબેટકાની ગુફાઓમાં જંગલી ભેંસ અને સાબર જેવા મોટા પ્રાણીઓના શિકારના દ્રશ્યો ચીતરેલા જોવા મળે છે. એવું બની શકે કે તે વખતે પોતાની શિકારકળાને વધુ સફળ બનાવવા માટે આવા ચિત્રો દોરવાનો રિવાજ હોય. એમ પણ બને કે પોતાની આસપાસના વાતાવરણને સજાવવા માટે તેમણે પોતાના શિકાર દ્રશ્યોને કળાત્મક રીતે કંડાર્યા હોય.





ચિત્ર ૦.૧ ભીમબેટકાની ગુફાઓમાં ભીંત ચિત્રો

**? શું તમે જાણો છો**

ભીમબેટકાએ વિશ્વ પુરાતત્વ સ્થળ છે, જે મધ્યપ્રદેશના રાયસેન જિલ્લામાં આવેલું છે. ભીમબેટકાની ગુફાઓ ભારતમાં વસતી સૌથી પ્રાચીન માનવવસ્તીની નિશાની છે, જે પ્રાગઐતિહાસિક સમયની છે. ઘણાબધા સંશોધનોના વિશ્લેષણ એવું દર્શાવે છે કે આ ગુફાઓ પૈકી કેટલીક ગુફાઓમાં ૧૦૦૦૦૦ વર્ષથી પહેલાં માનવો વસતા હતાં. ભીમબેટકાના મળી આવેલ કેટલાક ખડક-ચિત્રો લગભગ ૩૦૦૦૦ વર્ષ જૂના છે.

*પ્રારંભિક પેલીઓલીથીક માનવોએ એવી પણ કેટલીક પ્રથાઓ અપનાવી હતી, જેને આપણે આજે ધાર્મિક માન્યતાઓ ગણી શકીએ. તેઓ તેમના પૂર્વજોને તેમના મૃત્યુ પછી પૂજતા. તેઓ મૃત વ્યક્તિઓને કેટલાક સાધનો તથા ખાધ સામગ્રીઓ સાથે દફનાવતા, જેને લીધે તેમની બીજી દુનિયાની યાત્રા સુખદ રહેતી તેવું માનતા. તેઓ કુદરતમાં બનતી વીજળી અને મેઘગર્જના જેવી ઘટનાઓથી ભય પામતા. સૂર્ય ઉગવા કે આથમવા જેવી હકીકતોને તેઓ સમજી શકતા નહી પરંતુ તેઓ એટલું ચોકક્સપણે સમજી શકતા કે પૂર્વમાં ઊગતો સૂર્ય દિવસ દરમ્યાન ગરમી અને પ્રકાશ આપે છે, જયારે રાત્રે ચંદ્ર શાંતિ અને શીતળતા આપે છે. આ બધું તેમની માટે અગોચર હતું કેમ કે આ ઘટનાઓ પાછળના કારણો તેઓ સમજી શકતા નહીં. તેથી તેઓ સૂર્ય, ચંદ્ર, મેઘગર્જના તથા વિજળીની પૂજા કરતાં- સૌથી મહત્વનું એ છે, કે કુદરતનો દુરઉપયોગ ન કરવા જેટલું જ્ઞાન તેમને હતું, અને તેઓ કુદરતી સંતુલન પણ જાળવતા. તેમણે કુદરત પાસેથી એટલું જ લીધું, જેટલાની તેમને જરૂર હતી. આ રીતે કુદરત સાથેનું ઐકય અને સૌહાર્દ તેમણે ટકાવી રાખ્યું. શું તમને નથી લાગતું કે પ્રારંભિક અવસ્થાના મનુષ્યોની આ બાબત આજે પણ જો આપણે અનુસરીએ તો આ પૃથ્વી વધુ સારી રીતે રહેવાલાયક બને ?*

*પ્રારંભિક / જૂનો પાષાણયુગ પછી મધ્ય પાષાણયુગ (મેસોલિથીક એજ) આવ્યો. જૂના અને નવા પાષાણયુગ વચ્ચે આ યુગ એક રૂપાંતરણનો સમય બન્યો.*

### (ii) મધ્ય પાષાણયુગ (મેસોલિથીક એજ) (ઈસવીસન પૂર્વ ૧૦,૦૦૦ થી ૪,૦૦૦ વર્ષ)

*ચાલો આપણે જોઈએ કે મધ્ય પાષાણયુગના મનુષ્યોએ અગ્નિની શોધ કેવીરીતે કરી. એવું બનવાની શકયતા ઘણી કહેવાય, કે ચકમકના પથ્થરો ઘસાવાથી તણખા ઝર્યા હોય. આ તણખા કોઈ સૂકા પાદડા ઉપર પડયા હોય, જેમાંથી આગનો ભડકો થયો હોય. આમ થવાથી તે વખતના મનુષ્યો ભય અથવા નવાઈ પામ્યા હોય. તેમાંના કેટલાક બુદ્ધિશાળી મનુષ્યોએ આ શોધને પોતના ફાયદા માટે વાપરવાનું શરુ કર્યુ હોય તેઓ એ વાત શીખી ગયા કે આ અગ્નિથી જંગલી પશુઓ ભય પામતા હતા, જેથી તેમની ગુફા આગળ જો તાપણું ચાલુ રહે તો એ પશુઓ સામે તેમને રક્ષણ મળતું. ખોરાક પણ અગ્નિમાં પડીને વધુ મુલાયમ અને સ્વાદિષ્ટ બનતો. ઠંડી પડી ગયેલી ગુફાઓ આ અગ્નિ દ્વારા ગરમ બની જતી. આજેપણ લોકો પોતાની ઠંડી ઉડાડવા માટે તાપણા કરીને તપે છે. ખરેખર, અગ્નિની શોધની આ ઘટનાએ જમાનાના મનુષ્યો માટે એક મહાન ઘટના બની હશે. શું તમે ધારી શકો છો કે વૃક્ષો ઉપર રહેનારા મનુષ્યો અગ્નિની શોધ સુધીની પ્રગતિ કેવી રીતે સાધી શકયા ? આ બધું કંઈ રાતોરાત બન્યુ ન હતું. આમ થવામાં હજારો વર્ષ લાગી ગયા. એમાં કંઈ જ નવાઈની વાત નથી કે અગ્નિ એ વિસ્મયની સાથોસાથ પૂજાને યોગ્ય વસ્તુ બની.*

### મનોયત્ન ૦.૨

ધારો કે તમે એવી જગ્યાએ છો જયાં વીજળી નથી. (લાઈટ નથી) એવી જગ્યાએ તમારે શિયાળાની એક રાત વિતાવવાની છે અને તમે ખૂબ જ ભયભીત છો. યાદ કરો કે પ્રારંભિક અવસ્થાના મનુષ્યોએ પોતાને ગરમ રાખવા માટે શું- શું કર્યુ હતું. હવે પોતાની જાતને હૂંફ આપવા માટે તમે કયા ત્રણ ઉપાય કર્યા હોત, તે લખી નાંખો.

અગ્નિની શોધની જેમ ઓજારોની શોધએ પ્રારંભિક મનુષ્યોની બીજી મહત્વની શોધ હતી. આ યુગમાં શોધાયેલા ઓજારોને ''માઈક્રોલીથ''કહે છે. આ ઓજારો વધુ તીક્ષ્ણ અને અસરકારક હતાં. છિદ્રો પાડવા માટેના ઓજારો, છોલવા માટેના તીર, કાંટાઓ, તીરના ફણા અને હથોડી જેવા ઓજારો અને હથિયારો બનાવવા માટે પ્રાણીઓના હાડકાનો પણ ઉપયોગ થતો. તેમણે હથોડીઓ, નાની કુહાડીઓ અને છાલ ઉતારવા માટેના સાધનો બનાવ્યા, જેમની મદદથી નાનકડા વૃક્ષો કાપી શકાયા. આ ઓજારોનો ઉપયોગ તેઓ ખોરાક માટે પશુઓને મારવા અને પોતાના આશ્રય માટે નાનકડી ઝુંપડીઓ બનાવવા સારુ પણ કરતાં. તેઓ નાનકડા પથ્થરોને ઘસી ઘસીને તીક્ષ્ણ છરી જેવા બનાવી દેતા. આવા તીક્ષ્ણ પથ્થરોની પતરીઓને તીરમાં કે ભાલમાં જોડી દઈને એ હથિયારોને વધુ ધારદાર બનાવી દેતાં. એના લીધે હવે તેઓ પ્રાણીઓથી સલામત અંતર રાખીને પણ તેમને મારી શકતા. આ પ્રકારના હથિયારો પંજાબ, કાશ્મીરના ખીણપ્રદેશો, હિમાલયની તળેટીના પ્રદેશો અને નર્મદાની ખીણના પ્રદેશોમાંથી મળી આવ્યા છે. લાયબ્રેરીમાં જઈને અથવા ઈન્ટરનેટની મદદથી આવા બીજા સ્થળો પણ તમે શોધી શકો.



ચિત્ર ૦.૨ મધ્ય પાષાણયુગના પથ્થરની પતરીવાળા (મેસોલીથીક ફલીંટ હથિયારો)





### (iii) નવો પાષાણયુગ - (નીઓલિથીક એજ) (ઈસવીસન પૂર્વે ૮૦૦૦ થી ૪૦૦૦)

*શરૂઆતના વર્ષોમાં મનુષ્યો ફક્ત શિકારીઓ કે ખોરાક એકઠો કરનારા જ બની રહયા હતાં. ખોરાક ઉત્પન્ન કરતાં તેમને બીજા હજારો વર્ષો લાગ્યા. આ જ નવા પાષાણયુગની શરૂઆત હતી. હવે મનુષ્ય જાતે ખોરાક ઉત્પનન્ન કરતો થયો અને તેને ખોરાક શોધવા કે મારી લાવવા માટે ભાગંભાગ કરવાની જરૂર ન રહી. તમને શું લાગે છે, આવું શી રીતે બન્યુ હશે ? એવું બનવાની ખાસ્સી શકયતા છે કે અગ્નિની શોધની જેમ આવું પણ આકસ્મિક રીતે જ બન્યું હોય. શકય છે કે અમુક બીયા જમીનમાં પડી ગયા હોય, જેમાંથી છોડ ઊગી નીકળ્યા હોય. ટૂંક સમયમાં જ આ છોડને નિયમીત રીતે ખોરાક તરીકે વાપરવાનું શરુ થઈ ગયું હોય, ને પછી તેમણેએ બીયાઓને વાવીને તેમનો પાક લેવાનું શરુ કર્યુ હોય. હવે તેમને વાવેલા છોડવાઓનું ધ્યાન રાખવું પડતું હશે, કેમ કે અનાજ વાવવા અને લણવાના તબકકાઓની વચ્ચે ઓછામાં ઓછા છ મહીનાનો સમય રહે છે. આ રીતે ખેતીની શરૂઆત થઈ. હવે મનુષ્ય પાસે કાયમી રીતે મળતા ખોરાકનો વિપુલ જથ્થો હતો, તેથી તેણે સ્થાયી જીવન જીવવું શરૂ કર્યું. હવે ખોરાક માટે શિકાર કરવો પડતો ન હોવાને લીધે તેને સલામત જીવન જીવવાની વધુ તક મળી. ખેતીને લીધે માનવજીવનમાં ઘણા લાભદાયી પરિવર્તનો આવ્યા. હવે તેમણે રક્ષણ આપતી ભીંતોવાળી ઝૂંપડીઓ બાંધીને રહેવા માંડયું. એ દિવાલોની બહાર તેમના ખેતરો આવેલા હતાં. હવે તેમના કાયમી વસવાટ માટેની જગ્યાઓ બનવા માંડી, જેણે ટૂંક સમયમાં જ ગામડાનું રુપ લઈ લીધું આ ગામડાઓમાં ઘણાં કુટુંબો વસવા માંડયા અને એકબીજાને રક્ષણ પૂરું પાડવા માંડયા.*

*આ જ સમયગાળામાં મનુષ્યોને પશુપાલનનો વિચાર સ્ફૂર્યો. ખેતીને લીધે જ આ શકય બન્યું. હવે તેઓ અનાજ પોતાના માટે અને તેના પૂળા ઢોર માટે રાખવા માંડયા. તેઓ પશુઓને પાળતા શીખી ગયા. શું તમે જાણો છો કે પ્રથમ પાળતું પ્રાણી કૂતરો હતો ? ત્યારપછી એ મનુષ્યોએ બકરાં, ગાયો અને ઘેટાં રાખીને તેમના દૂધ અને માંસનો ઉપયોગ કરવા માંડયો. પોતાના પોષાક માટે તેમણે પ્રાણીઓના ઊન અને ચામડાનો ઉપયોગ કરવા માંડયો.*

*આ મિશ્ર ખેતીની શરૂઆત હતી. ખેતી દ્વારા વનસ્પતિજન્ય ખોરાક મળ્યો અને પશુપાલન દ્વારા દૂધ, માંસ અને ઊન પણ મળ્યાં.*

*પ્રારંભિક મનુષ્યોએ જોયું કે જેમ એક માતા પોતાના સંતાનોને ખોરાક પૂરો પાડીને જીવાડે છે, તેવી જ રીતે વનસ્પતિઓ પણ બિયારણમાંથી ઊગીને ખોરાક પૂરો પાડે છે. તેમણે પૃથ્વીને માતા ગણીને તેની પૂજા શરુ કરી. જૂના પાષાણયુગના માનવીઓની માફક નવા પાષાણયુગના મનુષ્યો પણ કુદરતની શકિતઓથી પ્રભાવિત થઈને તેમના પૂજક બન્યા.*

*ધીમે ધીમે જેમ તેમનું પર્યાવરણ અંગેનું જ્ઞાન વધવા માંડયુ, તેમતેમ વધુ આરામદાયક જીવન જીવવાની તેમની ઈચ્છા પણ વધવા માંડી. હવે એ પ્રારંભિક મનુષ્યોને લાગવા માંડયું કે વધુ*

સારા ઓજારો અને હથિયારો વાપરવા જોઈએ. તેથી એ હથિયારો અને ઓજારોને તેમણે વધુ ધારદાર બનાવ્યા. વૃક્ષોને કાપીને પાડવા માટે તેમણે તિક્ષ્ણ કુહાડી વાપરવા માંડી આ કુહાડી એવા મજબૂત પથ્થરથી બનેલી હતી જે એક તરફથી એકદમ પાતળી અને તીણી હતી અને બીજી બાજુથી તેને એક લાકડી ઉપર ખીલા ઠોકીને બેસાડી દેવામાં આવતી હતી. એવી જ રીતે, લણણી માટે એક પ્રકારના દાતરડાનો ઉપયોગ થતો હતો. આ ઓજારોને લાંબો સમય ટકાવી રાખવા માટે તેમની પોલીશ પણ કરવામાં આવતી હતી. આવા પોલીશ કરેલા હથિયારો અને ઓજારો તેમને ખેતીલાયક જમીનનું નિંદણ કરવામાં, પાક લણવામાં અને પાક ભેગો કરવામાં મદદરૂપ બનતા હતાં. શું તમે જાણો છો કે આજે પણ નાનાખેડૂતો અને માળીઓ આવા ઓજારો વાપરે છે ?

આ સમયગાળાની અન્ય એક મહત્વની શોધ હતી પૈડુ/ચક્ર કોઈએ કલ્પ્યુ પણ નહીં હોય કે આ શોધને લીધે માનવજીવન કેટલી હદ સુધી બદલાઈ જશે. પૈડુ કે ચક્ર વિરૂદ્ધ રીતે વપરાવા માંડ્યુ- કૂવામાંથી પાણી ખેંચવાના રહેંટ તરીકે, વણાટકામમાં ચરખા તરીકે, કુંભારના ચાકડા તરીકે, કુંભારના ચાકડાની શોધને લીધે હવે રાંધેલો ખોરાક બનવા માંડયો. માટીના ઘડા લાકડાના ખોખા ઉપર બહારથી માટી લીંપીને બનાવવામાં આવતા. આવા ઘડા/ વાસણો વિવિધ આકારના બનાવવામાં આવતા અને તેમની ઊપર સુંદર ડીઝાઈન કરવામાં આવી. વાહનવ્યવહારમાં આ શોધ દ્વારા મનુષ્ય જાતે વધુ હરતોફરતો થયો અને માલસામાનની વધુ હેરફેર કરતો થયો. આજના યુગમાં પણ ઘણીબધી મહત્વની પ્રવૃત્તિઓમાં ચક્ર / પૈડું વપરાય છે.



ચિત્ર ૦.૩ નવા પાષાણયુગ (નીઓલિથીક એજ) ના માટીના વાસણો

## મનોયત્ન ૦.૩

આ પ્રકરણ વાંચતા વાંચતા તમને ખ્યાલ આવ્યો હશે કે કેવી રીતે મક્કમતાથી સતત વિકાસ કરતો જઈને મનુષ્ય જૂના પાષાણયુગમાંથી નવા પાષાણયુગ સુધી પહોંચી ગયો. પ્રારંભિક

અવસ્થાના મનુષ્યો સાથે તમારી આજની સ્થિતિ સરખાવો. નીચે આપેલા મુદ્દાઓ તમે વિચારી શકો : અગ્નિ, ઓજારો, ખેતી, મિશ્ર ખેતી, ચક્ર/પૈડું, ધર્મ, કુદરત સાથેની સંવાદિતા / ઐક્ય/ સૌહાર્દ

### પાઠ-સ્વાધ્યાય ૦.૩

૧. પહેલાના લોકોને ભટકતી પ્રજા કેમ કહેવામાં આવતા ?

૨. જૂના પાષાણયુગ અને નવા પાષાણયુગ વચ્ચેના બે તફાવતો જણાવો.

૩. નવા પાષાણયુગની બે સિદ્ધિઓ જણાવો.


૪. માનવ સભ્યતા માટે ચક્રની શોધ કેવીરીતે મહત્વની બની તેની ત્રણ રીતો જણાવો.

## ૦.૩ ધાતુનો ઉપયોગ : (આલ્કોલિથીક એ જ) ધાતુ યુગ

પોતે જ્યારે માત્ર ખોરાક ભેગો કરતાં અને પથ્થરોનો જ ઉપયોગ કરતાં એ જમાનાથી મનુષ્યો ઘણાં આગળ આવી ગયા હતાં. જો કે, હજુ તેઓને સંતોષ ન હતો. હવે ટૂંક સમયમાં જ તેમણે ત્રાંબા તરીકે ઓળખાતી ધાતુ શોધી નાંખી. હવે આ સમયગાળો ધાતુ યુગ કહેલાવા માંડયો. હવે મનુષ્યે ત્રાંબામાંથી ચીજવસ્તુઓ બનાવવા માંડી. તમને યાદ છે, માટીના વાસણો બનાવવા માટે લોકો અગ્નિ વાપરતા ? આજે પણ અગ્નિવાળી ભઠ્ઠીઓ વપરાય છે. ત્રાંબુ એ પહેલી ધાતુ હતી જેને અગ્નિ દ્વારા ઓગાળીને ચીજવસ્તુઓ બનાવવા માટે વાપરવામાં આવી.



ચિત્ર ૦.૪ ધાતુ યુગના હથિયારો







આદિમાનવો નવી નવી સામગ્રીઓ શોધતા ગયા અને તેને વાપરીને જોતા ગયા, તેના પ્રયોગ કરતાં ગયાં. ત્રાંબાને ઝીંક, (કલાઈ) ટીન અને લાખ સાથે ભેળવીને કાંસુ બનાવવામાં આવ્યું.

જ્યારે લોકોએ કાંસાનો વપરાશ શરૂ કર્યો, તે સમયગાળાને કાંસ્ય યુગ કહે છે. પહેલાનાં પથ્થરના ઓજારો કરતાં આ ધાતુના ઓજારો વધુ ઉપયોગી સાબિત થયા. ધાતુની કુહાડીઓ વધુ કુશળતાથી જંગલો કાપવામાં મદદરૂપ થતી, જેથી વધુ જમીનો સાફ થઈને ખેતી કરવા લાયક બની. જ્યારે મનુષ્યોએ ધાતુ તેમજ પથ્થરના નાના ઓજારો-બેઉંનો ઉપયોગ ચાલુ રાખ્યો હતો, તે સમયગાળાને (ચાલ્કોલિથીક એજ) કહેવામાં આવ્યો. આ યુગમાં વપરાતી વસ્તુઓ મૈસૂર નજીક બ્રહ્મગિરીમાંથી, નર્મદા નદીની પાસે આવેલા નવાબ ટોળીમાંથી અને છોટાનાગપુરના ઉચ્ચપ્રદેશમાંથી પણ મળી આવી છે. જો તમે કદી પણ આ સ્થળોએ જાવ, તો ત્યાંના ઉત્ખનન સ્થળો જો જો અને તેની નોંધ કરજો. આ માહિતીને તમે અવા બીજા સ્થળો જોયા હોય કે જાણ્યા હોય તેની માહિતી સાથે સરખાવજો.

### ૦.૩.૩ સામૂહિક જીવનની /સામુદાયિક જીવનની શરૂઆત

ખેતી, મિશ્ર ખેતી, વિકસીત ઓજારોની શોધ અને ચક્રની શોધ દ્વારા લોકો એક સ્થાયી જીવન જીવવા લાગ્યા, જેને આપણે ગ્રામ્યજીવનની શરૂઆત કહી શકીએ. અત્યારસુધીમાં સ્થાયી વસવાટ શરૂ કરી દેનારા લોકોના સમૂહ મોટા બનવા માંડયા હતાં. અને એક મોટા સમૂહમાં ન્યાય, શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે કોઈ મુખ્ય વ્યકિત તો જોઈએ જ. તેથી એ સ્વાભાવિક હતું કે તેમણે કોઈ એવી વ્યકિત પસંદ કરવા માંડી જે આખા સમૂહને માર્ગદર્શન આપી શકે. વિવિધ સમૂહોએ પોતપોતાની રીતે પોતાના નેતા પસંદ કરવા માંડયા. મોટાભાગે સમૂહની સૌથી મોટી ઊંમરની વ્યકિત અથવા સમુદાયની નેતા બનતી. આ વ્યકિત સમુદાયમાં ન્યાય અને વ્યવસ્થા જાળવતી. સમુદાયના વ્યકિતઓ વચ્ચે થતા વિવાદોમાં આ નેતાઓ મધ્યસ્થી બનીને વિવાદનો અંત લાવવામાં મદદ કરતાં. ધીમેધીમે આ સમુદાયોની વસાહતો મોટી બનતી ગઈ. ગામો અને નગરો બનવા માંડયા. તમને ખબર છે, સરસ્વતી અને સિંધુ નદીની આસપાસના વિસ્તારોમાં ઈ.સ.પૂર્વે ૨૫૦૦ માં પ્રથમ ભારતીય શહેરો બન્યા. આ સંસ્કૃતિ સિંધુ ખીણની સંસ્કૃતિ કહેવાઈ. (હડપ્પાના અવશેષો મળી આવ્યા પછી આ સંસ્કૃતિને ઘણાં ઈતિહાસકારો સિંધુ-સરસ્વતી સંસ્કૃતિ પણ કહે છે.)

ધર્મ : આખી દુનિયામાં વિવિધ સ્થળોએ વસતા મનુષ્યોને કોઈ અજ્ઞાત બાબત કે કોઈ અનહોનીનો ભય રહેતો જ હોય છે. જે ઘટના તેમને ન સમજાઈ, તેણે તરત જ તેમને પ્રભાવિત કરી દીધાં અને એ ઘટના તેમની માટે કોઈ પવિત્ર ઘટના બની ગઈ. આદિમાનવો સાથે પણ આવું જ બન્યું. તેમની માટે આ પૃથ્વી માતા સમાન હતી, કેમ કે તે જ તેના બાળકો એટલે કે મનુષ્યોને ખોરાક પૂરો પાડતી હતી. સૂર્ય જીવન અને ઉષ્મા આપતો હતો. અંધકારભરી રાત્રિ પછી પણ તેની કૃપા ચાલુ જ રાખતો હતો. ચંદ્ર, તારા અને વરસાદ પણ એ જ રીતે સતત મદદરૂપ થતા હતાં. લોકોએ તેમની પૂજા શરૂ કરી. આ કુદરતી તત્વોના ભકિતગીતો તેમણે ગાવા માંડયા અને એમને દેવ ગણીને અનેક

પ્રકારના બલિદાનોથી રીઝવવા માંડયા. તે વખતે એવા જાદુગરો હતાં, જે એવો દાવો કરતાં કે તેઓ લોકોને તેમના દુશ્મનોથી બચાવી શકે છે. અમુક લોકોએ આખા સમુદાયના હિત માટે પ્રાર્થના કરવાની તથા ત્યાગ આપવાની જવાબદારી લીધી. આવા લોકો પૂજારીઓ અથવા પંડિતો કહેવાવા માંડયા.

લોકોને ખ્યાલ આવી ગયો હતો કે મૃત્યુ એક એવી યાત્રા છે, જયાંથી કોઈ પાછુ ફરતું નથી. તેથી મૃત વ્યકિતઓને દફનાવવા માટે તેમણે કબરોની વ્યવસ્થા કરવા માંડી. તેઓ ગુફાઓમાં કબરો બનાવતા અને એ ગુફાઓને વિશાળ શીલાઓ (મેગાલીથ્સ) થી ઢાંકી દેતા. ઘણીવાર મૃતકોની છેલ્લી યાત્રાની જરૂરિયાત સમજીને કેટલીક રોજીંદા વપરાશની વસ્તુઓ પણ આ ગુફાઓમાં મૂકવામાં આવતી.

આ જાણીને તમને યાદ આવે છે, કે આજે પણ મૃતકો સાથે કેટલીક રોજીંદા વપરાશની વસ્તુઓ મૂકી દેવાની પ્રથા છે ?

તમને એ જાણીને નવાઈ લાગશે કે આજે પણ એવી ઘણી બાબતો છે જેમાં આપણે આપણા પૂર્વજોની માફક જ વર્તીએ છીએ.

### ૦.૩.૪ લોહયુગ અને ત્યારપછી

તમે જાણ્યું કે માનવ સભ્યતા અને સંસ્કૃતિએ વિકાસના કેટલાક તબકકાઓ પસાર કર્યા. સૌથી પ્રારંભિક માનવોએ પથ્થરના ઓજાર બનાવીને વાપર્યા. ધીમેધીમે મનુષ્યોએ ઓજારો બનાવવા માટે વધુ ઉપયોગી એવી ધાતુઓ શોધી કાઢી. ધાતુયુગમાં અનુક્રમે ત્રાંબુ, કાંસુ અને લોઢું (લોખંડ) શોધાયા.

માનવસંસ્કૃતિમાં લોખંડની શોધ એક મોટો વળાંક સર્જી ગઈ. તેના ઉપયોગથી ખુબ મજબૂત અને ટકાઉ સાધનો બનાવી શકાયા. ત્યારપછી બીજી ધાતુઓ અને સામગ્રીઓ પણ વપરાવા માંડી.

લોકોએ એકસરખા પ્રમાણમાં ભેળવેલી બે ધાતુઓથી બનેલી મિશ્રધાતુઓ વાપરવા માંડી. આવી મિશ્રધાતુનું એક ઉદાહરણ છે-પિત્તળ. પછી આપણે લોખંડમાં કાર્બન ભેળવીને સ્ટીલ બનાવતા શીખ્યા અને ઘણા વર્ષો પછી આધુનિક વિજ્ઞાને આપણને પ્લાસ્ટીક નામનો એક ઉપયોગી પદાર્થ શોધી આપ્યો. આજેપણ રોજ-બ-રોજના વપરાશની ઘણી વસ્તુઓ બનાવવામાં પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે. બીજા પદાર્થો કરતાં પ્લાસ્ટીક અનેક રીતે ઉપયોગી નીવડે છે. જો કે, હાલમાં એવું જાણવા મળ્યું છે કે પ્લાસ્ટિકનો ઉપયોગ વાતાવરણ માટે હાનિકારક છે તેથી તેના વપરાશ ઉપર થોડા નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. વૈજ્ઞાનિકોએ હવે વાતાવરણમાં ભળી શકે તેવું બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક શોધી કાઢવાના પ્રયત્નો કરી રહયા છે. આમ, તમે જોઈ શકો છો કે મનુષ્યના વિકાસના દરેક તબકકે તેની સામે નવા નવા પડકારો ઊભા થતા રહે છે. જેમજેમ મનુષ્યની ઉત્ક્રાંતિ થતી જાય તેમતેમ તે નવા પડકારો ઉપાડતો જાય છે. હવે આપણે મનુષ્યના વિકાસના તબક્કાઓ વિશે જાણીએ.

### મનોયત્ન ૦.૪

આપણે પાળતા હોઈએ એવા અમુક ધાર્મિક રીતિ-રિવાજોની યાદી બનાવો. તમારા કુટુંબ અને મિત્રો સાથે તેમની ચર્ચા કરો. આ ચર્ચા દ્વારા રીત-રિવાજો વિશે જે કંઈ નવું જાણવાનુ મળ્યુ હોય તેના વિશે બીજા શહેરમાં રહેતા તમારા મિત્રને પત્ર લખીને જણાવો. આપણા આજના જીવનમાં આ રીતી-રિવાજોનું મહત્વ શું છે તે જાણો.

### પાઠ-સ્વાધ્યાય ૦.૩ બી

૧. પાષાણયુગના ઓજારો કરતાં ધાતુયુગના ઓજારો વધુ સારા હતા તેમ આપણે શા માટે કહીએ છીએ ?

૨. આદિમાનવોને સ્થાયી જીવન જીવવા માટે પ્રેરણા આપનાર પરિબળો જણાવો. આજના જમાનામાં એ પરિબળોનું શું મહત્વ છે ?

૩. પ્રાચીન યુગમાં સમૂહજીવન અને ધર્મ દ્વારા સમાજની કાર્યપ્રણાલિ ઉપર કેવી અસર થઈ ?

૪. લોખંડની શોધ દ્વારા આદિમાનવોના જીવનમાં આવેલા પરિવર્તનો જણાવો.

## ૦.૪ મનુષ્યના વિકાસના વિવિધ તબકકાઓ :

આગળ ઉપર થઈ ગયેલી ચર્ચાના અનુસંધાનમાં હવે આપણે આખી દુનિયાના વિવિધ દેશોમાં વસતા લોકોના જીવનમાં આવેલા વિકાસના વિવિધ તબકકાઓ તપાસી શકીશું. આપણને ખ્યાલ આવશે કે ચક્ર જેવી કેટલીક પ્રાચીન શોધો હજી આજે પણ એટલી જ મહત્વની બની રહી છે.

### (ક) શિકાર યુગ :

પુરાતત્વશાસ્ત્ર દ્વારા આપણને મહત્વની ઘણીબધી એવી નિશાનીઓ મળી આવી છે. જેના દ્વારા આપણે આપણા પ્રાગ્ઐતિહાસીક સમય સાથે ફરી જોડાઈ શકયા છીએ.

આ જાતના જીવનને પ્રારંભિક અવસ્થાનું જીવન કહેવામાં આવે છે, કારણ કે તે વખતે આપણે જીવનનિર્વાહ માટે સંપૂર્ણ રીતે કુદરત ઉપર આધાર રાખતા હતાં. જેમ જંગલી જાનવરો શિકાર દ્વારા પોતાનો ખોરાક મેળવે, તેમ આદિમાનવો પણ જંગલી પશુઓ, પક્ષીઓ, જીવજંતુઓ તથા માછલાંના શિકાર દ્વારા જ પોતાનો ખોરાક મેળવતાં. તેમણે લાખો વર્ષો સુધી પોતાની જીંદગી શિકારીઓ તરીકે જ વિતાવી. ઈતિહાસમાં આ સમયને પાષાણયુગ કહે છે. આ જ સમયગાળામાં પ્રાણીઓને પાળવાનું શરૂ થયું. પશુપાલનને લીધે તેમના ખોરાકમાં દૂધ, માખણ અને ગળી જેવી નવી વસ્તુઓ ઉમેરાઈ. જીવન હવે પહેલાં કરતાં વધુ સલામત બન્યું. શિકાર કરવા કરતાં પશુપાલન

તેમને ઘણું સહેલું પડયું. હવે તેમને બીજી બાબતો અંગે વિચારવાનો સમય મળ્યો. પરંતુ હજી પણ ખોરાકની શોધમાં તેઓ ભટકતું જીવન ગાળતાં. જ્યારે તેમના પશુઓ માટે ઘાસચારો ખલાસ થઈ જાય ત્યારે વધુ ઘાસ ધરાવતા મેદાનો તરફ તેમણે નીકળી જવું પડતું.

### (ખ) ગ્રામજીવન (રૂરલ)

ખેતીની શોધે મનુષ્યને સ્થાયી જીવન જીવવાની તક ઊભી કરી આપી. હવે લોકોને જણાયું કે તેઓ બીયા વાવીને છોડવા ઊગાડી શકે છે. આ પદ્ધતિ ખબર પડવાથી તેઓ પોતાને માટે કોઈ એક જગ્યા પસંદ કરીને ત્યાં ખોરાક ઊગાડવા માંડયા. હવે તેમના વસવાટ સ્થાયી બન્યાં અને જેને આધુનિક દ્રષ્ટિએ આપણે સભ્યતા કહીએ છીએ, તેનો જન્મ થયો. આ તબકકાને ગ્રામ્ય તબકકો કહી શકાય.

### (ગ) શહેરીજીવન : (અર્બન)


ધીમે ધીમે ગામડાઓમાંથી લોકો આગળ વધીને શહેરોમાં વસવા માંડયા. આ તબકકે વસ્તીમાં ઘણો વધારો થઈ ગયો હતો. હવે મનુષ્ય ખોરાક ભેગો કરનાર રહયો ન હતો. હવે તે ખોરાકનો ઉત્પાદક બન્યો હતો. હવે કુટુંબો મોટા બન્યા હતાં અને સમાજો અસ્તિત્વમાં આવ્યા હતાં. હવે દરેક કુટુંબે ખેતી કરીને અનાજ પકવવાની જરુર રહી ન હતી. તેમના જીવનમાં મોટા પરિવર્તનો આવ્યા હતાં. કુંભારો, સુથારો અને વણકરોએ પોતપોતાની ચીજવસ્તુઓનો અંદરોઅંદર વિનિમય કરવા માંડયો હતો. (વસ્તુઓની એકબીજા સાથે અદલા-બદલી કરવા માંડી હતી.) ધાતુની શોધને લીધે કલાકારીગરીમાં ઘણી વિશેષતાઓ ઉમેરાઈ. ઘણાં કારીગરો બીજા કારીગરો કરતાં વિશેષ કલા અને પ્રતિભા ધરાવતા. આને લીધે તેમની આવકના મુજબ કુશળ કારીગરો અને સાધારણ એવા વર્ગો પડયા. આ સમય સુધીમાં ત્રાંબુ અને કાંસુ શોધાઈ ચૂકયા હતા, ને આરામદાયક જીવન જીવવા માટે વપરાતી વસ્તુઓ બનાવવામાં તેમનો ઉપયોગ થવા માંડયો હતો. માટીના વાસણો, ચામડાની વસ્તુઓ અને કડિયાકામમાં આ કળા-કૌશલ્ય વપરાવા લાગ્યા. લોકો એક સ્થળે ભેગા થઈને પોતપોતાની વસ્તુઓની અદલાબદલી કરવા માંડયા. ખેડૂતો પણ ત્યાં આવીને તેમણે ઉગાડેલા અનાજના બદલામાં તેમના જીવનમાં ઉપયોગી બીજી વસ્તુઓ લઈ જવા માંડયા. આ બધી પ્રવૃત્તિઓ કોઈ એક કેન્દ્રસ્થળે થતી. આ સમયમાં લોકોને માત્ર પોતાના ખોરાકની જરૂરીયાત સંતોષવાને બદલે કુંભારીકામ, લુહારીકામ અને વણાટકામ જેવી પ્રવૃત્તિઓ પણ કરવા માંડી. આ વખતે લોખંડ શોધાયું. હવે કામના પ્રકાર મુજબ તેને વિવિધ નાના-મોટા વર્ગોમાં ગોઠવવાની જરૂર પડી દરેક જણની કાર્યક્ષમતા મુજબ શ્રમનું વિભાજન થવા માંડયું. પોતપોતાની આવડત મુજબનું કામ સૌ કરવા લાગ્યા. હવે મનુષ્ય પોતાના વિકાસના આગળના તબકકે જવા તૈયાર બન્યો, જે દિશામાં લેખનકલાની શોધ એક મોટું પગલું બની હવે એકથી બીજી પેઢી સુધી જ્ઞાન ફેલાવવું શકય બન્યું. હવે વેપારીઓ પોતાના હિસાબની લેખિત નોંધ રાખવા માંડયા અને નગરો, ગામો અને ગામડાઓમાં ન્યાય તથા વ્યવસ્થા જાળવનારા લોકો પણ લેખિત નોંધ જરુરી સમજવા માંડયા.




ચિત્ર ૦.૫ હડપ્પાના અભિલેખો

**(ઘ) નગર જીવન : (સીટી લાઈફ)**

*પછીના સમયમાં લોકોએ પોતાની જરૂરીયાત કરતાં વધારાનું અનાજ ઉગાડવા માંડયુ અને ભવિષ્ય માટે તેનો સંગ્રહ કરવા માંડયો. આમ થવાથી તેમને ઘણી નવરાશ મળી અને તેમાંથી સામ્યતા અને સંસ્કૃતિને વિકસવાની તક મળી. સંગીત, સ્થાપત્ય, ચિત્રકળા અને શિલ્પકળા જેવી કળાઓ વિકસી. ધાતુકામ અને ઘરેણાં બનાવવા જેવી અલંકારિક કળાઓ પણ વિકસી. હવે તેમની મૂળભૂત જરૂરિયાતો તેમજ સલામતીની જરૂરીયાત સંતોષાઈ જતી હોવાથી લોકો સામાજિક તથા કલાભિમુખતા તરફ વળ્યા. આ સમય દરમ્યાન જ વર્ગો અને જ્ઞાતિઓ ઘડાયા. સાદા ગામોમાંથી આધુનિક શહેરો અને નગરો બન્યાં. હાલના પાકિસ્તાનમાં આવેલા મોહન-જો-ડેરો અને હડપ્પા પણ એવાં જ નગરો હતાં. ભારતમાં મળી આવેલા આવા પ્રાચીન નગરો રાજસ્થાનના કાલીબંગનમાં, ગુજરાતમાં અમદાવાદ પાસે આવેલા લોથલમાં અને ચંદીગઢ નજીક આવેલા રોપરમાં છે. આ નગરોનું આયોજન ખૂબ જ વ્યવસ્થિત રીતે કરવામાં આવેલુ હતું અને તેમાં કાટખૂણે છેદાતા રસ્તાઓ, ગટર વ્યવસ્થા અને પાકી ઈંટોના ચણતર જેવી તમામ સગવડો જોવા મળે છે.*





ચિત્ર ૦.૬ ગુજરાતના લોથલમાં આવેલા સિંધુ સભ્યતાના અવશેષો

વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને લીધે ભૌતિક જીવનની સવલતો ઘણીબધી રીતે વધી. જીવન વધુ આરામદાયક બન્યું અને કેટલાક લોકો માટે તો ખાસ સગવડો વધી ગઈ. ટૂંક સમયમાં જ શહેરોનું મહત્વ વધી ગયું. કેટલાંક નગરો મહાનગરો (મેટ્રો) તરીકે ઓળખાવા માંડયા, જ્યાં મહત્વની ઓફિસો (કાર્યાલયો) બહુમાળી ઈમારતો (હાઈરાઈઝ બિલ્ડીંગ) મોટા વ્યાપારભવનો અને કારખાનાઓ આવેલા હોય છે. આપણામાંના કેટલાંક લોકો માટે જીવન બહેતર બન્યું છે. આપણે ઘણી શોધો, ખોજો અને નવતર પ્રયોગો કરીને જીવનને વધુ આરામદાયક જ નહી પરંતુ વધુ સાર્થક બનાવવાના પ્રયત્નો કર્યા છે. પરંતુ આજે પણ આપણામાંના ઘણાં લોકો પીવાનું સ્વચ્છ પાણી, વીજળી અને શિક્ષણ તથા આરોગ્ય જેવી મૂળભૂત સગવડોથી વંચિત છે. આવા અસંતુલનને લીધે ઘણી સમસ્યાઓ પણ સર્જાઈ છે, જેના ઉકેલ આપણે શોધવાના છે. આ પાઠમાં આ બાબત વિશે વધુ વિગતો આપણે મેળવીશું.

### પાઠ સ્વાધ્યાય ૦.૪

૧. મનુષ્યના વિકાસના દરેક તબક્કાના બે બે લક્ષણો જણાવો.

૨. આજે કરવામાં આવતા શિકાર કરતાં શિકાર યુગ દરમ્યાન કરવામાં આવતા શિકાર કેવી રીતે જુદા પડે છે ?

૩. ગામોની રચના પાછળ કયા પરિબળો જવાબદાર છે ?

૪. લેખનકલાએ મનુષ્યના વિકાસમાં શો ફાળો આપ્યો ?

## ૦.૮ સામાજિક વિજ્ઞાન અને આજના સમાજની સમસ્યાઓ :

શિકાર યુગથી માંડીને આજના આધુનિક યુગમાં આપણે અન્ય ગ્રહો ઉપર શોધખોળ કરવા સુધી અને અંતરિક્ષમાં ઉપગ્રહો છોડી ફેકવા સુધી પહોંચી ગયા છીએ. આ બે યુગો વચ્ચે આપણે ઘણી

લાંબી યાત્રા કરી છે. આજે આપણે કમ્પ્યૂટર અને રોબોટની મદદથી માહિતી સંઘરી શકીએ છીએ અને ગમે ત્યાં સંદેશાવ્યવહાર કરી શકીએ છીએ. આપણે સંદેશાવ્યવહાર પ્રધાન અને માહિતીપ્રધાન ટેક્નોલોજીના યુગમાં પગ મૂક્યો છે. શહેરો મહાનગરો (મેટ્રો) બનવા માંડયા છે પરંતુ હજુ પણ આપણે વિકસી રહયા છીએ, બદલાઈ રહયા છીએ, ઉત્ક્રાંતિ અને પ્રગતિ કરી રહયાં છીએ.

હવે તમને ખ્યાલ આવ્યો હશે કે કઈરીતે આપણે શિકારીની અને ખોરાક ભેગો કરનારી અવસ્થામાંથી આજની આધુનિક અવસ્થા સુધી પહોચ્યા છીએ. આ એક ઘણી લાંબી સફર રહી છે, જેમાં આપણે ઘણીબધી નવી શોધો, નવા પડકારો અને નવી તકો મેળવતા આવ્યા છીએ. મનુષ્યનો પોતાની જાત સાથેનો, કુદરત સાથેનો અને સમાજ સાથેનો સંબંધ સમજીને આપણે એવા સમાજની રચના માટે પ્રેરાવું જોઈએ જેમાં ફક્ત અમુક લોકોને જ નહી પરંતુ સૌને સારું જીવન મળે.

ભલે આપણે સારી પ્રગતિ કરી હોય, પણ હજી આપણે કેટલાક પડકારોનો સામનો કરવાનો છે. આ પાઠયક્રમના મોડયૂલ્સ અને પાઠોમાં આપણે એક નજર દોડાવીએ અને તેમા શકય ઉપાયો વિશે વિચારીએ :

(ક) ગરીબી અને ભૂખમરો.

(ખ) સંપત્તિની અસમાન વહેંચણી

(ગ) બેરોજગારી અને પ્રચ્છન્ન બેરોજગારી

(ઘ) સમાંતર અર્થશાસ્ત્ર, કર-ચોરી અને કાળુ નાણું

(ચ) જાહેર જીવનમાં ભ્રષ્ટાચાર

(છ) પ્રદૂષણ અને વાતાવરણનો હ્રાસ

(જ) રાષ્ટ્રવાદ અને દેશપ્રેમની ઊણપ

(ઝ) લીંગ આધારિત સમસ્યાઓ : મહિલાઓ પ્રત્યે ભેદભાવ અને ગુનાખોરી, દહેજ, બાળહત્યા અને ભ્રૂણહત્યા, માનવ-વ્યાપાર, વેશ્યાવૃત્તિ

(ટ) હિંસા : આતંકવાદ, નકસલવાદ

(ઠ) રાષ્ટ્રિય એકતા આડેના અવરોધો- ભાષાવાદ, કોમવાદ, પ્રદેશવાદ, જ્ઞાતિવાદ.

## પાઠ સ્વાધ્યાય ૦.૫

૧. તમારા સમાજમાં રહેલી એવી સમસ્યાઓની યાદી બનાવો, જે આ પાઠમાં સમાવવામાં ન આવી હોય.

૨. તમારી સમસ્યાઓના સમાધાન મેળવવામાં સામાજિક વિજ્ઞાનના વિષયો કેવી રીતે મદદરુપ થઈ શકે તે જણાવો

૩. માનવ સભ્યતાના વિકાસની સાથોસાથ સમસ્યાઓ પણ વધી. શું તમે શહેરીકરણ અને ઔદ્યોગિકરણ દ્વારા જન્મેલી સમસ્યાઓ જણાવી શકશો ?

## તમે આટલું શીખ્યા :

- સામાજિક વિજ્ઞાનનું મહત્વ સમજયા અને કેવી રીતે આ વિષયના અભ્યાસ દ્વારા આપણે વિવિધ વિષયોના પરસ્પર સંબંધને સમજી શકીએ છીએ, તે જાણ્યું.
- માનવજાતે પોતાના જીવનને બહેતર બનાવવા માટે કરેલા સંઘર્ષની વાત ઈતિહાસ દર્શાવે છે.
- પુરાતત્વશાસ્ત્રીઓ પ્રાચીનકળાના કલાકારીગરીના નમૂના, કબ્રસ્તાનો, ખંડેરો અને સ્મારકો જેવા અવશેષોનો અભ્યાસ કરે છે. જયારે, ભૂગોળ એ પૃથ્વી પર આવેલા ભૂખંડો, લોકો, સ્થળો અને વાતાવરણનો અભ્યાસ છે.
- રાજનીતિશાસ્ત્ર રાજનૈતિક વર્તન-વ્યવહાર અને રાજનૈતિક વ્યવસ્થાનું વિશ્લેષણ કરે છે.
- સમાજશાસ્ત્ર સમાજની રચનાનું માળખું તથા તેની કાર્યપ્રણાલિનો અભ્યાસ કરે છે, જયારે અર્થશાસ્ત્ર એ બાબતનો અભ્યાસ છે, કે કેવીરીતે મનુષ્યો પોતાના ઉત્પાદન, વપરાશ અને સંપત્તિ અંગે વિવિધ પસંદગીઓ કરે છે.
- આપણે જોયું કે પાષાણયુગના વિવિધ તબકકાઓ દરમ્યાન મનુષ્યે અગ્નિના ઉપયોગની શોધ કરી. તેમણે નાની કુહાડીઓ, છાલ ઊતારનારા છોલીયા અને હથોડીઓ જેવા ઓજારો બનાવીને નાના-નાના વૃક્ષો કાપ્યા અને પોતાના જીવન નિર્વાહ માટે પશુઓનો શિકાર કર્યો. તેઓ પોતાના મૃત પૂર્વજોની પૂજા કરતાં અને મૃતકોને દફનાવતી વખતે, બીજા વિશ્વમાં તેમની યાત્રા સફળ બને તે માટે, તેમની સાથે ખાદ્ય પદાર્થો અને કેટલાંક ઓજારો પણ મૂકતાં. તે પછીના કેટલાક વર્ષોમાં તેમણે વધુ ધારદાર : અને અસરકારક ઓજારો બનાવ્યાં.
- નવા પાષાણયુગમાં તેમણે પોતાનું જીવન વધુ આરામદાયક બનાવ્યું. તેમણે ચક્રની શોધ કરીને તેનો ભરપૂર લાભ લીધો. ખેતીની શોધ તેમને મિશ્ર ખેતી અને સ્થાયી જીવન તરફ દોરી ગઈ. તેને લીધે સમૂહજીવનનો પાયો નંખાયો. ટૂંકસમયમાં જ ગામડા બન્યા, જેમાંથી પછી ગામો અને ગામોમાંથી નગરો વિકસ્યા.

## પાઠયાંત સ્વાધ્યાય :

૧. સામાજિક વિજ્ઞાન અંતર્ગત વિવિધ વિધાશાખાઓ કેવી રીતે સંકળાય છે ? ઉદાહરણ આપી સમજાવો.

૨. શું તમને લાગે છે કે ઈતિહાસનો અભ્યાસ જરુરી અને મહત્વનો છે ?

૩. ઈતિહાસ અને પુરાતત્વશાસ્ત્ર વચ્ચે શો સંબંધ છે ?

૪. માનવસભ્યતાને સમજવામાં સામાજિક વિજ્ઞાનની પેટાશાખાઓ કઈ રીતે મદદરુપ થાય છે ?

૫. ધાતુયુગ અને કાંસ્યયુગ દરમ્યાન સમૂહજીવનની શરુઆત અને સામાજિક જીવનની શરુઆત તરફ દોરી જનારા પરિબળો ઉપર એક ટૂંકનોંધ લખો.

૬. અગ્નિની શોધનું શું મહત્વ હતું ?

૭. અર્થશાસ્ત્રનું વિષયવસ્તુ ટૂંકમાં સમજાવો.

૮. અર્થશાસ્ત્રીઓ દેશ માટે ખૂબ મહત્વના છે શું તમે સંમત્ત છો ? શા માટે ?

૯. એ જાણી લાવો કે પ્લાસ્ટિકની કોથળીઓ શાથી પ્રતિબંધિત છે. પ્લાસ્ટિક અને ધાતુના ફાયદા-ગેરફાયદા જણાવતો એક પ્રોજેક્ટ બનાવો.

## પાઠ-સ્વાધ્યાયના જવાબો :

O.૧

૧. અર્થશાસ્ત્ર, ઈતિહાસ, પુરાતત્વશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર

૨. ઈતિહાસનો અભ્યાસ આપણને આપણા અસ્તિત્વના મૂળિયા જાણવામાં, આપણી સિદ્ધિઓ અને શકિતઓ જાણવામાં મદદ કરે છે અને આપણને માર્ગદર્શન આપે છે.

૩. ઈતિહાસએ ભૂતકાળની ઘટનાઓ તથા મનુષ્યની કહાની છે, જ્યારે પુરાતત્વશાસ્ત્ર ભૂતકાળના ભૌતિક અવશેષોનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરીને ભૂતકાળને સમજવામાં આપણી મદદ કરે છે.

૪. અભિલેખો, સિકકાઓ, સ્મારકો, મહોરો, ઉત્ખન્ન કરાયેલા સ્થળો

૫. હડપ્પા, મોહન-જો-ડેરો, રાખીગઢી, દ્વારકા અને નાલંદા

૦.૨

૧. કોઈપણ ક્ષેત્રના ઐતિહાસિક વિકાસ માટે તેના ભૌગોલિક લક્ષણો ખૂબ જ મહત્વના બની રહે છે. જેમ કે, સિંધુ સંસ્કૃતિ સિંધુ નદીની ખીણમાં પાંગરી.

૨. રાજનીતિશાસ્ત્રને રાજકારણના સિદ્ધાંતો અને કાર્યો સાથે સંબંધ છે તેમજ તે રાજનૈતિક વ્યવહારો અને વ્યવસ્થાઓનું વિશ્લેષણ કરે છે.

૩. સમાજશાસ્ત્ર લોકોના સમૂહોના અભ્યાસ ઉપર કેન્દ્રિત છે.

૪. અર્થશાસ્ત્ર એ લોકોના ઉત્પાદન, વપરાશ અને સંપત્તિ વ્યવસ્થાપનનો વૈજ્ઞાનિક ઢબનો અભ્યાસ છે.

૫. તેઓ એકબીજા સાથે સંકળાયેલ છે અને તેમને સમગ્રતાથી જોતાં તેઓ સામાજિક પ્રક્રિયાનો ખ્યાલ આપે છે.

૦.૩ (એ)

૧. કારણ કે ખોરાકની શોધમાં તેઓ એકથી બીજા સ્થળે ભટકયા કરતાં.

૨. નવા પાષણયુગના ઓજારો વધુ પોલીશવાળા અને વધુ ધારદાર હતાં., જેને લીધે જૂના પાષાણયુગના ઓજારો કરતાં તે વધુ ટકાઉ હતાં.

૩. ચક્ર અને મિશ્ર ખેતીની શોધ.

૪. વાહનવ્યવહારમાં અને કુંભારના ચાકડામાં

૦.૩ (બી)

૧. પહેલાના પથ્થરથી બનેલા ઓજારો કરતાં પછી ધાતુથી બનેલા ઓજારો ઘણા વધુ ઉપયોગી હતાં. ધાતુની કુહાડીઓ અને ચપ્પુઓ દ્વારા જંગલો કાપવાનું આસાન બન્યુ અને વધુ જમીન સાફ કરીને ખેતીલાયક બનાવવામાં આવી.

૨. અગ્નિ, ચક્ર અને ધાતુની શોધને લીધે તથા ખેતી શરૂ થવાને લીધે સ્થાયી જીવનની શરૂઆત થઈ. આ તમામ શોધો મનુષ્યને આધુનિક ઔધોગિક સમાજ તરફ દોરી ગઈ.

૩. તેમને લીધે કૌટુંબિક જીવન શરુ થયું અને કેટલીક સર્વસામાન્ય માન્યતાઓ અસ્તિત્વમાં આવી, તેમજ પરસ્પર અવલંબિત પ્રવૃત્તિઓ તરીકે વેપાર, રાજકારણ, સુરક્ષા પ્રવૃત્તિઓ વગેરેની શરૂઆત થઈ.

૪. સાધનો હવે વધુ મજબૂત અને ટકાઉ બન્યાં. કાર્યક્ષમતા વધી ગઈ.

૦.૪

૧. વિભાગ ૧.૩ અને ૧.૪ જુઓ.

૨. શિકાર યુગમાં કરાતો શિકાર પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા થતો, જ્યારે વર્તમાન યુગમાં ફક્ત પોતાના મોજશોખ માટે શિકાર કરવામાં આવે છે.

૩. વ્યાપાર વાણિજ્ય અને વહીવટ માટે એક કેન્દ્રિય સ્થળ.

૪. લાંબા અંતરમાં સંદેશા પહોંચાડવા માટે હિસાબ રાખવા માટે, નોંધ રાખવા માટે, વગેરે.

૦.૫

૧. કન્યા - શિક્ષણ, નબળા વર્ગો ઉપર આચરવામાં આવતી હિંસા વગેરે.

૨. આપણી સમસ્યાઓના નિરાકરણ માટે જોઈતા જ્ઞાનમાં તે ઊમેરો કરે છે. આપણા રોજીંદા જીવનમાં આવતી સમસ્યાઓને સમજવામાં તે આપણી મદદ કરે છે તે આપણને આ સવલતો શોધી કાઢવામાં તથા પોતાના માટે તે વાપરવામાં માર્ગદર્શકરૂપ બને છે.

૩. આ જવાબ તમે વિકાસના ફાયદા-ગેરફાયદાનું વિશ્લેષણ કરીને લખો.

# ૧

# પ્રાચીન વિશ્વ

તમે બજારે જાઓ, રેલ્વે સ્ટેશને જાઓ, તમારા ઘરમાં બેસીને જુઓ કે પછી ઊભા ઊભા તમારી આસપાસ જુઓ. તમને એવી ઘણી બધી ચીજ-વસ્તુઓ દેખાશે, જે ધાતુથી બનેલી હોય. આ ધાતુ, તાબુ, કાસુ, લોખંડ કે પછી સ્ટીલ હોઈ શકે છે. ધાતુઓની શોધ થઈ તેને લીધે માનવજીવનમાં અનેક મહત્વના અને ક્રાંતિકારી પરિવર્તનો આવી ગયા.

પહેલા પ્રકરણમાં તમે પ્રાગ-ઐતિહાસિક કાળ વિષે વાંચી ગયા. તમે જાણો છો કે પાષાણયુગ દરમ્યાન માનવીએ પથ્થર, લાકડા અને હાડકામાંથી હથિયારો અને સાધનો બનાવ્યા તેઓ ગુફાઓમાં રહેતાં ને શિકાર અથવા કંદમૂળ શોધી લાવીને ખોરાક મેળવતા. તે પછીના તબક્કે તેમણે ખેતી અને પશુપાલન શોધ્યા અને એ રીતે તેઓ સ્થાયી જીવન જીવતાં શીખ્યા. પાષાણ યુગ પછી ધાતુ નો યુગ આવ્યો, જેમાં માનવસંસ્કૃતિએ ઉત્ક્રાંતિની હરણફાળ ભરી. આ પ્રકરણમાં આપણે જોઈશું કે કાસ્ય યુગમાં મેસોપોટેમીયા, ઈજીપ્ત અને ભારતની મહાન સંસ્કૃતિઓ વિકસી, અને લોહયુગમાં ગ્રીસ, રોમ, પર્શિઆ અને ભારતની સંસ્કૃતિઓમાં મોટા પરિવર્તનો થયાં.

લોખંડનો ઉપયોગ આપણે ઘણાંબધાં વર્ષોથી કરતાં આવ્યા છીએ. તેમાં કોઈ શંકા નથી. આજે પણ લોખંડ એટલું જ પ્રચલિત છે સ્ટીલરુપે આપણે તેને દરરોજ વાપરીએ જ છીએ ને ?

આ પ્રકરણમાં આગળ જતાં આપણે પ્રાચીન ભારત અને તેમાં થઈ ગયેલાં રાજાઓ તથા તેમના રાજ્યો વિષે જાણીશું. માનવ સંસ્કૃતિમાં ભારતનું યોગદાન કેટલું બધું છે તે તમે સમજી જશો. આપણા ભવ્ય ભૂતકાળ વિષે જાણવું કેટલું રોચક અને રોમાંચક છે, નહી ? તો ચાલો શરૂ કરીએ અને જાણીએ કે કેવી રીતે માનવો વર્ષોની યાત્રા કરીને આજના સુધરેલા સંસ્કારીજન બન્યાં છે.

## હેતુઓ :

આ પાઠ વાંચ્યા પછી તમે :

- પ્રાચીનતમ કાંસ્ય યુગની સંસ્કૃતિઓનું વર્ણન કરી શકશો.-મેસોપોટેમીઅન, ઈજીપ્શીન, ચાઈનીઝ અને સિંધુ ખીણની સંસ્કૃતિઓનું વર્ણન કરી શકશો.

- લોહયુગના સાંસ્કૃતિક યોગદાનને સમજી શકશો . ગ્રીક, રોમન, પર્શિયન સંસ્કૃતિઓ.
- ભારતના ઈતિહાસમાં વૈદિક કાળથી માંડીને હર્ષના સમય સુધીમાં થયેલા મહત્વના વિકાસલક્ષી પરિવર્તનો સમજાવી શકશો.
- વિશ્વ સંસ્કૃતિમાં ભારતના વિવિધ યોગદાનને ચકાસી શકશો.

## ૧.૧ કાંસ્ય યુગ :


નવા પાષાણ યુગના અંત સુધીમાં ધાતુનો ઉપયોગ શરૂ થઈ ચૂકયો હતો, જેમાં તાંબુ સૌથી પહેલું વપરાયું. પથ્થર અને ત્રાંબાના ઉપયોગ પર આધારિત સંસ્કૃતિ તામ્ર-પાષાણ Chalcolithic સંસ્કૃતિ કહેવાઈ. આ સમયને કાંસ્ય યુગ પણ કહે છે, કેમ કે કાંસુ એ ત્રાંબુ અને એલ્યુમીનીયમ (ટીન)ના મિશ્રણમાંથી આ સમયગાળા દરમ્યાન શોધાયું. મોટાભાગે લોકો હથિયાર અને સાધનોની બનાવટમાં પથ્થર, હાડકા અને લાકડાની જગ્યાએ કાંસુ અને ત્રાંબુ વાપરવા માંડયા. લોકો ભઠ્ઠીમાં તથા સૂર્યતાપમાનમાં તપાવેલી ઈંટો બનાવાયા અને તેને બાંધકામમાં વાપરતા શીખ્યા. આ રીતે નદીઓની ખીણના પ્રદેશોમાં ગ્રામ્ય વ્યવસ્થા ધરાવતી સંસ્કૃતિઓ પહેલી જ વાર બની. આ ગામો વ્યાપાર, વાણિજય અને વહીવટી વ્યવસ્થાના કેન્દ્રો બન્યાં. કાંસ્ય યુગના માનવોએ મહત્વના યોગદાન આપીને મહાન સંસ્કૃતિઓ રચી. આ પ્રકરણમાં આપણે મુખ્ય ચાર કાંસ્ય યુગ-સંસ્કૃતિઓ વિષે જાણીશું. - મેસોપોટેમીયા, ઈજીપ્ત, ભારત, ચીન.

### ૧.૧.૧ મેસોપોટેમીઅન સંસ્કૃતિ : મેસોપોટેમીયા એટલે નદીઓની વચ્ચે આવેલી જમીન)

આજે ઈરાક દેશમાં ટાઈગ્રીસ અને યૂફ્રેટીસ નદીઓની વચ્ચેનો જે પ્રદેશ છે ત્યાં મેસોપોટેમીઆ આવ્યું હતું. આ નદીઓમાં વારંવાર આવતા પુરને લીધે તેમના કિનારાની જમીનો કાંપવાળી-ફળદ્રુપ બની ગઈ હતી. આ ફળદ્રુપતાને લીધે ખેતીની ઉપજ ખૂબ વધી, જેના આધારે વિવિધ હુન્નરો વિકસ્યા જેવા કે કુંભારીકામ, વણાટકામ, લુહારીકામ અને સુથારીકામ આ હુન્નરવાળા લોકો તેમની વસ્તુઓના બદલામાં પોતાના જીવન જરૂરિયાતની વસ્તુઓનો વિનિમય કરતા.

આ રીતે મેસોપોટેમીયાનો ભારત જેવા દૂર સૂદુરના દેશો સાથે પણ વ્યાપાર વિકાસ પામ્યો. મોટાં ગાડાં, વેગન, નાવડીઓ અને વહાણો દ્વારા વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર વિકસ્યા. આ યુગના લોકોએ લેખનકલા પણ વિકસાવી. તેમની લિપીએ સંકેતો અને ચિત્રોનો એક સમૂહ હતી.

પ્રારંભિક મેસોપોટીઅન શહેરો નાનકડાં રાજયો જેવા હતાં`, જેમનો વહીવટ સ્વતંત્ર રીતે ચાલતો- શાસકવર્ગ સાધુઓ, રાજાઓ અને ધનિકોથી બનતો. તદ્ઉપરાંત ત્યાં વ્યાપારીઓ, સામાન્ય પ્રજા અને ગુલામો વસતાં. મસોપોટેમીયાના લોકો આકાશ, સૂર્ય, ચંદ્ર, ફળદ્રુપતાની દેવી. એમ વિવિધ દેવી-દેવતાઓને માનતા. દરેક શહેરમાં એક મુખ્ય દેવ કે દેવીને માનવામાં આવતાં.




*ચિત્ર ૧.૧ ક્યૂનીફોર્મ લિપી*


### ૧.૧.૨ ઈજીપ્શીયન સંસ્કૃતિ (મિસ્રની સંસ્કૃતિ)

*નાઈલ નદીના ફળદ્રુપ કિનારે ઈજીપ્શીયન સંસ્કૃતિ પાંગરી. ઈજીપ્તના રાજાઓ 'ફેરો' કહેવાય. રાજાના અધિકારીઓ જમીન-મહેસૂલનો વહીવટ કરતાં. દરેક શહેરના પોતાના મુખ્ય દેવ-દેવતાના મંદિરો હતા, ને તેના પૂજારીઓ સમાજમાં ઘણું ઊંચું સ્થાન ભોગવતાં. ઈજીપ્તના વેપારીઓ જમીનમાર્ગે તેમજ જળમાર્ગે વેપાર કરતાં. અહીંના સુથારો તથા પથ્થર તરાશનારા ખાસ કારીગરો રહેતાં. ઈજીપ્તવાસીઓ વજન તથા માપનનું વિશીષ્ટ જ્ઞાન ધરાવતાં. પૌરાણિક ઈજીપ્શીયન ચિત્ર લિપિને હાઈરોગ્લાફીક લિપિ (*Hirographics*) કહે છે.*

*ઈજીપ્તના ફેરો રાજાઓએ પુરાતન વિશ્વના મહાન બાંધકામ ગણાતા પીરામીડો બાંધ્યાં. ઈજીપ્તવાસીઓ મૃત્યુ પછીના જીવનમાં માનતા. આ કારણે તેઓ મૃતદેહોના મમી બનાવીને કબરોમાં સાચવી રાખતાં. તેઓ રાજાઓની કબરો ઉપર પિરામીડ બાંધી, તેમને યાદગાર બનાવતાં.*

પ્રાચીન ઈજીપ્ત

(હાઈરોગ્લાફીક્સ)




*ચિત્ર ૧.૨ : મિસ્ર/ ઈજીપ્તની ચિત્રલિપી*

### ૧.૧.૩ ચીની સંસ્કૃતિ

*ચીનની ઉત્તરે હ્વાંગ-હો-નદીની ઘાટીમાં ચીની સંસ્કૃતિ વિકસી. ચીનના પ્રથમ શહેરો બંધાવનાર શાંગ રાજાઓ હતાં. (ઈ.સ.પૂર્વે ૧૫૨૩-૧૧૨૨) તેમણે કળા અને સંસ્કૃતિને વિકસાવી. આ સમય દરમ્યાન લેખનકળા વિકસી. ચીનના કાંસ્ય કારીગરો તેમના ક્ષેત્રમાં નિપુણ ગણાતાં. શાંગ વંશને હટાવીને ઝુસ રાજાઓ આવ્યા, જેમણે આક્રમણકારીઓથી બચવા માટે મજબૂત કિલ્લાઓ અને કોટ બાંધ્યા. ઝુસવંશના અંતિમ વર્ષોમાં કાંસ્યયુગ સમાપ્ત થયો ને લોહયુગની શરુઆત થઈ.*

*૨૨૧ ઈ.સ. પૂર્વેમાં ચીન વંશના રાજાઓ સત્તામાં આવ્યા. એમણે પ્રજાજનો માટે આખા રાજ્યમાં એકસરખી ભાષા, કાયદા અને માપન-વજનના સર્વસામાન્ય માપિયા વિકસાવ્યા. શું તમે જાણો છો કે ચીનની મહાન દિવાલ આ જ રાજાઓએ બંધાવી હતી ?*

*ચીન વંશ પછી હાન વંશ આવ્યો. એમના સમયમાં પશ્ચિમના દેશો સાથે ચીની વ્યાપારીઓએ મધ્ય એશિયા અને પર્શિયામાં થઈને પસાર થતાં સીલ્કરૂટ દ્વારા સંપર્ક કર્યો.*

*ચીનના લોકો વિવિધ દેવી દેવતાઓને પૂજતાં, જેમાં પૂર્વજો, કુદરત અને પ્રેતાત્માઓની પુજા મોટાભાગે બધે જ થતી. ચીનમાં કન્ફયૂશીયસ નામના એક મહાન તત્વચિંતકે માનવો માટે યોગ્ય વર્તન-વ્યવહાર કોને કહેવાય તેની એક પ્રણાલી આપી, જેણે ચીની સમાજને ઘણો પ્રભાવિત કર્યો. તેણે સારાં નૈતિક ચારિત્ર્ય, વડીલોને સન્માન, કુટુંબ પ્રત્યે વફાદારી અને રાજ્યના કાયદાઓના પાલનને મહત્વ આપ્યું હતું.*

### પ્રવૃત્તિઓ :

*શું તમે નોંધ્યું કે મોટીમોટી સંસ્કૃતિઓ નદી કિનારાઓ પર વિકસી હતી ? નદીકિનારે વસેલા મહત્વના અમુક શહેરોને ઓળખી બતાવો. નદીકાંઠાના શહેરો નદીકાંઠા ઉપર ન વસેલાં શહેરો કરતાં કેમ ચઢિયાતા બન્યા ? ઓછામાં ઓછા બે કારણો વિચારી જુઓ.*

## ૧.૨ ભારત : સિંધુ ખીણની સંસ્કૃતિ

*શું તમે જાણો છો કે સિંધુ નદીની ખીણના પ્રદેશોમાં અને તેની આજુબાજુના વિસ્તારોમાં કાંસ્ય યુગ દરમ્યાન જે સંસ્કૃતિઓ વિકસી, તેમાં ભારત પણ સામેલ હતું. ? આ વાતની જાણ ત્યારે થઈ જયારે ૧૯૭૦ માં પુરાતત્વખાતાએ ઉત્ખનન દ્વારા (આ સંસ્કૃતિ સાથે જોડાયેલાં) અમુક સ્થળો શોધ્યા. ખોદી કાઢવામાં આવેલી આ જગ્યાઓ પૈકી પ્રથમ શહેરો હતા, મોહન-જો-ડેરો અને હડપ્પા. તેથી તેને હડપ્પા સંસ્કૃતિ પણ કહે છે. આજે તો આ સંસ્કૃતિવાળી ઘણીબધી જગ્યાઓ ઓળખી કાઢવામાં આવી છે. જેમાં મહત્વના શહેરો હતાં. મોહન-જો-ડેરો (સિંધ) લોથલ (ગુજરાત), કાલીબંગન (રાજસ્થાન), રોપર (પંજાબ) બનવાલી અને રાખીગઢી (હરીયાણા) અને ધોળાવીરા (ગુજરાત)*

### ૧.૨.૧ નગર રચના :

*પ્રથમ શહેરી સમાજોની સ્થાપના એ આ સંસ્કૃતિઓના સૌથી રોચક પાસાઓમાંનુ એક પાસું છે. એમાં સૌથી નોંધપાત્ર બાબત છે. નગર રચનામાં આયોજન, કલા-કારીગરી અને સંસ્કૃતિ આ નગરોના આયોજન એકદમ વ્યવસ્થિત હતાં. મજબૂત નગર-દુર્ગ (કિલ્લા) એ આ શહેરોની ખાસિયત હતી. એવાં કિલ્લાઓની અંદર સાર્વજનિક ઈમારતો આવેલી હતી. આ દુર્ગોની નીચાણના વિસ્તારમાં સામાન્ય લોકોના આવાસો હતાં.*

*આ નગરો પહોળા રસ્તાઓ ધરાવતા હતાં. અહીંનાં મકાનો ઈંટથી બાંધેલા અને મોટાભાગે બે માળવાળા હતાં. દરેક ઘરમાં કૂવા, સ્નાનગૃહો, ગટર અને નીક વ્યવસ્થાઓ હતી. પાકા રસ્તાઓ અને શેરીઓમાં બત્તીઓના થાંભલાઓની વ્યવસ્થા પણ હતી. હડપ્પાના બે ભવ્ય બાંધકામ આ નગરના સૌથી વિશેષ બાંધકામ હતા. ભવ્ય સ્નાનાગૃહ (જે ૧૮૦ ફૂટ લાંબુ અને ૧૦૮ ફૂટ પહોળું હતું.) જેમાં આવેલો તરણહોજ (સ્વીમીંગ પુલ) ૩૯ ફૂટ લાંબો, ૨૩ ફૂટ પહોળોને ૮ ફૂટ ઊંડો હતો તથા ભવ્ય કોઠાર જયાં ખેડૂતો દ્વારા ઉત્પન્ન કરાયેલ અનાજ પૈકી વધારાના અનાજનો સંગ્રહ કરવામાં આવતો હતો.*

### ૧.૨.૨ સમાજ અને અર્થવ્યવસ્થા

*લોકોના મુખ્ય વ્યવસાયોમાં ખેતી, પશુપાલન, કલા અને હસ્તકલા, વ્યાપાર અને વાણિજય હતા. મુખ્ય પાકો ઘઉં, જુવાર, રાઈ, જીરું અને વટાણા હતા. રંગપુર અને લોથલમાં ડાંગરના*

પુરાવા મળ્યા છે. કાલીબંગાનમાં મળી આવેલા ચાસના નિશાન પરથી ખ્યાલ આવે છે કે તેઓ હળ વાપરવાનું જાણતા હતી. લણણી માટે દાંતરડાનો ઉપયોગ થતો હતો. વિવિધ પ્રકારની ખેતી થતી હતી. રૂ એ એક જાણીતી ખેતપેદાશ હતી. ગાય, બળદ, ડુક્કર, ઘેટાં, કુતરા, બિલાડી અને ગધેડા જેવા પ્રાણીઓને પાળવામાં આવતા લોકો ખોરાકમાં માછલી, માંસ, દૂધ, ઈંડા ને ફળફળાદિ લેતાં. તાંબા તથા કાંસામાંથી બનેલા સાધનો અને હથિયારો વાપરાતાં. આભૂષણોમાં સોનું, ચાંદી, કિમતી પથ્થરો અને હાથીદાંતનો ઉપયોગ થતો. આ લોકો લોખંડ વિશે જાણતા ન હતા.

કારીગરોમાં મુખ્યત્વે હતા કુંભાર, વણકર, કડીયા, સુથાર, ધાતુ ટીપનારા, પથ્થર કાપનારા, સોનીઓ, શિલ્પીઓ, ઈંટ પકવાનારા તથા ટેરાકોટા ઉત્પાદકો વેપાર વાણિજય પણ આર્થિક પ્રવૃત્તિઓમાં મહત્વના ગણાતા હતા. હડપ્પામાં અંદરોઅંદર તેમજ બહારના પ્રદેશો સાથે પણ વેપાર ચાલતો. હડપ્પાના મેસોપોટેમીયા સાથેના વ્યાપારના પણ પુરાવા મળી આવ્યા છે. આ વ્યાપારમાં આયાત થતી ચીજવસ્તુઓ હતી. સોનું, કલાઈ (ટીન), કોપર અને વિવિધ પ્રકારના મૂલ્યવાન તથા ઓછા મૂલ્યવાન પથ્થરો નિકાસ થનારી વસ્તુઓમાં ખેતપેદાશો, સુતરની વસ્તુઓ, માટીની વસ્તુઓ, ઘરેણાં, હાથીદાંતની વસ્તુઓ અને અન્ય હસ્તકલાની વસ્તુઓ રહેતી. હડપ્પાની સીલબંધ છાપ લગભગ વાણિજય માટે વપરાતી. હડપ્પાનો સમાજ વર્ગોમાં વહેંચાયેલો હતો.

### ધર્મ અને સંસ્કૃતિ

અહીં શકિતપુજા (માતાજીની પુજા) ઘણી પ્રસિદ્ધ હોવાનું જણાય છે. માતાજીની ઘણી મૂર્તિઓ મળી આવી છે. માહેન-જો-ડેરોમાંથી પશુપતિ (ભગવાન શંકરને) મળતી આવતી એક દેવની મૂર્તિ પણ મળી આવી છે. આ દેવને એક સીલબંધ છાપ ઉપર કોતરવામાં આવેલા છે. જે યોગમુદ્રામાં બેઠેલાં છે. અને તેમને ઘેરીને અમુક પ્રાણીઓ ઉભેલા છે.

લિંગપૂજા અને પ્રકૃતિ પૂજા પણ પ્રચલિત હતા. આજે પણ ભારતના હિન્દુઓમાં આવી ધાર્મિક માન્યતાઓ જોવા મળે છે. તમે જોઈ શકશો કે શિવ મંદિરમાં લિંગ પૂજા કે પીપળા કે વડ જેવા વૃક્ષોની (પ્રકૃતિની) પૂજા આજે પણ ભારતના હિન્દુઓ કરે છે.

### યાંત્રિક કૌશલ્ય :

તેઓ ઉત્તમ પ્રકારના યાંત્રિક કૌશલ્યો ધરાવતા હતા. જેમ કે શહેરી ઈજનેર વિદ્યા, વજન અને માપન કળા, આરોગ્ય અને સ્વાસ્થ્યની સંભાળ તેઓ લેખનકળા પણ જાણતાં તેમની એક લિપિ પણ હતી. જેને આજ લગી ઉકેલી શકાઈ નથી.

### અંત :

આ સંસ્કૃતિના અંતનું કોઈ ચોકક્સ કારણ આપવું મુશ્કેલ છે. કુદરતી આપત્તિ સૌથી વધુ શકય કારણ લાગે છે, જેને લીધે આ ભવ્ય સંસ્કૃતિનો અંત આવ્યો. વારંવાર આવતા પુર, નદીઓના

સૂકાઈ જતા વહેણ, ભૂકંપો, અપુરતો વરસાદ, જમીનની ફળદ્રુપતામાં ઘટાડો, રણનું વિસ્તરણ, વિવિધ કુદરતી પ્રકોપોએ આ સંસ્કૃતિનો નાશ કરવામાં મોટો ભાગ ભજવ્યો હોવાનું જણાય છે. અમુક વિદ્વાનોના મત મુજબ મેસોપોટેમીયા સાથેના દરીયાઈ માર્ગે ચાલતા વેપારમાં આવેલી ઓટ પણ આ સંસ્કૃતિના પતન માટેનું એક ખાસ્સું જવાબદાર પરિબળ હોઈ શકે. આ પતન સાથે જ ભારતમાં તેના પછીના એક હજાર વર્ષ સુધી સાક્ષરતા અને શહેરી જીવન અદ્રશ્ય બની ગયા.

### પાઠ સ્વાધ્યાય : ૧.૧

૧. ખાલી જગ્યા પુરો.

(ક) કાંસ્ય યુગ વખતનો સમાજ ..........માં વિભાજીત હતો.

(ખ) .............એ હડપ્પા સંસ્કૃતિના પતનનું મુખ્ય કારણ લાગે છે.

(ગ) હડપ્પાના લોકો દરિયાઈ માર્ગે .............સાથે વેપાર કરતાં

૨. માનવજાતે સૌ પ્રથમ વાપરેલી ધાતુ કઈ?

૩. મેસોપોટેમીયન સંસ્કૃતિ જ્યાંથી મળી આવી એ નદીઓના નામ જણાવો.

૪. પ્રાચીન ઈજીપ્શીયન લિપિનું નામ જણાવો.

૫. ભારતમાં આવેલા હડપ્પા સંસ્કૃતિના ઓછામાં ઓછા ચાર શહેરોના નામ જણાવો.

## ૧.૩ લોહ યુગની સંસ્કૃતિ

લોહ યુગની સંસ્કૃતિ આજથી લગભગ ૩૦૦૦ વર્ષ પહેલાં શરુ થઈ ત્યારે લોખંડનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થતું. અને તેનો વપરાશ પણ ખૂબ થતો. તાંબા અને કાંસા કરતા લોખંડ સસ્તુ અને મજબૂત ગણાતું. આમ લોખંડના વિપુલ ઉપયોગથી આપડા વડવાઓ જંગલો સાફ કરતા ગયા અને જમીનોને ખેતીલાયક બનાવતા ગયા. જેને લીધે ખેતપેદાશો ખૂબ વધી. પરિણામે લોકોના જીવનના સામાજિક અને આર્થિક પાસાઓમાં ધરમૂળથી પરિવર્તનો થયા.

લોખંડની શોધે વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર ઉપર ઘણી ઊંડી અસર કરી. વાહનોના પૈડા (ચક્રો), નાવડીઓ અને વહાણોના દાતા બનાવવામાં વપરાતી ખીલીઓ અને તકતીઓ વગેરેમાં લોખંડ છૂટથી વપરાતાં. આ રીતે વેપાર ખૂબ વધવાને લીધે સમૃદ્ધિ વધવા માંડી. ઉપરાંત યુદ્ધમાં વપરાતા હથ્યિારોમાં વધુ લાંબા, મજબૂત અને ધારદાર હથિયારો તથા દગકાચના ઉપયોગને કારણે યુદ્ધનીતિમાં પણ ઘણા બદલાવ આવ્યા.

લોહયુગએ બૌદ્ધિક વિકાસનો પણ સમયગાળો હતો. જેનું એક મહત્વનું પાસું હતું મૂળાક્ષરો વાપરવાની શરુઆત. કાંસ્ય યુગમાં ચીન, મેસોપોટેમીયા અને ઈજીપ્તમાં વપરાતી ચિત્રલિપિનું

સ્થાન હવે મૂળાક્ષરોએ લીધું. ભારત પર્શીયા, રોમ અને ગ્રીસની સંસ્કૃતિઓ લોહયુગ દરમ્યાન ઘણી સમૃદ્ધ બની. આ સંસ્કૃતિઓ તેમની પૂર્વગામી સંસ્કૃતિઓ કરતા ઘણી આધુનિક હતી. તેમના વિશે હવે આપણે જાણીશું.

### ૧.૩.૧ ગ્રીક સંસ્કૃતિ :

ગ્રીસમાં આજથી લગભગ ૨૦૦૦ વર્ષ પૂર્વે સંસ્કૃતિ વિકસી. ત્યાં ઘણા સ્વતંત્ર નગર રાજ્યો ઉદ્ભવ્યા જેના દ્વારા સરકારી વ્યવસ્થાતંત્રની નોંધપાત્ર યોજના વિકસી. આ ગ્રીક સંસ્કૃતિનું એક આગવું વિશિષ્ટ લક્ષણ ગણી શકાય.

દરેક નગર રાજ્યની રક્ષા માટે તેના ફરતે કોટ બાંધવામાં આવતો અને નગરની મધ્યમાં એક ટેકરા ઉપર કિલ્લો બાંધવામાં આવતો, જેને એક્રોપોલીસ કહે છે. ગ્રીકનગર રાજ્યોમાં એથેન્સ અને સ્પાર્ટા સુપ્રસિદ્ધ હતા. એથેન્સ ધનવાન અને સુસંસ્કૃત નગર રાજ્ય ગણાતું. ત્યાંના નાગરિકોમાં લેખકો, ફિલસુફો, કલાકારો અને વિચારકો હતા. ત્યાંનો સમાજ ગુલામોની મજૂરી દ્વારા પોષાતો અને નાગરિકો લોકતાંત્રિક સરકાર દ્વારા વહીવટ ચલાવતાં. લોકશાહી વિશે આગળના પ્રકરણોમાં તમને વધુ જાણવા મળશે. સ્પાર્ટાનો નગર વહીવટ લગભગ એક લશ્કરી છાવણી જેવો હતો. ત્યાં દરેક વ્યક્તિએ પોતાના ઉપરી વ્યક્તિના આદેશ મુજબ વર્તવાનું હતું. સ્પાર્ટા તેના લશ્કર માટે સુપ્રસિદ્ધ હતું અહીં લશ્કરી તાલીમ એક મુખ્ય અને મહત્વની પ્રવૃત્તિ ગણાતી.

એથેન્સ અને સ્પાર્ટાની વચ્ચે નોંધપાત્ર દુશ્મની હતી. છતાં પર્શીયાના દારિયસ પ્રથમ અને ઝેરક્સસના ગ્રીસ ઉપરના હુમલા વખતે એથેન્સ અને સ્પાર્ટાએ ભેગા મળીને એ રાજાઓનો સામનો કર્યો હતો. પેરીક્લેસના શાસનનો સમય એથેન્સનો સુવર્ણ યુગ હતો. પરંતુ એથેન્સ અને સ્પાર્ટા વચ્ચે ૨૭ વર્ષ સુધી ચાલેલાં પેલોપોનેશીયન યુદ્ધને લીધે એથેન્સની હાર થઈ.

શું તમે જાણો છો કે પ્રાચીન ગ્રીસને પાશ્ચાત્ય સંસ્કૃતિનું જન્મદાતા કહેવાય છે ? ગ્રીકોએ સ્થાપત્યકળા, શિક્ષણ વિજ્ઞાન અને સાહિત્યની નોંધપાત્ર રીતે શરુઆત કરી હતી. સોક્રેટીસ, પ્લેટો અને અરસ્તુ (એરીસ્ટોટલ) એ એવાં મહાન ફિલસૂફો થઈ ગયા જેમના વિચારો આજે પણ પ્રચલિત છે. હીરોડોટ્સ અને થ્યુસીડાઈડ્સ પ્રસિદ્ધ ઈતિહાસકારો હતાં. એશીલસ સોફોક્લ્સ અને એરીસ્ટોફેન્સ એ પ્રસિદ્ધ નાટ્યકારો હતા. હોમરે જગવિખ્યાત મહાકાવ્યો- ઈલીયડ અને ઓડિસી લખ્યા હતા. આર્કિમીડીઝ, એરીસ્ટાર્કસ અને ડેમોક્રીટસ એ મહાન વિજ્ઞાનીઓ હતા.

ગ્રીકોની સ્થાપત્યકળા પણ મહાન હતી. તેઓ ઘણા દેવી-દેવતાઓમાં માનતા દરેક નગરને પોતાના દેવી-દેવતા હતા. જેમની માટે ઘણા ભવ્ય મંદિરો અને મહેલો બાંધવામાં આવતા. આ દેવતાઓ ઓલીમ્પસ પર્વત ઉપર રહેતા એમ માનવામાં આવતું. દેવોના રાજા ઝીયસને રિઝવવા માટે ખેલકૂદ અને રમતગમત યોજવામાં આવતા. ઓલીમ્પીયા નામના સ્થળે ઈ.સ. પૂર્વે ૭૭૬ માં સૌપ્રથમ વાર ઓલમ્પીક રમતોની શરુઆત કરવામાં આવી હતી.

*ગ્રીક નગરો વહીવટ વ્યવસ્થાની સાથોસાથ આર્થિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પણ કેન્દ્રો હતા. ખેડૂતો મુખ્યત્વે ઓલીવ, દ્રાક્ષ અને ધાનના પાક લેતાં. દ્રાક્ષનો દારૂ અને ઓલીવનું તેલ એ મહત્વને પેદાશ ગણાતાં. એક સમયે ગ્રીકોએ મહારાજ્યોની સ્થાપના પણ કરી હતી. મેસેડોનીયાના એલેકઝાંડર (જે મહાન સિકંદર તરીકે ઓળખાય છે) યુરોપની બહાર તેનું લશ્કર લઈ જઈને સીરીયા, ઈજીપ્ત, મેસેતોટોનીસા, અફઘાનિસ્તાન અને મધ્યએશિયાના અમુક પ્રદેશો તથા ઉત્તર-પશ્ચિમ ભારતના કેટલાક ભાગ જીત્યાં હતાં. આનેલીધે ગ્રીક વિચારો અને જ્ઞાનનો ફેલાવો થયો. સિકંદર માત્ર પાંત્રીસ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યો. એના મૃત્યુ પછી એનું મહારાજ્ય નાના-નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયું અને આખરે રોમનોએ ગ્રીસ જીતી લીધું.*

**૧.૩.૨. રોમન સંસ્કૃતિ :**

*ઈ.સ. પૂર્વે ૫૦૦ દરમ્યાન મધ્ય ઈટલીમાં આવેલી ટાઈબર નદીના કાંઠે વસેલા રોમનગરમાં રોમનોએ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરી. આ પ્રજાસત્તાકનો સેનેટ દ્વારા વહીવટ થતો. સેનેટનો વહીવટ મોટી ઉંમરના લોકોના જૂથ દ્વારા કરવામાં આવતો. એ લોકો 'સેનેટર' કહેવાતાં. આ સેનેટરો દર વર્ષે બે કાઉન્સીલની ચૂંટણી કરતાં, જે તેમનું નેતૃત્વ કરતી. ઈ.સ. પૂર્વે ૨૦૦ બી.સી.સુધીમાં રોમ ઈટલીમાં મુખ્ય સત્તા બની ચૂકયું હતું.તેણે સત્તા સ્થાપવા માટે મહત્વના દુશ્મન કાર્થેજને હરાવી દીધુ હતું. રોમન સમાજની પ્રારંભિક અવસ્થામાં તે લોકોના ત્રણ વર્ગોમાં વિભાજીત હતું.*

*પાર્ટીશીઅન્સ (ધનિકો) પ્લેબેઈનન્સ (મધ્યમ વર્ગના લોકો/સામાન્ય લોકો) અને ગુલામો. રોમનોનું અર્થતંત્ર ગુલામોની મજૂરી ઉપર નિર્ભર હતું. આ ગુલામોને ગ્લેડીએટર લડાઈ માટે કેળવવામાં આવતા, જે તેમની (ગુલામોની) અને પ્રાણીઓની વચ્ચે યોજવામાં આવતી. રોમમાં ગુલામો બળવો પણ કરતાં. ઈ.સ. પૂર્વે ૭૪ ડીસીમાં સ્પોર્ટેકસ દ્વારા કરવામાં આવેલો આવો એક બળવો સુવિખ્યાત છે.*

*રોમ એક પ્રજાસત્તાક રાજ્ય હતું, તેમ છતાં પણ તાકાતવર અને લાગવગવાળાં નેતાઓ સત્તા માટે અંદરોઅંદર ઝગડયા કરતાં. જૂલીયસ સીઝર એક જ નેતા હતો, જે પ્રચંડ સત્તા દ્વારા ખૂબ શકિતશાળી બનીને સરમુખત્યાર જેવો બની ગયો હતો. ઈ.સ. પૂર્વે ૪૪ માં સીઝરની હત્યા થઈ અને યુદ્ધ(સિવિલ વોર) ફાટી નીકળ્યું હતું. યુદ્ધ પછી, ઓગસ્ટસ સીઝર રોમનો પ્રથમ સમ્રાટ બન્યો. રોમન સામ્રાજય ત્રણ ખંડ સુધી વિસ્તર્યુ - યુરોપ, એશિયા અને આફ્રિકા. શું તમને ખ્યાલ છે કે ઓગસ્ટસના શાસન દરમ્યાન જ મહાન પયંગબર ઈસુ થઈ ગયા. તેમણે ખ્રિસ્રી ધર્મ સ્થાપ્યો. તે બેથ્લેહમમાં જન્મ્યા હતા. એમણે સ્ત્રી-પુરુષોને ઈશ્વરના સંતાન ગણાવ્યા અને મનુષ્યોને એકબીજાને પ્રેમ કરતાં શિખવ્યું. તેમના મૃત્યુ પછી તેમના શિષ્યોએ તેમનો સંદેશ લોકો સુધી પહોંચાડયો. જયારે રોમન સામ્રાજય તેની સર્વોચ્ચ સ્થિતિમાં હતું ત્યારે તેનો ફેલાવો ગાઉલ, મેસોપોટેમીઆ અને છેક બ્રિટન સુધી વ્યાપેલો હતો. આખા સામ્રાજયના લોકોએ રોમન રહેણીકરણી અપનાવેલી હતી. નગરોમાં સ્નાનગૃહો, મંદિરો, મહેલો અને નાટયગૃહો જોવા મળતાં. ગામડાઓમાં રોમનો વિશાળ*

આરામદાયક ક્ષેત્રગૃહો (ફાર્મહાઉસ) બાંધતા, જેને 'વીલા' કહેવામાં આવતાં. રોમન રાજાઓ એરીના અને એમ્ફીથીયેટર (જાહેર થીયેટર/રંગભૂમિ) માં વિજયકૂચ, ધાર્મિક ઉત્સવોની ઉજવણીઓ અને રમતો નિહાળવામાં સામેલ થતાં. ગ્લેડીએટર-લડાઈ, રથ સ્પર્ધા અને નાટયપ્રયોગો એ વખતના મુખ્ય મનોરંજન હતાં.



રોમન સામ્રાજ્ય અમુક પ્રાંતોમાં વહેંચાયેલું હતું, જેમાં દરેક પ્રાંતનો એક સૂબો (ગવર્નર) નીમવામાં આવતો. તેની નીચે ઘણાં અધિકારીઓ નીમવામાં આવતાં. જેઓ વ્યવસ્થાની વિવિધ કામગીરી સંભાળતાં. રોમન લશ્કરના મુખ્ય લડાયક જૂથો લીજીઅનો હતાં. દરેક લીજીઅનમાં ૬૦૦૦ સૈનિકો હતાં. જેમનો એક મુખ્ય કમાંડર નીમવામાં આવતો. રોમન સામ્રાજ્ય સમ્રાટની ઈચ્છા મુજબ ચાલતું, પણ સત્તાનો આધાર સૈન્ય ઉપર રહેતો. નબળાં સમ્રાટોને સૈન્યના અધિકારીઓ પદ્ભ્રષ્ટ કરી દેતાં.

૩૯૫ એ.ડી.સુધીમાં વ્યવસ્થિત વહીવટ માટે રોમન સામ્રાજ્યને બે ભાગોમાં વિભાજીત કરી દેવામાં આવ્યું. ૨૧૭૬ એ.ડી. માં બર્બરીકોના આક્રમણમાં પશ્ચિમ રોમન સામ્રાજ્યનું પતન થયું ત્યારે પણ પૂર્વ રોમન સામ્રાજ્ય ટકી રહયું હતું. આ વિભાગની રાજધાની બાયઝેન્ટીયમ હતી, જેને સમ્રાટ કોન્સ્ટેન્સ દ્વારા નવું નામ અપાયું. : કોન્ટેન્ટીનોપલ. આ નગર પૌવાર્ત્ય રૂઢિચુસ્ત ખ્રિસ્તીઓનું ઘર બન્યું અને બાયઝેન્ટાઈન સમ્રાટોની રાજધાની બન્યું.

### મનોયત્ન ૧.૨

આ પ્રકરણમાં તમે ગ્લેડીએટર લડાઈ વિષે જાણ્યું. ટેલીવિઝન કે ફિલ્મોમાં તમે તે જોઈ પણ હશે. શું એ જોઈને તમને સારું લાગ્યું ? શું તમે માનો છો, કે આ રીતે માણસોને સહન કરતાં જોઈને

આનંદ લેવો એ માનવતા છે ? આ વિષે તમારું શું મંતવ્ય છે ? તમે શું વિચારો છો? લગભગ ૬૦ શબ્દોમાં લખો.

### ૧.૩.૩ પર્શિયન સંસ્કૃતિ :

લોહયુગમાં પર્શિયામાં (અત્યારના ઈરાનમાં) આર્યજાતિના લોકો વસતા હતા. તેમનામાંની એક જાતિ મેડીઝના લોકો પર્શિયાના પશ્ચિમ ભાગમાં વસવાટ કરતા હતા, જયારે તેમનામાંના જ અન્ય લોકો- જે પર્શિયન કહેવાતા હતાં તે - આ દેશના દક્ષિણ-પૂર્વ ભાગમાં વસતાં હતાં. મેડીઝ લોકોએ ઈરાનના ઘણા બધા ભાગને આવરી લેતું એક શક્તિશાળી રાજય ઊભું કર્યુ. શરુઆતના તબકકે તો પર્શીયનોને પણ મીડઝ લોકોની સત્તા સ્વીકારવી પડી. ઈ.સ. પૂર્વે ૫૫૦ માં પર્શિયન રાજા સાયરસે બધાં પર્શિયનોને એકઠાં કર્યા અને શક્તિશાળી સૈન્ય બનાવીને બેબીલોન, એસીરીઆ અને એશિયા માઈનર જીતી લીધાં. દારીયસ પ્રથમએ પર્શિયાનો મહાનતમ સમ્રાટ હતો. તે એશેમેનીઅન વંશનો હતો. તેનું સામ્રાજય સિંધુ નદીના કિનારાથી લઈને ભૂમધ્ય સમુદ્રના પૂર્વ કિનારા સુધી વિસ્તરેલું હતું. તેણે પર્સે પોલીસને પોતાની રાજધાની બનાવી. તેના સમયમાં પર્શીયન કળા, શિલ્પ અને સ્થાપત્ય ખૂબ ખીલ્યાં. તેણે શક્તિશાળી નૌકાદળ પણ વિકસાવ્યું.

પર્શિયન સમ્રાટો કાબેલ વહીવટદારો પણ હતાં. તેમણે પોતાના રાજયને નાનકડા પ્રાંતોમાં વિભાજીત કરીને દરેક પ્રાંતના ક્ષત્રપ (સૂબાં, ગવર્નર) નીમ્યા હતાં. પર્શિયનો શક્તિશાળી અશ્વદળ નૌકાદળ અને લોખંડી શસ્ત્રોથી સજ્જ કુશળ લડવૈયા હતાં. સિકંદરના હાથે ઈ.સ. પૂર્વે ૩૩૧માં પરાસ્ત થયાછતાં તેમની સંસ્કૃતિને અંત આવ્યો નહિ. આ સંસ્કૃતિ પર્શિયન અને સસેનીઅન સમ્રાટોના સમયમાં પણ પોષાતી રહી. આખરે ૭ મી સદીમાં આ પ્રજાને આરબોએ હરાવી દીધી.

ભારતીય આર્યોની જેમ પર્શિયાના આર્યો પણ કુદરતી તત્વોને પૂજતા. તેઓ સૂર્યદેવ, આકાશદેવ અને અન્ય દેવોમાં માનતા. અગ્નિને તેમણે પવિત્રતાનું પ્રતીક માન્યો હતો. તેઓ હોમ-હવન કરતાં ને પશુબલિ પણ ચડાવતાં. પછીના વર્ષોમાં એક ઉપદેશક જરથુષ્ટ દ્વારા જરથોસ્તી ધર્મની સ્થાપના થઈ. તેમણે લોકોને શક્તિ અને ઊર્જા બક્ષતા સ્વર્ગ અને પ્રકાશના દેવો અહુરમઝદ વિષે ઉપદેશ આપ્યાં. જરથૃષ્ટ્રના ઉપદેશ મુજબ જીવનએ સારા (પ્રકાશ) અને નરસા (અંધકાર) વચ્ચેનો સતત ચાલતો સંઘર્ષ હતું. પર્શિયન લોકોનું પવિત્ર પુસ્તક (ધર્મગ્રંથ) ઝેંદ- અવેસ્તા છે.

### પાઠ સ્વાધ્યાય ૧.૨

૧. જયાં લોખંડની પેદાશોની અસર સૌથી વધુ જોવા મળે છે. તેવાં ત્રણ ગોળાર્ધો/વિસ્તારોના નામ જણાવો.

૨. ગ્રીસના બે મહત્વના નગરના નામ આપો.

૩. રોમ શહેર જેના કિનારે વસેલું છે તે નદીનું નામ જણાવો.

૪. અહીં આપેલા અધૂરાં વાકયો પૂરાં કરો.

(એ) ..................ની રાજધાની કોન્સ્ટેન્ટીનોપલ હતી.

(બી) ....................નામના પર્શિયન રાજાએ પર્શિયનોને એકત્રિત કર્યા.

(સી) ભારતીય આર્યો અને પર્શિયાના આર્યો .....................ની પૂજા કરતાં.

## ૧.૪ ભારત : વૈદિક કાળ.

લગભગ ઈ.સ. પૂર્વે ૧૫૦૦ ની આસપાસ ભારતમાં આવેલાં આર્યોની સાથે જ ભારતના ઈતિહાસમાં એક નોંધપાત્ર યુગનો પ્રારંભ થયો. આ યુગ લગભગ ૧૦૦૦ વર્ષ ચાલ્યો, જે દરમ્યાન આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે ઘણાબધાં વિકાસલક્ષી પરિવર્તનો નોંધાયા. આ યુગને અનુક્રમે બે તબકકામાં જોઈ શકાય છે. - પૂર્વે વૈદિક યુગ અને ઉત્તર વૈદિક યુગ.

શું તમે વેદો વિષે સાંભળ્યું છે ? વૈદિક યુગ અંગેની માહિતી/ જાણકારી માટેના તે સૌથી અગત્યના સ્રોત ગણાય છે. પ્રારંભિક વૈદિક યુગ વિષે ઋગ્વેદમાંથી જાણવા મળે છે, જે સૌથી પહેલાં લખાયેલો હોવાનું માનવામાં આવે છે. આ તબકકે જ્યારે વૈદિક વસાહતો ભારતના ઉત્તર-પશ્ચિમ વિભાગોમાં વસતી હતી (પંજાબ અને અફઘાનિસ્તાન પણ તેમાં સામેલ છે) ત્યાંના પુરાતાત્વિક પુરાવાઓ મળી શકયા નથી. કદાચ એટલા માટે કે આ લોકો ભટકતું જીવન ગાળતાં અને કોઈ એક સ્થળે લાંબો સમય સુધી સ્થાયી વસવાટ કરતાં ન હતાં.

-તેમની આર્થિક પ્રવૃત્તિઓ ગોવાળિયાઓ જેવી હતી, જેમાં પશુપાલન એ તેમની મુખ્ય આજીવિકા હતી. ઘોડા, બકરાં અને ઘેટાં પણ તેમની માટે મહત્વના હતા. એ લોકો થોડીઘણી ખેતી કરતાં. કુટુંબ કુળ અને કબીલાએ તેમની સામાજિક વ્યવસ્થાના એકમો હતાં, અને ન્યાત-જાતની કોઈ પ્રણાલિ હતી નહિ. કબીલાની મુખ્ય વ્યકિત 'રાજા' કહેવાતી. કબીલાના બધા જ સભ્યોની જાણીતી જનસભાઓ સભા અને સમિતિઓ કહેવાતી, અને જાહેર જનતાના હિતના કાર્યોમાં તેમની ભૂમિકા મહત્વની રહેતી. તેઓ ઘણાં દેવોની પૂજા કરતાં, જેમાં ઈન્દ્ર પૂજા મુખ્ય હતી. ઉત્તરવૈદ્રિક યુગના બીજા ભાગમાં વેદો લખાયા- સામવેદ, યજુર્વેદ અને અર્થવેદ. આ વેદો ઉપર ટીકાઓ પણ લખાઈ, જેને બ્રાહ્મણક, આરણ્યક અને ઉપનિષદ કહે છે.

આ સમયગાળા દરમ્યાન વસાવાયેલા ઘણાં સ્થળો પણ ખોદી કઢાયા છે. આ તમામ સ્થળોમાં PGW (Painted Gray ware) તરીકે ઓળખવામાં આવતાં માટીના વાસણો જોવા મળ્યા હતા.

આ કાળમાં ઘણાં મોટાં પ્રમાણમાં આર્યોની પૂર્વાભિમૂખ કૂચ જોવા મળે છે.

આ તબક્કે આર્યો સિંધુ-ગંગાના દોઆબ અને ગંગાના ઉપરવાસના મેદાનો તરફ આગળ વધ્યાં. પરિણામે પૂર્વમાં ત્રણ મહત્વના રાજ્યો બન્યાં. : કાશી, કોશલ અને વિદેહ. હવે ખેતીએ

મુખ્ય વ્યવસાય બન્યો અને ચોખા, શેરડી, ઘઉં તેમજ અન્ય ઘણાં પાકો લેવાવા માંડયા. હસ્તકલાઓ ખૂબ આગળ વધી. લોઢાના હથિયારો અને સાધનોની શરૂઆત થઈ. લોકો હવે ગામડાઓમાં સ્થાયી જીવન ગાળવા માંડયાં. વર્ણવ્યવસ્થા શરૂ થઈ અને ચાર પાસાઓમાં વિભાજીત થઈ-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. રાજાઓ તથા તેમના કારોબારીઓની સત્તા વધી અને લોકસભાઓની સત્તા ઘટવા માંડી. યજ્ઞોમાં અપાતાં બલી હવે વધવા માંડયાં. દેવોમાં ઈન્દ્રનું મહત્વ ઘટયું અને પ્રજાપતિ જેવાં દેવોએ અગ્રીમ સ્થાન લેવા માંડયું. આ યુગની સમાપ્તિ સુધીમાં બલીપ્રથા સામે વિરોધ ઊભો થયો હોવાનું ઉપનિષદોના સાહિત્ય ઉપરથી જણાય છે.

## મનોયત્ન ૧.૩

નીચે આપેલા ફકરો વાંચી, તેની નીચે આપેલાં પ્રશ્નોના જવાબ આપો.

આજીવિકા માટેના વિવિધ સાધનો (ઋગ્વેદ , ૧૧૨) :

આપણા સૌના વિચારો અને આયોજનો વિભિન્ન હોય છે અને લોકોની જીવનરીતિઓ વિવિધ પ્રકારની હોય છે.

બ્રાહ્મણ ભકિતને ખોળે છે, સુથાર (તક્ષણ) ફાટેલા લાકડાને (સાંધવા માટે) શોધે છે. વૈદ ઘાયલને (સારવાર માટે) શોધે છે.

હું એક કવિ છું, મારા પિતા એક વૈદ છે અને માતા પથ્થર ઉપર ધાન વાટે છે.

૧. આ ફકરામાં વર્ણવેલાં વિવિધ વ્યવસાયોના નામ લખો.

૨. એ કેવી જાતના સમાજનું વર્ણન કરે છે ?

૩. શું આ વ્યવસાયો વારસાગત છે ? કેમ અથવા કેમ નહીં ?

૪. મહિલાઓ કેવા પ્રકારના કામ કરતી ?

### ૧.૪.૧ ઉત્તર વૈદિક યુગ :

ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં ઉત્તર પૂર્વ ભારતમાં પ્રાદેશિક રાજયો અસ્તિત્વમાં આવ્યાં જેને મહાજનપદ કહેવાય છે. આવાં સોળ રાજયો હતા- અંગ, મગધ, વજ્જી, કાશી, કોશલ, મલ્લ, કુરુ, પાંચાલ, વત્સ, અર્વતી, કંમ્બોજ, ગાંધાર, અસાક, ચેદી, મત્સ્ય અને સુપેણ. તેમાંથી મગધ, કોશલ અને અવંતી સૌથી વધુ શકિતશાળી હતાં. ખેતીનો વિકાસ, વ્યાપાર અને ઉધોગોનો વિકાસ, પ્રાદેશિક રાજયોનો ઉદ્દભવ અને શહેરીકરણની શરુઆતને લીધે સમાજમાં નવા પ્રવાહો ઉમેરાયાં. આ રીતે ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીએ સામાજીક અને ધાર્મિક રૂપાંતરણનો સમય હતો. આ સમયમાં લોકોએ રૂઢિગત બ્રાહ્મણ ધર્મ અને વૈદિક આહુતિઓનો વિરોધ કર્યો. આ રીતે ઘણાં સંપ્રદાયો અને સુધારાવાદી

ચળવળો ઊભરી આવ્યા. ઈતિહાસમાં પ્રાચીનકાળ તરીકે જાણીતા આ સમયગાળામાં બે મહત્વના ધર્મો ઉદ્ભવ્યા. જૈનધર્મ અને બૌદ્ધ ધર્મ

**૧.૪.૨ બૌધ્ધ ધર્મ :**

ઈ.સ પૂર્વે ૫૬૩ માં ભારત-નેપાળની સરહદ ઉપર આવેલાં લુમ્બીનીમાં બૌધ્ધ ધર્મના સ્થાપક ગૌતમબુદ્ધનો જન્મ થયો હતો. કપિલવસ્તુના શાક્યો વડા શુદ્ધધોધનના તે પુત્ર હતા. ૨૯ વર્ષની ઉંમરે બુધ્ધે ગૃહત્યાગ કર્યો અને બોધિગયામાં એક પીપળાના વૃક્ષ નીચે બૌદ્ધિ (જ્ઞાન) પ્રાપ્ત કર્યુ. તેમણે પ્રથમ ઉપદેશ વારાસણી નજીક સારનાથમાં આપ્યો. એમનો ઉપદેશ મુખ્યત્વે ચાર આર્ય સત્યો અને અષ્ટાંગ માર્ગનો નિદેશ કરે છે. બુદ્ધના જણાવ્યા મુજબ :

(i) આ વિશ્વ દુઃખોથી ભરેલું છે.

(ii) આ દુઃખોનું મુખ્ય કારણ ઈચ્છાઓ છે.

(iii) જો ઈચ્છાઓને જીતી શકાય તો જગતના તમામ દુઃખોથી મુકિત મળે.

(iv) ઈચ્છાઓથી મુકિત મેળવવા માટે આ આઠ અંગવાળો માર્ગ છે.

| | |
|---|---|
| (ક) સાચી સ્મૃતિ | (ચ) સાચું ધ્યેય |
| (ખ) સાચી વાણી | (છ) સાચાં કાર્યો |
| (ગ) સાચી આજીવિકા | (જ) સાચાં પ્રયત્નો |
| (ઘ) સાચું શ્રવણ / શ્રુતિ | (ઝ) સાચું ધ્યાન |

બુધ્ધએ વધારે પડતા ભોગવિલાસ અથવા વધારે પડતી સાદાઈને બદલે 'મધ્યમમાર્ગ' સૂચવ્યો હતો. તેમણે તેમના શિષ્યો માટે અહિંસા અને અપરિગ્રહ જેવાં શીલ (નૈતિક નિયમો) બનાવ્યાં હતાં. તેઓ ઉત્તરપ્રદેશના કુશીનગરમાં ૮૦ વર્ષની વયે મૃત્યુ પામ્યા.

**૧.૪.૩ જૈન ધર્મ :**

પ્રથમ તીર્થંકર ઋષભનાથે જૈન ધર્મની સ્થાપના કરી હોવાનું મનાય છે. પાર્શ્વનાથ ૨૩ મા અને વર્ધમાન મહાવીર ૨૪ મા તીર્થંકર હતા. મહાવીરનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૪૦ માં વૈશાલી (બિહાર) નજીક કુંદગ્રામમાં થયો હતો. તેમના પિતા જાતિક ક્ષત્રીય કબીલાના વડા હતાં. ૩૦ વર્ષની ઉંમરે મહાવીર સાધુ બન્યા અને ઈ.સ. પૂર્વે ૪૬૮ માં રાજગૃહની નજીક પાવાપુરીમાં એમનો દેહાંત થયો. તેમના અનુયાયીઓ "જૈન" કહેવાયાં.

જૈનધર્મમાં કોઈ મહાસર્જક ઈશ્વરનું સ્થાન નથી. જૈનધર્મ દેવોમાં માને છે., પરંતુ જૈનમુનિઓ કરતાં દેવોનું સ્થાન નીચું માને છે. જૈનધર્મનું મુખ્ય ધ્યેય દૈહિક વાસનાઓમાંથી મુકિત મેળવવાનું છે. બૌધ્ધધર્મની જેમ જૈન ધર્મે પણ બ્રાહ્મણધર્મોના રૂઢિગત ક્રિયાકાંડોનો વિરોધ કર્યો. તેણે વર્ણ-વ્યવસ્થાનો પણ વિરોધ કર્યો અને કર્મ તથા પુનજર્ન્મના સિદ્ધાંતને સ્વીકાર્યો.

**જૈનધર્મના પંચમૂળ સિદ્ધાંતો**

| | | | |
|---|---|---|---|
| (i) | *અહિંસા* | (iii) | *અસ્તેય* |
| (ii) | *સત્ય* | (iv) | *બ્રહ્મચર્ય* |
| | | (v) | *અપરિગ્રહ* |

**જૈનધર્મના ત્રણ રત્નો (ત્રિરત્નો) :**

(i) *સમ્યક દર્શન (સાચી દષ્ટિ)*

(iii) *સમ્યક જ્ઞાન (સાચું જ્ઞાન)*

(ii) *સમ્યક ચરિત્ર (સાચું વર્તન)*

### મનોયત્ન ૧.૪

*બુધ્ધ અને મહાવીરના ઉપદેશનું મનન ચિંતન કરો. ઓછામાં ઓછા ત્રણ એવાં ઉપદેશો અંગે વિચારો જેને તમે રોજીંદા જીવનમાં પાળી શકો છો. તમારાં અનુભવો અને વિચારોની ચર્ચા તમારાં મિત્રો અને કુટુંબીજનો સાથે કરો.*

## ૧.૫ મૌર્ય યુગ (ઈ.સ. પહેલાં ૩૨૨ થી ૧૮૪)


*સોળ મહાજનપદોમાંથી મગધ એ જનપદ હતું, જે બિબિંસાર, અજાતશત્રુ અને મહાપદ્મનંદ જેવાં શાસકોનાં શાસનમાં નોંધપાત્ર ફેલાવો પામ્યું ઈશુ પહેલાં ૩૨૨ માં ચંદ્રગુપ્ત મૌર્યે ગંગાના મેદાનો ઉપરથી નંદ વંશનો નાશ કર્યો અને પંજાબમાંથી ગ્રીકોને હાંકી કાઢયા, અને મૌર્યવંશની સ્થાપના કરી. સતત વિજયો અને પ્રાદેશિક સંયોજનોની પરંપરા દ્વારા એ મોટાભાગના રાજ્યોને એકસૂત્રે બાંધી શકયો. ભારતના ચંદ્રગુપ્તે ઈશુ પહેલાં ૩૨૨ થી ૨૯૭ સુધી રાજય કર્યુ. ભદ્રબાહુની પ્રેરણાથી એણે જૈનધર્મ અંગીકાર કર્યો તેનું મૃત્યુ મૈસુર નજીક શ્રવણબેલગોલામાં થયું.*

*ચંદ્રગુપ્ત મૌર્યનો પુત્ર અને વારસ બિંદુસાર (ઈશુ પહેલાં ૨૯૭ થી ૨૭૨) મિત્રઘાત તરીકે પણ ઓળખાયો. તેણે દખ્ખણ અને મૈસૂર જીત્યાં હોવાનું માનવામાં આવે છે. તેના સંબંધો પશ્ચિમ એશિયાના ગ્રીક સમ્રાટ એન્ટીઓકસ પ્રથમ સાથે પણ હતાં. બૌધ્ધ ધર્મના સાહિત્યમાં દ્વારા જાણવા મળે છે કે બિંદુસારના મૃત્યુ પછી તેની ગાદી માટે તેના પુત્રોમાં સંઘર્ષ થયો હતો.*

*આ સંઘર્ષમાં અશોક (ઈશુ પહેલાં ૨૭૨-૨૩૬) જીત્યો અને તેણે મગધની ગાદી ઉપર આવ્યો. તેના શાસનકાળ દરમ્યાનની એક મહત્વની ઘટના કલીંગનું યુદ્ધ હતી, જેનો ઉલ્લેખ તેના તેરમા શિલાલેખમાં કરવામાં આવ્યો છે. ત્યારપછી અશોકે બૌધ્ધ ધર્મ સ્વીકાર્યો અને યુધ્ધનો ત્યાગ કર્યો. તે એક પરોપકારી રાજા હતો, જેણે પ્રજાકલ્યાણના અનેક કાર્યો કર્યા.*

ધાર્મિક સહિષ્ણુતા, વડીલો પ્રત્યે આદર, વૃદ્ધોની સંભાળ, દયા, સચ્ચાઈ અને પવિત્રતાએ તેની ધર્મ નીતિના આધારો હતાં. તેના પ્રયાસોને લીધે બૌધ્ધધર્મ ભારતની બહાર પણ વિસ્તર્યો. તેના શિલાલેખો અને સ્તંભલેખો દ્વારા તેના શાસનની વિસ્તૃત માહિતી મળે છે.

અશોકના મૃત્યુ પછી તેનું રાજય અનેક વિભાગોમાં વહેંચાઈ ગયું. વિદેશી આક્રમણકારોનો ભય ઊભો થયો. દેશની આર્થિક પરિસ્થિતિ કથળી ગઈ. મૌર્ય વંશનો છેલ્લો રાજા બૃહદરથ હતો.




અશોકના વિવિધ આલેખોના સ્થળો

આકૃતિ ૧.૪

## ૧.૬ સંગમ યુગ (ઈ.સ. પૂર્વે ૩૦૦ થી ઈ.સ.૨૦૦)

*સંગમયુગની શરુઆત સાથે દક્ષિણ ભારતમાં ઐતિહાસીક યુગ શરૂ થયો. 'સંગમ' નો અર્થ થાય છે- મદુરાઈના પાંડ્ય રાજાઓના આશ્રયે ભેગા થયેલા સાહિત્યના વિદ્વાનોનું સંગઠન. પ્રાચીન તમીલ સાહિત્યમાં ત્રણ મહાકાવ્યો (મણીમેખલાઈ, શીલખાદીકરમ્ અને સિવાગ સિંદમણી), તોલકપ્પીયમ, આઠ ચૂંટેલી કૃતિઓ (ઈત્તુતોગઈ), દસ ગોપકાવ્યો / ચિત્રકથાઓ (પટ્ટુપટ્ટુ) અને અઢાર નાની કૃતિઓનો સમાવેશ થાય છે. સંગમ યુગ આશરે ઈસુ પહેલાં ૩૦૦ થી ઈશુ પછી ૨૦૦ સુધીનો મનાય છે. સંગમ સાહિત્ય મુખ્યત્વે પાંડ્ય વંશની માહિતી આપે છે, ઉપરાંત તેમાં ચૌલ અને ચેર રાજ્યોની પણ માહિતી મળે છે. પાંડ્ય વંશના રાજાઓનું રાજ્ય દિક્ષણ તમિલનાડુંના પ્રદેશો ઉપર હતું. જેની રાજધાની મદુરાઈ હતી. ચેર રાજાઓ કેરાલા ઉપર અને ચૌલ રાજાઓ ઉત્તર તમિલનાડુ તથા દક્ષિણ આંધ્રપ્રદેશ પર રાજ્ય કરતાં હતાં.*

## ૧.૭ કુષાણ યુગ :

*મૌર્ય રાજવીઓના પતન પછી ગ્રીક બેક્ટ્રીઅન, કુષાણ, શક અને પર્શિયન જેવા અનેક વિદેશી લોકો ભારત પર ચડી આવ્યાં. તેમણે ભારતના પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ ભાગો પર રાજ્ય કર્યું. તેમાંથી કુષાણોએ મધ્ય એશિયાના યુ-ચી કબીલાની જ એક શાખા હતાં. તેમનો પ્રથમ રાજા કુજુલ કડફેસીસ અને તેના પછીનો રાજા વીમ કડફેસીસ હતો. વીમ પછીનો રાજા કનીષ્કએ કુષાણ વંશનો સૌથી પ્રતાપી રાજા હતો. કનીષ્ક કાશ્મીર જીત્યું અને સિંધુ - ગંગાના મેદાનો ઉપર આધિપત્ય જમાવ્યું. મધ્ય એશિયામાં એણે કરાનગર, યરખંડ અને ખોટણ જીત્યાં. પંજાબ અને અફઘાનિસ્તાન પણ એના રાજ્યનો હિસ્સો હતા.*

*કિનષ્ક પાકો બૌદ્ધ હતો. એના પ્રયત્નોથી ચીન, મધ્ય એશિયા અને અન્ય દેશોમાં બૌદ્ધ ધર્મ પ્રસર્યો. કલા અને શિક્ષણને પણ એણે ખૂબ ઉત્તેજન આપ્યું. પુરુષપુર (પેશાવર) એની રાજધાની હતી. કનિષ્કના વારસો હતાં વશીષ્ક, હુવિષ્ક, કનિષ્ક બીજો અને વસુદેવ- જે કનિષ્ક વંશનો છેલ્લો પ્રતાપી રાજા હતો. તેના મૃત્યુ પછી પ્રચંડ કુષાણ સામ્રાજ્ય ઝડપથી વિખેરાઈ ગયું. કુષાણ સામ્રાજ્યના પતન સાથે જ ઉત્તર ભારતમાં રાજકીય અંધાધૂંધી ફેલાઈ જે લગભગ ૧૦૦ વર્ષ સુધી રહી.*

## ૧.૮ ગુપ્ત યુગ (ઈ.સ.૩૧૯ થી ૫૫૦)

*ઈસુ પછીની ચોથી સદીમાં ઉદય પામેલી ગુપ્ત વંશની સત્તાએ ભારતના ઈતિહાસમાં એક નવા જ યુગની શરુઆત કરી. રાજકીય અંધાધૂંધીનું સ્થાન રાજકીય એકતા/સંયોજનએ લીધું. શકિતશાળી ગુપ્ત સમ્રાટોના કારભારમાં ભારતીય જીવનશૈલીમાં અનેક પ્રકારના વિકાસલક્ષી પરિવર્તનો થયા. આ યુગમાં ભારત આવેલા ચીની પ્રવાસી ફા-હીઆનની નોંધ મુજબ ગુપ્તયુગ દરમ્યાન ભારત ઘણું જ સમૃદ્ધ હતું.*

ગુપ્ત વંશની સ્થાપના મહારાજા શ્રી ગુપ્તે કરી હોવાનું મનાય છે. તેના પછી ઘટોત્કચ ગુપ્ત આવ્યો અને તેના પછી આવેલા ચંદ્રગુપ્ત પ્રથમે રાજાધિરાજનો ખિતાબ ધારણ કર્યો. આ સમ્રાટ ગુપ્તવંશનો પ્રથમ પ્રતાપી રાજા મનાય છે. અન્ય ગુપ્ત સમ્રાટોમાં નોંધપાત્ર હતો સમુદ્રગુપ્ત અલાહાબાદના સ્તંભ ઉપર સમુદ્રગુપ્તના રાજયકવિ હરીષેણ દ્વારા લખાયેલા પ્રશસ્તિપત્ર દ્વારા તેની સૈન્ય સમૃદ્ધિનો વિસ્તૃત અહેવાલ મળે છે. એક મહાન શાસક હોવા ઉપરાંત તે એક સંગીતકાર, ઉત્કૃષ્ટ કલાકાર અને શિક્ષણનો અચ્છો કદરદાન હતો. રાજવી આધિપત્યનો સૂચક એવો રાજસૂય યજ્ઞ પણ તેણે કર્યો હતો. સમુદ્રગુપ્ત પછી આવેલો ચંદ્રગુપ્ત મૌર્ય બીજો એ જ પ્રસિદ્ધ વિક્રમાદિત્ય હોવાનું મનાય છે. આ નામ તેણે પશ્ચિમ ભારતમાં રાજય કરતાં શકોને જીત્યા પછી ધારણ કર્યુ હતું. સત્તાના એકત્રીકરણ માટે તેણે મહત્વના લગ્નસંબંધો બાંધ્યા હતા. તેણે તેની પુત્રી પ્રભાવતી વકાતકના રાજા રૂદ્રસેન બીજાને પરણાવી હતી.

સમુદ્રગુપ્તનો પુત્ર કુમારગુપ્ત પ્રથમે હતો, જેનું રાજય શાંતિ અને સમૃદ્ધિથી છલકતું હતું. તેનો વારસ હતો તેનો પુત્ર સ્કંદગુપ્ત (ઈ.સ. ૪૫૫-૪૬૭) જેણે તેના શાસનકાળમાં અનેક વખત ઘણા લોકોના ધાડાને પાછા હટાવ્યા હતા. સ્કંદગુપ્તાના વારસો (પુરુગુપ્ત, બુધ્ધગુપ્ત, નરસિંહગુપ્ત)ખાસ પ્રતાપી ન હતાં. આમ ધીમેધીમે ગુપ્ત સામ્રાજયનું પતન થયું.

ગુપ્ત શાસન દરમ્યાન રાજાશાહી અમલમાં હતી. રોજ-બ-રોજના વહીવટમાં રાજાના સહકાર માટે મંત્રીમંડળ અને અન્ય અધિકારીઓ હતાં. ગુપ્તો પાસે શકિતશાળી સૈન્ય હતું. પ્રાંતોનો વહીવટ રાજયપાલ સુબાઓ દ્વારા થતો. રાજયપાલો ગામડાઓ તથા વહીવટ કરવા માટે તેમના અન્ય અધિકારીઓ નીમતાં. ગામના વડા ગ્રામીકના વહીવટ નીચે ગામડાઓ નોંધપાત્ર સ્વાયત્તતા ભોગવતાં. ગુપ્તોએ કરવેરા અને કાયદાઓ માટે કુશળ ન્યાયતંત્ર ગોઠવેલું હતું.

### ૧.૮.૧ ગુપ્તોતર યુગ (ઈ.સ.૫૫૦-૭૫૦)

ગુપ્તયુગના પતન અને થાણેશ્વરના મહારાજા હર્ષવર્ધનના ઉદય વચ્ચેનો સમય અંધાધૂંધી અને વિભિન્તાનો સમય હતો. આ સમય દરમિયાન ભારત દેશ નાનાંનાનાં સ્વતંત્ર રાજયોમાં વિભાજીત થઈ ગયો હતો. હૂણોની સત્તા ઉપરાંત ઉત્તર ભારતમાં ચાર રાજયો હતાં. મગધના છેલ્લા ગુપ્તો, કનોજના મૌખરીઓ, થાણેશ્વરના પૃષ્ણભૂતિઓ, વલભી (ગુજરાત)નાં મૈત્રકો મુખ્ય દક્ષિણ ભારતના રાજયો હતા. બદામીના ચાલુકયો અને કાંચીના પલ્લવો-પુલકેશી-૨ (ઈ.સ.૬૦૯-૬૬૮) અને નરસિંહ વર્મા-૧ (ઈ.સ.૬૩૦-૬૬૮) આ બંને અનુક્રમે ચાલુકય અને પલ્લવોના શ્રેષ્ઠ રાજાઓ ગણાય છે. હર્ષવર્ધને એક સામ્રાજય ઊભું કરવાનો પ્રયત્ન કર્યો, તેને 'સકલ ઉત્તરપથનાથ' કહેવામાં આવતો, કારણ કે તેણે સમગ્ર ઉત્તર ભારતમાં તેની પકડ જમાવી હતી. આ સમય દરમિયાન થોડે ઘણે અંશે રાજકીય એકતા સાધી શકાઈ. હર્ષબર્ધને કાદંબરી અને હર્ષચરિતના લેખક બાણભટ્ટને રાજયાશ્રમ આપ્યો હતો. તેના વખતમાં ચીનના વિદ્વાન મુસાફર હ્યુ-એન-ત્સાંગે ભારતની મુલાકાત લીધી. બંગાળનો રાજા શશાંક હર્ષનો સમકાલીન હતો.

આ સમય દરમિયાન બ્રાહ્મણવાદી હિંદુત્વ વધુ મજબુત બન્યું હતું. હ્યુ-એન-ત્સાંગે ભારતીય સમાજમાં જ્ઞાતિપ્રથાના અસ્તિત્વની નોંધ કરી છે. એ વખતમાં ઘણી મિશ્ર અને પેટાજ્ઞાતિઓનો ઉદય થયો. હ્યુ-એન-ત્સાંગે અસ્પૃશ્યતા તેમજ બહિષ્કૃતોનો ઉલ્લેખ કરેલો છે. આ સમય દરમિયાન સ્ત્રીઓની સ્થિતિ પણ નબળી બની હતી. ધાર્મિક ક્ષેત્રે બ્રાહ્મણત્વના મહત્વમાં થયેલ વધારાથી બૌદ્ધધર્મનું પતન થયું. વૈષ્ણવધર્મ શિવધર્મ અને જૈનધર્મ પણ પાળવામાં આવતા હતાં.

સમુદ્રગુપ્તના અવસાન બાદ ચંદ્રગુપ્ત બીજો (ઈ.સ.૩૮૦-૪૧૫) તેનો ઉત્તરાધિકારી બન્યો. તેણે પશ્ચિમ ભારતના શક રાજાઓ પર વિજય મેળવીને વિક્રમાદિત્યનું બિરુદ ધારણ કર્યુ. તેણે મહત્વના ગણી શકાય એવા વૈવાહિક સંબંધો પણ પ્રસ્થાપિત કર્યા. તેની પુત્રી પ્રભાવતિનાં લગ્ન વકતકના શાસક રૂદ્રસેન સાથે કર્યા હતાં. ચંદ્રગુપ્ત બીજાનો વારસદાર તેનો પુત્ર કુમાર ગુપ્ત (ઈ.સ.૪૧૫-૪૫૫) હતો. તેના શાસનમાં શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહ્યા. તેના પછી તેના પુત્ર સ્કંદગુપ્તે (ઈ.સ.૪૫૫-૪૬૭) શાસન કર્યુ. સ્કંદગુપ્તના વારસદારો (પુરુગુપ્ત, બુદ્ધગુપ્ત, નરસિંહ ગુપ્ત) શકિતશાળી કે કાર્યદક્ષ ન હતા. આને કારણે ધીમેધીમે ગુપ્ત સામ્રાજયનું પતન થયું.

### ગુપ્તોનો વહીવટ

ગુપ્ત યુગ દરમિયાન રાજાશાહી પ્રકારની સરકાર હતી. રાજાને મદદ કરવા માટે મંત્રી મંડળ અને અધિકારીઓ હતા. જે તેમને રોજબરોજના વહીવટમાં મદદ કરતા. ગુપ્તો પાસે શકિતશાળી લશ્કર હતું. પ્રાંતોનું શાસન રાજ્યપાલો દ્વારા થતું. તેમની પાસે સંખ્યાબંધ અધિકારીઓ હતાં. જેઓ જિલ્લાઓ અને શહેરોનો વહીવટ કરતાં. ગામડાઓનો વહીવટ ગામના મુખ્ય માણસ (ગ્રામિક) દ્વારા થતો અને તેમાં તેમને નોંધપાત્ર સ્વાયત્તતા હતી. ગુપ્તોએ ન્યાય અને મહેસૂલના વહીવટ માટે કાર્યદક્ષ પ્રણાલિ વિકસાવી હતી.

### અર્થવ્યવસ્થા

ગુપ્ત યુગમાં આર્થિકક્ષેત્રે મહત્વનો વિકાસ થયો. આ સમયમાં લોકોની સમૃદ્ધિ વિશે ફાહિયાને નોંધ કરી છે. ખેતી, વ્યાપાર અને ઉધોગોનો ખૂબ વિકાસ થયો. નહેરો ખોદવામાં આવી હતી અને સરોવરો બનાવવામાં આવ્યા હતાં જેના દ્વારા સિંચાઈ થતી. બાહ્ય અને આંતરિક એમ બંને પ્રકારના વેપાર તેની ટોચ પર પહોંચ્યા. મહાજને મહત્વની ભૂમિકા નિભાવવાનું ચાલું રાખ્યું. ઉધોગોમાં ખોદકામ, ધાતુકામ, માટીનાં વાસણો બનાવવા, કડિયાકામ, પથ્થર કાપવાનું, વણકરનું, લાકડા કાપવાનું વગેરે મહત્વના કાર્યો થતાં.

### સમાજ અને સંસ્કૃતિ

ગુપ્ત યુગમાં બ્રાહ્મણીય હિન્દુત્વ પુનરુત્થાન થતું જોવા મળે છે. સમાજ વર્ણ પર આધારિત હતો અને તે પિતૃવાદી હતો. પણ ગુપ્તોના રાજ્યાશ્રયમાં કલા, શિલ્પ, ચિત્ર, સ્થાપત્ય, સ્હિત્ય વગેરેનો વિકાસ થયો હતો.

## ૧.૯ વિશ્વની સભ્યતામાં ભારતનું યોગદાન.

*વિશ્વની સભ્યતામાં ભારતનો ફાળો મહત્વનો છે. ધાર્મિક સહિષ્ણુતા, શાંતિ, અહિંસા અને સંવાદિતા ભારતીય સમાજ અને રાજકારણનાં મહત્વના લક્ષણો બની રહયાં છે. પ્રાચીન ગ્રીસ અને રોમ સિવાય માત્ર ભારત જ એવું સ્થળ હતું કે જયાં થોડેઘણે અંશે લોકશાહી અને પ્રજાસત્તાક સરકારો પ્રાચીન કાળમાં અસ્તિત્વ ધરાવતી હતી. આપણે તત્વજ્ઞાનમાં જબરજસ્ત પ્રગતિ કરી. વિજ્ઞાનની જુદીજુદી શાખાઓમાં પણ સારો એવો વિકાસ કર્યો. ગણિત, ખગોળશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ધાતુશાસ્ત્ર તેમજ ઔષધ-દવાના ક્ષેત્રમાં ભારતનો ફાળો નોંધપાત્ર હતો. આર્યભટ્ટ અને વરાહમિહિર જાણીતા ગણિતશાસ્ત્રી, ખગોળશાસ્ત્રી હતા. ચરક અને સુશ્રુત મહાન વૈદો હતા. નાગાર્જુન જાણીતા રસાયણશાસ્ત્રી અને ઔષધશાસ્ત્રીઓ હતા. શૂન્ય અને દશાંસની પદ્ધતિ પ્રથમવાર ભારતમાં વિકાસ પામી.*

*પ્રાચીન ભારતીયોએ કલા, સ્થાપત્ય, ચિત્ર, સાહિત્ય અને શિલ્પમાં ખૂબ કૌશલ્ય દાખવ્યું. અશોકનો સ્તંભ, અજંતા-ઈલોરાની ગુફાઓનાં મંદિરો, દક્ષિણ ભારતનાં મંદિરોના સ્થાપત્યો, સાંચીનો સ્તૂપ, મથુરાની બુદ્ધની પ્રતિમાઓ ભારતીય કલાના મહાસાગરના થોડા દ્રષ્ટાંતો છે. વિધાના ઘણાં કેન્દ્રો પ્રાચીન ભારતમાં વિકાસ પામ્યા હતા. જેવા કે તક્ષશિલા, નાલંદા, વિક્રમશીલા ,વલભી, કાશી, કાંચી જેણે ભારતના તથા વિદેશોના વિધાર્થીઓને શિક્ષણ આપ્યું. જાણીતા વિદ્વાનો અને શિક્ષકો અહીં શિક્ષણ આપતાં. ભારતની વિદ્વતા અને જ્ઞાનને કારણે વિદેશમાં પણ ભારતની પ્રતિષ્ઠા વધી.*



પ્રાચીન ભારતમાં મહાન સાહિત્યકૃતિઓનું સર્જન થયું. ઋગ્વેદએ ભારત-યુરોપિયન સાહિત્યની સૌથી પ્રથમ કૃતિ છે. વેદો, સૂત્રો, મહાકાવ્યો, સ્મૃતિઓ, પુરાણો, ત્રિપિટકો, જૈન આગમો અને અન્ય ધાર્મિક પુસ્તકો પ્રાચીન ભારતની મહાન નિપજ છે. ઉપરાંત, સંખ્યાબંધ નાટકો, ગધ અને પદ્યની કૃતિઓ પણ જોવા મળે છે. મહાન સાહિત્ય સ્વામીઓ જેવા કે કાલિદાસ, બાણભટ્ટ, હરિષેણ, વિશાખદત્ત, ભાસ, ભારવિ, શુદ્રક અને બીજા આ સમયમાં થઈ ગયા. સંસ્કૃત, પાલિ અને પ્રાકૃત સાહિત્યનો આ સમયમાં ખૂબ વિકાસ થયો.

## પાઠ સ્વાધ્યાય ૧.૩

૧. વેદોત્તર (વેદ પછીના સમયમાં) લોકોના મુખ્ય વ્યવસાયો કયા કયા હતા. ?

૨. કલીંગના યુધ્ધ પછી અશોકે કયો ધર્મ અપનાવ્યો ?

૩. ઓછામાં ઓછા એ ચાર વિધાકેન્દ્રોના નામ આપો જે પ્રાચીન ભારતના હતા.

૪. પ્રાચીન ભારતના બે ભૌતિકશાસ્ત્રીઓના નામ જણાવો.

**૫. ખાલી જગ્યા પૂરો.**

૧. તમિલકૃતિ તોલકાપ્પમ ......... યુગની છે.

૨. પંડયોની રાજધાની ..........હતી.

૩. કનીષ્કનો વંશ ...........હતો.

## તમે આટલું શીખ્યા

- માનવ સભ્યતા વિવિધ તબક્કાઓમાંથી પસાર થઈને આવેલી છે. દરેક તબક્કામાં તેણે કોઈને કોઈક ખાસ નવી રીતે વિકાસ કર્યો છે.
- પાષાણયુગ પછી ધાતુયુગ આવ્યો, ત્રાંબુ, કાંસુ અને લોખંડ ધાતુઓનો યુગ.
- કાંસ્યયુગ દરમ્યાન નગર વ્યવસ્થા વિકસી.
- કાંસ્યયુગની સભ્યતા દરમ્યાન જ લેખનકળા પણ વિકાસ પામી.
- સિંધુખીણની સભ્યતા તેની કળા, નગર આયોજન અને સંસ્કૃતિ માટે પ્રખ્યાત છે.
- લોહયુગના આવવાથી જુદાજુદા સમયગાળામાં વિવિધ દેશોના આર્થિક અને સામાજિક જીવનમાં ધરમૂળથી પરિવર્તન આવ્યા.

- ગ્રીકો, રોમનો, પર્શીયનો અને ભારતીયો દ્વારા રાજકારણ, દર્શનશાસ્ત્ર (ફિલોસોફી), કલા, સ્થાપત્ય અને શિલ્પકળા જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપવામાં આવ્યા.
- ઈ.સ. પહેલાની છઠ્ઠી સદીમાં આવેલી પહેલી ધાર્મિક સુધારણાઓ બૌધ્ધ અને જૈન ધર્મ દ્વારા લાવવામાં આવી.
- ભારતીય સભ્યતા લાંબા સમય ગાળા દરમ્યાન અનેક રીતે બદલાઈ કે તે કાયમ એક જ પ્રકારની સંસ્કૃતિ કે સભ્યતા થઈ ને નથી રહી.
- જેમાં ભારતનું ઘણું બધું યોગદાન છે તેવા ક્ષેત્રો છે : ગણિત, ધાતુ વિધા, ચિકિત્સાશાસ્ત્ર, રસાયણવિધા, કલા, સ્થાપત્ય, સાહિત્ય, ખગોળશાસ્ત્ર, ગણિત તેમજ શિક્ષણ.

## પાઠયાતર સ્વાધ્યાય

૧. નવા પાષાણયુગ પછી આવેલો કાંસ્ય યુગ કેવીરીતે નોંધપાત્ર બન્યો ?

૨. હડપ્પા સંસ્કૃતિના મહત્વના લક્ષણો કયાં હતા ?

૩. લોખંડની શોધે માનવજીવનમાં આણેલાં ક્રાંતિકારી પરિવર્તનની ચર્ચા કરો.

૪. ઈ.સ. પહેલાંની ૫ મી સદીના રોમન સમાજનું અને તેના અર્થતંત્રનું વર્ણન કરો.

૫. પ્રાચીન વેદકાળના લોકોનું સામાજિક, ધાર્મિક અને આર્થિક જીવન વર્ણવો.

૬. અશોકના મત મુજબ ધર્મ એટલે શું ?

૭. વિશ્વની સભ્યતામાં ભારતના યોગદાન વિશે ટુંકનોંધ લખો.

૮. નીચે આપેલા ભારતના રેખાંકિત નકશામાં અહી આપેલા સ્થળ ો દશાર્વો.

૧. નદીઓ : તૈગ્રીસ, યુફેટીસ, નાઈલ, હવાંગ-હો અને સિંધુ

૨. સ્થળો : ઈજીપ્ત (મિશ્ર), ગ્રીસ, રોમ, ઈરાન, નાલંદા




## પાઠ અને સ્વાધ્યાયના જવાબો.

૧.૧

(૧) (ક) વર્ગો

(ખ) કુદરતી આપત્તિઓ

(ગ) મેસોપોટીમીયા

(૨) ત્રાંબુ

(૩) તૈગ્રીસ અને યુફ્રેટીસ

(૪) હાઈરોગ્લાફીક્સ


(૫) લોથલ (ગુજરાત), કાલીબંગાન (રાજસ્થાન), બાણાવલી (હરીયાણા), ધોળાવીરા (ગુજરાત), રોપર (પંજાબ)

૧.૨

૧. ખેતી, વાહનવ્યવહાર અને સંસ્કૃતિ

૨. એથેન્સ અને સ્પાર્ટા

૩. ટાઈબર



૪. (ક) બાયમેન્ટેનાઈઝ સામ્રાજ્ય

(ખ) સાયરસ

(ગ) પ્રકૃતિની શક્તિઓ (કુદરતી બળ)

૧.૩

૧. ખેતી અને કલાકારીગરીઓ

૨. બૌદ્ધ ધર્મ

૩. તક્ષશીલા, નાલંદા, કાશી, વિક્રમશીલા, વલ્લભી

૪. ચરક અને સુશ્રુત

૫. (ક) સંગમ યુગ

(ખ) મદુરાઈ

(ગ) કુષાણ.

૨

# મધ્ય યુગીન વિશ્વ

આપણે હમણાં જ પ્રાચીન વિશ્વની જુદીજુદી પ્રાચીન સભ્યતાઓ વિશે અભ્યાસ કર્યો. જ્યારે આ પ્રાચીન યુગ પૂરો થયો ત્યારે આ સભ્યતાઓનું શું થયું એ અંગે તમારા મનમાં કોઈ પ્રશ્ન ઉદ્‌ભવ્યો છે ખરો ? અથવા તમને ખબર છે કે મધ્યયુગ દરમિયાન પ્રાચીન સભ્યતા જેવી જ મહત્વની સભ્યતા ત્યારપછી પણ ચાલુ રહી હતી ખરી ? આ બધી બાબતો અંગેના જવાબો વિશે હવે આપણે વિચારીએ. આ પાઠમાં આપણે ગ્રીક અને રોમન સભ્યતાના અસ્ત પછી યુરોપના સમાજમાં થયેલા રૂપાંતર વિશે અભ્યાસ કરીશું. આપણે એ બાબતનો પણ અભ્યાસ કરીશું કે એક નવા જ ધર્મ ઈસ્લામનો કેવી રીતે ઉદય થયો અને તેનું વિશાળ સામ્રાજ્ય જગતના મોટાભાગમાં કેવીરીતે વિસ્તર્યું. આપણે ભારતમાં મધ્યયુગના ભૂતકાળ તરફ નજર નાખીશું અને જોઈશું કે હર્ષના શાસનના અંત પછી શું થયું.

## હેતુઓ :

આ પાઠનો અભ્યાસ કર્યા પછી તમે આટલું કરી શકશો :

- માનવસમાજની ઉત્ક્રાંતિના મધ્યયુગને એક મહત્વના તબક્કા તરીકે ઓળખશો.
- રોમન સામ્રાજ્યના પતન પછી રાજકીય સંગઠનોમાં આવેલાં પરિવર્તનો વિશે વર્ણન કરી શકશો.
- પશ્ચિમ યુરોપમાં પ્રવર્તેલી સામંતશાહીમાં રાજકીય, લશ્કરી સામાજિક, આર્થિક પાસાંઓ વિશે સમજાવી શકશો.
- અરબસ્તાન અને પશ્ચિમ એશિયામાં ઈસ્લામ ધર્મની ઉત્ક્રાંતિથી સમાજ અને રાજ્ય વ્યવસ્થામાં થયેલ ઉત્ક્રાંતિને ઓળખી શકશો.
- મધ્યકાલીન ભારતીય અર્થશાસ્ત્રનાં મુખ્ય લક્ષણોનું વર્ણન કરી શકશો.

- મધ્યકાલીન યુગ દરમિયાન ભારતમાં સાંસ્કૃતિક અને ધાર્મિક જીવનમાં અજોડ સંશ્લેષણાત્મક પરંપરા કેવીરીતે અસ્તિત્વ ધરાવતી હતી, તેનું પૃથક્કરણ કરી શકશો.

## ૨.૧ મધ્યયુગમાં યુરોપ

મધ્યકાળના સમયને મધ્યયુગ પણ કહે છે. નામ સૂચવે છે તે મુજબ એ એવા સમયનો નિર્દેશ કરે છે. જે પ્રાચીનયુગ પછી તત્કાળ શરુ થયો અને અર્વાચીન યુગ શરૂ થયો ત્યાં સુધી ચાલ્યો. પરંતુ તે માત્ર 'મધ્ય' યુગ હતો જેને પોતાની કોઈ આગવી વિશિષ્ટતા ન હતી ? ખરેખર એમ નથી. મધ્યયુગ માનવસમાજના ક્રમિક વિકાસનું એક મહત્વનું ચરણ છે. જેનો અભ્યાસ તેની વિશિષ્ટતાઓના સંદર્ભમાં કરવો જોઈએ. માત્ર આટલું જ પૂરતું નથી. મધ્યયુગની ઉપલબ્ધિઓ અને ગૌરવ આધુનિક યુગની દિશામાં એક મહત્વનું કામ પણ છે. એક અર્થમાં આધુનિકતાનું મૂળ મધ્યયુગમાં જ છે. તમને એ જાણીને રસ પડશે કે 'મધ્યયુગ' એ શબ્દ યુરોપના લોકોએ સત્તરમી સદીમાં પ્રચલિત કર્યો હતો, કારણ કે તેઓએ તેને પ્રાચીન ગ્રીક અને રોમનોના યુગ અને પોતાના આધુનિક યુગ વચ્ચે સતત ખલેલરુપે લાંબા અંધકારમય રૂપમાં તેને જોયો, પરંતુ હકીકતમાં મધ્યયુગ આખી દુનિયા માટે અંધકારમય સમય ન હતો, ઈસ્લામની દુનિયા માટે એ એક એવો સમય હતો જયારે સભ્યતાએ જન્મ લીધો, તેનો વિકાસ થયો અને તેની કીર્તિની ટોચ પર પહોંચ્યો. ભારતમાં મધ્યયુગ એક સંયોગીકરણનો યુગ હતો. તેણે જૂની અને નવી રાજકીય આર્થિક અને સામાજિક વ્યવસ્થાનું સંયોજન જોયું. આ સંયોજનમાંથી સહ-અસ્તિત્વ અને સહિષ્ણુતાના અજોડ મિશ્રણવાળી એક પદ્ધતિ ઉદ્ભવતી જોઈ જે મધ્યકાલીન ભારત માટે એક સીમાચિહ્ન બની રહી. યુરોપમાં પણ ચિત્ર એટલું બધું અંધકારમય ન હતું. મધ્યયુગના પૂર્વકાળમાં ભૌતિક તથા સાંસ્કૃતિક સ્તર ખરેખર તો ખૂબ નીચું હતું. ઉત્તરકાળમાં યુરોપના લોકોએ તેમનું જીવનધોરણ સુધાર્યુ હતું. તેમણે વિદ્યાની અને નવા વિચારોના પ્રકારોની નવી સંસ્થાઓ વિકસાવી હતી તથા સાહિત્ય અને કલાના ક્ષેત્રોમાં ઊંચા ધોરણ સુધી પહોંચ્યા હતા. હકીકતમાં નવા વિચારો આ સમય દરમિયાન ઉદ્ભવ્યા તેણે યુરોપને બદલી નાખ્યું, એટલું જ નહિ પણ આવનારા ઘણા સમય માટે બાકીના વિશ્વના જીવન પર ઊંડી અસર મૂકી. તો ચાલો આપણે કહેવાતા મધ્યયુગ જગતના જુદાજુદા ભાગો પર જે મહત્વની અસરો મૂકી છે, તે વિશે વાંચીએ.

### ૨.૧.૧ રોમન સામ્રાજયનું પતન

આપણે આગળના પાઠમાં રોમન સામ્રાજયની તાકાત અને મહાનતા વિશે વાંચી ગયા. દરમિયાન રોમન સામ્રાજ્ય પશ્ચિમ અને પૂર્વના પ્રદેશોમાં વિભાજીત થઈ ગયું. પશ્ચિમના વિભાગની રાજધાની રોમમાં હતી. જયારે કોન્સ્ટેન્ટિનોપલ પૂર્વની રાજધાની બની ગયું હતું. રોમન શહેનશાહ કોન્સટેન્ટાઈને પૂર્વીય પ્રાંતોની રાજધાની કોન્સ્ટેન્ટિનોપલ ને બનાવી હતી. જે ઈ.સ.૩૩૦ માં ગ્રીસનું બિઝેન્ટાઈન હતું તેની સ્મૃતિમાં તે શહેરને કોન્સ્ટેન્ટિનોપલ એવું નામ આપવામાં આવ્યું.

પશ્ચિમમાં રોમન સામ્રાજયનો અસ્ત થયા પછી પણ રોમન સામ્રાજય પૂર્વમાં એક હજાર વર્ષ સુધી હયાત હતું. જયારે પશ્ચિમનું સામ્રાજય ખૂબ જ પછાત હતું. ત્યારે પણ પૂર્વ આ રોમન સભ્યતા ખૂબ જ ઊંચા આર્થિક અને સાંસ્કૃતિક સ્તર પર પહોંચી હતી. પશ્ચિમના આ રોમન સામ્રાજયનો અંત આવ્યો. ગોથ, વંડલ, વીસીગોથ અને ફ્રેન્ક વગેરે જર્મનિક જાતિઓના હુમલાથી ઈ.સ. ૪૭૬ માં રોમન શહેનશાહેન ફગાવી દઈને હુમલાખોરોએ જૂદું અલગ રાજય સ્થાપ્યું.

શું આ તમામ રાજનૈતિક ઉથલપાથલથી સંપૂર્ણ પરિવર્તન આવ્યું ? રોમનોએ ઊભી કરેલી રાજકીય અને આર્થિક પદ્ધતિઓનો અંત આવ્યો? અલબત્ત, નવા જર્મન શાસકોએ જૂની પદ્ધતિઓનો અંત આણીને કોઈ નવી પદ્ધતિ દાખલ ન કરી. હકીકતમાં રોમન અને જર્મન સમાજો એકબીજાના સંપર્કમાં આવ્યા અને એકબીજામાં ભળી ગયા. આના પરિણામે ત્યારની રાજકીય અને આર્થિક સ્થિતિમાં યુરોપમાં એક નવા પ્રકારનો સમાજ ઉદ્‌ભવ્યો, જેણે એવી સંસ્થાઓ અને પદ્ધતિઓ ઊભી કરી, જે રોમન કે જર્મન પદ્ધતિ કરતાં સાવ જુદી હતી. આ નવા સમાજની સૌથી વધુ મહત્વની સંસ્થા હતી સામંતશાહી (Feudausum) હવે આપણે જોઈએ આ પદ્ધતિ કયારે અને કેવી રીતે ઉદ્ભવી.


## ૨.૨ સામંતશાહી : રાજકીય, લશ્કરી અને સામાજિક-આર્થિક બાબતો

પશ્ચિમમાં કેન્દ્રવર્તી સત્તા ભાંગી પડવાને કારણે રાજકીય અંધાધૂંધી ફેલાઈ ગઈ. રોમના જમીનદારો અને સ્થાનિક કક્ષાએ શક્તિશાળી જર્મન સરદારોએ આનો પૂરો લાભ ઉઠાવ્યો. અને રાજયની સત્તા ઉપર સંપૂર્ણ નિયંત્રણ સ્થાપી દીધું. નવમી સદીમાં રાજયે તેમને રાજનૈતિક અને ન્યાયિક અધિકાર સોપી દીધો. જેનાથી તેમની સત્તાને ઔપચારિક માન્યતા મળી ગઈ. તેની સાથે જ રાજનૈતિક પ્રભુત્વ ધરાવતું સંગઠન ઊભું થયું. જો એની સરખામણી એક સીડી સાથે કરવામાં આવે તો આપણે તેના શ્રેણીબંધ માળખાને સરળતાથી સમજી શકીશું. આ વ્યવસ્થામાં ટોચ પર રાજા હતો. તેની નીચે સામંતો હતા. આ મોટા સામંતો ડયૂક અથવા અર્લ કહેવાતા. તેની નીચે નાના સામંતો હતા. જ બેરનના નામે ઓળખતા. તેની નીચે નાઈટ હતા. જે કદાચ સામંતોની કોટિમાં સૌથી નીચલા સ્થાને હતા. સામંત તેમનો અધિકાર માત્ર રાજા પાસેથી મેળવી શકતા. તેઓ તેમનાથી નાના સામંતોને અધિકાર આપતા. આ જ પ્રથા નીચે સુધી ચાલતી હતી. દરેક સ્તર પર સામંત પોતાના ઉપરી તરફ નિષ્ઠા બતાવતો હતો અને તેનાથી તેને અધિકાર મળતા હતા. આ પ્રકારની લોર્ડ અને સામંત સુધીની એટલે કે સૌથી મોટા સ્વામી અને સૌથી નીચલા સામંતની સત્તા દાદરના ઉપરના ભાગથી નીચેના ભાગ સુધીની હતી. આ સામંત પોતપોતાના ક્ષેત્રોમાં સર્વશક્તિમાન હતા, જયારે રોમન સામ્રાજયએ રાજકીય સત્તા વ્યાપક રીતે વિકેન્દ્રિત હતી. સામંતશાહીનું આ મુખ્ય રાજકીય લક્ષણ હતું.

આ નવા સામંતશાહી રાજકીય માળખાની ખાસિયત એ હતી કે માલિક અને તેની નીચેના ખંડિઆઓ વચ્ચે એક પ્રકારનું બંધન હતું. આ બંધન પ્રસ્થાપિત થતાં પહેલા એક પ્રકારની વિધિ થતી. આ વિધિમાં ખંડિયાઓએ સમગ્ર જીવન દરમિયાન માલિકની સેવા કરવાની પ્રતિજ્ઞા લેતા

હતી. સાથોસાથ તે રાજનું રક્ષણ પણ સ્વીકારતા. ત્યારે રક્ષણ એ મહત્વની બાબત હતી, કારણ કે રાજકીય દ્રષ્ટિએ આ સમય અસ્થિરતાનો હતો.

રક્ષણના બદલામાં તે તેના માલિકની જુદીજુદી સેવાઓ કરવા બંધાયેલો હતો. આમાં મુખ્યત્વે લશ્કરી સેવાઓનો સમાવેશ થતો હતો. જેનો અર્થ એ હતો ખંડીયઆએ જ્યારે પણ સામંતને લશ્કરની જરૂર પડે, ત્યારે અમુક પ્રમાણમાં સૈનિકો મોકલવા પડતા. આના બદલામાં સામંત તેને અનુદાન પેટે તેના ભરણપોષણ માટે જમીન આપતો. આ પ્રકારના સમુદાયને 'ફીફ' અથવા 'ફ્યુડમ' કહેવામાં આવતું. તેમાંથી જ ફ્યુડાલિઝમ સામંતશાહી શબ્દ પ્રસિદ્ધ બન્યો. સામંતો તેમના વિસ્તારમાં લશ્કરી સહાયકોને મૂકતા. જેઓ સીધા જ તેમને જવાબદાર હતા. આ સશસ્ત્ર શક્તિથી તે સામંતોને જરૂર હોય ત્યારે લશ્કરી સહાય પૂરી પાડતો. આ લશ્કરી સત્તાથી સામંત તેનો વિસ્તારનો સંપૂર્ણ સ્વામી બનતો અને રાજય પણ આ બાબતમાં તેને પડકારી શકતું ન હતું.




Source: Michael B. Petrovich et al., *People in Time and Place: World Cultures*, Silver, Burdett & Ginn, 1991

ચિત્ર ૨.૧ સામંતનું મેનર (જાગીર)

મધ્યકાલીન યુરોપનું અર્થકારણ મુખ્યત્વે ખેતી પર જ આધારિત હતું. આગળના પાઠમાં આપણે રોમન સામ્રાજયમાં ગુલામોની મજૂરી વિશે વિસ્તારથી વાંચ્યું છે. રોમન સામ્રાજયના અંતિમ તબક્કામાં ખેતી વિષયક ઉત્પાદનમાં ગુલામી પ્રથાનો લગભગ અંત આવ્યો હતો. આનું કારણ હતું. ગુલામોની તંગી. ખેતીની બાબતમાં ગુલામોની ગેરહાજરીને કારણે રોમનોની અમીરશાહી પર, જીવનપદ્ધતિ પર મોટી અસર થઈ. જયાંસુધી જેમનું શોષણ કરી શકાય એવા બીજા લોકો એમને ન મળે ત્યાં સુધી તેઓ તેમના વિસ્તારપૂર્ણ જીવનપદ્ધતિ આવી શકે તેમ ન હતું. તેઓ આ મુકત ખેડૂતો પર, ભાડૂતી ખડૂતો પર અને ખેતીના કામદારો પર મોટો બોજો નાખીને કરી શકતા. આપણે એ જોઈએ- આ બધું તેઓ કેવી રીતે કરતા હતા.

### મુક્ત ખેડૂતો ખેતગુલામ બન્યા

આ રાજકીય ધાંધલ-ધમાલના સમયમાં સામંતો જેમ રક્ષણ શોધતા હતા. એ જ રીતે ખેડૂતો પણ રક્ષણ માટે ફાંફાં મારતા હતા. આ ખેડૂતો પાસે તેમની પોતાની જમીન ન હતી, ન હતાં ખેતી માટેનાં ઓજારો કે નહોતી બિયારણ ખરીદવાની શક્તિ. આ બધા માટે તેમજ રક્ષણ માટે હવે આ મુક્ત ખેડૂતો સામંત તરફ વળ્યા. તેમણે તેમની સ્વતંત્રતા સામંતોના ચરણોમાં ધરી દીધી અને જમીન સાથે બંધાઈ ગયા. પાછળથી તેઓ નોકરી કરતાં. જ્યારે જર્મન જાતિઓ રોમન સમાજોના સંપર્કમાં આવી ત્યારે જર્મન ખેડૂતોની પણ આ વલે થઈ. હવે પછી બધા જ ખેડૂતોએ બધા પ્રકારની સ્વતંત્રતા ગુમાવી જ્યારે તેઓ રોમન જમીનમાલિકો અથવા જર્મન મુખીઓ પાસે રક્ષણ માટે ગયા ત્યારે ખેડૂતોએ સ્વતંત્રતા ગુમાવવાની ક્રિયા શરૂ કરી મોટા જમીન માલિકો, લશ્કરી નેતાઓ અને સ્થાનિક કક્ષાએ જર્મન મુખીઓની રાજકીય અને આર્થિક સત્તાઓમાં થતો વધારો સાથોસાથ જ વિકસતા ગયા. મજબૂત કેન્દ્રીય રાજયસત્તા ન હતી. એવા સમયમાં ખેડૂતો સંપૂર્ણ પણે સામંતોની દયા પર જીવતા હતા. આપણે અગાઉ જોયું તે પ્રમાણે સામંતો લશ્કરી સત્તા ધરાવતા હતા. તેથી ખેડૂતોને દબાવીને રાખતા. આ ઉપરાંત, સામંતો તેમની અમર્યાદ રાજકીય અને ન્યાયવિષયક સત્તા ધરાવતા હતા. તેથી ખેડૂતોને દબાવતા અને તેમને વધુ અને વધુ આધારિત બનાવતા મધ્યયુગ યુરોપના આ પરાધીન ખેડૂતો જમીન સાથે બંધાયેલા હતા અને તેઓ તેમના સામંતોના સર્ફ (ખેડૂત ગુલામ) કહેવાતા.

સામંતો દ્વારા ખેતગુલામોના શોષણ પર આ સમયની આર્થિક સ્થિતિ આધાર રાખતા હતી. આ સમય દરમિયાન સંપત્તિનો મોટોભાગ શોષણમાંથી ઉદ્ભવ્યો હતો. આ કેવીરીતે બન્યું તે સમજવા માટે આ સમયમાં ખેતી કેવી રીતે થતી તે જોઈએ. જેના પર સામંતનો જ સંપૂર્ણ અંકુશ હતો એવી સ્થાવર જમીનને સામંતી જાગીર (મેનર) તરીકે ઓળખવામાં આવતી. આ મકાનોની આજુબાજુની જમીન ત્રણ ભાગમાં વહેંચાયેલી હતી. સ્થાવર મિલકત જે માત્ર સામંતોના ઉપયોગ માટે જ હતી, ખેતી માટેની ટુકડીઓમાં ખેડૂતોને આપવામાં આવેલી જમીન અને દરેકને વાપરવા અપાયેલી ઘાસચારાની જમીન. જે ખેતગુલામો જમીનના આ ટુકડાઓ મેળવતા તેઓને ખેતજાગીરમાં ભાડુઆત ગણવામાં આવતાં. ભાડુઆતો હોવાથી તેમણે સામંતોને ભાડા પેટે કંઈક આપવું પડતું. આ ભાડું આ ખેતમજૂરોએ મજૂરી સેવાના સ્વરુપે આપવું પડતું. આ મજૂરીની સેવાઓ પેટે અઠવાડિયામાં અમુક દિવસો સુધી તેમણે ખેતમજૂરી કરવી પડતી.

ખેતીની ઋતુ હોય ત્યારે આ ખેતગુલામોએ હળ જોડવાનું, કાપણીનું, લાકડા કાપવાનું અને લણણીનું વધારાનું કામ કરવું પડતું. સામંતશાહીના અંતભાગમાં આ મજુરી સેવાઓને બદલે પૈસા આપવાનું શરુ થયું હતું.

ખેતમજૂરોને ટેક્ષ તરીકે કોઈ વસ્તુઓ પણ આપવી પડતી, જેવી કે તેમની પોતાની તેઓ પેદાશો. જ્યારે જ્યારે સામંતોને વધુ સાધનોની જરૂર પડતી, ત્યારે ત્યારે સામંતો મનસ્વી રીતે કરવેરા દાખલ કરી દેતા. પરોક્ષ રીતે પણ સામંતો ખેડૂતોનું શોષણ કરતા. સામંતી જાગીર પદ્ધતિ એક

સ્વંયપર્યાપ્ત આર્થિક એકમ હતું. એનો અર્થ એ થયો કે દરરોજની વપરાશની બધી વસ્તુઓ ઉત્પાદિત કરવામાં આવતી અને તેઓ તે વસ્તુઓ રાખી મૂકતા. આ માટે લોખંડમાંથી વસ્તુઓ બનાવવા માટે લુહારી કામની વ્યવસ્થા હતી. તેઓ લોટ માટેની ઘઉં અને અનાજ દળવાની ઘંટી પણ રાખતા, દારૂ બનાવવા માટે દ્રાક્ષને પીલવાના સાધનો પણ હતા. દરરોજની ઉપયોગની વસ્તુઓ માટે વર્કશોપ (કાર્યશાળા) પણ હતી. આ બધું માલિકો ધરાવતા હતા. ખેડૂતોને આ સવલતોનો ઉપયોગ કરવાની ફરજ પાડવામાં આવતી અને આ માટે માલિકો સ્વેચ્છાએ નક્કી કરે એ મુજબ ખર્ચ આપવો પડતો.

## મનોયત્ન ૨.૧


ગયા પાઠમાં તમે રોમન ગુલામો વિશે ભણી ગયા છો. છાપાઓમાંથી અને તમારા વડીલો પાસેથી આજના યુગના એવા ખેડૂતોની માહિતી ભેગી કરો જેમની પાસે પોતાની જમીન ન હોવાથી તેઓ બીજાની જમીન ઉપર ખેતીકામ કરે છે. હવે સામંતશાહી વખતના ખેડૂતો, રોમન ગુલામો અને આજના યુગના ખેડૂતોની સરખામણી કરો. આ બધાનું તમે શું તારણ કાઢો છો ? તમારા અભિપ્રાય દર્શાવતો ટૂંકો રિપોર્ટ તૈયાર કરો.

## ૨.૨.૧ સામંતશાહીની અર્થવ્યવસ્થામાં પરિવર્તન : મધ્યયુગના યુરોપમાં સમૃદ્ધિ અને કટોકટી

આપણે હમણાં જ સામંતશાહી પદ્ધતિના જુદાજુદા પાસાંઓ વિશે વાંચવાનું પૂરું કર્યું છે. પરંતુ શું આ પ્રથા સમગ્ર મધ્યયુગ દરમિયાન ટકી રહી ખરા હતી ? ના, જરા પણ નહી. ખરેખર તો સામંતશાહી અર્થવ્યવસ્થા સમૃદ્ધિ અને સંકટોમાંથી પસાર થઈ. આપણે શરૂઆતથી જ આ પ્રથા કેવી રીતે વિકસી તે જોઈએ.

રોમન સામ્રાજ્ય ભાંગી પડયું, ત્યારપછીની થોડી સદીઓમાં ઘણી નબળી આર્થિક સ્થિતિનું સ્તર જોવા મળ્યું. આપણે જાણીએ છીએ તે પ્રમાણે આ સમયગાળો રાજકીય પરિવર્તન અને અંધાધૂંધીનો હતો. આ સમયના કેટલાંક લક્ષણો હતાં શહેરી જીવનમાં વેપાર વણજમાં અને નાણાકીય લેવડદેવડમાં આવેલી ઓટ. રોમનોના વખતથી કેટલાક નગરો તો બચી ગયા, પરંતુ એ તો માત્ર ખાલી ખોખા જેવા હતા. જેમાં કોઈ આર્થિક ભૂમિકા ન હતી. રસ્તાઓ તૂટી ગયાં હતાં. પૈસાના ઉપયોગને બદલે વિનિમય પ્રથા અમલી બની હતી. યુરોપની અર્થવ્યવસ્થા સંપૂર્ણપણે ખેતી અને ખૂબ જ મર્યાદિત સ્થાનિક વ્યાપાર પૂરતી મર્યાદિત હતી. સામંતોની જાગીર જ મુખ્ય આર્થિક એકમ હતાં. ખેતીમાં વપરાતી ટેકનોલોજી ખૂબ પછાત હતી અને ખેતી વિષયક ઉત્પાદન ખૂબ જ નીચું હતું. આ પરિસ્થિતિ ઈ.સ.ની ૧૦ મી સદી સુધી ચાલુ રહી.

૧૦મી સદી પછી ઉત્પાદનની સામાજિક પ્રથાનો આકાર મહત્વપૂર્ણ પરિવર્તનોને લીધે બદલાયો. આ પ્રથા વધુ ને વધુ સ્થિર બનતી ગઈ તે પ્રમાણે ખેતરની પેદાશોમાં પણ વધારો થયો. ખેતી વિષયક ટેકનોલોજીમાં થયેલ નોંધપાત્ર સુધારો ખેતપેદાશોમાં થયેલ વધારા માટે ખૂબ મહત્વની



બાબત હતી. રોમનોના વખતથી હળવા હળ વપરાતા હતાં, તેમાં ફેરફાર થયો અને એ ભારે હળ વપરાવાં શરુ થયાં. તેમાં ચાર પૈડા હતા અને તે બળદો દ્વારા ખેંચાતા. આનાથી ઉત્તર યુરોપની ભારે અને ચીકણી જમીનને ખેડવામાં મદદ મળી. આ બે ખેતરોવાળી પદ્ધતિ સ્વીકારવામાં આવી. જેનો એક ભાગ પડતર રહેતો અને બીજો ભાગ ખેડવામાં આવતો. પાછળથી ત્રણ પ્રકારની ખેત પદ્ધતિ તરીકે વિકસાવવામાં આવી. જેમાં ત્રીજો ભાગ પાનખરના પાક તરીકે ઉપયોગમાં લેવાતો. જમીનનો અમુક ભાગ પડતર રહેતો, તેથી જમીનની ફળદ્રુપતા ખૂબ મદદરુપ બનતી. નવું હળ, ત્રણ પ્રકારની ખેતપદ્ધતિ અને અન્ય શોધખોળની ટેકનિકથી ખેતી ઉપજમાં સારો એવો વધારો થયો.

ખેતીમાં થયેલ પ્રસારને કારણે દસમી સદીથી માંડી બારમી સદી સુધીનો સમય શહેરી જીવનના વિકાસમાં વેપારવણજમાં થયેલા પુનરુત્થાનની સાક્ષી પૂરે છે. સ્થાનિક બજારોમાં નાનાવ્યાપારોથી માંડી ખેડૂતો વધારાનું અનાજ અથવા ઈંડા વેચતા અને લાંબા ખેતરના વ્યાપારમાં દારુ અને રુની પેદાશોનો વેપાર કરતા. રસ્તા બાંધવામાં થયેલી સુધારણાને કારણે રસ્તાનો વાહનવ્યવહાર પણ સુધર્યો. વ્યાપાર માટે નદી અને દરિયાઈ માર્ગોનો પણ ઉપયોગ થતો. વ્યાપારમાં થયેલા પુનરુત્થાનને કારણે પૈસાની ચુકવણીમાં નવી રીત શોધાઈ, કારણ કે વિનિમય પ્રથા હવે અપર્યાપ્ત બની ગઈ હતી. પરિણામે, લગભગ ચાર સદીઓ પછી પૈસાનું અર્થકારણ શરૂ થયું. આથી લાંબા અંતરના અને ટૂંકા અંતરના વ્યાપારમાં તેમજ આસપાસની ખેતીવિષયક સમૃદ્ધિમાં સારું એવું પ્રોત્સાહન મળ્યું. નગરો કેટલીક વસ્તુઓના ઉત્પાદન માટે ખાસ વિશિષ્ટ બની રહયાં. આમાંની એક બાબત હતી કાપડના ઉત્પાદનની, જે આ નગરોનો એક મુખ્ય ઉધોગ બની ગઈ. ઔધોગિક સંસ્થાઓ મહત્વના સંસ્થાનો બની ગઈ. આ મધ્યયુગીન શહેરોની સંખ્યા વધતી ચાલી અને અંતે તે દેશના સામંતશાહી સંબંધોને તોડવામાં મહત્વનું પરિબળ બની ગયાં.

બારમી સદીના અંત સુધીમાં આર્થિક વિકાસ તરફનું વલણ તેની સંયુક્ત સ્થિતિ સુધી પહોંચી ગયું. તેરમી સદી સુધીમાં સામંતશાહી પ્રથામાં ખૂબ મહત્વનાં પરિવર્તનો નોંધાયાં, જેનાથી વિકાસની પ્રક્રિયામાં પીછેહઠ જોવા મળી. આર્થિક વિકાસ અને સમૃદ્ધિનો યુગ વસ્તીવધારામાં પરિણમ્યો. આનો અર્થ એ થયો કે જમીનદારોને મજૂરો પૂરો પાડવાના જથ્થામાં પણ વધારો થયો. તેઓને તેથી તેમની જમીનનો કબજો જાળવવાની જરુર ન રહી. હવે સામંતોએ જાગીરના મોટા જથ્થાને રાખવાની જરુર ન જણાઈ. હવે મોટી જાગીરને નાના નાના ટુકડાઓમાં વહેચી નાંખી અને ખેડૂતોને ભાડે આપી દીધા. આ ટુકડાઓ નાના હોવાને લીધે મોટાભાગને ખેડવા માટે લીધેલી ટેકનોલોજી કામ લાગે એમ ન હતી. અતિશય મજૂરીને લીધે, મજૂરી બચાવે એવી ટેકનોલોજી માટે નવા રોકાણકારોની જરુરી પડી. આની સાથેસાથે ખેતમજૂરી ચાલી જવાને કારણે, ખેતમજૂરો પાસેથી મજૂરોની સેવા લેવાનું પણ બંધ થયું. તેથી સામંતો મજૂરી સેવાને બદલે પેસા અથવા વસ્તુ સ્વરુપે ભાડું ઉઘરાવવા લાગ્યા. આ વિકાસને પૈસાની અર્થવ્યવસ્થા, શહેરી કેન્દ્રો અને વેપારને કારણે પ્રોત્સાહન મળ્યું. મજૂરસેવામાં ઘટાડો અને ખેતીમાં ટેકનોલોજીકલ સ્થગિતતાનાં પરિબળોએ ખેત પેદાશોમાં જંગી

નોંધ

ઘટાડો કર્યો ખોરાકની તંગી અને દુષ્કાળ વારંવાર પડવા લાગ્યાં. પ્લેગનો મહારોગ ફાટી નીકળ્યો. આ બધાંને કારણે અર્થવ્યવસ્થામાં ભારે પડતી આવી, તો પણ દશમી સદીમાં આવેલી કટોકટી કરતાં યુરોપનો સમાજ આ કટોકટીને વધુ સરળતાથી પાર કરી ગયો અને ૧૪૫૦ ની આજુબાજુના સમયમાં તો અર્થવ્યવસ્થા વધુ સમૃદ્ધ બનવા લાગી.

**? શું તમે જાણો છો**

જમીનમાલિકની જમીનસંપત્તિ પૈકી જમીનનો જે હિસ્સો સીધો જ તેના વહીવટ હેઠળ હતો, તે (અંગત મિલકત) ડીમેઝન કહેવાતો.

હવે આપણી પાસે કેવી પરિસ્થિતિમાં મધ્યયુગનો યુરોપિયન સમાજ જીવતો હતો, તેનો થોડો ખ્યાલ તમને આવ્યો હશે. આપણે કેટલીક સદીઓ સુધી આ પરિસ્થિતિઓમાં પરિવર્તન કેવી રીતે આવતું ગયું. તેની રીત પણ શોધી શકયા છીએ મધ્યયુગના યુરોપના સમાજ અને સંસ્કૃતિને આ ભૌતિક પરિવર્તનોએ કેવીરીતે અસર કરી ?હવે આપણે તેની તપાસ કરીએ.

દસમી સદી પહેલાંના સમયની આર્થિક પરિસ્થિતિનુ નીચું સ્તર આપ્યા પછી આપણને એ વાતનું આશ્ચર્ય થવું ન જોઈએ કે વિધા અને કળા માટે એ સમય બહુ સમૃદ્ધ ન હતો. આ સમય દરમિયાન વિધા એ અમુક માણસોનો જ પૂર્વાધિકાર હતો. વિશાળ સમુદાયો પાસે કોઈ ઔપચારિક શિક્ષણ મેળવવાની સુવિધા ન હતી. અમીર કુટુંબોના સભ્યો પણ અભણ હતા. માત્ર પાદરીઓનો વર્ગ જ થોડુઘણું શિક્ષણ મેળવતો. હકીકતમાં શિક્ષણની ભાષા લેટિન હતી, જે માત્ર પાદરીઓ જ જાણતા હતા. જો કે આ ઓછું શિક્ષણ પણ બહુ સંકુચિત પ્રકારનું હતું. આ પ્રકારના શિક્ષણમાં કોઈપણ જાતનો તર્ક કે પ્રશ્નો તો હતો જ નહી, માત્ર ગોખણપટ્ટી હતી. આ બધું જ શિક્ષણ માત્ર વિશ્વાસ પર ચાલતું આવી પરિસ્થિતિમાં કુદરતી રીતે જ વિજ્ઞાનના ક્ષેત્રમાં ભાગ્યે જ કોઈ પ્રગતિ જોવા મળતી. પુનરુત્થાનના સમયમાં થોડા પ્રયત્નો થયા હતા, પણ આનું કોઈ પરિણામ સાચા બૌદ્ધિકો સર્જનમાં જોવા ન મળ્યું. છતાં પાદરી અને મઠોના લોકોએ રોમન સાહિત્યની કેટલીક મુખ્ય કૃતિઓની નકલો કરવાનું અને સાચવી રાખવાનું કામ કર્યુ. આજે ઓછામાં ઓછું ૧૧ મી અને ૧૨મી સદીઓમાં શરુ કરેલા પુનરુત્થાનના આધાર તરીકે ખુબ જ ઓછા મહત્વના સર્જનનું અલ્પ પ્રમાણમાં કામ થયું. એવું જ બન્યું કલાના ક્ષેત્રોમાં છતાંય આ ક્ષેત્રમાં જે અજોડ શૈલીનો વિકાસ થયો

એ હતો હસ્તપ્રતોના ચિત્રણનો. એકંદરે એમ કહી શકાય કે આ યુગ દરમિયાન સમગ્ર યુરોપમાં માત્ર પૂર્વાધિકાર ધરાવતા લોકો સિવાય બીજા તમામ લોકો ભૂખની ભેખડ ઉપર જીવતા હતા. સાંસ્કૃતિક સિદ્ધિઓ ખૂબ જ ઓછી અને વેરણછેરણ હતી. આ વખતે યુરોપની સભ્યતા આજુબાજુના અન્ય ખંડો જેવા કે બીજાન્ટાઈન અને ઈસ્લામિક સમકાલીન સભ્યતા કરતાં પ્રમાણમાં પણ પછાત હતી. હકીકતમાં દસમી સદીના આરબ ભૂગોળશાસ્ત્રીના વર્ણન અનુસાર તે સમયના યુરોપના લોકો નિર્લજ્જ સ્વભાવના, સખત રીતભાતવાળા અને મંદબુદ્ધિના હતા.

દસમી સદીના સમયથી સમૃદ્ધિ અને સાપેક્ષ શાંતિએ લોકોના સાંસ્કૃતિક જીવનમાં જબરું પરિવર્તન આણ્યું. આ સમયમાં પ્રાથમિક શિક્ષણમાં અને સાક્ષરતામાં ફેલાવો થયો અને યુનિવર્સિટીઓ પણ શરુ થઈ. ગ્રીક અને લેટિન ભાષામાં જ્ઞાન મેળવવાના પ્રયત્નો પણ થયા, તેમજ આરબોની સભ્યતા વિશે પણ જ્ઞાન મેળવવાનું બન્યું. આ સમય દરમિયાન યુરોપમાં જ્ઞાનની પ્રગતિ જોવા મળી. આ હકીકત હવે પછીના આધુનિક યુગમાં જે બૌદ્ધિક વિકાસ થવાનો હતો, તે દિશામાં મહત્વનું પગલું હતું.

## પાઠ સ્વાધ્યાય ૨.૧

૧. સામંત અને તેના ખંડિયા વચ્ચેના કરારને લગભગ ૩૦ શબ્દોમાં સમજાવો.

૨. સર્ફ કોણ હતા ?

૩. નીચે આપેલાં વિધાનોને કારણો આપી સમજાવો.

(ક) ૧૦ મી સદીથી ૧૨ મી સદીના સમયગાળામાં વ્યાપાર ફરી વિકસ્યો અને ગામોમાં વસવાટ શરૂ થયો.

(ખ) ૧૩ મી સદીથી સામંતશાહી વ્યવસ્થા ઘટવાની શરુઆત થઈ.

(ગ) યુરોપમાં ૧૦ મી સદી પહેલા સાંસ્કૃતિક જીવન શિક્ષણ અને કલા દ્રષ્ટિએ એક સમૃદ્ધ કાળ હતો.

## ૨.૩ મધ્યયુગ દરમિયાન અરબ સભ્યતા

અરેબિયામાં મધ્યયુગમાં એક મહાન સભ્યતા ઉદય પામી. આ સભ્યતાએ સંસારનાં અધિકાંશ ભાગોને પ્રભાવિત કર્યા. જેથી ઈસ્લામ જન્મ પામ્યો. જે વિશ્વ ઈતિહાસની મહત્વપૂર્ણ ઘટના બની. અરબ સભ્યતા એકીકૃત રોમન સામ્રાજ્યના ત્રણ ઉત્તરાધિકારીઓમાંથી એક હતી. બીજી બે સભ્યતાઓ હતી બેન્જિનીયા અને પશ્ચિમ યુરોપની. આ બધામાં અરબ સભ્યતાએ વિશ્વની વસ્તીના મોટાભાગ પર અસર કરી. ઈસ્લામનો જન્મ આ યુગનો એક મહત્વનો વિકાસ હતો. અરબસ્તાન રણપ્રદેશનો એક દ્વીપકલ્પ છે. ઈસ્લામની સ્થાપના થઈ, ત્યારપહેલાં મોટાભાગના આરબો બેદુઈનો હતા. એટલે કે ઊંટ પર રખડતાં ટોળા હતાં. તેમના જીવનની રોજીરોટીનો આધાર હતો તેમના પ્રાણીઓનું દૂધ અને ખજૂર જેવી રણપ્રદેશની ઉપજ. સમગ્ર રીતે આ સ્થળનું આર્થિક જીવન તદ્દન પછાત હતું.


છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં લાંબા અંતરના વ્યાપારી માર્ગમાં થોડી ગતિ આવી. તેને લીધે અર્થવ્યવસ્થા પણ થોડી સુધરી. અરબસ્તાનના પડોશમાં બે પ્રભાવશાળી સામ્રાજ્યો રોમનો અને ઈરાનીઓ વચ્ચે યુદ્ધો થતાં રહયા. આ યુદ્ધોને કારણે આફ્રિકા અને એશિયા તરફ જતા કાફલાઓનો અરબસ્તાન વધુ સલામત માર્ગ હતો. આનાથી જેમને આ વ્યાપારનો ફાયદો થતો હતો. એવા

મહત્વના શહેરોને પ્રોત્સાહન મળ્યું. આ બધામાં મક્કા સૌથી વધારે મહત્વનું હતું. તે મોટા વ્યાપારી માર્ગોના જંકશન પર હતું. મકકાને સ્થાનિક ધાર્મિક મહત્વ પણ પ્રાપ્ત થયું. આનું કારણએ હતું કે અહીં કાબાનું પવિત્ર યાત્રાધામ આવેલું હતું. કાબા એ વખતે જુદીજુદી આરબ જાતિઓનું બંદગીનું કેન્દ્ર હતું. આદેવળ પર કુરેશ જાતિના લોકોનો અંકુશ હતો. જેણે મકકાના આર્થિક જીવનમાં ખૂબ જ શક્તિશાળી ભૂમિકા ભજવી. ઈસ્લામના સ્થાપક મહમદનો જન્મ ઈ.સ.૫૭૦ માં કુરેશ જાતિમાં મકકા મુકામે થયો હતો.

મહમદનો ઉછેર એના કાકાના હાથે થયો હતો. કારણ કે નાનપણમાં જ તે અનાથ થયો હતો. તેઓ મોટા થયા ત્યારે એક સમૃદ્ધ વ્યાપારી બન્યા હતા અને ખદીજા નામની એક વિધવાને ત્યાં નોકરીમાં રહયા હતા. પાછળથી તેમની સાથે તેમણે લગ્ન કર્યા હતા. ઈ.સ.૬૧૦ ની આસપાસ મહમદને એક ધાર્મિક અનુભવ થયો જેમાં તેમણે એવો અવાજ સાંભળ્યો કે અલ્લાહ સિવાય બીજો કોઈ દેવ છે જ નહીં, એ સમયમાં આરબો અનેક દેવીદેવતાઓને માનતા. આ અનેક દેવવાદ અથવા બહુદેવોની માન્યતાને બદલે એકતાવાદ અને એકેશ્વેરવાદ મહમદને થયેલા દૈવી અનુભવ પછી પ્રચલિત બન્યા. ત્યારપછી મહમદને અન્ય સંદેશાઓ પ્રાપ્ત થયા જે તેમણે સ્થાપેલા ધર્મનો આધાર બન્યા. નવા ધર્મને ઈસ્લામ તરીકે ઓળખવામાં આવે છે અને મહમદને પયગંબર ગણવામાં આવે છે. પ્રથમ તો તેમને કુરેશી જાતિમાં થોડા લોકો અને ખદીજા સિવાય કોઈ અનુયાયી મળ્યા નહીં.

દરમિયાન ઉત્તરના અન્ય શહેર યાથરીબના પ્રતિનિધિઓએ મહમદને સ્થાનિક હરિફો સાથે ચર્ચા કરવા આમંત્રણ આપ્યું. ઈ.સ.૬૨૨ માં મહંમદે તે સ્થાનમાં સ્થળાંતર કર્યું. આ પછી તેમને સતત સફળતાઓ મળતી રહી, અને તેથી આ સ્થાનાંતરને હિજરત એવું અરબી નામ આપ્યું. એ વર્ષ ઈસ્લામીક કેલેન્ડરનું પ્રારંભિક વર્ષ બન્યું. મહંમદ એ સ્થળના શાસક તરીકે પોતાની જાતને પ્રસ્થાપિત કરવામાં સફળ રહયા તેમણે એ સ્થળને નવું નામ આપ્યું મદીના. હવે પછી તેમણે સભાનતાપૂર્વક તેમના બદલાયેલા અનુયાયીઓની એક રાજકીય તેમજ સામાજીક જાતિ ઉભી કરી પછી પોતાના સંપ્રદાયનો મકકામાં ફેલાવો કરવા તેમણે કુરેશીઓના કાફલા ઉપર આક્રમણ કર્યું. કુરેશીઓએ નવા સંપ્રદાયનો સ્વીકાર્ય કર્યો. કાબા હવે ઈસ્લામ ધર્મના પવિત્ર ધામ તરીકે સ્થાપિત થયો. મકકાની હાર પછી સમગ અરબસ્તાનની અન્ય જાતિઓએ નવા સંપ્રદાયનો સ્વીકાર કર્યો.

ઈસ્લામ ધર્મના સિધ્ધાંતો ખૂબ સાદા છે. ઈસ્લામ શબ્દનો અર્થ થાય છે શરણાગતિ અને અવલંબન. એટલે કે ઈશ્વરની જ શરણાગતિ અને ઈશ્વરનું જ સંપૂર્ણ અવલંબન. આ સંપ્રદાયના અનુયાયીઓને મુસ્લિમ તરીકે ઓળખવામાં આવે છે. ઈસ્લામ એવું શીખવે છે કે ઈશ્વર માત્ર એક જ છે. મુસ્લિમો માને છે કે મહંમદ ઈશ્વરના છેલ્લા અને સૌથી મહાન પયંગબર છે. તેઓ યહુદીઓ અને ખ્રિસ્તીઓના પયંગબરોને પણ માન્ય રાખે છે. મુસલામાનો એ ન્યાયના કયામતના દિવસને માને છે, જયારે પવિત્ર લોકોને સ્વર્ગમાં શાશ્વત જીવન આપવામાં આવશે અને દુષ્ટ લોકોને શાશ્વત અગ્નિ અને રીબામણમાં નાખવામાં આવશે. પવિત્ર જીવન જીવવા માટે કુરાનમાં દર્શાવેલા વ્યવહારુ





પગલાં લેવા જોઈએ. કુરાન એ ઈસ્લામનું પવિત્ર પુસ્તક ગણાય છે. આ પગલાઓમાં નૈતિક્તા, દયા અને નિશ્ચિત ધાર્મિક ક્રિયાઓનો સમાવેશ થાય છે. જેમાં પ્રાર્થના, ઉપવાસ, મક્કાની યાત્રા અને કુરાનની આયાતોનું વારંવાર પઠન કરવાનું કહેવામાં આવ્યું છે. કુરાનથી પણ અધિક સુજાત અથવા પયંગબરના વચનો અને આદર્શો અથવા હદીસ અથવા પયંગબરના ઉપદેશનો અમલ મુસલમાનોએ કરવાનો હોય છે. ઈસ્લામમાં અલ્લાહ અને માણસ વચ્ચે કોઈ મધ્યસ્થી નથી તેમાં પુરોહિત પણ નથી. માત્ર ધાર્મિક વિદ્વવાન હોય છે જે ધર્મ અને ધાર્મિક નિયમો, કાયદાઓ પર વિવેચન કરે છે. ઈસ્લામ સર્વ કોઈને સમાનતાનો ઉપદેશ આપે છે. ઈસ્લામમાં યહુદી અને ખ્રિસ્ત્રી ધર્મ સાથે ઘણી સમાનતા જોવા મળે છે.

### ૨.૩.૧ સમાજ અને સંસ્કૃતિ :

આરબોનું તત્વજ્ઞાન પ્રાચીન ગ્રીક વિચારો પર આધારિત છે. ગ્રીક ફીલસૂફી સમજદાર તત્વજ્ઞાનીઓ દ્વારા ખેડાયેલી છે. આ તત્વજ્ઞાનીઓ તેમના તત્વજ્ઞાનને લગતા દર્શન ઉપરાંત કુદરતી વિજ્ઞાનોને જાણનારી નામાંકિત વ્યક્તિઓ હતી. તેઓ જ્યોતિશશાસ્ત્ર અને ઔષધશાસ્ત્રના જાણકાર હતા. તેમનું જ્યોતિશશાસ્ત્રનું જ્ઞાન ખગોળશાસ્ત્રના ચોક્કસ નિરીક્ષણ પર આધારિત હતું. ઔષધશાસ્તમાં તેમણે ખૂબ ચીવટથી ગ્રીક લોકોના ઔષધ ઉપરના લખાણોનો અભ્યાસ કર્યો હતો એટલું જ નહીં તેથી પણ આગળ વધ્યા હતા. ઈબ્નસીન પશ્ચિમમાં અવિસેન તરીકે જાણીતા હતા. તેણે શોધી કાઢયું હતું કે ટયુબરકયુલોસીસ ક્ષય રોગનો ચેપી રોગ છે. તેમજ જુદાજુદા પ્રકારની જ્ઞાનતંતની બિમારીઓ વિષે પણ વર્ણન કર્યુ છે. અબરાનીને પશ્ચિમમાં રાનીઝ તરીકે ઓળખવામાં આવે છે તે મધ્યયુગના વિશ્વનો જાણીતો વૈધ હતો તેણે ઓરી અને શીતળા વચ્ચેનો તફાવત શોધી કાઢયો. અન્ય અરબી તબીબોએ પેટના કેન્સરનું નિદાન કર્યુ અને ઝેરના કિસ્સામાં પ્રતિરોધક ઔષધનું વર્ણન કર્યુ. અરબસ્તાનના લોકોનું મહત્વનું લક્ષણ એ છે કે દવાખાના સંગઠનોમાં મધ્યકાલીન સંસ્કૃતિમાં તેઓ સૌથી ચડીયાતા હતા. ઈરાન સિરીયા અને ઈજીપ્તના મહત્વના શહેરોમાં ૩૪ દવાખાના હતા અને તે આધુનિક પદ્ધતિ અનુસાર ચાલતા હતા.

આરબો રસાયણ અને ગણિતમાં પણ આગળ વધેલા હતા. ભૌતિકશાસ્ત્રીઓએ દષ્ટિનું વિજ્ઞાન શોધી કાઢયું અને વેગ પ્રસારણો અને પ્રકાશના પ્રસારણો અંગે મહત્વના તારણો શોધી કાઢયા. રસાયણમાં આ લોકોએ જુદાજુદા નવા પદાર્થો અને સોડાના કાર્બોનેટ, ગંધક, સાજીખાર, નાઈટ્રીક અને સલ્ફ યુરીક એસિડ જેવા મિશ્રણો પણ શોધી કાઢયા. તેઓ નિસ્યંદન ગાળણ અને ઉર્ધ્વીકરણનો ખ્યાલ આપનાર પ્રથમ હતા. ગણિતશાસ્ત્રમાં આરબોનું સૌથી મોટું પ્રદાન હતું. ગ્રીક લોકોની ભૂમિતી અને ભારતીયોનું અંક હકીકતમાં ભારતીયોની અંક પ્રથાને આરબો દ્વારા એટલા વિશાળ પ્રમાણમાં ફેલાવો થયો કે પશ્મિના લોકોએ તેને અરબી સંખ્યા તરીકે ઓળખાવી. આ પ્રવર્તમાન જ્ઞાનના સહયોગીકરણથી આરબો અંકગણિત, ભૂમીતી અને ત્રિકોણમિતિમાં ખૂબ પ્રગતિ કરી શકયા.

| યૂરોપીય | 0 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અરબ-ભારતીય | ٠ | ١ | ٢ | ٣ | ٤ | ٥ | ٦ | ٧ | ٨ | ٩ |
| પૂર્વી અરબ- ભારતીય (પર્શિયન અને ઉર્દૂ) | ۰ | ۱ | ۲ | ۳ | ۴ | ۵ | ۶ | ۷ | ۸ | ۹ |
| દેવનાગરી (હિંદી) | ० | १ | २ | ३ | ४ | ५ | ६ | ७ | ८ | ९ |
| તમીલ | | ௧ | ௨ | ௩ | ௪ | ௫ | ௬ | ௭ | ௮ | ௯ |

**આકૃત્તિ ૨.૨ અંક પ્રણાલિ**

*અરબ સભ્યતામાં સાહિત્ય અને ખાસ કરીને કવિતામાં ખૂબ પ્રસિદ્ધ થયા. ઉમર ખ્યામની રુબાઈયતો છે. એક કવિતાની કૃતિ તરીકે આજે પણ યાદ કરાય છે. બીજા ક્ષેત્રોની માફક અરેબિકકળા બિમીટાઈન ઈરાન વગેરે શૈલીના સુંદર સમન્વય રજુ કરે છે. આરબ શિલ્પકળામાં મસ્જિદો, રાજમહેલો, લાયબ્રેરીઓ, હોસ્પિટલો વગેરેનો સમાવેશ થાય છે. તેના મુખ્ય લક્ષણો હતા ઘુમ્મટો, મીનારાઓ, કમાનો વગેરે. ટુકમાં એમ કહી શકાય કે જયારે પશ્ચિમ ઠીકઠીક પ્રમાણમાં લંગડાતું હતું ત્યારે આરબ સભ્યતા બૌદ્ધિક રીતે તેમજ કલાની દૃષ્ટિએ ટોંચ પર હતી. વિશાળ સામ્રાજ્યની સ્થાપનાને કારણે ભિન્નભિન્ન સભ્યતાઓના સંપર્કમાં આરબોને આવવાનું બ્ન્યું તેણે અરબ, ફારસી, તુર્ક, ભારતીય અને આફ્રિકા જેવા વિવિધ સમુદાયોને એકસાથે લાવવામા અને વિવિધ તત્વોવાળા એક શાનદાર સમુદયના નિર્માણમાં મદદ કરી. તેઓ પોતાની પાછળ મૌલિક શોધખોળો અને સફળતાઓનો એક શાનદાર વારસો મૂકતા ગયા છે.*

**મનોયત્ન ૨.૨**

*ભારતમાં તેમજ ભારતની બહારના દેશોમાં તમે જાયેલા કે પુસ્તકો/સામયિકોમાં જોયેલા એવા ૫ સ્મારકો જણાવો, જે અરબ સભ્યતાની સ્થાપત્યકલા દર્શાવતા હોય. અવાં ઐતિહાસિક સ્મારકોની અનોખી વિશેષતાઓ કઈ કઈ છે ? તે કયાં આવેલાં છે ? તેમને જોઈને તમને કેવા વિચારો આવ્યા ? આ સ્મારકોની જાળવણી માટે તમે કયા સૂચન કરો છો ?*

## ૨.૪ મધ્યકાલીન ભારતીય સભ્યતા

*આગળના પાઠમાં ગુપ્ત સામ્રાજ્ય અને હર્ષવર્ધનના શાસન વિશે તેમ વાંચ્યું છે. આ પછી આઠમી અને દસમી સદીઓ વચ્ચેનો પ્રલંબિત રાજકીય બિનકેન્દ્રીકરણનો કાળ શરુ થયો. જે દરમ્યાન સવોત્કૃષ્ટતા માટે જુદાજુદા રાજયો એકબીજા વચ્ચે સંઘર્ષ કરતા રહયા. ઉત્તરભારતમાં પલાશ પ્રતિહારો અને રાષ્ટ્રકૂટોના મુખ્ય ત્રણ રાજયો હતા. નાના રાજયોમાં રાજપુત વંશના ચૌહાણો,*

પરમારો, ગઢવાલો વગેરે હતા. દક્ષિણમાં ચૌલ વંશ હતો જે દેશના દ્વિપલ્કપ ભાગના મોટા ભાગના રાજ્યો પર સત્તા ધરાવતો હતો. રાજકીય સત્તાની આ સ્થિતિ ગીઝનીના મહમૂદને ચઢાઈ કરવા માટે અનુકુળ હતી. પશ્ચિમ અને મધ્યએશિયાના સફળ વિજય પછી મહમદ ભારત તરફ વળ્યો. ભારત પરની તેમની ચઢાઈઓ સપ્ટેમ્બર ૧૦૦૦ માં શરુ થઈ. ત્યારપછી તેને પંજાબ પર તેમજ કાશ્મીર અને પુર્વ રાજસ્થાન તેમજ ગંગાના મેદાનના ફળદ્રુપ પ્રદેશો પર આક્રમણો કર્યા જો કે મહમુદનો મુખ્ય આશય પુષ્કળ સંપત્તિ ભારતમાંથી ઘસડી જવાનો હતો નહિ કે દેશ પર તેનું રાજ્ય સ્થાપવાનો.

### ૨.૪.૧. રાજકીય ઘટનાઓ :

મહંમદની ચઢાઈઓ પછી તુર્ક લોકોના હુમલાઓ શરુ થયા. તુર્ક લોકોએ તેમનું રાજ્ય તેરમી સદી સુધીમાં ઉત્તરપ્રદેશમાં મોટાભાગના રાજ્યો પર પ્રસ્થાપીત કયુ. તુર્કી શાસકો સુલતાન તરીકે ઓળખાયા. તેમણે રાજધાની દિલ્હીમાંથી રાજ્ય કર્યુ અને એ રાજ્ય દિલ્હીથી સલ્તનત તરીકે ઓળખાયું. શકિતશાળી વંશો ખલજી અને તલઘખ એક પછી એક ગાદી પર આવ્યા. મોટભાગના શાસકોને મોગલોની ચઢાઈની ધમકીઓનો સામનો કરવાનો આવ્યો. અને તેથી જ તેમનો સામનો કેવીરીતે કયા પગલાં લઈને કરવો એ જ એમની ચિંતાનો વિષય રહેતો. દરમ્યાનમાં દક્ષિણમાં વિજયનગર અને બ્રહ્મણી સામ્રાજયો રાજકીય સર્વોપરીતા હાંસલ કરવા એકબીજાની હરીફાઈ કરી રહયા હતા. સોળમી સદીની શરુઆતમાં મોગલોના આગમનથી ભારતીય ઈતિહાસમાં નવો યુગ શરૂ થયો. રાજકીય દ્રષ્ટિએ એક એવા સમગ્ર ભારતના શાસનની સુદ્રઢતા જોવા મળી. જે આ પહેલાં કયારેય જોવા મળી ન હતી. રાજકીય એકતા શાંતિ અને સ્થિરતાને કારણે આર્થિક વિકાસ અને સમૃધ્ધિ જોવા મળી. સામાજીક અને સાંસ્કૃતિક દ્રષ્ટિએ આ યુગ જુદીજુદી પરંપરાઓના એક જાતનો સુમેળ હતો. આ પ્રકારના સંમિશ્રણથી સમાજજીવન ધાર્મિક વ્યવહાર અને માન્યતાઓ તેમજ કલાઓના સ્વરુપો જે પરસ્પર સહિષ્ણુતા અને સુસંવાદી સહઅસ્તિત્વ પર આધારીત હતા, તેનું સંશ્લેષણાત્મક સ્વરુપ જોવા મળ્યું.

આ દિલ્હી સલ્તનત અને મોગલ સામ્રાજય જેવા કેન્દ્રવર્તી સામ્રાજયની સમાન્તર કેટલાંક પ્રાદેશિક સ્વતંત્ર રાજ્યો પણ અસ્તિત્વામાં આવ્યા આમાંના કેટલાકં હતા બંગાળના ઈલીયાસાશાહી અને હુસીયત શાહી વંશો, આસામના ઓહમો, ઓરિસ્સાનો ગજપતિ વંશ, રાજસ્થાનના મેવાડ અને મારવાડ અને જોનપુરનો શર્કી વંશ. આ પ્રાદેશિક સ્વતંત્ર રાજ્યોના વંશોનો સમયમાં મજબૂત, પ્રાદેશિક અને પેટા પ્રાદેશિક ઓળખો જોવા મળી તેમજ તેમની ભાષાઓ, સાહિત્યો અને સંસ્કૃતિ પણ જોવા મળી.

### ૨.૪.૨ રાજકીય સંસ્થાઓ

તુર્ક અને મોગલોના આગમનથી સાર્વભૌમત્વ અને શાસનના નવા વિચારો પણ આવ્યા. પહેલું તો ઈસ્લામની રાજ્ય વ્યવસ્થામાં કોઈ સ્પષ્ટ અને કાયદેસરનું રાજાનું સ્થાન ન હતું. આ

વ્યવસ્થા સમાનતા વાળા સમાજ પર રચાયેલી હતી. પ્રારંભમાં તો સત્તા સુલતાનો અને શક્તિશાળી તૂર્ક અગ્રણી અથવા ઉમરાવ વચ્ચે વહેંચાયેલી હતી પણ બલ્બનના શાસનમાં સુલતાનની સત્તા નક્કી થઈ. એટલી હદ સુધી કે રાજયની અને વહીવટની પ્રત્યેક બાબત માટે સર્વસત્તાધીશ બની ગયો. તૂર્ક ઉમરાવોની સત્તા નોંધપાત્ર રીતે ઘટી ગઈ. મોગલોએ રાજાની સત્તા અને પ્રતિષ્ઠા અભૂતપૂર્વ સ્તરે સ્થાપિત કરી. મોગલ શહેનશાહ ભારતના શહેનશાહ તરીકે ગણાવા લાગ્યો.

દિલ્હીના સુલતાનો તેમજ મોગલો રાજય વહીવટની પદ્ધતિમાં કંઈક નવીનતા લાવ્યા. દિલ્હીના સલ્તનતના સમયમાં લશ્કરી અધિકારીઓને ઈક્તાદાર આપવામાં આવી. એટલે કે પોતાની તેમજ લશ્કરની જરુરીયાતો પૂરી કરવામાં આવી. ઈક્તાએ પ્રાદેશિક એકમ હતું. તેમછતાં તેમને આ ઈક્તા આપવામાં આવી. જમીનની માલિકી આપવામાં આવી ન હતી. પણ ઈક્તાની મહેસૂલી આવક પર અંકુશ મુકવામાં આવ્યો હતો. આ મહેસુલી આવકનો ઈક્તદારો ઉપયોગ કરી શકતા. એટલે કે પોતાની તેમજ લશ્કરની જરુરીયાત માટે તેનો ઉપયોગ કરી શકતા. ઈક્તાની બદલી થઈ શકતી. તેની પાસે એવી અપેક્ષા રાખવામાં આવતી કે આનો ઉપયોગ કરતા જયારે પણ જરુર પડે ત્યારે શહેનશાહને લશ્કરી સહાય આપવી. આમછતાં જમીન પરના અંકુશની આ પહેલાંની વ્યગસ્થા અને તેની મહેસૂલી આવકનું માળખું અને ગામડાની સ્થાવર મિકલતની પદ્ધતિ કોઈપણ જાતના અવરોધ વિના ચાલ રહી. મોગલોની શાહી પદ્ધતિ મનસબદારી અને જાગીરદારી પર આધારીત સરળ કાર્યશૈલી મુજબની કાર્યવાહી પણ ચાલુ રહી.

### ૨.૪.૩ અર્થવ્યવસ્થા

દિલ્હી સલ્તનત તેમજ મોગલ સામ્રાજય ખેડૂતોની ખેતીને લગતી વધારાની ઉપજ પર આધારીત હતા. જે મહેસુલના સ્વરુપમાં ખેંચવામાં આવતી હતી. મોગલ સામ્રાજયમાં ખાસ કરીને અકબરના શાસનકાળ માં દુરગામી પરીવર્તનો અને સુધારણા મહેસુલને ઉઘરાવવાની બાબતમાં કરવામાં આવી. હવે રાજય અને ખેડૂતો અથવા જમીનદાર જેવા સ્થાવરવર્ગો સાથે મનસ્વી સમજ અનુસાર મહેસુલ ઉઘરાવવામાં આવતું ન હતું. જમીનનું હવે માપ કાઢવામાં આવતું હતું. જમીનના નિશ્ચિત ભાવ અનુસાર મહેસૂલ નક્કી કરવામાં આવતું હતું. જમીનની ફળદ્રુપતાને પણ ગણતરીમાં લેવામાં આવતી. ઉપજનો રાજયનો હિસ્સો રોકડ કિંમતના આધારે અને બજારમાં પ્રવર્તતી કિંમતને પ્રમાણે ગણવામાં આવતો. રાજય મહેસુલની ચુકવણી રોકડમાં થાય એ માટે પ્રોત્સાહન આપતું. આ વખતે ખેતીના વ્યવસાયીકરણનો હતો અને રાજય રોકડીયા પાકના ઉત્પાદનને પ્રોત્સાહન આપતું હતું. રાજય ખેતીના વિસ્તૃતીકરણને પ્રોત્સાહન આપતું. અને એવા વિસ્તારોમાં ખેતી કરવા માટે પ્રોત્સાહન આપતું કે જે હજી સુધી બિનખેડાણ હોય અથવા જંગલોનો વિસ્તાર હોય. રાજય ખેતીમાં આગળ આવનારને માટે પ્રોત્સાહક બની રહેતું. રાજય તરફથી ખેડૂતોને લોન આપવામાં આવતી. તેમન પાક નિષ્ફળ જાય ત્યારે મહેસુલમા રાહત આપાતી.

વ્યાપાર અને વાણિજયમાં ગુપ્ત યુગ પછી પડતી થઈ હતી તેમાં પણ આ સમય દરમ્યાન પુનઃસજીવતા આવી. પડતીના નોંધપાત્ર સમય પછી શહેરી કેન્દ્રોનો વિકાસ થયો. આ નવા શહેરીકરણના લીધે તેરમી અને ચૌદમી સદીમાં આંતરદેશીય વેપારમાં વૃધ્ધિ થઈ આ શહેરી વિસ્તારને જોડતા રસ્તાઓ બાંધવામાં આવ્યા જેથી વ્યાપારમાં સવતલો વધી. દિલ્હી, આગ્રા, લાહોર, મુલતાન, ઢાંકા, અમદાવાદ, સુરત અને ખંભાત જેવા શહેરોનું મહત્વ વધ્યું. પંજાબમાંથી વેપારની ચીજો પશ્ચિમમાં અને મધ્ય એશીયાના બજારોમાં મોકલવામાં આવી. રાજકીય સ્થિરતાને કારણે અને મોગલોએ સ્થાપેલી શાંતિને કારણે સામ્રાજયના કોઈ પણ બે શહેરો વચ્ચે મુસાફરી કરવાનું સરળ બન્યું. દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ વેપારમાં વૃધ્ધિ થઈ. વેપાર કરનાર માણસોના પણ ઘણા વર્ગો હતા અને વ્યાપારી વ્યવહારો પણ ઉચ્ચ ધોરણવાળા તેમજ નિષ્ઠાવાળા હતા. શેઠો, વહોરાઓ અને મોદીઓ લાંબા અંતરના વ્યાપારો ખેડતા, જ્યારે વેપારીઓ અને વણિકો સ્થાનિક છૂટક વેપાર કરતા. વણજારાઓ એક વિશિષ્ટ વર્ગના વેપારીઓ હતા. જે મોટા જથ્થામાં સામાન અને ખાસકરીને અનાજનો જથ્થો લઈ જતા.

(ક) શરાફ અથવા શ્રોફ ચલણને બદલી આપનારા હતા. જેઓ વિનીમયના રુપમાં હુંડી અથવા બિલ આપતા. હુંડી જમા થયાનો એક પત્ર હતો જે પાછળની તારીખે વટાવી શકાય. આનાથી માલને દેશના એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવામાં સગવડતા વધતી હતી. અને તેથી પૈસાનો વ્યવહાર અંતર લાંબુ હોય છતાં નોંધપાત્ર રીતે સરળ બની જતો.

### ૨.૪.૪ સાંસ્કૃતિક અને ધાર્મિક જીવન

ધર્મ અને સંસ્કૃતિના ક્ષેત્રમાં મધ્યયુગ દરમિયાન મોટો સમન્વય જોવા મળ્યો. ભકિત અને સુફી પરંપરાની પ્રવૃત્તિઓ ધાર્મિક ક્ષેત્રના સારાં ઉદાહરણો છે. ભકિત પરંપરામાં સામાન્ય લોકોના રોજબરોજના જીવનમાં વ્યક્તિગત ભકિત દ્વારા ઈશ્વર સાથેના ઐકય પર ભાર મૂકવામાં આવ્યો અને તેથી તેઓ એકબીજાની ખૂબ નજીક આવ્યા. તેમાં કર્મકાંડ અને બલિદાનને બદલે પવિત્રતા અને ભકિત પર ભાર મૂકવામાં આવ્યો. તેણે જ્ઞાતિપ્રથાના અસ્તિત્વ માટે પડકાર ઊભો કર્યો અને બ્રાહ્મણોની સત્તા સામે પણ વિરોધ કર્યો. રામાનંદ, કબીર, રવિદાસ, મીરાંબાઈ, ગુરુનાનક, તુકારામ અને ચૈતન્ય જેવા ભકિત સંપ્રદાયના સંતોની સામાન્ય લોકોના મન પર ઊંડી અસર હતી અને તે આજે પણ ચાલુ રહી છે. હકીકતમાં આમાંના કેટલાક સંતોએ અનુયાયીઓનો મોટો વર્ગ ઊભો કર્યો. દાખલા તરીકે પંજાબના લોકો પર ગુરુ નામનકનો મોટો પ્રભાવ હતો. ગુરુનાનકના અનુયાયીઓએ શિખ ધર્મનો વિકાસ કર્યો અને આ ધર્મના અનુયાયીઓ શીખ તરીકે ઓળખાવા લાગ્યા. એ જ રીતે સૂફીસંતોએ પણ ભકિત અને પ્રેમ ઉપર ભાર મૂકયો. અને તે જ દેવી તત્વને સમજવાનો માર્ગ છે એમ જણાવ્યું. તેઓએ સહિષ્ણુતા અને અનુકંપાનો ઉપદેશ આપ્યો. તેઓ સાદું જીવન જીવતા અને સામાન્ય માણસોના દુઃખ અને ચિંતામાં ભાગ લેતા. પરિણામે હિન્દુ અને મુસલમાન એમ બંને ધર્મમાં સમુદાયો પર તેમની ઘેરી અસર હતી. સુફી અને ભકિત સંપ્રદાયના સંતો વચ્ચે સારો સમન્વય

હતો અને તેઓ ફિલસૂફીના વિચારોનું આદાનપ્રદાન કરતા. હકીકતમાં આ બંને પરંપરાઓ હિંદુ અને મુસલમાનો વચ્ચે સેતુંનું કામ કરતી.



**શું તમે જાણો છો**

કબીર કે દોહે

દુઃખ મે સુમીરન સબ કરે, સુખ મેં કરે ન કોય, જો સુખ મે સુમીરન કરે, તો દુઃખ કાહે કો હોય.''અર્થાત્,

''દુઃખમાં એને સૌ ભજે, સુખમાં ભજે ન કોઈ,

સુખમાં એને ભજીએ તો દુઃખ કયાંથી આવે ભાઈ''

**મનોયત્ન ૨.૩.**


તમારા રાજ્યમાં કે તમારી આસપાસના વિસ્તારોમાં વસનારા કોઈ કે સૂફી સંત - ફકીર વિશે વિગતવાર માહિતી ભેગી કરો. જો તેમનું કોઈ ધર્મસ્થાન (મંદિર/મસ્જિદ/જગ્યા) હોય તો ત્યાંની મુલાકાત લો. તમને શું જોવા મળ્યું ? લગભગ ૮૦-૧૦૦ શબ્દોમાં તમારો અનુભવ વર્ણવો.

ઓછામાં ઓછા ત્રણ ભક્તિમાર્ગી સંત કે સુફી સંત/ફકીરના ફોટા ભેગા કરો. તેમના વિશે અને તેમના ઉપદેશ વિશે જાણો. તેમના ઉપદેશોમાં તમને કોઈ સમાનતાઓ કે તફાવતો દેખાય છે ?

વિચારો અને તે દરેક વિશે ટુકમાં લખો. તમને શું શીખવા મળ્યું ? શું તમને એમના ઉપદેશો જીવનમાં ઉપયોગી લાગ્યા ? તમારાં કુટુંબ અને મિત્રો સાથે તેની ચર્ચા કરો.

ભાષા, સાહિત્ય, કલા, શિલ્પ અને સંગીત અને નૃત્ય જેવી કલાઓમાં પણ આ બંને પરંપરાઓનો સમન્વય જોવા મળે છે. ભાષા અને સાહિત્યના ક્ષેત્રમાં ફારસી અને સંસ્કૃત જેવી પ્રશિષ્ઠ ભાષાઓનો નોંધપાત્ર વિકાસ થયો પણ ખરો વિકાસ તો થયો પ્રાંતિય ભાષાઓનો હિન્દી, બંગાળી, ઉડીયા, રાજસ્થાની અને ગુજરાતી જેવી કેટલીક પ્રાદેશિક ભાષાઓમાં પુષ્ટતા જોવા મળી અને સાહિત્યીક કૃતિઓમાં તેનો ઉપયોગ થવા લાગ્યો. તુલસીદાસનું રામચરિત માનસ, મલિક મહેમુદ જેસીનું પદમાવત, માણીકદત્ત અને મુકુંદરામ જેવા બંગાળી કવિઓના મંગલ કાવ્યો, બંગાળીમાં અલાઓલની રચનાઓ તેમજ મરાઠીમાં એકનાથ અને તુકારામની રચનાઓ પણ આ સમય દરમ્યાન પ્રખ્યાત બની.

મધ્યયુગ દરમ્યાન કળા અને શિલ્પનો પણ વિકાસ થયો. મુગલોના શાસનમાં શાહી કારખાનાઓમાં ચિત્રકામ સતત ચાલુ રહેતું અને ચિત્રકારો સરકારના પગારદારો તરીકે કામ કરતાં. મોગલોની ચિત્રકળામાં ફારસી અને ભારતીય શૈલીનો સંપૂર્ણ સમન્વય જોવા મળે છે. કેટલેક અંશે આવું એટલા માટે બન્યું કે આ પ્રથાના કલાકારો રાજપુતોના ગુજરાત, માળવા વગેરેના પ્રદેશોમાંથી આવતા હતા. અને તેમની સાથે તેઓ તેમની પરંપરાઓને પણ સાથે લેતા આવતા. કેટલાક પ્રખ્યાત કલાકારો હતા દાસવંત, બાસવંત, મુકન્દ અને કેશવ. ફારસી કલાકારો જેવાં કે અબ્દુલસમદ અને સૈયદ અલીફારસી શૈલીના તત્વો પણ લઈ આવ્યા. મોગલ ચિત્રકામની છાપ હસ્તપ્રતોના ચિત્રણમાં પણ જોઈ શકાય છે.



ચિત્ર ૨.૪ કુતુબ મિનાર

મધ્યયુગ ભારતીય સાંસ્કૃતિક જીવનમાં જે મુગ્ધ કરનારી બાબત છે તે ભારતીય ઈસ્લામીક શિલ્પ સ્થાપત્યમાં દૃશ્યમાન થાય છે તેમાં ભારતીય સંશાધનો, તજજ્ઞતા પ્રતીકો, ડિઝાઈનોને ઈસ્લામીક શૈલીમાં મુખ્યત્વે તો ઈરાની શૈલીમાં આત્મસાત કરવામાં આવ્યા. મહેરાબ, ગુંબજ જેવી વિશેષતાઓમાં ઘંટ, કમળ અને કળશ જેવા પ્રતીકો પણ જોડી દેવામાં આવ્યા. કુતુંબમિનાર સલ્તનત અલાઈ દરવાજા અને ગ્યાસદીન તઘલખના મકબરા જેવા તઘલખ સમયના સ્મારકો દિલ્હીના સલ્તન્ત વખતની શિલ્પકળાના શાનદાર ઉદાહરણ છે. મોગલ સમયમાં ભારતીય ઈસ્લામીચાલી શૈલીને આત્મસાત કરવાની પ્રક્રિયા ચાલી છે. પંચમહાલ, બીરબલનો મહેલ અને ઈબાદત ખાના જેવા ફતેહપુર સિક્રીનાં સ્મારક, દિલ્હીમાં હુમાયુનો મકબરો, સિકંદરાબાદમાં અકબરનો મકબરો, આગ્રાનો ઈત્માદુદૌલાનો મકબરો, તાજમહાલ વગેરે મોગલ શિલ્પકળાના અદ્‌ભૂત નમુના છે.

## પાઠ સ્વાધ્યાય ૨.૨

૧. મક્કાનું મહત્વ વધવાના કારણો જણાવો.

૨. ઓછામાં ઓછા એવા પાંચ ક્ષેત્રો જણાવો, જેમાં આરબ સભ્યતાએ યોગદાન આપ્યું હોય.

૩. **ખાલી જગ્યા પુરો.**

(ક) દક્ષિણ ભારતના મોટાભાગના ઉચ્ચ પ્રદેશોમાં ...............વંશનું રાજ્ય હતું.

(ખ) ..............અને ..........વ્યવસ્થાના સરળ વહીવટ ઉપર મુગલ સામ્રાજ્યનો આધાર હતો.

(ગ) ..............એ નાણાંની લેવડદેવડ કરનારાઓ હતા જેઓ હુંડી .............દ્વારા વિનીમય કરતા.

(ઘ) ભક્તિમાર્ગમાં ઈશ્વર સાથે તાદાત્ય સાધવાનો રસ્તો ..........ધ્વારા હતો.

## તમે આટલું શીખ્યા

- મધ્યયુગને અંધાર યુગ ન કહી શકાય કેમ કે આ સમયગાળા દરમ્યાન જગતભરમાં વિવિધ ક્ષેત્રોમાં મહત્વનો વિકાસ અને પરિવર્તનો થયા.
- મધ્યયુગ દરમ્યાન યુરોપમાં પ્રવર્તતી સૌથી મહત્વની સામાજીક સંસ્થા હતી સામંતશાહી. તે એક સ્થાયી વ્યવસ્થા ન હતી. તેમાં પણ ચડતીપડતી ચાલ્યા કરતી.
- દસમી સદી પહેલાં યુરોપમાં સાંસ્કૃતિક સમૃધ્ધિનું સ્તર નીચું હતું. દસમી સદી પછી ત્યાંનું સાંસ્કૃતિક જીવન સમૃધ્ધ બન્યું. શિક્ષણ અને બૌધ્ધિક વિકાસ શરુ થયા.

- સાતમી સદીની આસપાસ મહંમદ પયંગબર દવારા એક નવા પંથ ઈસ્લામનો પ્રચાર કરવામાં આવ્યો. તેના સિધ્ધાંતો સરળ હતા.
- વિશ્વના ઘણા બધા ભાગોમાં ઈસ્લામ ફેલાયો.
- ઈ.સ. ૧૫૦૦ સુધીમાં તો ઈસ્લામી સંસ્કૃતિ અને સમાજ ઘણા ફેલાઈ ગયા. આ સમયે ઘણા સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક પરિવર્તનો જોયા.
- ભારતમાં તુર્કો અને મોગલોના આગમને લીધે સાર્વભૌમત્વ અને વહીવટી વ્યવસ્થાના વિચારો આવ્યા. વહીવટી વ્યવસ્થાઓમાં મનસુબાદારી જાગીરદારી અને ઈક્તા જેવી નોંધપાત્ર નવી વ્યવસ્થા ઉમેરાઈ.
- ભારતમાં મધ્યયુગ એ વિકાસનો સમયગાળો હતો.
- મધ્યયુગ દરમ્યાન ભારતના સામાજીક અને સાંસ્કૃતિક જીવનમાં વિવિધ પરંપરાઓનો સુભગ સમન્વય સધાયો.

## પાઠયાંત સ્વાધ્યાય :

૧. માનવ સમાજની ઉત્ક્રાંતિ સમજવા માટે મધ્યયુગનો અભ્યાસ કરવો શું કામ મહત્વનો ગણાય ?

૨. રોમન સામ્રાજયના પતન પછી પશ્ચિમ યુરોપના રાજનૈતિક અને આર્થિક જીવનમાં આવેલા પરિવર્તનો સમજાવો.

૩. મધ્યયુગ દરમ્યાન ભારતના અર્થતંત્રના મુખ્ય લક્ષણો જણાવો.

૪. ઈક્તાદારો અને મનસૂબાદારો વચ્ચેનો તફાવત સમજાવો.

૫. મધ્યયુગ દરમ્યાન આરબ સભ્યતા સંશોધનો અને સિધ્ધિઓની દ્રષ્ટિએ ઘણી આગળ વધી ગઈ. આ વિધાન સમજાવો.

૬. ઈસ્લામનો મુખ્ય બોધ શું છે ? લગભગ ૧૭૦ શબ્દોમાં લખો.

૭. સુફીવાદ અને ભકિતમાર્ગીય આંદોલનના મુખ્ય બોધ કયા કયા હતાં ? તેઓ હિન્દુઓ અને મુસલમાનો વચ્ચેની કડીરુપ કઈ રીતે બન્યા.

૮. કઈ રીતે મધ્યયુગની ભારતની સંસ્કૃતિમાં સંગીત અને સ્થાપત્યનો સુભગ સમન્વય થતો તે સમજાવો.

## પાઠ સ્વાધ્યાયના ઉત્તરો :

૧. જમીનદાર અને તેના ગણોતિયા વચ્ચે એક શાનદાર સમારંભ યોજીને કરાર થતો. ગણોતિયા તેના માલિકની સેવા કરવાના અને માલિકો તેમને રક્ષણ આપવાના શપથ લેતા.

૨. એ મધ્યયુગીય યુરોપના ખેડૂતો હતાં. જેઓ જમીનદારની સંપૂર્ણ સતા નીચે હતા અને તેથી, જમીનો સાથે કરારથી બંધાયેલા હતા.

૩ (ક) હા, ખેતીમાં ઉત્પાદન વધવાને લીધે હવે ખેડૂતો વધારાની ખેતપેદાશો વેચી શકતા અને દૂરસુદૂરથી વ્યાપાર દ્વારા લવાયેલી વસ્તુઓ ખરીદી શકતા.

(ખ) હા, મજૂરીમાં ઘટાડો થવાથી અને ટેકનોલોજીમાં સુધારો ન થવાને લીધે ખેતીમાં ઉત્પાદન ઘટી ગયું.

(૮) ના, શિક્ષણનો અધિકાર માત્ર વર્ગો સુધી જ મર્યાદિત હતો અને શિક્ષણ કરતાં અંધશ્રધ્ધા વધુ ફેલાયેલી હતી.

૨.૨.

(૧) મક્કા એક મહત્વનું સ્થળ બન્યું કેમ કે તે મહત્વના વ્યાપારી માર્ગોનું કેન્દ્રસ્થાન હતું. ઉપરાંત વિવિધ દેવતાઓ ધરાવતા જુના આરબસમાજનું તેમજ નવા ઈસ્લામ પંથનું પણ મુખ્ય ધાર્મિક સ્થળ હતું.

(૨) ખગોળશાસ્ત્ર, ચિકિત્સા શાસ્ત્ર, પ્રાકૃતિક વિજ્ઞાન સાહિત્ય ગણિત સ્થાપત્યકળા.

(૩) (ક) ચૌલ

(ખ) મનસુબદારી, જાગીરદારી

(ગ) શરાફ અથવા શ્રૌફ

(ઘ) વ્યકિતગત શ્રધ્ધા અને ત્યાગ

3

# આધુનિક વિશ્વ - ૧

૨૦ મી સદી સુધીમાં જે ઘટનાઓ બની તેને પણ આપણે જોઈશું. આગળના પાઠમાં આપણે યુરોપના મધ્યકાલીન સમાજના લક્ષણ એવી સામંતશાહી વિશે વાંચ્યું. આપણે એ પણ જોયું કે ૧૪ મીથી ૧૭ મી શતાબ્દીની વચ્ચેના સમયમાં યુરોપમાં સાંસ્કૃતિક અને બૌદ્ધિક જીવનમાં ખૂબ જ આંતરિક ફેરફારો થયા હતા. જેણે આધુનિક યુગમાં જવા માટે પ્રેરણા આપી. આ એવો નવજાગૃતિનો સમય હતો જેણે વિચાર અને તર્કને સામાજિક તથા રાજકીય ક્ષેત્રોમાં પ્રોત્સાહન પૂરૂં પાડયું, જેણે જીવનના પ્રત્યેક પાસાં પર ખૂબ અસર કરી. આપણે અગાઉ વાંચ્યું, તે પ્રમાણે બૌદ્ધિકતા અને વૈજ્ઞાનિક તપાસ અરબ જગતમાં શરૂ થઈ ચૂકી હતી. તો પણ યુરોપનો સમાજ ધર્મના યુગમાંથી તાર્કિક યુગમાં પલટાયો. એ એક વિશિષ્ટતા હતી, કારણ કે ભલેને આ પરિવર્તન યુરોપમાં થયું, પરંતુ તેનો પ્રભાવ સમગ્ર વિશ્વ ઉપર પડયો. આ પરિવર્તનથી સમાજવ્યવસ્થામાં વિઘટન (જુદા પડવાની પ્રક્રિયા) શરૂ થઈ ગઈ. આ પાઠમાં આપણે જેણે મધ્યયુગીન સમાજને આધુનિક વિશ્વમાં પલટી નાંખ્યું, એવાં કેટલાંક પરિવર્તનો વિશે ચર્ચા કરીશું.

## હેતુઓ :

આ પાઠ વાંચ્યા પછી તમે આટલું કરી શકશો :

- સામંતશાહીના વિઘટના માટેના જવાબદાર પરિબળોની યાદી કરી શકશો.
- નવજાગૃતિનાં લક્ષણો અને અર્થ સમજાવી શકશો.
- ધર્મસુધારણાનાં કારણો અને તેની અસરને સમજાવી શકશો.
- વિજ્ઞાનમાં થયેલા વિકાસને વર્ણવી શકશો.
- આ યુગની મુખ્ય વૈજ્ઞાનિક શોધખોળો તથા શોધખોળ માટેની મુખ્ય દરિયાઈ સફરોનો નિર્દેશ કરી શકશો.
- યુરોપ અને બાકીના વિશ્વ માટે ઔધોગિક ક્રાંતિના મહત્વને સમજાવી શકશો.
- અમેરિકન ક્રાંતિ અને ફ્રાન્સની ક્રાંતિના કારણો અને અસર વિશે સમજાવી શકશો.

- જર્મની અને ઈટાલીના રાષ્ટ્રીય એકતા જોડાણ માટેના સંઘર્ષની ચર્ચા કરી શકશો.
- સમાજવાદી વિચારોના વિકાસ અને રશિયન ક્રાંતિને સમજી શકશો.

## ૩.૧ સામંતશાહી વ્યવસ્થામાં વિઘટન

તમે મધ્યકાલીન યુરોપના સમાજની સામંતશાહી વ્યવસ્થા વિશે વાંચ્યું છે. મધ્યયુગના અંત સમયની આસપાસ આ પદ્ધતિમાં થયેલાં પરિવર્તનોની ફરી ઝાંખી કરી લઈએ. ૧૪ મી સદીની આસપાસ નવાં નગરો અને શહેરો અસ્તિત્વમાં આવ્યાં અને તેથી વ્યાપારમાં પણ નવી ચેતના આવી. વ્યાપાર અને નગરોના ઉદ્દભવની સાથે સામંતશાહી વ્યવસ્થા તૂટવા લાગી. નવાં વિકાસ પામેલાં નગરો ઉત્પાદનનાં કેન્દ્રો હતાં, જેનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા વહીવટ થતો. નવાં વિકસીત શહેરો સામંતશાહીનાં બંધનો અને અંકુશમાંથી મુક્ત હતાં, કારણ કે લોકો કોઈપણ સ્થળે જઈ શકતાં અને કોઈપણ વ્યવસાય સ્વીકારી શકતાં. શહેરો તરફ કારીગરો અને ખેડૂતો આવવા માટે આકર્ષાયા. આ શહેરોએ તેમને વધુ સમૃદ્ધ જીવન આપ્યું, એટલું જ નહીં, તેમને સામંતશાહીના શોષણમાંથી છોડાવ્યા પણ ખરાં.

બીજું, નગરો અને શહેરો ઘણા પાકો લેવા માટે પ્રોત્સાહન પણ પૂરું પાડયું, જેમાં રૂ અને શેરડી ઉત્પાદન માટે કાચી સામગ્રીરૂપે હતાં. ખેડૂતોને તેમના ઉત્પાદન માટે રોકડા પૈસા આપવામાં આવતાં. બીજી બાજુ ઉત્પાદિત કરેલો માલ પણ બજારમાં વેચાતો. આ બધાને કારણે રોકડ પૈસાની અર્થવ્યવસ્થાને પ્રોત્સાહન મળ્યું. જેમાં નાણું જ વિનિમયનું સાધન હતું. આના ઘણાં દૂરગામી પરિણામો આવ્યા, કારણ કે એ હતું કે જુદીજુદી ભોગવિલાસની સામગ્રી ખરીદવા માટે તેમને નાણાંની જ જરુર હતી. આ વિકાસનું પરિણામ એ આવ્યું કે જેના પર સામંતશાહી સમાજનો સંબંધ ઊભો હતો, એનો પ્રકાર જ બદલાયો અને અંતે તો આ માળખું જ નબળું પડી ગયું. ત્રીજું, વેપારીઓના વર્ગનો ઉદય થયો. આર્થિક રીતે સમૃદ્ધ એવા વ્યાપારીઓનો એક વર્ગ સામાજિક પરંપરામાં ઊંચા મોભાની આશા રાખતો હતો. કુદરતી રીતે જ તેમણે શક્તિશાળી રાજાઓને ટેકો આપ્યો અને સામંતશાહીના સામંતોની અવગણના કરી. આ અને આવાં અન્ય કારણોને લીધે

- ક્રાંતિએ તેના સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના સિદ્ધાંતો દ્વારા સમગ્ર વિશ્વ ઉપર પ્રચંડ અસર કરી.
- રાષ્ટ્રવાદના ઉદયથી ઈટાલી અને જર્મની જેવા દેશોના એકીકરણ માટે લાગણી ઊભી થઈ.
- નવા ઔદ્યોગિક વર્ગની સમસ્યાઓ અને ચિંતાઓની સમાજવાદી વિચારસણીનો ઉદય થયો.
- રશિયન ક્રાંતિ એવી એક સભાનતાનું પ્રકટીકરણ હતું. જેણે જગતના એક ભાગમાં પ્રથમ સમાજવાદી સરકારની સ્થાપના કરી.

## ૩.૨ નવજાગૃતિ

આધુનિક યુગમાં શ્રદ્ધાનો યુગ પૂરો થયો ને બૌદ્ધિક યુગની શરૂઆત થઈ. આ યુગમાં નવજાગૃતિ અને ધર્મસુધારણા જેવી ચળવળો નોંધાઈ. આ ચળવળો દ્વારા આખા વિશ્વના લોકોના જીવનમાં ઘણા સાંસ્કૃતિક, બૌદ્ધિક, ધાર્મિક, સામાજીક અને રાજકારણને લગતા પરિવર્તન થયા. આ સમયગાળામાંના શહેરીકરણ, ઝડપી વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર, લોકશાહી વ્યવસ્થા અને સમાનતા માટેના સમાન કાયદાઓ જેવા વિવિધ લક્ષણો પણ હતાં.

નવજાગૃતિ (રેનેસાં) નો સીધો શાબ્દિક અર્થ થાય છે. પુનર્જન્મ. તેની શરૂઆત ઈટલીમાં ઈ.સ.ની ૧૪ મી સદીમાં થઈ.તે વખતે ઈટલી નાના શહેરોમાં વહેંચાયેલું હતું. તેમાંના ઘણાં શહેરો પ્રાચીન રોમ સ્થાપત્યોના ખંડેરો પર ઊભા થયા હતા. વેનીસ જેવા ઈટાલીયન શહેરોના એવી મોકાની જગ્યાએ હતા જેને લીધે તેઓ વ્યાપાર અને બૌદ્ધિક આદાન-પ્રદાનના મહત્વના કેન્દ્રો બન્યા. વેપારીઓ સંપત્તિની સાથોસાથ દુનિયાભરમાંથી ઉત્તમ વિચારો પણ લેતા આવ્યા. રાજકારણ અને સામાજિક અને રાજકારણની સંસ્થાઓના આ નવા સ્વરૂપને લીધે રાજકારણ પણ સ્વતંત્ર વલણવાળુ બન્યુ અને એવા પોષક વાતાવરણનું નિર્માણ થયું જ્યાં સાંસ્કૃતિક શૈક્ષણિક અને કલાત્મકતાનો વિકાસ ઝડપથી થવા માંડયો. જ્ઞાન વધારવા માટેની તેમજ અન્ય પ્રવૃત્તિઓ માટે લોકોને વધુ નવરાશ મળવા માંડી.

આ સમયગાળો આર્થિક વિકાસનો પણ હતો. વેપાર-વાણિજય માટે ઘણી નવી પદ્ધતિઓ વિકસી, જેમ કે નામું લખવું, જાહેર ભાગીદારીઓ, હૂંડી તેને લીધે ઈટલી નવજાગૃતિ ચળવળનું કેન્દ્ર બન્યું. આ તબકકામાં આવેલા મહત્વના વ્યવહારો હતાં- શહેરીજીવનની નવેસરથી શરુઆત, ખાનગી મૂડી પર આધારીત વેપાર-વાણિજય, રાષ્ટ્રિય રાજ્યોનું નિર્માણ, નવાં જળમાર્ગો તેમજ જમીનમાર્ગો અને અન્ય વિસ્તારોની શોધ અને પ્રિન્ટીંગ પ્રેસ દ્વારા સ્થાનિક સાહિત્યનો ચોમેર ફેલાવો. વેપાર આધારિત આ નવી સમાજવ્યવસ્થા વધુ બિનસાંપ્રદાયિક હતી અને ઉચ્ચ હોદ્દાઓના ઓછા માળખા ધરાવતી હતી.

આ સમાજવ્યવસ્થા પહેલાની ગ્રામ્ય-પરંપરાગત સમાજવ્યવસ્થા કરતાં તદ્દન જુદી હતી. વિવિધ સાહસિકો અને ખોજીઓએ વૈશ્વિક અર્થવ્યવસ્થા ઊભી કરવામાં અગત્યનો ફાળો આપ્યો, કેમ કે આફ્રિકા તેમજ એશિયાખંડ સુધી પહોંચતા નવાં રસ્તાઓ શોધીને ત્યાંની ચીજવસ્તુઓ ખરીદવાનું શરૂ થયું. આ ચીજવસ્તુઓમાંથી યૂરોપીઅન લોકોનું જીવન વધુ સમૃદ્ધ બન્યું અને તેના લીધે આવી વસ્તુઓને વધુ મોટા જથ્થામાં બનાવીને નફો કરવા તેઓ પ્રેરાયા. પરિણામે, વેપારીઓ, ઉધોગપતિઓ અને બેન્કરો એકબીજાનો સાથ આપીને કામ કરવા લાગ્યા. 'મૂડી'નું સ્થાન મહત્વનું ગણાવા લાગ્યું.

સામંતશાહી વ્યવસ્થામાં પડેલા ભંગાણ અને નવા વિચારોના અંતઃપ્રવેશને કારણે નવજાગૃતિનો સમય આવ્યો. નવજાગૃતિ શબ્દનો અર્થ થાય છે પુનર્જન્મ. તેની શરૂઆત થઈ ઈટલીમાં ઈ.સ. ૧૩૫૦ થી જ્યારે લોકોએ ગ્રીસ અને રોમની પ્રશિષ્ટ સભ્યતાઓની સાંસ્કૃતિક સિદ્ધિઓમાં રસ લેવાનું શરૂ કર્યુ. નવજાગૃતિએ લોકોનાં વિચારોમાં ધરમૂળથી વિચારોમાં પરિવર્તન કરી નાખ્યું,

જે નવા વિચારોનો ફેલાવો થયો. તેમાં મુખ્યત્વે હતાં : માનવતા, બૌદ્ધિકતા અને ખોજની ભાવના. અન્ય દુનિયાની બાબતોની ચિંતા કરતા માણસની જ વધુ ચિંતા કરવાનું વિદ્વાનોએ જણાવ્યું. માનવતાવાદીઓએ તેમની એવી માન્યતા રજૂ કરી કે માનવની સર્જનાત્મક શકિત અને આ વિધિમાંથી જ આનંદની ખોજ કરવી એ વધારે મહત્વનું છે. તેણે મધ્યયુગીન ચર્ચની આસ્થાઓનો ઉચ્છેદ કર્યો. એ જ રીતે દુન્યવી આનંદમાંથી પાછા ફરવાની વાતને પણ નકારી. માનવોના અભ્યાસમાં જાગેલાં નવા રસને કારણે ભાષા, સાહિત્ય, ઈતિહાસ, નીતિશાસ્ત્ર વગેરેમાં નવીન ઉત્સાહ જાગ્યો. હકીકતમાં આ વખતમાં જ 'માનવતા' એવા શબ્દ નીચે એક નવી શાખાનો જન્મ થયો.



આકૃત્તિ - ૩.૧
લીઓનાર્ડો-દ-વીન્ચીનું ચિત્ર "મોનાલીસા"

માનવીયતાની ભાવના કલા અને સાહિત્યમાં પણ અભિવ્યકિત પામી. નવજાગૃતિની સૌથી મોટી સફળતા મળી ચિત્રના ક્ષેત્રમાં. ચિત્રકારોએ માનવ શરીરમાં અંગોનું આબેહૂબ ચિત્રણ કરવા માનવ શરીરશાસ્ત્ર (anatomy) નો અભ્યાસ કર્યો. આનો હેતુ હતો વાસ્તવિક ચિત્રણ કરવાનો. જે કેટલાક અતિ વિખ્યાત કલાકારો થઈ ગયા તે હતા : લિયોનાર્દો-દ-વીન્ચી, માઈકલ એન્જેલો, રાફેલ, બોટીસેલી. શિલ્પકલાના ક્ષેત્રમાં કલાકારો ઊભાં બાવલાં બનાવવા લાગ્યાં. પહેલા કરતાં જુદી રીતે શિલ્પો, મકાન અથવા પશ્ચાદભૂમિને બદલે કલાની જુદી જ કૃતિઓ તરીકે મૂકવા દેતા એક જુદી જ કલાકૃતિ તરીકે સૌથી પ્રથમ નવજાગૃતિ લાવનાર શિલ્પી હતો ડોનાટેલો. જેણે પશ્ચિમમાં ડેવીડનું પ્રથમ બાવલું બનાવ્યું.

નવજાગૃતિના સમય દરમિયાન યુરોપમાં રાષ્ટ્રવાદનો ઉદય થયો, કારણ કે રાજાઓ અને સામાન્ય લોકો બંને મધ્યયુગના ધાર્મિક નિયંત્રણો અને બંધનોમાંથી મુકત થવા માંગતા હતા. રાષ્ટ્રીય ઓળખ વધુ મજબૂત બની અને આ બાબત આધુનિક ઈટાલિયન, સ્પેનીશ, ફ્રેન્ચ, જર્મન, અંગ્રેજ જેવી ભાષાઓમાં થયેલો વિકાસ પ્રતિબિંબિત થાય છે. હવે લેખકો, કવિતા, નાટક, ગદ્ય વગેરે લખવા માટે લેટિન ભાષાની અવગણના કરી અને સ્થાનિક ભાષાનો જ ઉપયોગ કરવા લાગ્યા. આ યુગની કેટલીક પ્રખ્યાત કૃતિઓ હતી દાન્તેનું 'ડિવાઈન કોમેડી, ઈરેસ્મસનું, "ઈન પ્રેઈઝ ઓફ ફોલી", મેકાઈવલીનું "ધ પ્રિન્સ ડોન કિહોટે" પ્રિટીંગપ્રેસમાં વધુ નકલો છપાવાને લીધે અને સ્થાનિક ભાષાઓમાં સાહિત્ય મળતું હોવાને લીધે નવજાગૃતિકાળના લેખકોની કૃતિઓ વધારે લોકો સુધી પહોંચવા માંડી. ઘણાં લોકો બાઈબલ છાપવા તેમજ વાંચવા માંડયા.

નવજાગૃતિના આગલા તબક્કે યૂરોપના ઈતિહાસમાં બે નોંધપાત્ર પરીવર્તનો આવ્યા. પ્રોટેસ્ટન્ટ ધર્મસુધારણા એ પ્રથમ પરિવર્તન હતું, જેને લીધે ખ્રિસ્તી ધર્મના ફાંટા પડયા. બીજા પરિવર્તન રોમન કેથોલીક ચર્ચની પ્રવૃત્તિઓમાં આવ્યા, જેને કેથોલીક ધર્મસુધારણા એ સામાજિક-સાંપ્રદાયિક અને રાજકારણની પ્રવૃત્તિઓનો ભાગ હતી, જેને લીધે આધુનિક વિશ્વ ઘડાયું.

## પ્રવૃતિ ૩.૧

નવજાગૃતિ દરમ્યાન ઘણાં નવાં વિચારો ઉદ્ભભવ્યા, જેવા કે બૌધ્ધિકવાદ, માનવતાવાદ, ખોજ, પ્રયોગાત્મકતા અને તાર્કિક વિચારણા આ વિચારોના અર્થો શોધો અને તમારા રોજીંદા જીવનમાં કઈ રીતે જોડાય છે તે જુઓ.

## ૩.૩ ધર્મ સુધારણા

**ચર્ચાની સ્થિતિ :** મધ્યયુગીન કેથોલિક ચર્ચ વહેમો, લાંચ રુશ્વત અને પૈસા માટેના લોભ સાથે સંકળાયેલું હતું. ચર્ચમાં આગળ પડતાં સ્થાન જે સૌથી વધારે પૈસા આપે તેને વેચવામાં આવતાં હતાં. અથવા અનિયમિત સાધનોથી અપાતાં હતાં. બીજો દુરુપયોગ એ હતો કે પાપોમાંથી અને નરકમાંથી દંડ મુક્તિ અપાવવા માટે માફીપત્રોનું વેચાણ થતું. જે સમાજની મોટી બીમારી હતી. આ પ્રથા વધુ મજબૂત બનતી ગઈ. મૂળભૂત રીતે દાન કરવા બદલ તથા ધર્મયુદ્ધમાં જવા બદલ મુક્તિપત્રો આપવામાં આવતા. પણ પછીથી તો માફીપત્રોનું વેચાણ સ્વર્ગમાં જવા માટેનો પાસપોર્ટ બની ગયા. એનું વેચાણ એ માટે પણ થતું કે તેનાથી તત્કાલ થતી શિક્ષામાંથી બચી જવાય, માફીપત્ર એ એવો દસ્તાવેજ હતો કે જે ચર્ચના નિયમો અને સોગંદમાંથી મુક્તિ અપાવતો હતો. બીજો દુરપયોગ તો એ હતો કે પૈસા વડે પવિત્ર સ્મૃતિચિહ્ન માટે આદર દર્શાવતો. વહેમી ખેડૂતોને એ રીતે ભરમાવવામાં આવતા કે ચર્ચ પાસે અસલ ક્રોસ છે. લોકો લાકડાના ટુકડાને સાચા ક્રોસ તરીકે માની લેતા અને જોવા બદલ ફી આપતાં, કારણ કે તેઓ માનતા કે પવિત્ર સ્મૃતિચિહ્નો પાસે સાજા કરાવવાની શક્તિ છે. ચર્ચ વિશ્વાસ ઉપર જ વધુ ભાર મૂકતું અને નહિ કે તર્ક ઉપર, કારણ કે ભક્તોના પૈસા ચૂસી લેવાનું એ મોટું સાધન હતું. પોપ, બિશપ વગેરે ધાર્મિક પુરુષો હોવા કરતાં તો વધુ રાજદ્વારી મુત્સદ્દીઓ હતા અને તેમનો દેખીતો હેતુ માત્ર પૈસા બનાવવાનો જ હતો. દા.ત. ધર્માધિકરણ અથવા ન્યાયાલય દ્વારા ધર્મ વિરોધીઓને દંડ આપવા પાછળનો હેતુ ધન કમાવાનો જ હતો. ધર્મના વિરોધઓ અર્થ અહીં એવો હતો ચર્ચ દ્વારા નિર્ધારિત કરેલી માન્યતાઓમાં અવિશ્વાસ રાખવો અને તેનું પાલન કરવાનો ઈન્કાર કરવો. ચર્ચની આ રૂઢિવાદી માન્યતાઓ અને અંધવિશ્વાસથી ભરેલી માન્યતાઓનો વિરોધ કરનાર વ્યકત તેમની નજરે અધર્મી હતો. એવા અધર્મીઓને શિક્ષા કરવા માટે ધર્માધિકરણ તથા અદાલતની સ્થાપના કરવામાં આવી હતી. ધર્મ વિરોધીઓની સંપત્તિ જપ્ત કરીને માહિતી આપનારાઓ, તપાસ કરનારાઓ અને ચર્ચની વચ્ચે વહેંચી દેવામાં આવતી હતી.

નવજાગૃતિના નવા ઉત્સાહમાં એવી કોઈપણ માન્યતા સ્વીકારવામાં આવતી ન હતી જે તર્કની કસોટીમાંથી પસાર ન થઈ હોય. સ્વાભાવિક રીતે જ એવા લોકો પણ હતા જે ચર્ચની આ પરિસ્થિતિને સ્વીકારી કે સાંખી શકે નહી. શું તમે જાણો છો કે ઈ.સ.૧૫૧૭ માં માર્ટિન લ્યૂથર નામના એક જર્મન પાદરીએ કેથોલિક ચર્ચની આ સત્તાને પડકારી ?

તેના મત પ્રમાણે, ધાર્મિક સત્તાનો એકમાત્ર મૂળ સ્રોત હતું. બાઈબલ. તેનો એ મત હતો કે ચર્ચમાં આંધળો વિશ્વાસ મૂકવા કરતાં ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ રાખવાથી મોક્ષ મળી શકે. ચર્ચમાં ચાલતા અમુક વ્યવહારો (જેવા કે પૈસા આપીને અમુક હોદ્દો મેળવવો, દાન કરવા બદલ અને ધર્મયુદ્ધોમાં જવા બદલ મોક્ષપત્રો આપવા, આ મુક્તિપત્રોની હરાજી કરવી વગેરે- નો તેણે વિરોધ કર્યો. તેને જર્મન રાજકુમારોનો ટેકો મળ્યો, કેમ કે તેમને ચર્ચની સંપત્તિમાં રસ હતો પરંતુ ૧૫૨૧ ની ત્રીજી જાન્યુઆરીએ પોપ લીઓ દસમા દ્વારા તેને કાઢી મૂકવામાં આવ્યો કેમ કે તેણે ચર્ચની વિરૂદ્ધમાં પોતાનું લખાણ રોકવાની ના પાડી દીધી.



આકૃત્તિ - ૩.૨
મોર્ટેન લ્યૂથર

લૂથરના આ વિચારોએ પશ્ચિમમાં પ્રોટેસ્ટન્ટ ધર્મસુધારણાનસ શરૂઆત કરી દીધી જેથી ખ્રિસ્તી ધર્મ બે ફાંટાઓમાં વહેંચાઈ ગયો.-પ્રોટેસ્ટન્ટસ અને રોમન કેથોલીક્સ તેના મુજબ ખ્રિસ્તીઓએ મોક્ષપત્રો ખરીદીને નહી પરંતુ ઈસુ ખ્રિસ્તને અનુસરીને મોક્ષ પ્રાપ્ત કરવાનો હોય.

ઈંગ્લેન્ડમાં ધર્મસુધારણાની આ ચળવળ લ્યૂથરના વિચારોથી પ્રભાવિત હતી, અને તેમાં સીધી જ ધર્મસુધારણા ત્યારે આવી જ્યારે ત્યાંના રાજા હેન્રી ત્રીજાએ તેની પ્રથમ પત્ની એરોગોનની કેથેરીનને છૂટાછેડા આપ્યા.

રાજાના મુખ્યમંત્રી થોમસ ક્રોમવેલે સર્વોચ્ચ અધિકારના કાયદા બાબતે અને અરજીઓને કરવા બાબતે સંસદને ટેકો આપ્યો. આ ઘટનાએ ચર્ચ ઉપર રાજાની આગેવાની સ્થાપી. રાજાને એક સામાન્ય પ્રજાજન -એની બાલેયીન ને પરણવાની છૂટ મળી.

ધાર્મિક પુનરુત્થાન માટે ધર્મસુધારણાએ મોટો ખળભળાટ કરી મૂકયો. ખુદ કેથોલિક ચર્ચમાં જ સુધારણાવાદી ચળવળ શરૂ થઈ. આ ચળવળ 'પ્રતિ સુધારણા' તરીકે જાણીતી બની.

કેથોલિક ચર્ચને મજબૂત કરીને તેમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવો એ તેનું ધ્યેય હતું. તેની શરૂઆત સ્પેઈનમાં થઈ જ્યાં ઈગ્નેશીયસ લોયલે 'સોસાયટી ઓફ જીસસ' ની સ્થાપના કરી, જેણે પ્રભુસેવા, દાન, પવિત્રતા અને લોકસેવાના કાર્ય પર ભાર મૂકયો. માર્ટીન લ્યૂયરે પણ રાજા હેનરી

ત્રીજો હલ્ડીક ઝીંગલી અને જોન કાલ્વીન દ્વારા પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયનો યૂરોપના અન્ય દેશોમાં ફેલાવો કર્યો.

## સ્વાધ્યાય ૩.૧

૧. ખાલી જગ્યા પૂરો :

(એ) ................એ માનવોમાં રહેલી સર્જનાત્મકતામાં વિશ્વાસ વ્યકત કર્યો.

(બી) ઈગ્નેશીયસ લોયલે ............ની સ્થાપના કરી.

૨. સામંતશાહીની વ્યાખ્યા આપો. સામંતશાહીના કમ સે કમ બે લક્ષણો વર્ણવો.

૩. નવજાગૃતિના મુખ્ય વિચારો કયાં હતાં ?

૪. ચર્ચમાં ધર્મસુધારણા લાવનાર માર્ટીન લ્યૂથરના કોઈપણ બે બોધ વર્ણવો.


## ૩.૪ વિજ્ઞાનનો વિકાસ :

ધર્મસુધારણા વખત દરમિયાન વિજ્ઞાનના ક્ષેત્રમાં અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ. આપણે જોયું કે ધર્મસુધારણાના યુગમાં વિચારકોએ શ્રદ્ધા કરતાં બુદ્ધિ ઉપર વધુ ભાર મૂકયો હતો. તેઓએ પરંપરાઓમાં અંધવિશ્વાસ અને પ્રસ્થાપિત માન્યતાઓનો ઈન્કાર કરી દીધો. તેઓએ એ બાબત ઉપર ભાર મૂકયો કે જ્ઞાન નિરીક્ષણ અને પ્રયોગો દ્વારા પ્રાપ્ત થઈ શકે. આનું પરિણામ આવ્યું પુનર્જીવન પામેલો વૈજ્ઞાનિક શોધખોળોમાંનો રસ અને તપાસ, જે સદીઓ પહેલા લગભગ અદ્રશ્ય થઈ ગયા હતા. વિજ્ઞાનના ક્ષેત્રમાં ખગોળશાસ્ત્ર નોંધપાત્ર સિદ્ધિ એ ધર્મ સુધારણાના યુગનો મોટો બનાવ કહી શકાય. કોપર્નિકસ, કેપલર અને ગેલિલિયો એ ત્રણ મહાન ખગોળશાસ્ત્રીઓ આ સમયમાં થઈ ગયા. જેમણે એવી માન્યતા સાબિત કરવાનો પ્રયત્ન કર્યો કે પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે. 'ઓન ધી રિવોલ્યૂશન ઓફ ધી હેવનલી સ્ફીયર' એ પુસ્તકમાં કોપનીકર્સે એવી દલીલ કરી છે કે પૃથ્વી અને ગ્રહો તેમની ધરી ઉપર ગોળ ગોળ ફરતાં ફરતાં જ સૂર્યની આજુબાજુ ફરે છે. જો કે આ સિદ્ધાંત અપૂર્ણ હતો, પણ તેનાથી લોકો વિચાર અને તર્ક કરવા લાગ્યા. કેપલરે આ સિદ્ધાંતનો વિકાસ કર્યો અને દલીલ કરી કે ગ્રહોની ગતિ સૂર્યથી તેના અંતરના પ્રમાણમાં વધેઘટે છે અને પૃથ્વી અને બીજા ગ્રહો સૂર્યની આસપાસ અધ્યાહારી (Eliptical) ગતિ કરે છે. તેણે એવી પણ દલીલ કરી કે સૂર્ય અને ગ્રહોની વચ્ચેનું ચુંબકીય આકર્ષણ સ્વર્ગીય શરીરને ભ્રમણ કક્ષાની ગતિમાં રાખે છે. આ માન્યતાના સંદર્ભમાં આઈઝેક ન્યૂટને ગુરુત્વાકર્ષણ બળનો નિયમ શોધી કાઢયો. નવજાગૃતિ પહેલાંના સમયમાં એવું માનવામાં આવતું હતું કે સૂર્ય પૃથ્વીની આજુબાજુ ઘુમે છે અને જે કોઈ આની સામે પ્રશ્ન કે શંકા ઉઠાવે તેને નાસ્તિક માનવામાં આવતો. પોતે જાતે બનાવેલા દૂરબીન વડે ગેલિલિયોએ જ્યૂપીટરના ઉપગ્રહો, શનિની કક્ષાઓ અને સૂર્યમાં રહેલાં ચિહ્નો શોધી કાઢયાં. અને કોપર્નિકસ માન્યતાને સ્વીકારી નવજાગૃતિના વૈજ્ઞાનિકોએ કરેલી શરુઆતથી વૈજ્ઞાનિકોને જ્ઞાનના નવાં ક્ષેત્રોનાં નિરીક્ષણ અને પ્રયોગો માટે રસ્તો ખુલ્લો થઈ ગયો. ખોજ માટેના ઉત્સાહથી મજૂરી બચાવે તેવા યંત્રોએ ઔધોગિક ક્રાંતિ માટે મદદરૂપ બન્યાં. આ વિશે આપણે પછીથી વાંચીશું.

લીઓનાર્ડો દ વિન્સી જેવા કલાકારોએ વિજ્ઞાન અને કલાનું અદ્ભૂત સંયોજન કરીને માનવશરીર રચના તેમજ પ્રકૃતિના ઝીણા નિરીક્ષણો દર્શાવતા ચિત્રો દોર્યા. આ તબક્કે માનવ શરીરરચના અને તબીબી ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ મળી. એક સ્પેનીશ ડોકટર માઈકલ સર્વેટસે લોહીનું પરિભ્રમણ શોધ્યું. વિલીયમ હાર્વે નામના એક અંગ્રેજે લોહીના શુદ્ધિકરણમાં અને નસો દ્વારા લોહીનાં વહનમાં હદય શું ભાગ ભજવે છે તે શોધી નાંખ્યું. આમ, નવજાગૃતિકાળના વૈજ્ઞાનિકોએ જે શરૂઆત કરી તેના દ્વારા બીજી ઘણી જ્ઞાન-શાખાઓમાં નિરીક્ષણ અને પ્રયોગો માટે રસ્તા ખુલી ગયા. નવજાગૃતિ દ્વારા યુરોપના લોકોનાં અન્ય દેશો તથા ત્યાંના લોકો માટે જીજ્ઞાસા ઊભી થઈ. ચાલો આપણે જોઈએ કે આવું શી રીતે બન્યું.

## ૩.૫ નવાં દેશોની શોધ :

નવજાગૃતિની ભાવનાએ યુરોપના લોકોના મનમાં બીજા દેશો અને બીજા લોકો વિશે ખોજ કરવાની જિજ્ઞાસા જગાડી. આથી નવા દેશોની શોધ માટે નવાં સાહસોને પ્રોત્સાહન મળ્યું. એમ કહેવાય છે કે આ શોધોની પાછળ (God, Glory and Gold) ઈશ્વર, કીર્તિ અને સોનાનો જ મુખ્ય હેતુ હતો. જો કે સોનું અથવા આર્થિક જરૂરિયાત સૌથી મહત્વની બાબત હતી. ભૌગોલિક શોધખોળો પહેલાં યુરોપના લોકો તેજાના, રૂ, કીમતી રત્નો, રેશમ વગેરે દુનિયાના પૂર્વ ભાગમાંથી મેળવતા. પરંતુ તેઓએ આ વસ્તુઓના પુરવઠા માટે આરબ અને ઈસ્લામિક પ્રદેશમાંથી પસાર થવું પડતું, જે બહુ લાભદાયક નહોતું અને તેમાં અનિશ્ચિતતાઓ પણ હતી. આ રીતે તેઓએ અગ્નિ એશિયા સાથેનો સીધો દરિયાઈ માર્ગ શોધવા પ્રયત્નો કર્યા, તેમાં નફાકારક વેપારની સંભાવના હતી. જે લોકો આ શોધ કરવા નીકળ્યા તેમનો ઉદ્દેશ હતો બીજા લોકોને ખ્રિસ્તી ધર્મમાં વટલાવવાનો. તેમની દ્રષ્ટિએ આ બીજો હેતુ ઈશ્વરની સેવાનો પણ હતો. વધુમાં આ સાહસવીરો નવા દેશની શોધ કરીને કીર્તિ મેળવવા પણ ઈચ્છતા હતા. ભારતની શોધ કરનાર વાસ્કો-ડી-ગામા હતો, એ પણ આપણે જાણીએ છીએ. ભારતની શોધ કરવા નીકળેલા કોલંબસે ભારતને બદલે અમેરિકા શોધ્યો એની પણ આપણને ખબર છે, મેગલેન અને બાર્થોલોમ્યુ ડાયસ પણ જાણીતા શોધકો હતા.



આકૃત્તિ - ૩.૩ વાસ્કો-દ-ગામા

મહાન સાહસો અને દરિયાઈ સફરો રાજાઓ અને શ્રીમંતો દ્વારા પ્રયોજિત હતાં. આ મહાન રાજાઓમાં એક રાજા હતો પોર્ટુગલનો રાજા હેનરી જે 'હેનરી નેવીગેટર' તરીકે જાણીતો હતો. આ અભિયાનોમાં પરિણામરૂપે કંપાસ, ઉન્નતાંશમતક, ખગોળ કોષ્ટક અને નકશા બનાવવાની કળાઓ શોધાઈ. દરિયાખેડૂઓને આ ખૂબ ઉપયોગી હતા. દરિયાઈ સફરોમાં પરિણામો દૂરગામી હતા. હવે

વ્યાપાર વિષયક ધ્યાન ભૂમધ્ય સમુદ્ર તરફથી એટલાન્ટિક તરફ કેન્દ્રિત થયું. તમાકુ, ગોળ, મોલાસીસ, શાહમૃગનાં પીછાં, બટાટા વગેરે નવી જીવન જરૂરિયાતની ચીજો પણ ઉમેરાઈ. ગુલામોનો અમાનવીય વેપાર આફ્રિકામાંથી શરૂ થયો. ગુલામો ખરીદવામાં આવતા, તેમનો એટલાન્ટિક મહાસાગર દ્વારા અમેરિકામાં મોકલવામાં આવતા અને ઉત્તર અમેરિકાના બગીચાઓમાં તેમને મજૂરી કરવા માટે વેચી દેવામાં આવતા.

વેપારધંધાના આ વિકાસ અને નવા દરિયાઈ રસ્તાઓની શોધને લીધે યુરોપીઅન વેપારીઓ ખૂબ સંપત્તિ ભેગી કરી શકયા અને પરિણામે તેઓ એ ધનનું રોકાણ કરીને નવાં મશીનો બનાવી શકયા તેને લીધે ઔદ્યોગિક ક્રાંતિ થઈ, જેનાથી તેઓ વધુ સમૃદ્ધ અને સત્તાવાન બન્યા.

### પ્રવૃત્તિ ૩.૨

દુનિયાના નકશા ઉપર એ દરિયાઈ રસ્તાઓ દર્શાવો, જે વાસ્કો-દ-ગામા, ફરડીલન્ડ મેગ્લેન અને ક્રીસ્ટોફર કોલંબસે નવા સ્થળોએ જવા માટે શોધ્યા હતાં.

## ૩.૬ ઔદ્યોગિક ક્રાંતિ

તમે જાણો છો તે પ્રમાણે ભૌગોલિક શોધખોળ અર્થાત્ દરિયાઈ માર્ગોની ખોજ થવાથી આંતરરાષ્ટ્રિય વ્યાપારમાં ઝડપી વૃદ્ધિ થઈ. તેમાં સાથે જ યુરોપમાં નવા નગરો અને શહેરોનો વિકાસ થયો. વ્યાપાર તેમજ સંસ્થાનવાદને કારણે યુરોપના વ્યાપારીઓ અપાર ધન કમાયા અને તેઓ તેમની સંપત્તિ વધુ નફા માટે રોકવા પણ તૈયાર જ હતા, કારણ કે શહેરો વધવાને કારણે તૈયાર વસ્તુઓ માટેની માંગ પણ વધી હતી. આ રીતે મૂડીપતિઓએ નવું ઉત્પાદન ઝડપથી થઈ શકે તે માટે યંત્રોના વિકાસ માટે પણ પૈસાનું રોકાણ કર્યુ. જેથી વધુ નફો મળી શકે. ઉત્પાદન માટે જ્યાં માણસો અને પ્રાણીઓથી કામ લેવાનું શરૂ થયું. આને ઔદ્યોગિક ક્રાંતિ કહેવાય છે. ઈંગ્લેન્ડમાં ઈ.સ. ૧૭૫૦ માં તેની શરૂઆત થઈ.

ઔદ્યોગિક ક્રાંતિ ઈંગ્લેન્ડમાં થઈ એનું કારણ એ હતું. તેને માટે ઈંગ્લેન્ડ જ સૌથી વધુ અનુકૂળ સ્થળ હતું. ઈંગ્લેન્ડના વ્યાપારીઓએ દરિયાઈ વ્યાપારથી અઢળક સંપત્તિ ભેગી કરી હતી અને તેના સંસ્થાનોમાંથી તેમને કાચો માલ પૂરતા પ્રમાણમાં મળી રહેતા જે યંત્રો માટે ખૂબ જરુરી હતા.

નવાં પરિવર્તનો થયા, નવા મશીનો શોધાયા પરંતુ સમાજમાં અસમાનતા વધી ગઈ. આ વખતે સમાજ બે વર્ગોમાં વહેંચાઈ ગયો.- મૂડીપતિઓ (બર્ગસા) અને કામદારો (પ્રાલીટ્રેટ) આવતા પાઠમાં તમે ઔદ્યોગિક ક્રાંતિ વિશે વિગતવાર જાણશો.

### સ્વાધ્યાય ૩.૨

૧. સાચો જવાબ પસંદ કરો :

(એ) ભારત તરફનો દરિયાઈ માર્ગ કોણે શોધ્યો ?

(૧) બાર્થોલોન્યુ ડાયઝ (૩) વાસ્કો-દ-ગામા

(૨) કોલંબસ (૪) આમાંથી કોઈએ નહિ

(બી) નીચેના પૈકી કઈ ઘટના શોધ માટેની યાત્રાને આભારી નથી ?

૧) એશીયા અને આફ્રિકામાં યૂરોપીઅન કોલોનીની સ્થાપના

૨) યુરોપના વાણિજયનો વિકાસ

૩) કોલોનીઓની સમૃદ્ધિનો વિકાસ

૪) ગુલામોના વ્યાપારની શરૂઆત

૨. વિજ્ઞાનમાં નવજાગૃતિએ આપેલા કોઈપણ બે યોગદાન જણાવો.

૩. નવા દરિયાઈ માર્ગો શોધવામાં યૂરોપના લોકોને જે મદદરૂપ થઈ હોય, એવી ઓછામાં ઓછી ત્રણ શોધ જણાવો.

૪. ઔધોગિક ક્રાંતિને લીધે સમાજમાં આવેલાં મહત્વના પરિવર્તનો જણાવો.

## ૩.૭ ક્રાંતિઓનો યુગ :

૧૮૪૮ ની યુરોપીઅન ક્રાંતિએ પરંપરાગત સત્તાનો વિરોધ નોંધાવીને રાજકારણમાં મોટી ઊથલપાથલો સર્જી. રાજકારણી નેતાઓની નેતાગીરીમાં લોકોનો અસંતોષ વધ્યો અને તેમણે રાજયકારભારમાં વધુ ભાગ લેવાની માંગ કરવા માંડી. પ્રિટીંગ પ્રેસ દ્વારા સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના વિચારોનો ફેલાવો થવા માંડયો. રશીયા, ફ્રાંસ, ઈટલી, જર્મની અને અમેરિકામાં મહત્વની ક્રાંતિઓ થઈ. ગ્લોરીયસ ક્રાંતિ દ્વારા બ્રીટનમાં મોટું પરિવર્તન આવ્યું. અમેરિકાના સ્વાતંત્ર્ય-યુદ્ધ પછી અમેરીકન સંયુકત રાજયો અસ્તિત્વમાં આવ્યા અને રશિયામાં કામદારોની ચળવળ દ્વારા સમાજવાદી સરકારની સ્થાપના થઈ. આવી ઉથલપાથલો દ્વારા રાષ્ટ્રવાદની ભાવના ઘણાં રાજયોમાં વિકસી અને તેમાં ઘણાં ઉત્તમ વિચારો સામે આવ્યા.

હવે આપણે આ ક્રાંતિઓ વિશે જાણીશું.

### ૩.૭.૧ ગ્લોરીયસ ક્રાંતિ :(તેજસ્વી ક્રાંતિ)

વિશ્વમાં આજે બધે ક્રાંતિઓનો યુગ શરૂ થયો. તેના ઘણા સમય પહેલાં ૧૬૮૮ માં ઈંગ્લેન્ડમાં તેજસ્વી (ગ્લોરીયસ) ક્રાંતિ થઈ, જેના દ્વારા દુનિયાને ઘણી પ્રેરણા મળી. આ ક્રાંતિને તેજસ્વી ક્રાંતિ એટલા માટે કહે છે કે કેમ કે તેમાં સફળતા મેળવવા માટે કયાંય લોહી રેડવામાં આવ્યુ ન હતું. રાજા જેમ્સ બીજાએ તેના દેશના લોકોનું સમર્થન ગુમાવી દીધુ હતું.

આમ થવાનું કારણ લોકો પ્રત્યેનું તેનું કડક વલણ હતું. લશ્કર માટે થતા ખૂબ વધારે પડતા

ખર્ચાઓ અને સરકાર, લશ્કર તેમજ વિશ્વવિદ્યાલયોમાં થતી રોમન કેથોલિકોની ભરતીને લીધે લોકો રોષે ભરાયા હતા. સંસદ દ્વારા રાજા જેમ્સ દ્વિતીયને બરતરફ કરીને તેની પુત્રી મેરી દ્વિતીય અને તેના પતિ ઓરેન્જના રાજકુમાર વિલીયમ ત્રીજાને લેવામાં આવ્યા. જેન્સ દ્વિતીયની જગ્યાએ બંધારણીય સરકાર આવી. તેથી સાબિત થયું કે સંસદ પાસે રાજાને પણ ઉથલાવવાની સત્તા હતી.


### ૩.૭.૨ અમેરિકાનો સ્વાતંત્ર્ય સંગ્રામ

એ જાણવાની તમને મજા આવશે કે આજે આપણે જે રાજકીય અધિકારો ભોગવીએ છીએ તેમાંના અમુક અધિકારો તો ૧૫ મી સદીના અંતમાં થયેલી બે મહત્વની ક્રાંતિઓમાંથી સીધા જ ઉતરી આવેલા છે. તેમ નવા વિશ્વના ઘડતરમાં મહત્વનું કામ કર્યુ. આ બે ક્રાંતિઓ હતી અમેરીકન ક્રાંતિ અને ફ્રેંચ ક્રાંતિ. આ ક્રાંતિઓ દ્વારા લોકોએ તેમના હક મેળવ્યા અને શોષણનો અંત કર્યો.

૧૬ મી સદી સુધીમાં યુરોપના લોકો અમેરિકામાં સ્થિર થવા લાગ્યા. આમાં, મોટાભાગના એવા લોકો હતા ધાર્મિક દંડથી બચવા માટે અમેરિકામાં જઈને વસવાટ કરવા માંડયા હતા. અથવા તો એવા પણ લોકો હતા કે જે ધન કમાવા માંગતા હતા. થોડા સમય પછી ઈંગ્લેન્ડ ત્યાં વિદેશી તાકાતના રૂપમાં સૌથી વધુ શકિતશાળી બની ગયું. ઉત્તર અમેરિકામાં આવા લગભગ ૧૩ રાજ્યો હતાં. દરેક રાજ્યમાં એક વિધાનસભા હતી, જે સ્થાનિક પ્રશ્નોમાં પોતાના કાયદા બનાવતી, પરંતુ એ વિધાનસભા તે દેશની સરકારને આધિન હતી, જેનો તે એક ભાગ હતી. છતાં આ સત્તાધારી સંસ્થાનો તેમની માતૃભૂમિ ઈંગ્લેન્ડથી સંતુષ્ટ ન હતાં, કે અને ઈંગ્લેન્ડના કાયદાઓ સંસ્થાનોના આર્થિક હિતની વિરૂદ્ધમાં હતા. તેઓએ અંગ્રજોની સત્તા સામે પોતાને મુકત કરવા માટે જંગ શરૂ કર્યો. આને અમેરિકન ક્રાંતિ કહે છે, જેને માટે ઘણાં પરિબળો જવાબદાર હતાં.

૧૮ મી સદી સુધીમાં ફ્રાંસ અને ભારત સાથેના યુદ્ધ બ્રિટનને ઘણા મોંઘા પડવા માંડયા હતાં. આ યુદ્ધો લડવા માટે તેને પૈસાની જરૂર હતી, જે તેણે અમેરિકા રાજ્યો પાસેથી કર ઉઘરાવીને મેળવવા માંડયાં. બ્રિટનની સંસદે ૧૭૬૫ માં સ્ટેમ્પ એકટ પસાર કર્યો. તેના અનુસાર સરકારી દસ્તાવેજો, કરારો, ગીરોખત, છાપાઓ અને ચોપાનીયાઓ જેવા તમામ વેપારી કાગળિયાઓ ઉપર મહેસૂલ ઉઘરાવવામાં આવ્યું. આ મહેસૂલનો ઉપયોગ અમેરિકામાં રહેતા ૧૦,૦૦૦ બ્રિટીશરોની ટુકડીને પાલવવા માટે થતો. અમેરિકન રાજ્યો દ્વારા આ કાયદાનો વિરોધ કરવામાં આવ્યો. રાજ્યોના બંદરો ઉપર આવેલા શહેરોમાં ઉગ્ર રમખાણો ફાટી નીકળ્યા. રાજ્યોની સંસદોમાં સ્ટેમ્પ એકટ વિરુદ્ધ સંસદને આ વેરો પાછી ખેંચવાની ફરજ પડી.

જો કે સંસદે ચા ઉપરનો વેરો તો ચાલુ જ રાખ્યો. ૧૭૭૩ ની ૧૬ મી ડિસેમ્બરે કેટલાક ક્રાંતિકારીઓ રેડ ઈન્ડિયનોના વેશમાં ચાની પેટીઓ લઈ જતાં ઈસ્ટ ઈંડિયા કંપનીના ૩ વહાણો પર ગયા અને તેમણે ચા ની પેટીઓ દરિયામાં ફેકી દીધી. આ બનાવ ''બોસ્ટન ટી પાર્ટી'' તરીકે ઓળખાય છે. ત્યારપછી સંસદે બોસ્ટન બંદરને બંધ કર્યુ પણ અમેરીકાના સ્વાતંત્ર્ય સંગ્રામનો પાયો નંખાઈ ચૂકયો હતો.








અમેરિકાના ૧૩ સંસ્થાનોનાં પ્રતિનિધિઓએ ૧૭૭૪ માં ફિલાડેલ્ફીયામાં પ્રથમ ઉપખંડીય કોગ્રેસની મીટીંગ બોલાવી, અને ઈંગ્લેન્ડના રાજાને તેમની સંમત્તિ વિના કરવેરા ન નાંખવા અરજી કરી. તેમના આ પગલાને રાજાએ બળવાનું પગલું ગણ્યું અને તેથી તેમની સામે યુદ્ધ જાહેર કર્યુ પરિણામે લડાઈ થઈ. આખરે ૪ જુલાઈ, ૧૭૭૬ ના રોજ ફિલાડેલ્ફિયાની એક કોગ્રેસની મીટીંગમાં સ્વાતંત્ર્યની ઉદ્દઘોષણા થઈ, જેમા એક સહકારી યુનીયનની રચના અને બ્રિટનમાંથી મુક્તિની ઘોષણા કરવામાં આવી. આ ઘટનાએ આખા વિશ્વને પ્રેરણા આપી અને સમાનતા, જીવવાનો હક, સ્વતંત્રતા અને સુખની શોધ ઉપર ભાર મૂકયો. તેમના અધિકાર પત્રોમાં ઘણી બાબતોની સ્વતંત્રતા આપવામાં આવી, જેમ કે વાણી સ્વાતંત્ર, પ્રેસ, ધર્મ, કાયદાપ્રેરિત ન્યાય.

અમેરીકન ક્રાંતિ એક એવો સંગ્રામ હતો, જેના દ્વારા ૧૩ અમેરીકન સંસ્થાનોએ બ્રિટન સામે આઝાદી મેળવી અને અત્યારે અમેરીકાના સંયુકત રાજયો (યુ.એસ.એ.) તરીકે ઓળખાતા દેશને જન્મ આપ્યો.



## પ્રવૃતિ ૩.૩

કલ્પના કરો કે તમે છાપાના એક એવા રિપોર્ટર છો, જેણે બોસ્ટન ટી પાર્ટીની ઘટના જોઈ છે, તમે આ ઘટનામાં ભાગ લેનાર અમેરીકન ક્રાંતિકારીઓ, બ્રિટીશ ઓફિસરો અને આ ઘટનાને જોનારા ત્યાંથી પસાર થનારા લોકોને મળીને તેમના ઈન્ટરવ્યું લીધા છે. આ લોકોએ વર્ણવેલી ઘટના મુજબ તેને આધારીત એક લેખ લખો. તમારા પોતાના દ્રષ્ટિકોણથી શું બન્યું હશે તે દર્શાવતો લેખ પણ લખો.

### ૩.૭.૩ ફ્રેન્ચ ક્રાંતિ

૧૭૯૭ ની ફ્રાંસ ક્રાન્તિ અમેરિકાની ક્રાંતિ કરતાં વધુ ખળભળાટ કરી મૂકનારી હતી. ૧૮મી સદીનાો ફ્રાંસનો સમાજ અમીર વર્ગ, પાદરીઓનો વર્ગ તથા સામાન્ય લોકોનો વર્ગ એમ ત્રણ વિભાગમાં વહેંચાયેલો હતો. પહેલા બે વર્ગો એટલે કે અમીરોનો વર્ગ અને પાદરીઓનો વર્ગ વિશેષાધિકારો ભોગવનાર વર્ગ હતા. મહત્વનાં પદો પર તેમનો એકાધિકાર હતો અને તેઓ ઘણાં કરવેરાઓમાંથી મુક્તિ ભોગવતા હતા. ત્રીજા વર્ગના લોકોમાં ખેડૂતો, શહેરી કામદારો, મધ્યમવર્ગના લોકો, વ્યવસાયિકો વગેરે હતા. જેમના પર કરવેરાનો ભારે બોજો પડતો હતો. ખેડૂતોએ પૈસા લીધા વગર અમીરો માટે કામ કરવું પડતું અને કામ કરનારાઓ તેમના માલિકોની પરવાનગી વિના કામ છોડી શકતા ન હતા. એ જ રીતે ડૉકટરો, શિક્ષકો, વકીલો વગેરેની સ્થિતિ એ કરતાં પણ વધુ ખરાબ હતી અને સામાજિક સંગઠનોમાં તેમનું કોઈ સ્થાન ન હતું. આ પરિસ્થિતિનું પરિણામ એ આવ્યું કે લોકોના મનમાં ભારે અસંતોષ વ્યાપી ગયો હતો. ૨૦ વર્ષની ઉંમરનો ફ્રાન્સનો શહેનશાહ ૧૬મો સમયને ન ઓળખી શકનાર માણસ હતો. તે રાજ્ય વહીવટ કરતાં વધુ તો શિકારમાં રસ ધરાવતો હતો. તેના પર તેની પત્ની મેરી ઓટોઈનની ખુબ અસર હતી. આવી કટોકટીભરી સ્થિતિમાં તિજોરી

તળિયાઝાટક થઈ ગઈ હતી. જ્યારે રાજા દેવાળામાંથી બહાર આવવાનો પ્રયત્ન કરતો હતો. ત્યારે જ રાજ્ય બળવા તરફ ધકેલાઈ ગયું. લોકનો મર્યાદિત સરકારની સિદ્ધાંત, મોન્ટેસ્કનો સત્તાની વિભિન્નતાનો સિદ્ધાંત અને રૂસોના સામાજિક કરારનો સિદ્ધાંત ફ્રાન્સક્રાન્તિની પ્રેરણાનો આધાર બની રહ્યા. ૧૭૮૯ માં જ્યારે ૧૬મા લૂઈએ એસ્ટેટ જનરલની મિટિંગ બોલાવી ત્યારે ત્રીજી એસ્ટેટે સમાન કરવેરાની અને વિશેષાધિકાર રદ કરવાની માંગણી કરી. છેવટે ત્રીજી એસ્ટેટ ક્ષેત્રે પોતાને જ રાષ્ટ્રીય સભા તરીકે જાહેર કરી અને ફ્રાન્સને માટે નવા બંધારણની રૂપરેખા તૈયાર કરવાનું નક્કી કર્યું. નવા બંધારણમાં 'મનુષ્ય અને નાગરિકના હક્કોની જાહેરાત કરવામાં આવી.

૧૭૯૧ ના ફ્રાંસના બંધારણના આમુખમાં આ વિધાનને વણી લેવામાં આવ્યું તેમાં અમેરિકાની એ સ્વતંત્રતાની ઉદ્‌ઘોષણાની પ્રેરણા હતી, જેમાં તમામ માનવોની સમાનતા, સાર્વભૌમકત્વ અને સ્વતંત્રતા, સુરક્ષા, સંપત્તિ, શિક્ષણ, વાણી, માહિતી, ગરીબોને જાહેર સંપત્તિનો આધાર, ગુલામી પર પ્રતિબંધ, સરકારની લોકો દ્વારા પસંદગી તથા જાહેર કાર્યાલયોમાં નોકરી મેળવવા માટે તમામ લોકોની લાયકાત જેવા હકો સામેલ હતાં.

ફ્રાંસની ક્રાંતિ તથા નેપોલીયનના યુદ્ધો ૧૭૮૯ થી લઈને લગભગ ૧૫ વર્ષ સુધી ચાલ્યા અને ફ્રેંચ પ્રજાસત્તાકના નિર્માણમાં પરિણમ્યા. ફ્રેંચ ક્રાંતિએ યૂરોપના મધ્યયુગના માળખા તોડી નાંખ્યા અને સ્વાતંત્ર્યવાદ તેમજ રાષ્ટ્રિયવાદની ભાવના ઊભી કરી. ફ્રાંસની સરકાર, સંસ્કૃતિ, વ્યવસ્થા, લશ્કર અને સમાજમાં ધરમૂળથી પરિવર્તનો આવ્યા. આ ક્રાંતિકારીઓ રૂસો, વોલ્તરને મોન્ટેસ્કી જેવા વિચારકોએ વૈચારિક ભુમિકા પૂરી પાડી.


અમેરિકન સ્વાતંત્ર્ય સંગ્રામ અને ફ્રેંચ ક્રાંતિએ આખા વિશ્વમાં રાષ્ટ્રિયવાદની ભાવના ફેલાવી. આ ભાવનાએ ઈટલીને પણ પ્રભાવિત કર્યુ. જેને લીધે ઈટલીમાં પણ ૧૮૬૧ માં સંયુક્ત રાજ્ય માટે ક્રાંતિ થઈ.

## પ્રવૃત્તિ ૩.૪

નીચે ફ્રાંસ અને અમેરિકાના રાષ્ટ્રિય ધ્વજ આપેલાં છે.

તમારા મત મુજબ આ ઝંડાઓએ ફ્રેંચ ક્રાંતિ અને અમેરીકન સ્વાતંત્ર્ય સંગ્રામમાં શી ભૂમિકા ભજવી હશે ? તેમાંના આ જુદાજુદા રંગો શું સૂચવે છે તે શોધી નાંખો. શું તમને લાગે છે કે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ભારતના ધ્વજની આવી ભૂમિકા રહી હશે ?

અમેરીકાના નકશામાં દર્શાવેલા તારકોની સંખ્યા ગણો. એ તારણો શું સૂચવે છે ? આજના અમેરિકાના ધ્વજમાં આપેલા તારકોની સંખ્યા ગણો.



આકૃતિ ૩.૪ ફ્રેંચ ક્રાંતિ દરમ્યાન ફ્રાંસનો ધ્વજ




આકૃતિ ૩.૫ અમેરીકન સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન અમેરીકન ધ્વજ

### ૩.૭.૪ ઈટલીનું એકીકરણ


*૧૮મી સદીમાં ઈટલી રાજયોનો એક સમૂહ હતું, જેના દરેક રાજયોને પોતાનો રાજા અને પોતપોતાની પરંપરા હતાં. આ રાજયોમાં વેનેશીઆ, બે સીસલી, પેપલ રાજયો, સાર્ડીનીઆ, ટસ્કની વગેરે હતાં. મધ્યયુગ દરમ્યાન રાજકારણ તેમજ ધાર્મિક સત્તામાં પોપની સત્તા વધવા માંડી. પેપલ રાજયોમાં પોપે પોતાનું રાજય ચલાવવા માંડયું. તરત જ ઈટલીનું મહત્વ વધવા માંડયું. આ રાજયો વેપાર, રાજકારણ તેમજ બેકીંગના કેન્દ્રો બનવા માંડયા. તમે આગળ ભણી ગયા તેમ બીજા રાજયો કરતાં નવજાગૃતિના ગાળામાં ઈટલીનું મહત્વ વધી ગયું. ઘણા વર્ષોસુધી ફ્રાંસ અને પવિત્ર રોમન રાજય વચ્ચે ઈટલી રાજય કરવા બાબતે સંઘર્ષ ચાલતો રહયો. ૧૭૮૯ ની ફ્રેંચ ક્રાંતિએ ઈટલીના ઈતિહાસમાં અગત્યની ભૂમિકા ભજવી. ઈટલીના જે રાજયોએ પોતાના રાજયોમાં અસલામતી અનુભવી, તે રાજાઓ ફ્રાંસની વિરૂદ્ધમાં જનારા અંગ્રેજ રાજાઓની નજીક આવ્યાં. ફ્રાંસ પ્રજાસત્તાક બની ગયું તે પછી ઈટલી પ્રજાસત્તાક બનાવવાની તરફેણમાં આખા દેશમાં છૂપી બેઠકો થવા માંડી. ૧૭૯૬ થી ૧૮૧૪ માં જયારે યુરોપીઅન સત્તા સામે નેપોલીઅન બોનાપાર્ટ હારી ગયો ત્યારે ઘણા ઈટલીવાસીઓએ ઈટલીના સ્વાતંત્ર્યની શકયતાઓ ઊભી થયેલી જોઈ.*

*મઝ્ઝીની અને ગેરીબાલ્ડી જેવા ક્રાંતિકારીઓએ બીજા ખાનગી સંગઠનો સાથે મળીને ઈટલીની પ્રજામાં સ્વતંત્ર સંયુકત પ્રજાસત્તાકની ભાવનાને જીવતી રાખી. ૧૮૪૯ થી વિકટર ઈમેન્યુઅલના રાજયો-પીડીમોંટ-સર્ડાનીઆએ આ એકીકરણમાં અગત્યનો ભાગ ભજવ્યો. એ વાત અગત્યની છે કે ઈટલીની સ્વતંત્રતામાં એક રાજાએ આગેવાની લીધી. તેની આગેવાનીમાં પ્રધાનમંત્રી કેવરે લોંબાર્ડી, મોડેના, ટસ્કની જેવા રાજયોમાંથી ઓસ્ટ્રેયનોને ભગાડી મૂકયા. ગેરીબાલ્ડીએ બળવો કરાવીને સીસલી અને નેપલ્સને આઝાદ કર્યા. તેણે એ બે રાજયોને ઈમ્યુસલ રાજાને સુપરત કર્યા અને તેને ઈટલીનો રાજા ઘોષિત કર્યો. પછીના તબકકે રોમ અને વેનેશીઆ પણ ઈટલીના રાજયોમાં જોડાઈ*

ગયા. ઈટલીના એકીકરણની પ્રક્રિયા ૧૮૧૫ માં વીયેનાની કોંગ્રેસ દ્વારા શરૂ થઈ, જેનો અંત ૧૮૭૧ માં ફ્રાંસ્કો-પ્રર્શીયન યુદ્ધથી આવ્યો.

### ૩.૭.૫ જર્મનીનું એકીકરણ

૧૮૧૫ માં નેપોલીયન હારી ગયા પછી ઘણાં જર્મનો એક સ્વતંત્ર જર્મની ઈચ્છતા હતાં. જર્મનીએ ઓસ્ટ્રિયા અને પ્રર્શિયાની આગેવાની નીચે ૩૯ નાના રાજ્યોનું સંગઠન હતું. આ રાજ્યો હંમેશા એકબીજા સાથે લડતા રહેતા, જેનેલીધે જર્મનીના આર્થિક વિકાસ પર માઠી અસર પડતી. પ્રસીયાના રાજા વિલીયમ પહેલાએ ફ્રાંસ તથા ઓસ્ટ્રિયાને તદ્દન બાકાત રાખીને જર્મનીને પ્રસિયામાં ભેળવી દેવાના કામ માટે તેના મંત્રી બિસ્માર્કની પસંદગી કરી. બિસ્માર્ક હિંમતવાળો હતો અને તેને જર્મનીના એકીકરણની તાતી જરૂર દેખાતી હતી. તેણે લશ્કરના આધુનિકીકરણ અને કરવેરામાં રાહતની શરૂઆત કરી.



આકૃત્તિ - ૩.૬
સાટ્ટો વોન બિસ્માર્ક

તેની નીતિને લોહી અને લોખંડની નીતિ કહે છે, જેને લીધે તેને લોખંડી સુધરેલા લશ્કર સાથે બિસ્માર્કે શેલ્ઝવીગ અને હોલસ્ટેઈનની જર્મન પ્રજાને તેમના રાજા ડેન્માર્કની વિરૂદ્ધમાં બળવો કરવા પ્રોત્સાહિત કર્યા. ૧૮૬૪ માં બિસ્માર્કે ડેન્માર્કની વિરુદ્ધમાં જવા ઓસ્ટ્રિયા સાથે સમજુતી કરી. બિસ્માર્કનું આગલું નિશાન હતું ઓસ્ટ્રિયા પર્શિયાએ ઓસ્ટ્રિયાને હરાવ્યું અને ઉત્તર જર્મની સંગઠનની સ્થાપના કરી. બિસ્માર્કે ઈટલીના વેનીસ પ્રાંતને વચન આપ્યું અને તેને યુદ્ધથી બહાર રાખ્યો. ઓસ્ટ્રિયાને વેનીસ ઈટલીને સોંપવાની ફરજ પડી જેને લીધે ઈટલીમાં ઓસ્ટ્રિયાના રાજયનો અંત આવ્યો.

નેપોલીયન ત્રીજાને તેણે સાલિયાણુ આપવાનુ વચન આપ્યુ હતું, જે તેણે યુદ્ધ પછી પણ પાળ્યું. તેણે રશિયાના રાજયમાં આવેલા પોલેન્ડમાં ઉઠેલા બળવાને દબાવવામાં રશિયાની મદદ કરીને પહેલેથી જ રશિયાનો ટેકો જીતી લીધો હતો.

જર્મનીમાં પ્રસીયાના રાજ્યોની આડે માત્ર બે અવરોધો હતાં : દક્ષિણ જર્મનીના ચાર નાના રાજ્યો અને ફ્રાંસના નેપોલીયન ત્રીજાની નામંજુરી પરંતુ બે દેશો વચ્ચે મતભેદ થવાને લીધે ફ્રાંસને પર્શિયા સાથે યુદ્ધ જાહેર કરવું પડયું. આ યુદ્ધ સાવ ટુંકાગાળાનું રહયું. ૧૮૭૧ માં પર્શિયાએ ફ્રાન્સ પર ચડાઈ કરી અને ફ્રાંસને હરાવ્યું. નેપોલીઅન ત્રીજાએ સત્તા છોડી અને અલ્સેક તથા લોરેઈનને જતા કર્યા. ઓસ્ટ્રિયા સિવાય બાકીના જર્મન રાજ્યોને જર્મનીમાં ભેળવી દેવામાં આવ્યા. કૈસર વિલીયમ પ્રથમના સમયમાં સમગ્ર જર્મનીનું જોડાણ થયું, ટૂંકસમયમાં જર્મની યુરોપમાં એક આગળ પડતી સત્તા બન્યું અને જર્મનીની આર્થિક સદ્ધરતા વધારીને આખા વિશ્વમાં એક શકિતશાળી સત્તા તરીકે સામે આવ્યું.

### ૩.૭.૬ તમે એ વાંચ્યુ કે

ઔધોગિક ક્રાન્તિએ સમાજમાં બે વર્ગને ઊભા કર્યો. શ્રીમંતો અને કામદારો. કામદારો ગરીબો અને શોષિતો હતા અને તેમને કોઈ હક્કો ન હતાં. કેટલાક લોકો એવું વિચારવા લાગ્યા કે સમાજ આર્થિક રીતે સમાનતા પર આધારિત હોવો જોઈએ. આ બાબતમાં ફ્રાંસની સમાનતા અને બંધુતાની વિચારસરણીએ સમર્થન આપ્યું. સમાન સમાજની સ્થાપના માટે પ્રયત્ન કરનાર સમાજવાદી વિચારસરણી હવે મૂળ નાખવા માંડી.

સમાજવાદનો ઉદય ઘણા તબક્કાઓમાંથી પસાર થયો. ફ્રાંસમાં બાલ્યુફે એવા સમાજની સ્થાપના કરી. જેને, 'સમાનોનો સમાજ' એવું નામ આપવામાં આવ્યું અને તેણે સમાજની અસમાનતાને પડકારી. ૧૯મી સદીમાં સેંટ સેમસન, ચાર્લ્સ ફોરિયર અને રોબર્ટ ઓવેનને કલ્પનાવાદી સમાજવાદીઓ તરીકે ઓળખવામાં આવ્યા. તેમને એટલા માટે કલ્પનાવાદી કહેવામાં આવતા હતા કે તેઓ સમાન સમાજ માટે જે પદ્ધતિ અપનાવવા માંગતા હતા તે અવ્યવહારુ અને બિનઅસરકાર હતી. શરૂઆતના સમાજવાદીઓનો પ્રભાવ અન્ય દેશોમાં પણ ફેલાયો. પણ સૌથી વધુ શકિતશાળી અને પ્રભાવશાળી સમાજવાદ હતો-વૈજ્ઞાનિક સમાજવાદ. આ રજૂઆત કરનાર હતો કાર્લ માર્ક્સ અને તેનો સાથીદાર ફ્રેડરિક એન્જલ્સ. માર્ક્સના વિચારો 'કોમ્યુનિસ્ટ મેનીફેસ્ટો' અને 'દાસ કેપિટલ' પુસ્તકોમાં જોવા મળે છે. આ પુસ્તકો માર્ક્સ દ્વારા લખાયેલા હતાં. સમાજવાદીઓને માટે આ પુસ્તક બાઈબલ બની રહ્યું છે. માર્ક્સનું તત્વચિંતન ઈતિહાસનાં આર્થિક અર્થઘટન પર આધારિત છે. તેણે એ વાતનો નિર્દેશ કર્યો છે કે તમામ સમાજોનો ઈતિહાસ સંઘર્ષનો ઈતિહાસ છે. તેણે સ્પષ્ટ કર્યુ કે મૂડીવાદીઓ હંમેશાં ગરીબોની રોજીરોટીમાં કાપ મૂકીને તેમનો નફો વધારવાનો જ પ્રયત્ન કરે છે. જે માત્ર સંઘર્ષમાં જ વૃદ્ધિ કરે છે. તેણે એવી આગાહી પણ કરી કે આ પ્રકારનો સંઘર્ષ મૂડીવાદનો નાશ કરશે અને સમાજમાં 'પ્રોલીટ્રેટ' એટલે કે કામદારોની સરમુખત્યારી સ્થપાશે. તે મુજબ ઉત્પાદનનાં સાધનોની માલિકી રાજયના હાથમાં આવી જશે.

આનું પ્રથમ વ્યવહારિક ઉદાહરણ હતું. રશિયન ક્રાંતિ જેણે વિશ્વમાં પ્રથમ વાર સમાજવાદી સરકારની શરૂઆત કરી. રશિયા ઔધોગિક રીતે પછાત હતું અને ખેતીપ્રધાન અર્થતંત્ર ધરાવતું હતું. રશિયાનો ઝાર એક આપખુદ રાજા હતો. ખેડૂતો તથા કામદારોને બહુ શોષણ સહન કરવું પડતું. ૧૯૦૫ ની ક્રાંતિ દ્વારા ડુમાની રચના થઈ, જે એક બંધારણવાળી રાજયવ્યવસ્થા હતી. જેમાં ખેડૂતો, ગ્રામ્યવાસીઓ અને ના પ્રતિનિધિઓ હતા. ૧૯૦૫ ની આ ક્રાંતિ પછી પણ નાગરિકોના હક્કો અને લોકશાહીના તત્વો મર્યાદિત રહ્યા, જેને લીધે ક્રાંતિની ભાવના ચાલુ રહી.

૧૯૧૭ માં રશિયામાં બીજી ક્રાંતિ આવી. આવું એટલે બન્યું, કેમ કે ઝાર નિકોલસ દ્વિતીયના આપખુદ રાજય અમલમાં ખેડૂતો, કામદારો અને બાકીના લોકો માટે પણ જીવન બહુ દુષ્કર બની ગયું હતું. અમાનવીય પરિસ્થિતિમાં કરવું પડતું કામ અને પુષ્કળ કરવેરાઓને લીધે લોકો તેના વિરોધી બન્યા. લોકોને રાજકીય હકો પણ મળતા નહીં. રાજકીય ફાયદા માટે રશિયા પ્રથમ વિશ્વયુદ્ધમાં પણ પડયું હતું. પરંતુ ત યુદ્ધમાં ભાગ લેવા સક્ષમ નહોતું. સાઈબીરીયાના ઠંડા પ્રદેશમાં લડવા જતા

સૈનિકો પાસે પૂરતા ગરમ કપડા ન હતા તેમજ યુદ્ધ કરવાના સાધનો પણ અપૂરતા હતા, જેને લીધે પ્રથમ વિશ્વયુદ્ધમાં સેંકડો રશિયન સૈનિકો મૃત્યુ પામ્યા. ઘણાં કારીગરોને લશ્કરમાં જોડાવાની ફરજ પડી અને અંતે તેઓ મૃત્યુ પામ્યા. ઝાર નિકોલસ દ્વિતીયના અમાનુષી વ્યવહારોને લીધે કુલીન વર્ગ પણ તેનાથી નારાજ હતો. દેશમાં દુકાળ પડવાને લીધે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ. લશ્કર પાસે શસ્ત્રો ન હતા, શહેરોમાં લોકો પાસે ખોરાક હતો અને ખેડૂતો જે પકવતા તેમને યોગ્ય વળતર મળતું નહીં. દરમ્યાન સરકારે મોટી સંખ્યામાં રૂબલ (રશિયન ચલણ) ની ચલણી નોટો છાપી મારતાં ફુગાવો થઈ ગયો. ખરાબ પરિસ્થિતિને લીધે મજૂરો હડતાળો અને રમખાણો પર ઉતરી આવ્યા. હડતાળિયાઓએ કોર્ટ, જેલ અને સરકારી મકાનો ઉપર હુમલા કરવા માંડયાં. આખા સમાજની વ્યવસ્થામાં અશાંતિ ફેલાઈ ગઈ. પરિસ્થિતિ ઝારના નિયંત્રણની બહાર જતી રહી.



**આકૃતિ ૩.૭**

*૧૮ જૂન ૧૯૧૭ ના રોજ પેટ્રોનાદમાં લોકોનું પ્રદર્શન.*

*બેનરમાં લખ્યું છે." ૧૦ મૂડીવાદી મંત્રીઓને ભ્રષ્ટ કરીને તમામ સત્તા કામદારોના સંગઠનને તથા સૈનિકોને તેમજ ખેડૂતોના પ્રતિનિધિઓને આપવામાં આવે, તેમજ સમાજવાદી મંત્રીઓને આપવામાં આવે, અમારી માંગ છે કે નિકોલસ દ્વિતીયની પીટર-પૉલ-કિલ્લામાં બદલી કરવામાં આવે."*

આગળના પાઠમાં તમે ઔધોગિકરણ, સામ્રાજ્યવાદ અને વિશ્વયુદ્ધો વિષે વિગતવાર જાણશો. તમે જાણશો કે કેવીરીતે ઔધોગિક ક્રાંતિએ દુનિયાનો ચહેરો બદલી નાંખ્યો અને લોકોના જીવન બદલી નાંખ્યા. તમે એ પણ જોશો કે બિન-ઔધોગિક દેશો પર એની અસર કેવી થઈ અને તને પરિણામે હજી સુધી દુનિયામાં કેવા ભયંકર વિવાદો અને યુદ્ધો ચાલે છે.

## સ્વાધ્યાય ૩.૩

(૧) સાચો જવાબ શોધો :

(એ) અમેરીકા કેટલા સંસ્થાનોમાં વિભાજીત હતું ?

i) 13 ii) 14 iii) 15 iv) 16

બી) ફ્રાંસની બીજી એસ્ટેટમાં સમાવિષ્ટ હતાં.

i) ii) iii) સામાન્ય પ્રજાજન iv) રાજાશાહી

(સી) નીચેનામાંથી કોની નેતાગીરીમાં જર્મનીનું એકીકરણ થયું ?

i) કેવર ii) મઝ્ઝીની iii) બિસ્માર્ક iv) ગેરીબાલ્ડી

(૨) ૧૬૮૮ ની તેજસ્વી ક્રાંતિ (ગ્લોરીયસ ક્રાંતિ) એ વિશ્વ માટે પ્રેરણાસ્રોત હતી. આ વિધાનને ૩૦ શબ્દોમાં સમજાવો.

(૩) અમેરીકન સ્વાતંત્ર્ય સંગ્રામ અને ફ્રેંચ ક્રાંતિ વચ્ચેની ઓછામાં ઓછી બે સમાનતા જણાવો.

(૪) રશિયન ક્રાંતિ સમાજવાદી આદર્શોથી પ્રેરીત હતી. ટૂકમાં સમજાવો.

## તમે આટલું શીખ્યા :

- મધ્યકાલીન યુરોપની સામંતશાહી વ્યવસ્થા તૂટી પડી તેના કારણો હતા નગર અને શહેરનો ઉદ્દભવ, વ્યાપારનો પુનરૂદ્ધાર, વ્યાપારી ખેતીનો વિકાસ અને ઉગતા વેપારીવર્ગની આકાંક્ષાઓ
- નવજાગૃતિ અથવા નવજાગરણ ૧૪ મી સદીની મધ્યમાં શરૂ થયું હતું. જેમાં પ્રશિષ્ટ ગ્રીક અને રોમની સફળતાએ નવો રસ જગાડયો અને તેની લોકોના વિચારો અને રીતભાતમાં પ્રચંડ પરિવર્તન આવ્યું. માનવીયતા અને બૌદ્ધિકવાદ એ તેના મહત્વના લક્ષણો હતા.
- માનવતાવાદના વિચારે માણસોની રચનાત્મક સંભવિતતા પર ભાર મૂકયો અને માનવતાવાદીઓના અભ્યાસનો વિષય બન્યો. માનવતાવાદ
- ધર્મસુધારણ ચર્ચમાં પેસી ગયેલા દુષણોને પડકારવા માટેનો એક પ્રયત્ન હતું. માર્ટિન લ્યુથર દ્વારા જર્મનીમાં તેનો પ્રારંભ થયો હતો. તુર્ત જ ખ્રિસ્તી વિશ્વના ભાગોમાં વહેંચાઈ ગયું. : કેથોલીક અને પ્રોસ્ટન્ટ
- ધર્મ સુધારણાની મહત્વની સફળતા હતી. બૌદ્ધિકતાનો વિકાસ, વૈજ્ઞાનિક વલણ અને આધુનિક વિજ્ઞાનનો ઉદય. કોપનિકસ, કેપલર, ગેલીલીયો અને ન્યુટર્ન તેમને આ ક્ષેત્રમાં કરેલ પ્રદાનને કારણે આજે પણ યાદ કરાય છે.
- નવજાગૃતિના જુસ્સાએ દરીયાઈ સફરો અને નવા દેશની શોધ માટે રસ જગાડી દુનિયાના મોટાભાગને માટે આ દરીયાઈ મુસાફરીએ દુરોગામી અસરો કરી.

- ૧૭૫૦ માં કાપડઉધોગથી ઈંગ્લેન્ડમાં ઔધોગિક ક્રાંતિની શરુઆત થઈ. ઔધોગિક ક્રાંતિ થવાથી ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો તેનાથી ઔધોગિક કામદારોનો એક મોટો વર્ગ ઉભો થયો. જેઓ ફેક્ટરીઓના મુડીવાદી માલિકો દ્વારા ખૂબ શોષણ થતું હતું.
- ૧૭૮૩ માં થયેલ અમેરિકન ક્રાંતિએ સમગ્ર જગતને સમાનતા, સ્વતંત્રતા અને લોકોના અધિકારો વિષે પ્રેરણા આપી.
- લોક મોન્ટેસક વોલ્ટેર અને રૂસો જેવા તત્વચિંતકોના વિચારોથી ઉદ્ભવેલા ફ્રેર ક્રાંતિએ તેના સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્તાના સિદ્ધાંતો દ્વારા સમગ્ર વિશ્વ ઉપર પ્રચંડ અસર કરી.
- રાષ્ટ્રવાદના ઉદયથી ઈટાલી અને જર્મની જેવા દેશોના એકીકરણ માટે લાગણી ઉભી થઈ.
- નવા ઔધોગિક વર્ગની સમસ્યાઓ અને ચિંતાઓથી સમાજવાદી વિચારસરણીનો ઉદય થયો.
- રશિયન ક્રાંતિ એવી એક સભાનતાનું પ્રકટીકરણ હતું. જેને જગતના એક ભાગમાં પ્રથમ સમાજવાદી સરકારની સ્થાપના કરી.

**પાઠયાત સ્વાધ્યાય**

(૧) શહેરોની ઉન્નતિ અને વેપારના ફેલાવાને લીધે સામંતશાહીનું પતન કેવીરીતે થયું. ?

(૨) નવજાગૃતિ દ્વારા જીવન જીવવાની અને વિચારવાની જુની રીતોમાં કેવી રીતે ભંગાણ પડયું ? લગભગ ૧૦૦ શબ્દોમાં સમજાવો.

(૩) ધર્મ સુધારણાએ યુરોપ અને વિશ્વના બીજા દેશો ઉપર કેવી રીતે અસર કરી ?

(૪) નવા દેશોની શોધ થવાથી આધુનિક વિશ્વના અર્થતંત્ર અને સમાજ કેવી રીતે બદલાવ્યા ?

(૫) અમેરિકન સ્વતંત્ર ઘોષણામાં રજુ કરાયેલા મુખ્ય વિચારો જણાવો ?

(૬) ફ્રેન્ચ ક્રાંતિના કયા વિચારોએ વિશ્વની વ્યવસ્થા ઉપર અસર કરી ?

(૭) જર્મની અને ઈટલીના નેતાઓએ એકીકરણ માટે વાપરેલી યુક્તિઓને વર્ણવો ?

(૮) રશિયન ક્રાંતિને જગાડનાર ઔધોગિક કામદારોની પરિસ્થિતિને વર્ણવો

**સ્વાધ્યાયના પ્રશ્નોના જવાબો :**

૩.૧.

(૧) (એ) નવજાગૃતિના વિધ્વાનો

(બી) ઈસ્તુખિસ્ત્રની સોસાયટી અને સમાજ

(૨) સામંતશાહી એટલે એવી વ્યવસ્થા કે જયાં લોકોને તેમની મજુરીના બદલામાં જમીનદારો દ્વારા જમીન અને સુરક્ષા પુરી પાડવામાં આવતી હતી. તેના બે મુખ્ય લક્ષણો હતા.

(એ) કામદારો તેમના જમીનદારો માલિકો માટે કામ કરતા અને તેમના પક્ષે રહી યુદ્ધો લડતા પણ ખરા.

(બી) સામંતશાહીનો મુખ્ય વડો રાજા હતો.

(૩) માનવતાના બૌદ્ધિક અને સમાનતાની ભાવના

(૪)

(એ) માર્ટીનલ્યુથરે ચર્ચમાં આંધળો વિશ્વાસ રાખીને નહિં પણ ઈસુખ્રિસ્તમાં શ્રદ્ધા રાખીને મોક્ષ માર્ગે જવાનો ઉપદેશ કર્યો

(બી) ધાર્મિક સત્તાનો એક માત્ર સ્ત્રોતને આધાર બાઈબલ હતું.

૩.૨

(૧) (એ) ii) iii)

(૨) (એ) અંધવિશ્વાસ કરતા બૌદ્ધિક વિચારણાને મહત્વ

(બી) નિરીક્ષણો અને પ્રયોગો ઉપર આધારિત વૈજ્ઞાનિક વિચારણા

(૩) નકશા બનાવવાની કળા, હોકાયંત્ર અને

(૪) સમાજવ્યવસ્થા અસમાન બની અને સમાજ બે વર્ગોમાં વહેચાઈ ગયો. મૂડીપતિઓ (બર્ગસા) અને કામદારો (પ્રોલેટેરેઈટ)

૩.૩

(૧) (એ) i) (બી) ii) (સી) iii)

(૨) ગ્લોરીયસ ક્રાતિ (તેજસ્વી ક્રાંતિ) દુનિયા માટે પ્રેરણાનો સ્ત્રોત બન્યું કારણ કે સંસદ દ્વારા રાજા જેમ્સ દ્વિતીયના આપખુદ શાસનનો અંત લાવવામાં આવ્યો અને તેને સ્થાને બિલકુલ અહિંસક રીતે બંધારણીય સરકારને સ્થાપવામાં આવી.

(૩) (એ) બંને ક્રાંતિઓએ લોકોના અધિકારો પાછા મેળવવા ઉપર અને શોષણની વિરૂદ્ધ જવા ઉપર ભાર મૂકયો.

(બી) બંને ક્રાંતિઓ દ્વારા વિશ્વમાં રાષ્ટ્ર ભાવના ફેલાઈ.

(૪) માર્કસના લખાણો અને ફ્રેંચ તથા નવજાગૃતિના વિચારો-જેવા કે સમાનતા, વાણી સ્વાતંત્ર્ય અને લોકશાહી- એ સમાજવાદી વિચારધારાને પ્રોત્સાહન આપ્યું. તેણે ઉત્પાદનના સાધનો રાજયના હાથમાં હોવા જોઈએ તે વિચારનું સમર્થન કર્યુ. જેના લીધે સમાનતાવાળા સમાજનો જન્મ થયો. આ ઘટનાને લીધે લોકોમાં, ખાસ કરીને કામદાર વર્ગમાં, રાજકીય જાગૃતિ આવી અને પરિણામે રશિયન ક્રાંતિ થઈ.

૪

# આધુનિક વિશ્વ - ૨

ગયા પાઠમાં તમે નવજાગૃતિકાળ દરમ્યાન થયેલાં વિકાસ વિશે ભણ્યા, જેને લીધે યુરોપીય સમાજમાં ઘણા પરિવર્તન થયાં. વિજ્ઞાન ક્ષેત્રે અસાધારણ સિધ્ધિઓ હાંસલ થઈ. લોકોએ અંધશ્રધ્ધાઓ અને પરંપરાઓ ત્યાગીને અવલોકનો અને પ્રયોગો ઉપર વિશેષ ધ્યાન આપવા માંડયું. પ્રિન્ટીંગ પ્રેસની શરૂઆત થવાથી બંધુત્વ, સમાનતા, સ્વતંત્રતા ઈત્યાદિ મૂલ્યો અને વિચારોમાં રાજનૈતિક જાગૃતિ આવી. નવી રાજનૈતિક પરિસ્થિતિએ યુરોપમાં વિશ્વના ઘણાબધાં દેશો તરફના સમુદ્રી માર્ગો ખોલવાનું જોખમ ઉઠાવવાની ક્ષમતા ઉભી કરી. પાદરીઓએ ખ્રિસ્ત્રી ધર્મને નવાં નવાં વિસ્તારોમાં ફેલાવવાનું સાહસ કર્યુ અને વેપારીઓ દુનિયાના અન્ય વિસ્તારોમાંથી ચીજવસ્તુઓ લઈ આવવા માંડયાં. ઈંગ્લેન્ડમાં ઔધોગિકરણ માટે આ સમય જ સૌથી યોગ્ય રહયો જ્યારે ઔધોગિક ક્રાંતિ થઈ અને ખાસ કરીને કામદાર વર્ગમાં ક્રાંતિકારી પરિવર્તનો થયા. હવે આપણે એશિયા અને આફ્રિકામાં ઔધોગિક ક્રાંતિ અને સામ્રાજયવાદ વિશે જાણવાનું છે. સાથેસાથે આ પાઠમાં બે વિશ્વયુદ્ધો અને સંયુક્ત રાષ્ટ્ર સંઘની રચના વિશે જાણીશું.

## હેતુઓ :

આ પાઠ ભણ્યા પછી તમે આટલું કરી શકશો.

- ઔધોગિક ક્રાંતિને વર્ણવી શકશો
- ઔધોગિક ક્રાંતિ દ્વારા થયેલી નવી શોધો અને ટેકનોલોજીમાં આવેલા પરિવર્તનોની ચર્ચા કરી શકશો.
- ઔધોગિક ક્રાંતિની સમાજ ઉપર થયેલી અસર ચકાસી શકશો.
- અને સામ્રાજયવાદના જન્મ માટે જવાબદાર પરિબળો ઓળખી શકશો.
- એશિયા અને આફ્રિકામાં વિકાસના વિવિધ તબકકાઓ વર્ણવી શકશો.

- બે વિશ્વયુદ્ધો તરફ દોરી જનારી ઘટનાઓ જાણી શકશો
- UNO (સંયુક્ત રાષ્ટ્રસંઘ) ના હેતુઓની યાદી બનાવી શકશો.

## 4.1 ઔદ્યોગિક ક્રાંતિ :

18 મી સદીમાં ઔધોગિક ક્રાંતિ થઈ, તેમાં એવાં આર્થિક અને સામાજિક પરિવર્તનો આવ્યાં, જેને લીધે એક સ્થાયી ખેતીપ્રધાન અને વ્યાપારી સમાજવ્યવસ્થાનું સ્થાન આધુનિક ઉધોગપ્રધાન સમાજે લીધું. ઐતિહાસિક દ્રષ્ટિએ આ સમય અંગ્રેજ ઈતિહાસમાં 1750 થી 1850 નો ગણાય છે. નવી શોધો અને ટેક્નોલોજીમાં આવેલાં પરિવર્તનોને લીધે મોટાપાયાના ઉત્પાદનની શરૂઆત કરનાર કારખાના આવ્યા અને અર્થવ્યવસ્થામાં મોટાપાયે વિશિષ્ટતાઓ ઊભી થઈ, જેને લીધે સામાજિક આર્થિક માળખામાં નાટયાત્મક ફેરફારો થયાં. જે લોકો અત્યારસુધી ખેતીમાં રોકાયેલા હતાં તેઓ હવે શહેરોના કારખાનાઓમાં કામે જવા માંડયા-શું તમે જાણો છો, એવું કેમ બન્યું ? પહેલાં વેપારીઓ અમુક કુટુંબોને કાચો માલ આપી તેમની પાસેથી તૈયાર થયેલી ચીજવસ્તુઓ ઉઘરાવતા હતા પરંતુ વધતી જતી બજારમાંગને આ વ્યવસ્થા પહોંચી વળતી ન હતી. તેથી, 18 મી સદીના અંત સુધીમાં ધનવાન વેપારીઓએ ફેકટરીઓ (કારખાનાઓ) શરૂ કરી, મશીન દ્વારા વસ્તુઓ તૈયાર કરવા માટે તેમણે કારખાનાઓમાં નવાં મશીનો નંખાવ્યા, કાચો માલ ત્યાં ભેગો કરવા માંડયો અને નિશ્રિત પગાર પર કામ કરનારા કામદારોને નોકરીએ રાખ્યા. આવી રીતે કારખાનાંઓ જન્મ્યા.



આકૃતિ 4.1 શરૂઆતનું વણાટકામ યંત્ર

બ્રિટનમાં ઔધોગિક ક્રાંતિની શરૂઆત વરાળ ઊર્જા દ્વારા ચાલતા યંત્રોથી થઈ. જેમ્સ વોટે 1769 માં શોધેલા વરાળ-ઈજીન દ્વારા આ શકય બન્યું. 1733 માં જહોન કે એ ઉડતી તકલી (ફ્લાયીંગ શટલ) ની શોધ કરી, જેને લીધે કપડાનું વણાટકામ સરળ બન્યું અને પહેલાં કરતાં 4 ગણું ઉત્પાદન થવા માંડયું. એકીસાથે દોરાના પિલ્લા ઘણાબધાં વણવા માટે જેમ્સ હારગ્રીવ્સે સરખા -સ્પીનીંગ જેની-શોધ્યાં


આ શોધ પછી કાપડઉદ્યોગએ આ સમયનો મૂળભૂત ઉદ્યોગ બન્યો. બ્રિટનના ઝડપી ઔદ્યોગિક વિકાસ માટે મોટા જથ્થામાં મળી આવતો કોલસો અને લોખંડ જવાબદાર બન્યા. નહેરો અને રસ્તાના બાંધકામ તથા રેલ્વે અને વરાળ-ઈજીનની શોધ દ્વારા ઉત્પાદિત માલનું બજાર ખુબ ફેલાયું. વિજળી તથા પેટ્રોલ ઈંધણની શોધને લીધે વિકાસમાં નવા તબક્કા ઉમેરાઈ ગયા. બ્રિટન પાસે એ તમામ સંશાધનો હતા. જેને લીધે તે એક ઔદ્યોગિક સત્તા બની શક્યું. 1850 માં ઔદ્યોગિક ક્રાંતિ સમાપ્ત થવા સુધીમાં તો ઉદ્યોગો બ્રિટીશ જીવનશૈલીનું મહત્વનું અંગ બની ચૂકયા હતાં. ઔદ્યોગિક ક્રાંતિની અસર દુનિયાભરમાં થઈ. ફ્રાંસમાં 1830 પછી, જર્મનીમાં 1850 પછી અને યુ.એસ.એ. માં ગૃહયુદ્ધ પછી, ઔદ્યોગિકરણ શરૂ થઈ ગયું. ચાલો આપણે હવે એ જોઈએ કે ઔદ્યોગિકરણ કેવી રીતે થયું.

નવી શોધખોળો અને સુધારાઓને લીધે ઈંગ્લેન્ડની ખેતીમાં ઝડપી ઊછાળો આવ્યો. ખેતીક્ષેત્રે ઘણાં મહત્વની શોધ થઈ, જેવી કે- જેથ્રો ટુલ દ્વારા શોધાયેલું બીજરોપણ ડ્રીલ, જેના વડે બિયારણનો બગાડ કર્યા વગર બે બીજ વચ્ચે સમાન અંતરને ઊંડાણ રાખીને વાવણી કરવાનું શકય બન્યું. 1760 અને 1830 ની વચ્ચેના સમયગાળામાં બ્રિટીશ સંસદ દ્વારા એવા 1000 કાયદાઓ પસાર કરવામાં આવ્યા, જેને લીધે ગામડાની જમીનો અન્ય મોટા જમીની-ક્ષેત્રોમાં ભેળવી દેવામાં આવી. આને લીધે ખેતીનું ઉત્પાદન તો વધ્યું પણ ઘણાબધા લોકો જમીનવિહોણા બન્યા. ખેતરો ઉપર કામ કરવા માટે હવે ફકત થોડાક જ લોકોની જરૂર રહી, જેથી બાકીના લોકો કામની શોધમાં શહેરો તરફ વળ્યા. પરિણામે કારખાનાઓ માટે સસ્તી મજુરી મોટી સંખ્યામાં ઉપલબ્ધ થઈ.

ઈંગ્લેન્ડની અનુકૂળ રાજનૈતિક પરિસ્થિતિએ ઔદ્યોગિક ક્રાંતિને વિકસાવવામાં વધુ સગવડ કરી આપી. વ્યાપાર પરના કાયદાકીય નિયંત્રણો હટાવી દેનારા કાયદો દ્વારા અને મુકતબજાર વ્યવસ્થા દ્વારા વેપારીઓને મદદ મળી. વાહનવ્યવહારની વધેલી સવલતો દ્વારાઈંગ્લેન્ડ દરિયાપારના દેશોમાં પણ વેપારનો વિસ્તાર કરી શક્યું. અત્યાર સુધીમાં યુરોપના બીજા કેટલાય દેશો વ્યાપારીકરણની નીતિ અપનાવવા માંડયા હતા. આ નીતિ દ્વારા ઉદ્યોગો અને વ્યાપારનું નિયંત્રણ થતું હતું. આ નીતિમાં વધુ નિકાસ અને ઓછી આયાત (ઈમ્પોર્ટ) ના સિધ્ધાંતને રાષ્ટ્રના સશક્તિકરણ માટે (એક્સપોર્ટ) મૂળભૂત ગણવામાં આવતો હતો.

આ નીતિમાં એવું પણ માન્ય રાખવામાં આવેલું હતું કે દેશની સમૃધ્ધિ સોના-ચાંદીના સંગ્રહ ઉપર આધાર રાખે છે અને વેપાર ક્ષેત્રે સરકારી દખલગીરી સાવ મર્યાદિત હોવી જોઈએ.

તમને શું લાગે છે- ઈંગ્લેન્ડને સૌથી પહેલાં ઔદ્યોગિકરણ તરફ લઈ જનારા પરિબળો કયાં હશે ? બીજાં દેશો કરતાં ઈંગ્લેન્ડનું ભૌગોલિક સ્થાન લાભદાયક હતું. દરિયાની પાસે જ આવેલો તે એક સુરક્ષિત ટાપુ હતો. સાથોસાથ યુરોપના બીજા દેશો સાથે તે જોડાયેલો ન હતો, જેને લીધે તેના વિકાસમાં બાધા આવી નહી. નહેરો, નદીઓ અને સમુદ્ર જેવા કરમુકત જળમાર્ગો હોવાને લીધે તેની પાસે સૌથી મોટો મુકત વ્યાપાર વિસ્તાર હતો, જ્યાં કોઈ કરવેરા અથવા અન્ય અવરોધો ન હતાં. આ બધાં વિશેષ લક્ષણોને લીધે ઈંગ્લેન્ડ ઔદ્યોગિક ક્રાંતિ માટેનું ઉચિત કેન્દ્ર બન્યું.







## 4.2 ઔદ્યોગિક ક્રાંતિ દરમ્યાન થયેલા ટેકનોલોજીકલ પરિવર્તનો અને નવીન શોધખોળો :


*આ સમયગાળા દરમ્યાન ઘણી નવી શોધ અને ટેક્નોલોજીમાં ઘણા નવાં ફેરફાર થયાં. તેને લીધે ઔદ્યોગિક દેશો વધુ સક્ષમ અને શક્તિશાળી બન્યાં. ઉત્પાદન હવે સસ્તું અને મોટા જથ્થામાં થવા લાગ્યુ, જેને લીધે ચીજવસ્તુઓ સસ્તી બની. આ શોધખોળોની અસર કાપડઉદ્યોગ અને વાહનવ્યવહાર ઉપર મહત્તમ થઈ, જેને વિશે હવે તમે જાણશો.*

### 4.2.1 કાપડ ઉદ્યોગ

*કાપડ ઉદ્યોગમાં આવેલા ટેકનોલોજીકલ સુધારાઓ દ્વારા લોખંડ અને સ્ટીલના ઉત્પાદન ક્ષેત્રે શોધખોળોની શૃંખલા ચાલુ થઈ ગઈ. ઈંગ્લેન્ડની વસ્તુઓથી વિશ્વનું બજાર ઉભરાવા માંડયું. જેને લીધે બીજા દેશોને પણ ઈંગ્લેન્ડના ઉદાહરણને અનુસરવાની પ્રેરણા મળી. પોતાના વેપારી હિતોની રક્ષા માટે ઈંગ્લેન્ડે તેના કાપડ-ઉદ્યોગ કામદારોને બીજા દેશમાં પ્રવાસ કરવા ઉપર પ્રતિબંધ મૂકયા અને કાપડ-ઉદ્યોગની માહિતી ઈંગ્લેન્ડની બહાર ન લઈ જઈ શકાય તેવા કાયદાકીય નિયંત્રણો મૂકયા. પરંતુ 1789 માં સેમ્યુઅલ સ્લેટર ઈંગ્લેન્ડથી અમેરિકા ભાગી ગયો. તે પોતાની સાથે ઈંગ્લેન્ડના કાપડ ઉદ્યોગનું જ્ઞાન લેતો ગયો, જેને લીધે અમેરિકામાં પણ ઔદ્યોગિક ક્રાંતિ આવી. હવે અમેરિકામાં મોટાપાયે કપાસનું વાવેતર થવા માંડયું, જેને લીધે ગુલામોની જરૂર પડી. આ જ રીતે ફ્રાંસ અને જર્મનીમાં પણ ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઈ.*

*શું તમે જાણો છો કે આર્કરાઈટને 'કારખાના પધ્ધતિનો પિતા' કહે છે. ? તેણે સૌપ્રથમ કારખાનું બનાવ્યું. અહીં મુખ્યત્વે ઘરેલું યંત્રો વપરાયા અને કામદારોને કોન્ટ્રાકટ ઉપર નહીં પણ રોજના નિશ્ચિત કલાકોના કામ માટે નિયિમત પગાર ઉપર નોકરીએ રાખવામાં આવ્યાં.*

*1779 માં, સેમ્યુઅલ ક્રોમ્પટને 'સ્પીનીંગ ન્યૂલ' ની શોધ કરી જ્યારે એડમંડ કાર્ટરાઈટે પ્રથમ જળ-ઊર્જા સંચાલિત શાળ (લૂમ) શોધી. કાપડ ઉદ્યોગમાં થયેલી શોધખોળોને લીધે રંગકામ, બ્લીચીંગ અને પ્રિન્ટીંગ (છાપકામ) જેવાં ઉદ્યોગો પણ ઝડપથી વિકસ્યા.*



**મનોયત્ન 4.1**

*તમારી આસપાસના વિસ્તારમાં આવેલા હાથવણાટ કેન્દ્રની અથવા વણકર પરિવારોની મુલાકાત લો. તેઓ કયા પ્રકારનું કામ કરે છે તેની માહિતી મેળવો. જુઓ કે શું ત્યાં મહિલા અને પુરૂષોની મજૂરીમાં ફરક છે ? તેઓ કેવી ટેકનોલોજી વાપરે છે ? તેમને કઈ સમસ્યાઓ નડે છે ? શું તેઓ બાળ-મજૂરો રાખે છે કે તેમના પોતાના બાળકો તેમને કામમાં મદદ કરે છે ? તમારા તારણો ઉપરથી એક રિપોર્ટ બનાવો.*

જે શોધખોળો અને ટેકનોલોજીકલ પરિવર્તનો દ્વારા વાહન-વ્યવહાર, સંદેશાવ્યવહાર અને ઉત્પાદનક્ષેત્રે પરિવર્તનો થયા, તેને કારણે રાસાયણિક વિજળી-સંચાલિત, પેટ્રોલિયમ અને સ્ટીલ ઉધોગોમાં પણ પરિવર્તનો આવ્યાં. નવા વેપારી માર્ગો શોધાવાને લીધે ફક્ત ઔધોગિક ક્રાંતિ જ ન થઈ પરંતુ સત્તાધીશો વચ્ચે તીવ્ર સ્પર્ધા શરૂ થઈ ગઈ. આ સ્પર્ધાનું કારણ હતું, ઉધોગોમાં જરૂરી કાચા માલની માંગ, નવા બજારોની જરૂર અને સસ્તી મજુરીની જરૂર, જેના દ્વારા ઉધોગોનો વિકાસ કરી શકાય. આ માંગ ઊભી થવાને લીધે દેશોએ પોતાનું સામ્રાજ્ય વિસ્તારવાની કોશીશો કરવા માંડી અને પરિણામે, સત્તા માટેનો સંઘર્ષ ઊભો થયો, જેને લીધે બે વિશ્વયુદ્ધો થયાં. સામ્રાજ્ય હેઠળના દેશોનું શોષણ થયું, તેમની સામાજિક, આર્થિક અને રાજનૈતિક પરંપરાઓને તોડી નાખવામાં આવી. પરિણામે તેમણે વિદેશી શાસનનો વિરોધ કરવા માંડયો અને સ્વદેશી રાજ્યો ઊભા કરવાની તીવ્ર માંગ શરૂ કરી.

### 4.2.2 વરાળ-ઈંજીન

ઔધોગિક ક્રાંતિની બીજી મહત્વની સિધ્ધિ હતી વરાળ-ઊર્જાનો વિકાસ અને વપરાશ. ઉધોગોની સંખ્યા વધવાની સાથોસાથ જૂના સાધનોને સુધારીને નવા યંત્રો બનાવવામાં આવ્યા. આમ, ઉત્પાદન માટે મોટાપાયે ઊર્જાની જરૂર પડી. 1705 માં, થોમસ ન્યૂકોમને કોલસાની ખાણોમાંથી પંપ દ્વારા પાણી ઉલેચવા માટે એક ઈંજીન બનાવ્યું. 1764 માં જેમ્સ વોટે ન્યૂકોમનના આ મશીનની મૂળ ડિઝાઈનમાં સુધારા કરીને તેને ચારગણું વધુ કાર્યક્ષમ બનાવ્યું. તેણે ઠંડા પાણીના જેટ સાથેની એક ચેમ્બર બનાવી જયાં શૂન્યાવકાશ સર્જીને વરાળને સંકોચી શકાય.

આ સમયગાળો એક ટેકનોલોજીનો બીજી ટેકનોલોજીમાં વપરાશ થવાનો પણ હતો. જેમ્સ વોટે પોતાના ઈંજીનના મોટા નળાકાર સીલીંડરનું બોરીંગ કરવા માટે વીર્કીગસનની ડ્રીલ બંદૂક (ડ્રીલ ગન) નો ઉપયોગ કર્યો.

શરૂઆતના લોકોમોટીવ ઈંજીનો (કોલસાથી ચાલતા ઈંજીનો) નું સ્થાન તરત જ વરાળ-ઈંજીનોએ લઈ લીધું. તેને લીધે રેલ્વે લાઈનોની માંગ વધી. વરાળઈંજીનને લીધે ટેકનોલોજી વધુ સહેલાઈથી ઉપલબ્ધ બનવા માંડી અને બીજા દેશોમાં પણ તેની માંગ વધવા માંડી. હવે કારખાનાઓ નદી કે સરોવરને કિનારે ઊભા કરવાની જરૂર ન રહી.

### 4.2.3 કોલસો અને લોખંડ

આધુનિક ઉધોગોનો પાયો નંખાવ્યો વરાળ ઈંજીન, કોલસા અને લોખંડ દ્વારા એવું માનવામાં આવતું કે ખાણમાં તો એ જ લોકો કામ કરે, જેને મૃત્યુ વહાલું હોય. કોલસાને સમાંતર સુરંગોમાં બાસ્કેટો દ્વારા લઈ જવામાં આવતો અને પછી તેને ઘસડી લાવી સપાટી સુધી તેના ઊભા ઢગલા કરવામાં આવતાં.

*ખાણોમાંથી કોલસો કાઢવાનું કામ સંપૂર્ણ રીતે સ્નાયુ-શ્રમ આધારિત હતું, જે પ્રાણીઓ, મહિલાઓ, પુરૂષો અને બાળકો દ્વારા કરવામાં આવતું. કોલસાની ખાણોની અંદરની સ્થિતિ ખૂબ જોખમી રહેતી. બાળકોનું કદ નાનું હોવાને લીધે કમનસીબે આ ખાણોમાં તેમને કામે લગાડવામાં આવતાં.*

*વરાળ-ઊર્જાનો વપરાશ વધવાને લીધે કોલસાની માંગ વધતી ચાલી. કોલસાની ખાણોમાં નોંધપાત્ર વિકાસ થયો, જેનાથી ખાણોમાં આવેલી સુરંગોને હવાદાર બનાવાઈ, કોલસાને લઈ જવા વાહન-વ્યવહાર ઊભો થયો, ખાણોમાં જરૂરી વિસ્ફોટો માટે દારૂગોળો વપરાવા માંડયો અને સલામતી માટે લેમ્પસ (દીવા)નો ઉપયોગ થવા માંડયો. છતાં, ખાણિયાઓ ફેફસાની બિમારી જેવાં અનેક રોગોમાં સપડાયા. આ તબકકે લોખંડ ઉધોગમાં મહત્વના સુધારા થયા. 1709 માં, અબ્રાહમ ડર્બીએ કોક સાથે ગાળેલા પીગ આયર્ન ની શોધ કરી.*

*તે પહેલાં લોખંડને લાકડાના કોલસા દ્વારા ગાળવામાં આવતું જેને લીધે ઈંગ્લેન્ડના જંગલોનો નાશ થઈ રહયો હતો. 1784 માં હેનરી કોર્ટ નામના એક લોહ-નિષ્ણાંતે એવી પ્રક્રિયા શોધી જેને લીધે ઓછા લટકણા લોખંડનું ઉત્પાદન થઈ શકે તેને કાચું લોખંડ (રોટ આયર્ન) કહેવામાં આવ્યું. ઔધોગિક પ્રક્રિયાઓમાં તે ખૂબ ઊપયોગી નીવડયું. 1774 માં જહોલ વિલ્કીનસને એવાં ડ્રીલ મશીનો શોધ્યા જે ખૂબ સાવધાનીથી ડ્રીલ કરતાં. (બાકોરા પાડતાં) 1788 અને 1806 વચ્ચેના સમયગાળામાં લોખંડનું ઉત્પાદન ખુબ વધ્યું અને તેનો ઉપયોગ હાર્ડવેર અને વહાણ-બાંધકામમાં થવા માંડયો.*

*લોખંડ અને કાપડ ઉધોગોમાં થયેલા વિકાસને લીધે ઉત્પાદિત માલની હેરફેર માટે બહેતર વાહન-વ્યવહાર સુવિધાઓ ઊભી કરવાની તીવ્ર જરૂર પડી. તાત્કાલિક ધોરણે સ્થાનિક અને પરદેશી બજારોની માંગને પહોંચી વળવું જરૂરી બન્યું.*

### 4.2.4 વાહનવ્યવહાર તથા સંદેશા-વ્યવહાર

*વાહનવ્યવહાર તથા સંદેશાવ્યવહારમાં થયેલા વિકાસે ઔધોગિક ક્રાંતિને ભરપૂર ઉત્તેજન મળ્યું. કાચો તેમજ ઉત્પાદિત માલ, ખાધ પદાર્થો અને લોકોની અવર-જવર માટે જવાબદાર વાહન-વ્યવહાર વ્યવસ્થા ઊભી કરવાની જરૂર પડી. 1700 ની શરૂઆતમાં પુલ અને સડકોના બાંધકામમાં મહત્વના સુધારાઓ કરવામાં આવ્યા. આ રસ્તાઓ ઉત્પાદિત વસ્તુઓ તથા કાચા માલને યોગ્ય સ્થાનોએ પહોંચાડવા માટે બનાવવામાં આવ્યા. 1814 માં જયોર્જ સ્ટીવન્સને પાટા ઉપર ચાલતું પ્રથમ વરાળઈજીન બનાવ્યું. ટૂંક સમયમાં જ ઈંગ્લેન્ડના નહેરમાર્ગને પૂરક બનતી વરાળઈજીન ધરાવતી રેલ્વે આખા ઈંગ્લેન્ડમાં ફરવા લાગી.*



FIG. 50.—The "Rocket," 1829.

આકૃતિ 4.2 જ્યોર્જ સ્ટીવન્સનનું 'રોકેટ', 1829

**? શું તમે જાણો છો**

પ્રથમ વરાળ લોકોમોટીવ રેલ્વેનો ઉપયોગ 1825 માં સ્ટોડટનથી ડાર્લીંગ ટનની વચ્ચે થયો હતો, જેમાં માલ તેમજ મુસાફરોને લાવવા- લઈ જવામાં આવતાં હતાં.

૧૯ મી સદીના મધ્યમાં લાકડાના વરાળ સંચાલિત જહાજો વહાણવટા ઉધોગમાં છવાઈ ગયા. ટૂંક સમયમાં જ લોખંડના વરાળ-ઊર્જા સંચાલિત જહાજો મહાસાગરો ઓળંગવા માંડયા. ઔધોગિક ક્રાંતિનો પહેલો તબક્કો વરાળ આધારિત હતો જ્યારે બીજો તબક્કો વિજળી આધારિત.

વાહનવ્યવહાર તથા સંદેશાવ્યવહારના ઝડપી ઉપકરણો લશ્કરોના થાણાઓ સાથે, સામ્રાજ્યો દ્વારા શાસિત દેશોમાં તેમજ સામાન્ય લોકોમાં પણ અંદરોઅંદર સંપર્ક વધવા માંડયો. ટેલિફોન અને ટેલીગ્રામ (તાર) ની શોધ દ્વારા દુનિયાના કોઈપણ ખૂણે સંપર્ક કરવો શક્ય બન્યો.

## 4.3 ઔધોગિક ક્રાંતિની અસર

ઔધોગિકરણે લોકોના મોટા સમૂહને શહેર તરફ વાળ્યો જેને લીધે શહેરી વસાહતો ઊભી થઈ. કામદાર વર્ગ હવે કારખાનાઓ અથવા વર્કશોપ પાસે વસવા માંડયો, જ્યાં તેમને રોજગારની તકો મળી રહેતી. પરંતુ કારખાનાઓમાં કાર્ય-પરિસ્થિતિઓ કંગાળ રહેતી અને કામદારોને કંગાળ હાલતના ઘરો અને કથળેલા આરોગ્યની પરિસ્થિતિમાં નિભાવવું પડતું. કારખાનાઓના માલિકોનો એક જ ઉદેશ હતો- નફો રળવો. તેથી, તેમણે કામદારોને ઓછા પગારે વધુ કલાક કામ કરવા મજબુર કર્યા- ઘણીવાર તો રોજના 12 થી 14 કલાક મહિલાઓ તથા બાળકોને ખૂબ નીચા પગારો મળતાં.

કારખાનાઓ ઓછા હવા-ઉજાસવાળા, ઘોંઘાટવાળા, ગંદા, ભરચક અને અંધારવાળા રહેતો. શું તમે ધારો છો કે આવી પરિસ્થિતિ વધુ વખત રહી હશે ? ધીમેધીમે કામદારોને તેમની શક્તિનો અહેસાસ થવા માંડયો. કામદાર સંઘ (ટ્રેડ યુનિયન) દ્વારા દબાણ થવા માંડયું. કામદારોને માલિકોના અન્યાયી શોષણમાંથી મુકત કરાવવા માટે ચળવળો શરૂ થઈ.

જીવનશૈલીની તેમજ કારખાનાની કાર્ય-પરિસ્થિતિ સુધારવા માટે ઘણાં કાયદા ઘડવામાં આવ્યા. આગળના ભાગમાં તમે તેના વિશે વિગતવાર જાણી શકશો.

## મનોયત્ન 4.2

તમારી આસપાસ આવેલા બજાર, પડોશ અથવા તમારા કુટુંબમાં જુઓ. શું તમને એવાં બાળકો કામ કરતાં દેખાય છે જેમને ભણવાને બદલે કામ કરવું પડતું હોય ? એમને ભણાવવા માટે શું કરી શકાય ? વિચાર કરીને તેમને મદદ કરવાના રસ્તા શોધી કાઢો.

ઉત્પાદનમાં પુષ્કળ વધારો થવાથી વસ્તુઓના ભાવ ઘટી ગયા. માનવ-શ્રમનું સ્થાન યંત્રોએ લીધું. જેને લીધે ઘણી સ્થાનિક ઉત્પાદન વ્યવસ્થાઓ પડી ભાંગી. ખેતપેદાશો વધવાથી ખાદ્ય પદાર્થોના ભાવ ઘટયા. કારખાનાઓ તેમજ યંત્રોની માલિકી દ્વારા સંપત્તિ ઊભી કરવાનો નવો સ્ત્રોત મળ્યો. આ સંપત્તિ ઊભી કરનારો એક નવો વર્ગ જન્મયો જેને મૂડીપતિઓ (Capitalists) કહેવામાં આવ્યા. આ લોકોએ બેન્કિંગ વ્યવસ્થા ઊભી કરી, જેથી વધારાની આવક એ વહેંચી શકાય, જ્યાં આવકની અછત હોય. 1700 ની શરૂઆતમાં વેપારીઓ, સોનીઓ તથા ઉત્પાદકો દ્વારા પ્રથમ ખાનગી બેન્ક સેવા શરૂ કરવામાં આવી.

ટૂંક સમયમાં જ આખી દુનિયામાં ઔધોગિક ક્રાંતિ ફેલાઈ ગઈ. વેપારી માર્ગોની શોધ થવાથી ઔધોગિકરણમાં જરૂરી કાચો માલ, ઉત્પાદિત માલ, સસ્તી મજૂરી અને નવાં બજારો સુધી પહોંચવાની જરૂરને પહોંચી વળવા સામ્રાજયો વચ્ચે સ્પર્ધા શરૂ થઈ. તેને લીધે યુરોપના દેશો વચ્ચે સામ્રાજયોની સ્પર્ધા થવા માંડી જેમાં ફ્રાન્સ અને ઈંગ્લેન્ડ વચ્ચે ખાસ દુશ્મની ઊભી થઈ. પાછળથી ઈંગ્લેન્ડ વચ્ચે ખાસ દુશ્મની ઊભી થઈ. પાછળથી ઈટલી, જર્મની અને બીજા દેશો પણ આ સ્પર્ધામાં જોડાયા. સત્તા માટે સામ્રાજયો વચ્ચે ઊભો થયેલો આ સંઘર્ષ બે વિશ્વયુદ્ધોમાં પરીણમ્યો તેના વિશે આ પાઠમાં આગળ જતાં તમે ભણશો. આ સામ્રાજયવાદી દેશોએ તેમના આશ્રિત દેશોની સામાજિક, આર્થિક અને રાજનૈતિક પરંપરાઓ તોડી પાડીને તેમનું શોષણ કર્યુ. એ દેશોએ તેના જવાબમાં વિદેશી શાસનનો વિરોધ કર્યો અને સ્વતંત્રતા માટે લડત ચલાવી.

### પાઠ-સ્વાધ્યાય 4.1

(1) ઈંગ્લેન્ડમાં થયેલી ઔધોગિક ક્રાંતિના જન્મ માટે કયા બે કુદરતી સંશાધનો જવાબદાર બન્યા ?

(2) વાહનવ્યવહાર તથા સંદેશાવ્યવહારમાં થયેલા સુધારાઓએ વેપારીઓને કઈ રીતે મદદ કરી ?


(3) કોલસાની ખાણો અને કારખાનાઓમાં બાળકોને શા માટે નોકરી પર રાખવામાં આવતાં હતાં ?

(4) જોડકાં જોડો :

| | | | |
|---|---|---|---|
| (ક) | જેમ્સ વોટ | (i) | લોખંડ ઉધોગ |
| (ખ) | સેમ્યુઅલ ક્રોમ્પ્ટન | (ii) | ઈલેક્ટ્રીક મોટર |
| (ગ) | હેનરી કોટ | (iii) | વરાળ ઈંજીન |
| (ઘ) | માઈકલ ફેરેડે | (iv) | સ્પીનીંગ જેની |
| | | (v) | સ્પીનીંગ મ્યૂલ |
| | | (vi) | ઉડતી તકલી (ફ્લાયીંગ શટલ) |

## 4.4. સામ્રાજયવાદ અને સંસ્થાવાદનો ઉદય

આગલા વિભાગમાં તમે ઔધોગિક ક્રાંતિ અને તેના પશ્ચિમના દેશોમાં થયેલો વિસ્તાર વિશે જાણ્યું. ૧૯ મી સદીની શરૂઆત થતાં સુધીમાં તો યુરોપના મોટાભાગના દેશોમાં ઔધોગિકરણ થઈ ચૂક્યું હતું. આ દેશોને કાચા-માલની તથા ઉત્પાદિત માલને બજારોમાં પહોંચાડવાની જરૂર સતત પડતી હતી. તેથી, તેમણે એ દેશો ઉપર કબજો મેળવવો શરૂ કર્યો, જ્યાં ઔધોગિકરણ થયું ન હતું. મૂડીપતિઓને પણ તેમના વધારાના ધનનું રોકાણ કરવાની જરૂર મહેસૂસ થઈ, કારણ કે તેમના પોતાના દેશમાં કે પડોશી દેશોમાંએ શકય નહોતું. બીજા દેશોનો લોકોના સામાજીક-આર્થિક જીવન પર આ રીતે કબજો જમાવવાની રીતને સામ્રાજયવાદ કહે છે. આવું લશ્કરી ઢબે અથવા કેટલીક અન્ય રીતે થઈ શકે છે.સંસ્થાવાદનો અર્થ થતો હતો, બીજા દેશોમાં ઊભી થયેલી કોલોનીઓ (સંસ્થાનો) ને જીતી લેવી અને આશ્રિત બનાવવી. આમ કરવા માટે યુદ્ધો અથવા બીજી કેટલીક રીતો અપનાવવામાં આવતી. કાચો માલ, બજારો અને મૂડીરોકાણ જેવી જરૂરિયાતો ઊભી થવાને લીધે સામ્રાજયવાદી દેશોનું ધ્યાન બીજાં દેશો તરફ ખેંચાવ્યું. સામ્રાજયવાદનું મુખ્ય લક્ષણ હતું આશ્રિત કોલોનીઓ ઉપર લશ્કરી, રાજનૈતિક સત્તા અથવા અન્ય રીતો, સત્તા, લાગુ કરીને આર્થિક સરસાઈ મેળવવી.



નોંધ

તેમને આધીન એવા આ દેશોની સંપત્તિ અને સંશાધનો સામ્રાજયવાદી દેશો ખેંચી જવા માંડયા. આ કોલોનીઓના હિત સામ્રાજયવાદી દેશો ખેંચી જવા માંડયા. આ કોલોનીઓના હિત સામ્રાજયવાદી દેશોને આધીન હતાં. જે દેશ ઉપર કબજો મેળવવામાં આવે, તેને કોલોની સામ્રાજય પ્રદેશો કહેવાય અને જે દેશે કબજો મેળવ્યો હોય તેને સામ્રાજય કહેવાય. 19 મી સદીના અંત સુધીમાં એશિયા અને આફ્રિકાના તમામ દેશો કોઈ ને કોઈ યુરોપીયન દેશની સત્તા હેઠળ હતા.

તમને શું લાગે છે, આ દેશોએ એશિયા અને આફ્રિકાને તેમની સત્તામાં લાવવાની કોશિશ કેમ કરી હશે ? એવું એટલે, કેમ કે આ દેશો સંસાધનોથી સમૃધ્ધ હતા પણ રાજનૈતિક અને લશ્કરી દળોની દ્રષ્ટિએ નબળાં હતાં, વળી ઔધોગિક રીતે પછાત હતાં. કમનસીબે તેઓ ખૂબ દુરના પ્રદેશોમાં આવેલા હતાં. સારા સંદેશાવ્યવહાર વગર કોઈપણ દેશ તેમનો લાભ ઉઠાવી શકે તેમ નહોતું. સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારના વિકાસની સાથોસાથ સામ્રાજયવાદનો વિકાસ પણ થતો ચાલ્યો. સામ્રાજયવાદી (ઉધોગપ્રધાન) દેશો દ્વારા તેમના પોતાના દેશ ઉપરાંત સંસ્થાનોમાં (કોલોનીઓમાં) પણ સારા રસ્તાઓ, વરાળથી ચાલતાં જહાજો, રેલ્વે અને નહેરો જેવી સગવડો વિકાસ પામી, આશ્રિત દેશોમાંથી વસ્તુઓ લાવવા-લઈ જવાનું કામ તેને લીધે આસાન થઈ ગયું. સંસ્થાનોમાં લશ્કરી દળો મોકલવાનું વધુ સરળ બન્યું. ટેલિફોન અને ટેલીગ્રાફ દ્વારા સંદેશાઓની લેવડ-દેવડ ઝડપી બની. લગભગ દરેક દેશો પર સામ્રાજયવાદી દેશોની પકડ મજબૂત બની.

સામ્રાજયવાદના ફેલાવા પાછળ કટ્ટર રાષ્ટ્રવાદ મુખ્ય કારણ બન્યો. પ્રતિષ્ઠા, ગૌરવ અને કીર્તિ માટે થઈને ઈટલી અને જર્મની જેવાં દેશોએ બીજાં કેટલાક દેશો ઉપર વિજયો મેળવ્યા. દરમ્યાન, એવા કેટલાક યુરોપીયનો, જેઓ પોતાને ઉત્તમ કોટિના માનતા હતાં તેમણે આફ્રિકા અને એશિયાના લોકોને પછાત ગણવા માંડયા. તેથી આવા દેશોને જીતીને ત્યાં ખ્રિસ્તી ધર્મના અજવાળા પાથરીને તેમને જ્ઞાની બનાવવાના કામને તેમણે પોતાની ફરજ ગણી આ ભાવનાએ બીજા દેશો પર વિજય મેળવવાની તેમની રીતને નૈતિક ટેકો આપ્યો.

એમાં કંઈ નવાઈ નથી કે સાહસિકો અને ખોજીઓના કાર્યોએ યુરોપીયન પ્રજાને અન્ય દેશો જીતી લેવા પ્રેરી. આ લોકો પોતાના દેશોમાં પાછા ફરતાં ત્યારે અન્ય દેશોની સમૃદ્ધિની સંશાધનોની તેમજ અન્ય ભૌગોલિક-સામાજીક-આર્થિક પરિસ્થિતિઓની માહિતીઓ પોતાની સાથે લઈ જતાં.

તમને એવા સાહસિકોના નામ વાંચ્યાનું યાદ આવે છે, જેવાં કે ક્રીસ્ટોફર કોલંબસ, વાસ્કો-દ-ગામા અને ફેડીનન્ડ મેગેલન ?

### 4.4.1 આફ્રિકામાં સામ્રાજયવાદ :

શું તમને ખબર છે, કે કોઈક વખત આફ્રિકાને અંધારિયો ખંડ કહેવામાં આવતો હતો ? આ ખંડ વિશે ઘણી ઓછી જાણકારી ઉપલબ્ધ હતી. આ વિસ્તાર સુધી પહેલાં પહેલાં પાદરીઓ અને ખોજીઓ પહોંચ્યા હતાં. ત્યાં તેમણે હાથીદાંત, સોનુ, ચાંદી, હીરા, લાકડુ અને ગુલામ બનાવી

*શકાય તેવા લોકોના ભંડાર ભરેલાં જોયાં. આફ્રિકાખંડ પણ રાજનૈતિક, આર્થિક, સામાજિક અને લશ્કરી દ્રષ્ટિએ નબળો હતો. યુરોપીયન દેશોમાં કાચો માલ માટે અને ઉત્પાદિત માલના બજારો સુધી પહોંચવા માટે તીવ્ર સ્પર્ધા ચાલી. તેમની પાસે અધતન ટેકનોલોજીવાળા એવાં સાધનો હતાં જેમને લીધે યુદ્ધો જીતવાનું તેમને માટે સરળ બન્યું. 1875 સુધી આફ્રિકામાં યુરોપીયનોનું સામ્રાજ્ય અમુક પ્રદેશો, દરિયાકાંઠાના અમુક વિસ્તારો તેમજ અમુક વ્યાપારી મથકો પૂરતું જ મર્યાદિત હતું. પરંતુ 1880 અને 1910 વચ્ચેના સમયગાળામાં આખું આફ્રિકા યુરોપીયન દેશો વચ્ચે વહેંચાઈ ગયું. પછીના 50 વર્ષો સુધી આફ્રિકા અને તેના લોકોને લગતા નિર્ણયો લંડન, પેરીસ, લિસ્બન અને બીજી યુરોપીયન રાજધાનીઓના ટેબલો ઉપર લેવાતા રહયાં.!*

**? શું તમે જાણો છો**

*આફ્રિકામાં સૌથી વધુ સંસ્થાનો ધરાવનાર દેશ હતો ફ્રાંસ અને સૌથી વધુ લોકો ઉપર રાજ કર્યુ બ્રિટને.*

*ફ્રાંસે ઉત્તર અને પશ્ચિમ આફ્રિકામાં એક વિશાળ સામ્રાજ્ય સ્થાપ્યું. પ.આફ્રિકાના અલ્જીરીયા, મોરક્કો, આઈવરી કોસ્ટ, ટ્યૂનીશીયા, માલી અને કેટલાંક અન્ય પ્રદેશો ફ્રેંચ સામ્રાજયમાં હતાં. જ્યારે બ્રિટન સામ્રાજ્ય ગામ્બીયા, સિયેરા, લીઓન, ગોલ્ડ કોસ્ટ, નાઈજીરીયા, દક્ષિણ આફ્રિકા, રોડેશીયા, યુગાન્ડા, કેન્યા, ઈજીપ્ત, સુદાન, ઈરિટ્રિયા, સોમાલિયા, ભૂમિના તથા લિબીયાના કેટલાક પ્રદેશોમાં વિસ્તરેલું હતું. જર્મન સામ્રાજ્યનો વિસ્તાર દક્ષિણ-પશ્ચિમી આફ્રિકાના ટાંગાન્યિકા, ટોગોલેન્ડ અને કેમેરૂનમાં ત્યાં સુધી હતો, જ્યાં સુધી પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મનીની હાર થઈ ન હતી. જ્યારે 1914 માં યુદ્ધ શરૂ થયું, ત્યાં સુધીમાં આફ્રિકામાં માત્ર બે દેશો સ્વતંત્ર બન્યા હતાં.-લીબેરીયા અને ઈથિયોપીયા. પરંતુ 1935 માં ઈટલીએ ઈથિયોપીયાને જીતી લીધું.*

*સામ્રાજ્યવાદનું એક રસપ્રદ પાસું છે. આફ્રિકામાં કરવામાં આવેલો ગુલામોનો વ્યાપાર. અમેરિકામાં આવેલા પોતાના બગીચાઓમાં કામ કરાવવા માટે યુરોપીયનોએ આફ્રિકાથી ગુલામો ખરીદી લાવવાનું શરૂ કર્યુ. પોર્ટુગલની રાજધાની લિસ્બનમાં ગુલામોનું એક કાયમી બજાર હતું. 1500 અને 1800 દરમ્યાન 15 કરોડ જેટલા આફ્રિકનો ગુલામ તરીકે પકડાયા અને વેચવામાં આવ્યાં.*

**મનોયત્ન 4.3**

*એક વ્યકિત સાથે તેના ધર્મ, જાતી, વર્ણ, વર્ગ કે જ્ઞાતિને આધારે ભેદભાવ રાખવામાં આવે છે. આ મુદાને લઈને ભારત તેમજ વિદેશમાં લોકો સાથે શારીરિક અને શાબ્દિક દુર્વ્યવહાર થયો હોવાના ઘણાં દાખલા આપણી પાસે છે. શું તમે માનો છો કે આવી રીતના વ્યવહારમાં આપણે પણ*

*સામેલ થવું એ પુખ્તતા અને સંવેદનશીલતાની નિશાની છે ? તે વ્યક્તિને કેવું લાગે ? આમ થતું રોકવા માટેના કેટલાક ઉપાયો જણાવો.*

### 4.4.2 એશિયામાં સામ્રાજયવાદ

*આફ્રિકાખંડની જેમ એશિયાખંડમાં પણ યુરોપીયન દેશોએ સામ્રાજિત પ્રદેશો સ્થાપવા માંડયા. ભારતમાં પોર્ટુગલ અને હોલેન્ડનો જે સમૃધ્ધપણે વેપાર ચાલતો હતો, તે બ્રિટીશ અને ફ્રેંચ લોકોને પસંદ ન પડયું અને તેમણે આ દેશોને હરાવીને ભારતમાંથી પાછા ધકેલી દીધા. ટૂંક સમયમાં જ બ્રિટીશ અને ફ્રેંચ લોકોએ ભારતમાં પોતાની વ્યવસ્થા શરૂ કરી. 1763 માં બ્રિટીશરોએ ભારતમાં ફ્રેંચ સત્તા મિટાવી દીધી અને પોતાનું નિયંત્રણ લાદયું. આવતા પાઠમાં ભારતમાં સ્થપાયેલી અંગ્રેજ સત્તા વિશે તમે વધુ વિગતો જાણશો. ચીન અને જાપાન જેવા દેશોએ પોતાની પરંપરાગત માન્યતાઓને લીધે પાશ્ચાત્ય સંસ્કૃતિને તથા જીવનશૈલીને અપનાવી નહીં. બકસર વિદ્રોહ અને અફીણ યુદ્ધને કારણે ઉધોગપ્રધાન દેશોને ચીનમાં દાખલ થવાનો મોકો મળ્યો. ધીમેધીમે તેમણે ઔધોગિકરણ અપનાવ્યું અને પાશ્ચાત્ય અસરના પ્રભાવ હેઠળ આવ્યા. ચાલો આપણે જોઈએ, આવું શી રીતે બન્યું.*

### 4.4.3 ચીન

*યુરોપમાં ચીની વસ્તુઓની ખુબ માંગ હતી, પરંતુ ચીનમાં યુરોપીયન વસ્તુઓની માંગ નહોતી. આ એકતરફી વેપાર યુરોપીયનોને મોંઘો પડતો. તેથી તેમણે ચીનમાં અફીણની દાણચોરી શરૂ કરી, જેથી ચીનના યુવાધનને અવળા પાટે ચડાવીને ચીની વસ્તુઓની લેવડ-દેવડ કરી શકાય. આને લીધે ચીન અને બ્રિટન વચ્ચે પ્રથમ અફીણ યુદ્ધ થયું જેમાં ચીન આસાનીથી હારી ગયું અને બદલામાં તેણે બ્રિટનને ઘણી છૂટછાટો આપવી પડી. ચીને તેના પાંચે બંદરો બ્રિટીશ વેપારીઓ માટે ખુલ્લા મુકવા પડયા. ચીની સરકાર દ્વારા વિદેશી વસ્તુઓ પર કોઈ કર લઈ શકાતો નહીં. ચીની અદાલતોમાં વિદેશીઓ ઊપર કોઈ મુકદમો ચાલી શકતો નહી. હોંગકોગનો ટાપુ બ્રિટીશરોને સોંપી દેવો પડયો.*

*બીજું અફીણયુદ્ધ બ્રિટીશ ધ્વજના અપમાનના અને એક ફ્રેંચ પાદરીની હત્યાના બદલામાં લડવામાં આવ્યું. બે યુરોપીયન સત્તાઓ દ્વારા ચીનને હરાવવામાં આવ્યું અને પોતાના વિસ્તારના વિશેષ અધિકારોનો ભોગવટો કરવાના હક જતા કરવા માટે તે મજબૂર થઈ ગયું. યુરોપિયન પ્રભાવમાં આવેલા ચીનમાં જયારે વિભાજન થયું અને તેનું શોષણ થવા માંડયું તેના તથા ખ્રિસ્તી મિશનરીઓના વિરોધમાં બકસર વિદ્રોહ થયો. ચીની યુવાનોએ વિદેશી નાગિરકોને તેમના મુષ્ટિપાકની મજા ચખાડી. શાહી અદાલતે તેમને છુપું સમર્થન આપ્યું.*

### 4.4.4 જાપાન

*1868 માં "પ્રબુધ્ધ પ્રશાસન" ની સંકલ્પનાના આધારે મીઈજી પુનઃસંસ્થાપન શરૂ થયું જેણે*



નોંધ

જાપાનને એક જડ સામંતશાહી વ્યવસ્થામાંથી કાઢીને એક ઉધોગપ્રધાન દેશ બનાવ્યો. જાપાન પાસે પોતાના સંસાધનો સાવ ઓછા હતાં અને કાચા માલ તેમજ બજાર માટે તેણે દરિયાપારના દેશો પર આધાર રાખવો પડયો.

1871 માં, જાપાનના રાજનીતિજ્ઞોનું એક જૂથ યુરોપ અને અમેરિકાના પ્રવાસે ગયું. જાપાને એક રાજકીય ઔધોગિકરણ નીતિ બનાવી.

1877 માં બેન્ક ઓફ જાપાનની સ્થાપના થઈ. ઘણાં સ્ટીલ અને કાપડ ઉધોગ શરૂ થયા, શિક્ષણનો પ્રચાર થયો અને જાપાની વિધાર્થીઓને પશ્ચિમના દેશોમાં વિધાભ્યાસ માટે મોકલવામાં આવ્યાં. 1905 સુધીમાં "દેશને સમૃધ્ધ કરો, લશ્કરને તાકતવર કરો" ના નારા હેઠળ જાપાન એક અજેય ઔધોગિક અને લશ્કરી દેશ તરીકે ઊભર્યુ. કેટલાક દેશો ઉપર વિજય મેળવવામાં તે સફળ બન્યું. જેવાં કે - ફિલીપન્સ, ભારતીય, ચીન, મ્યાનમાર, મલાયા, સિંગાપુર, સખાલિન, કોરિયા, મંચૂરિયા અને ઈંડોનેશિયા.

### 4.4.5 દક્ષિણમાં તેમજ દક્ષિણ પૂર્વ એશિયામાં સામ્રાજયવાદ

દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ એશિયામાં નેપાળ, બર્મા, શ્રીલંકા, મલાયા, ભારતીય-ચીન, થાઈલેંડ, ભારત અને ફિલીપાઈન્સ સામેલ છે. નવા સામ્રાજયદાવની શરૂઆત પહેલાના ઘણા સમયથી આ દેશોમાં યુરોપીયનોનું પ્રભુત્વ રહયું છે. શ્રીલંકામાં પહેલા પોર્ટુગીઝોએ પછી ડચ લોકોએ ને ત્યારપછી બ્રિટીશરોએ શાસન કર્યુ. ઈંગ્લેન્ડમાં રબર અને ચાના જે બગીચા શરૂ થયા તેમાંના ૭/૮ ભાગ શ્રીલંકાથી આયાત કરવામાં આવતો.

દક્ષિણ- પૂર્વ એશિયાના બીજા કેટલાક દેશો પણ સામ્રાજ્યવાદની અસર હેઠળ ઝડપાયા. ભારત-ચીનના ખ્રિસ્તીઓની સુરક્ષાના બહાના હેઠળ વિયેતનામમાં ફ્રેંચ લશ્કરના ફાડા ઉમટી પડયા. ધીમેધીમે વિયેતનામ, લાઓસ અને કંબોડીયાએ ફ્રેંચ સામ્રાજયનો જ ભાગ બની ગયા. મલાયાના રાજયો પર નિયંત્રણ મેળવવા માટે બ્રિટને બર્મા અને સિંગાપુર બંદર કબજે કર્યા.

**? શું તમે જાણો છો**

ભારત-ચીનમાં ફ્રેંચોના વિજય અને બર્મામાં બ્રિટીશ શાસન વચ્ચે પિસાયા છતાં થાઈલેન્ડ (સિયામ) એક સ્વતંત્ર રાજય બની રહયું.

## 4.5 સામ્રાજયવાદની અસરો

સામ્રાજયવાદની કેટલીક સકારાત્મક અસરો સંદેશાવ્યવહાર અને વાહન-વ્યવહારની સગવડો તરીકે થઈ, જેવી કે - રેલ્વે, નહેરો, ટેલીગ્રાફ અને ટેલીફોન સેવાઓ તેને લીધે આશ્રિત દેશોમાં રાષ્ટ્રભાવના તેમજ રાજનૈતિક જાગૃતિનો પણ ઉદય થયા તેને લીધે આધુનિક શિક્ષણ અને વિજ્ઞાનના વિકાસમાં પણ મદદ થઈ જેને લીધે સ્વતંત્રતા મળ્યા પછી એ દેશોનો વિકાસ થયો.

સામ્રાજયવાદની કેટલીક વિનાશકારક અસરો આ સામ્રાજિત પ્રદેશો/ દેશો ઉપર થઈ. સ્વદેશી ઉધોગો બંધ થયા અને કુદરતી સંશાધનોનું ભરપુર શોષણ કરવામાં આવ્યું. ચીનની સત્તાનું વિભાજન કરવામાં આવ્યું અને વ્યાપારી શોષણ માટે તેને વિશ્વના બજારમાં ખુલ્લું મૂકી દેવામાં આવ્યું. લિબેરીયા અને ઈથિયોપીયા સિવાયનું આખું આફ્રિકા યુરોપીયન દેશોની સત્તા હેઠળ વહેંચાઈ ગયું. કરોડોની સંખ્યામાં આફ્રિકન લોકોને ગુલામો તરીકે વેચવામાં આવ્યા. દક્ષિણ આફ્રિકામાં ગોરી યુરોપિયન પ્રજાએ કાળા હસબીઓને તેમના રંગના લીધે ઊતરતા ગણીને દુવ્યવહેવાર કર્યો આને રંગદ્વેષ કે રંગભેદની નીતિ કહે છે, જે સામ્રાજયવાદની સૌથી ધૃણાસ્પદ અસર હતી.

સામ્રાજયવાદની નકારાત્મક અસરો તેની સકારાત્મક અસરો કરતાં વધારે હતી, જેને લીધે એશિયા અને આફ્રિકા તેમની સંપત્તિ, કાચો માલ અને સમૃધ્ધિની દ્રષ્ટિએ પાયમાલ થઈ ગયા. ત્યાંની પ્રજા તથા સંસાધનોનું શોષણ કરીને ત્યાંના જ બજારોમાં વિદેશી વસ્તુઓ વેચાવવાને લીધે આ દેશોનું અર્થતંત્ર ખતમ થઈ ગયું. રંગદ્રેષની નીતિએ લોકોનું આત્મસન્માન હણી નાંખ્યું અને તેમનો આત્મવિશ્વાસ તોડી નાંખ્યો. આના વિશે તમે ભારત સંદર્ભી જાણકારી આગળના પાઠોમાં મેળવશો. ભારતમાં યુરોપીયનો વેપારીઓ તરીકે આવ્યા, પણ સમ્રાટો બની બેઠા. તેમણે આપણું સમૃધ્ધ અર્થતંત્ર ખોરવી નાંખ્યું.

જે ભારત કાપડની નિકાસ (એકસપોર્ટ) કરતું હતું તેણે કાચા માલની નિકાસ કરવી પડી અને તૈયાર વસ્તુઓ આયાત (ઈમ્પોર્ટ) કરવી પડી. ઉપરાંત, ભારે કરવેરાના બોજ હેઠળ કચડાયેલી પ્રજા ગરીબ બની ગઈ.

૨૦મી સદીએ બીજા કોઈપણ સમયગાળા કરતાં વધુ શોધખોળો (આવિષ્કાર) જોયા. વરાળ-ઊર્જાથી ચાલતાં યંત્રોની શોધથી શરૂઆત કરીને તેના અંત સુધીમાં તેણે ચંદ્ર ઉપર મૂકાયેલા માનવ પગલા, કમ્પ્યૂટર ટેકનોલોજીની ક્રાંતિજનક નેટવર્કીંગ અને અવકાશમાં માનવસફર જોયાં. ઝડપી વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારને લીધે વિશ્વ સંકોચાઈને નાનું બન્યું. કમનસીબે દુનિયાભરમાં સામ્રાજયવાદના વેરઝેર અને આર્થિક હેતુઓની અસર ફેલાઈ હતી તેને લીધે યુરોપીયન દેશો, અમેરિકા અને જાપાનમાં અંદરોઅંદર વિખવાદ ઊભા થયા અને પરિણામે આ દેશો બે વિશ્વયુદ્ધો કરવા તરફ દોરાયા, જેને વિશે તમે પાઠના આગલા ભાગમાં જાણશો.

## પાઠ સ્વાધ્યાય 4.2

1. સામ્રાજયવાદની વ્યાખ્યા આપો.
2. સંસ્થાનો (કોલોનીઓ) માં થયેલા વાહન-વ્યવહારના વિકાસના એ બે ફાયદા જણાવો, જેને લીધે સામ્રાજયવાદનો વિકાસ થયો.
3. ગુલામોનો વેપાર એ શું હતું ?

4. સાચો જવાબ પસંદ કરો :

(ક) નીચેમાં પૈકી કયો પ્રદેશ અંધારિયા ખંડ તરીકે ઓળખાતો ?

(i) આફ્રિકા (ii) એશિયા (iii) યુરોપ

(ખ) મેઈજી પુનઃ સંસ્થાપન કયા દેશમાં થયું ?

(i) કંબોડિયા (ii) શ્રીલંકા (iii) જાપાન

(ગ) અફીણ યુદ્ધ કયા દેશમાં લડાયું ?

(i) ભારત (ii) ચીન (iii) બર્મા

(ઘ) નીચેના પૈકી કયો પ્રદેશ ફ્રેંચ સામ્રાજયમાં ન હતો ?

(i) વિયેતનામ (ii) મોરોક્કો (iii) કેન્યા

## 4.6 પ્રથમ વિશ્વયુદ્ધ

ઔધોગિકરણ, અને સામ્રાજયવાદને કારણે યુરોપીયન દેશોમાં એશિયા અને આફ્રિકાના પ્રદેશોની સત્તા હાંસલ કરવા માટે ગળાકાપ સ્પર્ધા ચાલી. ૧૯ મી સદીના અંત સુધીમાં જયારે આ ખંડોમાં સામ્રાજિત પ્રદેશો ન રહયા, ત્યારે આ સ્પર્ધા તીવ્રતમ બની. પરસ્પર અવિશ્વાસને લીધે સમાધાન અશકય બન્યું. 1914 માં યુરોપમાં યુદ્ધ છેડાયું, જેણે તરત જ આખી દુનિયાને ભરડો લીધો. તેમાં દુનિયાભરનાં દેશો અને તેમના આશ્રિત દેશો સંડોવાયા. આ યુદ્ધોથી એવી ભયંકર તારાજી અને નુકસાન થયું. જેનો વિશ્વના ઈતિહાસમાં કયાંય જોટો મળે નહીં. વિશ્વના ઈતિહાસમાં પ્રથમ વાર યુદ્ધ કરનારા દેશોના બધા જ સંશાધનો વપરાયા. તેમના યુદ્ધોમાં તેમના પાયદળ, વાયુદળ અને નૌકાદળ વપરાયા. અવિરત બોંબવર્ષાને લીધે કરોડો નાગરિકો હણાયા. આ યુદ્ધ વિશ્વના મોટાભાગના પ્રદેશોમાં ફેલાયેલું હોવાથી તેને પ્રથમ વિશ્વયુદ્ધ કહે છે.

વિશ્વના ઈતિહાસમાં આ યુદ્ધથી એક જબરજસ્ત વળાંક આવ્યો. આ યુદ્ધ કોઈ એકાએક બનેલી ઘટના ન હતી. બલ્કે 1974 થી શરૂ થયેલી ઘટનાઓના ભેગા પરિણામે બનેલી ચરમ ઘટના હતી.

### 4.6.1 પ્રથમ વિશ્વયુદ્ધના કારણો :

વિશ્વયુદ્ધનું મુખ્ય કારણ હતું, સામ્રાજય સ્થાપવા માટે ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની અને બીજા દેશો વચ્ચે ઊભી થયેલી દુશ્મની. પહેલાનાં યુદ્ધો વધુ પ્રદેશો ઉપર કબજો મેળવવા થયા, જયારે હજુ સંસ્થાનો (કોલોનીઝ) હતાં. પરંતુ પછી પરિસ્થિતિ બદલાઈ. આફ્રિકા અને એશિયાના મોટાભાગના દેશો વહેંચાઈ ગયા હતા અને વધુ વિસ્તારની શકયતાઓ બચી ન હતી. હવે તે સામ્રાજિત પ્રદેશોમાંથી સામ્રાજયવાદી દેશોને હટાવવાથી જ પોતાના રાજયનો વિસ્તાર કરી શકાય તેમ હતું. ૧૯મી સદીના

અંતિમ ભાગમાં જર્મનીએ ખાસ્સો ઔધોગિક અને આર્થિક વિકાસ કરીને ઈંગ્લેન્ડ અને ફ્રાંસને પાછળ પાડી દીધા હતા. તેને બ્રિટન જેટલા જ સામ્રાજિત પ્રદેશોની જરૂર હતી. સામ્રાજયની દોડમાં જર્મની બ્રિટનનું મુખ્ય હરીફ બન્યું. બ્રિટનના નૌકાદળ માટે પણ ત્યારે મોટો પડકાર ઊભો થયો જ્યારે જર્મનીએ મોટું યુદ્ધ જહાજ 'ઈમ્પીરેટર' બાંધ્યું અને ઉત્તરના સમુદ્રથી બાલ્ટિક સમુદ્રને જોડતી કીલ નહેર બાંધી તેને લીધે બ્રિટનનો દરિયાકાંઠો જોખમમાં મૂકાયો.

જર્મનીએ બર્લીનથી બગદાદ જતી એક રેલ્વેલાઈન પણ બાંધી જેને લીધે તેને માટે પૂર્વ તરફ લશ્કરી દળો અને માલસામાન મોકલવો સરળ થઈ પડયો પરંતુ તેને લીધે ત્યાં આવેલા બ્રિટનના સામ્રાજિત પ્રદેશો ઉપર જોખમ ઊભું થયું.

જર્મનીની જેમ યુરોપના બધા શક્તિશાળી સામ્રાજયો અને જાપાન પણ સામ્રાજયો માટે મહત્વાકાંક્ષી હતાં. જોડાણ પછી ઈટલીને ઊ.આફ્રિકાના ટ્રાઈપોલી પ્રદેશ જોઈતો હતો જે ઓટોમન સામ્રાજયનો ભાગ હતો. ફ્રાન્સને આફ્રિકાનું મોરોક્કો જોઈતું હતું, જયારે રશિયાને ઈરાન, જાપાનને દૂરના પૂર્વીય દેશોનું સામ્રાજય લેવાની મહત્વાકાંક્ષા હતી તેની અને રશિયાની વચ્ચે ૧૯૦૫ માં થયેલા યુદ્ધ પછી તે આ પ્રદેશોમાં પોતાનો પ્રભાવ પાડી શકે તેમ હતું. ઓસ્ટ્રિયાને ઓટોમન સામ્રાજયના દેશોમાં રસ હતો જયારે બીજી તરફ અમેરિકા એક શકિતશાળી રાષ્ટ્ર તરીકે ઉદય પામી રહયું હતું. તે ઝડપથી વિકાસ કરી રહયું હતું, તેથી તેને વ્યાપારને મુકત વ્યાપાર તરીકે ટકાવી રાખવામાં રસ હતો. કોઈપણ શકિતશાળી સત્તાનો વધતો જતો પ્રભાવ વિશ્વશાંતિ માટે જોખમી હતો.

### 4.6.2. ગઠબંધનોની પ્રક્રિયા :

વધુ સામ્રાજિત પ્રદેશો માટેના સંઘર્ષ અને વિરોધને લીધે સામ્રાજયશાળી સત્તાઓ એકબીજા સાથે ગઠબંધન (સંધિકરાર કે જોડાણો) કરવા પ્રેરાઈ. 1882 માં, જર્મની, ઓસ્ટ્રિયા અને ઈટલીએ વિરોધી સત્તાઓ સામે એક થઈને લડવા માટે ટ્રિપલ અલાયન્સ, સંધિકરાર કર્યા. ઈંગ્લેન્ડ, રશિયા અને ફ્રાંસે 1907 માં ટ્રિપલ એટેંટે કરાર કર્યા. યુરોપમાં બે શકિતશાળી જૂથો એકબીજાની વિરોધી છાવણીમાં હોવાથી યુરોપીય સત્તાઓ વચ્ચે ઘર્ષણ અને તણાવની સ્થિતિ ઊભી થઈ. આ દેશોએ પ્રાણઘાતક હથિયારો બનાવવામાં એકબીજાની સ્પર્ધા કરવા માંડી. પરસ્પર નફરત અને શંકાના વાતાવરણે શાંતિને ડહોળી નાંખી. એવો પ્રચાર થવા માંડયો કે જો યુદ્ધ થશે તો આખું યુરોપ તેમાં બરબાદ થઈ જશે.

### 4.6.3 પામસ્લાવ આંદોલન અને બાલ્કન રાજનીતિ

પૂર્વ યુરોપનો બાલ્કન પ્રદેશ ગ્રીસ, રોમાનીયા, બલ્ગેરીયા, સર્બીયા, મોટેંનેગ્રો અને બીજા ઘણાં નાનાં રાજયો ધરાવે છે. મૂળભૂત રીતે આ પ્રદેશો ઓટોમન સામ્રાજય અથવા તૂર્ક સમ્રાટના રાજયનો હિસ્સો હતાં. ૨૦મી સદીની શરૂઆતમાં ઓટોમન સામ્રાજયની પડતી થવા માંડી. ઓસ્ટ્રેયા અને રશિયા જેવી યુરોપિયન સત્તાઓ ત્યાં પોતાનો પગદંડો જમાવવા ધસી ગઈ. આ વિસ્તારના

લોકોમાં રાષ્ટ્રભાવના ફરી જાગી ઉઠવાથી પરિસ્થિતિ વધુ જટિલ બની. તેમને સ્લાવ કહેવામાં આવતા હતાં. તેઓ પૂર્વીય યુરોપના ઘણાં રાજયોમાં ફેલાયેલા હતાં, તેથી તેમણે એક રાષ્ટ્રિય આંદોલન શરૂ કર્યુ જેને પાન સ્લાવ આંદોલન કહેવામા આવ્યું. તેમની એ મુખ્ય માંગ હતી કે સર્બીયામાં - જયાં સ્લાવ લોકોની બહુમતિ છે, ત્યાં બધા જ સ્લાવ સંગઠિત થાય. રશિયાએ સર્બીયાને ટેકો આપ્યો, જયારે ઓસ્ટ્રિયાએ સર્બીયા તેમજ તેના રાષ્ટ્રિય આંદોલનનો વિરોધ કર્યો. પરિણામે રશિયા અને સબિર્યા વચ્ચે દુશ્મની ઊભી થઈ. ઓસ્ટ્રિયાએ બિલકુલ ઈચ્છતું ન હતું કે સર્બિયા એક શકિતશાળી રાજય બને, કેમ કે જો એમ બને તો એ તેના સામ્રાજયને ફેલાતું અટકાવે. 1908 માં ઓસટ્રિયાએ સર્બિયાના બે રાજયો બોસ્નિયા અને હર્જેગોવિના પર કબજો કરી લીધો જેને લીધે સબિર્યા અને ઓસ્ટ્રિયા દુશ્મન બન્યા. 1912 અને 1914 ની વચ્ચેના તબકકામાં ચાર બાલ્કન રાજયોએ સ્વતંત્રતા માટે તુર્ક સમ્રાટ વિરુધ્ધ યુદ્ધો લડયા. તૂર્કી હારી ગયું. યુરોપમાં તેની તમામ સંપત્તિ ચાલી ગઈ. ઓસ્ટ્રિયાએ ગ્રેટર સર્બિયન રાજયની સંકલ્પનાને બદલે અલ્બાનિયાની એક સ્વતંત્ર રાજય તરીકે સ્થાપના કરી. એકતરફ રશિયા સાથે તો બીજી બાજુ સર્બિયા સાથે ઓસ્ટ્રિયાની દુશ્મની વધતી ચાલી.

તમે જોઈ શકો છો કે 1914 થી માંડીને યુરોપમાં એક વિસ્ફોટક વાતાવરણ ઊભું થયું હતું. આ બધું હોવાછતાં ઓસ્ટ્રિયાના સિંહાસનના વારસ ફ્રાંસિસ ફર્ડિનાડ બોસ્નિયાની રાજધાની સારાયેવોની મુસાફરીએ ગયા તે હજુ પોતાની કારમાંથી ઊતરી જ રહયા હતાં, એવામાં એક સર્બિયાઈ યુવક ધ્વારા તેમની હત્યા કરવામાં આવી. આ ૨૮ જુન, ૧૯૧૪ ના રોજ બન્યું. આર્થડયૂક ફ્રાંસિસ ફર્ડિનાંડની હત્યા યુદ્ધનું તાત્કાલિક કારણ બની ગઈ. પોતાના રાજકુમારની હત્યા માટે ઓસ્ટ્રિયાએ સર્બિયાને જવાબદાર ઠેરવ્યું અને વિભિન્ન શરતો મૂકીને તેને એક અંતિમ ચેતવણી આપી. રશિયાના ટેકાની ખાતરી હોવાથી સર્બિયાએ ઓસ્ટ્રિયાની અંતિમ ચેતવણીને દરકારી નહીં અને તેના લશ્કરી દળોને સરહદ ઉપર મોકલવાના શરૂ કર્યા. 1914 ની ત્રીજી ઓગષ્ટે જર્મનીએ ફ્રાંસ સાથે યુદ્ધ જાહેર કર્યુ. જેમાં જર્મન લશ્કરી દળો બેલ્જીયમમાં પ્રવેશ્યા કે તરત ચોથી ઓગષ્ટ 1914 ના રોજ ઈંગ્લેન્ડે જર્મની સાથે યુદ્ધ જાહેર કર્યુ. આમ, યુરોપમાં બનેલી એક નાનકડી ઘટનાએ રાતોરાત પ્રથમ વિશ્વયુદ્ધનું રૂપ લઈ લીધું.

### 4.6.4 પ્રથમ વિશ્વયુદ્ધની કાર્યવિધિ (1914 -1918)

ઓગસ્ટ 1914 માં શરૂ થયેલ વિશ્વયુદ્ધ નવેમ્બર 1918 સુધી ચાલ્યું. આ સમયગાળા દરમ્યાન ઘણાં નિર્ણાયક યુદ્ધો લડાયા, જેવા કે 1914 માં માર્ગેનું યુદ્ધ, વેર્ડનું યુદ્ધ, સોમ્મેનું યુદ્ધ, 1916 માં જયૂટનું યુદ્ધ, 1917 ની સાલમાં બે મહત્વના પરિવર્તન આવ્યા- એક તો એપ્રીલમાં અમેરિકા યુદ્ધમાં સામેલ થયુ અને બીજું એ કે નવેમ્બરમાં રશિયા યુદ્ધમાંથી ખસી ગયું.

1915 મા જર્મનીની યૂ બોટસ દ્વારા બ્રિટીશ પ્રવાસી જહાજ લ્યૂસીટાનીયા ડુબાડવામાં આવ્યું જેમાં ૧૨૮ જેટલા અમેરીકન નાગરિકો મૃત્યુ પામ્યા. અમેરિકાની સંસદે આ વાતને ઘણી ગંભીરતાથી

લીધી. એક શક્તિશાળી સત્તા બનવા ઉપરાંત જર્મની અમેરિકા માટે ખતરો બની રહયું હતું. આ બધું ધ્યાનામાં રાખીને તેણે 1917 માં યુદ્ધમાં ભાગ લેવાનું નકકી કર્યુ.

ઓકટોબર 1917 માં થયેલી રશિયન ક્રાંતિ તમને યાદ છે? ક્રાંતિકારીઓની મુખ્ય માંગણી શાંતિની હતી. તેથી, ક્રાંતિ થયા પછી ટૂંક સમયમાં જ રશિયા યુદ્ધમાંથી ખસી ગયું અને તેણે 1918 માં જર્મની સાથે શાંતિકરાર કર્યા.

જુલાઈ-1918 સુધીમાં જર્મનીની પડતી થવી શરૂ થઈ. બલ્ગેરીયા અને તૂર્કીએ અનુક્રમે સપ્ટેમ્બર અને ઓકટોબરમાં શરણાગતિ સ્વીકારી. 1918 ની ૩ જી નવેમ્બરે ઓસ્ટ્રિયામાં વ્યાપેલી અશાંતિને લીધે ઓસ્ટ્રિયાના રાજાએ શરણાગતિ સ્વીકારી. તેવી જ રીતે જર્મન પ્રજાના બળવા પછી જર્મન સમ્રાટ વિલ્હેમ દ્વિતીય હોલેન્ડ ભાગી છૂટયો અને જર્મની એક પ્રજાસત્તાક બન્યું. નવી સરકાર દ્વારા 1918 ની 11 મી નવેમ્બરે યુદ્ધવિરામના દસ્તાવેજ ઉપર હસ્તાક્ષર કર્યા. આ સાથે જ પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

યુદ્ધ દરમ્યાન મશીનગન, ઝેરી વાયુ/ગેસ, પ્રવાહી વાયુ, સબમરીન અને યુદ્ધટેંક જેવા નવાં હથિયારો વપરાયા. બેઉ પક્ષે યુદ્ધ લડવાની નવી પધ્ધતિઓ અને વ્યૂહરચનાઓ અપનાવાઈ. ઈંગ્લેન્ડે નૌકાદળની તેમજ આર્થિક નાકાબંધી તથા ટેંક અને વાયુ હુમલાઓનો ઉપયોગ કર્યો. ફ્રેંચો શસ્ત્રઓ યુદ્ધમાં વાપર્યા અને જર્મનીએ યૂ નૌકાઓ તથા સબમરીનો વાપરીને દુશ્મનના જહાજોને દરિયામાં ડુબાડયા.

### 4.6.5 પ્રથમ વિશ્વયુદ્ધનાં તાત્કાલિક પરિણામો

પ્રથમ વિશ્વયુદ્ધને વિશ્વની સૌથી ખોફનાક અને વિનાશક ઘટનાઓ પૈકી એક માનવામાં આવે છે. નિર્દોષ નાગરિકો સહિત એક કરોડ લોકો માર્યા ગયા. મોટાભાગના યુરોપીય દેશોમાં સંપત્તિનો મોટાપાયે નાશ થયો. કુલ અંદાજિત ખર્ચો લગભગ ૧૮૦ અબજ ડોલર જેટલો જબરજસ્ત હતો. મોટાભાગના દેશોના અર્થતંત્ર ભાંગી પડયા. ચારેબાજુ સામાજિક તણાવ, બેરોજગારી અને ગરીબી ફેલાઈ ગયા.

1919 ના જાન્યુઆરીથી જૂન માસ દરમ્યાન પેરીસના વર્સેલ્સના મહેલમાં મૈત્રીકરાર કરેલા દેશોની મીટીંગ થઈ, જેમાં પરાજિત દેશોનું ભવિષ્ય નક્કી કરવાનું હતું. ભલે લગભગ ૨૭ દેશોના પ્રતિનિધિ ત્યાં ભેગા થયા, પરંતુ નિર્ણયો તો બ્રિટીશ રાજ્યો, ફ્રાંસ અને યુ.એસ.એ.(અમેરિકા) દ્વારા જ લેવાયા. રશિયાને બાકાત રાખવામાં આવ્યું અને પરાજિત રાજ્યોને આ મંત્રણામાં હાજર રહેવા ન દેવાયા. આ સંગઠને પરાજિત દેશો સાથે વિવિધ કરારો કર્યા. જેવાં જર્મની સાથે કરાવમાં આવેલી વર્સેલ્સના કરાર, ઓસ્ટ્રેયા સાથેના સેઈન્ટ જર્મન કરાર અને તૂર્કી સાથે કરવામાં આવેલા સેવા કરાર સૌથી મહત્વના હતા.

*વર્સેલ્સના સંધિકરારે જર્મનીને આર્થિક, રાજકીય અને લશ્કરી દ્રષ્ટિએ પાયમાલ કરી નાંખ્યું. જર્મનીને યુદ્ધમાં આક્રમક થવા બદલ ગુનેગાર ઠેરવવામાં આવ્યું અને તેના વળતરરૂપે તેની પાસે મોટી રકમ વસૂલવામાં આવી. ફ્રાંસ પાસે 1871 માં લઈ લેવામાં આવેલા અલ્સાસ અને લોરેનને પાછા ફ્રાંસમાં ભેળવી દેવામાં આવ્યા. ફ્રાન્સ અને જર્મની વચ્ચે આવેલી જમીન રીનલેન્ડને ઉપરથી લશ્કરી દળો ખસેડી લેવામાં આવ્યા અને તેનો કબજો મિત્ર રાષ્ટ્રોની સંજ્ઞાને સોંપવામાં આવ્યો. કોલસાથી સમૃધ્ધ એવી સાર ખીણ ફ્રાન્સને ૧૫ વર્ષ માટે આપવામાં આવી. જર્મન લશ્કરને વિખેરી નાંખવામાં આવ્યું. તેના વહાણોને ડુબાડી દેવામાં આવ્યા અને લશ્કરમાં માત્ર ૧,૦૦,૦૦૦ સૈનિકોને જ રાખવામાં આવ્યા. જર્મની પાસેથી તેના તમામ સંસ્થાનો (કોલોનીઓ) લઈ લેવામાં આવ્યા. યુરોપમાં તેના મોટાભાગના વિસ્તારો બેલ્જીયમ અને પોલેંડને આપી દેવામાં આવ્યા.*

*સેંટ લોરેન કરાર દ્વારા ઓસ્ટ્રિયાથી હંગેરીને છૂટું પાડવામાં આવ્યું અને હંગેરીને એક સ્વતંત્ર રાજ્ય બનાવવામાં આવ્યું. ઓસ્ટ્રિયાએ હંગેરીની સ્વતંત્રતાને માન્ય રાખવી પડી અને તેને યુગોસ્લાવિયા, રૂમાનીયા અને ઝેકોસ્લોવાકિયા આપી દેવા પડયા. સર્વના કરારે (ટ્રીટી ઓફ સર્જી) ઓટોમન સામ્રાજયને તોડી નાંખ્યું. તેના કેટલાક રાજયોને જાહેર આદેશના રૂપમાં મિત્ર રાજયોના સંગઠનને સોંપી દેવામાં આવ્યા. દાખલા તરીકે, પેલેસ્ટાઈન અને મેસોપોટેમીયા બ્રિટનને અને સિફીયા ફ્રાન્સને આપી દેવામાં આવ્યા. આ દેશો આત્મનિર્ભર ન બને ત્યાં સુધી આ સંગઠને તેમની દેખરેખ રાખવાની હતી.*

*યુદ્ધ અને શાંતિના કરારો દ્વારા દુનિયાનો નકશો બદલાઈ ગયો, ખાસ કરીને યુરોપનો ઓકટોબરમાં થયેલી રશિયન ક્રાંતિ દ્વારા શાસનકર્તા રોમનોવ વંશને હાંકી કઢાયો. યુદ્ધના અંત સુધીમાં જર્મની અને ઓસ્ટ્રિયાના હોલમેલર રાજવંશ અને હેપ્સબર્ગ રાજવંશને કાઢી મૂકયા અને જર્મનીને પ્રજાસત્તાક બનાવી દેવામાં આવ્યું. ૧૯૨૨ ની ક્રાંતિ પછી તૂર્કીમાંથી પણ રાજવંશ હટાવી દેવામાં આવ્યો હતો. હંગેરી હવે એક સ્વતંત્ર રાજય બન્યું. ઈસ્ટોનીયા, લીથુઆનિયા, લાતવિયા અને ફિનલેંડ જેવા બાલ્ટિક દેશો સ્વતંત્ર રાજયો બન્યા. રુમાનિયા અને પોલેન્ડના રાજયોનો ભૌગોલિક વિસ્તાર વધ્યો. આ બધાને લીધે યુરોપના રાજયોની સરહદો બદલાઈ ગઈ.*

*એ દેખીતી વાત હતી કે પરાજિત દેશો ઉપર અન્યાયી અને સરમુખત્યારશાહી ગોઠવણો લાદી મૂકવામાં આવી હતી. આ બધા વિચાર-વિમર્શમાં તેમનું કોઈ સ્થાન ન હતું. યુદ્ધ સમાપ્ત થતા સુધીમાં યુરોપીયન સત્તા ઘટી હતી અને USSR (રશિયા) તથા USA (અમેરિકા) મુખ્ય સત્તાશાળી રાષ્ટ્રો તરીકે આગળ આવ્યા હતા. આ તબકકે એશિયા અને આફ્રિકામાં રાષ્ટ્રવ્યાપી આંદોલનો પણ થયા. 1918 માં યુદ્ધ સમાપ્ત થાય તે પહેલાં અમેરિકી રાષ્ટ્રપ્રમુખ વુડ્રો વિલ્સને એક ૧૪ મુદ્દાનો શાંતિ કાર્યક્રમ આપ્યો. તેની સૌથી મહત્વની વાત હતી વિશ્વભરમાં શાંતિ અને સલામતી ટકાવી રાખવા માટે એક વૈશ્વિક સંગઠન રચવાનો પ્રસ્તાવ આ પ્રસ્તાવને આધારે 1920 માં લીગ ઓફ નેશન્સની સ્થાપના થઈ.*

### 4.6.6 લીગ ઓફ નેશન્સ

*આ લીગએ પ્રથમ આંતરરાષ્ટ્રિય સંગઠન હતું, જે ૧૯૨૦ માં સ્થાપવામાં આવ્યું. તેનું મુખ્યમથક જીનીવા હતું. તેના મુખ્ય ઉદૃેશો હતાં.-દુનિયામાં શાંતિ અને સલામતી ટકાવી રાખવા, ભવિષ્યમાં થવા જઈ રહેલાં યુદ્ધોને રોકવા આંતરરાષ્ટ્રિય સહાયતા પૂરી પાડવી, આંતરરાષ્ટ્રિય વિવાદોનો શાંતિપૂર્વક નીવેડો લાવવો અને સભ્ય દેશોમાં કામદારોની સ્થિતિમાં સુધારો લાવવો. પરંતુ કમનસીબે લીગની સ્થાપના ખાસ જેની માટે થઈ હતી, તે ઝગડા અને યુદ્ધ રોકવાના ઉદૃેશમાં તે નિષ્ફળ ગઈ. જ્યારે ૧૯૩૫ માં ઈથિયોપીયા પર ઈટલીએ અને ૧૯૩૬ માં મંચુરિયા પર જાપાને હુમલા કર્યા ત્યારે લીગ કશું જ કરી શકી નહીં. ઉપરાંત, પોતાની સામ્રાજયવાદી મહત્વાકાંક્ષાઓ પૂરી કરવા માટે રાષ્ટ્રોની વચ્ચે રહેલી દુશ્મની હજી બરકરાર રહી.*

**મનોયત્ન 4.4**

*"પૃથ્વી દરેક વ્યકિતની જરૂરિયાત પૂર્ણ કરવા જેટલું આપે છે પરંતુ લાલચ પૂરી કરવા જેટલું નહીં"- મહાત્મા ગાંધી શું તમને લાગે છે કે આ વિધાન સાચું છે ? શા માટે ? ઉદાહરણ આપી સમજાવો.*

## 4.7 બે વિશ્વયુદ્ધો વચ્ચેનું વિશ્વ

*બે વિશ્વયુદ્ધ વચ્ચેના ૨૦ વર્ષ દરમ્યાન દુનિયામાં ધરખમ ફેરફારો આવ્યા. સકારાત્મક પરિવર્તનો હતાં.- એશિયા અને આફ્રિકાના દેશોમાં આવેલી રાષ્ટ્રિય જાગૃતિ અને સોવિયત સંઘ તથા અન્ય દેશોમાં પ્રચલિત થયેલી સમાજવાદી ચળવળ; બીજી તરફ, વિશ્વના ઘણા દેશોમાં સરમુખત્યારશાહીનું વરવું સ્વરૂપ જોવા મળ્યું- ખાસ કરીને ઈટલી અને જર્મનીમાં વિશ્વના દરેક ભાગને અસર કરતી આર્થિક કટોકટી આવી, જેમાં પશ્ચિમના અતિ આધુનિક દેશો પણ સપડાયા. ૧૯૨૯ માં અમેરિકામાં આવેલી મહામંદીએ આખી દુનિયા પર અસર કરી.*

### 4.7.1 ફાસીવાદ અને નાઝીવાદના વિકાસના કારણો.

*યુદ્ધ પછી યુરોપમાં અનેક રાજનૈતિક આંદોલનો થયા જેને ફાસીવાદ કહેવામાં આવે છે. તેમાં ઘણા સામાન્ય લક્ષણો જોવા મળ્યા, જેવા કે લોકશાહીનો અને સમાજવાદનો વિરોધ. આ ચળવળોનો મુખ્ય ઉદેશ હતો. સરમુખત્યારશાહી સ્થાપવાનો. આવા આંદોલનોને સમાજના ઉપલા વર્ગ, બૌધ્ધિકો અને મૂડીપતિઓનું સમર્થન મળેલ હતું. કેમ કે સરકાર દ્વારા તેમનું રક્ષણ કરવાની ખાતરી આપવામાં આવી હતી.તેમણે હત્યા તથા આતંકના વ્યવસ્થિત કાવતરારૂપ અભિયાનો ચલાવ્યા, જેનું સરકાર દ્વારા નિયંત્રણ કરવામાં આવ્યું નહીં. ઈટલીમાં મુસોલીની દ્વારા લાગુ કરવામાં આવેલી સરમુખત્યારશાહીને ફાસીવાદ કહે છે. ફાસીવાદ શબ્દ મૂળ લેટીન શબ્દ 'ફાસેસ' માંથી*

આવ્યો છે જેનો પ્રાચીન રોમમાં અર્થ હતો. 'સત્તાનું પ્રતીક' ૧૯૨૨ માં મુસોલીની રાજાની મદદથી સત્તામાં આવ્યો અને ૧૯૨૫ થી ૧૯૪૩ સુધી તેણે એક સરમુખત્યારની જેમ શાસન કર્યુ. મુસોલીનીએ દરેક રાજનીતિક પક્ષો ઉપર પ્રતિબંધો મુકયા અને લોકો પાસેથી સમર્થન મેળવવા માટે અમુક સુધારા કર્યા. વિકટોરીયન સત્તાના અહંકારી વલણ, યુદ્ધ પછી ઊભી થયેલી સમસ્યાઓને પહોંચી વળવાની સરકારની અશક્તિ, નેશનલ લીગની લાચારી અને લોકશાહી વ્યવસ્થાની નિષ્ફળતાને લીધે સરમુખત્યારશાહી વધુ પોષાઈ.

ફાંસીવાદનું જર્મનરૂપ એટલે નાઝીવાદ. એડોલ્ફ હિટલર દ્વારા તે શરૂ થયો. તેણે યુદ્ધ પછીનાં અન્યાયી સમાધાનોને પલટાવી નાખવાનું અને જર્મનીનું ગૌરવ પાછું લાવવાનું વચન આપ્યું. જર્મનીને એક મહાન દેશ બનાવવાની તેની દ્રષ્ટિથી પ્રેરાઈને ઘણાં જર્મનો તેમાં જોડાયા. પરંતુ ખરેખર તો પ્રથમ વિશ્વયુદ્ધના જખમો ઉપર તેણે બામ ચોપડવા જેવું કામ કર્યુ. ઘણાલોકોએ નાઝીવાદને એટલે સમર્થન આપ્યું કેમ કે તેના લીધે આર્થિક પતનમાંથી બહાર આવી શકાશે તેમ તેમને લાગ્યું. નાઝીઓની સફળતા માત્ર જર્મનો માટે જ નહી પરંતુ આખા યુરોપ માટે વિનાશક નીવડી. તેનાથી પ્રેરાઈને હંગેરી, અને વિશ્વના બીજા દેશો રૂમાનિયા, પોર્ટુગલ અને સ્પેઈનમાં પણ સરમુખત્યારશાહી અપનાવાઈ. ઘણા દેશોમાં લોકશાહીની વિરૂધ્ધનું વાતાવરણ સજાર્યુ, જેને લીધે બીજું વિશ્વયુદ્ધ થયું.

### 4.7.2 વિશ્વના અન્ય દેશોમાં આવેલાં પરિવર્તનો :

ઈંગ્લેન્ડ અને ફ્રાન્સમાં પણ કેટલીક આર્થિક કટોકટી, અછત અને બેરોજગારી જેવી સમસ્યાઓ ગંભીર બની, છતાં તેમણે સરકારનું લોકશાહી સ્વરૂપ ચાલું રાખ્યું. ઈંગ્લેન્ડમાં કામદારોની હડતાળો અને બીજી કેટલીક અશાંત પરિસ્થિતિઓ ઊભી થઈ. આ સમસ્યાઓ માટે ઈંગ્લેન્ડમાં 1931 માં લેબર, લીબરલ અને કોન્સર્વેટીવ પક્ષોની સહિયારી સરકાર બનાવીને હલ મેળવવાની કોશીશ કરવામાં આવી. ફ્રાંસમાં 1936 માં માં ડાબેરી પક્ષોને ભેગા કરીને એક લોકપ્રિય સરકાર બનાવવામાં આવી.

સોવિયેત સંઘ વિશ્વનું પ્રથમ સમાજવાદી રાજય બન્યું. નવી સરકારના અર્થતંત્રમાં સમાજવાદી સિધ્ધાંતો અપનાવવામાં આવ્યા જ્યારે 1929 માં તમામ પાશ્ચાત્ય દેશો મહામંદીમાં સપડાયા ત્યારે સોવિયેત સંઘ એકમાત્ર એવો દેશ હતો જેને તે મંદી અસર કરી શકી નહી.

યુએસએ (અમેરિકા) એ યુદ્ધમાં ભાગ લીધો હોવા છતાં તેને ખાસ ભૌતિક નુકસાન ન થયું. ઔધોગિક સમૃધ્ધિ, રાજનૈતિક સ્થિરતા અને આર્થિક વિકાસના કારણે તે મહાસત્તા બન્યું. જો કે, અતિઉત્પાદનને લીધે 1929 માં તેને ખરાબમાં ખરાબ આર્થિક સંકટનો સામનો કરવો પડયો. શેરના ભાવ ગગડવાને લીધે ચીજવસ્તુઓના ભાવ પણ ગગડી ગયા. બેન્કો બંધ થઈ ગઈ અને લોકોએ તેમની જીવનભરની બચતમૂડી ગુમાવી. પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપના અન્ય દેશોને યુ.એસ.એ. ધ્વારા અપાયેલી લોન તેણે પાછી ખેંચવી પડી. આને લીધે આખા યુરોપમાં આર્થિક કટોકટી ઊભી થઈ.

ફ્રેકલીન સુઝવેલ્ટ પછી યુ.એસ.એ. માં આવેલી નવી સરકારે આર્થિક ભરપાઈ માટે ન્યૂડીલ નામનો કાર્યક્રમ બનાવ્યો. આ કાર્યક્રમ અંતર્ગત રોજગારની નવી તકો ઊભી કરવી, ખેડૂતોને સહાય આપવી વગેરે સુધારાઓ કરવામાં આવ્યા.

આખા એશિયામાં માત્ર જાપાન જ સામ્રાજયવાદી દેશ તરીકે ઊભર્યુ. તમે આગળ જોયું કે 1905 માં જાપાને રશિયાને હરાવ્યું. બે વિશ્વયુદ્ધો વચ્ચેના સમયગાળામાં જાપાન એક શકિતશાળી લશ્કરી સત્તા તરીકે વિકસ્યુ અને તેણે ફાંસીવાદને ટેકો આપ્યો. ફાંસીવાદીઓ સાથે તેણે રોમ-બર્લીન-ટોકિયો કરાર કર્યા. સોવિયેત સંઘ તરફ દુશ્મની દર્શાવીને સમાજવાદને ફેલાતો રોકવા માટે જર્મની અને ઈટલી સાથે મળીને તેણે એંટી-કોમીટેર્ન પેકેટ કરાર પણ કર્યા.

## 4.8 બીજું વિશ્વયુદ્ધ

લીગ ઓફ નેશન્સની રચના પછી 20 વર્ષ ચાલ્યુ હોવાછતાં તે કેવી રીતે નિષ્ફળ ગયું તે આપણે જોયું. યુદ્ધો અટકાવવાએ તેનો ઉદ્દેશ હતો, છતાં 1939 માં બીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું. ચાલો જોઈએ, શાથી આ બીજું વિશ્વયુદ્ધ થયું.

### 4.8.1 બીજા વિશ્વયુદ્ધના કારણો :

પહેલાની જેમજ યુરોપમાં યુદ્ધ શરુ થયું અને તેણે વિશ્વયુદ્ધનું રૂપ ધારણ કર્યુ. ફાંસીવાદી દેશો પોતાના સામ્રાજયવાદી ફાયદા માટે વિશ્વના દેશો પોતાના સામ્રાજયવાદી ફાયદા માટે વિશ્વના ફરી ભાગલા પાડવા માંગતા હતા, જેથી તે બાકીના દેશો સાથે સંઘર્ષમાં આવ્યા. આપણે જોયું કે વસેલ્સના કરાર દ્વારા જર્મની આર્થિક, રાજનૈતિક અને લશ્કરી દ્રષ્ટિએ પાયમાલ થઈ ચુકયું હતું. તેણે બદલો લેવાનું વિચાર્યુ અને ચિત્ર દેશોના સંગઠન વિરૂધ્ધ પોતાની શકિત અજમાવવા તૈયાર થઈ ગયું. ઈટલીની સ્થિતિ પણ કંઈ સારી ન હતી. પ્રથમ વિશ્વયુદ્ધ પછી પોતાનું સામ્રાજય વધારવાની આશાએ ઈટલી મિત્રદેશોના સંગઠનમાં જોડાયું પરંતુ યુદ્ધ પછી તેને કોઈ પ્રદેશો મળ્યા નહીં તેણે લગભગ 6,00,000 લોકો યુદ્ધમાં ગુમાવ્યા. નાઝીવાદ અને ફાસીવાદ વાળા નેતાઓએ તેમના દેશના લોકોને એવાં વચનો આપ્યા કે તેઓ દેશનું હણાયેલી કીતિ પાછી મેળવશે. તેમણે આક્રમક વિજયકૂચ કરીને પોતાના સામ્રાજયો વિસ્તારવાની નીતિ અપનાવી. 1936 માં જર્મનીએ ફીનલેન્ડ પર 1938 માં ઓસ્ટ્રિયા પર અને 1938 માં ઝેકોસ્લોવાકિયા પર કબજો કરી લીધો. જયારે ઈટલીએ ઈથીયોપિયા પર આક્રમણ કર્યુ. આનેલીધે યુરોપીયન દેશોમાં અંદરોઅંદર તણાવ અને સંઘર્ષ ઉભા થયા. તમે જાણો છો કે, જાપાનની લશ્કરી તાકાત વધી અને તેણે ફાંસીવાદી દેશોને સમર્થન આપ્યું. રોમ-બર્લીન ટોકિયો કરાર દ્વારા એ ત્રણે દેશોએ એકબીજાને ટેકો આપ્યો. એશિયા અને પ્રશાંત મહાસાગરના ક્ષેત્રમાં જાપાનને અને યુરોપમાં ઈટલી અને જર્મનીને મન માન્યુ કરવાની છૂટ આપવામાં આવી.

સોવિયેત સંઘની સફળતા જોઈને પાશ્ચાત્ય દેશો સાવધાન થઈ ગયા. એ મૂડીવાદી દેશો સમાજવાદને ફેલાતો રોકવા માંગતા હતા. તેથી તેમણે ઈટલી અને જર્મનીનું સમર્થન કરતી એક એવી વ્યવસ્થિત નીતિ ઘડી, જે સમાજવાદ વિરોધી હતી.


આ નીતિને એપીઝમેન્ટ પોલીસી (તૃષ્ટીકરણ નીતિ) કહે છે. પ્રથમ વિશ્વયુદ્ધ પછી જર્મનીને માત્ર 1,00,000 સૈનિકોનું લશ્કર રાખવાની છૂટ હતી, પરંતુ તેની સંખ્યા 8,00,000 થઈ જવા છતાં પશ્ચિમના બીજા દેશો તરફથી તેનો વિરોધ ન થયો. એટલી હદ સુધી આ નીતિ ગઈ, હિટલરે વર્સેલ્સ કરારનો ભંગ કરીને ફીનલેન્ડ અને ઓસ્ટ્રિયા પર કબજો કર્યો તો પણ પાશ્ચાત્ય સત્તાઓ મૂંગી દર્શક જ બની રહી. 1937 માં સ્પેઈનમાં ફાસિસ્ટ નેતા જનરલ ફ્રેંકોની આગેવાની હેઠળ ફાંસીવાદીઓ અને લોકમાન્ય સરકાર વચ્ચે યુદ્ધ શરૂ થયું. સ્પેઈનનાં લોકશાહીની ઢબે ચુંટાયેલી સરકારને ઉથલાવી પાડવા માટે હિટલરે ફાસીઓને હથિયાર અને સૈન્ય પૂરાં પાડયા. જનરલ ફ્રાંકો સામે સામુહિક પગલાં લેવા સોવિયેત સંઘે ઈંગ્લેન્ડને અપીલ કરી. જ્યારે દુનિયાભરમાંથી લોકતાંત્રિક સરકારને સમર્થન આપવામાં આવ્યુ, ત્યારે પણ ઈંગ્લેન્ડ અને ફ્રાંસે કોઈ પગલાં ન લીધા. પશ્ચિમના દેશોની આ તૃષ્ટિકરણ નીતિએ ત્યારે હદ વટાવી જ્યારે ઓગસ્ટ 1938 માં મ્યુનીચમાં હિટલરે બ્રિટન અને ફ્રાંસના વડાપ્રધાનોને આમંત્ર્યા. 1938 ના મ્યુનીચ કરાર દ્વારા હિટલરને ઝેકોસ્લોવાકિયાના ઉત્તર ભાગમાં આવેલા સુદેતનલેન્ડ પર કબજો કરવાની અનુમતિ આપવામાં આવી. પાછળથી આખા ઝેકોસ્લોવાકિયા ઉપર કબજો કરવામાં આવ્યો.

એપીઝમેન્ટ પોલીસી દ્વારા ફાંસીવાદ વધુ મજબુત બન્યો. હવે એ સ્પષ્ટ થઈ ગયુ હતું કે બ્રિટન અને ફ્રાંસ એવું ઈચ્છતા હતા કે જર્મની અને ઈટલી સોવિયેત સંઘની વિરૂધ્ધ જાય. આવા આયોજનોને રોકી પાડવા માટે સોવિયેત સંઘે જર્મની સાથે એવા કરાર કર્યા, જેમાં એ વાત ઉપર સંમતિ મેળવાઈ કે બે પૈકી કોઈ દેશ એકબીજા ઉપર હુમલો નહીં કરે. આ કરારને લીધે જર્મની સાથે ભવિષ્યમાં થનારા સામના માટે તૈયારી કરવાનો તેને સમય મળ્યો અને જર્મનીને સોવિયેત સંઘના વલણને તટસ્થ કરવાનો મોકો મળી ગયો.

બીજા વિશ્વયુદ્ધનું દ્રશ્ય ત્યારે શરૂ થયું જ્યારે 1 સપ્ટેમ્બર 1939 ના રોજ જર્મનીએ પોલેંડ પર હુમલો કર્યો ને બ્રિટને 3 સપ્ટેમ્બર 1939 ના રોજ જર્મની સાથે યુદ્ધ ઘોષિત કર્યું.

**4.8.2 યુદ્ધના પરિણામો :**

સપ્ટેમ્બર 1945 માં યુદ્ધ સમાપ્ત થયું. માનવજાતના ઈતિહાસમાં આ સૌથી વિનાશક યુદ્ધ હતું. તેના દ્વારા લોકોના જાનમાલ અને સંપત્તિ તેમજ સંસાધનોને એવું નુકસાન થયું જે કદીય ભરપાઈ ન થઈ શકે. ગગનચુંબી મકાનો ભોંય ચાટતા થઈ ગયા અને લાખો લોકો બેઘર થઈ ગયા. જર્મન જ્યુ લોકોને કાં તો મારી નાખવામાં આવ્યા અથવા તેમને કોન્સન્ટ્રેશન કેમ્પમાં મોકલી દેવામાં આવ્યા.








જાપાનના હિરોશીમા અને નાગાસાકી શહેરો ઉપર અણુબોંબ વર્ષાવીને તેમનો લગભગ સંપૂર્ણ નાશ કરી દેવામાં આવ્યો. યુદ્ધ દ્વારા પરમાણુ પ્રલયનું મોટું જોખમ ઊભુ થયું. જર્મની ચાર ભાગોમાં વહેંચાઈ ગયું અને દરેક ભાગ એક એક વિજેતા સામ્રાજ્યો પાસે આવ્યો. નાઝી પક્ષ ઉપર પ્રતિબંધ (બાના) આવ્યો અને જર્મનીના સૈન્યને વિખેરી નાખવામાં આવ્યું. જાપાનને 76 ના નિરીક્ષણ હેઠળ મૂકી દેવામાં આવ્યું. 1949 માં જ્યારે ફરી રાજાશાહી આવી ત્યારે અમેરીકન સૈન્ય ત્યાંથી ખસ્યું.

યુ.એસ.એ. અને સોવિયેત સંઘના શકિતશાળી બનવાની સાથોસાથ સામ્રાજ્યવાદ નબળો પડતો ગયો. વિશ્વ હવે બે વિભાગોમાં વહેંચાઈ ગયું. - સોવિયેત સંઘની આગેવાની હેઠળ સમાજવાદી વિભાગમાં અને યુ.એસ.એ.ની આગેવાની હેઠળ પાશ્વાત્ય વિભાગમાં આ વિભાગો વચ્ચે તણાવ અને શસ્ત્રવિહીન સંઘર્ષ મોટા પાયે રહયો, જેને શીતયુદ્ધ કહે છે. આ બે દેશો વચ્ચે આવું લાંબો સમય ચાલતું રહયું.

યુદ્ધનું એક મહત્વનું પરિણામ હતું સંયુકત રાષ્ટ્રસંઘની સ્થાપના, જેને વિશે હવે તમે જાણશો. ત્યારપછી વિશ્વમાં ઘણું બદલાયુ. તેનો રાજકીય નકશો બદલાયો. સામ્રાજ્યવાદનો ભોગ બનેલા એશિયા તથા આફ્રિકાના દેશો હવે સ્વતંત્ર બન્યા. વર્તમાન સ્થિતિમાં તેઓ દુનિયાના મહત્વના દેશો ગણાય છે.



### મનોયત્ન 4.5

દુનિયાએ વિનાશક યુદ્ધો જોયા અને આજે પણ વિખવાદો અને સંઘર્ષો જોઈ રહી છે. એવી ઓછામાં ઓછા એવા પાંચ સમસ્યાની યાદી બનાવો જે વિશ્વશાંતિમાં અવરોધ ઊભી કરતી હોય. એ સમસ્યાઓના નિરાકરણ માટેના ઉપાયો બતાવો. એ જણાવો કે કઈ રીતે તમે આ દુનિયાને રહેવા માટેની એક બહેતર જગ્યા બનાવવા માટે એક વ્યકિત તરીકે તમારૂં યોગદાન આપશો.

## 4.9 સંયુકત રાષ્ટ્રસંઘની સ્થાપના

યુદ્ધની ભયાનકતાએ વિશ્વના નેતાઓને શાંતિ સ્થાપવા માટે આંતરરાષ્ટ્રિય સંગઠન બનાવવા પ્રેર્યા. બ્રિટીશ વડાપ્રધાન વિંસ્ટન ચર્ચીલ, સોવિયેત પ્રમુખ સ્તાલીન અને અમેરીકન રાષ્ટ્ર પ્રમુખ રુઝવેલ્ટ જેવા વિશ્વ-નેતાઓ વિવિધ સંમેલનોમાં મળ્યાં અને આ સંગઠનની સ્થાપના માટે વિચારણા કરી. આખરે 1945 માં 24 મી ઓકટોબરના રોજ સાન ફ્રાંસિસ્કોમાં સંયુકત રાષ્ટ્ર ચાર્ટરને 50 સભ્યો દ્વારા વધાવી લેવામાં આવ્યું અને આમ, સંયુકત રાષ્ટ્સંઘ (યુનો) ની સ્થાપના થઈ. ત્યારથી દર 24 મી ઓકટોબર યુનો દિન તરીકે વિશ્વભરમાં ઉજવાય છે. યુ.નો નો મુખ્ય સિધ્ધાંત છે બધાં દેશોની સમાનતા અને સાર્વભૌમત્વ (સોવરેઈનીટી) યુનોના મુખ્ય ઉદેશ છે- વિશ્વભરમાં શાંતિ

જાળવવી, ભવિષ્યમાં યુદ્ધો થતાં રોકવા, આંતરરાષ્ટ્રિય વિવાદોનો શાંતિથી ઉકેલ લાવવો અને આંતરરાષ્ટ્રિય સહકારની ભાવના વિકસાવવી.

**? શું તમે જાણો છો**

યુનોના ધ્વજમાં તેનું સરકારી પ્રતિક જોવા મળે છે. જેમાં ઉત્તર ધ્રુવ તરફથી દેખાતો દુનિયાનો ગોળાકાર નકશો છે જે આછા ભૂરા રંગની પૃષ્ઠભૂમિ પર સફેલ ઓલીવના પાનની ડાળીથી વીંટળાયેલો છે.

### 4.9.1 યુનોના ઉદેશો

પ્રથમ વિશ્વયુદ્ધ પછી સ્થપાયેલી નેશન્સ લીગની જેમ યુનોના મુખ્ય ઉદ્દેશો પણ વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવાનો હતો. તેનો બીજો મહત્વનો ઉદેશ હતો કે દેશો વચ્ચે અંદરોઅંદર સમાનતાના આધારે મૈત્રીપૂર્ણ સંબંધો વિકસાવવા અને આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને માનવતાને લગતી સમસ્યાઓને પરસ્પર સહકાર આપીને ઉકેલવી. તેનો એક હેતુ એ પણ હતો કે માનવઅધિકારો અને લોકોના મૂળભૂત સ્વાતંત્ર્યના અધિકારને ઉત્તેજન આપવું. વિવિધ દેશો દ્વારા યુનોના હેતુઓ પૂરા પાડવા માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે એક સામાન્ય મંચ પૂરો પાડવાનો ઉદેશ પણ હતો.

**પાઠ-સ્વાધ્યાય 4.3**

૧. કમ સે કમ 4 બાલ્કન રાજયોના નામ જણાવો.

૨. ટ્રીપલ એલાયન્સ કયા કયા દેશો વચ્ચે હતું. ?

૩. પ્રથમ વિશ્વયુદ્ધ થવા માટે જવાબદાર કોઈપણ ત્રણ કારણો જણાવો.

૪. 1970 પછી સરમુખત્યારશાહી અપનાવનાર કોઈપણ બે દેશોના નામ જણાવો.

૫. 1929 ની મહામંદીનું મુખ્ય કારણ શું હતું ?

૬. યૂનોની ઔપચારિક સ્થાપના કયારે અને કયાં થઈ ?

**તમે આટલું શીખ્યા :**

- ૧૯ મી સદીના છેલ્લા ચતુર્થ ભાગમાં આવેલા સંસ્થાન્તરના નવા મોજાને નવો સામ્રાજયવાદ કહે છે.
- સામ્રાજયોના વિસ્તાર પાછળના મુખ્ય કારણો હતા.

- ઔધોગિક ક્રાંતિ દ્વારા ઊભી થયેલી જરૂરિયાતો, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનો વિકાસ, સત્તા માટેની લાલસા, કટ્ટર રાષ્ટ્રવાદ અને ગોરાઓ અશ્વેતોને માણસને સભ્ય બનાવવાની ઈચ્છા.
- જાપાનએ એશિયાનો એકમાત્ર એવો દેશ હતો જે સામ્રાજયવાદી હતો.
- યુરોપીય દેશો વચ્ચે તીવ્ર સામ્રાજયવાદી સ્પર્ધા અને લશ્કરી ગઠબંધનોને પરિણામે 1914 માં પ્રથમ વિશ્વયુદ્ધ ભડકી ઉઠયું.
- આ યુદ્ધના મુખ્ય પરિણામો હતાં.- વર્સેલ્સની સંધિ હેઠળ જર્મની સાથે કઠોર અને અપમાનજનક વ્યવહાર, પરાજિત પ્રદેશો પાસેથી તેમના પ્રદેશોને છીનવી લેવા, યુરોપમાં જમીની વિસ્તારમાં મહત્વપૂર્ણ ફેરફાર, ઓટોમન સામ્રાજયનો વિધ્વંશ, હંગેરીની સ્વતંત્રતા અને લીગ ઓફ નેશન્સની સ્થાપના.
- 1919 અને 1939 દરમ્યાન ઈટલીમાં મુસોલીની દ્વારા ફાંસીવાદ પાંગર્યો અને જર્મનીમાં હિટલર ધ્વારા નાઝીવાદ તેને લીધે લોકશાહી, સ્વતંત્રતા સમાજવાદ અને સામ્યવાદને ડામી દેવામાં આવ્યા.
- ઈટલી અને જર્મની તરફ પશ્ચિમના દેશોએ દાખવેલી એપીઝમેન્ટ નીતિ બીજા વિશ્વયુદ્ધ તરફ દોરી ગઈ.
- બીજા વિશ્વયુદ્ધના કેટલાક પરિણામો હતાં-યુનોની સ્થાપના, જર્મનીના ભાગલા, સામ્રાજ્યોની સત્તાઓ નબળી પડવી અને એશિયા તથા આફ્રિકાના દેશો સ્વતંત્ર થવા.
- યુદ્ધ પછીની પરિસ્થિતિમાં યુ.એસ.એ.અને સોવિયેત સંઘ એ બે દેશો મહાસત્તાઓ બન્યા, જેમની વચ્ચે લાંબુ શસ્ત્રહીન શીતયુદ્ધ ચાલ્યું.
- યુદ્ધ પછી વિશ્વમાં શાંતિ અને સદ્ભાવના ટકાવી રાખવા માટે યુનોની સ્થાપના થઈ.

## પાઠયાંત સ્વાધ્યાય :

૧. ઔધોગિક ક્રાંતિ દરમ્યાન કાપડઉધોગ ક્ષેત્રે થયેલી ક્રાંતિકારી શોધોને લીધે કેવી રીતે કાપડના ઉત્પાદનમાં પણ ક્રાંતિ આવી ?

૨. ઈંગ્લેન્ડમાં ઔધોગિકરણ માટે કયાં આર્થિક, રાજનૈતિક, ભૌગોલિક અને ટેકનોલોજીકલ પરિબળો જવાબદાર હતાં ?

૩. ઔધોગિક ક્રાંતિ દ્વારા સમાજમાં તે થયેલા ફાયદા અને ગેરફાયદા સમજાવો.

૪. જયાં ઔધોગિક ક્રાંતિ થઈ હતી એવાં રાજયો શું કરવા એવા પ્રદેશોને મેળવવા માટે ઝગડવા લાગ્યા, જયાં ઔધોગિક ક્રાંતિ થઈ ન હતી?

૫. જાપાન સામ્રાજયવાદી સ્પર્ધામાં કેમ સામેલ થયું ?

૬. સંસ્થાનો (કોલોનીઓ) ઉપર થયેલી સામ્રાજયવાદની સારી તેમજ માઠી અસરો વર્ણવો.

૭. પ્રથમ વિશ્વયુદ્ધના પરિણામો વર્ણવો.

૮. પશ્ચિમી સત્તાઓની એપીઝમેન્ટ પોલીસીએ કઈ રીતે જર્મનીમાં નાઝીવાદ અને ઈટલીમાં ફાંસીવાદ જન્માવ્યો ?

૯. પ્રથમ વિશ્વયુદ્ધની ઘટનાઓ ક્રમ અનુસાર વર્ણવો.

૧૦. સંયુકત રાષ્ટ્રસંઘ (યુનો) ના મુખ્ય ઉદેશો સમજાવો.

૧૧. નીચે આપેલા વિશ્વના રેખાંકિત નકશામાં અહીં આપેલા સ્થાન દર્શાવો.

(ક) બ્રિટન અને ફ્રાંસ-બેઉના બે-બે સંસ્થાનો.

(ખ) પ્રથમ વિશ્વયુદ્ધના ટ્રીપલ એલાઈઝ અને ટ્રીપલ એન્ટેટેવાળા દેશ.

(ગ) દ્વિતીય વિશ્વયુદ્ધના કરારો અને પાઠ-સ્વાધ્યાયના ઉત્તરો :

## પાઠ સ્વાધ્યાયના ઉત્તરો

૪.૧.

૧. કોલસો અને લોખંડ


૨. તેમણે કાચા તથા ઉત્પાદિત માલની હેરફેર માટે એક ઝડપી અને જવાબદાર સેવા પૂરી પાડે, જેના લીધે વેપાર ઝડપી બન્યો.

૩. બાળકોને ત્યાં એટલા માટે કામ પર રાખવામાં આવતાં કેમ કે તેમના નાના કદને લીધે કોલસાની ખાણોની જમીન સસ્તી તથા સાંકડી ગલીઓમાં ફરવામાં તેમને આસાની રહેતી. ઉપરાંત તેમને મોટેરાં કરતાં ઓછો પગાર આપવો પડતો.

4. (a) ક (b) ખ (c) ગ (d) ઘ

૪.૨.

૧ સામ્રાજયવાદ એટલે બીજા દેશમાં વસતા લોકોના રાજનૈતિક તથા આર્થિક જીવન ઉપર નિયંત્રણ કરવું.



૨. તે બે રસ્તા હતા :

(ક) તેને લીધે સામ્રાજ્યોથી સામ્રાજિત પ્રદેશ સુધી ચીજવસ્તુઓની હેરફેર સરળ બની.

(ખ) લશ્કરને સામ્રાજિત દેશોમાં ઝડપથી મોકલીને વધુ કડક નિયંત્રણ રાખી શકવાનું શક્ય બન્યું.

૪.૩ (a) ક (b) ખ (c) ગ (d) ઘ

૧. ગ્રીસ, રૂમાનિયા, બલ્ગેરીયા, સર્બીયા, મોન્ટેનેગ્રો

૨. જર્મની, ઓસ્ટ્રિયા અને ઈટલી

૩. પ્રથમ વિશ્વયુદ્ધના મુખ્ય કારણો હતાં :

(ક) જર્મનીના ઔધોગિક વિકાસને લીધે ત્યાં કાચામાલની જરૂર વધતી ગઈ, જેને લીધે સંસ્થાનો પર કબજો મેળવવા માટે તે ઈંગ્લેન્ડ અને ફ્રાંસનું હરીફ બન્યું.

(ખ) ગઠબંધનોની પ્રથાએ યુરોપને બે દુશ્મન છાવણીઓમાં પલટી નાંખ્યું- ટ્રીપલ એલાયન્સ અને ટ્રીપલ એન્ટેટે, જેને લીધે તણાવ અને ઘર્ષણ વધતાં ચાલ્યાં.

(ગ) બાલ્કન રાજ્યોમાં રાષ્ટ્રવાદ પુનઃ જાગૃત થવાની ઘટનાને પાન સ્લાવ આંદોલન કહે છે. લોકો હવે સ્વતંત્ર થવા માંગતા હતા.

૪. ઈટલી અને જર્મની

૫. વધુ પડતા ઉત્પાદનને લીધે ચીજવસ્તુઓના ભાવ ઘટી ગયા, જેને લીધે શેરના ભાવ ગગડી ગયા. બેન્કો બંધ થઈ ગઈ અને લોકોની જીવનભરની બચત તેઓ ખોઈ બેઠા. આ હતી ૧૯૨૯ ની મહામંદી.

૬. ૨૪ ઓક્ટોબર ૧૯૪૫ ના રોજ યુ.એસ.એ. ના સાન-ફ્રાંસિસ્કો ખાતે એક સંમેલનમાં સંયુક્ત રાષ્ટ્રિય સંઘ (યુનો) ની ઔપચારિક સ્થાપના થઈ.

# ૫

# ભારત પર બ્રિટીશ શાસનનો પ્રભાવ : આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક (૧૭૫૭-૧૮૫૭)

૧૮ મી સદીની આસપાસ દુનિયામાં મહત્વની ઘટનાઓ ઘટી. ઈંગ્લેન્ડમાં થયેલી ઔધોગિક ક્રાંતિ એક એવી જ ઘટના છે. ધીમે ધીમે તે યુરોપના અન્ય દેશોમાં પણ ફેલાઈ ગઈ. તમે ઈંગ્લેન્ડની ક્રાંતિ અને વ્યાપારી માર્ગો વિશે વાંચ્યું હશે. ૧૯૪૮ માં વાસ્કો-દ-ગામા નામના એક પોર્ટુગીઝે ભારત આવવાનો સમુદ્રમાર્ગ શોધ્યો. પરિણામે અંગ્રેજ, ડચ (વલંદા), પોર્ટુગીઝો અને ફ્રેંચ લોકો ભારતમાં વેપાર કરવા આવ્યા. તેમણે ભારતમાં મિશનરી પ્રવૃત્તિઓ ફેલાવવા માટે પણ તેનો ઉપયોગ કર્યો. શું તમે જાણો છો કે ભારતના ઈતિહાસમાં આધુનિક સમયની શરૂઆત આ યુરોપીય પ્રજાના આગમનને લીધે થઈ ? આ પાઠમાં તમે ભારતમાં અંગ્રેજોના આગમન અને તેને લીધે ભારતના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં પડેલા પ્રભાવ વિશે જાણશો.

## હેતુઓ :

આ પાઠ ભણ્યા પછી તમે આટલું કરી શકશો.

- બ્રિટીશરોના ભારત આવવા પાછળના કારણોની ચર્ચા કરી શકશો.
- બ્રિટીશરો ધ્વારા ભારતને એક સંસ્થાન બનાવવાની વિવિધ પધ્ધતિઓ ઓળખી શકશો.
- બ્રિટીશ શાસને કરેલી આર્થિક અસરો જોઈ શકશો
- ભારતના સામાજિક અને સાંસ્કૃતિક જીવન પર બ્રિટીશ શાસનની અસરો વર્ણવી શકશો.
- બ્રિટીશરોના અમલમાં ૧૮૫૭ ના મોટા બળવા પહેલાં જ ઊભી થયેલી વિદ્રોહી ચળવળો પાછળના કારણો જાણી શકશો.

## ૫.૧ બ્રિટીશરોના ભારત આવવા પાછળના કારણો :

યુરોપ અને બ્રિટીનના વેપારીઓ શરૂઆતમાં તો વેપાર કરવા જ ભારતમાં આવ્યા હતા. બ્રિટનની ઔધોગિક ક્રાંતિએ ત્યાંના કારખાનાઓમાં કાચા માલની માંગ સર્જી. તેમના ઉત્પાદિત

માલ માટે બજારની પણ તેમને જરૂર પડી. ભારત તેમની જરૂરિયાતો માટે બરોબર આધારરૂપ સાબિત થયું. ૧૮મી સદીમાં ભારતમાં પણ અંદરોઅંદર સત્તાનો સંઘર્ષ ચાલતો હતો. મુઘલ સામ્રાજ્યની શક્તિ પણ ઘટી રહી હતી. તેથી, બ્રિટીશરોને ભારતમાં સત્તા સ્થાપવાની તક મળી, તેમણે આખા દેશમાં વિવિધ રાજ્યોમાં બળજબરીથી લોહેલી ઠોકી બેસાડેલી સંધિઓ, કરારો, અનેક યુદ્ધો અને વિવિધ રાજ્યો સાથે ગઠબંધનો કર્યા. પોતાની નવી વહીવટી અને આર્થિક નીતિઓ દ્વારા આખા દેશ ઉપર સખત નિયંત્રણ દઢ બનાવ્યું. તેમની જમીન મહેસૂલની નીતિઓ દ્વારા તેમણે ગરીબ ખેડૂતો પર નિયંત્રણ રાખ્યા અને મહેસૂલની મોટી રકમો ભેગી કરી. તેમણે ખેતીનું વ્યાપારીકરણ કર્યુ અને ખેડૂતોને રોકડિયા પાક લેવા મજબુર કર્યા. તેમ ઈંગ્લેન્ડના ઉધોગો માટે જરુરી કાચો માલ તેમણે ભારતીય ખેતીમાંથી મેળવવા માંડયો. સખત વહીવટી નિયંત્રણ રાખીને ભારત સાથે તેમણે એકહથ્થુ વેપાર કરવા માંડયો. આ રીતે તેમણે વેપારમાંથી તેમના હરીફોને બિલકુલ હટાવી દીધાં, ને તેમને કોઈની સાથે સ્પર્ધા રહી નહી. બધા પ્રકારના કાચા માલનું વેચાણ ફકત તેમણે જ કરવા માંડયુ અને આ માલ તેમણે ઘણા સસ્તા ભાવે ખરીદવા માંડયો. જ્યારે ભારતના વણકરોને આ જ માલ ખુબ ઊંચી કિંમતે ખરીદવો પડતો. વિદેશમાં વેચાતી ભારતીય ચીજવસ્તુઓ ઉપર ખુબ કરવેરા નંખાતા, જેથી બ્રિટનના ઉધોગો ભયમાં ન મૂકાય. ખેતરોથી બંદરો સુધી અને બંદરોથી બજારો સુધી માલ પહોંચાડવા માટે દેશભરમાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સગવડો ઊભી કરવામાં આવી. સાથોસાથ એવા અંગ્રેજી શિક્ષણની શરૂઆત કરાઈ જેને લીધે એ શિક્ષણ પામેલાં ભારતીયો અંગ્રજોને રાજકીય વહીવટમાં મદદ કરે અને તે રીતે અંગ્રેજો ભારતમાં વધુ સુદઢ રીતે એ લોકો ઉપરથી રાજ્ય કરી શકે. આ બધાં પગલા અને નીતિઓને લીધે અંગ્રેજોને ભારતમાં સત્તા સ્થાપવામાં, સુદઢ કરવામાં અને ટકાવી રાખવામાં મદદ મળી.








આકૃતિ ૫.૧, ૫.૨, ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા પ્રચલિત ચલણ

## ૫.૨ ભારતમાં સંસ્થાનો (કોલોની) સ્થાપવાની રીતો :

યુરોપનો નકશો જુઓ તેમાં તમને અનેક નાનામોટા રાજયો દેખાશે. જયારે ત્યાં ઔધોગિક ક્રાંતિ થઈ ત્યારે આ રાજયો પાસે તેમના ઉધોગોમાં જરૂરી કાચો માલ ન હતો તેમજ તેમના ઉત્પાદિત માલ માટે બજારો ન હતા. હવે આ રાજયોએ એશિયા અને આફ્રિકા પર નજર દોડાવી. તેમાંથી ઈંગ્લેન્ડની ઈસ્ટ ઈન્ડિયા કંપની ભારત ઉપર નિયંત્રણ મૂકીને વેપાર કરવામાં સફળ થઈ, જે ઈ.સ.૧૬૦૦ માં શરૂ થઈ હતી. આ કંપનીને બ્રિટીશ સરકારનો ટેકો હતો, જેને લીધે ભારતના પ્રદેશો ઉપર પોતાનું સામ્રાજય વિસ્તારવામાં તે સફળ થઈ. તેનું પ્રથમ કારખાનું ૧૬૧૩ માં સુરતમાં નંખાયું. ૧૬૧૫ માં સર થોમસ રો એ આગરા, અમદાવાદ અને ભરૂચમાં વધુ કારખાનાઓ સ્થાપવા મુઘલ સમ્રાટ જહાંગીરની પરવાનગી લીધી. એમની એક મહત્વપૂર્ણ વસાહત ભારતની દક્ષિણે આવેલા મદ્રાસમાં હતી. જયાં તેમણે સેંટ જયોર્જ નામનું એક કિલ્લેબંધ કારખાનું નાંખ્યું. ભારતની ભૂમિ પર આ તેમની પ્રથમ મિલ્કત હતી. ધીમેધીમે કંપનીએ તેની વેપારી જાળ વિસ્તારી અને તે ભારતમાં જામી ગઈ. તે ભારતમાંથી તેના હરીફોને હટાવી દેવામાં પણ સફળ થઈ. હવે તેણે ભારતીય રાજાઓના રાજકીય વહીવટમાં દખલ દેવાનું શરુ કર્યુ.




આકૃતિ ૫.૩ આજના યુરોપનો નકશો.

### ? શું તમે જાણો છો

૧૬૯૬ માં બંગાળના ત્રણ ગામડાઓને મેળવીને કંપનીએ એક શહેર બનાવ્યું જેને કોલકત્તા નામ આપ્યું. ફોર્ટ વિલીયમ ગામનો એક કિલ્લો પણ તેમણે આ શહેરની ફરતે બાંધ્યો.

૧૯ મી સદીના ભારતનો નકશો જુઓ. તમને શું દેખાય છે ? તમને ઘણા નાના-મોટાં સ્વતંત્ર રાજ્યો દેખાશે. આ રાજ્યો પોતપોતાની સંસ્કૃતિ, અર્થતંત્ર, ભાષા અને રાજાઓ ધરાવતા હતા. આ રાજ્યો હંમેશા એકબીજા સાથે ઝગડયા કરતાં. તેથી બ્રિટીશરો માટે તેઓ એક આસાન શિકાર બને તેમાં કોઈ નવાઈની વાત ન હતી. બક્સર (૧૭૫૭) અને પ્લાસી (૧૭૬૪) ના યુદ્ધોએ ભારતમાં અંગ્રેજોની સફળતા માટેનો પાયો નાંખ્યો. આ યુદ્ધો દ્વારા ભારતમાં લાંબા અંગ્રેજ શાસનનો દોર શરુ થયો. બંગાળમાં પ્લાસીનું યુદ્ધ અંગ્રેજો જીતી ગયા. તેમણે મીરજાફરને બંગાળનો નવાબ બનાવ્યો અને બદલામાં ૨૪ પરગણાનું રાજ્ય અને મોટી રકમ મેળવી પરંતુ મીરજાફર હવે તેમને વધુ નાણા આપી શકે તેમ નહોતો. એટલે તેની જગ્યાએ મીર કાસીમને બેસાડવામાં આવ્યો, જે વધુ કડક શાસક સાબિત થયો. મીર કાસીમે અંગ્રેજોની નાણાં કે નિયંત્રણની માંગો માન્ય ન રાખી. તેથી તેને હાંકી કઢાયો અને ફરી એકવાર મીર જાફરને ગાદી સોંપવામાં આવી. મીરકાસીમે અવધના નવાબ સિરાજ-ઉદ્-દૌલા અને મુઘલ પાદશાહ શાહ આલમ દ્વિતીય સાથે મળીને અંગ્રેજો વિરૂધ્ધ લડાઈ યોજી. આ યુદ્ધ ૨૨ ઓક્ટોબર ૧૭૬૪ ના રોજ થયું જે બક્સરનું યુદ્ધ કહેવાય છે. આ યુદ્ધમાં થયેલી તેમની હાર નિર્ણાયક બની. જો કે અંગ્રેજાએ બંગાળ પર સફળતાથી અંકુશ મેળવ્યો, પણ




આકૃત્તિ ૫.૪ ૧૯ મી સદીના ભારતનો નકશો

સમગ્ર ભારત ઉપર અંગ્રેજ શાસન જમાવવું સરળ ન હતું. પ્રાદેશિક રાજાઓએ તેમનો વિરોધ કર્યો. તેમણે અંગ્રેજોના સામ્રાજ્ય-વિસ્તારના પ્રયત્નોનો પણ વિરોધ કર્યો. અંગ્રેજોની વિરૂધ્ધમાં વિવિધ રાજ્યો દ્વારા ફાટી નીકળેલા યુદ્ધો વિશે હવે આપણે જાણીએ.

**(૧) અંગ્રેજ મૈસૂર વિગ્રહ :**

૧૮ મી સદીના ઉત્તરાર્ધમાં હૈદરઅલી અને તેના પુત્ર ટીપુની સક્ષમ નેતાગીરી હેઠળ મૈસૂર એક શક્તિશાળી રાજ્ય તરીકે ઊભરી આવ્યું. મૈસૂર અને અંગ્રેજો વચ્ચે ચાર યુદ્ધો થયા. આખરે ચોથા યુદ્ધના અંતે (૧૭૯૯) ટીપુ સુલ્તાનની બહાદુરીભરી હાર અને ગૌરવભર્યું મૃત્યુ થયું. આ સાથે જ અંગ્રેજ-મૈસૂરના ભવ્ય સંઘર્ષનો અંત આવ્યો. કનારા, કોઈમ્બતૂર અને શ્રીરંગપટનમ જેવાં મોટાં બંદરો અંગ્રેજોના નિયંત્રણ હેઠળ આવી ગયાં.



ચિત્ર ૫.૪ ટીપુ સુલતાન

**(૨) અંગ્રેજ - મરાઠા વિગ્રહ :**

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં પશ્ચિમ તથા મધ્ય ભારતમાં આવેલી બીજી સમર્થ સત્તા હતી મરાઠાઓની પરંતુ મરાઠાઓમાં સત્તા માટેના આંતરવિગ્રહને કારણે અંગ્રેજોને તેમના આંતરિક વહીવટમાં માથુ મારવાની તક મળી ગઈ. સહાયક સંધિના લીધે (જેના વિશે તમે ૫.૨.૧ માં ભણશો) અંગ્રેજો અને મરાઠા વચ્ચે અનેક યુદ્ધ થયા. ત્રીજું અંગ્રેજ-મરાઠા યુદ્ધ (૧૮૧૭-૧૯) એ તેમની વચ્ચેનું છેલ્લું યુદ્ધ હતું. આ યુદ્ધના પરિણામે મરાઠા સરદાર પેશ્વાને પદભ્રષ્ટ કરીને તેનું રાજ્ય લઈ લેવામાં આવ્યું અને તેમને ઉત્તરપ્રદેશમાં કાનપુરની નજીક બિથુર જેલમાં મોકલી આપવામાં આવ્યા.

**(૩) અંગ્રેજ-શિખ વિગ્રહ :**

ઉત્તર-પશ્ચિમ ભારતમાં મહારાજા રણજીતસિંહની બહાદુરીભરી નેતાગીરી હેઠળ (૧૭૯૨-

૧૮૩૯) એક અસરકારક સત્તાનો ઉદય થયો. અંગ્રેજો માટે શિખો જોખમરૂપ હતાં. તેથી તેઓ તેમને પોતાના નિયંત્રણ હેઠળ લાવવા માંગતા હતા. ૧૮૩૯ માં રણજીતસિંહના મૃત્યુ પછી પંજાબમાં અંધાધૂંધી પ્રવર્તી રહી. આ પરિસ્થિતિનો અંગ્રજોએ લાભ લીધો અને ૧૮૪૫ માં અંગ્રજો તથા શિખોની વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું, જેમાં શીખો હાર્યા. આખરે, ૧૮૪૯ માં થયેલાં બીજા અંગ્રેજ-શિખ યુદ્ધમાં અંગ્રજોએ તેમને ચિનાબ નદીની નજીક થયેલા ગુજરાત-યુદ્ધમાં હરાવ્યા. શિખોના વડા અધિકારીઓએ શરણાગતિ સ્વીકારી લીધી અને લોર્ડ ડેલહાઉસી દ્વારા પંજાબને ખાલસા કરવામા આવ્યું. મહારાજા રણજીતસિંહજીના પુત્ર મહારાજા દિલિપસિંહનું પેંશન બંધ કરીને તેને ઈંગ્લેન્ડ મોકલી દેવામાં આવ્યા.




**ચિત્ર ૫.૬ મહારાજા**

### ૫.૨.૧. અંગ્રજોના અન્ય વિજયો, ખાલસા પદ્ધતિ અને સહાયક સંધિની પદ્ધતિ

૧૭૬૧ માં અંગ્રેજ-મરાઠા વચ્ચે થયેલી ત્રીજી પાણીપતની લડાઈએ ભારતમાં અંગ્રજોની સફળતાને પહેલેથી જ સાબિત કરી દીધી હતી. ટૂંક સમયમાં જ બીજા ઘણાં દેશી રાજ્યો અંગ્રજોના કાબૂમાં આવી ગયા. આમ કરવા માટે સહાયક સંધિ અને ખાલસા પધ્ધતિની નીતિ અપનાવવામાં આવી. અનેક રાજ્યોને બ્રિટીશરો ધ્વારા ખાલસા કરીને અંગ્રેજ સામ્રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યા. તે એવાં રાજ્યો હતાં જેને અંગ્રેજો દ્વારા રક્ષણ મળતું હતું પણ ત્યાંનો રાજા કુદરતી વારસ વગર મૃત્યુ પામ્યો હોય તો તેના દત્તક વારસને રાજા તરીકેના હક અથવા સાલિયાણું મળતું નહીં. આ પધ્ધતિથી ડેલહાઉસીએ મરાઠા રાજ્ય સતારા (૧૮૪૮), સબલપુર (૧૮૫૦) ઉદયપુર (૧૮૫૨), નાગપુર (૧૮૫૩) ઝાંસી (૧૮૫૪) અને અવધ (૧૮૫૬) પર કબજો મેળવી લીધો. સહાયક સંધિમાં જે

રાજ્યો અંગ્રજોના રક્ષણમાં હતાં. તેમને પોતાના લશ્કરો વિખેરી નાંખવા પડયા અને અંગ્રેજ લશ્કરને પોષવું પડયું. આ રાજ્યોએ વિદેશી રાજ્યો સાથેના પોતાના તમામ હક્કો ખોઈ દીધાં. કોઈપણ રાજકીય કે આર્થિક બાબતો માટે તેઓ બીજા પરદેશી રાજ્યો સાથે કરાર કરી શકતાં નહીં. આ શરતના બદલામાં તેમને તેમના દુશ્મનો સામે અંગ્રેજો દ્વારા રક્ષણ મળતું.

અંગ્રેજોની આ ખાલસા નીતિએ માત્ર ભારતીય રાજાઓ ઉપર જ નહી પરંતુ ભારતના વિદ્રાનો, પુરોહિતો, જમીનદારો, સૈનિકો, કારીગરો અને એ તમામ લોકોને અસર કરી જેઓ આ રાજાઓના આશ્રિતો હતાં. પ્રજાનોએ વિદ્રાનવર્ગ જે રાજા, જમીનદાર કે મુખિઓ તરફથી આવક મેળવતો હતો, તેમની આવક પણ બંધ થઈ ગઈ, અને આમ તેઓ નિર્ધન બન્યા. આમ, ૧૯મી સદીના મધ્યમાં એવી કોઈ શક્તિશાળી સત્તા ન રહી જે અંગ્રેજોનો વિરોધ કરી શકે. આસામ, અરાઝાન, ઉત્તરપૂર્વીય ક્ષેત્ર, નેપાળ અને બર્માના કેટલાક ભાગો ઉપર (૧૮૧૮ થી ૧૮૨૬) પહેલેથી જ કબજો કરી લેવામાં આવ્યો. ૧૮૪૩ માં અંગ્રેજાએ સિંધ ઉપર પણ કબ્જો કરી લીધો.



ચિત્ર ૫.૭ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ

### મનોયત્ન ૫.૧

ધારો કે તમે ૧૫ વર્ષના છો અને ૧૯ મી સદીના કોઈ રાજાના ભત્રીજા/ભત્રીજી છો. તમારા કાકાને કોઈ સંતાન નથી, તેથી તમને એમનો/એમની વારસ બનાવવામાં આવે છે. જો તમને ઉત્તરાધિકારી ન બનવા દેવાય અને તમારા કાકાનું રાજ્ય ખાલસા કરી દેવાય તો તમે કેવાં પગલાં લેશો ?

## પાઠ-સ્વાધ્યાય ૫.૧

૧. સાચા જવાબ ઉપર નિશાની કરો :

(ક) ભારતમાં અંગ્રેજો કયા રૂપમાં આવ્યા હતાં ?

(i) વિજેતાઓ (ii) મુસાફરો (iii) આક્રમણકારીઓ (iv) વેપારીઓ

(ખ) મીરજાફર કયાંનો નવાબ હતો ?

(i) મૈસૂર (ii) પંજાબ (iii) બંગાળ (iv) બિહાર

૨. અંગ્રેજો ભારતમાં શાથી આવ્યા ? કમ સે કમ બે કારણો આપો.

૩. દેશી રાજ્યોને ખાલસા કરવા માટે કઈ બે પધ્ધતિઓ અંગ્રજોએ અપનાવી ?

## ૫.૩. અંગ્રેજ શાસનની આર્થિક અસરો :

ઔધોગિક ક્રાંતિએ અંગ્રેજ વેપારીઓને એશિયા, આફ્રિકા અને અમેરિકામાંથી અઢળક ધનસંપત્તિ ભેગી કરી આપી હતી. હવે તેઓ ભારતમાં આ સંપત્તિનું રોકાણ કરી ભારતમાં ઉધોગો અને વેપાર ચલાવવા માંગતા હતા.

આજે આપણે મોટા જથ્થામાં જે રીતે વસ્તુઓનું ઉત્પાદન થતાં જોઈએ છીએ તેની શરુઆત ૧૮મી અને ૧૯મી સદી દરમ્યાન થયેલી ઔધોગિક ક્રાંતિ દ્વારા થઈ હતી. ઉત્પાદિત માલ ખૂબ મોટા જથ્થામાં ઉપલબ્ધ હતો. અંગ્રેજોના ઔધોગિક પાયાને વિસ્તારવામાં અને તેને આર્થિક મદદ કરવામાં ઈસ્ટ ઈન્ડિયા કંપની ઉપયોગી નીવડી. આ સમયગાળા દરમ્યાન ઈંગ્લેન્ડમાં એવા ઉત્પાદક લોકોનો એક વર્ગ ઊભો થયો, જેમને વેપાર કરતાં ઉત્પાદનથી વધુ ફાયદો થતો હતો. તેઓ ભારતમાંથી કાચો માલ લઈ જવા તેમજ તેમની ઉત્પાદિત વસ્તુઓ ભારતમાં વેચવા ઉત્સુક હતાં. ૧૭૯૩ અને ૧૮૧૩ દરમ્યાન આ ઉત્પાદકોએ ઈસ્ટ ઈંડિયા કંપની, તેને મળતા વિશેષ લાભો અને તેની એકહથ્થુ વેપાર-સત્તા વિરૂધ્ધ દેખાવો કર્યા, અભિયાનો ચલાવ્યા. આખરે તેઓ ભારતમાંથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીની એકહથ્થુ સત્તાની નીતિ તોડવામાં સફળ થયા. આમ થવાથી ભારત ઉધોગપ્રધાન ઈંગ્લેન્ડનાં એક સંસ્થાન બન્યું. ભારતના ઉધોગો અને વેપાર પર થયેલી વધુ આર્થિક અસરો વિશે હવે આપણે જોઈએ.

### ૫.૩.૧. કાપડ ઉધોગ અને વેપાર

પહેલાંના સમયમાં યુરોપના બજારોમાં ભારતના હાથ-વણાટ વાળા કાપડની ખુબ માંગ હતી. રેશમી, સુતરાઉ, લેનીન અને ઉની વસ્ત્રો જેવા ભારતીય કાપડની માંગ પહેલેથી જ એશિયા-આફ્રિકામાં હતી. ઈંગ્લેન્ડમાં ઔધોગિકરણ થતા ત્યાં પણ કાપડઉધોગ મહત્વનો બની ગયો. હવે

ભારત અને બ્રિટન વચ્ચેના કાપડ વ્યવહારની દિશા બદલાઈ ગઈ. ભારતના બજારોમાં અંગ્રેજોના કારખાનાઓમાં મશીનથી બનેલાં કાપડ મોટા જથ્થામાં આયાત કરી લાવવા મંડાયા. કારખાનામાં મોટાપાયે બનેલું આ કાપડ હસ્તવણાટના કાપડ કરતાં સસ્તુ વેચાતું. આ રીતે હસ્તકળા ઉધોગને જોખમ ઊભું થયું.

અંગ્રેજો ભારતમાં પોતાની વસ્તુઓ સસ્તા ભાવે વેચી શકયા કેમ કે પરદેશી વસ્તુઓ ઉપર કોઈ જકાત લેવામાં આવતી નહી. બીજી બાજુ, ભારતની હસ્તકલાઉધોગની વસ્તુઓ જયારે પરદેશમાં મોકલવામાં આવતી તો તેની ઉપર ભારે જકાત અને કરવેરા વસૂલવામાં આવતા, જેના લીધે તે વસ્તુઓ મોંઘી વેચાતી. ઉપરાંત, ઉધોગપતિઓના દબાણને લીધે ભારતીય કાપડ ઉપર પણ ખૂબ કરવેરા નાંખવામાં આવતા. તેથી, ટૂંક સમયમાં જ ભારત તૈયાર કાપડના નિકાસકર્તા (એકસપોર્ટર) માંથી રૂ નું નિકાસકર્તા અને બ્રિટીશ કાપડનું આયાતકર્તા (ઈમ્પોટર) બની ગયું. ભારતના વણાટ ઉધોગ ઉપર આ ઊંધી દિશાના ફેરફારની ખૂબ માઠી અસર પડી અને તે પડી ભાંગ્યો. ખૂબ વણકરો બેકાર બન્યા. તેમાંના ઘણાં પોતાને ગામ પાછા ફર્યા, જયાં તેમની જમીનો ઉપર ખેતી કરીને જીવનનિર્વાહ કરી શકે. આને લીધે ગ્રામીણ અર્થવ્યવસ્થા અને આજીવિકા ઉપર દબાણ ઊભું થયું. આ પ્રક્રિયામાં ભારતના હસ્તવણાટ ઉધોગને અસમાન સ્પર્ધાનો સામનો કરવો પડયો. આ મુદાને પાછળથી ભારતના રાષ્ટ્રિય નેતાઓએ બિન-ઔધોગિકરણ સંદર્ભે ધ્યાનમાં લીધો.

**? શું તમે જાણો છો**

ડયૂટી - ખરીદેલી અથવા વેચેલી વસ્તુઓ ઉપર ચૂકવવામાં આવતા કરને ડયૂટી કહે છે.

ટેક્સ- સરકાર દ્વારા અપાતી સેવાઓ અને સુવિધાઓ માટેના જરૂરી નાણાં ભેગા કરવા માટે આવક, સંપત્તિ કે વેચાણ ઉપર લેવામાં આવતો કર

ટેરીફ- સરકાર દ્વારા આયાત (ઈમ્પોર્ટ) અથવા નિકાસ (એકસપોર્ટ) ઉપર લગાડવામાં આવતી દાણ (કરવેરા) ની સરકારી યાદી, સૂચિપત્ર અથવા કોષ્ટક

અંગ્રજોનું મુખ્ય ધ્યેય એ હતું કે ભારતને બ્રિટીશ માલસામાનનું ગ્રાહક બનાવી દેવું. જેને લીધે ટૂંક સમયમાં જ ભારતના કાપડ, કાચ અને કાગળ ઉધોગો બંધ થઈ ગયા. ૧૮૧૩ સુધીમાં તો ભારતના હાથવણાટ ઉધોગે તેનું દેશી તેમજ વિદેશી બજાર ખોઈ દીધું. મશીન દ્વારા બનતી બ્રિટીશ વસ્તુઓ સાથે ભારતીય વસ્તુઓ સ્પર્ધા ન કરી શકી, યુદ્ધો અને સામ્રાજિત પ્રદેશો ઉપર સકંજા દ્વારા હવે બજારોમાં બ્રિટીશ માલસામાન જ ખરીદાવા-વેચાવા માંડયો. તેમણે ભારતના રાજાઓ, વેપારીઓ, જમીનદારો અને સામાન્ય માણસો સુધ્ધાં પાસેથી ધન શોષવા માંડયું. તદઉપરાંત વ્યાપારથી અને પોતાના અધિકારીઓના પગાર રૂપે પણ અંગ્રેજોએ ધન ખેંચી લેવા માંડયું. એ સ્પષ્ટ હતું કે તેમની આર્થિક નીતિઓ પહેલાં ઈસ્ટ ઈન્ડિયા કંપની અને પછી બ્રિટીશ સામ્રાજયના હિત માટે ઘડાઈ હતી.

## મનોયત્ન ૫.૨

*બહેરીયાર-ગરેરીયા વણઝારાઓના કિસ્સાનો અભ્યાસ (કેસ સ્ટડી)*

*સમાચાર મુજબ (ધ સન્ડે ટ્રીબ્યુટ સ્પેક્ટ્રમ, માર્ચ ૧૧, ૨૦૧૨) બિહારના ગયા જિલ્લામાં ઘેટાનું ઊન વણનારા વણકરોએ નાણાંની અછતને લીધે ધાબળા વણવાનો ઉધોગ બંધ કરી દીધો. એક વણકર કહે છે કે, બજારમાં મળતાં ધાબળાઓ સાથે અમે સ્પર્ધા ન કરી શકીએ. બીજા એક કહે છે, શહેરી બજારો સુધી પહોંચી ન શકવાને લીધે અમારે અમારા ધાબળા ગામડાઓમાં જ વેચવા પડે છે.*

*બ્રિટીશરો વખતના ભારતમાં અને હાલની આ પરિસ્થિતિની તુલના કરો. શું તે સરખી છે કે અલગ ? આ વણકરોની સ્થિતિ સુધારવા માટે તમે કેવાં સૂચન કરશો ?*

### ૫.૩.૨. જમીન-મહેસૂલ નીતિ અને જમીન મધ્યસ્થીઓ (દલાલો/વચેટિયાઓ) :

*પ્રાચીનકાળથી લોકોના જીવનનિર્વાહનનો મુખ્ય સ્ત્રોત ખેતી હતી. તેથી આખી દુનિયામાં બધા રાજા-મહારાજાઓ માટે મહેસૂલ ઉઘરાવવાનો મુખ્ય આધાર જમીન-મહેસૂલ બન્યો. ૧૮ મી સદીમાં ભારતના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. બ્રિટીશ શાસન દરમ્યાન જમીન મહેસૂલ વધતું જ ચાલ્યું. જેના ઘણા કારણો હતાં. પહેલાં બ્રિટીશરો ભારતમાં વેપાર કરવા આવ્યા હતા. ધીમેધીમે તેમને ભારતમાં સામ્રાજય વધારવાની ઈચ્છા થઈ, જેને માટે તેમને ઘણાં ધનની જરૂર હતી. તેમને વેપાર માટે, કંપનીના વહીવટ-વ્યવસ્થા માટે અને કંપનીના બીજા પ્રોજેક્ટસ માટે ઘણાં ધનની જરૂર હતી. અંગ્રેજોએ જમીન-મહેસૂલમાં એવાં પ્રયોગો કર્યા જેને લીધે ખેડૂતોને ઘણી તકલીફ પડી. ખેડૂતો પાસેથી કર લઈને તેઓ પોતાના યુદ્ધો અને પ્રોજેક્ટસમાં વાપરતાં. બ્રિટીશરો ધ્વારા આ કરવેરા ઉઘરાવવા માટે સીધી કે આડકતરી રીતો વાપરવામાં આવતી. આ વાતની અસર ગરીબો ઉપર સૌથી વધુ થઈ કેમ કે તેમને પોતાની નજીવી આવકમાંથી પણ જમીનદારો અને કલેકટરોને ખૂબ મહેસૂલ આપવું પડતું. ગરીબોને રાહત અને કુદરતી ન્યાય આપવામાં સ્થાનિક સરકાર નિષ્ફળ ગઈ.*

*૧૭૯૩ માં લોર્ડ કોર્નવોલીસે સ્થાયી બંદોબસ્ત લાગુ કર્યો જેમાં રાજયના ખજાનામાં એક નિશ્ચિત રકમ જમા કરાવવી પડતી. બદલામાં તેમને જમીનના વારસાગત માલિક જાહેર કરવામાં આવતા. આને લીધે જમીનદારો જમીનના માલિકો બન્યા. થોડા સમય માટે બ્રિટીશ તિજોરીમાં સુનિશ્ચિત મહેસૂલ જમા થતું રહયું, જેને લીધે તેઓ આર્થિક રીતે સલામત બની ગયા. હવે તેમને પહેલેથી જ ખબર પડી જતી કે રાજયની તિજોરીમાં કેટલા નાણા આવવાના છે. જમીનદારને પણ એ ખબર રહેતી કે કેટલું મહેસૂલ ભરવાનું છે તેથી વધારાની આવક મેળવવા તેમણે ખેડૂતો ઉપર વધુ*

*ઉત્પાદન કરવાનું દબાણ કર્યુ. પરંતુ જ્યારે જમીનદારો, નિશ્ચિત સમયે નિશ્ચિત રકમનું મહેસૂલ ન ભરી શકે ત્યારે તેમની જમીન જપ્ત કરીને બીજાને વેચી દેવામાં આવતી. આ આખી વ્યવસ્થામાં અંગ્રેજોને લાભ જ હતો કેમ કે આ રીતે બનેલા નવા જમીનદારો તેમના રાજકીય ટેકેદારો બન્યા. જ્યારે ખેડૂતોના વિરોધ સામે અંગ્રેજોને રક્ષણ જોઈતું હતું ત્યારે આ લોકો અંગ્રેજોની પડખે ઊભા રહયા. ખરેખર તો સ્વતંત્રતા આંદોલનની વિરોધમાં જઈને તેમણે અંગ્રેજોની મદદ કરી.*

*૧૮૨૨ માં, અંગ્રેજોએ ઉત્તર-પશ્ચિમના પરગણાઓ, પંજાબ, ગંગાની ખીણનો પ્રદેશ અને મધ્ય ભારતના કેટલાક ભાગોમાં મહાલવાની પધ્ધતિ શરુ કરી. અહી એક મહાલ (મિલકત) નું મૂલ્યાંકન કરવામાં આવતું. આ મિલ્કત એક ગામ અથવા ગામોનો એક સમૂહ હતો. અહીં આખા મહાલના સંયુક્ત ભાગીદારો સરકારને મહેસૂલ ચૂકવવા જવાબદાર હતાં. કમનસીબે આ પ્રથાનો કોઈ લાભ ખેડૂતોને ન મળ્યો કેમ કે અંગ્રજોની અપેક્ષા ઘણી ઊંચી હતી.*

*૧૯ મી સદીની શરૂઆતમાં મદ્રાસ અને મુંબઈ પરગણાના ઘણાં ભાગોમાં રૈયતવાળી પધ્ધતિ શરૂ કરવામાં આવી. અહી જમીન ખેડનારી રૈયત ઉપર જ સીધી મહેસૂલ લગાડવામાં આવી. જ્યાં સુધી ખેડૂત મહેસૂલ ભરી શકે ત્યાં સુધી તેને જમીનનો માલિક ગણવામાં આવતો પરંતુ અહી પણ ઊંચા મહેસૂલની માંગ સાથે ખેડૂતોનું શોષણ ચાલુ રહયું.*

### ૫.૩.૩. ખેતીનું વ્યાપારીકરણ :

*ભારતમાં બ્રિટીશ નીતિઓની એક મુખ્ય અસર પડી. ચા, કોફી, ગળી, અફીણ, કપાસ, શણ, તેલીબીયાં અને શેરડી જેવાં રોકડિયા પાકોની શરૂઆતને લીધે વિવિધ રોકડીયા પાકોને વિવિધ ઉદ્દેશો સાથે શરુ કરવામાં આવ્યા. ચીનની ચા સાથે બ્રિટનનો વ્યાપાર સંતુલિત કરવા માટે ભારતના અફીણનો ઉપયોગ કરાયો. અફીણના બજાર પર અંગ્રેજો દ્વારા સખ્ત નિયંત્રણ રાખવામાં આવ્યું જેને લીધે ભારતીય અફીણ ઉત્પાદકો નફો ન કરી શકયા. અંગ્રજોએ તેમની શરતો ઉપર બળજબરીથી ભારતના ખેડૂતો પાસે ગળીની ખેતી કરાવડાવી. આ ગળીને ઈંગ્લેન્ડના કાપડ ઉધોગમાં રંગકામ માટે વાપરવામાં આવતી. એક ખાસ પધ્ધતિ દ્વારા દરેક ખેડૂત પાસેની જમીનના ૩/૨૦ મા ભાગમાં ગળીનું ફરજીયાત વાવેતર કરાવવામાં આવતું, જેને લીધે ટુંક સમયમાં જમીનની ફળદ્રુપતા સાવ ઘટી ગઈ. આમ થવાને લીધે ખેડૂતો ગળી વાવવા માંગતા ન હતા, જ્યારે ચાના બગીચામાં બગીચાની માલિકી વારંવાર બદલાઈ જતી અને ત્યાં કામ કરનારા ખેતમજૂરોને ભારે કઠીનાઈઓનો સામનો કરવો પડતો.*

*ખેતીના વ્યાપારીકરણે ખૂબ ઝડપથી વારંવાર જમીનની માલિકી બદલવા માંડી, જેને લીધે જમીનવિહોણા મજૂરો વધતા ચાલ્યા. તેને લીધે ઘણા બધા વેપારીઓ, દલાલો અને વચેટિયાઓ પણ ઊભા થવા માંડયા અને પરિસ્થિતિમાં વધુ શોષણ ઉમેરાયું. ખેડૂતોએ કાપણીના સમયે તેમની ઉત્પાદિત ફસલના વેચાણ માટે હવે આ વચેટિયાઓ પર આધાર રાખવો પડયો. ખેડૂતો ફરજીયાતપણે હવે*

રોકડિયા પાકો વધુ લેતા હતા, જેને કારણે અનાજનું ઉત્પાદન ઘટી ગયું. તેથી અનાજના ઓછા પુરવઠાને લીધે દુકાળ પડયો. આ બધુ જોતાં એ વાતની સહેજપણ નવાઈ ન લાગે કે શાથી ખેડૂતોએ બળવો પોકાર્યો. તેના વિશે તમે આવતા પાઠમાં વિગતવાર જાણશો. વિવિધ આર્થિક નીતિઓને લીધે ભારતની પુષ્કળ સંપત્તિ બ્રિટનમાં ઘસડાઈ ગઈ. ભારત ઉપર રાજ કરવા નોકરીએ રખાયેલા નાગરિકો, સૈન્ય અને અન્ય કામદારોના વેતન, પેશન અને વિવિધ ખર્ચને પહોંચી વળવા માટે ભારત ઉપર બેફામ આર્થિક બોજો નાંખવામાં આવ્યો. જો આ સંપત્તિ ભારતના વિકાસાર્થે રોકવામાં આવત તો ચોકક્સપણે ભારતનું અર્થતંત્ર સુધરી ચુકયું હોત. ચાલો આપણે એ જોઈએ કે અંગ્રજોની આર્થિક નીતિઓએ કેવી રીતે ભારતના સમાજની રુપરેખા બદલી નાંખી.

**૫.૩.૪. શરાફ-શાહુકારના નવા વર્ગનો જન્મ :**

અંગ્રજોને નિશ્ચિત સમયે આપવી પડતી નિશ્ચિત રકમને કારણે ખેડૂતોને શાહુકારો/શરાફો પાસેથી ઉછીના નાણાં લેવાની ફરજ પડી, આ શરાફો મોટાભાગે ખેડૂતો પાસેથી ઊંચું વ્યાજ લઈને તેમનું શોષણ કરતાં. તેઓ મોટાભાગે અંગૂઠાની છાપ, ખોટું નામું અથવા ખોટી સહી જેવાં છળકપટ કરતાં. અંગ્રેજોની નવી કાયદાનીતિએ માત્ર એ શરાફોને ફાયદો કરાવી આપ્યો જે સ્થાનિક વેપારી-અથવા જમીનદાર હતાં.

મોટાભાગે એમ બનતું કે ખેડૂતો વ્યાજે લીધેલી લોન વ્યાજસહિત ચૂકવી શકતાં નહીં. આ રીતે ધીમે ધીમે તેમની જમીનો શાહુકાર વર્ગ પાસે જતી રહી.

**૬.૩.૫. નવાં મધ્યમવર્ગનો ઉદય :**

ભારતમાં બ્રિટીશ શાસનની એક મુખ્ય અસર હતી. નવાં મધ્યમવર્ગનો ઉદય બ્રિટીશરોના વ્યાપારીકરણને લીધે સમાજના એક નાના વર્ગ માટે અમુક તકો ઊભી થઈ આ લોકો હંમેશા બ્રિટીશ વેપારીઓ માટે દલાલો અથવા આડતિયાઓની ભૂમિકા ભજવતા, જેનલીધે અંગ્રેજોને અઢળક ફાયદો થતો. સ્થાયી મહેસૂલ પધ્ધતિ પછી ઊભા થયેલો જામીનદારોનો ઉચ્ચ વર્ગ પણ આ વર્ગમાં સામેલ હતો. મોટાભાગના જૂના શ્રીમંત જમીનદારો જમીનવિહોણા બન્યા. જેનું સ્થાન નવા જમીનદારોએ લીધું. આવાં લોકોએ થોડું અંગ્રેજી શિક્ષણ લીધું અને અભિજાત વર્ગમાં ગણાવા માંડયા. બ્રિટીશ સત્તાના ફેલાવા સાથે રોજગારની અમુક નવી તકો પણ ઊભી થઈ હતી. ભારતીય સમાજ નવી કાનુની અદાલતો, સરકારી કચેરીઓ અને વેપારી એજન્સીઓનો સાક્ષી બન્યો. અંગ્રેજી ભણેલા લોકોએ સ્વાભાવિક રીતે તેમના પ્રાદેશિક અંગ્રેજ શાસકો પાસેથી અમુક ખાસ લાભ મેળવ્યા. આ રીતે ખાસ ઊભા થયેલા જમીનદાર વર્ગ ઉપરાંત ધંધાદારીઓ અને નોકરિયાતોનો નવો વર્ગ ઊભો થયો.

**૫.૩.૬ સંદેશા વ્યવહાર અને વાહનવ્યવહાર**

ભારતમાં તે વખતનો વાહનવ્યવહાર બળદગાડા, ઊંટ અને ભારવહન કરનારાં પ્રાણીઓ દ્વારા ચાલતો. બીજી બાજુ બ્રિટીશરોને કાચા તથા ઊત્પાદિત માલની હેરફેર માટે બંદરોથી ઉત્પાદન ક્ષેત્રો

સુધી પહોંચાડતી રેલ્વેની જરૂર હતી.

તમે આજે વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલું જે રેલ્વે નેટવર્ક જુઓ છો, તેનો પાયો ૧૯ મી સદીના પાછલા ભાગમાં નંખાયો હતો આને લીધે અંગ્રેજ બેંકરો અને રોકાણકારો પોતાની વધારાની મૂડીને રેલ્વેના બાંધકામમાં રોકી શકયા. ઈંગ્લેન્ડના મૂડીપતિઓને ભારતીય રેલ્વે દ્વારા બે મહત્વના ફાયદા થયા. એક તો એ, કે બંદરો અને બજારો રસ્તા દ્વારા જોડાઈ જવાને લીધે વ્યાપાર વધુ સુગમ અને લાભદાયક બન્યો. બીજું, રેલ્વેના ડબ્બા, ઈજીન અને રેલ્વે લાઈન બનાવવા માટેનું મૂડીરોકાણ બ્રિટનમાંથી આવ્યું. રેલ્વેમાં રોકાણ કરનારા બ્રિટીશ મૂડીપતિઓને સરકાર દ્વારા ઓછામાં ઓછા ૫ % નફાની ખાતરી આપવામાં આવી. આ કંપનીઓને ૯૯ વર્ષના પટ્ટા ઉપર જમીનો મફત આપવામાં આવી.

રેલ્વે ભલે અંગ્રેજોના હિત માટે નંખાઈ હતી, પણ એણે રાષ્ટ્રિય જાગૃતિમાં પણ મહત્વનો ભાગ ભજવ્યો. ભલે અંગ્રજોએ કદી એવું ધાર્યુ ન હતું, પણ સુધરેલા વાહનવ્યવહાર અને વધેલા શિક્ષણને કારણે લોકો અને તેમનાં વિચાર અંદરો અંદર વધુ નિકટ આવ્યાં.

બ્રિટીશ શાસન દરમ્યાન ભારતે પશ્ચિમ પાસેથી સ્વતંત્રતા, સમાનતા, માનવીય અધિકારો, વિજ્ઞાન અને ટેકનોલોજીના વિચારો અપનાવ્યા. આને લીધે આધુનિકરણની પ્રક્રિયા ઝડપી બની છે. આપણે જોઈશું કે ભારતના સમાજ ઉપર આધુનિક વિચારોની શી અસર થઈ.

**? શું તમે જાણો છો**

પહેલી રેલ્વે લાઈન (રેડ હીલ રેઈલરોડ લાઈન) નંખાઈ. મદ્રાસમાં, તેની સ્થાપના ૧૮૩૭ માં થઈ અને તેનો ઉપયોગ ગ્રેનાઈટના પથ્થરોની હેરફેર માટે થતો. જયારે, પ્રથમ મુસાફર રેલ્વે લાઈન ૧૮૫૩ માં મુંબઈથી થાણા વચ્ચે શરૂ થઈ. એ જ વર્ષમાં ડેલહાઉસીએ કોલકત્તાથી આગરા સુધીની પ્રથમ ટેલિગ્રાફ લાઈન નાંખી અને ભારતમાં પોસ્ટ સેવા શરૂ કરી.

## પાઠ સ્વાધ્યાય ૫.૨

૧. ખરૂં છે કે ખોટું તે કહો અને સમજાવો.

(ક) પરદેશી માલસામાનનો ભારતમાં કરમુક્ત પ્રવેશએ ભારતના અર્થતંત્ર માટે ફાયદાકારક હતું.

(ખ) .............બધી જ જમીન વ્યવસ્થા નીતિઓએ અંગ્રજોને ફાયદો કરાવ્યો.

(ગ) ગળી, ચોખા, ઘઉં, ચા અને અફીણએ બ્રિટીશરો દ્વારા શરૂ કરાયેલા પાંચ મુખ્ય રોકડિયા/વેપારી પાક હતાં.

(ઘ) .............અમુક શાહુકારો નવાં જમીનદારો બન્યા.

૨. ભારતમાં બહોળી રેલ્વેલાઈન નાંખવા પાછળના મુખ્ય કારણો પૈકી કોઈપણ બે ને કારણ આપી સમજાવો.

## ૫.૨. ભારતના સમાજ અને સંસ્કૃતિ ઉપર અંગ્રજોની અસર :

ભારતમાં અંગ્રેજોના આગમન પછી ભારતીય સમાજમાં ઘણા પરિવર્તનો આવ્યાં. ૧૯મી સદીના ભારતમાં સ્ત્રીબીજ ભ્રૂણહત્યા, બાળ-વિવાહ, સતી પ્રથા, બહુપત્નીત્વ અને કટ્ટર જ્ઞાતિપ્રથા ઘણાં પ્રચલિત હતા. આ પ્રથાઓ માનવગૌરવ અને મૂલ્યોથી વિપરીત હતી. પુરૂષો કરતાં મહિલાઓને ઉતરતી ગણવામાં આવતી અને તેમની સાથે ભેદભાવ રખાતો. પોતાની સ્થિતિ કે સ્તરને સુધારવા માટે વિકાસશીલ તકો તેમને આપવામાં ન આવતી. શિક્ષણ સમાજના મર્યાદિત ઉચ્ચ વર્ગના ગણ્યાગાંઠયા લોકો સુધી જ સીમિત હતું. વેદો જાણવાનો અધિકાર માત્ર બ્રાહ્મણો પાસે જ હતો ને વેદો સંસ્કૃત ભાષામાં લખાયેલા હતા. પુરોહિતો દ્વારા જન્મ-મરણ પાછળ ખર્ચાળ રીત-રિવાજો, બલિદાનો અને વિધિઓ થતાં.

જ્યારે અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે યુરોપમાં થયેલી નવજાગૃતિ તથા સુધારાવાદી ચળવળોના ખ્યાલ પણ લેતા આવ્યા. જેમાં સ્વતંત્રતા, સમાનતા, માનવીય અધિકારોના વિચારો હતાં. આ વિચારો આપણા અમુક વિચારકોને પસંદ પડયા અને તેમણે દેશભરના છૂટક ભાગોમાં એ સુધારક વિચારો ફેલાવ્યા. આ સુધારાવાદી વિચારકોમાં મુખ્ય હતાં રાજા રામમોહન રાય, સર સૈયદ એહમદખાન, અરૂણ, આસિફ અલી અને પંડિત રામબાઈ. આ આંદોલનોનો ઉદેશ ભારતમાં સામાજિક એકતા સ્થાપીને સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ ફેલાવવાનો હતો. મહિલાઓના સામાજિક દરજ્જાને સુધારવા માટે અનેક કાનુની પગલાં લેવામાં આવ્યા. દાખલા તરીકે, તત્કાલીન ગવર્નર જનરલ લોર્ડ બેન્ટિક દ્વારા ૧૮૨૯ માં સતીપ્રથા પ્રતિબંધિત જાહેર કરાઈ. ૧૮૫૬ માં પસાર કરવામાં આવેલા એક કાયદા મુજબ વિધવા પુનર્વિવાહને અનુમતિ આપવામાં આવી.

૧૮૭૨ માં આંતર-જ્ઞાતિય અને આંતર-જાતીય લગ્નોને મંજૂરી આપતો કાયદો આવ્યો. બાળલગ્ન ઉપર પ્રતિબંધ મૂકતો શારદા એકટ ૧૯૨૯ માં પસાર કરવામાં આવ્યો. આ કાયદા દ્વારા જાહેર થયું કે ૧૪ વર્ષથી નાની છોકરી અને ૧૮ વર્ષથી નાના છોકરાના લગ્ન કરવા એ કાયદાની વિરૂધ્ધ છે. આ બધા જ આંદોલનોએ જ્ઞાતિ પ્રથાને અને ખાસ તો અસ્પૃશ્યતાને ખૂબ વખોડી કાઢી.

આ હજારો વ્યક્તિઓ, સમાજ સુધારકો અને ધાર્મિક સંસ્થાઓના પ્રયત્નોનો પ્રભાવ આખા દેશમાં અને ખાસ કરીને રાષ્ટ્રિય આંદોલનમાં વર્તાવા માંડયો હતો. મહિલાઓ ઘરમાંથી બહાર નીકળીને ભણીગણીને જાહેર વ્યવસાયોમાં જોડાવા માંડી હતી. આપણા સ્વતંત્રતા સંગ્રામમાં ઈંડિયન નેશનલ આર્મી (આઈ.એન.એ.) ના કેપ્ટન લક્ષ્મી સહેગલ, સરોજિની નાયડુ, એની બેસન્ટ, અરૂણા આસીફ અલી અને ઘણી અન્ય મહિલાઓનો ફાળો મહત્વનો છે.



આકૃતિ ૫.૮ કેપ્ટન લક્ષ્મી સહેગલ (પ્રથમ હરોળમાં વચ્ચે અને સુભાષચંદ્ર બોઝ સાથે આઈ.એન.એ.ના અન્ય આગેવાનો

### ૫.૪.૧. સામાજિક અને સાંસ્કૃતિક નીતિ

અંગ્રજો ભારતમાં પુષ્કળ નફો કમાવાના ઈરાદે આવ્યા હતા. તેનો અર્થ થતો હતો કે ભારતમાંથી ખુબ સસ્તા દરે કાચો માલ ખરીદવો અને ખુબ મોંઘા ભાવે ઉત્પાદિત વસ્તુઓ વહેંચવી. અંગ્રેજો ભારતીયોને એટલી હદ સુધી જ શિક્ષીત કરવા માંગતા હતા, જેથી તેઓ અંગ્રેજો દ્વારા ઉત્પાદિત આધુનિક વસ્તુઓ વાપરવા યોગ્ય બને, જો કે તેઓ તેમને એટલું ભણાવવા માંગતા ન હતા કે તેઓ અંગ્રેજોની વિરૂધ્ધ જવા સક્ષમ બને.

કેટલાક અંગ્રેજો એમ માનતા કે પશ્ચિમના વિચારો આધુનિક અને ચડિયાતા ને ભારતના વિચારો જૂનાં અને ઊતરતા. ખરેખર તો આ બિલકુલ સાચુ ન હતું. ભારત પાસે પરંપરાગત જ્ઞાન હતું જે હજી લાગુ પડતું હતું. આ સમય દરમ્યાન ઈંગ્લેન્ડમાં ઉદ્દામવાદી વિચારકોનું (રેડીકલ્સ) એક જૂથ હતું જે ભારત પ્રત્યે માનવતાવાદી વલણ ધરાવતું હતું. તેઓ ઈચ્છતાં હતાં કે ભારત પણ વિજ્ઞાનલક્ષી આધુનિક જગતનો ભાગ બને. પરંતુ તેઓ સરકાર ભારતના ઝડપી આધુનિકીકરણની તરફેણમાં ન હતા. તેઓ સમજતા હતાં કે જો ભારતનાં ધાર્મિક કે સામાજિક ક્ષેત્રે વધુ દખલ કરવામાં આવે તો લોકો ઉશ્કેરાઈ શકે. આમ, સુધારા લાવવાની વાતો કરવામાં આવી પણ ખરેખર સુધારાઓ માટે ઘણાં ઓછા પગલાં લેવાયા અને તે પણ ઓછી નિષ્ઠાથી લેવાયા.

### ૫.૪.૨. શિક્ષણ નીતિ

*ભારતમાં અંગ્રેજી ભાષા દાખલ કરવામાં અંગ્રજોને ઊંડો રસ હતો. તેમ કરવા માટે તેમની પાસે ઘણાં કારણો હતાં. ભારતીયોને અંગ્રેજીમાં ભણાવવાએ તેમની વ્યૂહરચનાનો જ એક ભાગ હતો. આમ કરવાથી તેમને ઓછા પગારે કામ કરવા રાજી થનારા ભારતીય કારકુનો મળી શકે, જયારે તે જ કામ કરવા માટે અંગ્રજો વધુ પગાર લે. આમ, આ રીતે વહીવટી ખર્ચ ઓછો થાય. ભારતીયોનો એક એવો વર્ગ ઉભો કરવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો, જે બીજા ભારતીયો સાથે ખાસ ન જોડાય અને અંગ્રેજો પ્રત્યે વફાદાર રહે. આવા ભારતીયોને અંગ્રેજ સંસ્કૃતિ અને રીતભાતો શીખવા પ્રોત્સાહન આપવામાં આવ્યું. ઉપરાંત આવા લોકો અંગ્રેજી માલસામાનના ગ્રાહકો પણ બન્યા. અંગ્રેજો અંગ્રેજી ભાષાનો ઉપયોગ તેમની રાજકીય સત્તા વધારવા માટે કરવા માંગતા હતા. તેમણે ધાર્યું કે અંગ્રેજી ભણેલા થોડાક લોકો બીજા સમૂહો સુધી તેનો ફેલાવો કરશે અને આવા લોકો દ્વારા તેઓ બધા ઉપર રાજ કરવા વધુ સક્ષમ બનશે. અંગ્રેજોએ માત્ર એવાં જ વ્યક્તિઓને નોકરીએ રાખ્યા જેઓ અંગ્રેજી જાણતા હતાં. આમ કરવાથી બીજા ઘણાં ભારતીયો અંગ્રેજી શિક્ષણ તરફ ધકેલાયા. ટુંક સમયમાં જ શિક્ષણએ ધનિક અને શહેરી લોકોનો જ અધિકાર બની ગયું.*

*૧૮૧૩ માં બ્રિટીશ સંસદમાં પસાર કરવામાં આવેલા ચાર્ટર એકટ દ્વારા ભારતમાં પાશ્ચાત્ય વિજ્ઞાનના પ્રચાર માટે એક લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા પરંતુ તરત જ એક વિવાદ ઊભો થયો. કેટલાક અંગ્રેજો આ નાણાંને પશ્ચિમના વિચારો ફેલાવવા પાછળ જ ખર્ચવા માંગતા હતાં. તેમાંના બીજા ભારતીય પરંપરાગત જ્ઞાનના પ્રસાર ઉપર ભાર મૂકતા હતાં. ઘણાએ શિક્ષણના માધ્યમ તરીકે સ્થાનિક ભાષા વાપરવાનો આગ્રહ કર્યો, જયારે બીજાઓએ અંગ્રેજી માધ્યમ સૂચવ્યું. આ ગોટાળામાં લોકો એ બાબતમાં અટવાઈ ગયા કે અંગ્રેજી માધ્યમની વાત કરવી કે અંગ્રેજીને અભ્યાસના એક વિષય તરીકે લઈને વાત કરવી. બ્રિટીશરોને તો ચોકકસપણે પશ્ચિમી વિચારોનું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા જ આપવું હતું. આ દિશામાં બીજું પગલુ હતું ૧૮૫૪ નું વુડઝ ડીસ્પેચ. તેણે સરકારને જનતાના શિક્ષણની જવાબદારી સોંપી. તેના માટે નિર્દેશો લાગૂ કરવામાં આવ્યા. દરેક પરગણામાં શિક્ષણ વિભાગો શરૂ કરવામાં આવ્યા. ૧૮૫૭ માં કોલકત્તા, મદ્રાસ અને મુંબઈમાં સંલગ્ન વિશ્વવિધાલયો (એફીલીએટેડ યુનિંવર્સીટીઝ) ની સ્થાપના કરવામાં આવી. વધુ પ્રાથમિક શાળાઓની જગ્યાએ કેટલીક અંગ્રેજી શાળાઓ અને કોલેજો ખોલવામાં આવી. તેમણે મોટા સમુદાયના શિક્ષણને ધ્યાનમાં ન રાખ્યું. આમ, ભારતીયોની શૈક્ષણિક જરૂરિયાતને તે પહોંચી ન વળ્યું.*

*ભલે અંગ્રેજોએ ઓછી નિષ્ઠાથી શિક્ષણ-નીતિ શરૂ કરી હોય, પણ પશ્ચિમના આધુનિક વિચારો અને અંગ્રેજી ભાષાના શિક્ષણે ભારતીય સમાજ ઉપર સકારાત્મક અસર કરી. રાજા રામમોહનરાય, સ્વામી વિવેકાનંદ, ઈશ્વરચંદ્ર વિધાસાગર, સર સૈયદ અહેમદખાન અને સ્વામી દયાનંદ સરસ્વતી જેવા સમાજ સુધારકોએ પશ્ચિમના લોકશાહી, સ્વતંત્રતા અને સમાનતાના વિચારોમાંથી પ્રેરણા લીધી. પરિણામે ભારતમાં તે સમયે ચાલતી કેટલીક અન્યાયી પ્રથાઓ,*

અંધવિશ્વાસો અને કુરિવાજોમાં સુધારા કરવામાં તે ઉપયોગી થઈ પડયું. શિક્ષણ ભલે સમગ્ર જનતા સુધી ન પહોંચ્યુ પણ કેટલાંક રાષ્ટ્રિય નેતાઓ દ્વારા કરવામાં આવતી જાહેર ચર્ચાઓ, ભાષણો અને પ્રેસમાં ચાલતા વિચાર-વિમર્શોના માધ્યમથી રાષ્ટ્રભાવના, બિન-સામ્રાજયવાદ, આર્થિક અને સામાજિક સમાનતા જેવા દ્રષ્ટિકોણ વિકસ્યા. પાશ્ચાત્ય વિચારો અને અંગ્રેજી શિક્ષણના પ્રસારને લીધે આધુનિક, બૌધ્ધિક, લોકતાંત્રિક, સ્વતંત્રતાપ્રેરક અને રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણ વિકસવામાં મદદ મળી. વિજ્ઞાન, માનવીયતા અને અંગ્રેજ સાહિત્ય જેવા જ્ઞાનના નવા ક્ષેત્રો ભારતની જનતા માટે ખુલ્યાં. ભારતના સાક્ષર લોકો માટે અંગ્રેજી ભાષા પ્રિય બની. આ ભાષાને લીધે તેઓ સંગઠિત બન્યા અને ધીમેધીમે તેઓ પોતાના હકો પ્રત્યે રાજકીય રીતે જાગૃત બન્યા. તેમને ઈંગ્લેન્ડ જઈને લોકતંત્રની વિવિધ પધ્ધતિઓ વિશે પણ જાણવા મળ્યું. જહોન લોક, રસ્કીન, મીલ, રૂસો અને ઘણા બીજા લેખકો તથા વિચારકોને લીધે તેમનામાં સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, માનવીય અધિકારો અને સ્વરાજના વિચારો રોપાયા. ફ્રેન્ચ અને રશિયન ક્રાંતિ તથા જર્મની અને ઈટલીના જોડાણને લીધે તેમના આ વિચારોને વધુ ટેકો મળ્યો. કેવર, ગેરીબાલ્ડી અને મઝીની તેમના પ્રિય હીરો (નાયકો) બન્યાં. ભારત માટે પણ તેઓ આ નાયકો પાસેથી પ્રેરણા લેવા દોરાયા.

ભારતના લોકોમાં તેમની સંસ્કૃતિ અને વારસાનું ગૌરવ ઊભું કરવા માટે મેકસમૂલર અને એની બેસંટ જેવા વિદ્વાનોએ દેશી ભાષાઓ અને સાહિત્યને ઉત્તેજન આપ્યું. તેને લીધે ભારતીયોને પોતાની ભવ્ય સંસ્કૃતિને પુનર્જીવિત કરવાનું બળ મળ્યું. અહીં રાજકીય જાગૃતિ અને વિચાર-વિનિમયમાં પ્રેસની ભૂમિકા પણ નોંધપાત્ર રહી. છાપાંઓ અને સામયિકોએ લોકોને વિચારો તથા સમસ્યાઓ અભિવ્યકત કરવાની તક આપી.

તે જ રીતે નવલકથાઓ, ફિલ્મો, નાટકો, લઘુનવલો, કાવ્યો, ગીતો, નૃત્યો, કલા અને થિયેટરોમાં પણ બ્રિટીશ સામ્રાજયનો વિરોધ કરતાં વિચારો અભિવ્યકત થવા માંડયા. આ બધામાં લોકોની ભાષામાં તેમના રોજીંદા સુખ દુઃખ વણી લેવામાં આવતાં. છાપાં અને સામયિકો દ્વારા આત્મવિશ્વાસ, આત્મસન્માન, દેશભક્તિ અને જાગૃતિની વાતોનો પ્રચાર કરવામાં આવ્યો જેના લીધે રાષ્ટ્રિય જાગૃતિની ભાવના સુદ્રઢ બનતી ચાલી.

### ? શું તમે જાણો છો

૧૯૪૩ માં ઈન્ડિયન પીપલ્સ થીયેટર એસોસીએશન (આઈ.પી.ટી.એ.) ની સ્થાપના થઈ. તેણે અસંતોષ અને વિરોધ વ્યકત કરવા માટે સંગીતને હથિયાર બનાવ્યું અને સ્વાતંત્ય મળ્યા પછી પણ પોતાની સાંસ્કૃતિક ચળવળ ચાલુ રાખી. તેમાં શોષણ પ્રત્યે જાગૃતિથી માંડીને ખેડૂતોના બલિદાનો, ૧૮૫૭ નો બળવો અને અમૃતસરના જલિયાંવાલા બાગમાં હણાયેલા લોકો ઉપર આધારિત ગીતો ગવાતા, તેમણે હિંસા અને યુદ્ધની નિરર્થકતા ગાઈ અને ભારતના ભાગલા પ્રત્યે પણ ગીતો દ્વારા વિરોધ નોંધાવ્યો.

પોતાનો અમલ અસરકારક બનાવવા માટે અંગ્રજોએ કેટલીક વ્યૂહરચનાઓ અપનાવી. ભારતમાં શરૂઆતમાં આવેલા વોરન હેસ્ટીંગ્સ, વિલીયમ જહોન્સ, જોનાથન ડંકન અને બીજા કેટલાક અંગ્રેજ અમલદારો દ્વારા ભારતના ભવ્ય ભૂતકાળને તાજો કરાયો. આ વિદ્વાનો તથા અમલદારોને એશિયાની ભાષાના વિદ્વાનો (ઓરીએન્ટાલીસ્ટ) કહેવામાં આવ્યા. તેમને લાગ્યું કે ભારતની ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યને જાણવાને લીધે તેઓ ભારત ઊપર વધુ મજબૂત શાસન કરી શકશે. તેમના પ્રયત્નોથી ઊભી થયેલી મહત્વની સંસ્થાઓ હતી. વોરન હેસ્ટીઝ દ્વારા કોલકત્તામાં સ્થપાયેલા મદરેસાઓ (૧૭૮૧), વિલીયમ જોન્સ દ્વારા સ્થપાયેલી એશિયાટીકા સોસાયટી ઓફ બેંગાલ (૧૭૮૪), જોનાથન ડંકન દ્વારા સ્થપાયેલ બનારસનું સંસ્કૃત વિધાલય (૧૭૯૪) અને વેલેસ્લી દ્વારા સ્થાપવામાં આવેલી ફોર્ટ વિલીયમ કોલેજ (૧૮૦૦) આ સંસ્થાઓ, ખાસ કરીને એશીયાટીક સોસાયટી અને ફોર્ટ વિલીયમ કોલેજ ભારતીય સંસ્કૃતિના અભ્યાસ માટેના મુખ્ય કેન્દ્રો બન્યા. પ્રથમવાર જ સંસ્કૃતના વિદ્રાન કાલીદાસની મહાન કૃતિઓ અંગ્રેજી અનુવાદ પામીને વિશ્વપ્રસિધ્ધ બની.

### મનોયત્ન ૫.૩

આ સમય દરમ્યાન કેટલાક એવા લોકો હતાં જેમણે ભારતની સંસ્કૃતિ, જ્ઞાન અને પરંપરાને ગરિમા આપવામાં અગત્યની ભૂમિકા ભજવી. નીચે એવા કેટલાક વ્યક્તિઓના નામ આપવામાં આવ્યા છે જેમના યોગદાનને દુનિયાભરમાં નોંધવામાં આવ્યું :

૧. આર્યભટ્ટ ................................

૨. ચરક ................................

૩. મૈત્રેયી ................................

૪. ગાર્ગી ................................

તમને શું લાગે છે કે કેવી રીતે આ ઘટના દ્વારા ભારતીયોને તેમના ભૂતકાળ ઉપર ગૌરવ લેવામાં અને આત્મસન્માન પાછું મેળવવામાં મદદ મળી હશે ?

### ૫.૪.૩. સુધારક આંદોલનની અસર

સામાજિક-ધાર્મિક સુધારણાઓ કેવી રીતે રાષ્ટ્રિય આંદોલન સુધી દોરી ગઈ ? સમાજ સુધારકોના સતત પ્રયત્નોને લીધે સમાજ ઉપર ઊંડી અસર થઈ. આ સુધારક આંદોલનોને લીધે ભારતીયોમાં દેશભક્તિ, આત્મગૌરવ અને આત્મવિશ્વાસ ઉમટયા. આ સુધારાઓને લીધે ભારત બાકીની દુનિયા સાથે આધુનિકીકરણમાં જોડાયું.

સમાજસુધારકોને લાગ્યું કે ભારતીય સંસ્કૃતિના વિચારોમાં નવા વિચારોને મેળવવાથી જ આધુનિક વિચારો બરોબર સમજાઈ શકશે. તેઓ ગ્રામ્યવાસીઓને સમજાવી શકયા કે બધા આધુનિક વિચારો ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોના વિરોધી નથી. આધુનિક શિક્ષણની શરૂઆત થવાથી ભારતના લોકો વૈજ્ઞાનિક અને બૌદ્ધિક વલણવાળા જીવન પ્રત્યે આકર્ષાયા. લોકોને હવે ભારતવાસી તરીકેની પોતાની ખરી ઓળખ મળી, જેના આધારે તેમનામાં એકતા વધી અને તેઓ બ્રિટીશ શાસન વિરૂધ્ધ સ્વતંત્રતા સંગ્રામમાં સહિયારો સંઘર્ષ કરવા તૈયાર બન્યા.

### ૫.૪.૪. બ્રિટીશ વહીવટ અને ન્યાયતંત્ર

બ્રિટીશરો દ્વારા દાખલ કરવામાં આવેલી નવી વહીવટી વ્યવસ્થાને અનુસરવું ભારતીયો માટે કઠીન હતું. ભારતીયોને કોઈ રાજનૈતિક હકો મળતાં નહીં. બ્રિટીશ અધિકારીઓ તેમની સાથે દ્વેષથી વર્તતા. સૈન્ય અને સરકારમાં ભારતીયોને કોઈ ઉચ્ચ હોદાઓ મળતાં નહીં.

અંગ્રેજાએ ભારતમાં કાયદા અને ન્યાય માટેની નવી વ્યવસ્થા દાખલ કરી. દીવાની અને ફોજદારી અદાલતોના નવા માળખા ઘડાયા. કાયદાઓના કોડ (સંહિતાઓ) બનાવવામાં આવ્યા અને કાર્યપાલિકાથી ન્યાયપાલિકાને જુદા પાડવાની કોશીશ થઈ. ભારતમાં 'કાયદાના અમલ' ની પ્રથા શરૂ કરવા માટેના પ્રયત્નો શરૂ કરાયા પરંતુ આ વ્યવસ્થાએ માત્ર બ્રિટીશરોને ભારતીયોના હકો અને સ્વતંત્રતામાં દખલ કરવાના અબાધિત અધિકાર આપ્યાં.

કાનૂની અદાલતો સામાન્ય લોકો માટે સરળતાથી ઉપલબ્ધ ન હતી. ન્યાય માંગવો એ મોંઘુ પડતું. નવી ન્યાય વ્યવસ્થા યુરોપીયનો અને ભારતીયો વચ્ચે ભેદભાવ કરતી.

### પાઠ સ્વાધ્યાય ૫.૩

1. જોડકા જોડો.

| | | | |
|---|---|---|---|
| a) | વિધવા પુનર્વિવાહ કાયદો | i) | 1857 |
| b) | ચાર્ટર એકટ | ii) | 1794 |
| c) | શિક્ષણ વિભાગ | iii) | 1813 |
| d) | બનારસ સંસ્કૃત વિધાલય | iv) | 1856 |
| | | v) | 1855 |


2. બ્રિટીશરો દ્વારા સ્થાપવામાં આવેલા કમ સે કમ બે ભારતીય સંસ્કૃતિ અને ભાષાના કેન્દ્રો જણાવો.

3. *બ્રિટીશ ભારતમાં લેવામાં આવેલા કોઈપણ બે કાનૂની પગલાં જણાવો જેના દ્વારા મહિલાઓની સ્થિતિ સુધરી.*

## ૫.૫ વિરોધ આંદોલનો :

*ભારતના રાજનૈતિક, સામાજિક અને આર્થિક જીવન ઉપર બ્રિટીશ શાસનની પડેલી અવળી અસરને લીધે ભારતીયોમાં અંગ્રેજો વિરુધ્ધ તીવ્ર પ્રતિક્રિયા જન્મી. તેને લીધે દેશભરમાં બ્રિટીશરો વિરુધ્ધ આંદોલનો થવા માંડયા. ખેડૂતો અને આદિવાસીઓએ જુલ્મી શાસકો વિરુધ્ધ બળવો પોકાર્યો. આ વાતની વિસ્તૃત ચર્ચા આગામી પાઠોમાં કરવામાં આવી છે. બ્રિટીશ શાસન દરમ્યાન ભારતમાં અભૂતપૂર્વ દુકાળો પડયા. ૧૯મી સદીની શરુઆતમાં ૭ મોટાં દુષ્કાળ પડયા જેમાં લગભગ ૧૫ લાખ લોકોની જાનહાનિ થઈ. તેવી જ રીતે ૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં પણ ૨૪ દુષ્કાળો પડયાં જેમાં ૨૦૦ લાખ જેટલાં લોકો મૃત્યુ પામ્યા. સૌથી વધુ ભયંકર દુષ્કાળ હતો ૧૯૪૩ માં પડેલો બંગાળનો દુષ્કાળ, જેમાં ૩૦ થી ૪૦ લાખ જેટલા ભારે કરવેરાથી, જમીનો છીનવાઈ જવાથી અને દુષ્કાળથી ત્રાસેલા લોકો બળવાખોર સન્યાસીઓ અને ફકીરોના જૂથોમાં જોડાઈ ગયા. ૧૭૮૩ માં બળવાખોરોએ સરકારી દલાલોને મહેસૂલ આપવું બંધ કર્યું. જો કે, આખરે તેમને શરણાગતિ સ્વીકારવી પડી. તેવી જ રીતે, તમિલનાડુના પોલીગરો, આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના લોકો અને મલબારના મલીપ્પાઓએ બ્રિટીશ સામ્રાજ્ય સામે બળવો પોકાર્યો. ઉત્તર ભારતમાં હરિયાણા અને ઉત્તર પ્રદેશના જાટ લોકોએ ૧૮૨૪ માં બળવો કર્યો. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં કોળી લોકોએ બળવો કર્યો.*

*બ્રિટીશરોએ દેશના આદિવાસી વિસ્તારો ઉપર પણ પગદંડો જમાવતાં ત્યાંના આદિવાસીઓએ પણ બળવા કર્યા. આદિવાસીઓ પાસેથી વિવિધ રીતે વસૂલી કરવામાં આવતી હતી. આદિવાસીઓમાં આગળ પડતા ગણાતા ખાનદેશના ભીલો અને સીંધભૂમીના કોળીઓએ અંગ્રેજો સામે બળવો કર્યો. જો કે, બ્રિટીશરોએ આ બળવાને નિર્ગમ રીતે દાબી દીધો. બંગાળ, બિહાર અને ઓરિસ્સાની સરહદો ઉપર વસેલા સાંથાલ લોકોની જમીનો છીનવાઈ જવાથી તેમણે પણ અંગ્રેજો વિરૂધ્ધ બળવો કર્યો. તેમણે તો પોતાની સરકાર પણ બનાવી દીધી, પણ અંગ્રેજોએ આ બળવાને પણ દાબી દીધો. આ બળવાઓ ભલે સફળ ન થયા, પણ તેમના દ્વારા અંગ્રેજોના અન્યાયનું એક બીજું છૂપું પાસુ સામે આવ્યું. આજેપણ આપણે આપણા સમાજમાં ઘણી અસમાનતાઓ જોઈએ છીએ. આપણી વસ્તીના કમ સે કમ ૧/૩ ભાગ જેટલા લોકો માટે હજી જીવનનિર્વાહ મુશ્કેલ છે. જો તમે આપણી સ્વતંત્રતા વખતની સ્થિતિ સાથે તેની તુલના કરશો તો તમને જણાશે કે આટલા વર્ષોમાં આપણે વિકાસ ભલે કર્યો હોય પણ હજુ આપણે ઘણે લાંબે સુધી જવાનું બાકી છે.*



*આકૃતિ ૫.૯ સાંથાલ વિદ્રોહ : સાંથાલો અને રેલ્વે ઈજીનીયરો વચ્ચેની લડાઈ (લંડન ન્યૂઝ, ૧૮૫૬ માં પ્રદર્શિત )*

### મનોયત્ન ૫.૪

*એક સર્વે મુજબ ૨૦૦૨ અને ૨૦૦૬ વચ્ચેના સમયગાળમાં ૧૭૫૦૦ કરતાં વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી. ગુજરાત, તમિલનાડું, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, પંજાબ, કેરળ અને કર્ણાટકમાંથી ખેડૂતોની આત્મહત્યાઓના રિપોર્ટ મળ્યાં છે. તેની માટેના મુખ્ય જવાબદાર કારણો હતા.-દેવું અને પાકની નિષ્ફળતા. ખેતીકામ છોડી દેવાના કારણે ખેડૂતોની સંખ્યામાં ઘટાડો થઈ રહયો છે. છાપા, સામયિકો અને ઈંટરનેટ ઉપરથી અથવા ૫-૬ ખેડૂતો સાથે વાતચીત કરીને આપઘાત જેવા આત્યંતિક પગલાં લેવાવા પાછળના કારણો જાણો તમારા વિચારો પણ જણાવો. શું તમે પિપલી લાઈવ ફિલ્મ જોઈ છે ? શકય હોય તો આ ફિલ્મ જુઓ.*

### ૫.૫.૧. ૧૮૫૭ ના બળવાની અસરો :

*૧૭૭૦ થી ૧૮૫૭ દરમ્યાન પડેલા ૧૨ મોટા અને ઘણાંબધા નાના દુષ્કાળો પાછળ ખેડૂતો તથા ખેતમજૂરોની આર્થિક પડતી કારણ તરીકે સ્પષ્ટ દેખાય છે. આ બધાં પરિબળોએ અંગ્રેજો વિરુધ્ધ ભેગા થયેલા રોષમાં ઓર વધારો કર્યો જેનું પરિણામ ૧૮૫૭ ના બળવા તરીકે આવ્યું. અંગ્રેજો જયાં શાસન કરતાં હતાં તે પ્રજાની લાગણી પ્રત્યે બિલકુલ સંવેદનશીલ ન હતાં. તેથી તેમના દ્વારા લાગુ કરવામાં આવેલા સામાજિક-ધાર્મિક સુધારાઓએ લોકોમાં એવી માન્યતા જન્માવી કે તેઓ સૌને*

ખ્રિસ્તી બનાવવા માંગે છે. પરિણામે ભારતમાં ઈસ્ટ ઈંડિયા કંપનીના અંગ્રેજ શાસને અનેક ચડાવ-ઉતાર અને વિદ્રોહો જોયા. આગામી પાઠમાં તમે કેટલાક મહત્વના વિદ્રોહો વિશે જાણશો અને તેમનું મહત્વ સમજી શકશો. તમે ૧૮૫૭ ના બળવા વિશે પણ જાણશો, જેની ઘણી અસર ભારતના સ્વતંત્રતા સંગ્રામ ઉપર થઈ. વિવિધ સંસ્કૃતિ, ધર્મ અને વર્ગ ધરાવતાં ભારતના લોકો અંગ્રેજ શાસન વિરૂધ્ધ ત્યારે પ્રથમ વખત જ ભેગા થયા.

આ વિદ્રોહના પરિણામે ભારતમાંથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીના શાસનનો અંત આવ્યો અને ભારતના રાજયો તરફ બ્રિટીશ સરકારની નીતિમાં કેટલાક પરિવર્તનો આવ્યા. આ બળવાનું એક મહત્વનું પાસું હતું - લોકોમાં જન્મેલી રાષ્ટ્રભાવના લોકોને એવા લોકનાયકોની ભૂમિકા સમજાઈ, જેમણે આવનારી પેઢીની સ્વતંત્રતાની ભૂમિકા સમજાઈ, જેમણે આવનારી પેઢીની સ્વતંત્રતા માટે પોતાનું આત્મબલિદાન આપ્યું. જો કે, અંગ્રેજો દ્વારા અપનાવાયેલી ભાગલા પાડીને રાજ કરવાની નીતિને લીધે ભારતના હિન્દુ - મુસ્લિમો વચ્ચેના સંબંધો થોડા ભયમાં આવી પડયાં. અંગ્રેજોને લાગ્યું કે તેમણે જો ભારતમાં શાસન કરવું હશે તો હિન્દુ-મુસ્લિમોમાં ભાગલા પડાવવા જ પડશે.

**૫.૫.૨. આપણી આજ ઉપર અંગ્રેજોની અસર :**

આ પાઠ વાંચ્યા પછી તમે સમજયા હશો કે કેવી રીતે ભારતીય જીવનના દરેકે દરેક પાસા ઉપર અંગ્રેજ શાસનની અસર થઈ. આ રાજકીય નિયંત્રણને લીધે બે તદ્દન જુદી સંસ્કૃતિઓ પણ લાંબા સમય માટે એકબીજાના સંપર્કમાં રહી કેટલાક પરિવર્તનો જાણીજોઈને બ્રિટીશ સામ્રાજયને વધુ મજબુત કરવા માટે લાવવામાં આવ્યા હતા, પરંતુ તે દરમ્યાન ભારતના અને પશ્ચિમના લોકો વચ્ચે સ્વાભાવિક રીતે થયેલા આંતરવ્યવહારોને લીધે કેટલાંક બીજા પરિવર્તનો પણ થયા.

આ સમયગાળા દરમ્યાન કેટલાંક અંગ્રેજો અને બીજા યુરોપિયનો લાંબા સમય સુધી ભારતમાં રહયા, જેને લીધે ઘણું સાંસ્કૃતિક આદાન-પ્રદાન થયું.

આપણે એ વાત સમજીએ કે આપણું વર્તમાન જીવન આપણી સાથે જોડાયેલા ભૂતકાળ દ્વારા પણ ઘડાયું છે. આપણા તરતના ભૂતકાળમાં ભારતના મોટાભાગના પ્રદેશોમાં વિસ્તરેલું બ્રિટીશ શાસન એક અગત્યનું નિર્ણાયક ઘટક છે. તે વખતે થયેલા કેટલાક સાંસ્કૃતિક અને કાનુની પરિવર્તનો આજે પણ આપણા જીવનને અસર કરે છે. રેલ્વે, કલબ લાઈફ, રાષ્ટ્રપતિ ભવન અને સંસદના મકાનો જેવા ભવ્ય બાંધકામો હજુપણ ભારત ઉપરના બ્રિટીશ અમલની યાદ તાજી કરાવે છે. બ્રેડ, ચા અને કેક જેવી વસ્તુઓ અંગ્રેજી શાસનમાંથી સીધી જ આપણને મળી છે. પોતાની આસપાસ નજર કરતાં તમને એ જાણવાની નવાઈ લાગશે કે આજે પહેરાતાં કોટ-પેન્ટ-ટાઈનો પહેરવેશ બ્રિટીશ શાસન દરમ્યાન જ શરુ થયો.

ભારતીય સિવીલ સર્વિસ (ઈન્ડીયન એડમીનીસ્ટ્રેટીવ સર્વીસ આઈ.એ.એસ.) નો પ્રારંભ બ્રિટીશ રાજમાં જ થયો હતો. આજે આપણા શિક્ષણમાં મોટેભાગે અંગ્રેજી માધ્યમ વપરાય છે.

હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ તેના ચુકાદાઓ અંગ્રેજીમાં આપે છે. અંગ્રેજી ભાષા પોતે જ અંગ્રેજીનો વારસો દર્શાવે છે અને આપણા ખુદના જ દેશમાં ઘણી જગ્યાએ નોકરી મેળવવા માટે તેને ફરજીયાત ગણવામાં આવે છે. આજે અંગ્રેજી ભારતની એક લોકપ્રિય પ્રચલિત ભાષા બની ગઈ છે.

## પાઠ સ્વાધ્યાય ૫.૪

૧. ખેડૂતો અને આદિવાસીઓ દ્વારા થયેલા વિદ્રોહના બે કારણો ઓળખી બતાવો.

૨. અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરો નીતિએ આપણા દેશનું અહિત કેવી રીતે કર્યું ? ૩૦ શબ્દોમાં સમજાવો.

## તમે આટલું શીખ્યા :

- અંગ્રેજો ભારતમાં વેપાર અર્થે આવ્યા, પણ તેમને સામ્રાજ્ય વિસ્તારની મહત્વાકાંક્ષા પણ હતી. તેમણે વિજયકૂચ, ખાલસા નીતિ અને મુત્સદી રાજનીતિ દ્વારા ધીમેધીમે આખા ભારત ઉપર કબજો જમાવ્યો.
- ૧૭૫૭ માં થયેલા પ્લાસીના યુદ્ધે ભારતમાં અંગ્રેજોની રાજનૈતિક સત્તાની શરૂઆત કરી. ભારતના રાજનૈતિક તેમજ સામાજિક જીવન ઉપર અંગ્રેજ શાસનની ઊંડી અસર પડી.
- અંગ્રેજ શાસનની આર્થિક અસરો વધુ લાંબા સમય માટેની હતી. તેણે ભારતના પરંપરાગત અર્થતંત્રને છિન્નભિન્ન કરી નાંખ્યુ અને ભારતની સંપત્તિને બ્રિટનમાં ઘસડાઈ જવા દીધી. બ્રિટીશરોની આર્થિક નીતિએ ખેડૂતો તથા કલાકાર-કારીગર વર્ગ ઉપર પણ ખૂબ અવળી અસર કરી.
- બ્રિટીશ શાસન દ્વારા ઊભા થયેલા ઊંડા અસંતોષને લીધે તેના વિરૂધ્ધ આંદોલનોની એક શ્રૃંખલા શરુ થઈ. સંન્યાસીઓ તથા ફકીરોનો વિદ્રોહ, ફરાઝી અને વહાબી આંદોલનો તથા સાંથાલ વિદ્રોહ તેના ઉદાહરણ છે.
- ૧૮૫૭ ના વિદ્રોહમાં નબળી લશ્કરી અને રાજનૈતિક તાકાતને લીધે ભારતીયો હાર્યા.

## પાઠયાંત સ્વાધ્યાય :

૧. બ્રિટીશરોની જમીન-મહેસૂલની પધ્ધતિએ ભારતના ખેડૂતોના જીવન પર કેવી રીતે અસર કરી ?

૨. સ્થાયી મહેસૂલ વ્યવસ્થા અને મહાલવારી પદ્ધતિ વચ્ચે સરખામણી કરો.

૩. ભારતમાં રાષ્ટ્રભાવનાના ઉદયમાં અંગ્રેજી શિક્ષણે કેવી રીતે ફાળો આપ્યો ?

૪. ભારતમાં અંગ્રેજી ભાષા સફળ થવાના કારણો આપો.

૫. શું તમે માનો છો કે આજે પણ ભારત ઉપર બ્રિટીશ શાસનની અસર છે? જો હા, તો કેવી રીતે?

## પાઠ-સ્વાધ્યાયના ઉત્તરો :

૫.૧.

1. (a) iv (b) iii

2. તેમના ઉધોગો માટે કાચો માલ શોધવા અને તેમની ઉત્પાદિત વસ્તુઓ માટે બજાર શોધવા.

3. ખાલસા નીતિ અને સહાયક સંધિ

5.2

1 (a) ના, કારણ કે સસ્તી વિદેશી વસ્તુઓ ભારતના હસ્તવણાટ માટે જોખમરૂપ હતી. ભારતીય વણકરોને ખાસ્સુ નુકસાન પણ થયું.

(b) ના, કારણ કે મહેસૂલના ઊંચા દરોએ બ્રિટીશ શાસન વિરૂધ્ધ આક્રોશ ઊભો કર્યો. બ્રિટીશ શાસનને ભલે તાત્કાલિક આર્થિક ફાયદો થયો, પરંતુ લાંબા ગાળે તેને રાજનૈતિક નુકસાન ગયું.

(C) ના, કારણ કે ઘઉં અને ચોખાં એ ખાદ્ય રોપા છે.

(d) હા, કારણ કે જ્યારે ખેડૂતો વ્યાજે લીધેલા નાણા (લોન) પાછી ભરી ન શકયા ત્યારે તેમની જમીનો શરાફોના હાથમાં જતી રહી.

2. મુખ્ય ઉદેશ હતો વ્યાપારી બંદરો અને એ ગામડાઓને જોડવાનો, જ્યાંથી તેમને રોકડિયા પાકો રૂપે કાચો માલ મળી રહેતો. તેનાં લીધે વાહનવ્યવહાર સરળ અને ઝડપી બન્યો. ઉપરાંત વ્યાપારી બંદરો ઉપરથી વિવિધ બજારોમાં ઉત્પાદિત માલ પહોંચી શકતો.


5.3 1. (a) ક (b) ખ (c) ગ (d) ઘ

2. 1784 માં વિલીયમ જોન્સ દ્વારા સ્થપાયેલી એશીયાટીક સોસાયટી ઓફ બેંગાલ 1800 માં લોર્ડ વેલેસ્લી દ્વારા સ્થપાયેલી ફોર્ટ વિલીયમ કોલેજ.

3. સતીપ્રથા, જેમાં મૃત પતિની સળગતી ચિંતા ઉપર તેની પત્નીએ ચડી બેસવાનું હતું, તેના ઉપર 1829 માં પ્રતિબંધ આવ્યો.

5.4

1. (a) ખેડૂતો ઉપર ભારે કરવેરા અને ઊંચું મહેસુલ લાગુ કરનારા બ્રિટીશ શાસનની શોષણનીતિ.





(b) *આદિવાસી વિસ્તારોમાં બ્રિટીશરોની ઘુસણખોરી અને તેમની પાસે કરાયેલી વિવિધ વસૂલીઓ.*

2. *અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરોની નીતિએ ધાર્મિક આધારે ભારતના ભાગલા પાડી દીધાં. આ નીતિ દ્વારા અંગ્રેજોએ હિન્દુ- મુસ્લિમ સંબંધો લગાડીને પોતાનું શાસન ટકાવી રાખ્યું.*

# ૬

# બ્રિટીશ ભારતમાં ધાર્મિક અને સામાજિક જાગૃતિ

*તેર વર્ષની મિમિ અને તેના દાદીમા ગાયત્રીબેન વચ્ચેની વાતચીત સાંભળો :*

*મિમિ : ''દાદીમાં તમે કંઈ કોલેજમાં ભણતા હતા.?''*

*દાદીમા (હસતાં હસતાં): "હું કોલેજ કદી ગઈ જ નથી, બેટા. હું તો ખાલી ૬ ધોરણ જ ભણી છું જ્યારે હું તારા જેટલી હતી ત્યારે જ મારાં લગ્ન થઈ ગયાં હતાં."*

*મિમિ : (આશ્ચર્યથી) ''તેર વર્ષમાં લગ્ન ? આ તો ગેરકાનૂની કહેવાય ને દાદીમા ? તમે વિરોધ ન કર્યો ?*


*દાદીમા : એ જમાનાની વાત જ જુદી હતી. મારી ઘણી બહેનપણીઓ પણ એ ઊંમરે જ પરણી ગઈ હતી.''*

*મિમિને દાદીમાની આ વાત જાણ્યા પછી તેમના બાળપણના જમાનાની બીજી વાતો સાંભળવાનું મન થઈ ગયું. તેને એ જાણીને બહુ નવાઈ લાગી કે સમય સાથે કેટલી બાબતો બદલાઈ ગઈ હતી. આ ફેરફારો પાછળ કયાં લોકો જવાબદાર હતાં ? એ બધું અને હજુવધુ જાણવા માટે મિમિ તત્પર બની ગઈ. આ પાઠમાં તમે જાણશો કે ૧૯ મી અને ૨૦ સદીમાં ભારતમાં કઈ રીતે સુધારણાઓ થઈ. આ સુધારણાઓની ભારતના સમાજ ઊપર થયેલી અસર વિશે પણ તમે જાણશો.*

## હેતુઓ :

*આ પાઠ ભણ્યા પછી તમે આટલું કરી શકશો.*

- *૧૯ મી સદી દરમ્યાન આપણા સમાજમાં પ્રચલિત પ્રથાઓ વિશે જાણી શકશો.*
- *૧૯ મી સદીમાં અને ૨૦ મી સદીની શરૂઆતમાં તે વખતે સમાજમાં પ્રચલિત પ્રથાઓ અંગે જાગૃતિ લાવવામાં જે સામાજિક-ધાર્મિક આંદોલનોએ મહત્વની ભૂમિકા ભજવી તેના મહત્વ અંગે ચર્ચા કરી શકશો.*





- જ્ઞાતિપ્રથા, બાળલગ્ન, સતીપ્રથા જેવા સામાજિક દુષણો સામે સમાજસુધારકોએ કરેલા કાનૂની તેમજ અન્ય પ્રયત્નોને સમજાવી શકશો.
- ૧૯ મી સદીમાં અને તે પછી સમાજસુધારકોની શાળાકીય શિક્ષણ પ્રચલિત બનાવવામાં ભૂમિકા સમજી શકશો.
- ભારતીય સમાજ ઉપર સુધારાવાદી આંદોલનની અસર તપાસી શકશો.

## ૬.૧ ૧૯ મી સદીના પ્રારંભે ભારતીય સમાજ :

તમે ૨૦૧૨ માં જે સમાજ જોઈ રહયાં છો તે ૧૯ મી સદીની શરુઆતના સમાજથી ઘણો અલગ છે. બે મુખ્ય કારણોને લીધે સમાજનો વિકાસ રોકાઈ રહયો હતો. તે કારણો હતાં- શિક્ષણનો અભાવ અને મહિલાઓનું દમન. ભારતીય સમાજના ઘણાં વિભાગો જડ વલણ ધરાવતા હતાં અને માનવીય મૂલ્યો મુજબ વર્તતા ન હતાં.

### ૬.૧.૧ શિક્ષણનો અભાવ

એ જમાનામાં મોટાભાગના લોકો અશિક્ષીત હતા. આખી દુનિયામાં એમ જ બન્યું હતું કે શિક્ષણ ફકત થોડાક લોકોના હાથમાં જ હતું. ભારતમાં પણ, શિક્ષણ અમુક ઉચ્ચ વર્ગો સુધી જ મર્યાદિત હતું. સંસ્કૃતમાં લખાયેલા વેદો બ્રાહ્મણો જ વાંચી શકતાં. સંસ્કૃત ભાષા માત્ર તેમને જ આવડતી. આ લોકો જ ધાર્મિક ગ્રંથો પર નિયંત્રણ રાખતાં. તેથી આ ગ્રંથોના તેમને માફક આવે તેવા અર્થઘટનો તેમણે કર્યા.

આ પંડિતો અને પુરોહિતો દ્વારા જન્મ-મરણ પછીની ખર્ચાળ વિધિઓ, બલિ અને ખર્ચાળ કર્મકાંડો પ્રચલિત કરવામાં આવ્યાં. મૃત્યુ પછી સારું જીવન મેળવવા માટે જાણે આ કર્મકાંડો ફરજીયાત હોય તેવું માનવામાં આવવા માંડયું. બ્રાહ્મણોને કોઈ પ્રશ્નો કરી શકયું નહીં. કેમ કે કોઈ જાણતું જ ન હતું કે શાસ્ત્રોમાં શું લખ્યું છે. તેવી જ રીતે, યુરોપમાં બાઈબલ લેટીન ભાષામાં લખાયેલું હતું. ત્યાં પણ પોતાને માફક આવે તેવા અર્થઘટનો કરી, પાદરીઓને ચર્ચની પ્રવૃત્તિઓ ચલાવી. પરિણામે તેની પ્રતિક્રિયારૂપે યુરોપમાં નવજાગૃતિ અને ધર્મસુધારણા આંદોલનો થયાં. જેને વિશે તમે આ પુસ્તકમાં પહેલાં વાંચી ગયા છો. ત્યાં થયેલા વિવિધ આંદોલનો દ્વારા સ્વતંત્રતા, સમાનતા, માનવીય હકો અને આઝાદીના ખ્યાલો ત્યાં ફેલાયા.

### ૬.૧.૨ મહિલાઓની સ્થિતિ

આજે છોકરીઓ અને મહિલાઓને પોતાનો વિકાસ કરવાની તક મળી છે. પોતાના ઘરની બહાર જઈને કામ કરવાની અને ભણવાની સ્વતંત્રતા તેમને મળી છે. જો કે, (પાન નં.૩૫૨૫ ગુજરાતી) સ્ત્રીઓ પર હુમલાખોરોના ભયને લીધે કુટુંબની આબરૂ જવાનો મુદ્દો પણ મોટો ગણાતો. બીજા કારણો હતાં દહેજ અને વારસાગત સંપત્તિમાં ભાગ આપવાની બાબત, જેને લીધે સ્ત્રીઓનું સામાજિક સ્થાન વધુ નીચું ગયું.

એ સ્પષ્ટ હતું કે અમુક પ્રથાઓ અને અંધશ્રદ્ધાઓને લીધે ભારતીય સમાજ વિકસતો ન હતો. લોકોના સામાજિક અને ધાર્મિક જીવનમાં પરિવર્તન લાવવા માટે સુધારણાઓ જરૂરી બની ગઈ હતી.

**? શું તમે જાણો છો**

**ભ્રૂણહત્યા** : નવજાત બાળકને મારી નાંખવું તે

**બાળ/જાતિ પ્રમાણ :** ૦-૬ વયજૂથમાં દર ૧૦૦૦ છોકરાઓએ છોકરીઓની સંખ્યા ભારતમાં આ પ્રમાણ ઘટતું જોવા મળે છે. જે ૧૯૬૧ માં ૧૦૦૦ છોકરાઓએ ૯૭૬ હતું, ને ૨૦૧૧ વસ્તીગણત્રી મુજબ ૧૦૦૦ છોકરાઓએ છોકરીઓનું પ્રમાણ ૯૧૪ હતું. વૈશ્વિક ધોરણો મુજબ જોઈએ તો બાળ-જાતિ પ્રમાણ સામાન્ય રીતે ૯૫૦ ની ઉપર હોવું જોઈએ.

**મનોયત્ન ૬.૧**

૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ સૌથી ઊંચુ અને સૌથી નીચું બાળ જાતિ પ્રમાણ ધરાવતાં રાજ્યો હતાં કેરળ (૧૦૮૪) અને હરિયાણા (૮૭૭) એવાં ૫ રાજ્યો શોધી બતાવો જ્યાં આ પ્રમાણ ૯૧૪ કરતાં ઓછું હોય.

માહિતી માટે www.censhindia.gov.in વેબસાઈટ જુઓ.

## ૬.૨ પરિવર્તનની ઝંખના : સામાજિક-ધાર્મિક જાગૃતિ અને નવચેતના

તમારા મુજબ લોકોમાં ભેદભાવ અને અસમાનતા વિરુદ્ધ જાગૃતિ પાછળ કયાં કારણો જવાબદાર હોઈ શકે ? રાજા રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિધાસાગર, સ્વામી દયાનંદ સરસ્વતી, જ્યોતિબા ફૂલે, સર સૈયદ અહેમદખાન અને પંડિતા રમાબાઈ જેવાં સમાજસુધારકો સમજી ગયાં હતાં કે અજ્ઞાનતા અને સમાજમાં રહેલું પછાતપણું જ પ્રગતિ અને વિકાસની આડે આવે છે. તેમને આ વાતનો ખ્યાલ ત્યારે વધારે આવ્યો જ્યારે તેઓ યુરોપીયનોના સંપર્કમાં આવ્યા અને જોયું કે તેમનું આ જીવન દુનિયાના બીજા ભાગો કરતાં જુદું પડે છે. જ્યારે મિશનરીઓ (ખ્રિસ્તી સંન્યાસીઓ) એ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર શરૂ કર્યો ત્યારે તેમણે ભારતની સામાજિક અને ધાર્મિક પ્રથાઓની ટીકા કરી અને તેમના ઉપર સવાલો ખડા કર્યો. સમાજમાં સુધારણા લાવવાની ઝંખના એટલી તીવ્ર હતી કે કટ્ટર રૂઢિવાદી ભારતીયોના વિરોધ અને પડકારોની વચ્ચે પણ આ સમાજ સુધારકો દ્વારા સમાજમાં યોગ્ય પરિવર્તન લાવવા માટે કેટલાક આંદોલનો ચલાવવામાં આવ્યાં.

સ્વામી દયાનંદ સરસ્વતી અને રાજા રામમોહનરાય જેવા જ્ઞાની લોકો દ્વારા જ આ સંભવ બન્યું. તેમણે ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો અને ધાર્મિક તથા સામાજિક પ્રથાઓની ટીકા કરી. તેમના મુજબ સમાજનો આધાર સ્ત્રી-પુરુષ સમાનતા અને સ્વતંત્રતાના સિદ્ધાંતો ઉપર હોવો જોઈએ. આમ

થવા માટે ખાસ કરીને મહિલાઓ વૈજ્ઞાનિક ઢબનું આધુનિક શિક્ષણ મેળવે તે જરુરી હતું.

આ સુધારણા આંદોલનો સામાજિક-ધાર્મિક સુધારણા આંદોલનો તરીકે ઓળખાવા માંડયા, કેમ કે સુધારકોને લાગ્યું કે ધર્મસુધારણા વગર સામાજ-સુધારણા અશકય હતી. આપણે આગળ જોઈશું કે શિક્ષણ અને અન્ય લાભો અમુક ખાસ વર્ગને જ કેમ મળતાં હતાં.

### ૬.૭.૧ જ્ઞાતિપ્રથા

પ્રાચીનકળામાં ભારતીય સમાજમાં જ્ઞાતિ વ્યવસ્થા મૂળભૂત રીતે વ્યવસાય આધારિત હતી. જેથી જેમ જેમ સમય વિતતો ગયો તેમ તેમ ઊંચી જાતિના લોકો દ્વારા ધાર્મિક ગ્રંથોના અર્થઘટનો કરવામાં આવ્યા અને નીચી જાતિના લોકોને શસ્ત્રો ભણવાનો અધિકાર આપવામાં આવ્યો નહિં. પરિણામે, ધર્મના નામે ઘણી અંધશ્રધ્ધાઓ વિકસી. એવું પણ બન્યું કે ઉચ્ચ જાતિના લોકોના હાથમાં સત્તા કેન્દ્રિત થઈ ગઈ અને નીચી જ્ઞાતિના લોકોનું શોષણ થયું.

હિંદુ સમાજની વર્ણ વ્યવસ્થામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર વર્ણ હતાં. આ વર્ણવ્યવસ્થા લોકોના વ્યવસાય મુજબ ગોઠવાયેલી હતી. ઈશ્વરના પૂજાપાઠમાં રોકયેલા લોકો બ્રાહ્મણ કહેવાતા.

યુદ્ધો કરવામાં રોકાયેલા લોકો ક્ષત્રિય કહેવાતા ખેતી અને વેપારનો વ્યવસાય કરતાં લોકો વૈશ્ય કહેવાતાં અને ઉપરોક્ત ત્રણે વર્ણના લોકોની સેવા કરનારા લોકો શુદ્ર કહેવાતા. માત્ર વ્યવસાય ઊપર જ આધારિત આ વર્ણ-વ્યવસ્થા સમય જતાં વંશ-પરંપરાગત બની ગઈ. કોઈ ચોક્કસ જ્ઞાતિમાં જન્મેલી વ્યક્તિ પોતાની જ્ઞાતિ બદલી શકતી નહીં, ભલે તે પોતાનું કામ બદલે. આમ થવાને લીધે સમાજમાં અસમાનતા વ્યાપી ગઈ. તેને લીધે નીચી જ્ઞાતિના લોકોનું શોષણ પણ થવા માંડયું. આમ, એક સ્વસ્થ, લોકતાંત્રિક અને વિકાસલક્ષી સમાજની પ્રગતિમાં જ્ઞાતિપ્રથા અવરોધરુપ બની.

આ સામાજિક પ્રથાના વિરોધમાં ઘણાં સમાજસુધારકો અને સંસ્થાઓ આગળ આવ્યા. આ જડ પ્રથા સામે બ્રહ્મોસમાજ, આર્યસમાજ, પ્રાર્થના સમાજ, રામકૃષ્ણ મીશન જેવી સંસ્થાઓ અને જ્યોતિબા ફૂલે, પંડિતા રમાબાઈ, શ્રી નારાયણ ગુરુ, પેરીધાર, વિવેકાનંદ, મહાત્માગાંધી અને અન્ય સુધારકોએ તીવ્ર વિરોધ દર્શાવ્યો. મોટાભાગના સુધારકો માનતા હતા કે આ જ્ઞાતિપ્રથા વેદો અને શાસ્ત્રોની મૂળ ભાવનાથી વિરુધ્ધ છે. તેમણે જ્ઞાતિપ્રથાને અતાર્કિક અને અવૈજ્ઞાનિક માની.

તેમને લાગ્યું કે આ પ્રથા મૂળભૂત માનવીય મૂલ્યોથી વિપરીત હતી. સુધારકોના અવિરત, અથાક પ્રયાસોને લીધે લોકોમાં એકબીજા પ્રત્યે સદ્ભાવના અને સહિષ્ણુતા જન્મી.

**? શું તમે જાણો છો**

*ભારતના બંધારણની ૧૪ મી કોલમમાં જણાવવામાં આવ્યું છે, ''ધર્મ, મૂળ, વંશ, જાતિ, લીંગ, જન્મસ્થાન અથવા એમાંથી કોઈપણ બાબતના આધારે કોઈપણ નાગરિક સાથે ભેદભાવ કરવામાં આવશે નહી.'' બંધારણની આ જોગવાઈએ દેશના આર્થિક, સામાજિક અને રાજનૈતિક વિકાસમાં પછાતવર્ગોને ભાગીદાર બનવામાં સહાયતા કરી છે.*

### ૬.૨.૨ બ્રિટીશ ભારતમાં પ્રચલિત ધાર્મિક વ્યવહારો :

*મોટાભાગની સામાજિક વ્યવહારો ધર્મના નામે કરવામાં આવતા હતા. તેથી ધાર્મિક સુધારણા વગર સામાજિક સુધારણાનો કોઈ અર્થ ન હતો. આપણા સમાજ-સુધારકોને ભારતીય પરંપરા અને ફિલસૂફી (દર્શન) નું તથા શાસ્ત્રોનું ઊંડું જ્ઞાન હતું. તેઓ પશ્ચિમના વિચારોનું ભારતીય પરંપરામાં અને મૂલ્યોમાં સંમિશ્રણ કરવા સક્ષમ હતા. આ જ્ઞાનના આધારે જડ રિવાજોને પડકાર ફેકયો. તેમણે શાસ્ત્રોના વિધાનો ટાંકીને એ સાબિત કરી બતાવ્યું કે ૧૯ મી સદીમાં પ્રચલિત સામાજિક પ્રથાઓને શાસ્ત્રો દ્વારા કોઈ મંજૂરી મળેલી નથી. જે ધર્મ અંધશ્રદ્ધાથી ભરાયેલો ફક્ત પૂજારીઓના હાથમાં શોષણ માટેનું એક હથિયારમાત્ર બની રહયો હતો, તેના ઉપર જ્ઞાની અને બૌદ્ધિકવર્ગના લોકોએ પ્રશ્નો ઊભા કર્યા. આ સુધારકો ઈચ્છતા હતાં કે સમાજ વૈજ્ઞાનિક અને તાર્કિક દ્રષ્ટિકોણ અપનાવે. તેમને માનવ-ગૌરવ અને સ્ત્રી-પુરુષની સામાજિક સમાનતામાં પણ વિશ્વાસ હતો.*

### ૬.૨.૩ શૈક્ષણિક પરિસ્થિતિ

*૧૯ મી સદીમાં અનેક બાળકોને, ખાસ કરીને છોકરીઓને શાળાએ મોકલવામાં આવતી નહીં. શિક્ષણ પરંપરાગત મદરેસાઓ, પાઠશાળાઓ, મસ્જિદો અને ગુરુકુળોમાં અપાતું હતું. ધાર્મિક શિક્ષણની સાથોસાથ સંસ્કૃત, વ્યાકરણ, ગણિત, ધર્મ અને ફિલસૂફી જેવાં વિષયો પણ ભણાવવામાં આવતાં. વિજ્ઞાન અને ટેક્નોલોજીને અભ્યાસક્રમમાં કોઈ સ્થાન ન હતું. સમાજમાં ઘણા અંધવિશ્વાસો પ્રચલિત હતાં. સમાજના અમુક વિભાગોમાં તો છોકરીઓને શિક્ષણ આપવાની પણ મનાઈ હતી. એવું મનાતું કે શિક્ષીત મહિલાઓ લગ્ન પછી જલ્દી વિધવા બનતી હોય છે. વાસ્તવમાં, શિક્ષણ અને જાગૃતિની અછત જ ભારતીયોની સામાજિક અને ધાર્મિક પડતીનું કારણ હતી. તેથી એ મહત્વનું હતું કે આધુનિક શિક્ષણને વિસ્તારવામાં આવે.*

*તેથી, હિન્દુ, મુસ્લિમ, શિખ કે પારસી-સૌ સામાજિક - ધાર્મિક સુધારકોને એ વાતનો વિશ્વાસ હતો કે આધુનિક શિક્ષણ જ સમાજને જાગૃત અને આધુનિક બનાવી શકે છે. તેથી આધુનિક શિક્ષણનો પ્રચાર કરવો તેમનો મુખ્ય ઉદ્દેશ બની ગયો.*

## પાઠ-સ્વાધ્યાય ૬.૧

૧. એવી બે સામાજિક પ્રથાઓ જણાવો, જેના વિરુદ્ધ સુધારણા આંદોલનો થયાં.

૨. જ્ઞાતિપ્રથાને શાથી અતાર્કિક અને અવૈજ્ઞાનિક માનવામાં આવી ?

૩. સમાજ સુધારકો દ્વારા ધર્મમાં જડતા ઊપર ટીકા કરવા માટે કયા કારણો હતાં ?

૪. નીચે આપેલા ફકરાને વાંચી, પ્રશ્નોના જવાબ આપો. ડૉ.ભીમરાવ આંબેડકર એક ગરીબ મહાર જાતિના હતાં જે જાતિને અસ્પૃશ્ય માનવામાં આવતી. તેમણે ભારતમાં કોલેજ સુધીનું ભણતર લીધું અને પછી કોલંબિયા વિશ્વવિધાલય (યુનિવર્સિટી) તથા લંડન સ્કૂલ ઓફ ઈકોનોમીક્સમાંથી પોતાના અભ્યાસમાં તથા સંશોધનકાર્ય માટે ડિગ્રી અને ડોક્ટરની ઉપાધિ મેળવી. ડૉ.આંબેડકર ભારતના બંધારણની તે સમયની સમિતિના અધ્યક્ષ હતાં. સામાજિક અને આર્થિક મુશ્કેલીઓની વચ્ચે જીવીને પણ ડૉ.આંબેડકરે પોતાનું આખું જીવન સામાજિક ભેદભાવ વિરુધ્ધ લડવામાં ગુજાર્યું. ઈ.સ. ૧૯૯૦ માં તેમને મરણોત્તર ''ભારતરત્ન'' સન્માન આપવામાં આવ્યું.

(૧) શિક્ષણ ઉપરાંત એવા કયા બીજા ગુણ હતાં જેને લીધે ડૉ.આંબેડકર ભેદભાવની સામે થયા અને સમાજમાં પોતાનું યોગદાન આપ્યું ?

## મનોયત્ન ૬.૨

એવાં કમ સે કમ બે બનાવો વર્ણવો, જ્યાં તમને જ્ઞાતિ આધારિત ભેદભાવ નજરે ચડયા હોય. ત્યાં તમે હોત તો શું કર એ ૫૦ શબ્દોમાં વર્ણવો.

## ૬.૩ ૧૯ મી સદીની સામાજિક-ધાર્મિક સુધારણાઓ

૧૯ મી સદીમાં અનેક ભારતીય વિચારકો અને સુધારકો સમાજમાં સુધારણા લાવવા માટે આગળ આવ્યા. તેમના મતે સમાજ અને ધર્મ પરસ્પર જોડાયેલા હતા. દેશમાં સકારાત્મક વિકાસ કરવા માટે બેઉને સુધારવાની જરૂર તેમને લાગી. તેથી આપણા સુધારકોએ ભારતીય જનતાને જગાડવાની પહેલ કરી. આ સુધારકોએ કેટલાંક સંગઠનો સ્થાપ્યા, જેને વિશે તમે હવે જાણશો. શિક્ષણ ક્ષેત્રે સુધારકોનું આ મહત્વનું યોગદાન હતું.

### ૬.૩.૧ રાજા રામમોહન રાય

રાજા રામમોહનરાય બંગાળના એક બ્રાહ્મણ કુટુંબમાં જન્મ્યા હતાં. તેમને ઘણી ભાષાઓ આવડતી અને તેમણે કુરાન, બાઈબલ તથા હિન્દુ ગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું હતું. આધુનિક

ઉદારનીતિવાળા શિક્ષણે તેમને વિભિન્ન સંસ્કૃતિઓ અને ફિલસૂફીઓથી માહિતગાર બનાવ્યા હતાં.



**ચિત્ર ૬.૧** રાજા રામમોહનરાય

તેમના ભાઈનું અવસાન થતાં તેમની ભાભીને સતી થવાની ફરજ પાડવામાં આવી. આ ઘટનાથી તેમને ઊંડી વ્યથા થઈ અને તેમણે આ સામાજિક પ્રથાને મૂળમાંથી ખતમ કરવાનો નિશ્ચય કર્યો. આ નિશ્ચયને લીધે સમાજમાં તે વખતે પ્રચલિત અન્ય કુરીવાજો અને ધાર્મિક અંધશ્રધ્ધાઓને પણ તેમણે પડકાર ફેંકવો પડયો. તેમણે ૧૮૨૮ માં બ્રહ્મોસમાજની સ્થાપના કરી. સતીપ્રથાનો વિરોધ કરનારી તે પહેલી જ વ્યક્તિ હતી અને ટૂંકસમયમાં જ આ વિરોધ તેમની માટે જીવનભરનું ધર્મયુદ્ધ બની રહયો. તેમણે લોકો સાથે ચર્ચા કરીને દર્શાવ્યું કે સતીપ્રથાને હિંદુ ધર્મમાં કયાંય સ્થાન ન હતું. આ પ્રક્રિયામાં તેમને કટ્ટર હિંદુઓનો રોષ અને દુશ્મની વહોરવા પડયા. તે વખતના ગવર્નર જનરલ વિલીયમ બેન્ટીકે રાજા રામમોહનરાયને સમર્થન આપ્યું, અને ૧૮૨૯ માં સતીપ્રથાને ગેરકાનૂની તથા દંડને પાત્ર જાહેર કરતો કાયદો પસાર કરવામાં આવ્યો. તેમણે વિધવા-પુનર્વિવાહની તરફેણ કરી અને બાળલગ્ન પ્રથાને વખોડી કાઢી.

તેમણે પૂર્વ-પશ્ચિમના વિચારોનો સમન્વય કર્યો. વેદ, વેદાંતો અને ઉપનિષદોમાં તે પારંગત હોવાથી તેમણે આ બધામાંના સારામાં સારા બોધ ઉપર ધ્યાન આપ્યું. તેમણે ધાર્મિક સુધારણામાં વેદોના મહત્વને દર્શાવ્યું અને દરેક ધર્મ વચ્ચે રહેલી મૂળભૂત એકતાને ઉજાગર કરી. તેમના મત મુજબ બધા જ પ્રાચીન ગ્રંથોમાં એકેશ્વરવાદ (એક જ ઈશ્વરની પૂજા) નું સમર્થન અને બહુદેવવાદ (એકથી વધુ દેવોની પૂજા) નો વિરોધ હતો. તેઓ મૂર્તિપૂજા અને નિરર્થક ક્રિયાંકાડોના વિરોધી હતાં.

ભારતના આધુનિકરણ માટે તેમણે અંગ્રેજી ભાષાનું શિક્ષણ, સાહિત્ય, વૈજ્ઞાનિક ઉન્નતિ અને ટેકનોલોજીને જરુરી માન્યા. તેમણે કોલકત્તામાં પોતાના નાણાથી એક અંગ્રેજી શાળાની સ્થાપના કરી ત્યાં બીજા વિષયોની સાથોસાથ ટેકનોલોજી અને ફિલોસોફી પણ ભણાવવામાં આવતાં. વેદાંત કોલેજ ૧૮૨૫ માં સ્થાપવામાં આવી હતી. રાજા રામમોહનરાયે ઉચ્ચ શિક્ષણ માટે કોલકત્તામાં હિન્દુ કોલેજ ચાલુ કરવામાં પણ મદદ કરી.

### ૬.૩.૨ ઈશ્વરચંદ્ વિધાસાગર

ઈશ્વરચંદ્ર વિધાસાગર નામના એક મહાન વિદ્રાન અને સુધારકે સામાજિક સુધારાઓ માટે પોતાનું આખું જીવન સમર્પિત કરી દીધું. તેમના અથાક પ્રયાસોથી ૧૮૫૬ માં સૌથી પહેલો વિધવા પુનર્વિવાહ કાયદો અમલમાં આવ્યો. તેમણે બાળલગ્નો અને બહુપત્નીત્વ વિરૂદ્ધ પણ અભિયાન ચલાવ્યું. જો કે, પોતાને તે ધાર્મિક માનતા ન હતા અને ધર્મના નામ પર થયેલી સુધારણાઓનો તે વિરોધ કરતાં હતાં.

પોતે સંસ્કૃતના વિદ્વાન હોવા છતાં તેઓ પશ્ચિમના વિચારોની કદર કરતાં હતાં. શિક્ષણ તેમનું મુખ્ય ક્ષેત્ર હતું. તેમણે સંસ્કૃત અને બંગાળી સાહિત્ય શિક્ષણને મહત્વ આપ્યું. ભારતીયોની જૂની માન્યતાઓને દૂર કરવા અને તેમના વિચારોને આધુનિક બનવા પ્રેરવા માટે તેઓ સંસ્કૃત વિદ્યાલયમાં પણ પશ્ચિમ વિચારો લઈ આવ્યા. તેઓ માનતા કે શિક્ષણ જ એ સાધન છે, જેનાથી મહિલાઓની સ્થિતિ સુધરી શકે છે. એ દિશામાં તેમના પ્રયત્નો પ્રશંસાપાત્ર હતાં. બંગાળમાં લગભગ ૩૫ જેટલી કન્યાશાળાઓ શરૂ કરવામાં તેમણે મદદ કરી. તેઓ સ્ત્રી શિક્ષણમાં નિપૂણ હતાં. તેમના જ પ્રયત્નોને લીધે સંસ્કૃત કોલેજમાં બ્રાહ્મણ જ્ઞાતિ સિવાયના વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળ્યો.



**ચિત્ર ૬.૨** *ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર*

### ૬.૩.૩ સ્વામી દયાનંદ સરસ્વતી

૧૮૭૫ માં સ્વામી દયાનંદ સરસ્વતી દ્વારા સ્થાપવામાં આવેલ આર્યસમાજે ઉત્તર ભારતમાં હિન્દુ ધર્મના પુનઃસંસ્કારનું કાર્ય ઉપાડી લીધું. તેઓ વેદોને બિલકુલ ખામીરહિત જ્ઞાનના સ્ત્રોત માનતા હતાં. તેમણે વેદોથી વિરુદ્ધ જનારા તમામ વિચારોને વખોડી નાંખ્યા. તેઓ માનતા કે દરેક વ્યક્તિને ભગવાન સાથે સીધો જ સંબંધ રાખવાનો હક છે. ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરનારા હિંદુ લોકોને ફરી પાછા હિંદુ બનાવવા માટે તેમણે શુદ્ધિકરણ આંદોલન ઉપાડયું. સત્યાર્થ પ્રકાશ નામનું તેમનું મહત્વનું પુસ્તક હતું.



*આકૃતિ ૬.૩ સ્વામી દયાનંદ સરસ્વતી*

*આર્ય સમાજે સામાજિક સુધારણાની તરફેણ કરી અને મહિલાઓની સ્થિતિ સુધારવાના કાર્યો કર્યા. તેમણે અસ્પૃશ્યતા અને વંશપરંપરાગતના જ્ઞાતિવાદ વિરુધ્ધ લડીને સામાજિક સમાનતાને આગળ વધારી. તેમના પ્રવચનો અને લખાણો હિન્દીમાં હોવાથી ઉત્તર ભારતના લોકો સુધી તેમના વિચારો પહોંચી શકયા. રાષ્ટ્રિય સ્વતંત્રતા આંદોલનમાં પણ તેમની મુખ્ય ભુમિકા રહી, કારણ કે તેમણે લોકોમાં આત્મસન્માન અને આત્મવિશ્વાસની ભાવના જગાડી.*

*જનતામાં શિક્ષણ ફેલાવવામાં આર્યસમાજની ભૂમિકા પ્રશંસનીય હતી. તેમના કેટલાક શિષ્યોએ પાછળથી DAV (દયાનંદ એંગ્લો વૈદિક) શાળાઓ અને કોલેજો સ્થાપી, જેને લીધે વૈદિક વિચારોનો વિરોધ કર્યા વગર પાશ્ચાત્ય શિક્ષણનો ફેલાવો શકય બન્યો. સંસ્કૃત અને વૈદિક શિક્ષણની સાથોસાથ તેમણે અંગ્રેજી અને આધુનિક વિજ્ઞાનનું શિક્ષણ પણ ફેલાવ્યું.*


### ૬.૩.૪ રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ

*રામકૃષ્ણ પરમહંસે (૧૮૩૬-૧૮૮૬) ધર્મોની મૂળભૂત એકતા અને આધ્યાત્મિક જીવન જીવવાની જરૂર વિશે જાગૃતિ ફેલાવી. તેઓ માનતા કે એક જ ઈશ્વર સુધી પહોંચવા માટે સંસારમાં અલગ અલગ રસ્તાઓ છે. સ્વામી વિવેકાનંદ (૧૮૬૩-૧૯૦૨) એમના મહત્વના શિષ્ય હતાં.*

*"આ જગતનો ઈતિહાસ એવા કેટલાક લોકોનો ઈતિહાસ છે, જેમને પોતાનામાં શ્રદ્ધા હતી. એ શ્રદ્ધા જયારે તમારી આંતરિક દિવ્યતાને જાગૃત કરે છે ત્યારે તમે કંઈપણ કરી શકવા સક્ષમ બનો છો. તમે ત્યારે જ નિષ્ફળ જાઓ છો. જયારે તમે અનંત શકિતને પ્રગટ કરવાનો ઓછો પ્રયાસ કરો છો. જયારે કોઈ દેશ કે વ્યકિત પોતાનામાંથી પોતાનો વિશ્વાસ ગુમાવી દે, ત્યારે મૃત્યુ આવે છે. ઈશ્વરમાં શ્રદ્ધા રાખતાં પહેલાં પોતાનામાં શ્રદ્ધા રાખો." - સ્વામી વિવેકાનંદ*

*વિવેકાનંદ પહેલા એવા આધ્યાત્મિક નેતા હતાં. જેમણે ધાર્મિક સુધારણાઓથી આગળ વધીને વિચાર્યુ. તેમને લાગ્યું કે ભારતીય જનતાને ધર્મોથી નિરપેક્ષ બનવાની તેમજ આધ્યાત્મિક જ્ઞાનની જરૂર હતી, જેનાથી તે આત્મવિશ્વાસુ બની શકે. વિવેકાનંદે પોતાના ગુરૂ રામકૃષ્ણ પરમહંસના નામ ઉપરથી રામકૃષ્ણ મિશન નામની સંસ્થા શરૂ કરી પોતાના લખાણો અને વકતવ્યોમાં તમણે હિંદુ સંસ્કૃતિ અને ધર્મનો અર્ક રજૂ કર્યો. તેઓ વેદાંતમાં રજૂ થયેલી આધ્યાત્મિક ભાવનામાં અને બધાં ધર્મોની મૂળભૂત એકતા અને સમાનતામાં માનતા હતા, તેમણે ધાર્મિક અંધવિશ્વાસો, પ્રગતિમાં વિરોધી તત્વો અને જુનાપુરાણા સામાજિક રીતરિવાજોને દૂર કરવા ઉપર ભાર આપ્યો. તેમણે જડ જ્ઞાતિવાદ અને અસ્પૃશ્યતાને દૂર કરવા પ્રયત્નો કર્યો. મહિલાઓનું સન્માન જાળવવા માટે લોકોને તેમણે પ્રોત્સાહન આપ્યું અને જાતે પણ મહિલાઓના શિક્ષણ અને ઉત્થાન માટે કામ કર્યુ. લોકોમાંથી અજ્ઞાન દૂર કરવાના કાર્યને તેમણે સૌથી વધુ મહત્વ આપ્યું.*






**આકૃતિ ૬.૪ શ્રી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ**

### ૬.૩.૫ સર સૈયદ અહેમદ ખાન

*સર સૈયદ અહેમદ ખાન માનતા કે મુસ્લિમોનું ધાર્મિક અને સામાજિક જીવન ત્યારે જ સુધરે જ્યારે તેમાં પાશ્ચાર્ત્ય સંસ્કૃતિ તથા વૈજ્ઞાનિક જ્ઞાનને અપનાવવામાં આવે. મુસ્લિમોમાંથી સામાજિક અને શૈક્ષણિક પછાતપણુ હટાવવું એ તેમની મુખ્ય નિસ્બત હતી. મુસ્લિમ મહિલાઓનો સામાજિક દરજ્જો વધારવા માટે તેમણે ઘણી મહેનત કરી. તેઓ મુસ્લિમ કન્યાઓમાં ઓછા શિક્ષણ, પરદા પ્રથા, મુસ્લિમોના બહુપત્નીત્વ તથા તાત્કાલિક છૂટાછેડાની વિરૂધ્ધમાં હતાં. કટ્ટર મુસ્લિમોના ઘણાં વિરોધ વચ્ચે પણ મહિલાઓના શિક્ષણ માટે તેમણે કામ કર્યુ. તેમણે તાર્કિક રીતે કુરાન સમજાવ્યું અને કટ્ટરતા અને અજ્ઞાનની સામે પોતાનો વિરોધ નોંધાવ્યો. મુસ્લિમ સમાજના ઉત્થાન માટે તેમણે સામાજિક સુધારણા કરી.*


*પોતાના પ્રારંભિક વર્ષોમાં કટ્ટર મુસ્લિમોના વિરોધ વચ્ચે પણ તેમણે અંગ્રેજી ભાષાના શિક્ષણની તરફેણ કરવાનું ચાલુ રાખ્યું. તેઓ માનતાં કે માત્ર આધુનિક શિક્ષણથી જ મુસ્લિમ સમાજનો વિકાસ થઈ શકશે. હાલના ઉત્તરપ્રદેશમાં આવેલા ગાઝીપુરમાં ઈ.સ. ૧૮૬૪ માં તેમણે એક અંગ્રેજી શાળા શરૂ કરી. ૧૮૭૫ માં અલીગઢમાં તેમણે મહોમ્મદી એંગ્લો-ઓરિએન્ટલ કોલેજ(MAO) સ્થાપી. જે સમય જતાં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી બની. તેણે માનવીય વિજ્ઞાનો અને વિજ્ઞાનનું શિક્ષણ અંગ્રેજી માધ્યમ દ્વારા આપ્યું. અંગ્રેજી પુસ્તકોના ભાષાંતર માટે તેમણે એક વૈજ્ઞાનિક સોસાયટીની સ્થાપના પણ કરી. મુસ્લિમોમાં સામાજિક જાગૃતિ-ખાસ કરીને આધુનિક શિક્ષણ અંગે જાગૃતિ લાવવા માટે તેમણે એક પત્રિકા પણ બહાર પાડી. તેમણે શરૂ કરેલ સુધારણા આંદોલન અલીગઢ આંદોલન તરીકે ઓળખાય છે. આ આંદોલન મુસ્લિમ સમાજમાં જાગૃતિ ફેલાવનાર એક મહત્વનું પગલું બન્યું.*



આકૃતિ ૬.૫ સર સૈયદ અહેમદ ખાન


### ૬.૩.૬ જ્યોતિરાવ ગોવિંદરાય ફૂલે

*મહારાષ્ટ્રના જ્યોતિરાવ ગોવિંદરાવ ફૂલેએ ખેડૂતો અને નીચલી જ્ઞાતિના લોકોને સમાન હકો અપાવવા માટે કામ કર્યું. તેમણે અને તેમના પત્ની સાવિત્રીબાઈ ફૂલેએ નીચલી જ્ઞાતિની મહિલાઓને શિક્ષીત કરવાનું કામ કર્યુ. જ્યોતિરાવે સૌથી પહેલાં પોતાની પત્નીને ભણાવી અને પછી તે બંનેએ ભેગા મળીને ૧૮૪૮ ના ઓગષ્ટ માસમાં પૂનામાં શાળા ખોલી, આજે પણ તેમને વિધવાઓ માટે તેમણે કરેલાં કાર્યો માટે યાદ કરવામાં આવે છે. ૧૮૭૩ ના સપ્ટેમ્બરમાં જ્યોતિરાવે તેમના અનુયાયીઓ સાથે મળીને સત્યશોધક સમાજની સ્થાપના કરી. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ હતો નીચલી જ્ઞાતિઓને સ્વતંત્રતા પ્રતિ દોરવી અને શોષણ તથા અત્યાચારોથી બચાવવી.*



આકૃતિ ૬.૬ જ્યોતિબા ફુલે અને તેમના પત્ની સાવિત્રીબાઈ ફૂલે

## ૬.૩.૭ ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે



ચિત્ર ૬.૭
ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે

ધાર્મિક સુધારણાઓ લાવવાના ઉદ્દેશથી ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડેએ પૂના સાર્વજનિક સભા અને ૧૮૬૭ માં મુંબઈમાં પ્રાર્થના સમાજની સ્થાપના કરી. તેમણે જ્ઞાતિઓના વાડા હટાવવા માટે, બાળલગ્ન નાબૂદ કરવા માટે, વિધવાઓના માથા મૂંડાતા અટકાવવા માટે, લગ્ન તથા અન્ય સામાજિક પ્રસંગોમાં થતાં ભારે ખર્ચા અટકાવવા માટે, મહિલાઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે તેમજ વિધવા પુર્ન વિવાહને સમર્થન આપવા માટે કામ કર્યું. બ્રહ્મોસમાજની જેમ તેમણે પણ એક જ ઈશ્વરની પૂજાની તરફેણ કરી. મૂર્તિપૂજા તથા ધાર્મિક બાબતોમાં પંડિતોના આધિપત્યને તેમણે વખોડી નાંખ્યું. વિશ્વવિદ્યાલયોના અભ્યાસક્રમોમાં તેમણે સ્વદેશી ભાષાઓને સ્થાન આપ્યું, જેને લીધે ભારતીયો ઉચ્ચ અભ્યાસ સુધી પહોંચવા લાગ્યા. ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને હાનિ પહોંચાડયા સિવાય તેમણે જડ પરંપરાઓને સુધારવાનો પ્રયત્ન કર્યો અને સમાજમાં સારું વાતાવરણ જાળવી રાખવા કોશીશ કરી. ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસના પણ તેઓ સંસ્થાપક સદસ્ય રહ્યા.

## ૬.૩.૮ પંડિતા રમાબાઈ



ચિત્ર ૬.૮
પંડિતા રમાબાઈ

મહારાષ્ટ્રમાં પંડિતા રમાબાઈ નામની એક સમાજ સુધારક મહિલાએ બાળલગ્નોની પ્રથા વિરુધ્ધ અવાજ ઉઠાવ્યો અને મહિલાઓના અધિકારો માટે લડત આપી. તેમણે મહિલાઓના શિક્ષણને વધુ વિસ્તારવા માટે ૧૮૮૧ માં પૂનામાં ''આર્ય મહિલા સમાજ'' ની સ્થાપના કરી. આ સંસ્થા દ્વારા મહિલાઓ- ખાસ કરીને બાળ વિધવાઓની સ્થિતિ સુધારવા માટે કામ થયું. ૧૮૮૯ માં તેમણે પૂનાનાં ''મુક્તિ મીશન''ની સ્થાપના કરી, જે એ યુવાન વિધવાઓનો આશ્રય બન્યું, જેમને પોતાના કુટુંબીજનો તરફથી છોડી દેવામાં આવ્યા હતા અથવા જેમના ઉપર અત્યાચારો થતા હતાં. તેમણે ''શારદા સદન'' પણ શરૂ કર્યું. જયાં બાળકો, અંધજનો અને વિધવાઓને તબીબી સારવાર, રહેઠાણ, વ્યવસાયી તાલીમ અને શિક્ષણ આપવામાં આવતું. બાળ-વિધવાઓ અને બાલિકાવધુના જીવનની કઠીનાઈઓને રજૂ કરતાં કેટલાંક પુસ્તકો પણ તેમણે લખ્યા. પંડિતા રામબાઈ મુકિત મિશન આજે પણ સક્રિય છે.

### ૬.૩.૯ એની બેસન્ટ

એની બેસંટ થિયોસોફીકલ સોસાયટીના સભ્ય હતાં અને ૧૮૯૮ માં પ્રથમ વાર ભારત આવ્યા હતાં. આ સંસ્થા પશ્ચિમના લોકો દ્વારા ચલાવવામાં આવતી હતી, જે ભારતીય ધર્મ અને ફિલોસોફીની પરંપરાનું મહત્વ ઉજાગર કરવાનું તેમજ ભારતની સ્વદેશી ભાષા અને સાહિત્યના પ્રસાર દ્વારા ભારતીયોમાં આત્મગૌરવ વધારવાનું કામ કરતી હતી. તેણે ભારતીયોમાં રાજનૈતિક જાગૃતિ આણી અને દેશવાસીઓમાં આત્મગૌરવ તથા દેશ પ્રત્યે ગૌરવ જગાડયું. આ સોસાયટીએ વૈશ્વિક ભાઈચારાનો સંદેશ આપ્યો. આધુનિક ભારતના વિકાસમાં તેણે અમૂલ્ય યોગદાન આપ્યું. ૧૯૦૭ માં એની બેસંટ થિયોસોફીકલ સોસાયટીના પ્રમુખ બન્યાં.



ચિત્ર ૬.૯
એની બેસન્ટ

ભારત માટે નવી નેતાગીરીની ખોજના ઉદ્દેશ સાથે તેમણે બનારસમાં ભારતીય છોકરાઓ માટે સેન્ટ્રલ હિંદુ કોલેજ સ્થાપી. ત્યાં છોકરાઓ ધાર્મિક લખાણોની સાથેસાથે આધુનિક વિજ્ઞાન પણ ભણતાં. ૧૯૧૭ થી આ કોલેજ નવી બનારસ હિંદુ યુનિવર્સિટીનો એક ભાગ બની.

#### મનોયત્ન ૬.૩


સમાજ સુધારણાના વિવિધ આંદોલનો અને સરકારના પ્રતિબંધો હોવાછતાં હજુ પણ જોવા મળતાં કેટલાક સામાજિક અંધ-વિશ્વાસો અને રીવાજો પૈકી કોઈપણ બે વિશે જણાવો. એક વ્યકિત તરીકે આ કુરીવાજો અને અંધશ્રદ્ધાઓનો વિરોધ કરવા તમે શું કરી શકો ?

સંકેત : સામાજિક કુરીવાજો અથવા અંધશ્રદ્ધા જેવા કે દહેજપ્રથા, છોકરા-છોકરીઓનાં ભેદભાવ, નિરીક્ષરતા, બાળલગ્ન, સ્ત્રીભ્રૂણહત્યા

સંભવિત પગલાં :- વ્યકિતગત ઉદાહરણ આપી, જૂથચર્ચા ગોઠવવી, સમાચારપત્રને પત્ર લખવો, સંકટ સમયે જાહેર સ્થળોએ લોકોને મદદ કરવી વગેરે.


### ૬.૩.૧૦ મુસ્લિમ સુધારણા આંદોલન

આધુનિક શિક્ષણના પ્રચાર અને બહુપત્નીત્વ જેવી સામાજિક પ્રથાઓ દૂર કરવા માટે ઘણાં આંદોલનો ચાલ્યા. ૧૮૬૩ માં અબ્દુલ લતીફે કલકત્તામાં ''મોહમ્મદી સાક્ષરતા સોસાયટી'' સ્થાપી. આ સંગઠન એવાં પહેલવહેલા સંગઠનો પૈકી એક હતું જેણે આધુનિક શિક્ષણને મધ્યમવર્ગ તથા ઉચ્ચવર્ગના મુસલમાનોમાં પહોંચાડવામાં તથા હિન્દુ-મુસ્લિમ એકતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી. બંગાળના ફરાઝી આંદોલનના નેતા શરીય તુલ્લાએ બંગાળના ખેડૂતો માટે કામ કર્યુ. તેમણે





મુસ્લિમોમાં વ્યાપેલી જ્ઞાતિપ્રથા જેવા અશિષ્ટોનો પણ વિરોધ કર્યો. અન્ય કેટલાંક સામાજિક-ધાર્મિક આંદોલનોએ મુસ્લિમ સમાજમાં જાગૃતિ આણી. ૧૮૯૯ માં મિર્ઝા ગુલામ અહેમદ અહમદીયા આંદોલન ચલાવ્યું, જેના અંતર્ગત દેશભરમાં શાળાઓ તથા કોલેજો ખોલવામાં આવી. તેમણે ઈસ્લામના માનવતાવાદી અને વૈશ્વિક ચરિત્ર ઉપર ભાર મૂકયો. તેમણે હિંદુ મુસ્લિમોની કોમી એકતાની તરફેણ કરી.



ચિત્ર ૬.૧૦
એની બેસન્ટ


કવિ મોહમ્મદ ઈકબાલ (૧૮૭૬-૧૯૩૮) એ ભારતના અગ્રગણ્ય કવિઓ પૈકી એક હતાં. તેમણે કવિતાઓ દ્વારા ઘણી પેઢીઓ સુધી ધાર્મિક અને ફિલોસોફીભર્યો દ્રષ્ટિકોણ વિસ્તાર્યો.

**? શું તમે જાણો છો**

પ્રખ્યાત ગીત ''સારે જહાં સે અચ્છા હિન્દોસ્તા હમારા'' લખનાર કવિ મોહમ્મદ ઈકબાલ હતાં.

### ૬.૩.૧૧ અકાલી સુધારણા આંદોલન

૧૮૭૦ માં અમૃતસર અને લાહોરમાં બે ''સિંહ સભા'' નો પ્રારંભ થયો, જેમાં શિખોની ધાર્મિક સુધારણાની શરૂઆત કરવામાં આવી. ગુરુમુખી, શિખ શિક્ષણ અને પંજાબી સાહિત્યનો પ્રસાર વધારવા માટે ૧૮૯૨ માં અમૃતસરમાં ખાલસા કોલેજ સ્થપાઈ. આ કોલેજની સ્થાપના અંગ્રેજોની મદદ લઈને કરાઈ. ૧૯૨૦ માં અકાલી આંદોલનો દ્વારા શિખ ધાર્મિક સ્થળો અથવા ગુરૂદ્વારાઓમાં સંચાલનનું શુદ્ધિકરણ કરવામાં આવ્યું. ૧૯૨૧ માં મહંતો વિરૂધ્ધ થયેલા એક શકિતશાળી સત્યાગ્રહ દ્વારા સરકારને નવો કાયદો ઘડવાની ફરજ પડી, ૧૯૨૫ માં નવો ગુરૂદ્વારા કાયદો લાગૂ કરાયો. આ કાયદાની મદદથી લેવાયેલા સીધાં પગલાઓ દ્વારા ધાર્મિક સ્થાનોને ભ્રષ્ટાચારી મહંતો પાસેથી મુક્ત કરાવવામાં આવ્યાં.



ચિત્ર ૬.૧૧
દાદાભાઈ નવરોજી

### ૬.૩.૧૨ પારસીઓનાં સુધારણા આંદોલનો.

મુંબઈમાં ૧૯ મી સદીના મધ્યમાં નવરોજી ફરદોંજી, દાદાભાઈ નવરોજી, એસ.એસ.બંગાળી અને બીજાઓએ

પારસીઓમાં ધાર્મિક સુધારણાઓ શરુ કરાઈ. ૧૮૫૧ માં, ધાર્મિક સુધારણા સંગઠન ''રહેનુમાય માંજદાયસન સભા'' સ્થપાઈ. તેમણે શિક્ષણના પ્રસારમાં-ખાસ કરીને કન્યા-શિક્ષણના પ્રસારમાં મહત્વની ભૂમિકા ભજવી. તેમણે પારસી ધર્મમાં પ્રવેશેલી કટ્ટરતા વિરૂધ્ધ પણ અભિયાન ચલાવ્યું. વખત જતાં પારસીઓ ભારતીય સમાજનો એક વિકાસશીલ વિભાગ બની ગયાં.

### મનોયત્ન ૬.૪

એવી ૧૦ પ્રતિભાશાળી વ્યક્તિઓની યાદી બનાવો જેણે આપણા સમાજને બહેતર બનાવવામાં ફાળો આપ્યો. તેમણે કયા ક્ષેત્રોમાં ફાળો આપ્યો તે પણ શોધી કાઢો.

### પાઠ સ્વાધ્યાય ૬.૨

**૧. સાચો જવાબ શોધી કાઢો**

(i) તેમણે પૂર્વ-પશ્ચિમના વિચારોનો સમન્વય કર્યો ન હતો.

(ક) સ્વામી વિવેકાનંદ (ખ) રામમોહન રાય

(ગ)દયાનંદ સરસ્વતી (ઘ) ઈશ્વરચંદ્ર વિધાસાગર

(ii) તેમણે વેદોના સૂચક પ્રભાવ પર વિશેષ ભાર આપ્યો ન હતો.

(ક) સ્વામી વિવેકાનંદ (ખ) રામકૃષ્ણ પરમહંસ

(ગ)દયાનંદ સરસ્વતી (ઘ) સૈયદ અહેમદ ખાન

(iii) આ આંદોલન શિખ ધર્મસ્થાનોને ભ્રષ્ટાચારી મહંતોના સકંજામાંથી મુકત કરવા માટે થયું.

(ક) અકાલી આંદોલન (ખ) જ્ઞાતિસુધાર આંદોલન

(ગ) શુધ્ધિ આંદોલન (ઘ) સત્યાગ્રહ આંદોલન

**2. જોડકા જોડો.**

| | |
|---|---|
| i) બ્રહ્મોસમાજ | ક) સ્વામી વિવેકાનંદ |
| ii) આર્યસમાજ | ખ) એની બેસન્ટ |
| iii)રામકૃષ્ણ મીશન | ગ) સ્વામી દયાનંદ સરસ્વતી |
| iv)થિયોસોફીકલ સોસાયટી | ઘ) જ્યોતિબા ફૂલે |
| v) અકાલી આંદોલન | ચ) પંડિતા રમાબાઈ |

vi) સત્યશોધક સમાજ — છ) રાજા રામમોહનરાય

vii) અલીગઢ આંદોલન — જ) શિખો

viii) આર્ય મહિલા સમાજ — ઝ) ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે

ટ) સર સૈયદ અહેમદ ખાન

ઠ) દાદાભાઈ નવરોજી

૩. સુધારણા આંદોલનોની કોઈપણ બે મર્યાદાઓ જણાવો.

૪. નીચેનો ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ આપો.

રામવતી NIOS ની ઓફિસમાં પટાવાળા તરીકે શ્રમ કરે છે. ૨૧ મે વર્ષે તેના લગ્ન થયા હતાં. પરંતુ કમનસીબે તે ૨૮ વર્ષની થઈ ત્યારે તેનો પતિ ગુજરી ગયો. તે માધ્યમિક શાળા સુધી ભણેલી હતી, તેથી તેને તેના પતિની જગ્યાએ NIOS માં નોકરી આપવામાં આવી. આ નોકરીને લીધે રામવતી તેના બાળકોની તથા પોતાની સંભાળ રાખવા કાબેલ બની છે. તે એક ખુદ્દાર જીવન જીવી રહી છે અને તેના બાળકોને પોતાની માતા ઉપર ગર્વ છે.

(ક) જો રામવતીના બાળલગ્ન થયાં હોત તો તેની સાથે કેવો કેવો વ્યવહાર થાત ?

(ખ) જો રામવતીને ઘરની બહાર નીકળીને નોકરી કરવા ન મળી હોત તો તેની અને તેના બાળકોની શી દશા થાત ?

## ૬.૪ ભારતીય સમાજ ઉપર સુધારણા આંદોલનોની અસર :

૧૯ મી સદીમાં થયેલા સુધારણા આંદોલનો ભારતીય સમાજમાં આર્થિક-ધાર્મિક જાગૃતિ લાવવામાં સફળ નીવડયા. આ તમામ આંદોલનમાં તાર્કિક સમજ અને વૈજ્ઞાનિક પદ્ધતિના વિચારોને તથા માનવીય અભિગમને પ્રોત્સાહન આપવામાં આવ્યું. સુધારકોને લાગ્યું કે પ્રાચીન સાંસ્કૃતિક ધારાઓમાં નવાં વિચારોનું સંયોજન કરવાથી જ આધુનિક વિચારો વિકાસ પામશે. આધુનિક શિક્ષણના પ્રસાર દ્વારા ભારતવાસીઓ જીવનના તાર્કિક અને બૌદ્ધિક વલણ તરફ વળ્યા. દરેક આંદોલને મહિલાઓની સ્થિતિ સુધારવાના પ્રયત્નો કર્યા અને જ્ઞાતિપ્રથા- ખાસ કરીને અસ્પૃશ્યતાને વખોડી નાંખી.

આ આંદોલનોએ સામાજિક એકતા ઉપર ભાર મૂકયો અને સ્વતંત્રતા, સમાનતા તથા ભાઈચારાને ઉત્તેજન આપ્યું.

શિક્ષણને અને ખાસ કરીને મહિલાઓના શિક્ષણને મહત્વ અપાયું. મહિલાઓના ઉત્થાન માટે કેટલાંક કાનૂની પગલાં લેવામાં આવ્યાં. જેમ કે, સતીપ્રથા અને સ્ત્રીભૂણહત્યાને ગેરકાનૂની જાહેર કરવામાં આવ્યા. ૧૮૫૬ માં વિધવા પુનર્વિવાહ માટે કાયદો ઘડવામાં આવ્યો જેને લીધે

વિધવાઓની સ્થિતિ સુધરી. ૧૮૭૨ માં પસાર થયેલા એક કાયદામાં આંતરજ્ઞાતિય અને આંતર-સાંપ્રદાયિક લગ્નોને માન્યતા આપવામાં આવી. ૧૮૬૦ માં આવેલા એક કાયદાએ છોકરીઓની લગ્ન લાયક ઊંમર વધારીને ૧૦ વર્ષ કરી દીધી. ઉપરાંત, ૧૯૨૯ માં પસાર થયેલા શારદા એક્ટ દ્વારા બાળલગ્નો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યા. તેના મુજબ ૧૪ વર્ષની નીચેની ઉંમરની છોકરી કે ૧૮ વર્ષથી ઓછીં ઉંમરના છોકરાના લગ્ન થઈ શકતા નહીં. આ સુધારણાઓની ચોખ્ખી અસર ભારતના રાષ્ટ્રિય આંદોલન ઉપર જોવા મળી.

સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવા હજારો મહિલાઓ આગળ આવી. ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં કેપ્ટન લક્ષ્મી સહેગલ, સરોજિની નાયડુ, એની બેસન્ટ, અરુણ આસિફ અલી જેવી અનેક મહિલાઓએ મહત્વનું યોગદાન આપ્યું. મહિલાઓ હવે પરદામાંથી બહાર નીકળીને નોકરી કરતી થઈ ગઈ.

સુધારકોના સતત અથાક પ્રયત્નોએ સમાજ ઉપર ઊંડી અસર કરી. ધાર્મિક સુધારાઓ દ્વારા ભારતવાસીઓના મનમાં દેશ માટે તેમજ પોતાના માટે ગૌરવ, સન્માન અને વિશ્વાસ ઊભા થયા. આ સુધારણાઓને લીધે ભારતવાસીઓ આધુનિક વિશ્વ સાથે સંપર્કમાં આવ્યા. લોકો ભારતવાસી તરીકેની તેમની ઓળખ વિશે સભાન બન્યા. અંતે આ સભાનતા બ્રિટીશ શાસન વિરુદ્ધ સંગઠિત સ્વતંત્રતા સંગ્રામમાં પરિણમી.

૨૦ મી સદીમાં – ખાસ કરીને ૧૯૧૯ પછી ભારતનું રાષ્ટ્રિય આંદોલન સામાજિક સુધારણાનું ઘોતક બન્યું. જનતા સુધી પહોંચવા માટે સ્વદેશી ભાષાઓ વપરાઈ. તેમણે લોકો સુધી પહોંચવા નાટકો, નવલકથાઓ, લઘુવાર્તાઓ, કવિતા, પ્રેસનો તથા ૧૯૩૦ માં સીનેમાનો ઉપયોગ કર્યો. આપણા સ્વતંત્રતા સંગ્રામના વિષય ઉપર લખાયેલી નવલકથાઓ અને બનેલી ફિલ્મો વિશે તમે જાણતા હશો. શરૂઆત કરવા માટે એવા લેખકો અને તેમના પુસ્તકોની યાદી બનાવો. એવી કેટલીક ફિલ્મોની તથા ગીતોની પણ યાદીઓ બનાવો. કદાચ આ તમને કામ લાગે. ''ઈન્સાફ કી ડગર પે, બચ્ચોં, દિખાઓ ચલકે, યે દેશ હૈ તુમ્હારા, નેતા તુમ્હીં હો કલકે '' અને ''વંદેમાતરમ્'' જે આ ફિલ્મમાં લતા મંગેશકર દ્વારા ગવાયેલું છે.

આ સુધારણા આંદોલનોને કેટલીક મર્યાદાઓ પણ નડી. આ આંદોલનો શિક્ષીત વર્ગો સુધી પહોંચ્યા, જ્યારે શહેરના ગરીબવર્ગ અને ખેડૂતો તથા બાકીની જનતાનો મોટોભાગ તેનાથી વંચિત રહયો.

**માનવીય** - તમામ લોકોની ખુશહાલી અને કલ્યાણ સાથે નિસ્બત ધરાવી તેને વધારવામાં મદદ કરવી.

**સ્વતંત્રતા** - પોતાની પસંદગીના કાર્ય કરવા અને વિચારો ધરાવવાની સ્વતંત્રતા.

**બંધુત્વ** – સરખો રસ ધરાવતા લોકોના સમૂહમાં પરસ્પર ભાઈચારો

## તમે આટલું શીખ્યા

- ભારતીય સમાજમાં કેટલાક પડકારરૂપ દૂષણો હતાં.- જેવા કે સતીપ્રથા, વહેમ અને અંધશ્રદ્ધા, પછાતપણું, અસ્પૃશ્યતા અને વિધવાઓ સાથે દુર્વ્યવ્યવહાર.
- સ્વામી વિવેકાનંદ, જ્યોતિબા ફૂલે, દયાનંદ સરસ્વતી, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, સર સૈયદ અહેમદખાન, રાજા રામમોહન રાય જેવા સમાજ સુધારકોએ પહેલાં ધાર્મિક સુધારાઓથી શરૂઆત કરી, કારણ કે સામાજિક પ્રથાઓ ધર્મ દ્વારા જ દોરવાયેલી હતી.
- તમામ સુધારણા આંદોલનોમાં આધુનિક શિક્ષણ અને વૈજ્ઞાનિક ઢબના જ્ઞાનને સામાજિક ઉત્થાન માટે જરુરી માનવામાં આવ્યું. સમાજમાં મહિલાઓની સ્થિતિ સુધારવા માટે મહિલાઓના શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવ્યું.
- ભારતીય સમાજમાં સુધારણા આંદોલનોની ગહન અસર થઈ. સુધારકોના સતત પ્રયત્નોને લીધે સતીપ્રથા અને અસ્પૃશ્યતાને ગેરકાનુની ઠેરવવામાં આવ્યા. વિધવા પુનર્વિવાહ શરૂ થયા. સમાજમાં આધુનિક શિક્ષણ પ્રચલિત બન્યું.
- આ બધા પ્રયત્નો હોવાછતાં હજુ ભારતના શિક્ષિત વર્ગે જાગૃતિ ફેલાવવાની જરુર છે. આ સંદર્ભે પ્રસાર માધ્યમો (મીડીયા)ની ભૂમિકા ઘણી મહત્વની છે.

## પાઠયાંત સ્વાધ્યાય :

૧. ૧૯ મી સદીમાં પ્રચલિત સામાજિક પ્રથાઓ સમજાવો.

૨. તમને શાથી એવું લાગે છે કે સમાજમાં જાગૃતિ લાવવા માટે સુધારણાઓ જરૂરી હતી ?

૩. તમને એવું કેમ લાગે છે કે ધાર્મિક સુધારાઓ કર્યા વિના સામાજિક સુધારાઓ શકય ન હતાં. ?

૪. શું તમને લાગે છે કે સુધારકો ભારતીય સમાજમાં પરિવર્તન લાવી શકયા ?

૫. સામાજિક-ધાર્મિક સુધારણાઓ આખરે રાષ્ટ્રિય આંદોલનો તરફ કેવી રીતે દોરી ગઈ ?

૬. નીચે જણાવેલ સુધારકોની જ્ઞાતિપ્રથા અને વિધવા પુર્નવિવાહની તરફેણમાં રહેલી ભૂમિકા સમજાવો.

(ક) રાજા રામમોહનરાય. (ખ) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર (ગ) જ્યોતિબા ફૂલે

૭. નીચે જણાવેલા સુધારકોમાં રહેલી સમાનતા જણાવો.

(ક) થિયોસોફીકલ સોસાયટી અને રામકૃષ્ણ મીશન

(ખ) અકાલી આંદોલન અને આર્યસમાજ

૮. ૧૯ મી સદીના ભારતમાં મહિલાઓના શિક્ષણની આડે રહેલાં પરિબળો સમજાવો.

૯. મુસ્લિમોમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત કોણે કરી ? એ ક્ષેત્રમાં તેમનું યોગદાન સમજાવો.

૧૦. નીચે આપેલો નકશો ધ્યાનથી જુઓ અને પ્રશ્નોના જવાબ આપો.

(ક) એ સ્થાનોના નામ આપો, જ્યાં M.A.O કોલેજ, બ્રહ્મો સમાજ, પ્રાર્થના સમાજ અને આર્ય સમાજ પ્રચલિત હતાં.

(ખ) એ સુધારકોનાં નામ જણાવો જે પશ્ચિમ ભારતમાં કાર્યરત હતાં. એ લોકો જે સ્થળે કાર્યરત હતા તે સ્થળો પણ દર્શાવો.




આકૃતિ ૬.૧૨

## પાઠ-સ્વાધ્યાયના જવાબો

૬.૧

૧. સતી, જ્ઞાતિપ્રથા, બાળલગ્નો, વિધવાઓની દુર્દશા

૨. કારણ કે તે મૂળભૂત માનવીય મૂલ્યોની વિરૂદ્ધમાં હતું.

૩. સાહસ, દ્રઢ સંકલ્પ, પ્રેરણા અને લક્ષ પ્રાપ્ત કરવા માટેની દૂરદ્રષ્ટિ

૪. તેમને શાસ્ત્રોમાં કટ્ટરતા, જડતા અને અંધવિશ્વાસનું સમર્થન ન જડયું.

૬.૨.

૧. i) ગ ii) ઘ iii) ક

૨. i) છ ii) ગ iii) ક iv) ખ v) જ vi) ઘ vii) ટ viii) ચ

૩. (ક) તે અશિક્ષીત હોત, વહેલી ઉંમરે પરણી ગઈ હોત, તેને ઘણા બાળકો હોત અને નાની ઉંમરે માતા બનવાને લીધે તેનું સ્વાસ્થ્ય નબળું હોત. તે પોતાના જીવનનિર્વાહ માટે સાસરિયા અથવા વાલીઓ ઉપર નિર્ભર હોત.

(ખ) તે બીજાઓ ઉપર નિર્ભર હોત અને તેથી તેનું સામાજિક-આર્થિક સ્થાન ઊતરતું હોત.

૪. (ક) તેની અસર ઘણી ઓછી જનતા સુધી પહોંચી શકી. ખાસ કરીને શિક્ષીત વર્ગ સુધી જ પહોંચી

(ખ) તે જનતાના મોટાભાગ સુધી ન પહોંચી.

# ૭

# બ્રિટિશ શાસન વિરુદ્ધ લોકપ્રિય જનઆંદોલન

*ભારતીય સમાજના દરેક વિભાગ પર બ્રિટીશ શાસને ઊંડી અસર કરી. શું તમે એવી કલ્પના કરી શકો છો કે કોઈ અજાણ્યા લોકો આવીને તમારી ઉપર વર્ષો સુધી રાજ કરી જાય ? ના, એવી કલ્પના કરવી ય મુશ્કેલ છે. આપણામાંના મોટાભાગનાં લોકો સ્વતંત્ર ભારતમાં -૧૯૪૭ પછી જન્મ્યા છે. તમે જાણતા હશો કે જ્યારે ભારતને જીતીને તેના રાજ્યોને સામ્રાજિત પ્રદેશો (કોલોની) બનાવવામાં આવ્યા અને તેના અર્થતંત્ર ઉપર બ્રિટીશ નિયંત્રણો મૂકાયા ત્યારે તેમને લોકોના તીવ્ર વિરોધનો સામનો કરવો પડયો. નાગરિકોના વિરોધોની એક લાંબી શૃંખલા ચાલી. આ આંદોલનોની આગેવાની જમીનવિહોણા બનેલા જમીનદારો અને પોલીગરો, રાજ્ય છીનવાઈ ગયેલા રાજાઓ અને તે રાજ્યોના ભૂતપૂર્વ અધિકારીઓ દ્વારા લેવામાં આવી. તેને લીધે વિવિધ ધર્મો, સંસ્કૃતિઓ અને વર્ગોના લોકો બ્રિટીશ શાસન સામે એક થઈને લડયા. આ પાઠમાં આપણે લોકપ્રિય થયેલા વિવિધ વિદ્રોહો, તેમની પ્રકૃતિ અને તેમના મહત્વ વિશે જાણીશું. આપણે ૧૮૫૭ ના વિપ્લવ વિશે પણ જાણીશું. જેણે આપણા રાષ્ટ્રિય આંદોલનમાં મહત્વની ભૂમિકા ભજવી.*

## હેતુઓ :

*આ પાઠ ભણ્યા પછી તમે આટલું કરી શકશો. ૧૮૫૭ પહેલાં પ્રચલિત બનેલાં વિદ્રોહો પાછળ રહેલાં કારણો શોધી શકશો.*

*બ્રિટીશ શાસન વિરૂધ્ધ*

- *ખેડૂતો અને આદિવાસીઓ દ્વારા કરાયેલા બળવાની પ્રકૃતિ અને સાર્થકતા સમજાવી શકશો.*
- *૧૮૫૭ ના વિપ્લવમાં કારણભૂત બનનારાં પરિબળો ઓળખી શકશો, અને*
- *૧૮૫૭ ના વિપ્લવનાં મહત્વ અને સાર્થકતાનું વિશ્વલેષણ કરી શકશો.*

## ૭.૧ અંગ્રેજ શાસન વિરૂધ્ધ થયેલાં શરૂઆતના લોકપ્રિય આંદોલનો (૧૭૫૦-૧૮૫૭)

*શું તમે વિચારી શકો છો કે આ વિરોધ-આંદોલનોને લોકપ્રિય શા માટે કહેવામાં આવતા હશે ? શું એટલા માટે, કેમ કે તેમને સફળતા મળી? આ વિભાગ વાંચ્યા પછી તમે આ પ્રશ્નોના તારણ સુધી પહોચી શકશો.*

### ૭.૧.૧ લોકપ્રિય વિદ્રોહોના કારણો :

*લોકો વિદ્રોહ કેમ કરે છે ? તેઓ ત્યારે વિદ્રોહ પર ઊતરી આવે છે જયારે તેમના હકો છિનવાઈ જાય છે. અર્થાત્, દરેક વિદ્રોહી આંદોલનો થવા પાછળનું મુખ્ય કારણ લોકોનું શોષણ હતું.*

*બ્રિટીશ શાસનમાં જે રીતે ભારતીયોના હક છીનવવામાં આવ્યા, ભારતના અર્થતંત્ર અને દરજ્જાની જે હાલત કરવામાં આવી, તેના દ્વારા આ શોષણનો સ્પષ્ટ ચિતાર કરવામાં મુખ્ય ભાગ ભજવનારા હતાં. હાંકી કઢાયેલા રાજાઓ, ખેડૂતો અને આદિવાસીઓ દાખલા તરીકે જયારે ધન અને લશ્કર માટેની પોતાની અન્યાયી માંગો સંતોષવા વોરન હેસ્ટિંગ્ઝે બનારસના રાજા ચેતસિંહ ઉપર ચડાઈ કરીને તેને બંદી બનાવ્યો ત્યારે બનારસની પ્રજાએ વિદ્રોહ કર્યો. મદ્રાસ પરગણામાં પોલીગરોએ ત્યારે વિદ્રોહ કર્યો, જયારે બ્રિટીશરોએ તેમના જમીન તથા સૈન્યના હકો છીનવી લેવાની કોશીશ કરી. આ વિદ્રોહનું બીજું મુખ્ય કારણ ધાર્મિક બાબતોમાં અંગ્રેજોની દખલગીરી હતું. ઘણીવાર આ વિરોધો ખ્રિસ્તી ધર્મ વિરોધી હતાં. તેવું એટલા માટે બન્યું કે અંગ્રેજો દ્વારા એવી કેટલાક સામાજિક-ધાર્મિક સુધારણા કરવામાં આવી, જે લોકોને નામંજૂર હતી.*

*બીજા અમુક વિદ્રોહો થયા કેટલાક વિદ્રોહોનું કારણ હતું. શાસકોના ધર્મ અને શોષિત લોકોના ધર્મમાં રહેલી ભિન્નતાને લીધે મલબાર ક્ષેત્રના મલીપ્પા વિદ્રોહમાં એવું જ બન્યું. અહીં મુસ્લિમ ખેડૂતો હિંદુ જમીનદારો અને શરાફો વિરુદ્ધ લડયાં. આગલા વિભાગમાં આપણે આ આંદોલનના લક્ષણો જાણીશું.*

### ૭.૧.૨ લોકપ્રિય વિદ્રોહોના લક્ષણો :

*પોતાનો વિરોધ દર્શાવવા માટે વિદ્રોહીઓ બે સૌથી લોકપ્રિય રીતોનો ઉપયોગ કરતાં-હિંસા અને લૂંટફાટ. સમાજના નીચલા અને શોષિત વર્ગ દ્વારા તેમના શોષણકર્તાઓ સામે વિદ્રોહો કરવામાં આવ્યા. આ શોષણકર્તાઓ હતાં.-જમીનદારો, અંગ્રેજો, મહેસૂલ ઉઘરાવનારા અધિકારીઓ, માલદાર સંસ્થાઓ કે ધનવાનો. સાંથાલ વિદ્રોહમાં મોટાપાયે હિંસા આચરવામાં આવી. તેમાં વ્યાજખાઉ લોકોના વહીનામાના ચોપડાઓ (હિસાબો) બાળી નાખવામાં આવ્યા અને શોષણકર્તાઓને દંડ આપવામાં આવ્યો. સરકારી મકાનો બાળી નાંખવામાં આવ્યા.*

*ગયા પ્રકરણમાં આપણે બ્રિટીશરોની જમીન-નીતિ વિશે ભણ્યાં. અંગ્રેજોની જમીન-નીતિનો મુખ્ય આશય હતો કે આદિવાસીઓ તથા ખેડૂતો પાસેથી બને તેટલા નાણાં પડાવી લેવા. ખેડૂતો અને*

આદિવાસીઓને અપાતી એ તકલીફો એ તેમનામાં એટલો બધો અસંતોષ જનમાવ્યો કે જે અંગ્રેજો વિરૂધ્ધ વિદ્રોહમાં પરીણમ્યો.

અહીં એ જાણવું મહત્વનું છે કે આ વિદ્રોહોનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે અંગ્રેજોએ નષ્ટ કરેલાં પ્રાચીન સંબંધો અને માળખાઓનું પુનઃસ્થાપન કરવું. દરેક સામાજિક સંગઠન પાસે અંગ્રેજોનો વિરોધ કરવા માટે પોતાના કારણો હતાં. દાખલા તરીકે, જેમની જમીન છિનવાઈ ગઈ હતી તેવા જમીનદારો અને રાજય છીનવાઈ ગયેલા રાજાઓને પોતપોતાની સંપત્તિ અને સત્તા પાછા જોઈતા હતા. તેવી જ રીતે, આદિવાસીઓએ એટલા માટે વિદ્રોહ કર્યો, કેમ કે તેઓ પોતાના જીવનમાં વ્યાપારીઓ અને વ્યાજખાઉં શરાફોની દખલ ઈચ્છતા ન હતાં.

## ૭.૨ ૧૯ મી સદીમાં ખેડૂતો અને આદિવાસીઓ દ્વારા થયેલાં વિદ્રોહો :

એ જાણીને તમને નવાઈ લાગશે કે ૧૭૬૦ માં બંગાળ અને બિહારમાં શરૂ થયેલા સંન્યાસી અને ચૌર વિદ્રોહો પછી ભાગ્યે જ એવો કોઈ સમય હતો જ્યારે કોઈ સશસ્ત્ર વિદ્રોહ ન થયા હોય. ૧૭૬૩ થી ૧૮૫૬ સુધીમાં ૪૦ થી વધુ મુખ્ય વિદ્રોહો ઉપરાંત અનેક નાના-મોટા વિદ્રોહો થયા. જો કે, આ વિદ્રોહોના લક્ષણો અને અસરો સ્થાનિક હતાં. આ વિદ્રોહો છૂટાછવાયા અને એકબીજાથી અલગ રીતે થયા, કેમ કે દરેકના ઉદ્દેશો અલગ હતાં. આ વિદ્રોહો વિશે આગળ આપણે જાણીશું.




આકૃતિ ૭.૧ ૧૯ મી સદીમાં ભારતમાં વિવિધ સ્થળોએ થયેલાં આદિવાસી તથા ખેડૂત વિદ્રોહ દર્શાવતો ભારતનો નકશો.

### ૭.૨.૧ ખેડૂત-વિગ્રહ

પાછલા પ્રકરણમાં તમે વિવિધ જમીન-નીતિઓ અને ભારતના ખેડૂતો પર થયેલી તેની પ્રતિકૂળ અસરો વિશે ભણ્યા. સ્થાયી મહેસૂલ પદ્ધતિઓ જમીનદારોને જમીનના માલિકો બનાવ્યા. પરંતુ જયારે તેઓ મહેસૂલ ભરી શકે તેમ ન હતાં ત્યારે તરત જ તેમની જમીનો બીજાને વેચી નાખવામાં આવી. આ વ્યવસ્થાને લીધે સારી ખેતી ન થઈ હોય ત્યારે પણ જમીનદારોએ ખેડૂતો પાસેથી નાણાં ઉઘરાવવા માંડયા, આ ખેડૂતો મોટાભાગે ‘મહાજનો’ પાસેથી નાણા ઉછીના લેતાં. કંગાળ થઈ ગયેલાં ખેડૂતોએ નાણાં કઈ પાછા ભરપાઈ કરી શકતાં નહીં. આમ થવાને લીધે ખેડૂતોને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી. તેમને બંધાયેલા મજૂરો તરીકે પણ કામ કરવું પડયું. આમ થવાને લીધે અસંતુષ્ટ બનેલા નીચલા વર્ગો અવારનવાર તેમના શોષણકર્તાઓ ઉપર હુમલા કરવા માંડયા. જમીન મહેસૂલ ન ભરી શકવાનો સીધો અર્થ એ થતો હતો કે તેમની જમીન બ્રિટીશરો આંચકી લેશે, અને તેની હરાજી કરીને સૌથી વધુ દામ આપનારા લોકોને વેચી દેશે. મોટાભાગે એ લોકો શહેરી લોકો હતાં. શહેરનાએ લોકોને ગામની જમીનને સુધારવામાં કોઈ રસ ન હતો. તેઓ જમીનને ફળદ્રુપ બનાવવા કોઈ રસ ન હતો. તેઓ જમીનને ફળદ્રુપ બનાવવા કોઈ રોકાણ ન કરતાં. તેમને ફકત એમાં જ રસ હતો કે તેમને એ જમીનમાંથી વધુમાં વધુ મહેસૂલ કઈ રીતે મળે. આમ થવાથી ખેડૂતો સ્થગિત અને પછાત બની ગયા.

આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે ખેડૂતોએ હવે રોકડિયા પાકો લેવા માંડયા. જેવાં કે ગળી, કપાસ, શેરડી, શણ, અફીણ વગેરે. અહીંથી જ ખેતીનું વ્યાપારીકરણ શરૂ થયું. હવે કાપણી/લણણીના સમયે પોતાનો ઉત્પાદિત પાક વેચવા માટે તેઓ વેપારીઓ, આડતિયાઓ અને દલાલો ઉપર આધાર રાખતાં થઈ ગયાં. આમ, રોકડિયા પાકોનું વાવેતર વધી પડવાને લીધે અનાજનું વાવેતર ઘટી ગયું. અનાજનો જથ્થો ઘટી જવાથી દુષ્કાળો પડયાં. તેથી જ એ વાતની નવાઈ ન લાગે કે શાથી ખેડૂતો વિદ્રોહ પર ઉતરી આવ્યા. અંગ્રેજોની નીતિઓને કારણે થયેલાં કેટલાંક ખેડૂત - વિગ્રહો વિશે હવે આપણે વિસ્તારપૂર્વક જાણીએ,

### (i) ફકીર અને સંન્યાસી વિગ્રહો (૧૭૭૦-૧૮૨૦)

૧૭૫૭ પછી બંગાળમાં વ્યાપેલા બ્રિટીશ રાજમાં જમીન-મહેસૂલ વધ્યું તેમજ ખેડૂતોનું ખૂબ શોષણ પણ વધતું ચાલ્યું. ૧૭૭૦ માં બંગાળમાં પડેલાં દુષ્કાળથી ત્રાસેલા ગરીબો અને જમીન છીનવાઈ ગયેલા જમીનદારો, સૈન્યમાંથી છૂટા કરાયેલા સૈનિકો અને જેમની જમીન ખૂંચવવામાં આવી હતી તેવા ખેડૂતોએ ભેગા થઈને બ્રિટીશરો વિરૂદ્ધ વિદ્રોહ કર્યો. ફકીરો અને સન્યાસીઓ પણ તેમની સાથે જોડાયા.

ફકીરોએ બંગાળમાં ભટકતાં મુસ્લિમ ધર્મી ભિક્ષુકો હતા. તેમને સાથ આપનારા બે હિંદુ નેતાઓ હતાં. ભવાની પાઠક અને દેવી ચૌધરાની નામની એક મહિલા. તેમણે અંગ્રેજોના કારખાનાઓ

ઉપર હુમલો કરીને તેમના શસ્ત્રો, નાણાં, વસ્તુઓ અને દારૂગોળો લૂંટી લીધાં. તેમના મુખ્ય નેતાઓ પૈકી હતાં મઝનું શાહ. આખરે ૧૯ મી સદીની શરુઆતમાં આ જૂથ પર અંગ્રેજો કાબૂ મેળવી શકયા.

બંગાળમાં ૧૭૭૦-૧૮૨૦ દરમ્યાન સંન્યાસી વિગ્રહો થયા. બંગાળમાં ૧૭૭૦ ના દુકાળે સર્જેલી કરૂણ તારાજીને લીધે ત્રાસેલા સંન્યાસીઓ બળવાખોર બન્યા. જો કે, આ બળવાનું તાત્કાલિક પરિણામ એ આવ્યું કે હિંદુ તેમજ મુસ્લિમ ધર્મસ્થાનોમાં જતાં યાત્રાળુઓ ઉપર અંગ્રેજોએ નિયંત્રણો મૂકયાં.

### (ii) ગળી-વિદ્રોહ (૧૮૫૯-૧૮૬૨)

પોતાના નફાને વધારવાની અનેક રીતો અંગ્રેજોએ શોધી નાંખી હતી. તેમણે લોકોની જીવનજરૂરિયાતોની મૂળ વસ્તુઓ અને સાધનો સાથે પણ ચેડા કરવા શરુ કર્યા હતા. ફકત નવાં પાકો જ ન લાવ્યા, પણ ખેતીની નવી પદ્ધતિઓ પણ લઈ આવ્યાં.

ખેડૂતો અને જમીનદારો ઉપર રોકડિયા પાકો વાવવા માટે તેમણે ખૂબ દબાણ કર્યુ. અને ખૂબ કરવેરા ભરવાની ફરજ પડી. ગળીના પાકની ખેતી બ્રિટીશ કાપડ બજારની માંગ મુજબ લેવામાં આવતી. ગળીની ખેતી કરતાં ખેડૂતોના અસંતોષના મુખ્ય ત્રણ કારણો હતાં. :

- તેમને ગળી ઉગાડવા માટે ખૂબ ઓછું વળતર અપાતું.
- અનાજ વાવવાના સમયે જ ગળી વાવવાની હોઈ, તે ખેતી ફાયદાકારક ન હતી.
- ગળીના વાવેતરને લીધે જમીનની ફળદ્રુપતા ઘટી જતી.



આકૃતિ ૭.૨ બંગાળમાં ગળી વિદ્રોહના વિસ્તારો (૧૮૫૯-૬૨)

પરિણામે, અનાજનો જથ્થો ઘટી ગયો.

ખેડૂતો તેમના ઉત્પાદિત પાકના વેચાણ માટે જે વેપારીઓ અને દલાલો ઉપર આધાર રાખતા, તેઓ મોટાભાગે ખૂબ ઓછા ભાવે ગળી ખરીદતા. એ લોકો જમીનદારો સાથે મળીને ખેડૂતોને દબાવી રાખવાની કોશીશ કરતાં.

બંગાળમાં ગળીની ખેતી બંધ કરવા માટે ખેડૂતોએ આંદોલન કર્યું. હિન્દુ-મુસ્લિમ ખેડૂતો ભેગા મળીને હડતાળ ઉપર ઊતર્યા અને માલિકો વિરુદ્ધ કાનૂની મુકદ્દમા દાખલ કર્યા. પ્રેસ અને ખ્રિસ્તી મિશનરીઓએ તેમને સાથ આપ્યો. ૧૮૬૦ ના નવેમ્બરમાં સરકારે હુકમ આપ્યો કે રૈયત પાસે બળજબરીથી ગળીની ખેતી કરાવવી ગેરકાનૂની છે. વિદ્રોહીઓની આ રીતે એક મોટી જીત થઈ.



ચિત્ર ૭.૩ બંગાળમાં ગળીની ખેતી

### (iii) ફરાઝી આંદોલન (૧૮૩૮-૧૮૪૮) :

અંગ્રેજો વિરૂધ્ધ ''કોઈ કરવેરા નહીં'' પ્રકારનું આ પ્રથમ આંદોલન હતું, જે શરીયતુલ્લાખાન અને દાદુમિયાંની આગેવાનીમાં થયું. તેમના સ્વયંસેવકો જમીનદારો અને જમીનમાલિકો સામે બહાદુરીથી લડયાં. જમીનદારોના અત્યાચારો અને ગેરકાનૂની વસૂલીઓ સામે બંગાળના બધાં ખેડૂતો આ આંદોલનમાં એકજૂથ થઈને લડયાં.

### (iv) વહાબી આંદોલન (૧૮૩૦-૧૮૬૦)

*આ આંદોલનના મુખ્ય નેતા હતાં. રાયબરેલીના સૈયદ અહેમદ બરેલવી. તેઓ દિલ્હીના સંત શાહ વલીઉલ્લાહ અને અરબસ્તાનના અબ્દુલ વહાબથી ખાસા પ્રભાવિત હતો. આ આંદોલન મૂળે તો એક ધાર્મિક આંદોલન હતું. ટૂકસમયમાં જ તે બંગાળી સમાજના સંઘર્ષ કરનારા વર્ગોનું આંદોલન બની ગયું. ન્યાતજાતના ભેદભાવો ભૂલીને ખેડૂતો તેમના જમીનદારો સામે એક થઈને લડયા.*

### ૭.૨.૨ ખેડૂત વિગ્રહોનું મહત્વ :

*બ્રિટીશરોની આક્રમક આર્થિક નીતિઓને લીધે ભારતની પરંપરાગત ખેતી વ્યવસ્થા ભાંગી પડી અને ખેડૂતોની દુર્દશા થઈ. દેશના વિવિધ ભાગોમાં થયેલાં ખેડૂત વિદ્રોહો અંગ્રેજોની આ જ આર્થિક નીતિના વિરોધમાં થયા હતાં. ભલે આ વિદ્રોહોનો ઉદ્દેશ બ્રિટીશ રાજને ભારતમાંથી સમાપ્ત કરવાનો ન હતો, પરંતુ તેમને લીધે ભારતની જનતામાં જાગૃતિ ફેલાઈ. હવે તેમને શોષણ અને દમન વિરુદ્ધ વ્યવસ્થિત રીતે લડવાની પ્રેરણા મળી. ટૂકમાં, પંજાબમાં થયેલાં શિખ યુદ્ધ અને ૧૮૫૭ ના વિપ્લવ જેવા વિદ્રોહો માટે આ આંદોલને ભૂમિકા બાંધી હતી.*

**મનોયત્ન ૭.૧**

*આપણા રોજ-બ-રોજના જીવનમાં ઘણીવાર આપણે કેટલાંક વિરોધો દર્શાવતા હોઈએ છીએ. આ વિરોધો બ્રિટીશરો વિરુદ્ધના વિદ્રોહો કરતાં કઈ રીતે જુદા પડે છે ? કયા કારણથી અમુક વિદ્રોહો લોકપ્રિય બન્યા ? આ પ્રશ્નોની ચર્ચા તમારા સાથીઓ, મિત્રો અને કુટુંબીજનો સાથે કરો. એ ચર્ચાઓ ઉપર આધારિત લગભગ ૫૦ શબ્દોની ટૂંકનોંધ લખો.*

### ૭.૨.૩ આદિવાસી વિગ્રહો :

*બ્રિટીશરો સામે વિદ્રોહ કરનાર બીજો સમૂહ હતો આદિવાસીઓનો. આદિવાસીઓ ભારતીય જીવનનું એક અંતરંગ અને મહત્વનું અંગ હતાં.*

*જ્યાં સુધી બ્રિટીશરોએ તેમના વિસ્તારમાં ઘૂસણખોરી કરીને તેમના પ્રદેશો પડાવી ન હતા લીધા ત્યાં સુધી તેઓ પોતાની આર્થિક-સામાજિક નીતિઓ મુજબ જીવતા હતાં. તેમની પરંપરાગત જીવનશૈલીમાં તેમની જરૂરીયાતો પૂરી પડતી હતી. દરેક આદિવાસી કબીલાનો એક મુખી રહેતો, જે કબીલાની સમસ્યાઓ ઉકેલતો અને બાકીની વ્યવસ્થા સંભાળતો. આવી સ્વતંત્ર રીતે જીવવાનું આદિવાસીઓને ખૂબ ગમતું. તેમના જીવનનિર્વાહના મુખ્ય સાધનો અને સ્રોત હતા. જમીન અને જંગલ, જ્યાંથી તેમને જીવનજરુરી તમામ ચીજવસ્તુઓ મળી રહેતી. આદિવાસીઓ બાકીની પ્રજા કરતાં છૂટા પડીને જીવતાં.*

*અંગ્રેજોની નીતિઓ આદિવાસીઓ માટે નુકસાનકારક નીવડી. તેમને લીધે આદિવાસીઓની આત્મનિર્ભર આર્થિક વ્યવસ્થા અને સમૂહજીવન વિખેરાઈ ગયા. વિવિધ ધર્મના આદિવાસીઓએ*

બ્રિટીશરો વિરૂધ્ધ બળવો કર્યો. આ વિદ્રોહો બ્રિટીશ-સામ્રાજયના વિરોધી હતાં. આદિવાસીઓ ધનુષ-બાણ જેવા પરંપરાગત હથિયારો વાપરીને હિંસક વિદ્રોહ કરતાં. અંગ્રેજોએ તેમની સાથે ખૂબ કડકાઈથી કામ લીધું. આદિવાસીઓને અસામાજિક તત્વો અને અપરાધીઓ ઘોષિત કરવામાં આવ્યા. તેમની મિલ્કતો જપ્ત કરી લેવામાં આવી. તેમને કેદ કરવામાં આવ્યા અને ઘણાંને મૃત્યુદંડ અપાયો. ભારતના અમુક જ વિસ્તારોમાં આદિવાસી વિદ્રોહો થયા પરંતુ બ્રિટીશ સામ્રાજય વિરુદ્ધ થયેલા બીજા આંદોલનો કરતાં તેમના વિદ્રોહો કોઈ રીતે ઊતરતા ન હતાં. હવે આપણે કેટલાક આદિવાસી આંદોલનો વિશે વિગતે જાણીએ :

### (i) સંથાલ વિદ્રોહ (૧૮૫૫-૫૭)

સંથાલોની વસ્તીવાળા વિસ્તારને દમન-એ-ડોહ અથવા સંથાલ પરગણા કહેવામાં આવતો હતો. તે બિહારના ભાગલપુરથી ઉત્તરમાં ઓરિસ્સા સુધી અને હઝારીબાગથી લઈને બંગાળની સરહદો સુધી ફેલાયેલો હતો. બીજાં આદિવાસીઓની માફક સંથાલો પણ જંગલો ઉપર આધારિત જીવન જીવતાં હતાં. જયાં સુધી અંગ્રેજો તેમના શરાફો અને જમીનદારો, વેપારીઓ સાથે ત્યાં પહોંચ્યા ન હતા, ત્યાં સુધી સંથાલો ખેતી કરીને શાંતિથી જીવતા હતાં.

તેમને ચીજવસ્તુઓ ઉધાર પર ખરીદવા અને પછી લણણી સમયે ઊંચા વ્યાજ સાથે નાણા પાછા ભરવા મજબૂર કરવામાં આવ્યા. પરિણામે, વ્યાજખાઉ શાહુકારો અને શરાફોને તેમણે માત્ર પોતાનો પાક જ નહી પણ હળ, બળદો અને અંતે તો જમીનો પણ આપી દેવી પડી. ટૂંક સમયમાં જ તેઓ દેવું વધવાને લીધે બંધાયેલા મજૂરો બની ગયા, જેમને તેમના માલિકો માટે કામ કરવું પડતું. અત્યારસુધી શાંત પ્રજા તરીકે જીવતા આદિવાસીઓએ હવે તેમના શોષણકર્તા શાહુકારો, શરાફો અને અંગ્રેજ અમલદારો વિરુધ્ધ શસ્ત્રો ઉઠાવ્યા. તેમના સરદારો હતાં સિધ્ધુ અને કાનુ. અંગ્રેજ ગવર્નર વિરુધ્ધ તેમણે બહાદુરીભરી લડત આપી. કમભાગ્યે સંથાલ વિદ્રોહ એક અસમાન લડાઈ બની રહયો અને અંગ્રેજો તેને દબાવી દેવામાં સફળ રહયાં. છતાં ભવિષ્યના સંઘર્ષ માટે તે પ્રેરણારુપ બની રહયો.



ચિત્ર ૭.૪ તિરઠા માંઝી

## (ii) મુંડા વિદ્રોહ (૧૮૯૯-૧૯૦૦)

૧૮૫૭ પછી થયેલાં વિદ્રોહો પૈકી ઘણો મહત્વનો ગણાતો વિદ્રોહ મુંડા વિદ્રોહ હતો. પરંપરાગત રીતે મુંડા આદિવાસીઓને જંગલોની સફાઈ કરવાના વિશેષ અધિકાર મળેલા હતાં. આ અધિકારો બીજા આદિવાસીઓને મળ્યા ન હતા. પરંતુ અંગ્રેજોના આવતા પહેલાં જ વેપારીઓ અને શાહુકારો દ્વારા આ પરંપરાગત વ્યવસ્થા વિખરાવા માંડી હતી. અંગ્રેજોએ આવીને બીજા કોન્ટ્રાક્ટરો અને વ્યાપારીઓને લાવીને આ વ્યવસ્થાને વધુ ઝડપથી વિખેરવા માંડી. આ કોન્ટ્રાક્ટરોને તેમના કામો કરાવવા માટે બાંધેલા મજૂરોની જરૂર હતી. બ્રિટીશરો અને કોન્ટ્રાક્ટરોના હાથે મુંડા આદિવાસીઓની થયેલી આ દુર્દશાને લીધે મુંડા વિદ્રોહ જન્મ્યો. આ વિદ્રોહનો સરદાર બિરસા મુંડા મિશનરીઓ પાસે ભણેલો હોવાથી બીજા સરદારો કરતાં વધુ જાગૃત હતો. તેણે તેના કબીલાના લોકોને પવિત્ર વૃક્ષ કુંજોની પરંપરાગત પૂજા ચાલુ રાખવા સમજાવ્યા. બ્રિટીશરોને તેમની જમીન આંચકી લેવા રોકવા માટે આ એક મહત્વનું પગલું હતું. આને માટે બિરસામુંડાએ મહાજનો અને અંગ્રેજ અમલદારો સામે લડત આપી.

તેણે પોલીસ સ્ટેશનો, મિશનરીઓ (ધર્મપ્રચારકો) અને ચર્ચો ઉપર હુમલા કર્યા. કમનસીબે મુંડા વિદ્રોહીઓ હારી ગયા અને ૧૯૦૦ પછી ટૂંક સમયમાં જ બિરસા મુંડા જેલમાં જ મૃત્યુ પામ્યો. પણ તેનું બલિદાન એળે ન ગયું. ૧૯૦૮ માં છોટાનાગપુર ટેનન્સી એક્ટ

પસાર કરવામાં આવ્યો, જેમાં આ લોકોને જમીન માલિકીના અમુક અધિકારો મળ્યા અને બાંધેલા મજૂરોની પ્રથા ઉપર પ્રતિબંધ આવ્યો. બિરસામુંડાને આજે પણ મુંડા વિદ્રોહના પ્રણેતા તરીકે યાદ કરવામાં આવે છે.



ચિત્ર ૭.૫ બિરસા મુંડા

**? શું તમે જાણો છો**

**ઈન્ડેચર્ડ :** *એ મજૂરો હતાં જેમને નિશ્ચિત સમય માટે કોન્ટ્રાક્ટરો સાથે કરારમાં બંધાઈને બીજાઓ માટે કામ કરવું પડતું. આ મજૂરોએ અજાણી જગ્યાઓમાં જઈને કામ કરવું પડતું અને બદલામાં તેમને રહેવા-ખાવા-પીવાનો ખર્ચ મળતો.*

### iii) જૈંતિયા અને ગારો વિદ્રોહ (૧૮૬૦-૧૮૭૦)

*પ્રથમ અંગ્રેજ-બર્મા યુદ્ધ પછી અંગ્રેજાએ બ્રહ્મપુત્ર ખીણ (આજનું આસામ) ને સિલ્હટ (આજનું બાંગ્લાદેશ) સાથે જોડતી એક સડક બનાવવાની યોજના ઘડી. આ યોજના અંગ્રેજ સૈન્યની હેરફેર માટે ઘણાં મહત્વની હતી. આ વાતની ગંધ મેઘાલયમાં વસતાં જૈતિયા-ગારો આદિવાસીઓને આવી ગઈ, તેથી તેમણે આ સડક બાંધવાનો વિરોધ કર્યો. ૧૮૨૭ માં જૈતિયા લોકોએ સડકનું બાંધકામ રોકવાની કોશિશ કરી, આ અસંતોષ ઘણો ઝડપથી પડોશી ગારો પહાડીઓ સુધી પણ પહોંચી ગયો. આ બનાવથી ચોકી ઉઠેલાં બ્રિટીશરોએ કેટલાં જૈતિયા-ગારો ગામો સળગાવી મૂકયા. ઉપરાંત અંગ્રેજોએ ૧૮૬૦ માં ઘરવેરો અને આવકવેરો લાગૂ કરતાં આ શત્રુતામાં વધારો થયો.*

*જૈંતિયા સરદાર યૂ-કીઆંગ બૌગબાહ પકડાયો અને અંગ્રેજોએ જાહેરમાં તેને ફાંસી આપી. ગારો સરદાર પા તોગાન સંગમા અંગ્રેજો સામે હારી ગયો.*



*ચિત્ર ૭.૬ યૂ-કિઆંગ નોંગબાહ સ્મારક*

### (iv) ભીલ વિદ્રોહ (૧૮૧૬-૧૮૩૧)

ભીલ આદિવાસીઓ મોટા ભાગે ખાનદેશ (આજના મહારાષ્ટ્ર અને ગુજરાત) માં વસતા હતા. ૧૮૧૮ માં ખાનદેશ બ્રિટીશરોના કબજામાં આવી ગયો. ભીલોએ તેમને વિદેશીઓ માન્યા. બાજીરાવ દ્વિતીયના મંત્રી ત્રિકંબજીની ઉશ્કેરણીથી તેમણે બ્રિટીશરો સામે બળવો પોકાર્યો.

### (v) કોળી વિદ્રોહ (૧૮૩૧-૧૮૩૨) :

છોટાનાગપુર વિસ્તારના સિંઘભૂમ ભાગના કોળ લોકો પોતાનું સ્વતંત્ર જીવન જીવતાં હતાં. અંગ્રેજોએ આવીને તેમાં દખલગીરી કરી, અને તેમની સ્વતંત્રતા જોખમાઈ. પછીથી અંગ્રેજી કાનૂન, અજાણ્યા વેપારીઓ તથા આદિવાસી જમીનોની ફેરબદલી જેવા કારણોએ વધુ તણાવ ઊભો કર્યો. આ બધાને લીધે કોળ લોકો ભેગા થયા અને તેમણે અંગ્રેજો વિરૂદ્ધ વિદ્રોહ કર્યો. આ વિદ્રોહની અસર એટલી બધી હતી કે અંગ્રેજોએ દૂરદૂરથી સૈન્ય બોલાવીને તેનો સામનો કરવો પડયો.

### (vi) મલીપ્પા વિદ્રોહ (૧૮૩૬-૧૮૫૪)

મલીપ્પા લોકો મલબાર વિસ્તારના મુસ્લિમ ખેડૂતો, જમીનવિહોણા મજૂરો અને માછીમારો હતાં. અંગ્રેજોએ મલબાર વિસ્તાર પર કબજો જમાવ્યો. જમીનો આંચકી લેવામાં મદદરૂપ થતાં તેમના નવા જમીન - કાયદાઓ તથા મુખ્યત્વે હિંદુ જમીનદારો દ્વારા આવાં અત્યાચારો મલીપ્પા વિદ્રોહના કારણરૂપ બન્યાં. મલીપ્પાઓને અંકુશમાં લેતાં અંગ્રેજોને ઘણો લાંબો સમય લાગ્યો.

### પાઠ સ્વાધ્યાય ૭.૧

૧. નીચેના દરેક શબ્દો ૧-૧ વાકયમાં સમજાવો.

(ક) ફકીરો (ખ) મહાજન (ગ) મલીપ્પાઓ

૨. નીચે આપેલી જગ્યામાં એ ત્રણ જૂથોની યાદી બનાવો, જેમણે ભારતના ખેડૂતોનું શોષણ કર્યુ.

૩. નીચે આપેલી જગ્યામાં લોકપ્રિય વિદ્રોહો પાછળના કારણો લખો.

(ક) ................(ખ) ............. (ગ) .................


## ૭.૩ ૧૮૫૭ નો વિપ્લવ - કારણો, દમન અને પરિણામો

૧૮૫૭ નો વિપ્લવ ત્યારે શરૂ થયો જ્યારે ઈસ્ટ ઈંડિયા કંપનીના પગારદાર ભારતીય સૈનિકોએ ૧૦ મી મે ના રોજ મેરઠમાં વિદ્રોહ શરૂ કર્યો. અંગ્રજોએ ભલે તેને સિપાઈ વિદ્રોહનું નામ આપ્યું પણ હવે તેને અંગ્રેજ શાસન વિરૂધ્ધ સ્વતંત્રતા સંગ્રામ માટેનું પ્રથમ યુદ્ધ માનવામાં આવે છે. ભારતીય સૈનિકોએ તેમના યુરોપીયન અમલદારોને મારી નાંખીને દિલ્હી તરફ કૂચ કરી તેમણે લાલ

*કિલ્લામાં પ્રવેશીને ત્યાંના વૃદ્ધ શક્તિહીન મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફરની ભારતના સમ્રાટ તરીકેની ઘોષણા કરી. બ્રિટીશરોની આક્રમક સામ્રાજ્ય શાસનની નીતિઓ સામે પડેલું આ પ્રથમ આંદોલન હતું. મોટી માત્રામાં ભભૂકી ઉઠેલા રોષ અને અસંતોષે આખા ભારતમાંથી બ્રિટીશ સામ્રાજ્યના પાયા હચમચાવી નાખ્યા.*

*હવે આપણે એ કારણો જોઈએ જેના લીધે ભારતીયોમાં એટલો અસંતોષ ફેલાયો હતો, જેના કારણે બ્રિટીશ શાસન વિરુદ્ધ બળવો થયો.*

**(અ) રાજનૈતિક કારણો :** *ભારતના રાજ્યોને ખાલસા કરી લઈને પોતાનામાં ભેળવી દેવાની બ્રિટીશરોની નીતિ ભારતીયોના અસંતોષનું મુખ્ય કારણ બની. બ્રિટીશરો ભારતની બને તેટલી જમીન અને સંપત્તિ હડપીને ઈંગ્લેન્ડને સમૃદ્ધ કરવા માંગતા હતાં. તેમણે સહાયક સંધિ અને ખાલસા નીતિ અપનાવી. પરિણામે ઘણાં સ્વતંત્ર રાજ્યો બ્રિટીશ સામ્રાજ્યનો હિસ્સો બની ગયાં. આ એવા રાજ્યો હતાં જેમને અંગ્રેજો દ્વારા સુરક્ષા પુરી પડાતી હતી અને જેમની પાસે પોતાના વંશ-વારસો ન હતા. તેથી, તેમણે દત્તક લીધેલા સંતાનોને હવે બ્રિટીશરો તરફથી કોઈ પેંશન ન મળ્યું, તેમજ મિલ્કતમાંથી પણ કોઈ હક ન મળ્યા. આ રીત મુજબ લોર્ડ ડેલહાઉસીએ અનેક નાના મરાઠી રાજ્યો તેમજ સતારા, નાગપુર અને ઝાંસી જેવા મોટાં મરાઠી રાજ્યો ખાલસા કર્યા. બાજીરાવ દ્વિતીયના અવસાન બાદ તેને આપવામાં આવતું સાલિયાણું (પેંશન) બંધ કરી દેવામાં આવ્યું. તેના દત્તક પુત્ર નાનાસાહેબનો સાલિયાણુ મેળવવાનો હક સ્વીકારવામાં આવ્યો નહીં. ઈસ્ટ ઈંડિયા કંપનીની આ દખલગીરી મોટાભાગના ભારતીય રાજવીઓને પસંદ ન પડી. ખાલસા નીતિ આવતાં પહેલાં સંતાનવિહોણા રાજાઓને સંતાન દત્તક લેવાનો પૂરેપૂરો હક હતો, પણ હવે તેઓ અંગ્રજોની રજા વગર સંતાન દત્તક પણ ન લઈ શકતાં.*



**આકૃતિ ૭.૭ ૧૮૫૭ ના વિપ્લવમાં ભાગ લેનાર ભારતીય શહેરો**

ખાલસા નીતિથી માત્ર રાજવીઓને જ નહીં, પરંતુ તેમના આશ્રિત કલાકારો, વિદ્વાનો, સૈનિકો અને એ દરેક જણને અસર થઈ જે તેમના આશ્રયે હતાં. હજારો જમીનદારો, ઉચ્ચવર્ગના લોકો અને પોલીગરોએ તેમની જમીનો તથા જમીન મહેસૂલના હકો ગુમાવ્યા. અવધનો નવાબ અંગ્રજોને વફાદાર હોવા છતાં તેની વહીવટી ગેરવ્યવસ્થાના બહાને તેનું રાજય ખાલસા કરી દેવામાં આવ્યું, જેને લીધે તે પણ અંગ્રેજોનો વિરોધી બન્યો. ખેડૂતોએ પણ ઊંચુ મહેસૂલ અને ભારે કરવેરા ભરવા પડતા.

પોતાની મૂળ જીવનશૈલી, પરંપરાગત માન્યતાઓ, મૂલ્યો અને સિદ્ધાંતોમાં અંગ્રજોની સતત દખલગીરી થવાને લીધે લોકોને પોતાના ધર્મ ઉપર જોખમ ઊભુ થતું લાગ્યું. ધીમે ધીમે બ્રિટીશરો વધુ ને વધુ અહંકારી બનતા ગયા અને તેમની તથા લોકોની વચ્ચેની ખાઈ વધુ પહોળી બનતી ગઈ.

**(બ) આર્થિક કારણો :**

વિપ્લવનું બીજું મહત્વનું કારણ હતુ પરંપરાગત ભારતીય અર્થતંત્રનો વિનાશ અને બ્રિટીશ કંપની પાસે તેની લાચારી. બ્રિટીશરો ભારતમાં વેપાર કરવા આવ્યા હતાં પરંતુ ટૂંક સમયમાં જ તેમણે ભારતીયોનું શોષણ કરીને તેમને કંગાળ બનાવવા માંડયા. અહીંથી બને તેટલી સંપત્તિ અને કાચો માલ તેઓ ખેંચી લઈ જવા માંડયાં. પોતાને માટે અંગ્રજોએ ઊંચા હોદ્દાઓ અને સારા પગારો રાખ્યા. રાજનૈતિક સત્તા વાપરીને તેમણે પોતાની ચીજવસ્તુઓની આયાત-નિકાસ (એક્ષ્પોર્ટ-ઈમ્પોર્ટ) વધાર્યા. દરેક રીતે ભારતની સંપત્તિને ખેંચી જવામાં આવી. હવે અંગ્રેજોની નીતિ દ્વારા ભારતીય અર્થતંત્રને નુકસાન જવા માંડયું. તેઓ ભારતીય વેપાર અને ઉધોગોના હિતમાં કામ ન કરતાં, જેથી ભારતીય હસ્તઉધોગો પડી ભાંગ્યા.

જયારે અંગ્રજોએ દેશી રાજયોને ખાલસા કરીને પોતાનામાં ભેળવી દીધા ત્યારે તે રાજયોના આશ્રયે આવક મેળવતો કલાકાર-કારીગર વર્ગ બેકાર અને કંગાળ બન્યો. તેઓ બ્રિટીશરોની મશીનથી બનેલી વસ્તુઓ સામે ટક્કર ઝીલી ન શક્યા. આમ થવાથી ભારતએ ઈંગ્લેન્ડ માટે કાચો માલ પૂરું પાડનાર ઉત્તમ સાધન બન્યુ ને બીજી તરફ ત્યાંની ચીજવસ્તુઓનું સર્વોત્તમ ગ્રાહક બન્યું.

અંગ્રજોએ તેમને ત્યાં મશીનથી બનેલું સસ્તું કાપડ ભારતમાં વેચવા માંડયું, જેને લીધે ભારતનો વણાટ-ઉધોગ પડી ભાંગ્યો. તેને લીધે હજારો કારીગરો બેકાર બન્યા. વધુમાં, અંગ્રેજો અહીંથી વણાટકામનો મોટાભાગનો કાચો માલ ઈંગ્લેન્ડ મોકલી દેતાં અને ભારતીય વણકરો માટે કાચા માલની તંગી સર્જાતી. ભારતમાં બનેલી વસ્તુઓ ઉપર અંગ્રજોએ ભારે કરવેરા લાધ્યા. આમ થવાથી તેમની સસ્તી વસ્તુઓ સામે ભારતીય વસ્તુઓ તરફથી કોઈ સ્પર્ધા ન રહી, અને અંગ્રેજી વેપારીઓ પુષ્કળ નફો રળવા માંડયા. આમ, અંગ્રજોએ ભારતના લોકોનું તથા કુદરતી સંપત્તિનું ભરપુર શોષણ કર્યું.

ભારતનું શોષણ કરવા અંગ્રજોએ બીજું શું-શું કર્યું? તેમની વસ્તુઓ વેચવા અને ભારતમાંથી કાચો માલ લઈ જવા તેમણે આગબોટ અને રેલ્વેની વ્યવસ્થા ચાલુ કરી. રેલ્વે આવવાથી ભારતમાંથી

મોટાપાયે કાચામાલની નિકાસ થવા લાગી અને પરદેશી વસ્તુઓને ભારતમાં મોટું બજાર મળ્યું. રેલ્વે દ્વારા કાચોમાલ ઉત્પન્ન કરતાં વિસ્તારો જો કે તેની નિકાસ કરતાં બંદરો જોડાઈ ગયા. પરિણામે, ભારતના બજારો વિદેશી વસ્તુઓથી ઉભરાવા માંડયા. પરંતુ શું તમને ખ્યાલ છે, કે રેલ્વે દ્વારા રાષ્ટ્રિય જાગૃતિ પણ વધુ ફેલાઈ? રેલ્વે દ્વારા લોકો અને વિવિધ વિચારો વધુ નજીક આવ્યા. અંગ્રેજોએ કદી ધાર્યુ ન હતું કે આવું બનશે. ૧૮૫૩ માં ડેલહાઉસીએ કલકત્તાથી આગ્રા સુધીની પહેલી ટેલિગ્રાફ લાઈન નાંખી. તેમણે ભારતમાં પોસ્ટ સેવાઓ (ટપાલ સેવાઓ) પણ શરુ કરી.

અંગ્રજો માટે આવકનું મુખ્ય સાધન હતું. જમીન-મહેસૂલ તેને લીધે તેમણે વિવિધ રીતે જમીન-મહેસૂલ ઉઘરાવવાના આયોજનો કર્યા. બ્રિટીશરોની આ નીતિને લીધે ખેડૂતોએ જમીનદારો, વેપારીઓ અને શાહુકારો પાસે પોતાની જમીનો ગુમાવી. આમ થવા પાછળ રૈયતવાદી અને મહાલવારી મહેસૂલ વ્યવસ્થા જવાબદાર છે. બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં અપનાવાયેલી નિશ્ચિત-સ્થાયી મહેસૂલની નીતિને લીધે ખેડૂતોનો પોતાની જમીનો ઉપરનો વારસાગત હક નાબૂદ થયો. બીજી બાજુ, જો તેઓ તેમની આખી ઉપજનો ૧૦/૧૧ મો ભાગ મહેસૂલ તરીકે ભરી ન શકે, તો તેમની જમીનો જપ્ત થઈ જતી, અને વેચી નાંખવામાં આવતી. આમ બનતું અટકાવવા માટે ખેડૂતો શાહુકારો પાસેથી નાણા ઉછીના લેતા, જેનો વ્યાજદર ખૂબ ઊંચો રહેતો. તેની ચૂકવણી માટે ઘણીવાર તેમણે પોતાની જમીનો શાહુકારોને જ વેચી નાંખવી પડતી.

અંગ્રેજ અમલદારોના ત્રાસથી પીડાયેલા ખેડૂતો તેમના ત્રાસથી ગભરાઈને અદાલતોમાં ન્યાય માંગવા ન જતાં. આ વ્યવસ્થામાં નવો ઊભો થયેલો જમીનદાર વર્ગ અંગ્રજોને વફાદાર હતો. અંગ્રેજો આફતમાં મૂકાય ત્યારે લોકો અને અંગ્રેજો વચ્ચે તેઓ મધ્યસ્થી બની જતાં. તેમનાં કેટલાકે તો ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે પણ અંગ્રેજોને મદદ કરી. ૧૭૭૦ થી ૧૮૫૭ દરમ્યાન પડેલા ૧૨ મુખ્ય અને બીજા અનેક નાના-મોટા દુષ્કાળોમાં ભારતની ખેતી અને કારીગરોની પડતી ચોખ્ખી જણાઈ આવી. આ બધા કારણો ભેગા થઈને અંતે ૧૮૫૭ નો વિપ્લવ થવામાં નિમિત્ત બન્યાં.

**(ક) સામાજીક અને ધાર્મિક કારણો :**

ભારતની જનતા પ્રત્યે અંગ્રેજો બિલકુલ સંવેદનશીલ ન હતા. ઉપરાંત તેમણે ઝડપથી કરેલા સામાજિક સુધારાઓ જેવા કે સતીપ્રથા અને સ્ત્રીભૂણહત્યા ઉપર પ્રતિબંધ, વિધવા પુનર્વિવાહને મંજૂરી અને સ્ત્રી શિક્ષણની હિમાયત વગેરેએ ઘણા ભારતીયોને નાખૂશ કર્યા. ભારતીયોને ધર્માતરણ કરીને ખ્રિસ્તી બનાવવા માટે અંગ્રજોએ શાળા અને કોલેજો સ્થાપ્યા. તેમની (વિદેશી) ચીજવસ્તુઓ માટે ગ્રાહકવર્ગ ઊભો કરવા માટે પણ તેમને શિક્ષીત યુવા-વર્ગની જરૂર હતી. જો કે, તેઓ એટલું શિક્ષણ ફેલાવતા ન'તા માંગતા, જે અંગ્રેજ શાસન વિરૂદ્ધ જાગૃતિ લાવે. આ બધાને લીધે એવી છાપ ઊભી થઈ કે મિશનરીઓ દ્વારા અંગ્રેજ સરકાર ભારતીયોને વટલાવીને ખ્રિસ્તી બનાવવા માંગે છે. ૧૮૫૦ ના કાયદા નં. ૨૧ એ ધર્માતર પામેલાં ખ્રિસ્તીઓનો મિલ્કત ઉપરનો વારસાગત હક મંજૂર કર્યો.

*સ્વાભાવિક રીતે આ પગલાં દ્વારા સરકારની ધર્માંતરણ તરફી છાપ વધુ ઘાટી બની, જેને લીધે લોકોમાં ભય અને રોષ ફેલાયા.*

*૧૮૦૬ માં મદ્રાસ પરગાણાના સૈનિકોની ધાર્મિક લાગણી દુભાઈ. મુસ્લિમોને દાઢી કાઢી નાખવાનો અને હિંદુઓને ધાર્મિક તિલક-ટપકાં કે ચાંદલા ન કરવાનો આદેશ અપાયો. આ વાતનો સિપાઈઓએ વિરોધ કર્યો, જેને દબાવી દેવામાં આવ્યો. તેથી એ સ્પષ્ટ થયું કે અંગ્રેજ સરકારને ભારતીય સૈનિકોની કંઈ દરકાર ન હતી, અને તેમને બિલકુલ સમજવામાં આવતા ન હતાં. અંગ્રજોએ કેટલાંક સૈનિકોને સાગરપારના દેશોમાં લડવા મોકલ્યા, જેને લીધે પણ સૈનિકોની અંગ્રેજો પ્રત્યેની વફાદારી ઘટી. તેમની ધાર્મિક લાગણી ઉપર કઠોર આઘાત થયો, કેમ કે તેમના ધર્મમાં વિદેશ જવાની મનાઈ હતી અને જે વિદેશ જાય તેને ન્યાતબહાર મૂકવામાં આવતાં.*

**(ઘ) સૈન્યમાં જન્મેલો અસંતોષ :**

*ઈસ્ટ ઈંડિયા કંપનીના સૈનિકોએ ખેડૂત કુટુંબોમાંથી આવતા હતાં, જેઓ પહેલેથી જ અંગ્રજોની કુનીતિનો શિકાર હતાં. ભારતીય સૈનિકોને સૂબેદારથી ઉપરના હોદ્દા આપવામાં આવતા નહીં. કેટલાક સૈનિકોને વિદેશ જઈને લડવા બદલ ખાસ ભથ્થા જોઈતા હતાં. જે તેમને કયારેક આપવામાં આવતા અને કયારેક નહીં. તેથી તેમણે તેમના ઉપરી અધિકારીઓને હેરાન કરવાનું શરુ કર્યુ.*

*આ બધી ઘટનાઓને પોતપોતાની રીતે ૧૮૫૭ ના બળવામાં પોતાનો ફાળો આપ્યો. સૈનિકોને બીજી પણ ફરીયાદો હતી. તેમને અંગ્રેજ સૈનિકો કરતાં ઓછો પગાર મળતો. તેથી ભારતીય સૈનિકોનું મનોબળ તૂટી જતું. ઉપરાંત, જયારે ધાર્મિક કારણોને લીધે સૈનિકોએ 'કાળાપાણી' એટલે કે દરિયા અને મહાસાગરોની પેલે પાર જવાની મનાઈ કરી ત્યારે અંગ્રજો તેમને સમજયા નહીં અને તેમની સાથે કડકાઈથી વર્ત્યા.*

**(ચ) તાત્કાલિક કારણો :**

*ભારતીયોમાં ઉગ્ર આક્રોશ ફેલાઈ ગયો હતો અને તે હુમલો કરવા/યોગ્ય મોકાની શોધમાં જ હતાં. આખો તખ્તો ગોઠવાઈ ગયેલો હતો. ભડકો થવાની તૈયારીમાં હતો ને ફકત એક ચિનગારીની જરૂર હતી. ૧૮૫૬ માં સૈન્યમાં (ગ્રીઝ વાળા) ચીકણા કારતૂસો લવાયા, તે બાબતે આ ચિનગારીનું કામ કર્યુ. સરકારે જૂની મસ્કેટ બંદૂકોની જગ્યાએ (બ્રાઉન બેગને બદલે) 'એનફીલ્ડ રાયફલ' વાપરવાનું નકકી કર્યુ. આ બંદૂકને ભરવા માટે કારતૂસોની ટોટી મ્હોમાં નાખીને તોડવી પડતી. ૧૮૫૭ ના જાન્યુઆરી માસમાં સૈનિકોમાં એવી અફવા ફેલાઈ કે આ ટોટી ગાયની તથા ડુકકરની ચરબીથી બનેલી છે. હિંદુઓ માટે ગાય પવિત્ર પ્રાણી ગણાય અને મુસ્લિમો માટે ડુકકર ત્યાજય ગણાય, જેનું માંસ ન ખવાય. તેથી હવે સૈનિકોને ખાતરી થઈ ગઈ કે તેમનો ધર્મ ભ્રષ્ટ કરવા માટે જ અંગ્રેજોની આ ચાલ હતી. આખરે ૧૮૫૭ ની ૨૯ મી માર્ચે આ વિપ્લવ ભડકી ઉઠયો.*

### ૭.૩.૨ વિપ્લવની ક્રમિક ઘટનાઓ

*મંગલ પાંડે નામના સૈનિકે સૌપ્રથમ ઉપરી અધિકારીના આદેશ મુજબ વર્તવાની ના પાડી. કલકત્તા પાસે આવેલા બૈરકપુરમાં ૨૯ માર્ચ ૧૮૫૭ ના રોજ તેણે બે અંગ્રેજ અધિકારીઓને મારી નાંખ્યા. તેની ધરપકડ કરાઈ. તેના ઉપર મુકદ્દમો ચાલ્યો અને તેને ફાંસી આપવામાં આવી. બૈરકપુરના લશ્કરી થાણા (રેજીમેંટ) ને વિખેરી નાંખવામાં આવ્યું. મંગલ પાડેના સમાચાર ઝડપથી આખા દેશમાં ફેલાઈ ગયા, જેથી ઠેકઠેકાણે વિદ્રોહ ફાટી નીકળ્યા.*



*ચિત્ર ૮.૭ મંગલ પાંડે*

*સૌથી નિર્ણાયક વિદ્રોહ મેરઠમાં થયો, જ્યાં કેવેલરી રેજીનેંટ (ઘોડેસવાર દળ) ના ૮૫ સૈનિકોને ૨થી ૧૦ વર્ષ માટે જેલમાં મોકલી દેવાની સજા થઈ, કેમ કે તેમણે ચરબીવાળા કારતૂસ તોડવાની ના પાડી હતી. તેના બીજા જ દિવસે- ૩૦ મી મે ૧૮૫૭ ના રોજ ત્રણ રેજીમેંટે ખુલ્લો બળવો પોકાર્યો. તેમણે અંગ્રેજ અધિકારીઓને મારી નાંખ્યા, પોતાના સાથી સૈનિકોને જેલમાંથી છોડાવ્યા અને દિલ્હી તરફ કૂચ કરી. તેમની આ કૂચમાં સામાન્ય જનતા અને સ્થાનિક પાયદળના સૈનિકો પણ ભળી ગયા. બળવાખોરોએ દિલ્હી કબજે કર્યું અને અનેક અંગ્રેજ અધિકારીઓની હત્યા કરી. તેમણે મુઘલ બાદશાહ બહાદુરશાહને ભારતનો સમ્રાટ ઘોષિત કર્યો.*

*દિલ્હીથી બીજી ઘણી જગ્યાઓમાં વિદ્રોહ ફેલાયો. કાનપુરમાં નાનાસાહેબને પેશ્વા ઘોષિત કરવામાં આવ્યા. તેમની સૈનિક ટુકડીઓની આગેવાની તાત્યા ટોપે અને અઝીમુલ્લાહે લીધી. લખનૌમાં બેગમ હઝરતમહાલને મૌલવી અહમદુલ્લાહે સહાયતા કરી. ઝાંસીનાં રાણી લક્ષ્મીબાઈ અને આગ્રામાં કુવરસિંહે વિદ્રોહની આગેવાની લીધી. બરેલીમાં વિદ્રોહના નેતા હતાં ખાન બહાદુર ખાન.*



*ચિત્ર ૭.૯ બેગમ હઝરતમહાલ*

*દિલ્હીની હારથી બ્રિટીશરોને ઘણી નાલોશી મળી. આ અપમાનનો બદલો લેવા તેમણે પંજાબના વફાદાર સૈન્યની મદદ લીધી. સૈનિકોની નાકાબંધી ચાર મહીના સુધી કરવામાં આવી અને અંતે ૧૦ સપ્ટેમ્બર ૧૮૫૭ ના રોજ અંગ્રેજોએ દિલ્હી પાછું મેળવ્યું.*

*આ યુદ્ધ બીજા દસ મહિના ચાલ્યું. અંતે, ૧૮૫૭ ની ૮ મી જુલાઈએ ગવર્નર જનરલ લોર્ડ કેનીંગે આ વિદ્રોહની સમાપ્તિની ઘોષણા કરી.*

*કુવર સિંહ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને તાત્યાટોપેની વીર ત્રિપુટીએ અંગ્રેજોને જબરજસ્ત બહાદુરીભરી ટક્કર આપી. રાણી લક્ષ્મીબાઈએ બળવાખોર સૈનિકોનું નેતૃત્વ લીધું. ઘોડા પર સવાર થઈને તેણે અંગ્રેજોના ઘોડેસવાર સૈનિકોનો સામનો કર્યો અને જ્યારે તેનો ઘોડો ઢળી પડયો ત્યારે જ તે પણ હણાઈ. બ્રિટીશ કમાંડર-ઈન-ચીફ (લશ્કરી વડા) ના મત મુજબ વિદ્રોહી નેતાઓ પૈકી તે એક ઉત્તમ અને સૌથી વીર સૈનિક-નેતા હતી. બિહારની એક અન્ય લડાઈમાં કુવરસિંહનું મૃત્યુ થયું. તાત્યાટોપે જયારે ઊંઘતા હતાં ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી. કેદી બનાવ્યા પછી તેમને ફાંસી આપવામાં આવી.*

**વીર ત્રિપુટીના બહાદુરીભર્યા મૃત્યુ પછી આ બળવો આખરે અંગ્રેજોએ દાબી દીધો.**

*વૃદ્ધ રાજા બહાદુરશાહને તેના બે પુત્રો સહિત બંદી બનાવવામાં આવ્યા. થોડા સમયની કેદ પછી તેમને રંગૂન ખસેડવામાં આવ્યા, જ્યાં ૮૭ વર્ષની ઉંમરે ૧૮૬૨ માં તેમનું અવસાન થયું. તેમના પુત્રોને તરત જ વીંધી નાખવામાં આવ્યા.*

હવે આપણે આ વિપ્લવની નિષ્ફળતાના કારણો તપાસી જવા જોઈએ.

**મનોયત્ન ૭.૨**

૧૮૫૭ ના વિપ્લવમાં ભાગ લેનારાઓ પૈકી કોણ તમને સૌથી વધુ પ્રેરણાદાયી લાગે છે ? શું તમે એમના એવા કોઈ બે ગુણો જણાવશો, જે તમે પોતાનામાં પણ ઉતારવા માંગો છો ?

### ૭.૩.૩ વિદ્રોહના લક્ષણો

૧૮૫૭ ના વિપ્લવ વિશે આજે પણ ઘણાં મતમતાંતરો છે. અંગ્રેજ ઈતિહાસકારો ૧૮૫૭-૫૮ ની ઘટનાઓને બળવો માને છે. અહીં એ નોંધવું રહયું કે ૧૮૫૭ ની પહેલાં પણ સૈનિકો ઘણા નાના-મોટા વિદ્રોહો કરી ચૂકયા હતા. તેનું એક ઉદાહરણ છે. જૂલાઈ ૧૮૦૬ માં થયેલો વેલ્લૂરનો સૈનિક બળવો. ત્યાં ભારતીય સૈનિકોએ ઈસ્ટ ઈંડિયા કંપનીના ગૈરીસનની વિરુદ્ધ વિદ્રોહ કર્યો હતો. અલબત્ત, બહુ ઝડપથી એ વિદ્રોહને દાબી દેવામાં આવ્યો હતો અને છાવણીની બહાર તે ફેલાયો ન હતો.

પરંતુ, જો તમે ૧૮૫૭ ની ઘટનાઓ વિગતવાર જોશો તો તમને ચોખ્ખો ફરક જણાશે. આ વિદ્રોહ સૈનિકો દ્વારા શરૂ કરવામાં આવ્યો, પણ પછી તેમાં મોટાપાયે નાગરિકો પણ જોડાયા. તેમાં ખેડૂતો અને કલાકાર-કારીગર વર્ગ પણ જોડાયો, જેને લીધે દૂરના વિસ્તારો સુધી આ વિગ્રહ લોકપ્રિય બની ગયો. ઘણીવાર તો સૈનિકો કરતા ય પહેલાં નાગરિકો વિદ્રોહ કરી દેતાં. આનાથીએ ચોખ્ખુ જણાઈ આવે છે કે આ વિગ્રહ કેટલો લોકપ્રિય હતો. તેને હિંદુ-મુસ્લિમ એકતાની દ્રષ્ટિએ પણ મહત્વનો માનવામાં આવે છે. તેના દ્વારા વિવિધ વિસ્તારોમાં પણ એકતા વ્યાપી. દેશના એકભાગના વિદ્રોહીઓને લડવામાં બીજા ભાગના લોકોએ પણ મદદ કરી. આમ, આ વિદ્રોહ અંગ્રેજ શાસન વિરુદ્ધ ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ તરીકે જોવો જોઈએ.

તમને ખ્યાલ આવ્યો હશે કે ૧૮૫૭ નો વિપ્લવ અનેક નાના વિદ્રોહોથી ઘડાયો. તે કોઈ ચોકક્સ વર્ગનો વિદ્રોહ ન હતો. આ બળવો કંઈ ખેડૂત વર્ગે જમીનદાર વર્ગ વિરૂદ્ધ કરેલ બળવો ન હતો. ખેડૂતોએ સીધો જ અંગ્રેજી હકૂમતના વહીવટનો અને નાણાં ધીરનારા અનાજના વેપારીઓ સામે વિદ્રોહ કર્યો હતો. પરંતુ તેમણે કોઈ એક વિસ્તાર ઉપર એટલી ગહન અસર કરી, જેને લીધે તમામ વિસ્તારોમાં એ જ પ્રકારનો વિદ્રોહ ફેલાયો. અવધ અને અન્ય વિસ્તારોમાં વિદ્રોહ એટલો લોકપ્રિય બન્યો કે લોકોના આખા સમૂહ પર તેની અસર થઈ અને બધા જ એમાં શામેલ થઈ ગયા. અવધમાં તાલુકાદારો અને ખેડૂતોએ ભેગા થઈને તેમના એક જ શત્રુ-અંગ્રેજો સામે વિદ્રોહ કર્યો.

પરંતુ એમાં કોઈ શંકા નથી કે ૧૮૫૭ ના વિપ્લવમાં પ્રથમવાર જ એમ બન્યું કે હિંદુ-મુસ્લિમ, ખેડૂત-જમીનદાર કે વિવિધ જાતિઓના લોકોએ ભેગા મળીને થઈને અંગ્રેજ સરકારનો વિરોધ કર્યો. અંગ્રેજ શાસન વિરુદ્ધ ભવિષ્યમાં થનારા સ્વાતંત્ર્ય સંગ્રામનો પાયો આ વિપ્લવમાં જ નંખાયો.



નોંધ



## ૭.૪ વિદ્રોહની અસફળતા :

ભલે ભારતના ઈતિહાસમાં આ વિપ્લવ એક મહત્વની ઘટના હતી, પણ અંગ્રેજો જેવા સંગઠિત અને શક્તિશાળી શત્રુ સામે સફળતા મેળવવા માટે તેની પાસે બહુ ઓછી તક હતી. વિપ્લવ શરૂ થયાના એક વર્ષમાં જ તેને દબાવી દેવામાં આવ્યો. ૧૮૫૭ ના વિપ્લવની અસફળતાના અનેક કારણો હતાં.

વિદ્રોહીઓના ઉદ્દેશો એકસરખા ન હતાં. બંગાળી સૈનિકો મુઘલોની ખોવાયેલી પ્રતિષ્ઠા પાછી મેળવવા માંગતા હતાં, જયારે નાનાસાહેબ અને તાત્યા ટોપે મરાઠા સત્તાને પુનઃસ્થાપિત કરવા માંગતા હતાં. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈએ અંગ્રેજો દ્વારા ખાલસા કરી મૂકાયેલા તેના રાજયને પાછુ મેળવવા યુદ્ધ કર્યુ.

બીજું એ કે, આ વિદ્રોહ ભારતના અન્ય ભાગોમાં ન ફેલાયો પણ ઉત્તર અને મધ્ય ભારત સુધી જ સીમિત રહયો.

એટલે સુધી કે ઉત્તરમાં કાશ્મીર, પંજાબ સિંધ અને રાજપુતાના પ્રદેશો આ વિદ્રોહથી દૂર રહયાં. અંગ્રેજો મદ્રાસ અને મુંબઈ રેજીમેંટ તથા શિખોની વફાદારી મેળવવામાં સફળ રહયાં. અફઘાનો અને ગુરખાઓએ પણ અંગ્રેજાને સમર્થન આપ્યું. અનેક ભારતીય રાજાઓએ વિદ્રોહીઓની સહાયતા કરવાની મનાઈ કરી દીધી. મધ્ય અને ઉચ્ચ વર્ગના લોકો તથા આધુનિક શિક્ષીત ભારતીયોએ પણ આ વિદ્રોહને સાથ ન આપ્યો. ત્રીજું, આ આંદોલનનું નેતૃત્વ બહું કમજોર હતું. ભારતીય નેતાઓમાં સંગઠન અને સંયોજનના ગુણનો અભાવ હતો. વિદ્રોહી નેતાઓએ બાબતમાં અંગ્રેજ સૈનિકોની સરખામણી કરી શકે તેમ ન હતાં. મોટાભાગના નેતાઓના વિચારો ફકત તેમના પોતાના હિત માટે જ હતા. તેમનો ઉદ્દેશ ફકત તેમના વ્યક્તિગત લાભ પૂરતો જ હતો. તેઓ ફકત પોતાના વિસ્તારોની સ્વતંત્રતા માટે જ લડયા.

વિદ્રોહમાં કોઈ નેતા રાષ્ટ્રિય સ્તરે આગળ ન આવ્યો અને કોઈએ આખા સમૂહનું માર્ગદર્શન અને યોગ્ય દિશાસૂચન ન કર્યુ. લક્ષ્મીબાઈ, નાના સાહેબ અને તાત્યા ટોપે બહાદુર હતાં પણ સારા લશ્કરી નેતાઓ ન હતા. નાનાસાહેબના ભાગી છૂટવાથી અને બહાદુરશાહ ઝફરના મૃત્યુથી પેશ્વાગીરી અને મુઘલ સામ્રાજયનો અંત આવ્યો.

વિદ્રોહીઓ પાસે નાણા તથા શસ્ત્રોની કમી હતી. જે કંઈ શસ્ત્રો હતા તે જૂના અને નકામા થઈ ગયેલા હતાં. અંગ્રેજોના આધુનિક અને નવા શસ્ત્રો સામે તેમનું કંઈ ચાલે તેમ ન હતું.

વિદ્રોહીઓ બરોબર સંગઠિત પણ થયા ન હતા. દેશના વિવિધ ભાગોમાં થયેલા વિદ્રોહો વચ્ચે કોઈ વ્યવસ્થિત આયોજનની કડી ન હતી. મોટાભાગે સૈનિકો બેકાબૂ બની જતાં હતાં બીજી બાજુ, તાર-ટપાલની સવલતો દ્વારા અંગ્રેજો તેમની વ્યૂહરચના વ્યવસ્થિત રીતે કરતાં ગયાં. તેમના નિપૂણ નૌકાદળની મદદથી તેઓ ઝડપથી અંગ્રેજ સૈનિકોને ઈંગ્લેન્ડથી બોલાવી લઈને વિદ્રોહને ડામી દેવામાં સફળ બન્યા.

## ૭.૫ વિપ્લવની સાર્થકતા અને અસર :

૧૮૫૭ નો વિપ્લવએ વાતની પ્રથમ નિશાની બન્યો કે ભારતીય પ્રજા અંગ્રેજ શાસનનો અંત ઈચ્છતી હતી અને તેને માટે એક થઈને લડવા તૈયાર હતી. ભલે તેમના ઉદ્દેશમાં તેઓ નિષ્ફળ ગયા, પણ ભારતના જનમાનસમાં રાષ્ટ્રિયતાના બીજ વાવતા ગયા. વિપ્લવમાં બલિદાન આપનારા નેતાઓ અંગે તેઓ હવે વધુ જાગૃત બન્યા. જો કે, ત્યારે હિંદુઓ તથા મુસ્લિમોમાં પરસ્પર અવિશ્વાસની ભાવના જાગી, જેનો લાભ અંગ્રેજોએ ભારતમાં પોતાનું શાસન ટકાવી રાખવા લીધો.

## ૭.૬ વિદ્રોહનો વારસો

૧૮૫૭ નો બળવો એ દ્રષ્ટિએ અનન્ય છે કે તેના દ્વારા જાતિ, પ્રજાતિ અને વર્ગોના વાડા દૂર થયા. ભારતીયો પ્રથમ વખત બ્રિટીશરો વિરુદ્ધ એકજૂથ થઈને લડયા ભલે આ વિપ્લવ અસફળ રહયો પણ તેને લીધે અંગ્રેજ સરકારે ભારત પ્રત્યેની તેની નીતિ બદલવી પડી. ૧૮૫૮ ના ઓગષ્ટમાં, ભારતમાં બહેતર સરકાર માટેના કાયદા દ્વારા બોર્ડ ઓફ કંટ્રોલ (નિયંત્રણ) અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ (દિશાસૂચનો/આયોજકો) ને બરતરફ કરવામાં આવ્યા. પહેલાં ગવર્નર જનરલ તરીકે ઓળખાતા ભારતના વાઈસરોયને સહાય કરતાં ૧૫ સભ્યો સાથેની ભારતની સેક્રેટરી ઓફિસ ખોલવામાં આવી. (સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈંડિયા)

૧૮૫૮ ના ઓગષ્ટમાં ઈસ્ટ ઈંડિયા કંપની પાસેથી ભારતનો વહીવટ બ્રિટીશ રાજય પાસે ગયો અને ૧૮૭૭ માં રાણી વિક્ટોરીયાને ભારતના મહારાણી બનાવવામાં આવ્યા. આને લીધે ઈસ્ટ ઈંડિયા કંપનીના શાસનનો અંત આવ્યો.

૧૮૫૮ ની ૧ લી નવેમ્બરની ઉદ્દઘોષણામાં રાણીએ ઈસ્ટ ઈંડિયા કંપનીની નીતિઓને ચાલુ રાખવાનું જાહેર કર્યુ. ભારત બ્રિટીશ સામ્રાજયનું એક સંસ્થાન બન્યું. ભારતીય રાજવીઓને તેમના દત્તક પુત્રોને વારસદાર બનાવવાનો હક મળ્યો. ભારતીય રાજાઓ સાથે ઈસ્ટ ઈંડિયા કંપનીએ કરેલા તમામ કરારો માન્ય રાખવાનું બ્રિટીશ રાજયએ વચન આપ્યું.

અત્યારસુધીમાં અંગ્રેજોને હિન્દુ-મુસ્લિમની તૂટતી જતી એકતા વિશે ખાતરી થઈ ચૂકી હતી. તેમણે ''ભાગલા પાડો અને રાજ કરો''ની નીતિ અપનાવી. લશ્કરમાં અને તે સિવાયના વહીવટી હોદ્દાઓ ઉપર તેમણે સખત અંકુશ જાળવી રાખ્યો. ૧૮૮૫ માં મહાત્મા ગાંધી અને નેશનલ કોંગ્રેસના આવ્યા પછી જ ભારતીયો સ્વરાજ માટે ફરી ભેગા થયા.

અંગ્રેજી ભણેલા જૂથ આ બધી મુસીબતો અને અંગ્રેજોના વિરોધથી અલિપ્ત રહયું હતું. આ જૂથના લોકો પોતાની પ્રગતિનું શ્રેય બ્રિટીશ શાસનને આપતા હતાં. તેમાંના કેટલાક તો બંગાળના એ નવાં જમીનદારો હતાં, જેઓ સ્થાયી મહેસૂલની અંગ્રેજ-નીતિને લીધે લાભ પામ્યા હતાં.

એ જાણવુ રસપ્રદ રહેશે, કે આ વર્ગના લોકો ૧૮૫૭ ના વિપ્લવના ત્રીસ-ચાલીસ વર્ષ બાદ અંગ્રેજોના વિરોધી બન્યા હતાં.

૧૮૫૭ ના સંકટ માટે મુખ્યત્વે સૈન્ય જવાબદાર હતું. તેથી, સૈન્યમાં ધરમૂળથી પરિવર્તન કરવામાં આવ્યા. ભારતમાં રાખેલા બ્રિટીશ સૈન્યમાં યુરોપીયન સૈનિકોની સંખ્યા વધારી દેવામાં આવી અને ભારતીય સૈનિકોની સંખ્યા પહેલા કરતાં પણ ઘટાડી દેવામાં આવી. કેટલીક માઉંટેન બેટરીઝ સિવાય તમામ ભારતીય તોપખાનાઓને બંધ કરી દેવામાં આવ્યા અને અંગ્રેજ સૈનિકોની સાથે તોપખાનાઓ રાખવામાં આવ્યા.

બીજી તરફ, જાતિ, ધર્મ અને વિસ્તારના આધારે દેશવાસીઓને અંદરોઅંદર લડાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા. સેના અને તોપખાના વિભાગોમાં તમામ ઊંચા હોદ્દાઓ માત્ર અંગ્રેજો માટે જ રાખવામાં આવ્યા.

ભારતીયો અને અંગ્રજોમાં પરસ્પર અવિશ્વાસ અને ભય વ્યાપેલો હતો. લાંબા સમયથી એમ લાગી રહયું હતું કે ૧૮૫૭ ના વિપ્લવ પાછળનું મુખ્ય કારણ હતું શાસકો અને પ્રજા વચ્ચે સંપર્કનો અભાવ. તેથી ૧૮૬૧ ના ઈંડિયન કાઉન્સીલ એક્ટ દ્વારા ભારતમાં પ્રતિનિધિ સંસ્થાઓની વિનમ્ર શરુઆત થઈ.

વિદ્રોહની ભાવનાત્મક અસરોએ કદાચ આ સંઘર્ષનો સૌથી દુ:ખદ વારસો હતો.

## પાઠ સ્વાધ્યાય ૭.૨

૧. બ્રિટીશરો વિરુદ્ધ ભારતીય સૈનિકોની બે ફરીયાદો જણાવો.

૨. ૧૮૫૭ ના વિપ્લવના કોઈપણ ત્રણ નેતાઓના નામ આપો.

૩. ઈસ્ટ ઈંડિયા કંપનીનું શાસન ક્યારે અને કેવી રીતે બંધ થયું ?

૪. ૧૮૫૭ ના વિપ્લવની અસફળતાના કોઈપણ ત્રણ મુખ્ય કારણો જણાવો.

## તમે આટલું શીખ્યા :

- ભારતમાં અંગ્રેજ શાસનનો વિરોધ થવાના મુખ્ય કારણ હતા તેમના દ્વારા થતું દમન અને શોષણ.
- ખેડૂતો અને આદિવાસીઓની જમીન છીનવાઈ જવાથી તે પોતાની જ જમીન ઉપર મજૂરો બની ગયા હતાં. વિવિધ કરવેરાઓએ તેમનું જીવન દયામણું બનાવી દીધું હતું.
- જે લોકો હસ્તકળા ઉધોગ કે લઘુ ઉધોગમાં જોડાયેલા હતાં તેમને અંગ્રેજોની ઉત્પાદિત ચીજવસ્તુઓને લીધે પોતાના ઉધોગો બંધ કરી દેવા પડયા. આ બધા પરિવર્તનો અને અંગ્રેજોના ગેરજિમ્મેદાર વર્તનને લીધે ખેડૂતો પોતાની ફરિયાદો વિદ્રોહરૂપે કરવા મજબૂર બન્યા.

- કમભાગ્યે, અંગ્રેજોના સંગઠિત સશસ્ત્ર સૈન્ય સામે આ વિદ્રોહો અસફળ રહયા, પરંતુ ભવિષ્યમાં બ્રિટીશ રાજયને પડકાર આપવા માટેનો રસ્તો તેમણે ખોલી આપ્યો.
- ૧૮૫૭ નો વિપ્લવ અંગ્રેજ સત્તા સામે એક મોટો પડકાર હતો. તેની આગેવાની સૈનિકોએ ભલે લીધી, પરંતુ સામાન્ય નાગરિકો પણ તેમાં જોડાયા.
- ૧૮૫૭ ના વિપ્લવ પાછળ આર્થિક, રાજનૈતિક, સામાજિક, ધાર્મિક અને લશ્કરી કારણો જવાબદાર હતા. જો કે, ચરબી લગાડેલા કારતૂસોની ઘટના વિપ્લવનું તાત્કાલિક કારણ બની.
- ભારતનો એક મોટોભાગ આનાથી પ્રભાવિત થયો. વિદ્રોહના મુખ્ય કેન્દ્રો હતાં. દિલ્હી, મેરઠ, લખનૌ, ઝાંસી, બરેલી, કાનપુર અને આગ્રા. વિદ્રોહના કેટલાક મુખ્ય નેતાઓ હતાં- બખ્ત ખાન, નાનાસાહેબ, તાત્યા ટોપે, અઝીમુલ્લાહ, બેગમ હજરત મહલ, મૌલવી અહમદુલ્લાહ, રાણી લક્ષ્મીબાઈ, ખાન બહાદુર ખાન અને કુંવરસિંહ
- વિપ્લવ ભારતમાંથી બ્રિટીશ શાસન સમાપ્ત કરવામાં અસફળ રહયો. આ અસફળતાના મુખ્ય કારણો હતા. વિપ્લવનું સ્થાનિક હોવું તથા અસંગઠિત હોવું. નબળી આગેવાની તથા નાણાં અને શસ્ત્રોનો અભાવ.

## પાઠયાંત-પ્રશ્ન :

૧. ખેડૂતો તથા આદિવાસીઓના વિદ્રોહોમાં રહેલી બે સમાનતાઓ સમજાવો.

૨. ૧૮૫૭ ના વિપ્લવ પાછળ રહેલા સામાજિક-ધાર્મિક કારણો કયા હતા ?

૩. ૧૮૫૭ ના વિપ્લવનું મહત્વ સમજાવો.

૪. ૧૮૫૭ ના વિપ્લવના આગેવાનો અને વિપ્લવમાં તેમના જોડવા પાછળના કારણો દર્શાવતું એક કોષ્ટક બનાવો.

૫. શું તમને લાગે છે કે ૧૮૫૭ ના વિપ્લવે બ્રિટીશરો અને ભારતમાં ફેલાયેલા તેમના સામ્રાજય ઉપર કોઈ અસર કરી ? પરિસ્થિતિનું વિશ્લેષણ કરો અને તમારા તારણો જણાવો.

૬. ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે સામાન્ય રીતે જ્યારે લોકોના જીવનનિર્વાહના સાધનો જોખમમાં મૂકાય છે ત્યારે લોકો વિદ્રોહ પર ઉતરી આવે છે. શું તમને આજના જમાના માટે પણ આ સાચું લાગે છે ? નજીકના ભવિષ્યમાં બનેલી આવી કોઈક ઘટના છાપાં કે સામયિકોમાંથી શોધી નાંખો અને તેના વિશે ૫૦ શબ્દોમાં લખો.

૭. (ક) નીચે આપેલા ભારતના રેખાંકિત નકશામાં નીચે જણાવેલા વિદ્રોહોના વિસ્તારો દર્શાવો :

(i) ફકીરો અને સંન્યાસીઓનો વિદ્રોહ  (ii) સંથાલ વિદ્રોહ

(iii) મુંડા વિદ્રોહ  (iv) જૈતિયાં અને ગારો વિદ્રોહ

(ખ) દરેક વિદ્રોહ પાછળનું એક કારણ જણાવો.



## પાઠ-સ્વાધ્યાયના જવાબો :

૭.૧

૧. (ક) ફકીરોએ મુસ્લિમ ધર્મના ભટકતાં ભિક્ષુકો હતાં.

(ખ) મહાજન શબ્દ નાણા ઉછીના આપનારાઓ માટે વપરાતો.

(ગ) મુસ્લિમ ભાડૂઆતી ખેડૂતો, જમીનવિહોણા મજૂરો અને મલબારના માછીમારો મલીપ્પાઓ કહેવાતા.

૨. **શોષણકર્તાઓના ત્રણ જૂથ હતાં :**

(ક) અંગ્રેજ સરકારના અમલદારો.

(ખ) જમીનદારો/જમીનમાલિકો

(ગ) શાહુકારો (નાણા ઉછીના રાખનારાઓ)

૩. **લોકપ્રિય વિદ્રોહોના મુખ્ય ૪ કારણો હતાં :**

(ક) અંગ્રેજો દ્વારા શોષણ

(ખ) ખેડૂતો પર લાદવામાં આવેલું ઊંચું જમીની મહેસૂલ

(ગ) રોકડિયા તથા વ્યાપારી પાકોની ફરજીયાત ખેતી

(ઘ) લોકોની ધાર્મિક બાબતોમાં અંગ્રેજોનો ચંચૂપાત

૭.૨

૧. (ક) ઓછો પગાર અને કોઈ ભથ્થુ નહીં. એટલે કે દરિયાપાર જવાની વધારાની ફરજ માટે કોઈ નાણાકીય મદદ નહીં.

(ખ) નોકરીમાં બઢતી આપવામાં, પેંશનમાં તથા નોકરીની શરતોમાં સામાજિક ભેદભાવ.

(ગ) ચીકણા કારતૂસોના ઉપયોગને લીધે એવી અફવા ફેલાઈ કે તે કારતૂસોની ટોટી ઉપર ગાયની અને ડુક્કરની ચરબી લગાડવામાં આવેલી છે, આ વાતે સૈનિકોની ધાર્મિક લાગણી દુભવી.

૨. રાણી લક્ષ્મીબાઈ, તાત્યા ટોપે, બેગમ હઝરત મહલ, નાનાસાહેબ, આરાના કુવરસિંહ

૩. ૧૮૫૮ માં બ્રિટનની સંસદમાં રાણીએ કરેલી એક ઉદ્દઘોષણા દ્વારા ઈસ્ટ ઈંડિયા કંપનીના શાસનનો અંત આવ્યો.

૪. ૧૮૫૭ ના વિપ્લવની અસફળતાના મુખ્ય ત્રણ કારણો હતાં.


(ક) અંગ્રેજો જેવા એક સંગઠિત અને શક્તિશાળી શત્રુ

(ખ) આ વિપ્લવ ભારતના ઉત્તર તથા મધ્ય ભાગ સુધી જ સીમિત રહયો.

(ગ) વિદ્રોહીઓમાં અંદરોઅંદર વિદ્રોહના ઉદ્દેશ અંગે સમાનતા ન હતી.

(ઘ) વિદ્રોહની આગેવાની નબળી હતી.

(ચ) વિદ્રોહીઓ પાસે ધન તથા શસ્ત્રોનો અભાવ હતો.




નોંધ

૮

# ભારતનું રાષ્ટ્રિય આંદોલન

*પાછલાં કેટલાંક પ્રકરણોમાં આપણી સભ્યતાના ઈતિહાસ વિશે તમે ભણ્યા. તમે પ્રાગઐતિહાસિક કાળ (પ્રાચીન યુગ) થી શરુઆત કરી અને ભારતના સ્વતંત્રતા આંદોલન સુધીની યાત્રા કરી. ચોક્કસ આ યાત્રા મજેદાર રહી હશે. તમે વાંચ્યુ કે લોકો કેવી રીતે જંગલોમાં રહેતા હતાં ને પશુઓને મારવા માટે કેવી રીતે પથ્થરો વાપરતા હતાં. તમે તામ્ર યુગ વિશે પણ જાણ્યુ હશે, કે ધાતુની શોધ પછી કેવીરીતે નાનાં જંગલોને ધાતુ વડે કાપવામાં આવ્યા ને કઈ રીતે ધાતુ દ્વારા લોકોનું જીવન વધુ સુગમ બન્યું. ધાતુની શોધ દ્વારા જ આપણે લોહયુગ અને ઔધોગિકરણ તરફ આગળ વધ્યા. તમે વાંચ્યુ કે સમાજવ્યવસ્થા શરૂ થતાં જ અમુક લોકો બાકીના લોકો કરતાં વધુ શકિતશાળી બની ગયા. આપણે એ પણ જોયું કે ધન અને જમીન શકિતશાળી દેશો માટે કેવીરીતે લાલચના કેન્દ્ર બન્યા. આ બધાને લીધે અંતે લોકોમાં તેમના એ શોષણકર્તાઓ સામે ઉગ્ર વિરોધ અને વિદ્રોહ પ્રગટયો, જે શોષણકર્તાઓ તેમના કુદરતી અને માનવ સંશાધનોનું શોષણ કરતાં અને લોકો સાથે અમાનવીય વર્તન કરતાં. શોષણકર્તા સામ્રાજયો દ્વારા પીડિત દેશો પૈકી એક આપણો ભારત દેશ પણ હતો. આ પાઠમાં તમે ભારતની સ્વતંત્રતા માટેના લાંબા સંગ્રામ વિશે ભણશો.*



## હેતુઓ :

*આ પાઠ વાંચ્યા પછી તમે આટલું કરી શકશો.*

- *ભારતમાં રાષ્ટ્રવાદનો ઉદય થવાના કારણોની ચર્ચા કરી શકશો*
- *ભારતીય રાષ્ટ્રિય કોગ્રેસની ઉત્પત્તિ વિશે જાણી શકશો.*
- *ભારતના રાષ્ટ્રિય આંદોલનના મુખ્ય નેતાઓના નામ જાણી શકશો*
- *ભારતના રાષ્ટ્રિય આંદોલનના વિવિધ તબકકા ચકાસી શકશો.*
- *આ આંદોલનમાં ગાંધીજીની ભૂમિકા ચર્ચી શકશો.*

## ૮.૧ રાષ્ટ્રવાદનો ઉદ્‌ભવ

યુરોપમાં જે રીતે ધાર્મિક પ્રતિબંધોમાંથી મળેલી મુક્તિએ રાષ્ટ્રિય ભાવનાને વધુ પ્રબળ કરી, તે ત્યાં થયેલી નવજાગૃતિમાં સ્પષ્ટ જોઈ શકાતું હતું. રાષ્ટ્રવાદની આ અભિવ્યક્તિ ફ્રાંસની ક્રાંતિ દ્વારા આગળ વધી. ત્યાં આવેલા રાજનૈતિક પરિવર્તનોને કારણે સાર્વભૌમકત્વ રાજા પાસેથી પ્રજાના હાથમાં જતું રહ્યું. હવે પ્રજા પાસે રાષ્ટ્રનું ભાવિ નિર્માણ કરવાની શક્તિ આવી. ફ્રેંચ ક્રાંતિના મુખ્ય નારા હતા. સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ. આ વિચારોએ આખી દુનિયાને પ્રભાવિત કરી. તમે ત્રીજા પાઠમાં ભણી ગયા છો તે અન્ય ક્રાંતિઓ (અમેરીકન ક્રાંતિ, રશિયન ક્રાંતિ વગેરે) દ્વારા પણ રાષ્ટ્રવાદ દુનિયાના દેશોમાં મજબૂત બનતો ચાલ્યો. આ પાઠમાં તમે ૧૯ મી સદીમાં ભારતમાં ૧૮૫૭ ના વિપ્લવ પછી ઉદ્‌ભવેલા રાષ્ટ્રવાદ વિશે જાણશો.

### ૮.૧.૧ ભારતમાં રાષ્ટ્રવાદનો ઉદય

ભારતનું એક રાષ્ટ્ર તરીકે ઓળખાવું એ એક ઘણી લાંબી પ્રક્રિયા હતી અને તેના મૂળ પ્રાચીન યુગ સુધી લંબાયેલા જોવા મળે છે. પ્રાચીનકાળમાં અશોક અને સમુદ્રગુપ્ત જેવા સમ્રાટોએ અને મધ્યયુગમાં અકબરથી ઔરંગઝેબ સુધીના મુઘલ સમ્રાટોએ સંપૂર્ણ ભારત દેશ ઉપર શાસન કર્યું. પરંતુ એવું તો છેક ૧૯ મી સદીમાં જ બન્યુ કે જ્યારે રાષ્ટ્રિય ઓળખ અને રાષ્ટ્રિય જાગૃતિની ભાવના ઉદ્‌ભવી. આનું મુખ્ય કારણ અંગ્રેજ શાસન વિરુદ્ધ ચલાવવામાં આવેલા આંદોલનો હતા, જેના વિશે પાઠ ૪ માં તમે જાણ્યું.

સામાજિક, આર્થિક અને રાજનૈતિક પરિબળોએ લોકોમાં રાષ્ટ્રભાવના જન્માવી અને પ્રબળ બનાવી. લોકો હવે એક રાષ્ટ્રના નાગરિક તરીકે પોતાની ઓળખ અંગે જાગૃત બનવા માંડયા, અને બ્રિટીશ શાસન વિરુદ્ધ જરૂરી સંઘર્ષમાં અંદરોઅંદર એકતા સ્થાપવા માંડયા.

બ્રિટીશ શાસન દ્વારા લોકોને જે રીતે દબાવી દેવામાં આવ્યા હતા, તેને લીધે બધા દબાયેલા વર્ગો વચ્ચે પરસ્પર જોડાણ થઈ ગયું. આ દરેક વર્ગે સામ્રાજ્યવાદની અસરો એક કે બીજી રીતે ભોગવી હતી. તેમના અનુભવો જુદાજુદા હતાં અને તેમની સ્વતંત્રતાની કલ્પના પણ એકસમાન ન હતી.આવા સમયે બીજા અનેક કારણોને લીધે એક જ રાષ્ટ્રની ભાવના ધીમે ધીમે વધુ વિસ્તરતી ગઈ. બ્રિટીશરો દ્વારા શાસિત પ્રદેશોમાં એક જ પ્રકારના બ્રિટીશ કાયદા-કાનૂન ચાલતા હોવાથી એક પ્રકારની વહીવટી અને રાજનૈતિક એકતા ફેલાવા માંડી. તેને લીધે ભારતીયોમાં નાગરિકત્વ તથા એક જ રાષ્ટ્રની ભાવના દ્રઢ બનવા માંડી.

શું તમને લોકપ્રિય વિદ્રોહો વાળો પાઠ યાદ છે ? તમને યાદ છે કે જ્યારે ખેડૂતો અને આદિવાસીઓના જીવનમાં દખલ કરીને તેમની જમીનો છીનવી લેવામાં આવી, ત્યારે તેઓ કેવીરીતે અંગ્રજો સામે લડયાં હતાં ? એવી જ રીતે અન્ય લોકોના જીવનમાં પણ બ્રિટીશ સરકાર દ્વારા વધુ પડતી દખલગીરી થવાથી તેઓ પણ ભેગા થઈને અંગ્રેજ શાસન સામે લડયા.

૧૯ મી સદીની સામાજિક-ધાર્મિક સુધારણાઓએ પણ રાષ્ટ્રવાદને વધુ સુદ્દઢ બનાવ્યો. તમને યાદ છે કે તમે સ્વામી વિવેકાનંદ, એનીબેસંટ હેન્રી ડીરોઝીઓ અને એવા બીજા લોકો વિશે જાણ્યું હતું ? આ લોકોએ જનતામાં પોતાના ધર્મ અને સંસ્કૃતિ માટે સન્માન અને વિશ્વાસ જગાડયા અને માતૃભૂમિના પ્રેમનો સંદેશો ફેલાવ્યો.

રાષ્ટ્રવાદનું બૌદ્ધિક અને આધ્યાત્મિક પાસુ ફેલાવનારા લોકો હતાં બંકિમચંદ્ર ચેટર્જી, સ્વામી દયાનંદ સરસ્વતી અને અરવિંદ ઘોષ બંકિમચંદ્રે માતૃભૂમિ માટે રચેલા શ્લોક ''વંદેમાતરમ્''રાષ્ટ્રભકતોની રાષ્ટ્રીય કૂચનો નારો બની ગયો. તેણે દરેક પેઢીઓને આત્મ-બલિદાન આપવા પ્રેરી. સાથોસાથ, બ્રિટીશરોના મનમાં તેણે ભય પણ જગાડયો. તેની અસર એટલી તીવ્ર હતી કે બ્રિટીશરોએ આ ગીત ઉપર પ્રતિબંધ મૂકી દીધો. તેવી જ રીતે ભારતીયોને ખૂબ અસર કરનારો સંદેશો સ્વામી વિવેકાનંદનો હતો : ''ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડયા રહો.''ભારતના રાષ્ટ્રવાદમાં આ સૂત્રએ ખૂબ મહત્વની શકિત તરીકે કામ કર્યું.

શું તમને એ પણ યાદ છે, કે તમે પ્રિટીંગ પ્રેસ શરૂ થઈ અને તેના દ્વારા સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના વિચારો કેવીરીતે ફેલાયા ? એ બધાને લીધે પણ ભારતમાં રાષ્ટ્રવાદ સઘન બન્યો.

આ સમય દરમ્યાન ભારતમાં એવા ઘણા સંગઠનો આગળ આવ્યા, જેમણે બ્રિટીશ શાસનને પડકાર્યું. આ સંગઠનો મોટાભાગે પ્રાદેશિક (જે-તે વિસ્તારના) હતાં. તેમાંના ઘણાં સંગઠનો ખૂબ સક્રિય હતા, જેવા કે- બંગાળ પ્રેસીડેન્સી એસોસીએશન, પૂણે પબ્લીક મીટીંગ વગેરે. તેમ છતાં, એવી જરૂર અનુભવાઈ રહી હતી કે જો આ પ્રાદેશિક સંગઠનો ભેગા થઈને બ્રિટીશ શાસન વિરુદ્ધ થાય તો ભારતની જનતાને વધુ બળ મળે. પરિણામે, ૧૮૮૫ માં ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસની સ્થાપના થઈ. હવે આપણે તેની વિગતો જોઈએ.

## ૮.૨ ભારતીય રાષ્ટ્રિય કોગ્રેસની સ્થાપના (૧૮૮૫)

૧૮૮૫ માં એલન ઓકટાવિયન હયૂમ દ્વારા ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસની સ્થાપના કરવામાં આવી. હયૂમ ભારતીય વહીવટી સેવા (સીવીલ સર્વીસીસ) માંથી નિવૃત્ત થયેલા એક અધિકારી હતાં. તેમણે જોયું કે ભારતીયોમાં રાષ્ટ્રિય જાગૃતિ વધી રહી છે. આ જાગૃતિનું પરિણામ બ્રિટીશરો વિરુદ્ધ કોઈ વિગ્રહમાં ન પરિણમે તે માટે આ ભાવનાને એક સલામત અને બંધારણીય ઘાટ આપવા માટે તેમણે રાષ્ટ્રિય કોગ્રેસ સ્થાપી. તેમની આ યોજનામાં તેમને વાઈસરોય-લોર્ડ ડફરીન અને અમુક ખ્યાતનામ ભારતીયોનો સાથ મળ્યો. તેના પહેલા પ્રમુખ તરીકે વ્યોમેશચંદ્ર બેનર્જી ચૂંટાય. ભારતીય રાષ્ટ્રિય કોગ્રેસ લોકોના એવા પ્રતિનિધિઓ દ્વારા બનેલી હતી જે રાજનૈતિક રીતે સભાન લોકો માટે એક રાષ્ટ્રિય સંગઠન બનાવીને બહેતર પરિસ્થિતિ લાવવા માંગતી હતી. આ લોકોને બ્રિટીશ સરકાર તથા તેની ન્યાયભાવનામાં સંપૂર્ણ વિશ્વાસ હતો. તેમને ખાતરી હતી કે જો સરકાર સમક્ષ તેમની ફરિયાદો વ્યાજબી રીતે મૂકવામાં આવશે તો ચોકકસપણે સરકાર તેના ઉપર કામ કરશે. આ

*ઉદારમતવાદી નેતાઓ પૈકી કેટલાંક નામ છે. ગોપાલકૃષ્ણ ગોખલે, દાદાભાઈ નવરોજી, ફિરોઝ શાહ મહેતા, રાસબિહારી બોઝ, બદરુદીન તૈયબજી વગેરે. ૧૮૮૫ થી ૧૯૦૫ દરમ્યાન ભારતીય રાષ્ટ્રિય કોગ્રેસનો સામાજિક પાયો ખાસ વિસ્તરેલો ન હતો. તેની પહોંચ માત્ર શિક્ષિત ભારતીયો સુધી મર્યાદિત હતી.*



*ચિત્ર ૮.૧ ભારતીય રાષ્ટ્રિય કોગ્રેસ (૧૮૮૫ નું સત્ર)*

*- શરુઆતમાં આ સંગઠનનો ઉદ્દેશ ફક્ત એ હતો કે જનતાની ફરિયાદો અંગ્રેજ સરકાર સુધી પહોંચાડવી. તે જમાનો મવાળપંથીઓ (નમ્ર નીતિવાળાઓ) તમને ટુંક સમયમાં જ ખ્યાલ આવશે કે એવું શાથી કહેવામાં આવ્યું.*

### ૮.૨.૧ ભારતીય રાષ્ટ્રિય કોગ્રેસનો પ્રારંભિક તબકકો :

*શરૂઆતમાં વીસ વર્ષ સુધી કોંગ્રેસે સરકાર પાસે કાયદા-કાનૂનના માળખામાં રહીને નમ્રતાથી અરજીઓ (પીટીશ)નો દ્વારા પોતાની માંગણીઓ રજૂ કરી. આ કારણોસર શરુઆતના કોગ્રેસી નેતાઓને મવાળપંથી (મધ્યમમાર્ગીય) નેતાઓ કહેવામાં આવે છે. તેમણે આટલી માંગણીઓ રજૂ કરી : (ક) વિધાનસભામાં પ્રતિનિધિત્વ (ખ) સેવાઓનું ભારતીયકરણ (ગ) સૈન્યના ખર્ચમાં ઘટાડો (ઘ) નાગરિકોના અધિકારોની રક્ષા (ચ) ન્યાયપાલિકાને કાર્યપાલિકાથી અલગ રાખવી. (છ) જમીન-મહેસૂલ અને મીઠા પરના કરમાં ઘટાડો (જ) ભાડૂઆતોના નિયમમાં પરિવર્તન (ઝ) ભારતીય હસ્તઉધોગો તથા હસ્તકલાના વિકાસમાં મદદરૂપ બનતી નીતિ. (ટ) લોકોના કલ્યાણ માટેનો કાર્યક્રમ ઘડવો (ઠ) ઈન્ડિયન સિવિલ સર્વિસીસ (આઈ.સી.એસ.) પરીક્ષાઓ માટે ભારતમાં તાલીમ/શિક્ષણ, આયોજન અને નોકરી (ડ) ખેડૂતો ઉપરના બોજમાં ઘટાડો. કમભાગ્યે, આ પ્રયત્નો દ્વારા બ્રિટીશ નીતિઓ અને વહીવટમાં ખાસ પરિવર્તન થયું નહીં.*

શરુઆતમાં અંગ્રજોએ કોગ્રેસ પ્રતિ મૈત્રીપૂર્ણ વલણ દાખવ્યું. પણ ૧૮૮૭ સુધીમાં આ વલણ બદલાવા માંડયું. તેમણે મધ્યમપંથીઓની માંગણીઓ સંતોષી નહી. કોગ્રેસની સફળતા માત્ર એટલી જ હતી કે ૧૮૯૨ નો ઈન્ડિયન કાઉન્સીલ એકટ લાગૂ થયો, જેમાં બે પરીવર્તનો થયા, કે - આઈ.સી.એસ.ની પરીક્ષા લંડન તેમજ ભારતમાં યોજાશે તેવું જાહેર થયું અને વિધાનસભાનો વિસ્તાર કરીને તેમાં કેટલાંક બિનસરકારી નાગરિકોને પણ લેવામાં આવ્યા. ધીમેધીમે ઘણાં કોગ્રેસી નેતાઓનો અંગ્રેજ બંધારણ ઉપરથી વિશ્વાસ ઉઠવા માંડયો. કોગ્રેસ ત્યારેતેનું ધ્યેય પ્રાપ્ત કરવામાં ભલે નિષ્ફળ ગઈ, પરંતુ તેના કાર્યોને લીધે ભારતીયોના માનસમાં દેશપ્રેમ તથા અખંડ રાષ્ટ્રની ભાવના જન્મી, જેનાથી રાષ્ટ્રિય જાગૃતિમાં વધારો થયો. ભારત અંગેના મહત્વના મુદ્દાઓ તથા સમસ્યાઓની ચર્ચા કરવા માટે તેણે મંચ પૂરો પાડયો. સરકારની નીતિઓની ટીકા ટિપ્પણી કરીને દેશવાસીઓને રાજનૈતિક તાલીમ આપવા માંડી છતાં, તેઓ એવાં સીધાં પગલાં લેવા માંગતી ન હતી જેને લીધે તેને સરકાર સામે સંઘર્ષમાં ઊતરવું પડે. કોગ્રેસની સૌથી મોટી સફળતા એ હતી કે તેણે ભારતમાં રાષ્ટ્રિય આંદોલનનો એક મજબૂત પાયો નાંખ્યો.

મધ્યમપંથીઓને પહેલાં સહાય કરનારા અંગ્રેજોને હવે લાગવા માંડયું કે આ આંદોલન ઝડપથી એક એવું રાષ્ટ્રિય આંદોલન બની જશે કે જે તેમને ભારતમાંથી હાંકી કાઢશે. આ ભયને લીધે તેમનું વલણ તદ્દન બદલાઈ ગયું. પ્રેસ અને શિક્ષણ ઉપર નિયંત્રણ રાખવા તેમણે સખત કાયદાઓ અમલમાં મૂકયા. એ કાયદાઓમાં નજીવી છૂટ આપવામાં આવી, જેથી કોંગ્રેસી નેતાઓ નારાજ ન થાય. વાઈસરોય લોર્ડકર્ઝન કટ્ટર સામ્રાજયવાદી હતો અને અંગ્રેજોને જ સર્વોપરી માનતો હતો. તેણે ૧૮૯૮ માં એવો કાયદો બનાવ્યો, જેના દ્વારા લોકોને અંગ્રેજ શાસન વિરુદ્ધ ઉશ્કેરવા ઉપર કડક પ્રતિબંધ આવ્યો. ભારતની યુનિવર્સિટીઓ ઉપર કડક નિયંત્રણ સ્થાપતો ઈન્ડિયન યુર્નિવર્સિટીઝ એકટ ૧૯૦૪ માં પસાર થયો. કર્ઝનની ઈચ્છા કોંગ્રેસને ઉગતી જ ડામી દેવાની હતી. ૧૯૦૫ માં તેણે જે પગલા લીધા, તેના ઉપરથી આ વાત સ્પષ્ટ દેખાઈ આવી. તેના વિશે તમે હવે જાણશો.

## ૮.૩ બંગાળના ભાગલા (૧૯૦૫)

તમને શું લાગે છે, કે ૧૯૦૫ માં શું થયું હશે ? કર્ઝને બંગાળના ભાગલા જાહેર કર્યા. વહીવટમાં સરળતા પડે એ બહાના હેઠળ આ ભાગલા પાડવાનું જાહેર થયું પરંતુ તેમનો ખરો હેતુ હતો, "ભાગલા પાડો અને રાજ કરો."આ ભાગલા દ્વારા મુસ્લિમોને એક અલગ રાજય આપીને દેશની જનતામાં કોમવાદનું ઝેર ફેલાવવામાં આવ્યું. જો કે, ભારતીયો સમજી ગયા કે બ્રિટીશ સરકાર આ ચાલ દ્વારા હિંદુ-મુસ્લિમ એકતા તોડીને ભારતનું આગળ ધપી રહેલું રાષ્ટ્રિય આંદોલન રોકવા માંગતી હતી. આ પગલા સામે બધેથી વિરોધ ઉઠયો. બધી ગલીઓ અને પ્રેસ આ વિરોધથી ઉભરાવા માંડયા. આ વિરોધ દર્શાવવા માટે ઘણી આયોજીત સભાઓ, સરઘસો અને દેખાવો થવા માંડયા. હિન્દુ-મુસ્લિમોએ એકબીજાને રાખડી બાંધીને પોતાની એકતા તથા ભાગલા સામે વિરોધ પ્રદર્શિત કર્યો.

### મનોયત્ન ૮.૧

તમને રાખડી એટલે શું તે ખબર છે ? તેના ઉપર એક ફકરો લખો. ભારતીય તહેવાર રક્ષાબંધનના સંદર્ભે તેને સાંકળીને લખો.

હવે સ્વદેશી (ભારતમાં બનેલું) વસ્તુઓ, વેપાર-ધંધા, રાષ્ટ્રિય શિક્ષણ અને ભારતીય ભાષાઓને પ્રોત્સાહન અપાવા માંડયું. નવા ઉદ્‌ભવેલા રાષ્ટ્રસન્માન અને તેના દ્વારા જાગેલી આત્મસન્માનની ખુમારીવાળા લોકોના મનમાંથી અંગ્રેજોના દમન અને ધરપકડનો ભય જતો રહયો. બાળગંગાધર ટીળકએ નેતા હતાં જેમણે અંગ્રેજોના બહિષ્કારને એક એવા સાધન તરીકે જોયું, કે જેનાથી અંગ્રેજ સરકારના પાયા હચમચાવી શકાતા હતાં. અંગ્રેજો તથા તેમની વસ્તુઓ તથા સેવાઓનો બહિષ્કાર અને સ્વેદશી વસ્તુઓ વાપરવાના આંદોલને અનેક સ્વદેશી ઉધોગો વિકસાવ્યા- જેવા કે- કાપડની મિલો, બેંક, હોઝિયેરી કાપડ, ચર્મ ઉધોગ, રસાયણ ઉધોગ, વીમા કંપનીઓ વગેરે. સ્વદેશી દુકાનો ખુલી. સ્વંયસેવકો ઘરેઘર વસ્તુઓ પહોંચાડવા લાગ્યા. આ આંદોલન દરેક ભારતીય સુધી પહોંચ્યુ. સ્ત્રીઓ અને બાળકો સુધ્ધાં તેમાં ભાગ લેવા આગળ આવ્યા. શાળા અને કોલેજના વિધાર્થીઓ સૌથી વધુ સક્રિય બન્યા. આવા ઉગ્ર અને સક્રિય આંદોલનને લીધે અંગ્રેજ સરકારે ૧૯૧૧ માં બંગાળના ભાગલા પાછા ખેંચવા પડયા.

આ સમયે રાષ્ટ્રિય કોંગ્રેસીઓ પૈકી જહાલ પક્ષ તરીકે જાણીતા થયેલા નેતાઓની ભૂમિકા વખણાઈ. આ નેતાઓએ સ્ત્રીઓ, યુવાનો, ખેડૂતો તથા કામદારો- એમ તમામ વર્ગને આ આંદોલનમાં જોડવાની કોશિશ કરી. તેઓ ભારતીયોને તેમના સૌના એક જ દુશ્મન-અંગ્રેજો વિરુધ્ધ સામે થવા માટે ભેગા કરી શકયા. યુવકોનો દેશપ્રેમ સર્વોચ્ચ શિખરે પહોંચ્યો અને તેઓ માતૃભૂમિને આઝાદ કરાવવાના ઉત્સાહથી છલકવા માંડયા. આ નેતાઓએ જનતાને આત્મનિર્ભર અને આત્મવિશ્વાસુ બનવામાં મદદ કરી. તેમને લીધે ભારતના કુટિર ઉધોગો પણ પુર્નજન્મ પામ્યા.

## ૮.૪ કટ્ટર રાષ્ટ્રવાદીઓનો ઉદય

કોંગ્રેસના મધ્યમપંથી નેતાઓની મધ્યમમાર્ગીય નીતિઓને લીધે 'ગરમદળ' અથવા જહાલપક્ષ તરીકે ઓળખાતા નેતાઓ સક્રિય બન્યા. આમ, કોગ્રેસનો પ્રારંભિક તબકકો એક તરફ અંગ્રેજ સરકારની પ્રતિક્રિયા સાથે અને બીજી તરફ ૧૯૦૭ માં કોગ્રેસના ભાગલા સાથે સમાપ્ત થયો. તેથી જ ૧૯૦૫ થી ૧૯૧૮ સુધીનો સમયગાળો કોગ્રેસમાં જહાલપક્ષ ના ઝનૂની સમયગાળા તરીકે ઓળખાય છે. આ દળમાં લાલ-બાલ-પાલની ત્રિપુટી (લાલા લાજપતરાય, બાળ ગંગાધર તિલક અને બિપીનચંદ્ર પાલ) ની આગેવાની મહત્વની બની. જયાંસુધી મધ્યમમાર્ગીય મવાળપક્ષના નેતાઓની આગેવાની હતી, ત્યાં સુધી આ લોકો શાંત હતાં પરંતુ હવે તેઓ મેદાનમાં આવ્યાં. તેમના આગમનથી ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામનો નવો તબકકો શરૂ થયો. તેમના મત મુજબ મધ્યમમાર્ગીય મવાળપક્ષના નેતાઓ ભારતના રાજનૈતિક ઉદ્દેશોને પ્રાપ્ત કરી શકયા ન હતા અને તેમણે નરમ અને

બિનઅસરકારક રીતિઓ અપનાવી હતી. તદ્ઉપરાંત તેઓ અંગ્રેજો પ્રતિ વિશ્વાસબદ્ધ રહયાં અને અંગ્રેજો સાથેની વાટાઘાટોમાં જનતાને સહભાગી ન કરી શક્યા.



આકૃતિ ચિત્ર ૮.૨ લાલ-બાલ-પાલ

ગરમદળ (જહાલ પક્ષ) ને ખાતરી હતી કે અંગ્રેજો ભારતીયોનું શોષણ કરવા, તેમની સ્વ-નિર્ભરતા તોડવા અને ભારતની સંપત્તિ ખેંચી જવા માંગતા હતા. તેમને લાગ્યું કે હવે ભારતીયોએ બ્રિટીશ શાસનમાંથી આઝાદ બનીને પોતાનો દેશ જાતે ચલાવવો જોઈએ. આ નેતાઓએ અંગ્રેજી પાસે નરમ અરજીઓ ન કરી. તેમણે જાહેર સભાઓ યોજીને અંગ્રેજોની નીતિઓનો ખુલ્લો વિરોધ કર્યો. વિદેશી વસ્તુઓ ઉપર પ્રતિબંધ મૂકયો અને સ્વદેશી વસ્તુઓનો પ્રચાર કર્યો. તેઓ અંગ્રેજોની દગા માંગતા ન હતા, પણ સ્વરાજયને પોતાનો અધિકાર માનતા હતા. બાળગંગાધર ટિળકે એક સૂત્ર આપ્યું, ''સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે અને હું તેને મેળવીને જ જંપીશ.''

૧૯૧૬ માં શ્રીમતી એની બેસંટના પ્રયત્નોથી આ બે જૂથ ફરી એક બન્યા. તમને યાદ છે, તમારા આગલા પાઠમાં એની બેસન્ટ વિશે તમે ભણ્યા હતા ? તેમણે હોમરૂલ ચળવળ માટે ૧૯૧૪ માં કામ કરવું શરુ કર્યુ હતું. તેઓ ભારતના સ્વ-શાસનની તરફેણમાં હતાં. ૧૯૦૬ માં મુસ્લિમ લીગ અને કોંગ્રેસે પણ પરસ્પર હાથ મિલાવ્યા અને લખનૌ કરાર કર્યો. ત્યારપછીના સમયગાળામાં જવાહરલાલ નહેરુ, ગાંધીજી અને સુભાષચંદ્ર બોઝ જેવા ધુરંધર નેતાઓએ ભારતના સંગ્રામને આગળ ધપાવ્યો.

### મનોયત્ન ૮.૨

ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની સ્થાપનાથી માંડીને આઝાદી મળવા સુધીના સમયગાળાની સમયરેખા બનાવો. તેને લગતાં ફોટા ભેગા કરો અને તેનો એક ચાર્ટ બનાવો.


## ૮.૫ મુસ્લિમ લીગની સ્થાપના (૧૯૦૬)

જેમ જેમ કટ્ટર રાષ્ટ્રિયવાદી આંદોલન ઉગ્ર બનતું ગયું તેમતેમ અંગ્રેજો ભારતીયોની એકતા તોડવાના પ્રયાસો કરવા માંડયા. એવું કરવા માટે સરકારે બંગાળના ભાગલા પાડીને કોમવાદને ભડકાવવાની કોશીશ કરી. તેમણે મુસ્લિમોને પોતાનું કાયમી રાજનૈતિક સંગઠન બનાવવા ઉશ્કેર્યા. ૧૯૦૬ ના ડિસેમ્બરમાં ઢાકામાં મોહમ્મદીન એજ્યૂકેશનલ કોન્ફરન્સ દરમ્યાન નવાબ સલીમઉલ્લા ખાને મુસ્લિમોનું હિત સાચવવા માટે એક સેન્ટ્રલ મોહમ્મદી સંગઠન ઘડવાનો વિચાર રજૂ કર્યો. તે મુજબ 30 મી ડિસેમ્બર, ૧૯૦૬ ના રોજ અખિલ ભારતીય મુસ્લિમ લીગની સ્થાપના થઈ. અન્ય એક અગ્રણી વ્યકિત આગાખાન તેના પ્રમુખ ચૂંટાયા. આ લીગનો મુખ્ય ઉદ્દેશ હતો ભારતના મુસ્લિમોના અધિકારોનું રક્ષણ કરવું અને તેમની માંગણીઓ સરકાર સમક્ષ મૂકવી. અલગ મતદાર મંડળો (ઈલેક્ટ્રોરેટ)ના મુદ્દા દ્વારા અંગ્રેજોએ ભારતીયોમાં કોમવાદ અને જુદાગરાના બી વાવ્યા. મુસ્લીમ લીગની સ્થાપનાએ અંગ્રેજોની ''ભાગલા પાડો અને રાજ કરો''નીતિનું પ્રથમ સચોટ પરિણામ મનાય છે. વખત જતાં મોહમ્મદ અલી ઝીણા મુસ્લિમ લીગમાં જોડાયા.

## ૮.૬ મોર્લે-મિંટો સુધારણાઓ (૧૯૦૯)

તમને યાદ છે, કે તમે ૧૮૯૨ ના ઈંડિયન કાઉન્સીલ એક્ટ વિશે ભણ્યા હતાં, જેના દ્વારા વિધાનસભાનો વિસ્તાર કરીને તેમાં બીજા સાંસદો ઉમેરવામાં આવ્યા ? ૧૯૦૯ નો કાઉન્સીલ એક્ટ એ ૧૮૯૨ ના ઈંડિયન કાઉન્સીલ એક્ટનું જ વિસ્તારેલું સ્વરૂપ હતું. આ કાયદાને મોર્લે-મિંટો તરીકે પણ ઓળખવામાં આવ્યો, કેમ કે તે વખતે આ કાયદાને લાવનાર રાજય સેક્રેટરી હતાં લોર્ડ મોર્લે અને વાઈસરોય હતાં લોર્ડ મિન્ટો. તેણે સાંસદોની સભ્યસંખ્યા ૧૬ થી વધારીને ૬૦ કરી દીધી. કેટલાક બિન-ચૂંટાયેલા સભ્યો પણ ઉમેરવામાં આવ્યા. ભલે વિધાનસભાની સભ્ય સંખ્યા વધી ગઈ, પરંતુ તેની પાસે કોઈ ખરી સત્તા ના હતી. તેઓ મુખ્યત્વે ખાલી સલાહકાર બન્યા રહયા. તે કોઈ ખરડાને પસાર થતો અટકાવી ન શકયા, કે ન તો બજેટ ઉપર તેમની કોઈ સત્તા હતી.

ભારતના રાજકારણમાં કોમવાદ દાખલ કરવા માટે અંગ્રેજોની બીજી ચાલ હતી. મુસ્લિમો માટે જુદા મતદાર મંડળો (ઈલેક્ટોરેટ) રાખવા. તેનો અર્થ એ હતો કે માત્ર મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાંથી મુસ્લિમો જ ચુંટાઈ શકે. હિન્દુઓ માત્ર હિંદુઓને જ અને મુસ્લિમો માત્ર મુસ્લિમોને જ મત આપી શકે. ઘણા નેતાઓએ અંગ્રેજોની આ "ભાગલા પાડો અને રાજ કરો" ની નીતિનો સખત વિરોધ કર્યો.



નોંધ



## ૮.૭ પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન રાષ્ટ્રિય આંદોલનનો તબકકો :

તમે આગલા પાઠોમાં ભણી ગયા છો ? તેમા પ્રથમ વિશ્વયુદ્ધ ૧૯૧૪ માં શરુ થયું. આ વિશ્વયુદ્ધ યુરોપના દેશો વચ્ચે પોતપોતાના એકહથ્થુ સામ્રાજયો સ્થાપવાના ઉદ્દેશથી થયું. પ્રથમ વિશ્વયુદ્ધના આ સમય દરમ્યાન અંગ્રેજ સરકારે ભારતીય નેતાઓને અપીલ કરી કે તેઓ આ કપરા સંજોગોમાં તેમને સાથ આપે નેતોઓ શરતે તૈયાર થયા કે અંગ્રેજ સરકાર યુદ્ધ પછી ભારતીયોને બંધારણીય અને વહીવટી અધિકારો આપે.

કમભાગ્યે, પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન બ્રિટીશ સરકારે લીધેલા પગલાઓથી ભારતીયોમાં અસંતોષ અને અંધાધૂંધી ફેલાયા. આવું એટલે બન્યું કે યુદ્ધમાં થયેલા દેવાને પહોંચી વળવા અંગ્રેજ સરકારે ભારતમાં લગાન (જમીન-મહેસૂલ) વધારી દીધું. અંગ્રેજ સૈન્યમાં તેમણે બળજબરીથી ભારતીયોની ભરતી કરી. જીવનજરુરિયાતની ચીજ-વસ્તુઓના ભાવ તેમણે વધારી દીધા અને વ્યકિતગત તેમજ ધંધાદારી આવક ઉપર ભારે કરવેરા નાંખ્યા. પરિણામે, ભારતીય જનતાએ અંગ્રેજ સરકારનો ઉગ્ર વિરોધ કર્યો. તેમની શોષણખોર નીતિઓ સામે ચંપારણ્ય, બારડોલી, ખેડા અને અમદાવાદના ખેડૂતો તથા કામદારોએ સખ્ત વિરોધ નોંધાવ્યો. લાખો વિધાર્થીઓએ શાળાઓ તથા કોલેજો છોડી દીધી. હજારો વકીલોએ વકીલાત બંધ કરી દીધી. મહિલાઓએ પણ આ આંદોલનમાં મહત્વનું યોગદાન આપ્યું અને ગાંધીજીના આવ્યા પછી વધુ જુસ્સાભેર આ લડતમાં જોડાઈ. વિદેશી કાપડનો બહિષ્કાર એક મોટી ચળવળ બની ગયું. ભારતનું આકાશ લાખો વિદેશી કાપડની હોળીથી પ્રજજવલિત થઈ ઉઠયું.

### મનોયત્ન ૮.૩

ભારતના રાષ્ટ્રિય આંદોલનની સફળતામાં મિડીયાએ મહત્વની ભૂમિકા ભજવી. તે વખતના અગ્રગણ્ય છાંપાઓના નામ ખોલી કાઢો. તે વખતે વપરાયેલી પ્રસિદ્ધિ માટેની યોજનાઓ પણ જાણો. આ બધા ઉપર એક રિપોર્ટ લખો.

## ૮.૭ મવાળ પક્ષ અને જહાલ પક્ષનું એકજૂથ બનવું.

યુદ્ધના સમયે, ૧૯૧૬ માં થયેલા લખનૌ કોગ્રેસ અધિવેશન દરમ્યાન મવાળ પક્ષ અને જહાલ પક્ષ (નરમ-ગરમ દળ) ભેગા થયા. મુસ્લિમ લીગ અને કોગ્રેસ અલગઅલગ મતદાર મંડળો માટે સંમત થયા અને જયાં જે પક્ષ લઘુમતિમાં હોય ત્યાં તે પક્ષને પણ મહત્વ આપવા માટે સંમત્ત થયા.

કોગ્રેસ અને મુસ્લિમ લીગ-બેઉએ સ્વરાજની માંગણી કરી. જેને સરકાર વધુ લાંબો સમય અવગણી શકી નહીં. કોગ્રેસનું લખનૌ અધિવેશન પણ મહત્વનું હતું, કેમ કે ૧૯૦૭ પછી છૂટા પડેલા નેતાઓ પણ તેમાં હાજર રહયા હતાં. આમ થવાથી ટિળક મહત્વની ભૂમિકામાં આવ્યા અને

ત્યારપછી તો આજીવન, ૧૯૭૦ સુધી આ આંદોલનમાં સક્રિય રહયાં. કોગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચે થયેલા લખનૌ કરારે લોકોના મનમાં આશા અને ઉત્સાહ જન્માવ્યા. સાથોસાથ, હોમરૂલ ચળવળે પણ લોકોમાં નિર્ણયશકિત અને આત્મવિશ્વાસ જગાવ્યા. ભારતીયોને શાંત પાડવા માટે ૧૯૧૯ માં મોન્ટેગ્યૂ-ચેમ્સફોર્ડ સુધારાઓ આવ્યા. તેણે બેવડા શાસનનો પ્રસ્તાવ મૂકયો, જેમાં દરેક પરગણામાં બેવડી સરકાર ચલાવવાની વાત મૂકાઈ. તેના મુજબ દરેક પરગણુ બે સરકાર ધરાવે- એક અંગ્રેજ રાજ્યપાલ (ગવર્નર)ને જવાબદાર અને બીજી વિધાનસભા દ્વારા ભારતીય મતવિસ્તારોને જવાબદાર. આ રિપોર્ટમાં સરકારની સેવાઓનું ભારતીયકરણ કરવાનો પણ પ્રસ્તાવ હતો.

પ્રથમ વિશ્વયુદ્ધ બ્રિટન અને તેના મિત્ર રાજયો જીત્યા. પવિત્ર ઓટોમન સામ્રાજય ખલીફાને હસ્તક અપાશે એવી આશામાં મુસ્લિમોએ યુદ્ધમાં અંગ્રેજોને સાથ આપ્યો. પરંતુ યુદ્ધ પછી તુર્કીના સુલતાન ઉપર નવી સંધિ લાદવામાં આવી અને ઓટોમન સામ્રાજયના ભાગલા પાડી દેવામાં આવ્યાં. ખલીફાનું આ રીતે અપમાન થવાથી મુસ્લિમો રોષે ભરાયા. શૌકત અલી અને મોહમંદ અલીએ અંગ્રેજ હકૂમત વિરુદ્ધ ખિલાફત આંદોલન કર્યું.

પ્રથમ વિશ્વયુદ્ધના અંત પછી અંગ્રેજ સરકારે રોલેટ એકટ પસાર કર્યો. આ કાયદા દ્વારા અંગ્રેજ સરકાર કોઈપણ વ્યકિતને વોરંટ વગર કેદી બનાવી શકતી હતી અથવા તેના ઉપર મુકદ્દમો ચલાવી શકતી હતી. આ કાયદા દ્વારા ભારતીયોને કોઈપણ જાતના હથિયાર રાખવાની મનાઈ કરવામાં આવી. આમ થવાથી શિખો રોષે ભરાયા, કેમ કે તેઓ તેમના ધર્મના પ્રતીક તરીકે હંમેશા પોતાની સાથે કિરપાણ (નાની કટાર) રાખતાં, જેનાં ઉપર પ્રતિબંધ આવ્યો. ભારતીયોને આ કાયદો પોતાના અપમાન જેવો લાગ્યો. આ કાયદાના શાંતિપૂર્ણ વિરોધ માટે ૧૩ મી એપ્રિલ ૧૯૧૯ ના રોજ પંજાબના વૈશાખીના મેળા નિમિત્તે લોકો જલિયાંવાલા બાગમાં ભેગા થયા હતાં.

ત્યાં જનરલ ડાયર નામનો અંગ્રેજ લશ્કરી અમલદાર ઘુસી આવ્યો અને પોતાના સૈનિકોને આ લોકો ઉપર ગોળીબાર કરવાનો હુકમ આપ્યો. લોકોને કોઈપણ પ્રકારની ચેતવણી આપ્યા વિના આમ કરવામાં આવ્યું. જલિયાંવાલા બાગના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા અને સ્ત્રી, પુરુષો કે બાળકો-કોઈને પણ ત્યાંથી બચીને ભાગવા દેવામાં ન આવ્યા. કેટલીક મિનીટોમાં જ હજારો લોકો મૃત્યુ પામ્યા. આ નરસંહારથી ભારતીયોનો ક્રોધ ભભૂકી ઉઠયો. આ ઘટનાથી વ્યથિત થઈ ઉઠેલા પ્રસિદ્ધ ફિલસૂફ અને કવિ રવિન્દ્રનાથ ટાગોરે પોતાનો ક્રોધ અને શોક પ્રદર્શિત કરવા માટે અંગ્રેજ સરકારને પોતાનો નાઈટહૂડનો ઈલ્કાબ પરત સોંપી દીધો.

## પાઠ-સ્વાધ્યાય ૮.૧

૧. બ્રિટીશ શાસનકાળમાં ભારતીયોમાં રાષ્ટ્રિય ચેતના જાગવા પાછળના ત્રણ કારણો દર્શાવો.

૨. ૧૮૮૫ માં ભારતીય રાષ્ટ્રિય કોગ્રેસની રચના કરવા પાછળ બ્રિટીશ સરકારનો શો ઉદ્દેશ હતો ?

૩. મવાળપક્ષ અને જહાલપક્ષમાં શો તફાવત હતો ?

૪. પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન ભારતીય નેતાઓએ અંગ્રેજોને શાથી સહાયતા કરી ?

૫. ખિલાફત ચળવળ અંગ્રેજ શાસનની વિરુદ્ધમાં કેમ હતી ?

## ૮.૮ ગાંધીજી



ચિત્ર ૮.૩
મોહનદાસ કરમચંદગંધી

મોહનદાસ કરમચંદ ગાંધી બ્રિટનમાં તાલીમ પામેલા વકીલ હતા. તેઓ ૧૮૯૩ માં દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાં ૨૦ વર્ષ રહયા. દક્ષિણ આફ્રિકામાં ભારતીયો સાથે અંગ્રેજોનો દુર્વ્યવહાર જોઈને તેમનો આત્મા કકળી ઉઠયો. તેમણે દક્ષિણ આફ્રિકાની સરકારની રંગભેદની નીતિ સામે લડી લેવાનું નકકી કર્યુ. સરકાર સાથેના સંઘર્ષ દરમ્યાન તેમણે સત્યાગ્રહ શોધી નાંખ્યો. સત્ય અને ન્યાય માટે અહિંસક રીતે લડવાની આ રીત હતી. દક્ષિણ આફ્રિકાની એ લડતમાં ગાંધી સફળ થયાં.

તે ૧૯૧૫ માં ભારત પાછા ફર્યા. ૧૯૧૬ માં તેમણે અમદાવાદમાં સાબરમતી આશ્રમ ખોલીને ત્યાં સત્ય અને અહિંસાના સિદ્ધાંતો મુજબ કામ કરવા માંડયું. ગોપાલકૃષ્ણ ગોખલેએ તેમને ભારતના ગામડાઓમાં ફરીને લોકોની સ્થિતિ અને સમસ્યાઓ સમજવાની સલાહ આપી. તેમનો પ્રથમ સત્યાગ્રહ ૧૯૧૭ માં બિહારના ચંપારણ્યમાં થયો. ત્યાંના ખેડૂતોને તેમણે શોષણખોર રોપા-પદ્ધતિ વિરુદ્ધ સંઘર્ષ કરવા સમજાવ્યા.

ગુજરાતના ખેડા વિસ્તારના ખેડૂતોને સહાયતા કરવા માટે તેમણે ખેડા સત્યાગ્રહ પણ કર્યો. આ ખેડૂતો પાક નિષ્ફળ જવાથી તેમજ રોગચાળો ફાટી નીકળવાને લીધે જમીનમહેસૂલ ભરી શકે તેમ ન હતા. અમદાવાદમાં તેમણે સુતરાઉ કાપડની મીલના મજૂરોને સાથે લઈને સત્યાગ્રહ કર્યો.

### મનોયત્ન ૮.૪

ચંપારણના ખેડૂતોએ તમને ગાંધીજીને આમંત્રણ આપવાની વિનંતી કરી છે. ચંપારણ્યના લોકોની સ્થિતિ વિશે અને તમે ત્યાંના લોકો માટે શું કરવા માંગો છો તેના વિશે ગાંધીજીને પત્ર લખો.

### ૮.૮.૧ અસહકાર આંદોલન (૧૯૨૦-૨૨)

અત્યાર સુધીમાં ગાંધીજીને ખાતરી થઈ ચૂકી હતી કે સરકારને સમર્થન આપવાથી કોઈ લાભ નથી. બિહારમાં તેમને મળેલી સફળતાથી પણ તેઓ વધુ શકિત સામર્થ્યવાન બન્યા હતાં. ભૂતકાળની

ઘટનાઓ તથા તેમાં અંગ્રેજ સરકારે લીધેલાં પગલાઓને ધ્યાનમાં રાખીને રોલેટએકટ વિરુદ્ધ ૧૯૧૯ માં તેમણે દેશવ્યાપી સત્યાગ્રહનું આહ્વવાન આપ્યું. સરકાર જો તેમની માંગણી ન સ્વીકારે તો તેમણે અસહકારનું આંદોલન કરવાની ધમકી આપી. તમને શું લાગે છે, આ કાયદા વિરુદ્ધ ગાંધીજીએ શું કામ અવાજ ઉઠાવ્યો હશે ? એવું એટલા માટે, કેમ કે આ કાયદા દ્વારા સરકારને રાજનૈતિક પ્રવૃત્તિઓ રોકવા અને રાજનૈતિક કેદીઓને વોરંટ વગર પકડીને બે વર્ષ સુધી જેલમાં રાખવાની છૂટ મળી હતી. આવા અન્યાયી કાયદા-કાનૂનો વિરુદ્ધ ગાંધીજી અહિંસક અસહકાર કરવા માંગતા હતા. સરકારે તેના ઉપર ખાસ ધ્યાન આપ્યું નહીં. પરિણામે, ૧૯૨૦ માં ગાંધીજીએ અસહકારનું આંદોલન ચાલુ કર્યુ અને લોકોને સમજાવ્યા કે તે અંગ્રેજ સરકારને સાથ ન આપે. આ સમયમાં મુસ્લિમ લીગની ખિલાફત ચળવળ અને ગાંધીજીનું અસહકાર આંદોલન- બેઉ અંગ્રેજ સરકારની વિરુદ્ધ મેદાને પડયા.

આની માટે ગાંધીજીએ એક વિસ્તૃત કાર્યક્રમ આપ્યો :- (૧) સરકારે આપેલા હોદ્દાઓ અને ખિતાબો પાછા આપવા અને સ્થાનિક સંસ્થાઓની પદવીઓનો ત્યાગ કરવો અને રાજીનામા આપવા. (૨) કાર્યાલયો અથવા તેની બહારના સંમેલનોમાં હાજર ન રહેવું. (૩) સરકાર દ્વારા સંચાલિત કોલેજો તથા શાળાઓમાંથી ધીમેધીમે વિદ્યાર્થીઓને ખસેડી લેવા. (૪) વકીલો દ્વારા બ્રિટીશ ન્યાયાલયોનો બહિષ્કાર કરવો. (૫) મોસેપોટેમીયામાં અપાતી લશ્કરી, કારકૂની કે કામદાર વર્ગની નોકરીઓમાં ન જોડાવું. (૬) વિધાનસભાની ચૂંટણીનો મતદારો તથા ઉમેદવારો દ્વારા બહિષ્કાર. (૭) વિદેશી ચીજવસ્તુઓનો બહિષ્કાર તથા રાષ્ટ્રિય શાળા અને કોલેજો સ્થાપવામાં આવી.

ત્યારપછી આ કાર્યક્રમ સાથે એક સહાયક રચનાત્મક કાર્યક્રમ ઘડવામાં આવ્યો જેના ત્રણ મુખ્ય લક્ષણો હતા. ૧) સ્વદેશી વસ્તુઓનો પ્રચાર (ખાસ કરીને હાથે વણેલી અન બનાવેલી વસ્તુઓનો) ૨) હિન્દુઓમાંથી અસ્પૃશ્યતાને દૂર કરવી. ૩) હિન્દુ-મુસ્લિમ એકતા વધારવી.

ગાંધીજીની આ અપીલને લીધે દેશભરના લોકોમાં અસાધારણ જુસ્સો ફેલાઈ ગયો. મોટી સંખ્યામાં લોકોએ પોતપોતાનાં ભેદભાવ ભૂલીને આંદોલનમાં જોડાવા માંડયું. ૨/૩ થી વધુ મતદાતાઓએ નવેમ્બર ૧૯૨૦, કાઉન્સીલની ચૂંટણીમાં મતદાન ન કર્યુ. હજારો વિદ્યાર્થીઓએ શાળા-કોલેજો છોડીને નવા શિક્ષણકેન્દ્રો ચલાવવા માંડયા.

મોતીલાલ નહેરુ, સી.રાજગોપાલચારી, સી.આર.દાસ અને આસિફઅલી જેવા વકીલોએ વકીલાત છોડી અને અદાલતોનો બહિષ્કાર કર્યો. વિધાનસભાનો પણ બહિષ્કાર કરવામાં આવ્યો. વિદેશી કાપડનો બહિષ્કાર કરવામાં આવ્યો અને એ કપડાઓની હોળી કરવામાં આવી.



ચિત્ર ૮.૪ રાષ્ટ્રિય આંદોલન દરમ્યાન ગાંધી

પરંતુ, આ ચવળળ દરમ્યાન એવાં કેટલાક બનાવો બન્યા, જે ગાંધીજીના વિચારોથી બિલકુલ અલગ હતા. અહિંસક રીતે શરુ થયેલા અસહકારના નિર્મળ આંદોલન દરમ્યાન ઓગષ્ટ ૧૯૨૧ માં હિંસા ભડકી. સરકારે ગંભીર પગલાં લેવા શરુ કર્યા. અગ્રણી નેતાઓની ધરપકડ કરવામાં આવી. બે માસમાં લગભગ ૩૦,૦૦૦ લોકોને બંદી બનાવવામાં આવ્યા, હિંસા ફાટી નીકળવાથી ગાંધી વધુ સાવધાન થઈ ગયા. ૧૯૨૨ ની ૯ ફેબ્રુઆરીના રોજ ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામે લોકોના ટોળા દ્વારા હિંસા આચરવામાં આવી. તેના પછી બરેલીમાં વધુ હિંસા ભડકી. ગાંધીજીએ ૧૯૨૨ ની ૧૪ મી ફેબ્રુઆરીએ અસહકાર આંદોલન રોકી દીધું. ૧૯૨૨ ની ૧૮ મી માર્ચે અમદાવાદ ખાતે તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને ૬ વર્ષની સાદી જેલની સજા આપવામાં આવી. અસહકાર આંદોલન ભલે સફળ ન થઈ શક્યું પરંતુ ભવિષ્યના આંદોલન માટે તેણે મહત્વની ભૂમિકા બાંધી આપી. અસહકાર આંદોલન પાછુ ખેંચી લીધા પછી ગાંધીજી અને તેમના અનુયાયીઓ ગામડાઓ માટેના રચનાત્મક કામો માટે મચી પડયા. આ રીતે ગાંધીજીએ લોકોને જ્ઞાતિ આધારિત ભેદભાવ અને દ્વેષ હટાવવાનો સંદેશ આપ્યો.

### મનોયત્ન ૮.૫

૧૯૨૨ માં અસહકારનું આંદોલન તેની ચરમસીમાએ હોવાછતાં, ચૌરીચોરાની હિંસક ઘટના થવાથી ગાંધીજીએ તે બંધ કરી દીધું. ઘણાં લોકોએ ગાંધીજીના આ નિર્ણયનો વિરોધ કર્યો. ધારો





*કે તમે તે વખતના એક પત્રકાર છો અને આ ઘટના પછી તરત જ ગાંધીજીનો ઈન્ટરવ્યુ લો છો. તમારી સાથે ગાંધીજીએ કરેલ ચર્ચામાં તેમના નિર્ણયને ન્યાયસંગત બતાવતી ગાંધીજીની વાતચીતના કાલ્પનિક સંવાદો લખો.*

મોતીલાલ નહેરુ, સી.આર.દાસ અને અન્ય કેટલાક લોકોએ અસહકાર આંદોલનનું એક નવું સ્વરુપ વિચારી કાઢયું, જેનું આયોજન કાઉન્સીલના સુધારાની હદમાં રહીને જ કરાયું. ૧૯૨૩ ની ૧ લી જાન્યુઆરીએ તેમણે સ્વરાજ પક્ષની સ્થાપના કરી. આ પક્ષના પ્રમુખ સી.આર.દાસ હતાં અને મંત્રી મોતીલાલ નહેરુ હતા. આ પક્ષને ''કોગ્રેસ પક્ષની અંદરનો જ એક પક્ષ'' કહેવામાં આવ્યો, અને એ કોઈ પ્રતિસ્પર્ધી પક્ષ નથી, તેમ જણાવવામાં આવ્યું પરંતુ તેઓ ૧૯૧૯ ના કાયદાને ન તો બંધ કરાવી શકયા, ન તો કોઈ સુધારા લાવી શકયા.

૧૯૨૭ માં સર જહોન સાયમનના પ્રમુખપદ હેઠળ અંગ્રેજ સરકારે એક કમીશન બનાવ્યું. આ કમીશન ૧૯૧૯ ના કાયદાને ફરી જોઈ જવા અને તેમાં બંધારણીય સુધારા સૂચવવા માટે બેસાડાયું હતું. આ કમીશનમાં કોઈ ભારતીય સભ્યો ન હતાં. માત્ર અંગ્રેજોથી જ બનેલા આ કમીશનનો ભારતીયોએ બહિષ્કાર કર્યો. તેથી જયારે આ મંડળ (કમીશન) ભારત આવ્યું ત્યારે ઠેકઠેકાણેથી એને વિરોધોનો સામનો કરવો પડયો. કાળા વાવટા ફરકાવવામાં આવ્યા, હડતાળો પડી, વિરોધ પ્રદર્શનો થયા ને દેશભરમાં "સાયમન પાછો" (સાયમન ગો બેક) ના નારા સંભળાવા લાગ્યા. લોકોના ટોળાઓ દ્વારા કરાતા આ વિરોધ પ્રદર્શનો ઉપર ઘણી જગ્યાઓએ બ્રિટીશ પોલીસે લાઠીચાર્જ કરવા માંડયો. આવા જ એક લાઠીચાર્જમાં લાલા લજપતરાય ગંભીર રીતે ઘવાયા અને મૃત્યુ પામ્યા. સાયમન કમીશન સામે હવે વધુ ઉગ્ર બનેલા વિરોધે રાષ્ટ્રિય આંદોલનને વધુ વેગ આપ્યો.

દરમ્યાન, ભારતીય નેતાઓ ભારતનું બંધારણ ઘડવાના કામમાં લાગી ગયા હતાં. આ રીપોર્ટને 'નહેરુ રિપોર્ટ' કહે છે, જેણે બંધારણની રુપરેખા તૈયાર કરી આપી. તેના મહત્વના સૂચનો હતાં. અધિકારોની ઘોષણા, સંસદીય સરકાર, વયસ્કોને મતાધિકાર અને સર્વોચ્ચ અદાલત જેમાં સર્વોપરી હોય તેવી સ્વતંત્ર ન્યાયતંત્ર વ્યવસ્થા.

૨૦ વર્ષ પછી અપનાવાયેલા ભારતના બંધારણનો પાયો આ રીપોર્ટ દ્વારા નંખાયો. ૧૯૨૯ માં લાહોરમાં મળેલી કોગ્રેસની ઐતિહાસિક બેઠકમાં પૂર્ણસ્વરાજયની માંગણીની ઘોષણા કરવામાં આવી. દેશની જનતાને હાકલ કરવામાં આવી કે તે ૨૬ મી જાન્યુઆરીને પૂર્ણસ્વરાજ દિન તરીકે ઉજવે. ૧૯૩૦ ની ૨૬ મી જાન્યુઆરીએ કોગ્રેસે સ્વતંત્રતા દિવસ ઉજવ્યો. ૧૯૫૦ માં આ જ તારીખે સ્વતંત્ર ભારતનું બંધારણ સ્વીકારવામાં આવ્યુ, જેમાં ભારતને એક લોકતાંત્રિક સમાજવાદી પ્રજાસત્તાક ઘોષિત કરવામાં આવ્યું. ત્યારથી ૨૬ મી જાન્યુઆરી આપણા પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવવામાં આવે છે.


## ૮.૮.૨ દાંડી માર્ચ

આ સમય દરમ્યાન જ સરકારે એક નવો કાયદો ઘડયો. મીઠા ઉપર તેણે કર નાંખ્યો. મીઠું લોકોની મૂળભૂત જરૂરિયાત હોવાથી લોકોએ આ કાયદાનો વિરોધ કર્યો. પરંતુ, લોકોની માંગણી ઉપર બિલકુલ ધ્યાન આપવામાં ન આવ્યું. મીઠાના અગરમાંથી મીઠું ઉપાડીને આ કાયદાનો ભંગ કરવા માટે ૧૯૩૦ ના માર્ચ-એપ્રિલ દરમ્યાન ગાંધીએ સાબરમતી આશ્રમથી ગુજરાતના દરિયાકાંઠે આવેલા દાંડી તરફ કૂચ કરી. મીઠાના કાયદાનો ભંગ એ તેમણે સરકાર સામે ફેંકેલો પ્રથમ પડકાર હતો. આ કૂચ શાંતિપૂર્ણ કૂચ હતી. ૧૯૩૦ ની છઠ્ઠી એપ્રિલ દરિયાકાંઠે પકવેલા મીઠામાંથી ગાંધીએ ચપટી ભરીને મીઠું ઉપાડયું, અને કાયદાનો રીતસર ભંગ કર્યો. આ આંદોલનમાં વેપારીઓ, મહિલાઓ અને ખેડૂતોએ મોટી સંખ્યામાં ભાગ લીધો. ૧૯૩૦ ના મે માસમાં સરકારે ગાંધીની ધરપકડ કરીને તેમને પૂનાની યરવડા જેલમાં મોકલી દીધા. આ અંગ્રેજોના ભારત તરફના સ્વતંત્રતા અંગેના વિચારો અને વલણમાં આ કૂચ દ્વારા મહત્વની અસર પડી. ૧૯૩૧ માં થયેલા ગાંધી-ઈરવીન કરારો તેનું જ ઉદાહરણ છે.



ચિત્ર ૮.૫

૧૯૩૧ માં બીજી ગોળમેજી પરિષદમાં કોંગ્રેસના એક માત્ર પ્રતિનિધિ તરીકે ભાગ લેવા માટે ગાંધીજી લંડન ગયા પરંતુ આ બેઠકમાં કોઈ સમાધાનકારી નિર્ણયો થયા નહીં. ગાંધીજીની ધરપકડને લીધે ભલે આંદોલનમાં તેમની સક્રિય આગેવાની દૂર થઈ, પરંતુ નાગરિકો દ્વારા અસહકારનું આંદોલન ચાલુ રહયું. પરદેશી વસ્તુઓ અને પરદેશી કાપડના બહિષ્કાર ઉપર ખાસ ભાર આપવામાં આવ્યો.





અસહકારનું આંદોલન રાજનૈતિક દ્રષ્ટિએ ભલે સફળ ન રહયું પણ તેના દ્વારા ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વનો તબકકો ઉમેરાયો. કોગ્રેસના ઝંડા નીચે વિવિધ વિસ્તારના ભારતીયો એક બન્યા. આમ થવાથી દેશના યુવાવર્ગને પક્ષમાં લેવાની અને તાલીમ આપવાની તક મળી, તેમજ ૧૯૩૭ માં થયેલી પક્ષની ચૂંટણીમાં જવાબદાર અને વિશ્વાસુ પદો ઉપર તેમને નિયુકત કરવાની તક મળી. આમ થવાથી દેશભરમાં રાજનૈતિક વિચારો અને પદ્ધતિઓ ફેલાઈ. ગામેગામ સુધી રાજનૈતિક જાગૃતિ પહોંચી.

## ૮.૯ ક્રાંતિકારીઓ

અંગ્રેજ સરકારની દમન નીતિને લીધે ભારતના યુવાનોમાં ઊંડો રોષ વ્યાપેલો હતો. તેમને લાગ્યું કે ભારતમાં જો સંગઠિત ક્રાંતિ થાય તો જ ભારતને આઝાદી મળે. તેથી તેમણે અંગ્રેજ સરકાર વિરુદ્ધ છૂપી ક્રાંતિકારી હિલચાલ શરુ કરી, બ્રિટીશરો સામેની તાકાત ભેગી કરવા યુવાનોને છૂપી રીતે હિંસાપ્રેરક તાલીમો અપાવા માંડી.

તેમણે કુખ્યાત બ્રિટીશ અમલદારોની હત્યા, વફાદાર ડાકુઓ દ્વારા સરકારી ખજાનાની લૂંટ વગેરે પ્રવૃત્તિઓ કરવા માંડી. આ ચળવળને બહારવટીયાઓ તેમની લૂંટના નાણામાંથી ધન પૂરું પાડતા. આ લોકોએ સ્વતંત્રતા માટે હિંસક ક્રાંતિનો માર્ગ પસંદ કર્યો. જેથી તેમને ક્રાંતિકારીઓ કહેવામાં આવે છે. તેમની પ્રવૃત્તિના કેન્દ્રો હતાં. પંજાબ, મહારાષ્ટ્ર, બિહાર, બંગાળ, ઉત્તરપ્રદેશ અને ઓરિસ્સા. આ ક્રાંતિકારીઓ પૈકી જાણીતા હતાં. - ખુદીરામ બોઝ, પ્રફુલ્લ ચાકી, ભૂપેન્દ્રનાથ દત્ત, વી.ડી.સાવરકર, સરદાર અજીતસિંહ, લાલા હરદયાલ અને તેનો ગદર પક્ષ, સરદાર ભગતસિંહ, રાજગુરુ, સુખદેવ, ચંદ્રશેખર આઝાદ અને અન્ય કેટલાંક.

આ ક્રાંતિકારીઓએ છૂપી પ્રવૃત્તિઓ ચલાવી, ઘણાં અંગ્રેજ અમલદારોના ખૂન કર્યા, રેલ્વે વ્યવહાર ખોરવી નાંખ્યો. અંગ્રેજોની સંપત્તિ ઉપર આયોજીત હુમલા કર્યા. રામપ્રસાદ બિસ્મીલ, અશફાકઉલ્લાખાન અને હિન્દુસ્તાન પ્રજાસત્તાક સંઘના સભ્યો દ્વારા ૧૯૨૫ માં સશસ્ત્ર ક્રાંતિ દ્વારા સરકારને ઉથલાવી પાડવા માટે કાકોરી ષડયંત્ર ઘડાયું. ૧૯૨૮ માં ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, બટુકેશ્વર દત્ત અને બીજા કેટલાક યુવકો દ્વારા હિંદુસ્તાન સમાજવાદી પ્રજાસત્તાક સંગઠન ઘડવામાં આવ્યું. અંગ્રજોના પબ્લીક સીકયોરીટી બીલ (જનતા સુરક્ષા ખરડો) અને ટ્રેડ ડીસ્પ્યૂટ બિલ (વ્યાપાર વિવાદ ખરડો) નો વિરોધ કરવા માટે એક મોટું પગલું લેવાયું. એટલે કે, ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે "ઈન્કલાબ ઝિંદાબાદ" ના નારા સાથે કેન્દ્રિય વિધાનસભામાં ૮ મી એપ્રિલ ૧૯૨૯ ના રોજ બોમ્બ ફેકયો. જો કે, કોઈને ઈજા અથવા જાનહાનિ થઈ ન હતી. ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવ ઉપર વોરંટ લાવીને તેમની ધરપકડ કરવામાં આવી. તેમની ઉપર આ ઘટના તેમજ અન્ય કાર્યો માટેના મુકદ્દમા ચાલ્યા અને આખરે ૧૯૩૧ માં તે ત્રણેને ફાંસી આપવામાં આવી. તેમના બલિદાનોએ જનતાનો જુસ્સો વધારી મૂકયો. આ ત્રણેને શહીદ કહેવામાં આવ્યા અને રાષ્ટ્રિય એકતા તથા સ્વાતંત્ર્ય સંગ્રામના તેઓ પ્રેરક પ્રતીકો બની રહયાં.



ચિત્ર ૮.૬

ભગતસિંહ/સુખદેવ/રાજગુરુ/ ચંદ્રશેખર આઝાદ

### મનોયત્ન ૮.૬

ભારતીય રાષ્ટ્રભાવના ઉપર આધારિત ફિલ્મો ભેગી કરો. આ ફિલ્મો જોઈને તેમાં ઉઠાવવામાં આવેલા રાષ્ટ્રવાદના મુદ્દા ચર્ચો. શું આ ફિલ્મો ખરેખર આપણામાં રાષ્ટ્રભાવના જાગૃત કરે છે ? તમારી નોંધપોથીમાં તમારાં વિચારો લખો અને તમારા મિત્રો તથા કુટુંબ સાથે તેની ચર્ચા કરો.

## ૮.૧૦ સમાજવાદી વિચારોનો વિકાસ

એ ૨૦મી સદીનું મહત્વનું લક્ષણ બન્યુ. કોંગ્રેસમાં અને તેની બહાર પણ- સમાજવાદી વિચારોનું ફેલાવું, ખેડૂતોએ હવે જમીન સુધારણા, જમીનદારી પ્રથાનો અંત, મહેસૂલમાં ઘટાડો અને દેવામાંથી મુક્તિની માંગ કરવા માંડી હતી. ૧૯૨૦ માં સ્થપાયેલી અખિલ ભારતીય કામદાર કોંગ્રેસે કામદારોની કામગીરી તથા તેમની જીવનની પરિસ્થિતિઓ માટે કામ કરવા માંડયું હતું. આમ થવાથી કામદારો પૂર્ણ સ્વરાજની માંગમાં જોડાયા અને આંદોલનનો વિસ્તાર વધ્યો. કેટલાક અગ્રણી સમાજવાદીઓ અને સામ્યવાદી નેતાઓ હતાં. એમ.એન.રોય, એમ.એ.ડાંગે અબાની મુખોપાધ્યાય, નલીની ગુપ્તા, મુઝફ્ફર અહેમદ, શૌકત ઉસ્માની, ગુલામ હુસૈન, શીંગારવેલુ ચૈતેર, જી.એમ.અધિકારી અને પી.સી.જોષી તેમણે ક્રાંતિનું સ્વરુપ બદલી નાંખ્યુ. હવે વ્યક્તિગત હડતાળોની જગ્યાએ જાહેર હડતાળો, ખેડૂતો દ્વારા જાતે કરાતી ચળવળો, દેશભરમાં પૂર્ણ સ્વરાજ્યની ચળવળ તથા પોલીસ અને લશ્કરમાં ક્રાંતિકારી વિચારો ફેલાવવામાં આવ્યા.

આ આંદોલનમાં સામ્રાજ્યવાદ સામેનો સંઘર્ષ એ મુખ્ય નારો હતો. ૧૯૩૬ માં નહેરુએ કોંગ્રેસની લખનૌ બેઠકમાં પ્રમુખપદેથી જાહેર કર્યુ હતું કે ભારતની સમસ્યાઓનું સમાધાન સમાજવાદી વિચારો અપનાવવાથી જ થશે. નહેરુ પોતે કાર્લ માર્ક્સ દ્વારા ખૂબ પ્રભાવિત હતાં. સુભાષચંદ્ર બોઝ પણ સમાજવાદી વિચારોથી પ્રભાવિત હતા. ગાંધીજી સાથેના મતભેદોને લીધે બોઝ કોંગ્રેસમાંથી છૂટા પડયા અને તેમણે પોતાના ''ફોરવર્ડ બ્લોક''ની સ્થાપના કરી.





## ૮.૧૧ સાંપ્રદાયિક વિભાજન (કોમી ભાગલા)

*ભારતમાં શાસન કરવાની શરૂઆતથી જ અંગ્રેજોએ "ભાગલા પાડો અને રાજ કરો" ની નીતિ અપનાવેલી હતી. તમે ભણી ગયા છો કે કેવીરીતે રાજાઓને અંદરોઅંદર લડાવીને અંગ્રેજો ભારતના સમ્રાટ બની બેઠા. તમે જોયું કે ૧૯ મી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં રાષ્ટ્રભાવના જાગવા માંડી હતી. હવે અંગ્રેજ સરકારને એ જરુરી લાગ્યું કે "ભાગલા પાડો અને રાજ કરો" ની નીતિનો ઉપયોગ કરીને હિંદુ-મુસ્લિમો વચ્ચે ફાટફૂટ પડાવવામાં જ અંગ્રેજોનું ડહાપણ છે. ૧૮૫૭ ના વિદ્રોહ પછી અંગ્રેજો મુસ્લિમોને શંકાની નજરે જ જોતા આવ્યા હતાં. પરંતુ હવે તેમને લાગ્યું કે વધતા જતા રાષ્ટ્રવાદની સામે મુસ્લિમોને ઉશ્કેરવા જોઈએ. ભારતીયો ધાર્મિક આધાર પર જે બાબતે એકબીજાની સામે થતાં તે તમામ બાબતો ઉપર અંગ્રજોએ પોતાનો કાબૂ કરી લીધો, અને લોકોમાં પરસ્પર દુશ્મનાવટ વધારી આપી. આખરે, આ નીતિને આધારે મુસ્લિમો માટે જુદા મતદાર મંડળો (ઈલેક્ટોરેટ) રાખવામાં આવ્યાં.*

*તમે મુસ્લિમ લીગની સ્થાપના વિશે વાંચ્યુ, જેનાથી કોમવાદના બીજ રોપાયા. તમને યાદ હશે કે બ્રિટીશરોની ઉશ્કેરણીથી જ મુસ્લિમ લીગની સ્થાપના કરાઈ હતી.*

*૧૯૩૨ ની કમ્યૂનલ એવોર્ડની નીતિ પણ આ જ નીતિનું એક વિસ્તરેલું પાસુ હતું. તેના દ્વારા મુસ્લિમો માટે અલગ મતદાન મંડળો અને લઘુમતિ કોમ માટે અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી હતી. અલગ મતદાર મંડળો (ઈલેક્ટોરેટ) ની માંગણી મુસ્લિમો દ્વારા ૧૯૦૬ માં કરવામાં આવી અને ૧૯૦૭ માં માર્લે-મીંટો સુધારાઓમાં તે માન્ય રાખવામાં આવી. આમ કરવા પાછળનો આશ્રય હતો કે ભારતમાં વધી રહેલા રાષ્ટ્રવાદની સાથોસાથ કોમવાદ પણ વિકસતો જાય. ૧૯૧૯ ના મોટફોર્ડ સુધારાઓમાં શિખો, અંગ્રેજ-ભારતીયો, યુરોપીયનો અને ભારતીય ખ્રિસ્તીઓ માટે પણ જોગવાઈઓ કરવામાં આવી. ખરેખર તો અલગ મતદાર મંડળો એક દૂષણ હતાં.*

*તેમને લીધે રાષ્ટ્રિય એકતા જોખમાઈ. ૧૯૩૮ માં "બે દેશો" ના વિચાર રજૂ થયા અને ૧૯૪૦ માં ઝીણાએ સ્પષ્ટ રીતે બે દેશો રચવાના તેમના વિચાર રજૂ કર્યા.*

*એકવાર પાકિસ્તાન માટે માંગણી રજૂ કરાયા પછી એક યા બીજી રીતે અંગ્રેજોએ આ માંગણીને પોષ્યા કરી. પાકિસ્તાન રચવાની માંગણી થવાનું બીજું તાત્કાલિક કારણ એ હતું કે ૧૯૩૭ ની ચૂંટણી પછી કોગ્રેસે મિશ્ર સરકાર બનાવવાનો પ્રસ્તાવ નકારી કાઢયો હતો.*

*દેશ અરાજકતા અને બરબાદીને આરે આવીને ઊભો હતો. કાયદા-કાનૂનને તૂટી પડતા બચાવવા માટે અને ભારતમાંથી અંગ્રેજ શાસન નાબૂદ કરવા માટેના એકમાત્ર ઉપાય તરીકે આ સંજોગોમાં ભારતના ભાગલાને સ્વીકારવામાં આવ્યા.*

## પાઠ-સ્વાધ્યાય ૮.૨

૧. બીજા વિરોધો કરતાં સત્યાગ્રહ કેવીરીતે જુદો પડે છે ?

૨. ભારતવાસીઓએ સાયમન કમીશનનો વિરોધ કેમ કર્યો ? બે કારણો જણાવો.

૩. ગાંધીએ અસહકાર આંદોલન કેમ પાછું ખેચ્યું ?

૪. ક્રાંતિકારીઓનું વલણ બાકીના લોકો કરતાં કેવી રીતે જૂદું પડતું હતું ?

૫. ''પૂર્ણ-સ્વરાજ'' નો તમે શું અર્થ કરો છો ?

૬. ભારતમાં અંગ્રેજો દ્વારા કોમવાદ કેવીરીતે ભડકાવવામાં આવ્યો ?

## ૮.૧૨ સ્વતંત્રતાની પ્રાપ્તિ (૧૯૩૫-૪૭)


માર્ચ, ૧૯૩૩ માં બ્રિટીશ સરકારે એક શ્વેતપત્ર (વ્હાઈટપેપર) તૈયાર કર્યુ. આ શ્વેતપત્રના આધારે ડિસેમ્બર, ૧૯૩૬ માં સંસદમાં એક ખરડો પસાર કરવામાં આવ્યો. આ ખરડો આખરે રજી ઓગષ્ટ, ૧૯૩૫ ના રોજ ગવર્મેન્ટ ઓફ ઈન્ડિંયા નામનો કાયદો બન્યો.

આ કાયદાનું સૌથી શંકાસ્પદ પાસુ હતું અખિલ ભારતીય પરિષદ, જેમાં બ્રિટીશ પરગણાઓ અને દેશી રજવાડાઓ શામેલ હતાં. રજવાડાઓ માટે ભારતમાં જોડાવું ફરજીયાત હતું, જ્યારે અંગ્રેજ પરગણાઓએ ભારતમાં ફરજીયાતપણે જોડાવાનું હતું. પરગણાઓના પ્રતિનિધિઓ ચૂંટણી દ્વારા ચૂંટાવાના હતા.

જ્યારે રજવાડાઓના પ્રતિનિધિઓની પસંદગી રાજાઓ દ્વારા કરાવવાની હતી. બ્રિટીશ ભારતમાં વસતી જનતા પૈકી માત્ર ૧૪ % જનતાને જ ચૂંટણીમાં મતદાન કરવાનો અધિકાર મળેલો હતો. સંસદની સત્તા મર્યાદિત્ત અને નિયંત્રિત હતા. સુરક્ષા ખાતું અને વિદેશખાતા ઉપર સંસદની કોઈ સત્તા ન હતી. આ કાયદા દ્વારા અંગ્રેજોના હિતની રક્ષા કરવામાં આવી અને રાષ્ટ્રિય એકતાને ખંડિત કરવાના પ્રયત્નો કરાયા. આ કાયદા દ્વારા કોમવાદ અને ભાગલાને ઉત્તેજન અપાયું. નહેરુ અને ઝીણા ભેગા તમામ રાષ્ટ્વાદીઓએ આ કાયદાનો એક અવાજે વિરોધ કર્યો.

લખનૌમાં ૨૫ મી એપ્રિલ ૧૯૩૫ ના રોજ કોગ્રેસની બેઠક મળી. કાયદાનો વિરોધ ચાલુ રખાયો, પણ રાષ્ટ્રવાદની ભાવનાને વધુ બળવાન બનાવવા, વિવિધ કાયદા-કાનુનોને રોકવા તથા બ્રિટીશ સામ્રાજયને તથા તેના વિવિધ પ્રતિબંધોને પડકારવા માટે ચૂંટણીનું આયોજન કરવાનું નકકી થયું.

૧૯૩૭ ની ચૂંટણીમાં કોગ્રેસ બહુમતિથી ચૂંટાઈ આવી. અગિયારમાંથી સાત પરગણાઓમાં કોગ્રેસી મંત્રીઓની સરકાર અમલમાં આવી.





૧૯૩૭ ની ૧૮ મી માર્ચે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિએ કોંગ્રેસની નીતિઓ વિશે સંસદમાં એક પ્રસ્તાવ રજુ કર્યો. આ પ્રસ્તાવમાં રજૂઆત કરવામાં આવી કે, ''સ્વતંત્રતાના ઉદ્દેશ સાથે તેમજ નવા બંધારણના સંપૂર્ણ વિરોધ સાથે તેમજ ભારતનું બંધારણ ઘડવા માટે બંધારણીય સંસદની માંગણી સાથે કોંગ્રેસની નીતિ નવા કાયદાનો સંપૂર્ણ વિરોધ કરે છે અને તેનો અંત માગે છે.''

કોંગ્રેસી મંત્રીઓના ચૂંટાઈ આવવાને લીધે લોકોમાં તાત્કાલિક ધોરણે તો રાહત ફેલાઈ. રાજનૈતિક/રાજદ્વારી કેદીઓ જેલમાંથી છૂટયા અને મોટી સંખ્યામાં નાગરિકોની સ્વતંત્રતા સ્થપાઈ. કૃષિપ્રધાન સંસદીય પ્રસ્તાવ પસાર થયો, જેનાથી ખેડૂતોને ઘણી રાહત મળી. દરેક બાળક માટે પ્રાથમિક શિક્ષણ નિઃશુલ્ક અને ફરજીયાત બનાવવામાં આવ્યું.

### ૮.૧૨.૧ દ્વિતીય વિશ્વયુદ્ધ દરમ્યાન રાષ્ટ્રિય આંદોલન

૧૯૩૯ માં જયારે બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે કોંગ્રેસે સહાનુભૂતિ દર્શાવી. જો કે, તે બિનશરતી સહકાર આપવા માટે રાજી ન થઈ. તેની માંગ હતી કે, ''ભારતને એક સ્વતંત્ર સંગઠન જાહેર કરવામાં આવે તથા તેનો આ દરજ્જો બને તેટલા મોટા વિસ્તારમાં સ્વીકારવામાં આવે.

આ બાબત માટે અંગ્રેજ સરકાર સહમત ન થઈ. આ વાતના વિરોધમાં ૧૯૩૯ માં તમામ કોંગ્રેસી મંત્રીઓએ રાજીનામા આપ્યા. ૧૯૪૦ માં સી.રાજગોપાલાચારીના અનુરોધ પર કેન્દ્રમાં અસ્થાયી રાષ્ટ્રિય સરકારની માંગણી કરવામાં આવી, જેનો વાઈસરોય લોર્ડ લિનલીથગો દ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો. ઓકટોબર, ૧૯૪૦ માં સવિનય કાનૂનભંગની લડત ચલાવવામાં આવી. પ્રથમ વ્યકિતગત સત્યાગ્રહ કરનારા હતાં વિનોબા ભાવે.

એટલીના પ્રમુખપદે કેબીનેટની અખિલ ભારતીય સમિતિ ઘડવામાં આવી, તથા એક ઘોષણાપત્ર તૈયાર કરવામાં આવ્યું. માર્ચ,૧૯૪૨ માં સર સ્ટેફોર્ડ ક્રિપ્સ ભારતમાં આ ઘોષણાપત્ર લઈને આવ્યા. તેમાં જણાવવામાં આવ્યું કે બ્રિટીશ સરકાર યુદ્ધની સમાપ્તિ પછી ભારત સંસ્થાનિક રાજ્યનો દરજ્જો આપવા માંગે છે. પૂર્ણ સ્વરાજયનું વચન આપવામાં ન આવ્યું. ભારતના લોકોની રાષ્ટ્રિય સરકારનો તેમાં કોઈ ઉલ્લેખ કરવામાં ન આવ્યો. કોંગ્રેસે આ પ્રસ્તાવ ઠુકરાવી દીધો. આ યોજનામાં પાકિસ્તાનનો અલગ દેશ તરીકે સ્પષ્ટ સ્વીકાર ન થયો હોવાથી મુસ્લિમ લીગે પણ આ પ્રસ્તાવ ઠુકરાવી દીધો. ક્રિપ્સ મશીન નિષ્ફળ રહયું.

સુભાષચંદ્ર બોઝ દ્વારા વિદેશમાં રહીને સ્વતંત્રતા સંગ્રામ આગળ ધપાવવામાં આવી રહયો હતો. દ્વિતીય વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યુ તે સમયને તેમણે ભારતને સ્વતંત્ર કરવાનું યોગ્ય ટાણું (અવસર) માન્યું. ૧૯૪૦ માં બોઝને તેમના ઘરમાં જ નજરકેદ કરવામાં આવ્યા પરંતુ ૧૯૪૧ ના માર્ચની ૨૮ મી તારીખે તેઓ ત્યાંથી બર્લીન છટકી ગયા. ત્યાંની ભારતીય જનતાએ તેમને 'નેતાજી' કહીને આવકાર્યા. 'જયહિંદ'ના નારા સાથે તેમનું અભિવાદન કરવામાં આવ્યું. અંગ્રેજો વિરુદ્ધ થવા માટે તેમણે ભારતીય સૈન્ય તૈયાર કર્યુ.

૧૯૪૨ માં ભારતીય સ્વતંત્રતા લીગની સ્થાપના થઈ અને ભારતને આઝાદી અપાવવા માટે ભારતીય રાષ્ટ્રિય સૈન્ય (આઈ.એન.એ-ઈન્ડિયન નેશનલ આર્મી) ની સ્થાપના કરાઈ. તેને

આઝાદ હિંદ ફોજ અથવા આઝાદ હિંદ સેના પણ કહે છે. રાસબિહારી બોઝનું આમંત્રણ મળવાથી સુભાષચંદ્ર બોઝ ૧૩ મી જૂન, ૧૯૪૩ ના રોજ પૂર્વ એશિયા ગયા ત્યાં તેમને આઝાદ હિંદ ફોજ તથા ઈંડિયન ઈંડીપેંડેન્સ લીગના પ્રમુખ ઘોષિત કરવામાં આવ્યા. તેમણે પ્રખ્યાત સૂત્ર 'ચલો દિલ્હી'' આપ્યું. ભારતના લોકોને આઝાદીનું વચન આપીને તેમણે એક પ્રખ્યાત નારો આપ્યો. ''તુમ મુઝે ખૂન દો, મૈ તુમ્હેં આઝાદી દૂગાં''. માર્ચ ૧૯૪૪ માં કોહીમા ખાતે ભારતીય ધ્વજ ફરકાવવામાં આવ્યો.

કમનસીબે, તેના પછીએ આંદોલન ભાંગી પડયું. નેતાજીનું શું થયું એ એક રહસ્ય જ બની રહયું. એમ કહેવાય છે કે ૧૯૪૫ દરમ્યાન થયેલા એક વિમાની અકસ્માતમાં નેતાજીનું મૃત્યુ થયુ પરંતુ તે વાત નિશ્ચિતરૂપે નક્કી થઈ શકી નહીં. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આઝાદ હિંદફોજનું ગૌરવભર્યુ સ્થાન હંમેશા રહેશે. સુભાષચંદ્ર બોઝ અને તેના સૈન્યનો અનન્ય દેશપ્રેમ ભારતની જનતા માટે એક જબરજસ્ત પ્રેરણા બની રહયા.



ચિત્ર ૮.૭ સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ

**૮.૧૨.૨ ભારત છોડો આંદોલન અને તેના પછીનો સમય :**

ક્રિપ્સ મીશનની નિષ્ફળતાએ ભારતવાસીઓને નિરાશ અને ક્રોધિત કરી દીધા. તે સમયે લાગ્યું કે બ્રિટીશ સરકાર વિરુદ્ધ એક વિશાળ આંદોલન શરૂ કરવાનો સમય આવી ગયો છે. યુદ્ધ વખતે સર્જાયેલી અછતો અને બેરોજગારીને લીધે ભારતીયોનો અસંતોષ અને રોષ વધી રહયો હતો. જાપાન તરફથી આક્રમણનો ભય સતત રહેતો હતો. ભારતીય નેતાઓ પૂરેપૂરી રીતે એમ માનતા હતા કે ભારતમાં અંગ્રેજ શાસન હોવાને લીધે જાપાન અહીં આક્રમણ કરી શકે. ગાંધીજીએ કહયું, ભારતમાં અંગ્રેજોનું હોવું એ જાપાનને આક્રમણ કરવા આમંત્રવા જેવું છે.'' ભારતમાંથી ૧૯૪૧ માં છટકીને નાસી છૂટેલા સુભાષચંદ્ર બોઝ બર્લિન રેડીયો ઉપરથી વારંવાર બ્રિટીશરો વિરુદ્ધ ભાષણ આપતાં, જેને લીધે જાપાનના આક્રમણની માન્યતાને ટેકો મળતો.

ગાંધીજીની આગેવાની હેઠળની કોંગ્રેસને લાગ્યું કે બ્રિટીશરોએ ભારતીયોની માંગણીઓ સ્વીકારવી રહી અથવા તો હિંદ છોડવું રહયું. ૧૪ મી જુલાઈ ૧૯૪૨ ના રોજ વર્ધામાં કોંગ્રેસની કાર્યકારી બેઠકમાં ''ભારત છોડો'' પ્રસ્તાવની ઘોષણા થઈ. પાછળથી ૮ મી ઓગષ્ટના રોજ મુંબઈ બેઠકમાં આ પ્રસ્તાવને સમર્થન આપવામાં આવ્યું. પરિણામે કોંગ્રેસે બને તેટલું મોટું અહિંસક આંદોલન શરૂ કરવાનો નિર્ણય લીધો. ૮ મી ઓગષ્ટની રાત્રે કોંગ્રેસીઓને એક હદય-વિદારક ભાષણ આપતાં ગાંધીજીએ કહયું : ''આ રાત પૂરી થઈને પ્રભાત થાય તે પહેલાં જ આઝાદી મળી જાય તેટલી ઉતાવળથી હું આઝાદી એટલા માટે ઈચ્છું છું કે સંપૂર્ણ આઝાદીથી ઓછું મારે કંઈ ના ખપે.''

''અહીં એક નાનકડો મંત્ર હું તમને આપું છું. તમારા હદયમાં તમે એને કોતરી લો અને તમારા દરેક શ્વાસ સાથે તે અભિવ્યક્ત થવો જોઈએ. આ મંત્ર છે ''કરો યા મરો'' (ડુ ઓર ડાય) આપણે ભારતને આઝાદ કરાવીએ અથવા તો એની માટે પ્રયત્ન કરતાં કરતાં મોતને વળગીએ. પોતાની ગુલામીને લાંબો સમય સુધી જોવા માટે કંઈ આપણે જીવતા નથી રહેવાનું.''

પરંતુ કોંગ્રેસના નેતાઓ ઔપચારિક રીતે આ આંદોલન શરુ કરે તે પહેલાં જ, ૯ મી ઓગષ્ટ ૧૯૪૨ ની વહેલી સવારે જ બધા મુખ્ય નેતાઓની ધરપકડ કરી લેવામાં આવી. કોંગ્રેસ ઉપર પ્રતિબંધ આવ્યો અને તેને એક ગેરકાનૂની સંસ્થા જાહેર કરવામાં આવી. પ્રેસ ઉપર પણ નિયંત્રણ (સેન્સરશીપ) લાગી ગયું.

લોકપ્રિય નેતાઓની ધરપકડના સમાચારે દેશની જનતાને આઘાત પહોંચાડયો. દેશમાં ઠેકઠેકાણે અનેક પ્રદર્શનો, હડતાળો, વિરોધો અને સરઘસો દ્વારા અનેક પ્રકારે વિરોધ અને આક્રોશ દર્શાવવામાં આવ્યો. મોટાભાગના નેતાઓ જેલમાં હોવાને લીધે આ આંદોલને વિવિધ સ્થળોએ વિવિધ રૂપ લીધું. લોકોએ સરકારી ભવનો, પોલીસ સ્ટેશનો, પોસ્ટ ઓફિસ તેમજ અંગ્રેજોના અધિકારમાં આવતી કોઈપણ વસ્તુને બાળી મૂકીને પોતાનો રોષ ખુલીને પ્રગટ કરવા માંડયો. રેલ્વે અને ટેલીગ્રાફની લાઈનો તોડી નાંખવામાં આવી. ઉત્તરપ્રદેશના બલિયા ગામે, પશ્ચિમ બંગાળના મિદનાપુર જિલ્લામાં અને મુંબઈના સતારા જિલ્લામાં ભયંકર વિદ્રોહ ભડકયો. ગાંધીજીના મંત્ર ''કરો યા મરો'' થી પ્રેરિત થયેલા લોકો કંઈપણ કરવા તૈયાર હતાં. અંગ્રેજો પોતાના સૈન્યની મદદથી લોકો પર અત્યાચાર ગુજારવા માંડયા. ક્રુરતાપૂર્વક લોકોને મારી નંખાવા માંડયા.

ભારત છોડો આંદોલન એ વિશ્વના મહત્વના ઐતિહાસિક આંદોલનોમાંનું એક આંદોલન બન્યું. એના દ્વારા રાષ્ટ્રિય ભાવનાની ગહનતા જણાઈ આવી તેમજ સ્વતંત્રતા સંગ્રામ માટે ભારતવાસીઓનો મકકમ નિર્ધાર અને બલિદાન આપવાની ક્ષમતા પરખાઈ આવી. આ આંદોલન પછી બચવાની કોઈ જગ્યા ન રહી હવે ભારતની સ્વતંત્રતાએ વાટાઘાટોનો વિષય મટીને એક હકીકત બનવા જઈ રહી હતી.



ચિત્ર ૮.૮ ભારત છોડો આંદોલન (ઓગષ્ટ ૧૯૪૨)

૧૯૪૫ માં દ્વિતીય વિશ્વયુદ્ધની સમાપ્તિ વખતે બ્રિટીશ સરકારે હિંદુ-મુસ્લિમોને સત્તા સોંપવાની વાતો કરવા માંડી. ચર્ચાઓનો પ્રથમ દોર ખાસ ઉપયોગી ન રહયો કેમ કે મુસ્લિમ નેતાઓએ વિચાર્યુ કે ફકત મુસ્લિમ લીગ જ ભારતના મુસ્લિમોનું પ્રતિનિધિત્વ કરી શકે તેમ હતું . તેની માટે કોગ્રેસ સંમત ન થઈ. ૧૯૪૬ માં કેબીનેટ મીશન ભારત આવ્યું. તેમનો ઉદ્દેશ હતો કે ભારતની સમસ્યાઓ ઉપર પરસ્પર સહમતિથી કોઈ સમાધાન કરી શકાય.

મીશને ભારતના તમામ પક્ષોના મુખ્ય નેતાઓ સાથે ચર્ચાઓ કરી અને પછી ભારત માટે પ્રમુખશાહીય (ફેડરલ) સરકારનો પ્રસ્તાવ મૂકયો. પહેલાં તો આ યોજનાની દરેક નેતાઓ દ્વારા ટીકા કરવામાં આવી પરંતુ પછીથી સૌ તેની માટે સંમત થયાં. જ્યારે સંવિધાન સભા (બંધારણીય સંસદ) માટે ચૂંટણી થઈ ત્યારે કોગ્રેસનો એકસો નેવું બેઠકો ઉપર અને મુસ્લિમ લીગનો સીત્તેર બેઠકો ઉપર વિજય થયો.

### ૮.૧૨.૩ ભારતના ભાગલા અને આઝાદી

સંવિધાન સભાની સત્તાને લઈને ટૂંક સમયમાં જ કોગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચે મતભેદો ઊભા થયા. લીગે ૧૯૪૬ ના મધ્યમાં જ કેબીનેટ મીશનના પ્રસ્તાવને નામંજૂર કરી દીધો. સપ્ટેમ્બર ૧૯૪૬ માં કોગ્રેસે કેન્દ્રમાં સરકાર બનાવી. લીગે તેમાં ભાગ લેવાની મનાઈ કરી દીધી. મુસ્લીમ લીગે ૧૬ઓગષ્ટ ૧૯૪૬ના રોજ પાકિસ્તાન પ્રાપ્ત કરવા માટે ''સીધી કાર્યવાહી દિવસ'' (ડાયરેકટ એકશન ડે) ઉજવ્યો.

આ મતભેદને લીધે ભારતના ઘણા વિસ્તારોમાં ઠેકઠેકાણે હિંસક કોમી રમખાણો ફાટી નીકળ્યા. રમખાણોમાં હજારો મરાયા ને લાખો બેઘર બન્યાં. દરમ્યાન લોર્ડ માઉન્ટબેટન ને વાઈસરોય તરીકે ભારત મોકલવામાં આવ્યા. તેણે જૂન ૧૯૪૭ માં પોતાની યોજના રજુ કરી, જેમાં ભારતના ભાગલાનો પ્રસ્તાવ શામેલ હતો. ગાંધીજીના પ્રબળ વિરોધ છતાં ય બધાં પક્ષ તેની માટે સંમત થઈ ગયા અને ભારતીય સ્વતંત્રતા કાયદો, ૧૯૪૭ અમલમાં મૂકાયો. આમ થવાથી ભારતીય ઊપમહાદ્વીપ બે સ્વતંત્ર રાજયોમાં વહેંચાઈ ગયો- ભારતીય સંઘ અને પાકિસ્તાન. ભારતે ૧૫ મી ઓગષ્ટ, ૧૯૪૭ ના રોજ પોતાની આઝાદી મેળવી. બરોબર અડધી રાત્રે (૧૪મી-૧૫ મી ઓગષ્ટ-૧૯૪૭) સત્તા હસ્તગત કરવામાં આવી.

## મનોયત્ન ૮.૭

ધારો કે તમે બ્રિટીશ સરકાર દ્વારા કેબીનેટ મીશનના એક સભ્ય તરીકે ચૂંટાયા છો અને તમારે સ્વતંત્રતા પછી ભારતીય રાષ્ટ્રિય કોગ્રેસ અને મુસ્લિમ લીંગ સાથે વાટાઘાટો કરવાની છે.

એમની સામે મૂકવાના પ્રસ્તાવોની યાદી બનાવો.

## પાઠ સ્વાધ્યાય ૮.૩

૧. ૧૯૩૫ ના કાયદાના બે મુખ્ય લક્ષણો જણાવો.

૨. મુસ્લિમ લીગની માંગણી શું હતી ?

૩. ૧૯૩૫ ની ચૂંટણી પછી શેને લીધે કોગ્રેસ ચૂંટણીમાં ભાગ લીધો ?

૪. દ્રિતીય વિશ્વયુદ્ધ દરમ્યાન ભારતનાં અંગ્રેજોની હાજરીથી ભારતીય નેતાઓ કેમ ચિંતામાં હતાં ?

૫. ભારતના ભાગલા પડવાના મુખ્ય કારણો કયા હતાં ?

## તમે આટલું શીખ્યા ?

- નવજાગૃતિ, ફ્રેંચ ક્રાંતિ, અમેરિકન ક્રાંતિ, રશિયન ક્રાંતિએ રાષ્ટ્રવાદની ભાવના ફેલાવી.
- ૧૯ મી સદીમાં સામ્રાજ્યવાદનો વિરોધ એ રાષ્ટ્રવાદના ઉદયનું મુખ્ય કારણ બન્યું. સાથોસાથ થયેલા સામાજિક-ધાર્મિક સુધારણા આંદોલનોએ પણ રાષ્ટ્રવાદને વધુ ઉત્તેજન આપ્યું.
- ૧૮૮૫ માં ભારતીય રાષ્ટ્રિય કોગ્રેસની સ્થાપના કેવળએ ઉદ્દેશથી કરવામાં આવી કે તે ભારતની જનતા તરફથી સરકાર સાથે વાટાઘાટો કરી શકે અને લોકોની ફરિયાદો સરકાર સુધી પહોંચાડે.

- ૧૯૦૫ માં લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા જાહેર કર્યા. ભારતીયોએ આ વિભાજનને આગળ વધી રહેલા રાષ્ટ્રિય આંદોલન આડેના અવરોધ તરીકે તથા તે વિસ્તારના હિંદુ-મુસ્લિમોની એકતાના વિરોધી તરીકે જોયું.
- ૧૯૦૬ માં ઢાકામાં મુસ્લિમ લીગની સ્થાપના થઈ. તેનો ઉદ્દેશ હતો- ભારતમાં વસતા મુસ્લિમોના અધિકારોનું રક્ષણ કરવું તથા તેમનો વિકાસ કરવો, તેમજ સરકાર સમક્ષ તેમની માંગણીઓ રજૂ કરવી.
- વિચારોમાં મતભેદો પડવાથી ૧૯૦૭ માં કોંગ્રેસ બે પક્ષોમાં વહેંચાઈ ગઈ. નરમદળ-ગરમ દળ (જકાલ પક્ષ - મવાળ પક્ષ) એમ બે પક્ષ પડયા.
- પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારતીય નેતાઓ એ શરતે અંગ્રેજોને મદદ કરવા તૈયાર હતાં કે યુદ્ધ પછી ભારતને સંવિધાનથી સત્તા સોંપી દેવામાં આવે.
- ગાંધીજીએ દક્ષિણ આફ્રિકા, ચંપારણ્ય, ખેડા, અમદાવાદમાં સત્યાગ્રહના સફળ પ્રયોગો કર્યા.
- ગાંધીજીએ બ્રિટીશ નીતિઓ વિરુદ્ધ લોકઆંદોલન (સામૂહિક આંદોલન) શરુ કર્યું. આ આંદોલનમાં તેમણે બધાં જ વર્ગોને સહભાગી કર્યા અને પ્રોત્સાહન આપ્યું.
- બ્રિટીશરો દ્વારા વવાયેલું કોમવાદનું બીજ ભવિષ્યના વિભાજનનું કારણ બન્યું.
- ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, સુખદેવ વગેરે ક્રાંતિકારીઓએ આક્રમક આંદોલનનો પથ અપનાવ્યો.
- સુભાષચંદ્ર બોઝ દ્વારા વિદેશમાંથી સ્વતંત્રતા સંગ્રામ ચલાવાયો. તેઓ બ્રિટીશરોની ગુલામીમાંથી ભારતને મુકત કરાવવાના હેતુથી આઝાદ હિંદ ફોજના નેતા બન્યા.
- ભારત છોડો (કવીટ ઈંડિયા) આંદોલને ભારતની સ્વતંત્રતાનો રસ્તો ખોલી આપ્યો. ગાંધીજી દ્વારા ''કરો યા મરો''નો અંતિમ મંત્ર અપાયો.
- મુસ્લિમ લીગે મુસ્લિમો માટે અલગ સ્વતંત્ર દેશ પાકિસ્તાનની માંગણી કરી. ભારતે ૧૫ મી ઓગષ્ટ, ૧૯૪૭ ના રોજ તેની આઝાદી મેળવી.

## પાઠયાંત પ્રશ્નો :

૧. ભારતીય રાષ્ટ્રિય કોંગ્રેસે તેના શરૂઆતી વર્ષોમાં અંગ્રેજ સરકાર સામે કેવા પ્રકારની માંગણીઓ કરી ?

૨. લોર્ડ કર્ઝનને બંગાળના ભાગલા પાડવામાં કેમ રસ હતો ?

૩. આફ્રિકામાં ગાંધીએ કરેલા સત્યાગ્રહનું શું મહત્વ હતું ? તેમણે ભારતમાં કરેલો સત્યાગ્રહ કેવા પ્રકારનો હતો ?

૪. શું તમને લાગે છે, અસહકારનું આંદોલન તેના ધ્યેયને પ્રાપ્ત કરી શક્યું ? તમારી દલીલના સમર્થનમાં બે કારણો આપો.

૫. સાયમન કમીશનને ભારતમાંથી પાછુ મોકલવાની માંગ કેમ થઈ ?

૬. દાંડી કૂચને અંતે ગાંધીની ધરપકડ કેમ થઈ ?

૭. ક્રાંતિકારીઓ વિધાનસભામાં બોંબ નાખવા કેમ પ્રેરાયા ?

૮. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સુભાષચંદ્ર બોઝની આઝાદ હિંદ ફોજની ભૂમિકા સમજાવો.

૯. ''ભારત છોડો આંદોલને'' ભારતની સ્વતંત્રતામાં શું ફાળો આપ્યો ?

૧૦. એ ત્રણ કારણો જણાવો જેને લીધે બ્રિટીશરોને વીસમી સદીમાં ભારતને આઝાદ કરવું પડયું.

## પાઠગત પ્રશ્નોના જવાબો :

૮.૧

૧. સામ્રાજ્યવાદ વિરોધી આંદોલન, બ્રિટીશ શાસન દરમ્યાન રાજનૈતિક અને વહીવટી એકતા, ભારતના ગૌરવની પુનઃસ્થાપના

૨. ભારતીયોને એક સલામત બંધારણીય આશ્વાસન આપવા માટે, જેથી તેમનો રોષ અંગ્રેજો તરફના વિદ્રોહમાં ન પરિણમે.

૩. મધ્યમપંથીઓ (મવાળ પક્ષના નેતાઓ) બ્રિટીશરો સામે નરમાશથી અરજીઓ અને વિનંતીઓ કરીને સમસ્યાઓ ઉકેલવા માંગતા હતા, જ્યારે જહાલપંથીઓ (ગરમદળના નેતાઓ) સામૂહિક વિરોધ પ્રદર્શનો, સરકારી નીતિઓની જાહેર ટીકા, પરદેશી વસ્તુઓનો બહિષ્કાર તથા સ્વદેશી વસ્તુઓનો પ્રચાર કરવા માંગતા હતાં.


૪. એવી આશામાં કે યુદ્ધ પછી બ્રિટીશ સરકાર ભારતીયોને બંધારણીય અધિકારો આપશે.

૫. ખલીફાના અપમાન અને ઓટોમન સામ્રાજ્યના વિભાજનને કારણે.

૮.૨

૧. સત્યાગ્રહ એટલે સત્ય અને ન્યાય માટે કરાતો અહિંસક આગ્રહ. બાકીના વિદ્રોહો આક્રમક અને હિંસક હતાં.

૨. કમીશનમાં કોઈ ભારતીય સભ્યો ન હતાં.



નોંધ



૩. આંદોલન દરમ્યાન આચરવામાં આવેલી હિંસાને કારણે આંદોલન બંધ કરવામાં આવ્યું.

૪. તેમણે અંગ્રેજ સરકાર વિરૂદ્ધ સશસ્ત્ર આંદોલનનો રસ્તો અપનાવ્યો. બાકીના લોકો તેમના સમર્થનમાં ન હતાં.

૫. પૂર્ણ સ્વરાજ એટલે પૂરેપૂરી સ્વતંત્રતા અને સાર્વભૌમત્વ.

૬. મુસ્લિમો, શિખો વગેરે માટે અલગ ચુંટણીક્ષેત્રોનો પ્રચાર કરવા દ્વારા અને મુસ્લિમ લીગને કોમવાદી માંગણીઓ વધારવા માટે પ્રેરવાથી.

૮.૩

૧. દેશી રજવાડાઓ અને અંગ્રેજ પરગાણાઓ- બધાં જ અખિલ ભારતીય સંઘ હેઠળ આવ્યા. તેને લીધે સંસદની સત્તા મર્યાદિત બની. અર્થાત્, સુરક્ષા ખાતા ઉપર અને વિદેશ ખાતા ઉપર તેમની કોઈ સત્તા ન રહી.

૨. મુસ્લિમ લીગે મુસ્લિમો માટે અલગ દેશ પાકિસ્તાનની માંગણી કરી.

૩. બંધારણીય સત્તા અને બ્રિટીશ કાયદાઓમાં પરિવર્તન લાવવાના આશયથી કોંગ્રેસે ચૂંટણીમાં ભાગ લીધો.

૪. કારણ કે, દ્વિતીય વિશ્વયુદ્ધ દરમ્યાન ભારતમાં અંગ્રેજોની હાજરીને લીધે ભારત ઉપર જાપાનના આક્રમણનો ભય ઊભો થયો હતો.

૫. કોમી ભાગલા, મુસ્લિમ લીગની માંગણીઓ અને રાજનૈતિક પક્ષો વચ્ચે પરસ્પર સમજુતીનો અભાવ.

૯

# ભારતની પ્રાકૃતિક ભૂગોળ

**શિક્ષક :** *પ્રિય વિદ્યાર્થીઓ, એમાં તમે પણ મારી સાથે સંમત્ત થશો કે આપણે જે જગ્યાએ રહેતાં હોઈએ છીએ તેનો આપણી સમજ અને વ્યવહારમાં ઊંડો પ્રભાવ હોય છે. અહીં આપણે એ જાણવા માંગીએ છીએ કે કઈ કઈ જગ્યાઓ સાથે આપણો સંબંધ છે.*

**નતાશા :** *હું હિસાર શહેરની છું. ફરાહ ફતેહાબાદની છે અને રાજિંદર ભિવાનીથી આવે છે.*

**શિક્ષક :** *શું તમે જાણો છો કે આ બધી જગ્યાઓ કયાં આવેલી છે ?*

**રાજિંદર :** *હા, આ જગ્યાઓ હરિયાણામાં આવેલી છે, તે જ રીતે ભારતમાં આવેલી છે પણ ભારત કયાં આવેલું છે ?*

**ફરાહ :** *ભારતનું સ્થાન જાણવાની શી જરૂર છે ?*

**શિક્ષક :** *કોઈપણ દેશનું ભૌગોલિક સ્થાન તે એની ઓળખ હોય છે. વાતાવરણ, વનસ્પતિ, ખેતી, સંશાધનો જેવા મહત્વના પાસાઓ તેના દ્વારા જ ઘડાય છે. લોકોનું જીવન, તેઓ શું ખાય છે, વિશ્વના મંચ ઉપર તેઓ કેટલાં પ્રભાવથી પોતાનો અવાજ ઉઠાવી શકે છે તે બધી બાબતો ઉપર લોકો જયાં રહેતાં હોય તે સ્થાનની ઊંડી અસર હોય છે.*

## હેતુઓ :

*આ પાઠ ભણ્યા પછી તમે :*

- *અક્ષાંશ અને રેખાંશમાં ભારતનું સ્થાન દર્શાવી શકશો.*
- *નકશાની મદદથી પડોશી દેશોના સંદર્ભમાં ભારતના ભૌગોલિક સ્થાનનું મહત્વ વર્ણવી શકશો.*
- *ભારતના રાજકીય નકશામાં ભારતના રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો દર્શાવી શકશો.*
- *ભારતના મુખ્ય ભૌતિક વિભાગો સમજાવી શકશો.*

- ભારતની વ્યવસ્થાનું વર્ણન કરી શકશો.
- હિમાલયની અને દ્વિપકલ્પીય જળ પ્રવાહની વ્યવસ્થામાં સરખામણી અને તફાવત કરી શકશો.
- નદીઓની સ્વચ્છતાની જાળવણીમાં લોકોની ભાગીદારીનું મહત્વ સમજાવી શકશો.

## ૯.૧ સ્થાન :

**શિક્ષક :** વિધાર્થીઓ, જયારે કોઈ પૂછે કે ભારત કયાં છે, તો આપણે બે રીતે જવાબ આપી શકીએ- સાપેક્ષ રીતે અને નીરપેક્ષ રીતે.

આપણે જોઈએ કે સાપેક્ષ દષ્ટિએ અને દષ્ટિએ રીતે ભૌગોલિક સ્થાન કેવી રીતે જોવાય. સ્થાનને અક્ષાંસ-રેખાંશની દ્રષ્ટિએ જોઈએ ત્યારે નિરપેક્ષ રીતે જોયું કહેવાય અને સાપેક્ષ રીતે જોઈએ ત્યારે બીજા કોઈ મુદ્દાના સંદર્ભમાં એ સ્થાનને સમજતાં હોઈએ છીએ. જેમ કે, કેટલું દૂર, કેટલું પાસે, તેની આજુબાજુની જગ્યાઓ વગેરે.


### ? શું તમે જાણો છો


**રેખાંશ :**

**કોણીય અંતર :** કેન્દ્રથી બિંદુઓ વચ્ચેના કોણીય અંતરને કોણીય અંતર કહે છે.

★ **અક્ષાંશ :** વિષુવવૃત્તથી દક્ષિણે અથવા ઉત્તરે પૃથ્વીની સપાટી ઉપરના કોઈપણ બિંદુનુ વિષુવવૃત્તથી જે કોણીય અંતર બને છે તેને અક્ષાંશ કહે છે.

★ **રેખાંશ :** ગ્રીનીચરેખા ઉપર આવેલા મુખ્ય યામ્યોત્તરવૃત્તર (Prime Meridian p.m) થી પૂર્વ કે પશ્ચિમ જતાં પૃથ્વીની સપાટી ઉપર જે કોણીય અંતર બને તેને રેખાંશ કહે છે...........




**શિક્ષક :** આ નકશા દ્વારા શું તમે ભારતના મુખ્ય પ્રદેશને અક્ષાંશ-રેખાંશમાં દર્શાવી શકશો ?

**નતાશા :** ભારતનો મુખ્ય પ્રદેશ ૮$^0$ ૪ ઉત્તર અને ૩૭$^0$ ૬’ ઉત્તરીય અક્ષાંશ અને ૬૮$^0$ ૭’ પૂર્વ અને ૯૭$^0$ ૨૫’ પૂર્વ રેખાંશ વચ્ચે સ્થિત છે. આ રીતે, ઉત્તર-દક્ષિણ વિસ્તાર ૩૨૧૪ કિલોમીટર છે અને પૂર્વ-પશ્ચિમ વિસ્તાર ૨૯૩૩ કિલોમીટર છે. ભારતની જમીન આખી પૃથ્વીની જમીનના ૨.૪૨ % છે.

**શિક્ષક :** ભારત સંપૂર્ણપણે ઉત્તર ગોળાર્ધ અને પૂર્વ ગોળાર્ધમાં આવેલું છે. ભારતની મધ્યમાંથી કર્કવૃત્ત (૨૩ ૩૦ ઉત્તર) પસાર થાય છે તે દેશને લગભગ સરખા બે ભાગોમાં વહેંચે છે તેની ઉત્તરનો ભાગ ઉત્તર ભારત અને દક્ષિણનો ભાગ દિક્ષણભારત તરીકે ઓળખાય છે.આ જ રીતે ૮૨$^0$ ૩૦ પૂર્વીય રેખાંશ દેશની લગભગ મધ્યમાંથી પસાર થાય છે. તેને ભારતનો પ્રમાણ યામ્યોત્તરવૃત્ત કહે છે.



**શિક્ષક :** *હવે ભારતનું સાપેક્ષ સ્થાન નક્કી કરો અને પછી તેને નીચે આપેલી જગ્યામાં નોંધો. યાદ રાખો કે સાપેક્ષ સ્થાન અન્ય સ્થાનો સાથે સંબંધિત રીતે જોવાનું હોય છે, જેવા કે ઉત્તરે, દક્ષિણે, દક્ષિણ-પૂર્વમાં, અમુક સ્થાન પછી, અમુક સ્થાન ઓળંગીને*


*ભારત એશિયા મહાદ્રીપનો ભાગ છે. ભારત ત્રણ બાજુએ પાણીથી ઘેરાયેલું છે. તેની ઉત્તર-પશ્ચિમે પાકિસ્તાન અને નેપાલ તેની ઉત્તરે આવેલાં છે. બાંગ્લાદેશ અને મ્યાનમાર તેની પૂર્વમાં આવેલા છે. શ્રીલંકા અને માલદીવ હિંદ મહાસાગરમાં તેની દક્ષિણ તરફ આવેલાં છે. દેશની સૌથી દક્ષિણે આવેલું સ્થાન ઈંદિરા પોંઈટ (નિકોબાર ટાપુઓ) પર છે જે ૬$^{0}$ ૪' દક્ષિણી અક્ષાંશ પર આવેલું છે. જયારે ભારતના મુખ્ય પ્રદેશની સૌથી દક્ષિણે આવેલું સ્થાન કન્યાકુમારી છે જે ૮$^{0}$ ૪' ઉત્તરીય અક્ષાંશ પર આવેલું છે.*

**? શું તમે જાણો છો**

*૮૨'૩૦ પૂર્વ રેખાંશ મિર્ઝાપુર (ઉત્તર પ્રદેશ) માંથી પસાર થાય છે. ગુજરાત અને અરૂણાચલપ્રદેશ વચ્ચે બે કલાકારો વચ્ચે બે કલાકનો જે તફાવત છે તેને સપ્રમાણ કરવા માટે દેશની મધ્યમાંથી પસાર થતા આ રેખાંશવૃત્તને મધ્યસ્થ યામ્યોત્તરવૃત્ત તરીકે માન્ય રાખવામાં આવ્યું છે.*

### ૯.૧.૧ સ્થાનીય મહત્વ :

*ચાલો આપણે આકૃતિ ૯.૨ નું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરીએ. તમે શું નોધ્યુ ? વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ દક્ષિણ-એશિયામાં મોટામાં મોટો દેશ ભારત છે તે મહાસાગરથી ઘેરાયેલો છે. તે યૂરોપ અને આફ્રિકા, દક્ષિણ-પૂર્વ એશિયા, પૂર્વ એશિયાના દૂરસ્થ પ્રદેશો અને ઓશિનિયા વચ્ચેના સમુદ્રી માર્ગો પર નિયંત્રણ કરે છે. તેથી જ ભારતના વ્યાપારી સંબંધો બીજા દેશો સાથે પ્રાચીનકાળથી સારાં રહ્યાં છે. અને તે જમીન સાથે પણ દરિયાકાંઠા અને જમીન-બેઉ રીતે ભારત-સારૂં ભૌગોલિક સ્થાન ધરાવે છે. નાથૂ-લા (સિક્કિમ), શિપકીલા (હિમાચલ પ્રદેશ), જોઝીલા અને બુર્જીલા (જમ્મૂ-કાશ્મીર) જેવા વિવિધ પર્વતીય ઘાટ આગવું મહત્વ ધરાવે છે. ભારત-તિબેટ વચ્ચેનો મુખ્ય વ્યાપારી માર્ગ, જે દાર્જીલીંગ પાસે કલીમ્પોંગ અને તિબેટના લ્હાસાને જોડે છે તે જલેપા-લામાંથી પસાર થાય છે. ઘણાઘાટોએ પ્રાચીન મુસાફરોને ભારતમાં આવવાના રસ્તા પૂરા પાડયાં છે તે રીતે આ ઘાટો માત્ર વ્યાપાર માટેના જ નહીં પણ સાંસ્કૃતિક અને વૈચારિક આદાન-પ્રદાનના રસ્તા સાબિત થયાં છે.*




**ચિત્ર ૯.૨ મહત્વના વ્યાપારી માર્ગોની દ્રષ્ટિએ ભારતનું ભૌગોલિક સ્થાન**

## પાઠ સ્વાધ્યાય ૯.૧

૧. *નકશો ૯.૪ જુઓ અને નિમ્નલિખિત પ્રશ્નોના ઉત્તર આપો :*

૧. *ભારતની પૂર્વ દિશામાં આવેલા બે દેશોના નામ શોધો.*

૨. *ભારતના પૂર્વ અને પશ્ચિમ કાંઠાઓ પર આવેલા બે સમુદ્રોના નામ જણાવો.*

૩. *કયો દેશ પાક પાલ્ક ઘાટ દ્વારા ભારત સાથે જોડાયેલો છે ?*


૪. *એવા કયા બે દેશો છે જે ભારત સાથે એક જ સરહદથી જોડાયેલા છે ?*

## ૯.૨ ભારતના રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશો

*વિસ્તારની દ્રષ્ટિએ ભારત આખી દુનિયામાં સાતમા નંબરે આવે છે તે ૧૫, ૨૦૦ કિલોમીટર લાંબી ભૂમિરેખા (જમીનની હદરેખા) અને ૬૧૦૦ કિલોમીટર લાંબો દરિયાકાંઠો ધરાવે છે. ભારતનું કુલ ક્ષેત્રફળ ૩૨.૮ લાખ ચોરસ કિલોમીટર છે.*

*ભારતનું ક્ષેત્રફળ આખી દુનિયાના ક્ષેત્રફળના લગભગ ૨.૪૨ % જેટલું છે. વ્યવસ્થિત વહીવટ માટે ભારતને ૨૮ રાજયો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચી નાંખવામાં આવ્યું છે.*

*આઓ, આપણે અહીં આપેલા નકશા ૯.૩ નો અભ્યાસ કરીએ.*




**આકૃતિ ૯.૩ ભારતનો રાજકીય નકશો.**

*આ નકશામાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે કે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશને પોતાની રાજધાની છે. એ નોંધવું સ્પષ્ટ લાગે છે કે જે ભારતની રાજધાની છે, તે નવી દિલ્હી એ કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીની પણ રાજધાની છે. શું આ રીતે તમે અન્ય કોઈ રાજધાની ઓળખી શકશો ? હા, ચંડીગઢ પણ એવી રાજધાની છે જે હરિયાણા અને પંજાબની રાજધાની છે અને તેજ કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢની પણ રાજધાની છે.*

### મનોયત્ન ૯.૧

*નિમ્નલિખિત જગ્યાઓએ જવા માટે તમારે ઓછામાં આછા કેટલાં રાજ્યોમાંથી પસાર થવું પડે તે શોધો.*

(અ) કાશ્મીરથી મિઝોરમ

(બ) પંજાબથી બિહાર

(ક) દિલ્હીથી બેંગ્લોર

(ડ) મુંબઈથી કલકત્તા

(ઈ) ચેન્નઈથી રાયપુર

## પાઠ સ્વાધ્યાય ૯.૨

૧. નકશો ૯.૩ જુઓ અને આ પ્રશ્નોના જવાબ આપો :

(i) દક્ષિણ ભારતના બે રાજ્યોના નામ આપો.

(ii) આંતરરાષ્ટ્રિય સરહદ ધરાવતાં બે રાજ્યોના નામ દર્શાવો.

(iii) સિક્કીમની સરહદ સાથે જોડાયેલા બે દેશોના નામ જણાવો.

(iv) અરબી સમુદ્ર સાથે જોડાયેલા બે કેન્દ્રશાસિત પ્રદેશોના નામ આપો.

## ૯.૩ ભારતના ભૌતિક વિભાગો :

**નતાશા :** ભૂભાગ/ભૂમિભાગ શું છે ?

**શિક્ષક :** જે પ્રદેશ કોઈ વિશીષ્ટ પ્રકારની ભૌગોલિક ખાસિયત ધરાવતો હોય તેને ભૂભાગ કહે છે.

**ફરાહ :** જેમ કે, મુંબઈ તટ રેતાળ છે અને શીલોંગ પહાડી છે.

**શિક્ષક :** બરોબર. શું તમને ખબર છે કે ભારત એક એવો વિશાળ દેશ છે જે જમીનના સ્થળાકૃતિઓમાં ખૂબ વિવિધતા ધરાવે છે ?

**રાજિંદર :** સ્થળાકૃતિનો અર્થ શું થાય છે ?

**શિક્ષક :** સ્થળાકૃતિ (ટોપોગ્રાફી) નો અર્થ છે કોઈપણ સ્થળના પ્રાકૃતિક લક્ષણો, પૃથ્વીની સપાટી પર આવેલા વિવિધ ભૌતિક લક્ષણો અને ભૂદશ્યોનું વર્ણન એટલે સ્થળાકૃતિ.

સ્થળાકૃતિની દ્રષ્ટિએ ભારતમાં ભરપુર વૈવિધ્ય છે તેમાં વિશાળ હિમાલય, ઉત્તરના મેદાનો, થારનું રણ, દરિયાકાંઠાના મેદાનો અને દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશોનો સમાવેશ થાય છે. સ્થળાકૃતિમાં આવી વિવિધતા હોવાના કારણો આવાં હોઈ શકે :

- ખડકોની સંરચના વિવિધ રીતે થઈ હોઈ શકે. જમીનના આ ખંડ જુદાજુદા ભૌગોલિક સમયગાળા દરમ્યાન ઘડાયેલા છે.

- આ સ્થળોનું વર્તમાનરૂપ અનેક પ્રક્રિયાઓમાંથી પસાર થઈને આવ્યું છે. જેવી કે, ધોવાણ, હવામાન દ્વારા થતો ક્ષય અથવા જમાવ.

**હવામાન દ્વારા થતો ક્ષય :**


પૃથ્વીની સપાટી પર આવેલા હવા, પાણી, વાતાવરણને લીધે ઉદ્ભવતી ભૌતિક, રાસાયણિક અને જૈવિક પ્રક્રિયાઓ દ્વારા ખડકો ધીમેધીમે ઘસાતા કહે છે.

**ખવાણ :** પૃથ્વીની સપાટી અઠે ખડકો ધીમેધીમે ઘસાતા કે તૂટલા રહે છે. તેમ થવા પાછળ પવન, પાણી કે વાતાવરણમાં આવતા ફેરફારો જેવા પરિબળો જવાબદાર હોય છે. આ પરિબળોને લીધે થતી, રાસાયણિક કે જૈવિક પ્રક્રિયાઓને લીધે થતા આવા ઘસારાને ખવાણ કહે છે.


**ધોવાણ :** ઘસાયેલા ખડકોના અંશો ધીમેધીમે પવન, નદી, ઝરણા કે હિમશીલા જેવા પ્રાકૃતિક રસ્તે એકથી બીજા સ્થળે વહેતા જાય છે. આ પ્રક્રિયાને ધોવાણ કહે છે. હવામાન દ્વારા થતા ખવાણમાં અને ધોવાણમાં ફેરક છે, ખવાણના અંશો સ્થળાંતર કરતાં નથી. જ્યારે ધોવાણમાં આવા અંશોનું સ્થળાંતર થતું હોય છે.

ભારત ભૌગોલિક વિવિધતાનો દેશ છે. અહીં અમુક વિસ્તારોમાં પર્વતોના ઊંચા શિખરો છે, જ્યારે અમુક જગ્યાએ નદીઓએ બનાવેલા સપાટ મેદાનો છે.

આવી ભૌગોલિક વિશેષતાઓને આધારે નીચે જણાવ્યા મુજબ છ મુખ્ય ભાગ પડી શકે :




**આકૃતિ ૯.૪ ભારતના ભૌગોલિક વિભાગો**



નોંધ

૧. ઉત્તરીય પર્વતમાળા    ૨. ઉત્તરીય મેદાનો

૩. દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશ    ૪. ભારતીય રણ

૫. દરિયાકાંઠાના મેદાનો    ૬. ટાપુઓ

**ઉત્તરીય પર્વતમાળા :** આને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવી છે, જે આ મુજબ છે.

(ક) હિમાલય

(ખ) પાર હિમાલય પ્રદેશ

(ગ) પૂર્વાચલ પર્વતો

**૧. ઘાટ :** બે ટેકરીઓ કે પર્વતોની વચ્ચે કુદરતી રીતે રહેલી ખાલી જગ્યા.

**૨. શૃંખલા :** એક ખુબ મોટો ભૂ-ભાગ, જેમાં પર્વતો, ટેકરીઓ અને શિખરો આવેલા હોય.

**૩. શિખર :** કોઈ પર્વતમાળાનું ઊંચામાં ઊચું બિંદુ કે ટોચ.


**૪. ખીણ :** બે ઉંચા ભૂ-ભાગ વચ્ચે આવેલી સમતલ અથવા નીચાણવાળી જગ્યા.

**૫. દૂન :** હિમાલય અને શિવાલીકની વચ્ચેના વિસ્તારમાં આવેલી ઉભી ખીણો.

૧. હિમાલય પર્વત :

હિમાલય એક નવરચિત ગેડ (ગડી પડવાથી બનેલો) પ્રવર્તમાન છે.વિશ્વની સૌથી ઊંચી પર્વતમાળા છે. તે એક અવરોધક તરીકે ઉપયોગી છે, કેમકે તે તેની ઠંડીહીમ, બર્ફીલી અને કઠીન સ્થળાકૃતિ દ્વારા ભારતના પડોશીઓ ભારતમાં પ્રવેશવા માટે નિરુત્સાહી બનાવે છે.

તે સિંધુથી બ્રહ્મપુત્રા સુધી પશ્ચિમથી પૂર્વમાં, ભારતની ઉત્તરીય સરહદની સાથેસાથે રહીને ૨૫૦૦ કિલોમીટર ફેલાયેલો છે તેની પહોળાઈ પશ્ચિમમાં ૪૦૦ કિ.મી.થી માંડીને પૂર્વમાં ૧૫૦ કિ.મી.સુધી વિસ્તરેલી છે.




**આકૃતિ ૯.૫ હિમાલય પર્વતમાળા**

*(અ) મહાન હિમાલય અથવા હિમાદ્રી*

*(બ) મધ્ય હિમાલય અથવા હિમાચલ*

*(ક) બાહ્ય હિમાલય અથવા શિવાલીક*

**(અ) મહાન હિમાલય અથવા હિમાદ્રી :**

*મહાન હિમાલય અથવા હિમાદ્રિમાં દરેક ઉત્તરમાં આવેલ પર્વતમાળા અને શિખરો સામેલ છે. તેની સામાન્ય ઊંચાઈ ૬૦૦૦ મીટર અને પહોળાઈ ૧૨૦ કિલોમીટરથી ૧૯૦ કિલોમીટર વચ્ચે છે. તે સૌથી વધુ સળંગ શૃંખલા છે. (પર્વતમાળા છે.) તે હિમાચ્છાદીત છે અને તેમાંથી ઘણી હિમશીલાઓ વહી પડે છે. તેમાં માઉંટ એવરેસ્ટ, કંચનજંઘા, મકાલૂ, ધૌલાગિરી, નંગા પર્વત જેવા ઘણાંબધાં ખૂબ ઊંચા શિખરો આવેલા છે, જે ૮૦૦૦ મીટરથી વધુ ઊંચા છે. વિશ્વનું ઊચામાં ઊચું શિખર માઉંટ એવરેસ્ટ (૮૮૪૮ મીટર) નેપાળમાં છે. ભારતમાં આવેલું સૌથી ઊચું શિખર કાંચનજંગા છે. ઊંચા પર્વતીય ઘાટ જેવા કે બારા લાચા-લા, શિખડી-લા, નાથૂ-લા, બોમીડી-લા, ઈત્યાદિ પણ છે. ગંગા અને યમુના નદીઓનું જન્મસ્થાન પણ હિમાલય છે.*

**(બ) મધ્ય હિમાલય અથવા હિમાચલ :**

*આ પર્વતમાળાના શિખરોની ઊંચાઈ ૧૦૦૦ મીટર થી ૪૫૦૦ મીટર જેટલી છે અને*

પહોળાઈ ૫૦ કિલોમીટર છે. તેમાં પ્રમુખ પર્વતમાળાઓ 'પીર પંજાલ, ધૌલા ધાર અને મહાભારત છે. તેમાં ઘણાં પ્રસિદ્ધ હવાખાવાના સ્થળો આવેલાં છે, જેવાં કે સિમલા, ડેલહાઉસી, દાર્જીલીંગ, ચકરાતા, મસૂરી અને નૈનીતાલ. તેમાં કાશ્મીર, કુલ્લુ, કાંગરા જેવી સુપ્રસિદ્ધ ખીણો પણ આવેલી છે.

**(ક) બાહ્ય હિમાલય અથવા શિવાલિક :**

તે હિમાલયની સૌથી બહારની બાજુએ આવેલી પર્વતશૃંખલા છે તેની ઊંચાઈ ૯૦૦-૧૧૦૦ મીટર અને પહોળાઈ ૧૦-૫૦ કીલોમીટર જેટલી છે. અહીં જમ્મૂ હિલ્સ જેવી ઓછી ઊંચાઈની પહાડીઓ આવેલી છે. શિવાલિક પહાડીઓ અને મધ્ય હિમાલયની વચ્ચે ઘણી પ્રખ્યાત ખીણો આવેલી છે જેને 'દૂન' કહે છે, જેમ કે દહેરાદૂન, કોટલી દૂન અને પાટલી દૂન

**(ખ) ટ્રાંસ હિમાલય (હિમાલયની પેલે પાર)**

મહાન હિમાલયની ઉત્તરે સમાંતર ફેલાયેલા હિમાલયના આ ભાગને ઝરકર પર્વત કહેવાય છે. તેની ઉત્તરે લદ્દાખ શ્રૃંખલા આવેલી છે. ઝરકર અને લદ્દાખ પર્વતમાળાઓની વચ્ચેથી સિંધું નદી વહે છે. ઉત્તરે કારાકોરમ શૃંખલા આવેલી છે. K2 એ દુનિયાનું બીજા નંબરનું ઊચું શિખર છે.

**(ગ) પૂર્વાંચલ પહાડીઓ :**

આમાં મિશામી, મિજી પહાડીઓ છે, જે પૂર્વમાં આવેલી છે તેમાં મેઘાલયના ઉચ્ચપ્રદેશની ગારો, ખાસી અને જૈંતિયા પહાડીઓ પણ આવેલી છે.

**પાઠ સ્વાધ્યાય ૯.૩**

૧. હિમાલયની ત્રણ પર્વતશ્રૃંખલાઓના નામ લખો.

૨. નકશો ૯.૫ જુઓ અને નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.

(ક) નંગા પર્વત અને નંદા દેવી કયા રાજયમાં આવેલાં છે ?

(ખ) હા/ના માં જવાબ આપો.


૧) માઉંટ એવરેસ્ટ ભારતમાં આવેલું છે .....

૨) શિપકી-લા ઘાટ શિવાલિક પર્વતમાળામાં આવેલ છે........

૩) માનસરોવર કૈલાસ પર્વતમાળામાં આવેલું છે.....

૩. એ દેશોના નામ જણાવો જ્યાં મહાન હિમાલય આવેલો છે.

૪. બે પૂર્વાંચલ પહાડીઓને ઓળખી બતાવો.




**આકૃતિ ૯.૬ ભારતના દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશો**

૨. **ઉત્તરીય મેદાનો : ચાલો આપણે ભારતના ઉત્તરીય મેદાનોને શોધીને તેમના નામ જાણવાની કોશિશ કરીએ.** *(જુઓ નકશો ૬.૬)*

*ઉત્તરના મેદાનો હિમાલયની દક્ષિણે અને દ્વિપકલ્પીય (ખંડીય) ઉચ્ચપ્રદેશની ઉત્તર વચ્ચેના પ્રદેશમાં આવેલાં છે. આ મેદાનો સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્ર એ ત્રણ મુખ્ય નદીઓએ ઘસડી લાવેલા કાંપથી બન્યા છે.*

*પશ્ચિમમાં પંજાબથી માંડીને પૂર્વમાં આસામ સુધી વિસ્તરેલા આ મેદાનોની લંબાઈ લગભગ ૨૪૦૦ કિ.મી છે તેની પહોળાઈ પૂર્વમાં ૧૫૦ કિલોમીટર અને પશ્ચિમમાં લગભગ ૩૦૦ કિલોમીટર છે. નદીઓના કાંપથી બનેલા આ મેદાન વિશ્વના સૌથી મોટાં અને સૌથી ફળદ્રુપ મેદાનોમાંથી એક*

છે. આ મેદાનોમાં મુખ્યત્વે પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમબંગાળ અને આસામ રાજ્યો આવેલાં છે. ઘઉ, ચોખા, શેરડી, કઠોળ, તેલીબિંયા અને શણ જેવાં મુખ્ય પાકોની ખેતી અહીં થાય છે. ઉચિત સિંચાઈને લીધે આ મેદાનો અનાજના ઉત્પાદનમાં મહત્વપૂર્ણ ફાળો આપે છે. ઉત્તરીય મેદાનો મોટાભાગે બે ભાગોમાં વહેચાય છે.

૧. પશ્ચિમના મેદાનો

૨. ગંગા-બ્રહ્મપુત્ર મેદાનો

૧. પશ્ચિમી મેદાનો :

આ મેદાન સિંધુ નદીના પ્રવાહોથી બનેલાં છે. તે અરવલ્લીની પશ્ચિમે સ્થિત છે. આ મેદાન સતલજ, બિયાસ અને રાવી નદીઓના કાંપમાંથી બન્યા છે. ઉત્તરીય મેદાનોના આ ભાગમાં દોઆબ છે.

**ગંગા-બ્રહ્મપુત્રા મેદાન :**

આ મેદાન બે મુખ્ય નદીઓ : ગંગા અને બ્રહ્મપુત્રને ઘસડી લાવેલા કાપથી બન્યું છે. મોહન-જો-ડેરો અને હડપ્પા જેવી પ્રાચીન સંસ્કૃતિઓ, જેને નદીકિનારાની સંસ્કૃતિ પણ કહે છે, તે આ મેદાનોમાં વિકસી હતી. તેનું કારણ નદીકાંઠાની ફળદ્રુપતા અને પાણીની ઉપલબ્ધતા છે.

**દોઆબ :** બે નદીઓની વચ્ચે આવેલી ભૂમિ, જેમ કે પંજાબનું દોઆબ ક્ષેત્ર.

**ખાદર :** લગભગ દર વર્ષે નદીઓમાં પુરના સંભવિત ક્ષેત્રો / વિસ્તારો.

**બાંગાર :** જ્યાં કદી પણ નદીઓનાં પૂર આવતા ન હોય તેવાં ક્ષેત્રો / વિસ્તારો.

**દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશ**

નીચે આપેલા નકશાને (આકૃતિ ૯.૬) જુઓ તમે જોશો કે દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશ એક ત્રિકોણાકાર ટેબલલેન્ડ જેવો છે.

આ પ્રાચીન ભૂ-ભાગને ગોંડવાના લેવલ કહે છે તે લગભગ ૫ લાખ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો છે. તે ગુજરાત, મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટક અને આંધ્રપ્રદેશ રાજ્યોમાં ફેલાયેલો છે. નર્મદા નદી આ ઉચ્ચપ્રદેશને બે વિભાગોમાં વહેંચે છે. - મધ્ય ઉચ્ચભૂમિ અને ડેકકનનો ઉચ્ચપ્રદેશ.

**૧. મધ્ય ઉચ્ચભૂમિ :**

તે નર્મદા નદી અને ઉત્તરના મેદાનો વચ્ચેથી નીકળે છે. અરવલ્લી એ ગુજરાતથી માંડીને રાજસ્થાનમાંથી પસાર થતો દિલ્હી સુધી વિસ્તરેલો મહત્વનો પર્વત છે. આ પર્વતનું સૌથી ઊંચું શિખર એ માઉંટ આબુ પાસે આવેલું ગુરૂશિખર (૧૭૨૨ મી.) છે. માળવાનો ઉચ્ચપ્રદેશ અને છોટા નાગપુરનો ઉચ્ચપ્રદેશએ મધ્ય ઉચ્ચભૂમિના ભાગ છે. માળવાના ઉચ્ચપ્રદેશની મુખ્ય નદીઓ

બેતવા, ચંબલ અને કેન છે, જ્યારે છોટા નાગપુરના ઉચ્ચપ્રદેશની મહત્વની પહાડીઓ મહાદેવ, કૈમૂર અને મેકોલ છે. નર્મદા નદીની ખીણ વિંધ્ય અને સાતપુડાની વચ્ચે આવેલી છે. નર્મદા નદી પૂર્વથી પશ્ચિમે વહીને અરબી સમુદ્રમાં ભળી જાય છે.

**ડેકકનનો ઉચ્ચપ્રદેશ :**

છોટાનાગપુરના ઉચ્ચપ્રદેશોમાં વિક્ષોભ (ખડકોમાં પડતી મોટી ફાટની સાથે સાથે થતી ખડકોની અદલાબદલી)ને કારણે તેમાંથી ડેકકનનો ઉચ્ચપ્રદેશ છૂટો પડ્યો.

ડેકકનના ઉચ્ચપ્રદેશમાં કાળી માટીવાળો પ્રદેશ ડેકકન ટ્રેપ તરીકે જાણીતો છે. તે જ્વાળામુખી વિસ્ફોટ દ્વારા બનેલો છે. તે માટી કપાસ અને શેરડીની ખેતી માટે સારી ગણાય છે. ડેકકનનો ઉચ્ચપ્રદેશ મુખ્યત્વે બે ભાગોમાં વહેચાયેલ છે :

ક) પશ્ચિમી ઘાટ

ખ) પૂર્વીય ઘાટ

**(ક) પશ્ચિમી ઘાટ :**

જો આપણે નકશો ૯.૬ જોઈએ તો આપણને દેખાશે કે ડેકકન ઉચ્ચપ્રદેશના પશ્ચિમ કિનારે પશ્ચિમી ઘાટ અથવા સાહ્યદ્રિ આવેલો છે. તે પશ્ચિમી દરિયાકાંઠાની સમાંતરે લગભગ ૧૬૦૦ કિ.મી.લંબાઈ ધરાવે છે. પશ્ચિમી ઘાટની સામાન્ય ઊંચાઈ ૧૦૦૦ મીટર છે. આ ક્ષેત્રના પ્રસિદ્ધ શિખરો દોદાબેહા, અનાઈમુદી, માકુર્તી વગેરે છે. આ ક્ષેત્રમાં સૌથી ઊચું શિખર (૨૬૯૫ મીટર) અનાયૂમુદી છે. પશ્ચિમી ઘાટ સળંગ છે અને તેને પાલઘાટ, ઘાલઘાટ અને ભોરઘાટ દ્વારા ઓળંગી શકાય છે. ગોદાવરી, કૃષ્ણા અને ભીમા નદીઓનો પ્રવાહ પૂર્વ તરફ છે, જ્યારે તાપી નદી, પશ્ચિમ તરફ વહે છે.

આ નદી સાગરમાં પ્રવેશ કરતા પહેલાં ધોધ અને ઝડપી પ્રવાહો રચે છે. શરાવતી નદી પરનો જોગ ધોધ અને કાવેરી નદી પરનો શિવ સમુન્દ્રમ ધોધ પ્રસિદ્ધ ધોધ છે.

**(ખ) પૂર્વીય ઘાટ :**

પૂર્વીય ઘાટ સળંગ નથી. તેની સામાન્ય ઊંચાઈ ૬૦૦ મીટર છે. તે પૂર્વના દરિયાકાંઠાને સમાંતર રહીને મહાનદી ખીણની દક્ષિણેથી નિલગીરી પહાડી સુધી વહે છે. આ ક્ષેત્રમાં સૌથી ઊચું શિખર મહેન્દ્રગિરી (૧૫૦૧ મીટર) છે. ઓરિસ્સામાં મહેન્દ્રગીરી, નિમાઈગિરી, દક્ષિણ આંધ્રપ્રદેશમાં નલ્લામલાઈ અને તમિલનાડુમાં કોલ્લીમલાઈ અને પાંચીમલાઈએ પ્રસિદ્ધ પહાડીઓ છે. આ વિસ્તારમાં મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી નદીઓ દ્વારા ધોવાણ થાય છે. દક્ષિણમાં નીલગિરિ પહાડીઓ પશ્ચિમી અને પૂર્વીય ઘાટોને જોડે છે.

## મનોયત્ન ૯.૨

૧. પશ્ચિમી અને પૂર્વીય ઘાટ વચ્ચેના પાંચ તફાવત દર્શાવો

| | | |
|---|---|---|
| ૨.સરેરાશ ઊંચાઈ | | |
| ૩. વિસ્તાર/વ્યાપ | | |
| ૪. સર્વોચ્ચ શિખર | | |
| ૫. નદીઓ | | |
| ૪. ભારતના રણ | | |


ભારતીય રણ અરવલ્લી પહાડીઓની પશ્ચિમ બાજુએ આવેલું છે. તેને થાર મરૂસ્થળ પણ કહેવાય છે. તે વિશ્વના મોટાં રણોમાં નવમું સ્થાન ધરાવે છે. તે ગુજરાત અને રાજસ્થાનમાં ફેલાયેલું છે. અહીંનુ વાતાવરણ સૂકુ અને અર્ધ-સૂકું રહે છે. અહીં પ્રતિવર્ષ ૧૫૦ મિમીથી ઓછો વરસાદ થાય છે. અહીં કાંટેદાર ઝાડીઓવાળી ઓછી લંબાઈની વનસ્પતિઓ ઉગે છે. આ વિસ્તારની મુખ્ય નદી લૂણી છે. બીજા બધા જ જળપ્રવાહો માત્ર ચોમાસામાં જ જોવા મળે છે, બાકીના સમયે તે બધા રણમાં જ સમાઈ જાય છે.



**ચિત્ર ૯.૭ : ભારતીય રણ**

હું ભારતીય રણ- થાર છું.

૧. આખું વર્ષ હું સૌથી સૂકું રહું છું. ભેજવાળા પવનો અરવલ્લીને સમાંતર રહીને વહે છે તેથી મને થોડોક જ વરસાદ મળે છે.



નોંધ



૨. મારૂં શરીર અન્ય કાંટેદાર વનસ્પતિ અને થોરથી વિંધાયેલું છે.

૩. તમે તરસ્યા થયા હશો તો ઘણા કિલોમીટર ચાલ્યા પછી તમને કોઈ રણદ્વિપ કે વીરડો મળશે.

૪. રેતીના ઢૂવા/ટીબાં મારા રણની શોભા વધારે છે.

૫. મારા લોકો સમૃદ્ધ સંસ્કૃતિ અને પરંપરાને અનુસરે છે.

**૫. દરિયાકાંઠાના મેદાન**

ભારતના દરિયાકાંઠાના મેદાન અરબીસમુદ્ર અને બંગાળની ખાડીને સમાંતર થઈને દ્વિપકલ્પીય ઉચ્ચપ્રદેશોમાં જોડાઈને વહે છે.

પશ્ચિમ દરિયાકાંઠાનું મેદાનએ અરબી સમુદ્ર સાથે જોડાયેલો એક સાંકડો પટ્ટો છે, જેની પહોળાઈ લગભગ ૨૦-૩૦ કિ.મી છે તે કચ્છના રણથી કન્યાકુમારી સુધી ફેલાયેલું છે. આ મેદાન ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે. (૧) કોકણ દરિયાકાંઠો (મુંબઈથી ગોવા) (૨) કર્ણાટક દરિયાકાંઠો (ગોવાથી મેંગલોર), ૩) મલબાર દરિયાકાંઠો (મેગલોરથી કન્યાકુમારી) પૂર્વીય દરિયાકાંઠો બંગાળની ખાડી સાથે જોડાયેલો કાંઠો છે. પશ્ચિમ દરિયાકાંઠા કરતાં એ પહોળો છે. તેની સામાન્ય પહોળાઈ ૧૨૦ કિ.મી છે. આ દરિયાકાંઠાના ઉત્તર ભાગને ઉત્તરી સિરકાર અને દક્ષિણ ભાગ કોરોમંડલ કાંઠો કહેવામાં આવે છે. પૂર્વીય દરિયાકાંઠામાં મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી નદીઓએ બનાવેલો ડેલ્ટા પ્રદેશ છે. ઓરિસ્સામાં આવેલું ખારા પાણીનું સૌથી મોટું સરોવર-ચિલ્કા સરોવર છે જે મહાનદીના ડેલ્ટા પ્રદેશની દક્ષિણે આવેલું છે.

દરિયાકાંઠાના મેદાનોમાં મસાલા, ચોખા, નારિયેળ, મરી ઈત્યાદિ ઉગાડવામાં આવે છે. આ મેદાનો વ્યાપાર વાણિજયના કેન્દ્રો રહયાં છે. આ ક્ષેત્રો માછીમારી માટે ખૂબ જાણીતા હોવાથી અહીં ઘણાં માછીમાર-ગામ વિકસાવવામાં આવ્યા છે. માલાબાર દરિયાકાંઠે આવેલું વિમ્બનાદ એક પ્રસિદ્ધ લગૂન (દરિયાકાંઠાનુ સરોવર) છે.

**૬ ટાપુઓ :**

ભારતમાં ટાપુઓના બે સમૂહ આવેલાં છે. બંગાળની ખાડીમાં આવેલા ૨૦૪ ટાપુઓ આંદામાન અને નિકોબાર ટાપુઓ છે અને અરબી સમુદ્રમાં આવેલાં ૪૩ ટાપુઓ લક્ષદ્રીપ ટાપુઓ છે.

આંદામાન-નીકોબાર ટાપુઓ બંગાળની ખાડીમાં ઉત્તરથી દક્ષિણે ફેલાયેલા છે. તેઓ કદનાં મોટા છે. અહીં એક ઉજ્જડ ટાપુ ઉપર સક્રિય જવાળામુખી આવેલો છે.

લક્ષદ્વિપ ટાપુઓ કેરળના મલબાર કાંઠાની નજીક અરબસાગરમાં આવેલા છે. તેનો વિસ્તાર ૩૨ ચો.કિ.મી. છે. લક્ષદ્વિપની રાજધાની કવરાતી છે. આ ટાપુઓ પરવાળાથી બનેલા છે અને

વિવિધ વનસ્પતિ તથ જીવસૃષ્ટિની કુદરતી બક્ષિસ ધરાવે છે. પાણીની અંદર કરાવાતા વિવિધ ખેલ અને તરણ-રમતોને લીધે આ ટાપુઓ પ્રવાસીઓના આકર્ષણના કેન્દ્રો બન્યા છે.

### પાઠ સ્વાધ્યાય ૯.૪

૧. આ પ્રશ્નોના ટૂકમાં જવાબ આપો. (ફક્ત બે વાક્યોમાં)

(i) ડેક્કન ટ્રેપની રચના કેવીરીતે થઈ હતી ?

(ii) દરિયાકાંઠાના મેદાનોમાં થતી કોઈપણ બે આર્થિક પ્રવૃત્તિઓ જણાવો.

(iii) આંદામાન-નિકોબાર ટાપુઓ પ્રવાસીઓને કેમ આકર્ષે છે ?

(iv) પશ્ચિમી મેદાનોને બનાવવામાં સહાયરૂપ થતી બે નદીઓના નામ જણાવો.

## ૯.૪ ભારતમાં આવેલી કુદરતી જળ નિકાલ પ્રણાલી :

- જળવહહન પ્રણાલીનો અર્થ મુખ્યત્વે એવો થાય છે કે, પૃથ્વીની સપાટી ઉપરના પાણીનું નદીઓમાં વહી જવું.
- મુખ્ય નદી અને તેની સહાયક નદીઓ દ્વારા વહી જતા પાણી વાળા વિસ્તારને પ્રાકૃતિક જળવહન ગાદી (ડ્રેનેજ બેઝીન) કહે છે.
- આ જળપ્રવાહોની કુદરતી વ્યવસ્થાનો આધાર ઘણાં પરિબળો ઉપર હોય છે- જેવાં કે, જમીનનો ઢોળાવ, ભૂભૌતિક રચના, પાણીનો જથ્થો અને તેનો વેગ. પોતાની જળપ્રવાહ વ્યવસ્થા દ્વારા નદી ઘણાં કામ કરી લેતી હોય છે. જેમ કે, કોઈ સ્થળે વધારે ભરાઈ ગયેલા પાણીને દૂર કરવું, કાંપને એકથી બીજી જગ્યાએ લઈ જવો, સિંચાઈ માટેનો કુદરતી સ્ત્રોત પૂરો પાડવો અને કોઈ વિસ્તારનું જળ સ્તર ટકાવી રાખવું, ઈત્યાદિ.

પરંપરાગત રીતે જોઈએ તો નદીઓ પહેલાં તાજા-મીઠા પાણીના સ્રોત તરીકે અને જળમાર્ગ તરીકે વપરાતી. આજે તો જળવિદ્યુત ઉત્પાદન અને જળ-આધારિત ઉધોગોને લીધે નદીઓનું મહત્વ ઘણું વધી ગયું છે. વળી, રીવર રાફટીંગ, બોટીંગ અને ક્લીફ જંપીગ જેવી પ્રવૃત્તિઓને લીધે નદીઓ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર પણ બની છે. જીવનમાં નદીઓની ઉપયોગિતા એટલી બધી છે, કે તેમને જીવનદોરી કહેવામાં આવે છે.

ઘણાં પ્રખ્યાત શહેરો નદીકિનારે જ વસ્યા છે અને ત્યાં વસ્તીની ગીચતા વધુ જોવા મળે છે. યમુનાકિનારે દિલ્હી, ગંગાકિનારે પટણા, બ્રહ્મપુત્રને કાંઠે ગુવાહાટી, ગોદાવરીને કાંઠે નાસિક અને મહાનદીને કિનારે આવેલું કટક - આ બાબતના ઉદાહરણ છે (આકૃતિ ૯.૮)

તેમના ઉદ્ગમસ્થાનના આધારે જળપ્રવાહોના બે વિભાગ પાડી શકાય :

(અ) હિમાલયના જળપ્રવાહો

(બ) ઉચ્ચપ્રદેશના જળપ્રવાહો

**ડેલ્ટા :** નદીના મુખ આગળની જમીનમાં પડતો ત્રિકોણ આકારનો એક પ્રદેશ જ્યાં કાંપ, રેતી અને નાનકડાં ખડકો ભેગા થયેલા હોય છે, જે નદી તરફ વહેતા હોય છે. દા.ત. ગંગાનો ડેલ્ટાપ્રદેશ

**એસ્ટૂઅરી ખાડી (નદીમુખ) :** આંશિક રીતે બંધિયાર એવું દરિયાનું પાણી, જ્યાં ખારૂં પાણી નદીના મીઠા પાણીમાં મળે છે. દા.ત. નર્મદા નદી આવી એક ખાડી બનાવે છે.

**સહાયક નદીઓ :** મોટી નદીમાં જોડાઈ જતાં નાનાં ઝરણાં અથવા નાની નદીઓ જેમ કે, યમુના.

## ૯.૫ મુખ્ય જળનિકાલ વ્યવસ્થા :

ઉપર જણાવ્યા મુજબ ઉદ્દગમસ્થાનના આધાર પર ભારતની કુદરતી જળવ્યવસ્થાના બે ભાગ પાડી શકાય. આવો, આપણે બે કુદરતી જળપ્રવાહની સરખામણી કરી જોઈએ.

**હિમાલયની નદીઓનું તંત્ર :**

૧. આ હિમશીલાઓમાંથી ઉદ્દભવતી બારમાસી નદીઓ છે.

૨. આ નદીઓ ધોવાણ પ્રક્રિયા દ્વારા ખીણોની રચના કરે છે.

૩. આ નદીઓ ફળદ્રુપ મેદાનોમાંથી પસાર થતી જઈને કુદરતી સિંચાઈનો આદર્શ સ્રોત બને છે.

૪. આ નદીઓના વળાંકો સમયાંતરે બદલાતા રહે છે.

### ૯.૫.૧ હિમાલયના કુદરતી જળપ્રવાહોની વ્યવસ્થા :

હિમાલયની મોટાભાગની નદીઓ બારમાસી હોય છે. અર્થાત્ આ નદીઓમાં બારેમાસ પાણી રહે છે. કારણ કે આ નદીઓ પૈકી મોટાભાગની નદીઓ હિમશીલાઓમાંથી અથવા તો બરફાચ્છાદિત શિખરોમાંથી પ્રગટે છે. તેમાં વરસાદનું પાણી પણ ઉમેરાય છે. આ વર્ગમાં આવતી મુખ્ય નદીઓ છે :

૧. સિંધુ નદી વ્યવસ્થા - જેલમ, રાવી, બિયાસ, સતલજ,

૨. ગંગા નદી વ્યવસ્થા - યુમના, રામગંગા, ઘાઘરા, ગંડક,


૩. બ્રહ્મપુત્ર નદી દિબાંગ, લોહિત, તિસ્તા, મેઘના નદી વ્યવસ્થા વગેરે.

### ૯.૫.૨ ઉચ્ચપ્રદેશની કુદરતી જળપ્રવાહ વ્યવસ્થા :

તમે ઉચ્ચપ્રદેશના મેદાનો વિષે જોઈ ગયા.

મોટાભાગની ઉચ્ચપ્રદેશીય નદીઓ પૂર્વ તરફ વહીને બંગાળના અખાતમાં ભળી જાય છે. માત્ર તાપી અને નર્મદા પશ્ચિમઘાટમાં થઈને પશ્ચિમ તરફ વહે છે. આ નદીઓ જળવિદ્યુત ઉત્પન્ન કરવા માટે ખૂબ ઉપયોગી છે. કેમ કે તેઓ જળધોધ અને વેગીલા જળપ્રવાહ રચે છે.

ઉચ્ચપ્રદેશની મુખ્ય નદીઓ મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી છે.




**આકૃતિ ૯.૮ ભારતની મુખ્ય નદીઓ**

### મનોયત્ન ૯.૩

એક એટલસમાં ભારતના ભૌગોલિક અને રાજકીય નકશાઓ જુઓ. નીચે નદીઓના નામ આપેલાં છે. તેમના વિશે નીચે જણાવેલી માહિતી શોધી નાંખો અને આપેલા કોષ્ટકમાં લખો.

| નદીઓ | મુખ્ય સહાયક નદીઓ | ઉદ્દગમસ્થાન | જયાંથી તે પસાર થાય છે તે રાજયોના નામ | જયાં ભળે છે તે સ્થળ |
|---|---|---|---|---|
| ગંગા | | | | |
| બ્રહ્મપુત્ર | | | | |
| સિંધુ | | | | |
| સતલજ | | | | |
| કાવેરી | | | | |
| ગોદાવરી | | | | |
| કૃષ્ણા | | | | |

**મનોયત્ન ૯.૪**

એટલસમાં આપેલા ભારતના ભૌગોલિક નકશામાં ગંગા કિનારે વસેલાં બધાં જ શહેરો દર્શાવો.

## ૯.૬ નદીઓની સ્વચ્છતાની જાળવણી

શું તમે જાણો છો કે પૃથ્વી પર જેટલું પાણી છે તેના ૯૭ % પાણી ખારૂં છે અને બાકીના ૩ % પાણીનો મોટો ભાગ ધ્રુવીય પ્રદેશોમાં બરફ થઈને જામી ગયેલો છે. ૧ % થી પણ ઓછું પાણી વરસાદ, નદીઓ, સરોવરો અને જમીનની અંદર પ્રાપ્ય જળ તરીકે ઉપલબ્ધ છે. મીઠા-તાજા પાણીનો ફક્ત આટલો જ ભાગ આખી દુનિયાની વસ્તી માટે જરૂરી પાણી તરીકે મળે છે. તાજું પાણી આ રીતે એક અતિમૂલ્યવાન સંસાધન છે અને નદીઓ તથા સરોવરોમાં વધી રહેલું પ્રદુષણ આપણા માટે એક ચેતવણી છે જોખમની.

તમે તમારા ગામમાં અથવા બીજે કયાંય વહેતી નદી જોઈ જ હશે. ભારતમાં ઘણીબધી નદીઓ વહે છે અને તેના કિનારે વસતાં લોકો માટે આ નદીઓ તેમની જીવનરેખા સમાન છે. આ નદીઓને મુખ્ય ચાર વિભાગોમાં વિભાજીત કરી શકાય :

(૧) હિમાલયમાંથી વહેતી નદીઓ, જે હિમશીલાઓમાંથી વહે છે અથવા તો બરફ પીગળવાને લીધે વહે છે. આથી જ તે નદીઓ બારેમાસ વહે છે, એટલે કે આખા વર્ષ દરમ્યાન કયારેય સૂકાતી નથી.

(૨) ડેક્નનના ઉચ્ચપ્રદેશની નદીઓ જેનો આધાર વરસાદના પાણી ઉપર રહે છે.

(૩) દરિયાકાંઠાની નદીઓ, ખાસ કરીને પશ્ચિમી દરિયાકાંઠાની નદીઓ, જે નાની હોય છે અને જેમાં પાણી આખા વર્ષ દરમ્યાન હોતું નથી.

(૪) પશ્ચિમ રાજસ્થાનના અંતરિયાળ જળપ્રવાહીત ક્ષેત્રની નદીઓ વરસાદ ઉપર આધારિત છે. આ નદીઓ મોટાભાગે રણમાં સમાઈ જાય છે. અથવા કાંપ વહાવતાં ઝરણાઓ તરફ વહે છે.

**આપણા જીવનમાં નદીઓનું ગૌરવવંતુ સ્થાન છે.**

ઘણાં શહેરો અને તીર્થસ્થાનો નદીકિનારે વસેલા છે, અને ગંગા-યમુના જેવી નદીઓને તો લાખો લોકો પવિત્ર માને છે. તેમ છતાં નદીઓમાં અનેક પર્યાવરણ વિરોધી ગતિવિધિઓ અને બિનજવાબદાર વર્તન દ્વારા ખૂબ પ્રદુષણ ફેલાઈ રહયું છે. માત્ર મળ દ્વારા જ લગભગ ૭૦% જેટલું પ્રદુષણ થઈ રહયું છે. કોઈ ને કોઈ રીતે જૈવિક અને રાસાયણિક કચરાનો ભારેખમ પ્રવાહ નીચાણવાળા વિસ્તારના જળપ્રવાહ તરફ વહે છે આને લીધે જળચર સૃષ્ટિ પર અસર થાય છે અને સ્વાસ્થ્યને લગતાં વિવિધ જોખમો ઊભા થાય છે. પ્રદૂષણ કરતાં તત્વોની સાથોસાથ નદીઓ તરફ લોકોની અસંવેદનશીલતાને લીધે પણ આ સમસ્યામાં ગંભીર ઉમેરો થઈ રહયો છે. શહેરી લોકો નદીઓને જાણે ઓળખતા જ નથી. ઉદાહરણ તરીકે, ખૂબ જ પ્રદૂષિત થવાથી કાળી થઈ ગયેલી યમુના નદી પ્રત્યે દિલ્હીવાસીઓનું ધ્યાન જવલ્લે જ ખેંચાય છે.

ભારતમાં જળપ્રવાહોના મુદ્દાઓને રાજય-સરકારોને સોંપી દેવામાં આવ્યા હોવાને લીધે, તે બધા જ નદીઓને પોતાની સંપત્તિ માનીને વર્તે છે ને તેની આગળ ઉપર શી અસરો છે તે વિશે બેદરકાર રહે છે.

ઘણા વખતથી પર્યાવરણશાસ્ત્રીઓ અને સંરક્ષણ વૈજ્ઞાનિકોની એ માંગ છે કે નદીઓને એક સંયુકત એકમ તરીકે જોવામાં આવે અને તે માટે ચોકકસ સમયમર્યાદામાં રહીને સહિયારા પ્રયત્નોથી અમુક નિર્ધારિત કામ કરવામાં આવે. આનેલીધે નદીઓના પાણીની ગુણવત્તા સુધરી શકે છે. પાણીની ગુણવત્તા સુધારવાની આશામાં સરકાર દ્વારા નદીઓના પાણીના શુદ્ધિકરણની યોજનાઓ મૂકવામાં આવી છે, જેવી કે ગંગા એકશન પ્લાન (જી.એ.પી.) અને નેશનલ રીવર કોન્સર્વેશન પ્લાન (એન.આર.સી.પી) (રાષ્ટ્રિય નદી સંરક્ષણ યોજના)

જળસંચય દેશમાં લોકપ્રિય બની રહયું છે. જેના દ્વારા વરસાદના પાણીને નદીના પ્રાકૃતિક જળનિકાલ ગોદી (બેઝીન) માં ટકાવી રાખી શકાય છે.

ઘણાં નાગરિક સંગઠનો અને લોક-ચળવળો પ્રદુષિત નદીઓની જોખમી સ્થિતિ વિશે લોકોમાં જાગૃતિ અને સંવેદનાનું સ્તર વધારવામાં પોતાનું યોગદાન આપી રહયાં છે.

## મનોયત્ન ૯.૫

૧. તમારા વિસ્તારમાં આવેલી નદી અથવા અન્ય કોઈ પ્રાકૃતિક જળસ્રોત શોધો તેનું નિરીક્ષણ કરો.

૨. માનવોની કઈ જાતની પ્રવૃત્તિઓ નદીઓના પ્રવાહોને નુકસાન પહોંચાડે છે ?

૩. તમે અને તમારાં મિત્રો મળીને પ્રદૂષણ રોકવા શું કરવા માંગો છો તેના વિશે સ્થાનિક અધિકારીઓને એક પત્ર લખો. તેમના તરફથી કઈ મદદ જોઈએ છે તે પણ જણાવો.

૪. માનવજીવનની પ્રવૃત્તિઓ દ્વારા વાતાવરણ પર થતી નકારાત્મક અસરો કઈરીતે રોકવી તે વિષય પર તમારાં મિત્રો સાથે એક ચર્ચા ગોઠવો.

ઘણી બધી રીતે પ્રદૂષણ અટકાવી શકાય છે. જળપ્રદૂષણ અટકાવવા માટેના ઉપાયો જણાવો.

## સ્વાધ્યાય ૯.૫

**નિમ્નલિખિત પ્રશ્નોના જવાબ આપો.**

૧. ઉત્તરદિશામાંથી વહી આવીને ગંગામાં જોડાતી બે સહાયક નદીઓનાં નામ જણાવો.

૨. મહાનદી પાસે કયું સરોવર આવેલું છે ?

૩. ગોદાવરી નદીનો પ્રવાહ જ્યાંથી પસાર થાય છે તેવાં બે રાજ્યોના નામ જણાવો.

૪. તુંગભુદ્રા નદીની સહાયક નદી કઈ છે ?

## તમે આ શીખ્યા :

ભારત ૮.૪ ''ઉત્તરીય અક્ષાંશ અને ૩૭.૬'' ઉત્તરીય અક્ષાંશ તેમજ ૬૮.૭ '' પૂર્વીય રેખાંશ અને ૯૭.૨૫ ''પૂર્વીય રેખાંશ વચ્ચે આવેલું છે. ભારતની સ્થળસીમા/જમીની સરહદ ૧૫૨૦૦ કિ.મી.લાંબી છે અને દરિયાકાંઠો ૬૧૦૦ કિ.મી.લાંબો છે.

ભારતને મુખ્ય છ ભૌગોલિક વિભાગોમાં વિભાજીત કરી શકાય છે : ઉત્તરના પર્વતો, ઉત્તરના મેદાનો, ઉચ્ચપ્રદેશો, ભારતનું રણ, દરિયાકાંઠાના મેદાનો તથા ટાપુઓ.

- હિમાલયને ત્રણ સમાંતર શૃંખલાઓમાં વિસ્તરેલો જોઈ શકાય છે. મહાન હિમાલય અથવા હિમાદ્રિ, મધ્ય હિમાલય અને બાહ્ય હિમાલય અથવા શિવાલીક.

- ઉત્તરના મેદાનો મુખ્યત્વે પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં ફેલાયેલાં છે. અહીંની માટી પોષકતત્વોથી સમૃદ્ધ છે. જેથી વિવિધ પ્રકારના પાક માટે ખૂબ સારી ગણાય છે.
- ઉચ્ચપ્રદેશોનો વિસ્તાર અરવલ્લી પર્વતમાળાથી માંડીને ભારતના દક્ષિણ છેડા સુધી છે. આ ટેબલલેન્ડ જેવો ઉચ્ચપ્રદેશ પ્રાચીન રૂપાંતરિત ખડકોથી બનેલો છે.
- ભારતનું મહાન રણ ગુજરાત અને રાજસ્થાનમાં વિસ્તરેલું છે. આ રણપ્રદેશનું વાતાવરણ તદ્દન સૂકું અથવા સુકા જેવું રહે છે.
- ભારતના દરિયાકાંઠાના મેદાનો અરબીસમુદ્ર તથા બંગાળની ખાડીને સમાંતર વહે છે તેઓ પશ્ચિમી દરિયાકાંઠાના મેદાનો તથા પૂર્વીય દરિયાકાંઠાના મેદાનો તરીકે ઓળખાય છે.
- ભારતમાં ટાપુઓના બે મુખ્ય સમુદ્રો આવેલા છે. બંગાળની ખાડીમાં ૨૦૪ ટાપુઓ છે જે આંદામાન-નિકોબાર ટાપુઓ તરીકે ઓળખાય છે. અને અરબી સમુદ્રમાં આવેલાં ૪૩ ટાપુઓ લક્ષદ્વિપ ટાપુઓ કહેવાય છે.
- ભારતની નદી-વ્યવસ્થા મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચાયેલી છે. હિમાલયના જળપ્રવાહો અને ઉચ્ચપ્રદેશના જળપ્રવાહો. હિમાલયની ત્રણ મુખ્ય નદીઓ છે. સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્ર. ઉચ્ચપ્રદેશોની મુખ્ય નદીઓ છે. નર્મદા, તાપી, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી અને મહાનદી.

## પાઠયાંત સ્વાધ્યાય :

૧. ભારતનું સ્થાન અને વિસ્તાર સમજાવો.

૨. ભારતના રણના કોઈ ત્રણ લક્ષણો વર્ણવો.

૩. હિમાલયની સમાંતર શૃંખલાઓ વિશે બે બે મુદ્દાઓ સમજાવો.

૪. હિમાલયના અને ઉચ્ચપ્રદેશના જળપ્રવાહો વચ્ચેના તફાવતના ચાર મુદ્દાઓ આપો.

૫. કારણો આપો.

(i) ઉત્તરના મેદાનો કાંપવાળી ફળદ્રુપ જમીન ધરાવે છે.

(ii) ભારતીય રણમાં તદ્દન ઓછી વનસ્પતિઓ જોવા મળે છે.

**પ્રોજેક્ટ :**

તમારા વિસ્તારમાં આવતાં મુલાકાતીઓ માટે માર્ગદર્શન પુસ્તિકાઓ તૈયાર કરો.

(૧) તેમાં તમારા વિસ્તારના ભૌગોલિક અને લોકજીવનના વિશેષ લક્ષણોનું વર્ણન હોવું જોઈએ.

(૨) ભૌગોલિક ભૂદૃશ્યના પાસાઓની યાદી બનાવો- જેમ કે, વાતાવરણ, જમીનના પ્રકારો, છોડવાઓ, પશુ-પંખીઓ વગેરે તેમજ માનવીય ભૂદૃશ્યની યાદી બનાવો, જેમાં આવી શકે- રોજગારની તકો, આર્થિક પ્રવૃત્તિઓ, મનોરંજક પ્રવૃત્તિઓ, સ્થાનિક ભાષા અને ખોરાક.

(૩) આ માર્ગદર્શિકામાં તમારા વિસ્તારમાં આવેલી ખાસ જાણીતી બાબતો તથા ચિત્રો/ફોટાઓ હોવા જોઈએ.

## સ્વાધ્યાય પ્રશ્નોના ઉત્તર

૯.૧

૧. (ક) બાંગ્લાદેશ, મ્યાનમાર

(ખ) બંગાળની ખાડી અને અરબી સમુદ્ર

(ગ) શ્રીલંકા

(ઘ) પાકિસ્તાન, ભૂતાન

૯.૨

(ક) કેરાલા, તમિલનાડુ

(ખ) જમ્મૂ અને કાશ્મીર, અરૂણાચલપ્રદેશ

(ગ) નેપાલ, ભૂતાન

(ઘ) દમણ અને દીવ, દાદરા નગર હવેલી


૯.૩

૧. હિમાદ્રિ, હિમાચલ અને શિવાલીક

૨. (અ) ના (બ) ના (ક) હા

૩. ભારત, નેપાળ, ભૂતાન

૪. પટકોઈ, મિન્ડો પહાડીઓ





૯.૪

૧ (i) જ્વાળામુખી વિસ્ફોટને કારણે

(ii) (I) ખેતી (II) માછીમારી (III) વ્યાપાર અને વાણિજય (કોઈપણ બે)

(iii) કારણ કે ટાપુઓ પર જળક્રીડા અને પાણીની અંદર જઈને કરી શકાતી આકર્ષક પ્રવૃત્તિઓ વિકસી છે.

(iv) સતલજ, બિયાસ, રાવી

૯.૫

૧. ગંડક, કોશી

૨. ચિલ્કા

૩. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ

૪. કૃષ્ણા.

# ૧૦

# આબોહવા

મોના અને રાજુ પોતાના માતા-પિતા સાથે હિલ સ્ટેશન સિમલા જવાના હતા, તેથી ખૂબ ઉત્સાહમાં હતા જયારે તેઓ તેમના સાથે લઈ જવાના કપડા ગોઠવી રહયા હતાં ત્યારે તેમની માંએ તેમને કહયું કે ગરમ કપડાં પણ મૂકજો. તેઓ દક્ષિણ ભારતની રાજધાની ચેન્નઈમાં રહેતાં હતાં. એ લોકોને ગરમ કપડા લેવાની ખૂબ નવાઈ લાગી કેમ કે ત્યારે મે મહીનો હતો અને ચેન્નઈમાં ખૂબ જ ગરમી હતી. તેમની માંએ તેમને જણાવ્યું કે ભારતમાં મોસમી આબોહવા છે પરંતુ સિમલા એક હિલસ્ટેશન છે જયાં હવામાન ઠંડુ રહે છે. તેમને અમુક પ્રશ્નો મૂંઝવવા માંડયા કે હવામાન શું છે ?

આબોહવા ને હવામાન વચ્ચે શું ફેર છે ? ભારતમાં વિવિધ પ્રકારની આબોહવા કેમ જોવા મળે છે ? આ પાઠમાં તમે આવાં કેટલાક પ્રશ્નોના ઉત્તર મેળવી શકશો.

## હેતુઓ :

- આ પાઠ વાંચી લીધા પછી તમે આટલું કરી શકશો.
- ભારતની આબોહવા નક્કી કરતા પરિબળોને ઓળખી શકશો
- વરસાદનું ચક્ર અને તેના વિવિધ લક્ષણો સમજાવી શકશો.
- ઋતુચક્રના અને તેના મહત્વના લક્ષણો વર્ણવી શકશો.
- આપણું સામાજીક જીવન અને સંસ્કૃતિ કઈ રીતે ઋતુચક્ર સાથે સીધા જ જોડાયેલા છે તેનું વિશ્લેષણ કરી શકશો.
- વૈશ્વિક વાતાવરણમાં આવતા ફેરફારો અને ભારતની આબોહવા પર થતી તેની અસર વર્ણવી શકશો.

## ૧૦.૧ ભારતની આબોહવાને અસર કરતા પરિબળો.

મોના અને રાજુ જયારે તેમના માતાપિતા સાથે રેલગાડીમાં જતા હતા ત્યારે તેમણે

માતાપિતાને હવામાન અને આબોહવા વચ્ચે રહેલા તફાવત અંગે પ્રશ્નો પુછયા. તેમના સહયાત્રીઓમાં એક શિક્ષિકા શ્રી રૂપા પણ હતા. તેમણે આ વાતનો ખ્યાલ આપતા જણાવ્યું કે આબોહવા હંમેશા કોઈ મોટા વિસ્તાર માટે હોય જેમાં પરિવર્તન આવે નહીં. જેમ કે ભારતમાં વરસાદી આબોહવા છે. જયારે હવામાન એક નાના વિસ્તાર માટે હોઈ જે હંમેશા બદલાતું રહેતું હોય. જેમ કે તમારા ગામ કે શહેરમાં જયાં મોટાભાગે સવારે વરસાદ અને બપોરે તડકો હોય છે. રૂપાબેન કહયું કે સિમલાના રસ્તે જતાં વચ્ચે વચ્ચે બદલાતા હવામાનનું નિરીક્ષણ કરજો. તેમણે હવામાનમાં અમુક ફેરફાર અનુભવ્યા હવામાન દક્ષિણ ભારતમાં ગરમ અને ભેજવાળું હતું અને ઉત્તરના મેદાનો તરફ આવતા ધીમેધીમે ગરમ અને સુકું થવા માંડયું. જેમ જેમ તેઓ સિમલાની નજીક પહોંચવા માંડયા તેમતેમ તેમને ઠંડક લાગવા માંડી. તેમણે શિક્ષિકાબેનને તેનું કારણ પૂછયું. તેમણે કહયું કે આબોહવા તથા હવામાનને અસર કરનારાં ઘણાબધાં પરિબળો છે.

**? શું તમે જાણો છો**

ઘણા મોટા વિસ્તારોમાં ૩૦ વર્ષથી વધુ સમય દરમ્યાન હવામાનની પરિસ્થિતિ અને તેમાં આવતા ફેરફારોના સરવાળાને આબોહવા કહે છે. કોઈ એક સમયે કોઈ એક સ્થળ પર વાતાવરણની જે સ્થિતિ હોય તેને હવામાન કહે છે.

આવી રીતે, કોઈ જગ્યાએ હવામાનની જે પરિસ્થિતિ લાંબા સમય સુધી રહે તે ત્યાંની ઋતુઓનું નિર્માણ કરે છે.


### ૧૦.૧.૧ ભારતની આબોહવાને અસર કરતાં પરિબળો

**૧. સ્થાન :** જે સ્થળ વિષવૃત્ત પાસે છે ત્યાં તાપમાન ઊચું રહે છે. જેમજેમ આપણે ધ્રુવો તરફ જઈએ તેમ તેમ તાપમાન ઘટતું જાય. આપણો ભારત દેશ ઉત્તર ગોળાર્ધમાં વિષૃવૃત્તથી ૮.૪ ઉ.માં આવેલો છે અને તેની વચ્ચેથી કર્કવૃત્ત (૨૩ ૧/૨ ઉ.) પસાર થાય છે. આમ ભારતના આ રેખાંશની દક્ષિણે વિષૃવૃત્તિય ગરમ તાપમાન છે. અને તેની ઉત્તરે સમશીતોષ્ણ અનુવિષૃવત્તીય તાપમાન છે.

**દા.ત.** આંધ્રપ્રદેશનું તાપમાન હરિયાણા કરતાં વધુ ગરમ છે. સામાન્ય રીતે, કહી શકાય કે કર્કવૃત્તની દક્ષિણે આવેલા પ્રદેશો તેની ઉત્તરે આવેલા પ્રદેશો કરતાં વધુ સૌર ઊર્જા મેળવે છે.

**૨. સમૃદ્ધથી અંતર :**

અર્ધુ દક્ષિણ ભારત તેની ત્રણેય બાજુએ દરીયાથી ઘેરાયેલું છે. પશ્ચિમમાં અરબસાગર, પૂર્વમાં બંગાળની ખાડી અને દક્ષિણમાં હિન્દ મહાસાગર સમૃદ્ધની મધ્યમ આબોહવાને લીધે અહીંનું તાપમાન ઉનાળામાં બહુ ગરમ નહી અને શિયાળામાં બહુ ઠંડું નહિ તેવું હોય છે. દા.ત.ઉત્તર ભારતના જે પ્રદેશો દરીયાથી ખૂબ દૂર છે ત્યાં પુષ્કળ ઠંડી કે પુષ્કળ ગરમી જોવા મળે છે. પરંતુ



નોંધ

દક્ષિણ ભારતના જે પ્રદેશો દરીયાની નજીક છે ત્યાનું તાપમાન સંતુલિત રહે છે. કોષ્ટક ૧૦.૧ માં આપણે વિવિધ સ્ટેશનો પર તાપમાન અને વરસાદમાં આવતા વિવિધ ફેરફારો જોઈ શકીશું.

**૩. સમૃદ્ધની સપાટીથી ઊંચાઈ :**

એટલે કે સમૃદ્ધની સામાન્ય સપાટીથી કેટલી ઊંચાઈ તે. જ્યારે આપણે પૃથ્વીની સપાટીથી ઉંચે જઈએ ત્યારે વાતાવરણ પાતળું થવા માંડે છે અને આપણે શ્વાસ રૂંધાવા માંડે છે. આમ ઊંચાઈ વધે તેમ તેમ તાપમાન ઘટતું જાય છે. દા.ત. પર્વતો ઉપર આવેલા સ્થળો ઠંડા હોય છે. જેમ કે, સિમલા. જ્યારે મેદાનોમાં વસેલા શહેરો ગરમ હોય છે, જેમ કે લુધિયાણા.

**૪. પર્વતમાળા :**

પર્વતમાળાઓ પણ કોઈ પ્રદેશની આબોહવાને ઘણી અસર કરે છે. આપણા દેશના ઉત્તર ભાગમાં આવેલો હિમાલય પર્વત લગભગ ૬૦૦૦ મીટર ઊંચાઈ ધરાવે છે. તે આપણા દેશને મધ્ય એશિયાના ઠંડા પવનોથી બચાવે છે. સાથોસાથ તે દક્ષિણ પશ્ચિમના ભેજવાળા વરસાદી પવનોને રોકીને ભારતમાં વરસાદ લાવે છે. એ જ રીતે પશ્ચિમના ઘાટો વરસાદી પવનોને રોકીને પશ્ચિમી ઘાટો પર આવેલા પશ્ચિમી ઢાળો ઉપર ભારે વરસાદ કરાવડાવે છે.

**૫. જમીનના પવનોની દિશા :**

પવનો પણ ભારતીય આબોહવાને અસર કરે છે. પવનો શિયાળામાં જમીન પરથી દરીયા તરફ વાય છે. તેથી જમીન પરથી વાતા પવનો ઠંડા અને સુકા હોય છે. અને વરસાદ આપતા નથી. બીજી બાજુ ઉનાળામાં તે દરીયા પરથી જમીન તરફ વાય છે. અને તેમની સાથે દરીયા ઉપરની હવાનો પુષ્કળ ભેજ લઈ આવે છે. જેને લીધે આખા દેશના મોટાભાગમાં વરસાદ પડે છે.

**૬. હવાના ઉપરના સ્તરના પ્રવાહો :**

ભારતની આબોહવા પર માત્ર જમીનની સપાટી પર વાતા પવનો જ નહી પણ પવનના એ શક્તિશાળી પ્રવાહો પણ અસર કરે છે જેને જેટસ્ટ્રીમ્સ કહે છે. આ જેમ્સસ્ટ્રીમ્સ દરીયાની સપાટીથી લગભગ ૧૨૦૦૦ મીટરની ઊંચાઈ પર ખૂબ ઝડપથી વહેતા પવનનો સાંકડો પટ્ટો છે. તેઓ તેમની સાથે પશ્ચિમના વાવાઝોડાના તોફાનો પણ લઈ આવે છે. વાવાઝોડાના આ પવનો ભૂમદ્વય સમૃદ્ધમાં ઉત્પન્ન થાય છે. અને પૂર્વ તરફ વહે છે. તેમના રસ્તે આવતા પર્શિયનના અખાતમાંથી ભેજ લઈને તેઓ શિયાળામાં ભારતના ઉત્તર પશ્ચિમ ભાગમાં વરસાદ આપે છે. આ જેટ સ્ટ્રીમ્સ ઉનાળામાં ઉત્તર દિશા તરફ વાય છે. અને મધ્ય એશિયામાં ફૂંકાય છે. આ રીતે તેઓ ચોમાસાની પૂર્વતૈયારી કરે છે.


## મનોયત્ન ૧૦.૧

અમુક સ્ટેશનોના તાપમાન (ટી) અને વર્ષા (આર)

| સ્ટેશન | માસ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જા | ફે | મા | એ | મે | જૂ | જુ | ઓ | સ | ઓ | ન | ડી |
| લેહ | −૮ | −૭ | −૧ | ૯ | ૧૦ | ૧૪ | ૧૭ | ૧૭ | ૧૨ | ૬ | ૦ | −૬ |
| | ૧૦ | ૮ | ૮ | ૫ | ૫ | ૫ | ૧૩ | ૧૩ | ૮ | ૫ | ૦ | ૫ |
| ચેન્નઈ | ૨૫ | ૨૬ | ૨૮ | ૩૧ | ૩૩ | ૩૩ | ૩૧ | ૩૧ | ૩૦ | ૨૦ | ૨૬ | ૨૫ |
| | ૪ | ૧૩ | ૧૩ | ૧૮ | ૩૮ | ૪૫ | ૮૭ | ૧૧૩ | ૧૧૯ | ૩૦૬ | ૩૫૦ | ૧૩૫ |

(i) બે જગ્યાઓ વચ્ચેના તાપમાનનો વાર્ષિક તફાવત દર્શાવો.

(ii) દરેક સ્ટેશનનો સૌથી વધુ વરસાદી મહિનો કયો છે ?




**આકૃતિ ૧૦.૧ સ્વાધ્યાયના પ્રશ્નો માટેનો નકશો**

## પાઠ સ્વાધ્યાય ૧૦.૧

ઉપરનો નકશો જોઈને નિમ્નલિખિત પ્રશ્નોના જવાબ આપો :

(એ) ઉપરોક્ત નકશામાં ભારતને તાપમાન મુજબ બે કટિબંધોમાં વહેંચતા અક્ષાંશની ડિગ્રી અને નામ જણાવો.

(બી) નકશામાં દર્શાવેલા એ શહેરોના નામ લખો જે સમુદ્રથી પ્રભાવિત છે અને તે શહેરોના નામ લખો, જે સમુદ્રથી પ્રભાવિત નથી.

(સી) મધ્ય એશિયાના ઠંડા પવનોથી કઈ પર્વતમાળા આપણા દેશનું રક્ષણ કરે છે ?

(ડી) નકશા પર આપેલી હવાની દિશાનું નિરીક્ષણ કરો અને જણાવો કે શિયાળાનું તાપમાન સૂકું કેમ રહે છે ?

મોના અને રાજુ પાંચ દિવસ પછી સિમલાથી પાછા ફર્યા. તેઓ બહુ ખુશ હતાં અને તેમણે તેમના અનુભવો તેમના મિત્રોને કહયા. થોડા દિવસ પછી એક સમાચારના મથાળાને જોઈને તેમને બહુ નવાઈ લાગી, કે ચોમાસુ આ વખતે સમયસર આવવાનું છે. તેમને થયું કે ચોમાસું સમયસર આવવાનો અર્થ શું છે ? તેમને તેમના શિક્ષકો પાસેથી આ બધા પ્રશ્નોના ઉત્તર જાણવા હતા. તમે પાઠમાં આગળ વધીને એ ઉત્તરો જાણો.

## ૧૦.૨ વરસાદ કેવી રીતે પડે છે :

'મોસમ' અને ''મોનસૂન'' શબ્દ એ અરબી શબ્દ મૌસીમ ઉપરથી ઉતરી આવ્યા છે, જેનો અર્થ થાય છે ઋતુ. આખા વર્ષ દરમ્યાન ઋતું મુજબ બદલાતા પવનચક્રને 'મોનસૂન' કહે છે.

ઉનાળા દરમ્યાન ઉત્તરીય મેદાનોના અંતરિયાળ પ્રદેશો જેમાં રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશનો પશ્ચિમ ભાગ આવે છે, તે બધા ખુબ ગરમ રહે છે. એવે વખતે ત્યાંનુ તાપમાન દિવસે ૪૫ સે.થી ૪૭ સે.જેટલું ઊંચુ જતું રહે છે. નીચે આપેલ કોષ્ટક ૧૦.૧ માં ભારતની આબોહવાની વિવિધતા દર્શાવે છે.

ભારતના વિવિધ સ્ટેશનોના વિવિધ તાપમાનોમાં રહેલ તફાવતને સમજવાની કોશીશ કરો.


### કોષ્ટક ૧૦.૧ : ભારતના કેટલાક મહત્વપૂર્ણ સ્ટેશનોમાં તાપમાન (સેલ્સીયસમાં) અને વર્ષા (સેંટીમીટરમાં)

| સ્ટેશન | | મહીના | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જી | ફે | મા | એ | મે | જૂ | જુ | ઓ | સ | ઓ | ન | ડી |
| લોહ | તાપમાન | -૮ | -૭ | -૧ | ૯ | ૧૦ | ૧૪ | ૧૭ | ૧૭ | ૧૨ | ૬ | ૦ | -૬ |
| | વર્ષા | ૧૦ | ૮ | ૮ | ૫ | ૫ | ૫ | ૧૩ | ૧૩ | ૮ | ૫ | ૦ | ૫ |
| શીલોંગ | તાપમાન | ૧૦ | ૧૧ | ૧૬ | ૧૯ | ૧૯ | ૨૧ | ૨૧ | ૨૧ | ૨૦ | ૧૭ | ૧૩ | ૧૦ |
| | વર્ષા | ૧૪ | ૨૯ | ૫૬ | ૧૪૬ | ૨૯૫ | ૪૭૬ | ૩૫૯ | ૩૪૩ | ૩૦૨ | ૧૮૮ | ૩૬ | ૧૦ |
| દિલ્હી | તાપમાન | ૧૪ | ૧૭ | ૨૩ | ૨૯ | ૩૪ | ૩૫ | ૩૧ | ૩૦ | ૨૯ | ૨૧ | ૨૦ | ૧૫ |
| | વર્ષા | ૨૧ | ૨૪ | ૧૩ | ૧૦ | ૧૦ | ૬૮ | ૧૮૬ | ૧૭૦ | ૧૨૫ | ૧૪ | ૨ | ૯ |
| જેસલમેર | તાપમાન | ૧૬ | ૨૦ | ૨૫ | ૩૦ | ૩૩ | ૩૪ | ૩૨ | ૩૧ | ૩૦ | ૨૮ | ૨૨ | ૧૭ |
| | વર્ષા | ૦.૨ | ૦.૧ | ૦.૩ | ૦.૧ | ૦.૫ | ૦.૭ | ૦.૯ | ૮૬ | ૧૪ | ૦૧ | ૦.૫ | ૦.૨ |
| મુંબઈ | તાપમાન | ૨૪ | ૨૪ | ૨૪ | ૨૮ | ૩૦ | ૨૯ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૮ | ૨૭ | ૨૫ |
| | વર્ષા | ૪ | ૨ | ૨ | ૨ | ૧૮ | ૪૬૫ | ૬૧૩ | ૩૨૯ | ૨૮૬ | ૬૫ | ૧૮ | ૨ |
| ચેન્નઈ | તાપમાન | ૨૫ | ૨૬ | ૨૮ | ૩૧ | ૩૩ | ૩૩ | ૩૧ | ૩૧ | ૩૦ | ૨૮ | ૨૬ | ૨૫ |
| | વર્ષા | ૪ | ૧૩ | ૧૩ | ૧૮ | ૩૮ | ૪૫ | ૮૭ | ૧૧૩ | ૧૧૯ | ૩૦૬ | ૩૫૦ | ૧૩૫ |
| થીરુવાના | તાપમાન | ૨૭ | ૨૭ | ૨૮ | ૨૯ | ૨૯ | ૨૭ | ૨૬ | ૨૬ | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૭ |
| નિહાપુરમ | વર્ષા | ૨૩ | ૨૧ | ૩૯ | ૧૦૬ | ૨૦૮ | ૩૫૬ | ૨૨૩ | ૧૪૬ | ૧૩૮ | ૨૭૩ | ૨૦૬ | ૭૫ |

### ? શું તમે જાણો છો

- *હવાને વજન હોય છે અને તે વજન આપણી ઉપર દબાણ કરતું હોય છે, જેને હવાનું દબાણ કહે છે.*
- *તાપમાન અને હવાના દબાણ વચ્ચે વ્યસ્ત સંબંધ છે એટલે કે, જો કોઈ વિસ્તારનું તાપમાન વધુ હોય તો હવાનું દબાણ ઓછું હશે.*
- *હવાના દબાણમાં વધારો-ઘટાડો થવાથી પવન ઉત્પન્ન થાય છે.*

*મે માસમાં દિલ્હી અને જોધપુરમાં સરાસર મહત્તમ તાપમાન ૩૩ સે.રહે છે. આટલા ઊંચા તાપમાનને લીધે એ પ્રદેશની હવા ગરમ થઈ જાય છે. ગરમ હવા ઊંચે જાય છે, તેની નીચે હળવા દબાણનું ક્ષેત્ર ઊભું થાય છે.*




**આકૃતિ ૧૦.૨ મે માસનું તાપમાન**


આ હળવા દબાણના ક્ષેત્રને 'મોનસૂનલ ટ્રોફ' પણ કહે છે. તે પૂર્વમાં ઓરિસ્સાના બાલાસોરથી માંડીને પશ્ચિમે રાજસ્થાનના જેસલમેર સુધી વિસ્તરેલું હોય છે.

બીજી બાજુ હિંદ મહાસાગર પર તાપમાન પ્રમાણમાં નીચું હોય છે, કેમ કે જમીન કરતાં પાણીને ગરમ થવામાં વધુ સમય લાગે છે. તેથી સમુદ્ર ઉપર ભારે દબાણનું ક્ષેત્ર ઊભું થાય છે.

ઉપર દર્શાવેલ નકશો ૧૦.૨ જુઓ અને આ ઘટનાક્રમને સમજવાની કોશિશ કરો.

આમ, ઉત્તરના મેદાનો અને હિંદ મહાસાગરના તાપમાન અને તેને લીધે થતા હવાના દબાણમાં ઘણો તફાવત જોવા મળે છે. આ તફાવતને લીધે પવનો સમુદ્રના ભારે દબાણવાળા ક્ષેત્રમાંથી ઉત્તરના મેદાનોના ઓછા દબાણવાળા ક્ષેત્રો તરફ વહેવાનું શરુ થઈ જાય છે. આ રીતે, મધ્ય જૂન

*સુધી હવાની સામાન્ય દિશા હિંદ મહાસાગરના વિષુવવૃત્તિય વિસ્તારોથી ભારતીય ઉપખંડ તરફની થઈ જાય છે. આ હવાઓની દિશા સામાન્યત : દક્ષિણ- પશ્ચિમથી ઉત્તર-પૂર્વની હોય છે. આ દિશા ભારતમાં શિયાળામાં ચાલતા પવનોની દિશા (ઉત્તરપૂર્વ થી દક્ષિણ પશ્ચિમ) થી તદ્દન વિપરીત હોય છે. પવનોની દિશામાં આવતા આ પરસ્પર વિપરીત પલટાઓને ચોમાસુ કહે છે.*




**આકૃતિ ૧૦.૩ - જૂન માસનું તાપમાન**

*આ હવાઓ ગરમ સમુદ્રની ઉપર ઉત્પન્ન થાય છે. તેથી તેમાં વધારે ભેજ હોય છે. જ્યારે આ ભેજવાળા પવનો ભારતીય ઉપમહાદ્વીપમાં પહોંચે છે ત્યારે આખા ભારતમાં જૂનથી સપ્ટેમ્બરના ચાર મહીનાઓ દરમ્યાન વ્યાપક વર્ષા થાય છે. જૂનથી સપ્ટેમ્બરની વચ્ચે ભારતની કુલ વર્ષાના ૮૦% થી ૯૦ % જેટલો વરસાદ પડી જાય છે.*

### ૧૦.૨.૧ ચોમાસાની વિશેષતાઓ :

૧. ચોમાસુ પવનો કાયમી પવનો નથી. પ્રકૃતિમાં તે અનિયમિત છે અને પ્રાદેશિક આબોહવા જેવી વિવિધ વાતાવરણીય પરિસ્થિતિઓની તેમના પર અસર થાય છે. કોઈ વર્ષ ચોમાસુ જલ્દી આવે છે તો કોઈ વર્ષે મોડું આવે છે.

૨. ચોમાસુ સમાન રીતે વહેંચાયેલું નથી. કેરળ, પશ્ચિમ બંગાળ, ઉડીસા જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ થાય છે, જ્યારે હરિયાણા, મધ્યપ્રદેશ જેવા અંતરિયાળ વિસ્તારોમાં ઓછો વરસાદ થાય છે.

૩. જ્યારે ચોમાસુ આવે છે ત્યારે કેટલીક જગ્યાએ ઘણાં દિવસો સુધી ભારે વર્ષા થાય છે. તેને 'ચોમાસુ ફાટ્યુ' તેમ કહેવાય છે. આવું મુખ્યત્વે કેરળમાં બને છે, જ્યાં ચોમાસુ સૌથી પહેલું આવતું હોય છે.

### મનોયત્ન ૧૦.૨

*ચિત્રોને ધ્યાનથી જુઓ અને નીચે આપેલાં પ્રશ્નોના ઉત્તર આપો.*



**ચિત્ર ૧૦.૪**

૧. આપેલા ચિત્રોમાં હવામાન ઓળખો.

૨. તેમને તેમના ઘટનાક્રમ અનુસાર ગોઠવો.

૩. તમને કઈ ઋતુ સૌથી વધુ ગમે છે અને કેમ ? આ વિષય પર ૩૦ શબ્દોમાં લખો.

### પાઠ-સ્વાધ્યાય ૧૦.૨

*આકૃતિ નં. ૧૦.૨ અને ૧૦.૩ જુઓ અને નીચે આપેલાં પ્રશ્નોના ઉત્તર આપો*

૧. હળવા દબાણના ક્ષેત્રોમાં આવતા રાજ્યોના નામ જણાવો.

૨. ચોમાસુ/વરસાદી પવનો જ્યારે દક્ષિણ-પશ્ચિમેથી આવે ત્યારે કયા રાજયમાં સર્વપ્રથમ વર્ષા થાય ?

૩. વરસાદી પવનો જ્યારે બંગાળના અખાત પર પહોંચે ત્યારે તેમની દિશા કઈ હોય છે ?

૪. નીચે આપેલા શહેરોમાં વર્ષાની માહિતીના આંકડાઓનું નિરીક્ષણ કરો અને આ ચાર શહેરોમાં સરાસરી વરસાદનું પ્રમાણ શોધો. આ ચાર શહેરોના નામ છે :

ક) મુંબઈ ખ) જેસલમેર ગ) દિલ્હી ઘ) શિલોંગ

થોડા મહીના પછી મોના અને રાજૂના પિતાની બદલી દિલ્હી થઈ. તેમને ભારતની રાજધાનીમાં રહેવાનો ઉત્સાહ હતો. તેમની માટે નવું વાતાવરણ, નવી શાળા, નવાં મિત્રો, નવું ઘરને બધુ નવું નવું જ હતું. તેમને થયું કે પુસ્તકમાં ભણેલા હવામાનના પરિવર્તનને હવે તેઓ ખરેખર અનુભવવા જઈ રહયા છે. આપણે વિવિધ ઋતુઓને જોઈએ અને તે કેવી રીતે બદલાય છે તે આ પાઠમાં આગળ જતાં જાણીએ.

## ૧૦.૩ ઋતુચક્ર

આપણા દેશ ભારતમાં ભૌગોલિક સ્થિતિને લીધે ઋતુઓમાં વિવિધતા જોવા મળે છે. હવે આપણે ભારતની ઋતુઓ વિશે જાણીશું અને તેમની અનન્ય વિશેષતાઓ વિશે વિગતવાર જાણીશું. અહીં ચાર ઋતુઓ છે.

(ક) ઠંડા હવામાનની ઋતુ (ડિસેંબર-ફેબ્રુઆરી) શિયાળો

(ખ) ગરમ હવામાનની ઋતુ (માર્ચ-મે) ઉનાળો

(ગ) આગળ વધતાં દક્ષિણ-પશ્ચિમી ચોમાસાની ઋતુ (જૂન-સપ્ટેમ્બર)


(ઘ) પાછળ ખસતા ચોમાસાની ઋતુ (ઓક્ટોબર-નવેમ્બર)

ચાલો આપણે આના ઉપર વિસ્તારથી ચર્ચા કરીએ.


### (ક) ઠંડા હવામાનની ઋતુ

**શિયાળો :**

શિયાળાની મુદત ડિસેમ્બરથી ફેબ્રુઆરી છે. તાપમાન દક્ષિણથી ઉત્તર તરફ ઘટતું જાય છે. ડિસેંબર તથા જાન્યુઆરી સૌથી વધુ ઠંડીવાળા મહીના હોય છે. અને ઉત્તર ભારતમાં સરાસરી તાપમાન ૧૨ થી ૧૫ સે.હોય છે.




આકૃતિ ૧૦.૫ જાન્યુઆરીમાં સરાસરી તાપમાન




આકૃત્તિ - ૧૦.૬

જ્યારે દક્ષિણ ભારતમાં ૨૫ સે.આ દિવસોમાં ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં મોટાભાગે ધુમ્મસ છવાતું હોય છે. પશ્ચિમ તરફથી આવતા હળવા તોફાનોને લીધે આ વિસ્તારોમાં હળવો વરસાદ પડે છે. હિમાલયના ઊંચા ઢોળાવો પર હિમપાત (સ્નોફોલ) થાય છે. શિયાળા દરમ્યાન ભારતમાં ઉત્તર-પૂર્વના વ્યાપારી પવનો વાય છે. આ પવનો જમીનથી સમુદ્ર તરફ વાય છે. તેથી જ, દેશના મોટાભાગના વિસ્તારમાં આ વખતે સૂકું હવામાન હોય છે. જો કે, તામિલનાડુના દરિયાકાંઠે આ હવાઓને લીધે વરસાદ પડે છે. ઉત્તર-પૂર્વીય વ્યાપારી પવનોનો એક ભાગ બંગાળની ખાડી ઉપરથી પસાર થતાં થતાં ભેજગ્રહણ કરી લે છે. તેથી જ તે તમિલનાડુના દરિયાકાંઠે વરસાદ લાવે છે અને દેશનો બાકીનો વિસ્તાર સૂકો રહે છે. દેશના ઉત્તર ભાગના વિસ્તારમાં આકાશ ચોખ્ખું, તાપમાન ઓછું અને ભેજ ઓછો હોય છે. રવીપાક માટે શિયાળામાં થતો હળવો વરસાદ ઘણો ઉપયોગી છે.

**(ઉનાળો) ગરમ હવામાનની ઋતુ :**


*ફેબ્રુઆરીના અંત સુધીમાં તાપમાન વધવાનું શરૂ થઈ જાય છે. તેથી જ માર્ચથી મે મહીના સુધી ઊનાળો હોય છે. મેદાનો, ભારતના પશ્ચિમ વિસ્તારો અને ભારતના મધ્ય ભાગમાંના ઉચ્ચપ્રદેશોમાં તાપમાન ઊંચું રહે છે. આ વખતે અહીં એક લાંબુ હવાના નીચા દબાણવાળું ક્ષેત્ર પણ કહે છે.*

*તેનો વિસ્તાર પશ્ચિમી રાજસ્થાનના જેસલમેરથી માંડીને પૂર્વમાં ઝારખંડ તથા ઓરિસ્સાના અમુક વિસ્તાર સુધી હોય છે.*

*જ્યારે, આ વખતે હિંદ મહાસાગર ઉપર વિષુવવૃત્તથી દક્ષિણે હવાના ઊંચા ભારે દબાણનું ક્ષેત્ર તૈયાર થવા લાગે છે. ઉત્તર-પશ્ચિમી ભારતમાં ધૂળવાળા વંટોળો ચાલવા માંડે છે. ઉનાળામાં ભારતના ઉત્તરીય મેદાનોમાં બપોર પછી સૂકા ગરમ પવનો વહે છે. આ પવનોને સ્થાનિક ભાષામાં 'લૂ' કહે છે. આ દાહક પવનોને લીધે ઘણીવાર લૂ લાગી જાય છે. આ ઋતુમાં ધૂળવાળા ઝડપી વંટોળિયાઓ ઉડે છે અને ગાજવીજ સાથે મૂશળધાર વરસાદ પડે છે. વરસાદની સાથેસાથે કોઈકવાર કરા પણ પડે છે. પશ્ચિમબંગાળમાં, વૈશાખ મહિનામાં આ તોફાનોને ''કાલ બૈસાખી'' આફત માનવામાં આવે છે. ઊનાળો પૂરો થવાના સમયે ચોમાસા પહેલાનો વરસાદ મોટાભાગે કેરળ અને કર્ણાટકમાં પડે છે. કેરીઓ પકવવામાં મદદ કરે છે અને મોટાભાગે તેને ''આમ્ર વૃષ્ટિ'' તરીકે ઓળખવામાં આવે છે.*

**આગળ ધપતાં દક્ષિણી-પશ્ચિમી ચોમાસાની ઋતુ**

*ઉનાળાની ચમચમતી ગરમી પછી લોકો ખુબ આતુરતાથી વરસાદની રાહ જુએ છે, જે તેમને રાહત આપે. ખેડૂતો તેમના ખરીફ પાક માટે વરસાદની રાહ જુએ છે. જૂનથી સપ્ટેમ્બર મહીનાએ આગળ ધપતાં દક્ષિણ-પશ્ચિમી ચોમાસાની ઋતુના મહીના છે. ઉત્તર ભારતના ઊંચા તાપમાનને લીધે મે મહીનાના અંત સુધીમાં ત્યાં ચોમાસાનું દબાણ ઘણું વધી જાય છે.*




**આકૃતિ ૧૦.૭ આગળ ધપતું દક્ષિણી-પશ્ચિમી ચોમાસુ**

આ ઋતુ દરમ્યાન પવનની સામાન્ય દિશા ઉત્તર-પશ્ચિમ તરફની હોય છે. આ પવનો ઘણી પ્રબળતાથી વહે છે અને તેમની સામાન્ય ઝડપ ૭૦ કિ.મી.પ્રતિ કલાક હોય છે. આ તેજવાળા પવનો મે માસના અંતિમ અઠવાડિયામાં સૌથી પહેલાં આંદામાન-નિકોબાર ટાપુઓ પર પહોંચે છે અને ત્યાં ગાજવીજ સાથે વરસાદ લાવે છે. જૂનના પ્રથમ અઠવાડિયામાં કેરળમાં ગાજવીજ સાથે વરસાદ લાવે છે. આ દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ ભારતમાં આવીને અહીં હવામાનમાં ઘણા પરિવર્તનો લાવે છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની બે શાખાઓ છે :

(૧) અરબી સમુદ્રની શાખા

(૨) બંગાળની ખાડીની શાખા

અરબી સમુદ્રની શાખા પશ્ચિમી ઘાટથી બંધાયેલી હોવાને લીધે ત્યાંની પશ્ચિમ બાજુએ ભારે વરસાદ પડે છે. તે શાખા ૧૦ જૂને મુંબઈ પહોંચે છે. (જુઓ આકૃતિ ૧૦.૭) જ્યારે આ શાખા પશ્ચિમી ઘાટોને ઓળંગીને દખ્ખણના ઉચ્ચપ્રદેશ અને મધ્યપ્રદેશના અમુક વિસ્તારો સુધી પહોંચે છે ત્યારે ત્યાં તે ઓછો વરસાદ લાવે છે. કારણ કે એ પ્રદેશ વર્ષા-છાયાનો પ્રદેશ છે.

બંગાળની ખાડીની શાખા સૌથી પહેલાં આંદામાન-નીકોબાર ટાપુઓ પર વરસાદ લાવે છે. તેના પછીએ પવનો ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે તથા ૧૫ જુલાઈ સુધીમાં આખા ભારતમાં વરસાદ લાવી દે છે. તેમના લીધે આ ક્ષેત્રમાં ભારે વરસાદ પડે છે. જો કે, જેમજેમ આ પવનો ઉત્તરના મેદાનોમાં થઈને પશ્ચિમ તરફ આગળ વધતા જાય છે, તેમતેમ વરસાદનું પ્રમાણ ઘટવા માંડે છે.

દાખલા તરીકે, કોલકત્તામાં વરસાદ ૧૨૦ સે.મી., અલ્હાબાદમાં ૯૧ સે.મી અને દિલ્હીમાં કેવળ ૫૬ સે.મી.તમે જોયું હશે કે, કોઈક વખત ઘણા દિવસો સુધી વરસાદ પડતો નથી.

વચ્ચે વચ્ચે વરસાદવિહોણા સૂકા દિવસો આવે છે. તેનો અર્થ એ થાય કે ચોમાસુ એકવારમાં અમુક જ દિવસો માટે આવતું હોય છે. ઉનાળાના સૂકા અને ગરમ દિવસો પછી વરસાદ આવતાંની સાથે જ તાપમાન નીચુ જતુ રહે છે. મધ્ય જૂન અને મધ્ય જૂલાઈ વચ્ચેના સમયમાં તાપમાન ૫ સે.થી માંડીને ૮ સે. સુધી ઓછું થઈ જાય છે. આ વખતે જ ભારતનાં ઘણાં પ્રદેશોમાં પૂર આવે છે. પૂર આવવાના કારણો વધુ વરસાદ અને જળ સંસાધનો માટેની આપણી અપૂરતી વ્યવસ્થા છે. બીજી બાજુ, એવા ઘણાં વિસ્તારો છે જ્યાં આ જ સમયમાં દુકાળ પડે છે.


## મનોયત્ન ૧૦.૩

છાપાઓમાંથી એ માહિતી મેળવો કે ભારતના કયા વિસ્તારોમાં સતત પૂર કે દુષ્કાળની સ્થિતિ રહે છે. નમૂના તરીકે છાપાના કટીંગ પણ ચોંટાડો. આવાં વિસ્તારોને ઓળખો અને તેના કારણો જાણો. આવા વિસ્તારો અંગે છેલ્લામાં છેલ્લી માહિતી ભેગી કરો.

### પાછળ ખસતાં ચોમાસાની ઋતુ

ઓકટોબર અને નવેંબર માસ એ પાછળ ખસતા ચોમાસાની ઋતુ છે. સપ્ટેમ્બર-ઓકટોબર દરમ્યાન ઉત્તર ભારતમાં તાપમાન ઘટવા માંડે છે. ઉત્તર-પશ્ચિમી ભારતમાં ચોમાસાનું દબાણ પણ હળવું થવા માંડે છે. ધીમેધીમે હવાનું ઊચું દબાણ તેનું સ્થાન લઈ લે છે. દક્ષિણ-પશ્ચિમી ચોમાસાના પવનો નવેંબર સુધી ધીમેધીમે હળવા થઈને ઉત્તરના મેદાનોમાંથી પાછા ફરવા માંડે છે. ઓકટોબરમાં ઊચું તાપમાન અને ભેજવાળું હોવાને લીધે હવામાન ભેજવાળુ અને હૂફાળું રહે છે. ઉત્તરના મેદાનોમાં આ સમયે રહેતું ભેજવાળું ગરમ હવામાન કષ્ટદાયક બને છે તેને સામાન્ય રીતે ''ઓતરા-ચિતરાના વાયરા'' કહે છે.

જો કે, ઓક્ટોબરના અંત સુધીમાં તાપમાન નીચું જવા માંડે છે અને રાત્રે ખુશનુમા હવામાના રહે છે. આ સમયે ઉત્તર ભારતમાંથી હવાનું હળવું દબાણ ત્યાં આવી પહોંચવાને લીધે બંગાળની ખાડીમાંથી વંટોળિયાઓ ફૂંકાવા માંડે છે. આ વંટોળિયાઓને કારણે ઓરિસ્સા, આંધ્રપ્રદેશ અને તમીલનાડુના દરિયાકાંઠાના વિસ્તારોમાં - ખાસ કરીને મહાનદી, ગોદાવરી અને કૃષ્ણા નદીઓના ડેલ્ટા પ્રદેશોમાં પુષ્કળ તારાજી સર્જાય છે.




આકૃતિ ૧૦.૮ : પાછળ ખસતું ચોમાસું

## પાઠ-સ્વાધ્યાય ૧૦.૩

સાચો જવાબ પસંદ કરો.

(i) ઊનાળામાં ઉત્તરના મેદાનોમાં વાતા સૂકા અને ગરમ પવનો કહેવાય છે -

(અ) કાલ બૈસાખી (બ) વ્યાપારી પવનો

(સ) લૂ દ) આ બધા જ

(ii) અરબી સમુદ્રની શાખાના રસ્તામાં કઈ પર્વતમાળા અવરોધરૂપ બને છે ?

(અ) અરવલ્લી (બ) પશ્ચિમી ઘાટ

(સ) પૂર્વીય ઘાટ (દ) રાજમહેલ પર્વતો

(iii) બંગાળની ખાડીના ઉષ્ણકટીબંધિય વંટોળો મોટાભાગે કઈ ઋતુમાં આવે છે ?

(અ) દક્ષિણ -પશ્ચિમ ચોમાસુ (બ) ઉનાળો

(સ) પાછળ ખસતું ચોમાસુ (દ) શિયાળો

(iv) કઈ જગ્યા માર્ચમાં સૌથી ગરમ હશે ?

(અ) દિલ્હી (બ) શિલોંગ

(સ) દખ્ખણનો ઉચ્ચ પ્રદેશ (દ) પંજાબ

(v) હવામાન કહેવામાં આવે છે :


(અ) મોસમી પવનોને (બ) અસ્થાયી પવનોને

(સ) સ્થાયી પવનોને (દ) સ્થાનીય પવનોને

મોના અને રાજૂ હવે ઋતુ, ઋતુચક્ર, તેના કારણો અને તેની અસરોને સારી પેઠે સમજી શકયા હતા. કેવળ એક સવાલ બાકી રહી ગયો હતો. જો ચોમાસુ કોઈ ચોકક્સ ક્ષેત્રમાં અમુક સમય માટે જ આવતું હોય તો શું એનો અર્થ એમ થશે, કે ભારતના વિભિન્ન ભાગોમાં વર્ષા અસમાન રીતે થાય છે ? વર્ષાની વહેંચણી દર્શાવતા નકશાની મદદથી આ સવાલનો જવાબ મેળવવાની કોશીશ કરો.

## ૧૦.૪ વર્ષાની વહેંચણી :

આખા વર્ષ દરમ્યાન ભારતના વિવિધ પ્રદેશોમાં વરસાદ અસમાન રીતે પડે છે. પૂર્વથી પશ્ચિમ તરફ ઉત્તરના મેદાનો તથા મધ્ય ભારતમાં વરસાદનું પ્રમાણ ઘટતું જાય છે. ઉચ્ચપ્રદેશોમાં દરિયાકાંઠાના વિસ્તારો તરફથી અંતરિયાળ પ્રદેશો તરફ વરસાદ પડતો જાય છે. ઉત્તર-પૂર્વ ભારતમાં ઊંચાઈની સાથેસાથે વરસાદનું પ્રમાણ પણ વધતું જાય છે. વરસાદની વહેંચણી બાબતે અનેક વિવિધતા ધરાવતું ભારતએ વિષયમાં અનોખું ઉદાહરણ છે. વિશ્વની સૂકામાં સૂકી જગ્યા અને સૌથી વધુ વર્ષાવાળી જગ્યા ભારતમાં જ છે. શું તમે જાણો છો આવું કેમ છે ? ભારતમાં વર્ષાના સ્થાનિક





ફેરફારો નીચે દર્શાવેલા મુદ્દાઓ મુજબ દર્શાવી શકાય. નકશાને ધ્યાનથી જુઓ અને આપેલા વર્ગીકરણમાં આવતા રાજ્યો જણાવો.

(ક) ભારે વરસાદ (૨૦૦ સે.મી.થી વધુ) ના વિસ્તારો-પશ્ચિમી દરિયાકાંઠો, ઉત્તરપૂર્વના ઉપ-હિમાલય વિસ્તારો તથા ગારો, ખાસી, જૈતિયાની પહાડીઓ પર મહત્તમ વરસાદ પડે છે.

(ખ) સામાન્ય વરસાદ (૧૦૦-૨૦૦ સે.મી.) ના વિસ્તારો ભારતમાં ૧૦૦ થી ૨૦૦ સે.મી.વર્ષા પશ્ચિમ ઘાટમાં થાય છે તેમાં પશ્ચિમબંગાળ, ઓરિસ્સા, બિહાર તથા બીજા કેટલાક રાજ્યો નો સમાવેશ થાય છે.

(ગ) ઓછા વરસાદ (૬૦-૧૦૦ સે.મી.) ના વિસ્તાર- આ ઓછા વરસાદવાળા વિસ્તારો છે. તેમાં ઉત્તરપ્રદેશના અમુક વિસ્તાર, રાજસ્થાન તેમજ દખ્ખણના ઉચ્ચપ્રદેશના અમુક અંતરિયાળ પ્રદેશો આવે છે.


(ઘ) અપૂરતા વરસાદ (૬૦ સે.મી.થી ઓછું) ના વિસ્તાર-આ સાવ ઓછો વરસાદ ધરાવતા વિસ્તારો છે. ગુજરાત અને રાજસ્થાનનો પશ્ચિમભાગ, લદ્દાખ અને દક્ષિણ-મધ્યભાગમાં ૨૦ સે.મી.થી પણ ઓછો વરસાદ પડે છે.

**મનોયત્ન ૧૦.૪**

નીચે આપેલા કોષ્ટકમાં ભારતના તહેવારોની યાદી બનાવો અને એ પણ જાણો કે તમારા વિસ્તારમાં કઈ ઋતુ આર્થિક રીતે મહત્વપૂર્ણ છે અને કેમ ?

| તહેવારોની યાદી | કયાં ઉજવવામાં આવે છે. | તારીખ અને મહિનો | ઋતુ | આર્થિક મહત્વ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

શું તમને તહેવારો અને પાકની લણણી વચ્ચે કોઈ સંબંધ લાગે છે ? કોઈ એક કારણ જણાવો.




**આકૃતિ ૧૦.૯ : ભારતમાં વાર્ષિક વરસાદ**

## ૧૦.૫ સામાજિક અને સાંસ્કૃતિક જીવન :

હવે તમે ઋતુચક્રથી સારી પેઠે પરિચિત થઈ ગયા છો. પણ એક બીજો સવાલ ઉઠે છે, કે ઋતુઓ અને આપણા જીવન વચ્ચે શો સંબંધ છે ? શું તે એટલી મહત્વની છે કે આપણા જીવનને અસર કરે ? જવાબ છે, ''હા'' તે આપણા સામાજીક અને સાંસ્કૃતિક જીવનને અસર કરે છે. જેવું કે - ભારત એક ખેતીપ્રધાન દેશ છે અને ખેતીની આર્થિક પ્રવૃત્તિઓ સંપૂર્ણ રીતે ઋતુઓ પર નિર્ભર છે. આગળ ધપતા ચોમાસાની ઋતુ એ ખરીફ પાકનો સમય છે અને ચોમાસું વીત્યા પછી કાપણી શરૂ થાય છે. રવીપાક શિયાળામાં લેવાય છે અને ઝૈફ પાક શિયાળાના અંતે લેવાય છે. પૂર અને દુષ્કાળ આપણા દેશના આર્થિક વિકાસમાં ખૂબ બાધાજનક છે કેમ કે આપણી અર્થવ્યવસ્થા ખેતી આધારિત અર્થવ્યવસ્થા છે.


આપણી બધી પ્રવૃત્તિઓ ઋતુઓ સાથે જોડાયેલી છે જ્યારે શિયાળો આવે ત્યારે દિવસ નાનો થઈ જાય છે અને આપણે ઊનના કપડાંની ખરીદી શરૂ કરીએ છીએ. મગફળી, બદામ અને કેલરીવાળો ખોરાક આપણા આહારમાં મહત્વનો બની જાય છે. ઠંડી ઋતુ હોવાછતાં લોકો જાન્યુઆરી માસમાં ઘણાં રાજ્યોમાં મકરસંક્રાંતિ, પંજાબમાં લોહરી અને તમિલનાડુમાં પોંગલ જેવા જાત-જાતના તહેવારો ઉજવે છે. ફેબ્રુઆરીમાં વસંતપંચમી પણ મનાવે છે. જેમાં લોકો સારા પાક માટે પ્રાર્થના કરે છે. ઊનાળો બહુ સૂકી ઋતુ છે, પરંતુ તે આપણને રસીલા ફળ, આઈસ્ક્રીમ અને જાતજાતના પીણાંઓની યાદ અપાવે છે. આ ઋતુમાં કયાંકયાં ફળ મળતા હોય છે ? હોળી અને વૈશાખી આ ઋતુના મુખ્ય તહેવાર છે. ઊનાળાના અંતિમ ભાગમાં ખેડૂતો પોતાના ખેતરોમાં વરસાદના સ્વાગતની તૈયારીઓ શરૂ કરી દે છે. આ વખતે કેરળમાં ઓણમનો તહેવાર ઉજવવામાં આવે છે જે તેમના પાકની કાપણીનો સમય છે. ચોમાસા પછીનો સમય પાકની કાપણીનો હોય છે. તે પણ દશેરા, દુર્ગાપૂજા અને દિવાળીના તહેવારોનો સમય છે, જેને આખો દેશ ઉજવે છે.

## ૧૦.૬ વૈશ્વિક વાતાવરણમાં આવતા પરિવર્તનો અને તેમની ભારતની આબોહવા ઉપર થતી અસરો

આ પાઠ ભણ્યા પછી તમે સમજી ગયા હશો કે સદ્‌નસીબે ભારતમાં ચાર ઋતુઓ સ્પષ્ટ જોવા મળે છે. ઊનાળો, શિયાળો, વસંત અને ચોમાસું. જો કે, આજકાલ આ ઋતુચક્રમાં વિઘ્નો આવવા માંડયા છે. તેનું મુખ્ય કારણ વૈશ્વિક તાપમાન (ગ્લોબલ વોર્મીંગ) છે, જે આજના વિશ્વની સળગતી સમસ્યા છે. તેનો રાજનીતિક, સામાજિક અને આર્થિક પ્રભાવ ઘણો પડયો છે અને તેનાથી આપણા જીવનના દરેક પાસા અને શૈલી ઉપર અસર થઈ છે. ગ્લોબલ વોર્મીંગની અસર પૃથ્વીના વાતાવરણ ઉપર થઈ છે, જેમાંથી ભારત બાકાત નથી.

શું તમને એ વાત મહત્વની નથી લાગતી કે આપણામાંથી દરેક જણે આને ફેલાતુ અટકાવવામાં પોતાનો ફાળો આપવો જોઈએ ?

આવો, સૌથી પહેલાં એ સમજીએ કે વૈશ્વિક તાપન ગ્લોબલ વોર્મીંગ શું છે. પાછલી કેટલીક સદીઓ દરમ્યાન વસ્તીવધારો, ઔધોગિકરણ અને શહેરીકરણ દ્રારા પર્યાવરણ પ્રદૂષિત થઈ ગયું છે. માનવજીવનની પ્રવૃત્તિઓ દ્રારા હવામાં કાર્બનડાયોક્સાઈડ, ક્લોરો-ફ્લોરો-કાર્બન (સી.એફ.સી) અને અન્ય હાનિકારક વાયુઓનું પ્રમાણ વધી ગયું છે. ૫૧ % સૌર ઊર્જા પૃથ્વીની સપાટી પર શોષાઈ જાય છે, જેથી તેનું તાપમાન વધી જાય છે. બાકીની સૌરઊર્જા વાતાવરણમાં પરાવર્તિત થઈ જાય છે. તેનાથી એક ચોક્કસ તાપમાન જળવાઈ રહેવામાં મદદ મળે છે. પણ હવે પ્રદુષણને લીધે પરિવર્તિત ઊર્જાનો અમુક હિસ્સો ગ્રીનહાઉસ ગેસ (જીએચજીએસ) દ્રારા પૃથ્વી પર જ રોકાઈ રહ્યો છે, જેમાં મુખ્યત્વે હોય છે કાર્બન કાયોક્સાઈડ. તેના લીધે પૃથ્વીની સપાટીનું તાપમાન વધી ગયું છે. $CO_2$ નું પ્રમાણ હજુ વધી રહયું છે તે સાબિત કરતાં ઘણા પુરાવાઓ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ અંતર્ગત ઘણા




નોંધ



દેશોએ ગ્રીન હાઉસ ગેસ ઓછા- કરવા માટેના સમજુતી કરારો પર હસ્તાક્ષર કરી દીધાં છે. જો કે, વર્તમાન આંતરરાષ્ટ્રિય સમજુતીઓ અને કરારો પર્યાવરણમાં થઈ રહેલા ગંભીર પરિવર્તનોને હજી સુધી રોકી શકયા નથી.

આપણને બરોબર ખ્યાલ છે કે ૭૦% ભારતીયો ખેતી કરે છે. તાપમાનમાં કોઈપણ પરિવર્તન ખેતી પર હાનિકારક અસર કરી શકે છે.

ભારતના સામાજીક અને આર્થિક જીવન પર તેની ગંભીર અસર પડી શકે. આ પાઠ ભણ્યા પછી આપણે સ્પષ્ટ રીતે એ જાણી ગયા છીએ કે મનુષ્યના જીવન પર આબોહવાની ઘણી મહત્વપૂર્ણ અસરો હોય છે. આપણે ખોરાક, આપણા તહેવારો અને આપણી અર્થવ્યવસ્થા એ બધું ઋતુચક્ર સાથે જોડાયેલું છે. જો હવામાન અનુકૂળ હોય તો માનવજીવન સારું ને આરામદાયક બની જાય. આપણું વાતાવરણ આપણી ખેતી, સ્વાસ્થ્ય, પરિવહન વગેરેને પ્રભાવિત કરે છે. તેથી એ બહુ જ મહત્વની વાત છે કે આપણે આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવીએ અને ક્લોરો-ફ્લોરો-કાર્બન (સી.એફ.સી) તથા અન્ય નુકસાનકારક વાયુઓનું પ્રમાણ ઘટાડીએ.



## મનોયત્ન ૧૦.૫

એક નોંધપોથી રાખો અને તેમાં કુદરતી આફતો- જેવી કે, વંટોળિયા, ભૂકંપ તથા ભૌગોલિક ઘટનાઓ નોંધો. આ ઘટનાઓને ઘટનાનું નામ, તારીખ અને તેની અસર - એવા કોલમમાં નોંધો.



## પાઠ-સ્વાધ્યાય ૧૦.૪


૧. ભારતમાં વરસાદ મોટેભાગે અસમાન રીતે કેમ પડે છે ?

૨. ભારતમાં સૌથી ઓછો વરસાદ મેળવતા ૩ વિસ્તારોના નામ જણાવો.

૩. ખરીફ અને રવી પાકની ઋતુઓ જણાવો.

૪. જૈફ પાકની ઋતુ કયારે હોય છે ?

૫. માનવજીવનની કઈ પ્રવૃત્તિઓ વૈશ્વિક તાપન (ગ્લોબલ વોર્મિંગ) માટે જવાબદાર છે ?



## તમે આટલું શીખ્યા :

- ભારતની આબોહવાને અસર કરનારા પરિબળો ઘણા છે, જેમ કે - સ્થાન, સમુદ્રથી અંતર, ઊંચાઈ, પર્વતમાળાઓ, સપાટી પરના પવનોની દિશા અને ઉપરના વાયુપ્રવાહો.

- ભારતમાં પરસ્પર વ્યસ્ત વિરોધી પવનોની એક પ્રણાલી છે, જેને ચોમાસુ કહે છે. તેની એક પ્રકારની ગોઠવણી જોવા મળે છે.
- ભારતમાં ઋતુઓની એક ચકાકાર પ્રણાલી છે અને તેની મુખ્ય ચાર ઋતુઓ છે તે છે શિયાળો, ઉનાળો આગળ ધપતું ચોમાસુ અને પાછળ ખસતું ચોમાસુ.
- આપણા રોજીંદા જીવનમાં ઋતુઓની ભૂમિકા મહત્વની છે અને તે આપણી પ્રવૃત્તિઓ તેમજ ખોરાકની ટેવોને પણ અસર કરે છે.
- વૈશ્વિક તાપન (ગ્લોબલ વોર્મીંગ) ભારતની આબોહવાને પણ અસર કરે છે.

## પાઠયાંત સ્વાધ્યાય

૧. આબોહવાને અસર કરતા કોઈપણ પાંચ પરિબળોનું વર્ણન કરો. દરેક પરિબળ માટે ઉદાહરણ આપી, તેની વ્યાખ્યા કરો.

૨. આબોહવા અને હવામાન વચ્ચેનો તફાવત જણાવો.

૩. પવન અને તેની દિશા આબોહવાને કેવી રીતે અસર કરે છે ? ઉદાહરણ આપી સમજાવો.

૪. હવામાનની વ્યાખ્યા આપો. વ્યાપારી પવનોને ઊંધી દિશામાં મોકલવા માટે કયા કારણો જવાબદાર બને છે ?

૫. શિયાળાની કોઈ ચાર વિશેષતા જણાવો.

૬. ઉનાળાની કોઈ ચાર વિશેષતાઓની યાદી બનાવો.

૭. ઉદાહરણ દ્વારા ભારતમાં વૈશ્વિક તાપનની અસર સમજાવો. તેના કયા કારણો છે ?

## પાઠ સ્વાધ્યાયના જવાબો :

(ક) કર્કરેખા, ૨૩ ૧/૨ ઉત્તર

(ખ) સમુદ્રથી પ્રભાવિત
i) મુંબઈ ii) ચેન્નઈ
સમુદ્રથી પ્રભાવિત નહી
i) લખનઉ ii) દિલ્હી

(ગ) હિમાલય પર્વતમાળા

(ઘ) પવનો ઉત્તર-પૂર્વથી વહી રહયા છે. આ પવનો જમીન ઉપરથી વહેતા હોવાને લીધે સૂકા છે અને વરસાદ લાવવામાં અસમર્થ છે.

૧૦.૨

(૧) રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ અને છત્રીસગઢ તથા ઓરિસ્સાના અમુક વિસ્તારો

(૨) કેરળ

(૩) દક્ષિણની ઉત્તર અને ઉત્તર-પૂર્વ, ઉત્તર-પશ્ચિમ

(૪) ક) મુંબઈ : ૪ માસ ગ) દિલ્હી : ૪ માસ

ખ) નાગપુર : ૪ માસ ઘ) શિલોંગ : ૬ માસ

૧૦.૩

(i) (બ) લૂ

(ii) (સ) પશ્ચિમી ઘાટ

(iii) (સ) પાછળ ખસતા ચોમાસાની ઋતુ

(iv) (સ) દખ્ખણનો ઉચ્ચપ્રદેશ

(v) (અ) મોસમી પવનો

૧૦.૪

(૧) જ્યારે ચોમાસાના પવનો દરિયાકાંઠેથી વહી આવે છે ત્યારે તે મહત્તમ વરસાદ આપે છે. જ્યારે તે મધ્યના વિસ્તારો અથવા ઉત્તરના પ્રદેશો સુધી પહોંચે છે. ત્યાં સુધીમાં તે સૂકા થઈ જાય છે અને ત્યાં ઓછો વરસાદ આપે છે.

(૨) ઓછા વરસાદના વિસ્તારો :

(૧)ઉત્તરીય લેહ-લદ્દાખ વિસ્તાર

(૨) પશ્ચિમી રાજસ્થાન

(૩) દક્ષિણ - મધ્ય ભાગ

(૪) ખરીફ-જૂન અને જૂલાઈ

રવી- ઓક્ટોબર અને નવેમ્બર

(૫) શિયાળાના અંત સુધીમાં એટલે કે માર્ચ થી મે માં

(૬) શહેરીકરણ, ઔધોગિકરણ, જંગલોની કાપણી, જીવાશ્મિ-ઈંધણ બાળવું વગેરે.

# ૧૧

# જૈવ વિવિધતા

તમે વિવિધ પ્રકારના ઘાસ, છોડ, ઝાડવા, વૃક્ષ, જંતુઓ, પક્ષીઓ, પ્રાણીઓ અથવા પોતાની આસપાસ ફેલાયેલા સુંદર પ્રકૃતિદ્રશ્યોને જોયા હશે.

વૃક્ષો અને પ્રાણીઓની આ વિવિધતાને લીધે જ આપણને ખોરાક, ઈંધણ, દવા અને બીજી એવી ઘણી જરૂરી વસ્તુઓ પ્રાપ્ત થાય છે, જેના વગર આપણે રહી શકીએ નહીં. સજીવોની આ જાતિ-પ્રજાતિઓ ઉત્ક્રાંતિના ચાર અબજ વર્ષોની નીપજ છે. છતાં, માનવોની પ્રવૃત્તિઓને લીધે આવી સમૃદ્ધ જૈવિક વિવિધતા ભયજનક પ્રમાણમાં ઘટી રહી છે. જો કે, આપણે એવું ઘણુબધું કરી શકીએ તેમ છીએ, જેનાથી આ જીવ-જંતુઓ, વનસ્પતિ, પ્રાણીઓ અને અન્ય સજીવોને લુપ્ત થતાં બચાવી શકાય. તમે આ જૈવિક વિવિધતા ટકાવી રાખવામાં ઘણી રીતે મદદરૂપ થઈ શકો. વનસ્પતિ, પ્રાણીઓ તથા જીવ-જંતુઓમાં રહેલી વિવિધતાને જાણવી એ આપણા માટે ખૂબ જ મહત્વની વાત છે. આ પાઠમાં આપણે અમુક વનસ્પતિઓ તથા પ્રાણીઓ વિશે, તેમના મહત્વ વિશે, ભારતમાં તેમની વસ્તી વિશે તથા તેમના સંરક્ષણ વિશે જાણીશું.

## હેતુ :

આ પાઠ ભણ્યા પછી તમે આટલું કરી શકશો :

- જૈવિક વિવિધતાની સંકલ્પનાને સમજાવી શકશો
- ભારતમાં જૈવિક વિવિધતાની સ્થિતિ સમજાવી શકશો.
- જૈવિક વિવિધતાનું મહત્વ સમજાવી શકશો.
- ભારતના વન્ય જીવનનું અને તેની પ્રાકૃતિક વનસ્પતિઓનું વર્ણન કરી શકશો.
- ભારતના રેખાંખિત નકશામાં, જંગલો, વન્યજીવ, અભ્યારણ્યો, રાષ્ટ્રિય ઉધાનો, જૈવ મંડળો અને આદ્રભૂમિ ક્ષેત્રો દર્શાવી શકશો.

- પોતાના વિસ્તારમાં આવેલી પ્રાકૃતિક વનસ્પતિ અને વન્યજીવોના સંરક્ષણમાં પોતાની ભૂમિકા ઓળખી શકશો.

## ૧૧.૧ વિવિધતા : (બાયો ડાયવર્સીટી)

*જૈવ વિવિધતા એ જૈવિક વિવિધતાનું ટૂંકું રૂપ છે. જૈવ વિવિધતા અથવા જૈવિક વિવિધતા એ પરિભાષા છે જેને આપણે પૃથ્વી પર આવેલા જીવનની વિવિધતા વર્ણવવા માટે વાપરીએ છીએ, જેમાં પૃથ્વીના ભૌતિક વાતાવરણના વિવિધ ઘટકો સામેલ છે- જેવા કે તાપમાન, જમીન અને પાણી. સાદા શબ્દોમાં કહીએ તો જૈવ વિવિધતા એ કોઈ ચોક્કસ વિસ્તારમાં આવેલી પ્રજાતિઓ, જનીન અને પર્યાવરણતંત્રનો સરવાળો છે.*

*વનસ્પતિઓ અને પ્રાણીઓ તો તેનો એક નાનકડો ભાગ છે. શું તમે જાણો છો કે નરી આંખે ન જોઈ શકાતા સૂક્ષ્મ જીવ-જંતુઓ જૈવ વિવિધતાનો એક મોટો ભાગ છે ?*




**આકૃતિ ૧૧.૧ જૈવ વિવિધતા**

**જનીન :** આનુવંશિકતાનો મૂળભૂત જૈવિક એકમ. એકસમાન પ્રજાતિ સભ્યોના જનીન સરખા હોય છે. જનીન દ્વારા પ્રત્યેક પ્રજાતિના લક્ષણો નક્કી થાય છે.

**પ્રજાતિ :** એક એવું જૂથ જેનાં સભ્યોનાં લક્ષણો અથવા વિશેષતાઓ એકસરખી હોય અને તેઓ આંતર-પ્રજજન કરવા સક્ષમ હોય છે.

**પર્યાવરણ તંત્ર :** કોઈ એવો ભૂભાગ જેમાં જૈવિક (સજીવ) અને અજૈવિક (નિર્જીવ) ઘટકો વસતા હોય તેને પર્યાવરણતંત્ર કહે છે.

### ૧૧.૧.૧ ભારતમાં જૈવ વિવિધતાની સ્થિતિ

જ્યારે આપણે ધ્રુવોથી વિષુવવૃત્ત તરફ જઈએ ત્યારે જૈવ વિવિધતામાં વધારો થતો જાય છે. ભારત ૮.૪ ઊ.અને ૫૭.૬ ઊ.અક્ષાંશ તેમજ ૬૮.૭ પૂર્વ અને ૯૭.૨૫ પૂ.રેખાંશ વચ્ચે આવેલું છે. ભારતના અનન્ય ભૌગોલિક સ્થાનને લીધે અહીં પુષ્કળ જૈવ વિવિધતા જોવા મળે છે. ભારત પાસે વિશ્વની કુલ જમીનના માત્ર ૨.૪% જમીન જ છે. તેમછતાં તેની જૈવ વિવિધતા આખા વિશ્વની જૈવ વિવિધતાના લગભગ ૮% છે. (યુએનઈપી ના વૈશ્વિક જૈવ વિવિધતા મુલ્યાંકન ૧૯૯૫ મુજબ) વિશ્વમાં વિવિધ પ્રજાતિઓની સંખ્યા ૧૭.૫ કરોડ છે, જેના ૬% પ્રજાતિઓ ભારતમાં જોવા મળે છે. વિશ્વની વનસ્પતિના ૧૨% એટલે કે લગભગ ૪૫૦૦૦ જેટલી વનસ્પતિઓ ભારતના જંગલોમાં જોવા મળે છે. વિશ્વમાં આવેલા ૧૨ જૈવ વિવિધતાના આકર્ષણ કેન્દ્રો પૈકી ૨ કેન્દ્ર તો ભારતમાં છે. તે છે ઉત્તર-પૂર્વીય વિસ્તાર અને પશ્ચિમી ઘાટ.

જૈવ વિવિધતાનું આકર્ષણ કેન્દ્ર એવો વિસ્તાર હોય છે જ્યાં દેશ પ્રજાતિઓ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. દેશ પ્રજાતિઓ છે જે કોઈ ચોકક્સ વિસ્તારમાં જ જોવા મળે છે.

**મેગા જૈવ વિવિધતા :**

વનસ્પતિઓ તથા પ્રાણીઓની અનોખી પ્રજાતિઓનું અદ્દભુત સંયોજન જે બીજે ક્યાંય પણ જોવા મળતું નથી.

## ૧૧.૨ જૈવ વિવિધતાનું મહત્વ :

પૃથ્વી પરના જીવનનો મૂળભૂત આધાર જૈવ વિવિધતા છે તેનું મહત્વ બિલકુલ ઓછુ આંકી શકાય તેમ નથી. એક ચોકક્સ ભૌતિક વાતાવરણમાં વિવિધ પ્રકારના સજીવો રહેતાં હોય છે. એક પર્યાવરણ તંત્રની વ્યવસ્થાના ભાગરૂપે આ બધાનો એકબીજા સાથે સંબંધ હોય છે. અને તે બધા એકબીજા ઉપર આધારિત હોય છે. શુ તમને ખબર છે કે એકસરખી આબોહવામાં પણ વિવિધ પ્રકારની વનસ્પતિ ઉગે છે ? કોઈપણ વિસ્તારમાં ઉગતી વનસ્પતિ તે વિસ્તારના વન્યજીવોનું જીવન નક્કી કરે છે. જ્યારે કોઈ વિસ્તારની વનસ્પતિ બદલાય છે ત્યારે ત્યાંનુ પ્રાણીજગત તેમજ માનવજગત પણ બદલાય છે. આ વ્યવસ્થામાં જો કોઈ ઘટકને નુકસાન થાય તો તે વ્યવસ્થામાં સંકળાયેલા બીજા


ઘટકોને પણ નુકસાન કરે છે. આપણે આ પર્યાવરણતંત્રનો અભિન્ન ભાગ છીએ. વૃક્ષો કાપવાને લીધે તથા પ્રાણીઓનો શિકાર કરવાને લીધે આ તંત્રમાં આવેલા અસંતુલન માટે આપણે જવાબદાર છીએ.

પર્યાવરણતંત્રને મનુષ્ય દ્વારા કેવીરીતે અસર થાય છે ? છાપાઓ તેમજ સામયિકોમાંથી એવા કેટલાક લેખો ભેગા કરો, જે તમને પર્યાવરણતંત્ર પર મનુષ્યોની અસર સમજવામાં મદદરૂપ બને. આપણે એ વાત જરૂર સમજવી રહી કે એક ભૌતિક વાતાવરણમાં વસતા તમામ પ્રાણીઓ અને વનસ્પતિઓ એકબીજા સાથે સંબંધ ધરાવે છે અને પરસ્પર આધારિત છે. માનવજીવનમાં પર્યાવરણતંત્ર અત્યંત મૂલ્યવાન સ્થાન ધરાવે છે, જેમાં નીચે દર્શાવેલા મુદ્દાઓ સમાયેલા છેઃ

- ખોરાક, પાણી, ફાઈબર (રેસાવાળો ખોરાક), ઈંધણ વગેરે ઉપલબ્ધ કરાવવા.
- હવામાન આધારિત રોગોનું નિયંત્રણ કરવું. (જેમ કે, શિયાળા દરમ્યાન લોકોને કફ-શરદી થાય છે અને ચોમાસામાં પેટનો દુઃખાવો ને ચેપી રોગો થાય છે. )

### ૧૧.૨.૧ જૈવ વિવિધતા ઘટવાનાં કારણો :

વધતી જતી વસ્તી અને બદલાતી જીવનશૈલીને લીધે કુદરતી સંસાધનોનો બગાડ થઈ રહયો છે. તેને લીધે જૈવ વિવિધતા ઘટી રહી છે. પરિણામે, માવજાતને માલ અને સેવાઓ પૂરી પાડવાની કુદરતની જે શક્તિ છે, તેના ઉપર માઠી અસર થઈ રહી છે. જૈવ વિવિધતા ઘટવાને લીધે માત્ર ભૌતિક વાતાવરણમાં જ નહીં પણ માનવજીવનના સામાજીક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક પાસાઓ ઉપર પણ અવળી અસરો થઈ રહી છે. ................




આકૃત્તિ - ૧૧.૨

## ? શું તમે જાણો છો

- સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) દ્વારા ૨૦૧૦ ના વર્ષને જૈવ વિવિધતાનું આંતરરાષ્ટ્રિય વર્ષ જાહેર કરવામાં આવ્યું હતું.
- IUCNE પ્રકૃતિ સંરક્ષણ માટેનું આંતરરાષ્ટ્રિય સંગઠન- ઈન્ટરનેશનલ યુનીયન ફોર કન્સર્વેશન ઓફ નેચર) દ્વારા ૨૦૧૦ માં ૫૨,૦૧૭માં થી લગભગ ૧૮,૭૮૮ પ્રજાતિઓ નાશ પામવાની આગાહી કરવામાં આવી છે. દુનિયામાંથી ૫૪૯૦ સ્તનધારીઓ પૈકી ૭૮ નાશ પામ્યો છે, ૧૮૮ નાશ પામવાના ગંભીર જોખમમાં છે અને ૫૪૦ ખુલ્લા જોખમમાં છે. એન્ફીબીયન (ઉભયચર જીવો) પણ વિલુપ્ત થવાની તૈયારીમાં છે. પૃથ્વી ઉપર આવેલા ૬,૨૮૫ જીવો પૈકી ૧૮૯૫ જીવોને સૌથી વધુ જોખમ છે.
- ચોક્કસ પ્રજાતિઓનો નાશ થતો જવો, તેમના કુદરતી નિવાસોનો નાશ થવો, જમીનના અત્ય ઉપયોગો વધતા જવા, આબોહવામાં પરિવર્તન, પ્રદુષણ અને ભયજનક રીતે વધી રહયા છે.
- શું તમને લાગે છે કે વિવિધ પ્રજાતિઓના વિલુપ્ત થવામાં આ કારણોની જવાબદારી છે ?

## મનોયત્ન ૧૧.૧

તમારા વિસ્તારમાં જોવા મળતા કોઈ પણ ત્રણ પ્રાણી, પક્ષી અને વનસ્પતિનું વર્ણન કરો અને સ્થાનિક રહેવાસીઓ માટે તેમનું મહત્વ સમજાવો. તમારા માટે એક ઉદાહરણ આપવામાં આવ્યું છે.

| ક્રમ | વનસ્પતિ | આપણને પ્રાણવાયુ | ક્રમ | પશુ/પક્ષી | મહત્વ |
|---|---|---|---|---|---|
| ૧. | લીમડો | (ઓક્સિજન) લાકડું અને છાંયડો આપે છે. | ૧. | ગીધ | મૃત જીવો અને કચરાથી પર્યાવરણને બચાવે છે. રોગ ફેલાવવાથી બચાવે છે ઊંદર જેવા હાનીકારક જીવોની સંખ્યા નિયંત્રિત કરવામાં મદદ કરે છે. |
| ૨. | | | ૨. | | |
| ૩. | | | ૩. | | |
| ૪. | | | ૪. | | |

## પાઠ સ્વાધ્યાય ૧૧.૧

૧. ''જૈવ વિવિધતા'' પૃથ્વી પરના જીવન માટેનો આધાર છે. કોઈપણ બે કારણો આપીને આ વિધાન સમજાવો.

૨. લગભગ ૩૦ શબ્દોમાં 'આકર્ષણ કેન્દ્ર' શબ્દ સમજાવો.

## ૧૧.૩ પ્રાકૃતિક વનસ્પતિ અને વન્યજીવ

આપણા પર્યાવરણ તંત્રમાં વનસ્પતિ અને વન્ય જીવન એ મૂલ્યવાન સંસાધન છે. આપણે બધા એ જાણીએ છીએ કે વનસ્પતિ આપણને લાકડુ આપે છે. માનવો અને જાનવરોને આશ્રય આપે છે. ઓક્સિજન ઉત્પન્ન કરે છે, જે આપણને શ્વાસ લેવામાં મદદરૂપ છે. તે જમીનનું ધોવાણ અટકાવે છે, પૂર અને વાવાઝોડા જેવી કુદરતી આફતો સામે આપણું રક્ષણ કરે છે અને જમીનની અંદર પાણીનો સંગ્રહ કરવામાં સહાય કરે છે તેમજ આપણને ફળ, પોષક, દાણા, ગુંદર, ટર્પન્ટાઈનનું તેલ, ચીડ (દૂધ જેવો ચીકણો રસ), કોટેક્સ ઔષધિઓ અને આપણા અભ્યાસ માટે ખૂબ જરૂરી તેવા કાગળ આપે છે. આવી અમુક વનસ્પતિઓના અસંખ્ય ઉપયોગો છે. વન્યજીવનમાં પ્રાણીઓ, પક્ષીઓ, જીવ-જંતુઓ, સરિસૃપો તેમજ જળચર જીવો સામેલ છે. તે આપણને દૂધ, માંસ, ચામડું અને ઊન આપે છે. મધમાખી જેવા જંતુઓ આપણને મધ આપે છે અને પુષ્પોના પર્ણનયનમાં મદદ કરે છે. પર્યાવરણતંત્રમાં આવા જંતુઓ વિઘટનકાર્યમાં મહત્વનું કામ આપે છે. પક્ષીઓ જંતુઓને ખાય છે અને આ રીતે તેઓ પણ વિઘટનનું કામ કરે છે.

મૃત પશુઓને ખાઈ શકવાની શ્રમતાને લીધે ગીધ વાતાવરણનો એક/સફાઈ કામદાર ગણાય છે. નાનામોટા દરેક જીવ પર્યાવરણને સંતુલિત રાખવામાં ગૂંથાયેલા હોય છે.

### ૧૧.૩.૧ ભારતમાં પ્રાકૃતિક વનસ્પતિ

દુનિયાના બીજા વિસ્તારોની માફક જ ભારતની પ્રાકૃતિક વનસ્પતિ પણ ભૌગોલિક સ્થાન, આબોહવા અને જમીનના ઘટકો દ્વારા નક્કી થાય છે. જો આપણે આકૃતિ ૧૧.૩ ને જોઈશું તો ખ્યાલ આવશે કે તાપમાન, વર્ષા અને ભૂસ્થિતિઓ, સ્થળાકૃતિક સ્થિતિઓના ઘટકોના આધાર પર ભારતની વિવિધ વનસ્પતિ વહેંચાયેલી છે, જેનું વર્ણન નીચે સંક્ષિપ્તમાં આપેલું છે.

ગાઢ પ્રાકૃતિક વનસ્પતિના વિસ્તારો ઉત્તર-પૂર્વીય ક્ષેત્ર, પશ્ચિમી ઘાટ વિસ્તાર અને અંદામાન-નિકોબારમાં જોવા મળે છે. ઉત્તરના મેદાનો અને ઉત્તર-પશ્ચિમી વિસ્તારોમાં ઘણી ઓછી વનસ્પતિ જોવા મળે છે. ત્યાં મોટાભાગના વિસ્તારોમાં ખેતી થાય છે. દખ્ખણનો પ્રદેશ કાંટાળી ઝાડીઓ અને પાનખરના જંગલોથી ભરેલો છે. ભારતની પ્રાકૃતિક વનસ્પતિને સામાન્ય રીતે આ વિભાગોમાં વહેંચી શકાય :

i) ઉષ્ણકિટબંધના સદાબહાર જંગલ

ii) ઉષ્ણકટિબંધના પાનખર જંગલ

iii) કાંટાના જંગલ

iv) ભરતી-ઓટના જંગલ

v) હિમાલયના જંગલ

> જંગલ પણ માનવસર્જીત હોય છે. તે શહેરી વિસ્તારોમાં પણ વિકસાવી શકાય છે. જો કે, આ પાઠમાં ફક્ત પ્રાકૃતિક જંગલોને જ પ્રાકૃતિક વનસ્પતિ તરીકે ચર્ચીશું.

**i) ઉષ્ણકટિબંધના સદાબહાર જંગલ :**

આ જંગલોમાં હંમેશા ભેજવાળા અને ગરમ વાતાવરણને લીધે વૃક્ષો લીલા રહે છે. આ વૃક્ષોના પાંદડા કોઈ ખાસ ઋતુમાં ખરતા નથી. તેથી જ આ જંગલ સદાબહાર કહેવાય છે. જયાં ઉનાળો નાનો હોય અને જયાં ૨૦૦ ચો.મી.થી વધુ વરસાદ થતો હોય એવા વિસ્તારોમાં આ જંગલો જોવા મળે છે. આ જંગલોમાં ૬૦ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતા વૃક્ષો ઊગે છે. આ ગાઢ જંગલોમાં અનેક મિશ્ર પ્રકારની વનસ્પતિઓ જોવા મળે છે. જેવી કે વૃક્ષ, ઝાડીઓ, વેલાઓ, જમીન પર ફેલાતી વનસ્પતિઓ અને ફર્ન.

આમ, આ જંગલોની રચના બહુસ્તરીય બને છે. તેને લીધે, આ જંગલોને આર્થિક ઉપયોગમાં લેવા હિતાવહ નથી. અહીં બહુ નાનાનાના વિસ્તારમાં અનેક જાતના વૃક્ષ ઉગેલા હોય છે. આ સદાબહાર જંગલોમાં વાંસ, સુગંધી લાકડાવાળા રોઝવુડ, અબનૂસ, મહોગની, રબર જેક લાકડાવાળા વૃક્ષો વગેરે મહત્વના વૃક્ષો ઉગે છે. ભારતમાં પશ્ચિમી ઘાટ, લક્ષદ્વિપ, આંદામાન અને નિકોબારના ટાપુઓ અને આસામના ઉપરના વિસ્તારો જેવા ભારે વરસાદ વાળા ક્ષેત્રોમાં આ જંગલો જોવા મળે છે. આ જંગલોના લાકડાનો ઉપયોગ હસ્તકલા, ફર્નીચર વગેરેમાં થાય છે. તેમનો ઉપયોગ જમીનનું ધોવાણ અને ભૂસ્ખલન અટકાવવા માટે પણ થાય છે.

**ii) ઉષ્ણકટિબંધના પાનખર જંગલ**

આ જંગલોના વૃક્ષ વર્ષમાં એકવાર પોતાના પાંદડા ખેરવે છે. તેથી જ તેમને ઉષ્ણકટિબંધના પાનખર જંગલ કહે છે. આ જંગલો ભારતના સૌથી વધુ વિસ્તારમાં ફેલાયેલા છે. આ જંગલ ૭૫ થી ૧૦૦ સે.મી. વરસાદ ધરાવતા વિસ્તારોમાં આવેલા છે. ભૌતિક સ્થાન-વહેંચણીની દ્રષ્ટિએ જોઈએ તો આ જંગલો દખ્ખણના ઉચ્ચપ્રદેશ, ઉત્તર-પૂર્વીય ક્ષેત્રો, પશ્ચિમી ઘાટ અને પૂર્વીય દરિયાકાંઠા સિવાય આખા દેશમાં જોવા મળે છે. આ જંગલોને સાફ કરીને મનુષ્યોએ ખેતી માટે ભરપૂર ઉપયોગમાં લીધાં છે. છતાંપણ પ્રાકૃતિક વનસ્પતિના અમુક વિસ્તારો હિમાલયની તળેટીમાં, ઉચ્ચપ્રદેશના પર્વતીય વિસ્તારોમાં અને દેશના મધ્ય ભાગમાં જોવા મળે છે. વરસાદના પ્રમાણના આધારે આ જંગલોને બે


વિભાગમાં વહેંચીને જોઈ શકાય છે- ભેજયુક્ત પાનખર જંગલ, સૂકા પાનખર જંગલ

(ક) ભેજયુક્ત પાનખર જંગલો ૧૦૦ થી ૨૦૦ સે.મી. વરસાદ ધરાવતા વિસ્તારોમાં જોવા મળે છે. દેશના પૂર્વીય વિસ્તારો, હિમાલયની તળેટી, ઝારખંડ, ઓરિસ્સા, છત્તીસગઢ અને પશ્ચિમી ઘાટોના પૂર્વીય ઢોળાવો સાથેના પૂર્વોત્તર રાજ્યોમાં આવેલા છે. સાગ, વાંસ, સાલ, સીસમ, ચંદન, ખેર, કુસુમ, અર્જુન, મહુડો, જાંબુ અને શેતૂર આ જંગલોના મહત્વના વૃક્ષ છે.

(ખ) સુકા પાનખર જંગલો ૭૫ થી ૧૦૦ સે.મી. વરસાદ ધરાવતા વિસ્તારોમાં ફેલાયેલા છે. આ જંગલો ઉચ્ચ પ્રદેશના અંતરિયાળ ભાગોમાં અને ઉત્તરપ્રદેશના મેદાનોમાં, મધ્યપ્રદેશમાં તથા બિહારમાં જોવા મળે છે. આ જંગલોમાં ઉગતા વૃક્ષો છે- સાગ, પીપળો, સાલ અને લીમડો

**iii) કાંટાળા જંગલ**

કાંટાળા જંગલ ૭૫ સે.મી.થી ઓછો વરસાદ ધરાવતા વિસ્તારોમાં આવેલા હોય છે. કાંટાવાળા વૃક્ષો અને ઝાડીઓ તેમની વિશેષતા છે. આ વિસ્તારની આબોહવામાં ગાઢ જંગલ ઉગતા નથી. આ જંગલો મુખ્યત્વે ઉત્તર-પશ્ચિમી ભારત, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, હરિયાળા, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રના અર્ધ-શુષ્ક વિસ્તાર સહિત ભારતના ઉચ્ચપ્રદેશવાળા વિસ્તારના અંતરિયાળ ભાગોમાં આવેલાં છે.




**આકૃતિ ૧૧.૩ ભારતની પ્રાકૃતિક વનસ્પતિ**

### iv) ભરતી-ઓટના જંગલો :

*નામ પ્રમાણે જ આ જંગલો ભરતી-ઓટ અને ભેજવાળી જમીનોની ખાડીઓમાં આવેલા હોય છે. કાદવ, કાંપ અન પાણીથી ભરાયેલી સપાટી વાળી જમીન એ આ પ્રદેશના વિશિષ્ટ લક્ષણો છે. આ વૃક્ષોની ડાળીઓ અને મૂળિયા અમુક ચોકકસ સમય સુધી પાણીમાં ડૂબેલા રહે છે. આ જંગલોને ચેરના જંગલો પણ કહે છે. આ ચેર જંગલો જાડા પાંદડા ધરાવતા હંમેશા હરિયાળા રહેનારા વૃક્ષોવાળા હોય છે. આ પ્રકારના ચેર જંગલો સુંદરવનના ડેલ્ટાપ્રદેશ, મહાનદી, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી નદીઓ અને આંદામાન-નિકોબાર ટાપુઓ પર જોવા મળે છે. સુંદરવનમાં ખાસ કરીને ચેર અને સુંદરી વૃક્ષો જોવા મળે છે. જ્યારે બીજા ભરતી-ઓટના જંગલોના મુખ્યત્વે પામ, નારિયેળી કપડા અને અગરના વૃક્ષો થાય છે.*

*એ બહુ રસપ્રદ વાત છે કે આ જંગલો વ્યાપારીકરણના શોષણનો ભોગ બન્યા નથી. આ જંગલો દરિયાકાંઠે આવેલા છે. વંટોળિયા સામે તે રક્ષણ પૂરું પાડે છે.*

### iv) હિમાલયના જંગલ

*નામ પ્રમાણે આ જંગલો હિમાલય પર્વતમાળામાં જોવા મળે છે. ઘટતા તાપમાન અને વધતી ઊંચાઈને લીધે આ જંગલો વિવિધ પ્રકારની વનસ્પતિ ધરાવતા હોય છે, જેમાં સૂર્યના કિરણોની દિશા, પર્વતનો ઢોળાવ જેવા પરિબળો પણ અસર કરે છે. અહીંનું પર્યાવરણ તંત્ર એકદમ નાજુક હોય છે. છેલ્લા ઘણા સમયથી હિમાલયના જંગલોનું ઘણું શોષણ થયું છે. અહી ગાઢ જંગલ વિસ્તાર હોવાના કારણે હૂંફાળું હવામાન, ૧૦૦૦ મીટર જેટલી ઓછી ઊંચાઈ અને સારો વરસાદ રહે છે. આ વિસ્તાર વિષુવવૃત્તિય જંગલો જેવો લાગે છે. સાલ અને વાંસ આ વિસ્તારના મુખ્ય વૃક્ષ છે. અહીં ૧૦૦૦ થી ૨૦૦૦ મીટરની ઊંચાઈ વચ્ચેના વિસ્તારમા હંમેશા હરિયાળા રહેતાં પહોળા પાદડાંના ઓક વૃક્ષ અને ચેસ્ટનટના વૃક્ષો જોવા મળે છે. પૂર્વીય હિમાલયમાં એટલી જ ઊંચાઈએ અનુપૂર્વીય હિમાલયમાં એટલી જ ઊંચાઈએ અનુવિષુવવૃત્તિય પાઈન જંગલો જોવા મળે છે.*

*આ વિસ્તારમાં ચિડના ઝાડ બધે જોવા મળે છે.*

*હિમાલયમાં ૧૫૦૦ થી ૩૫૦૦ મીટરની ઊચાઈ પર ૧૦૦ થી ૨૫૦ સે.મી.વરસાદ ધરાવતા ક્ષેત્રમાં ભેજવાળા જંગલો જોવા મળે છે. આ ક્ષેત્રના મહત્વના વૃક્ષો છે. - ઓક, લોરલ, ચેસ્ટનટ, દેવદાર, સીડર, સીલ્વર, ફર, સ્પૃઝ, સ્ત્રોડોડેન્ફોન*

*તેમનું લાકડું મેળવવા માટે આ વૃક્ષોને બેફામ રીતે કાપવામાં આવે છે.*

*હિમાલયના જંગલોમાં સૌથી છેલ્લો પ્રકાર છે અલ્પાઈન વનસ્પતિ, જે ૩૦૦૦ થી ૩૮૦૦ મીટરની ઊંચાઈ વચ્ચે વિશાળ અને પુષ્કળ ઘાસના મેદાનોમાં જોવા મળે છે, જ્યાં પાઈન, બર્ચ સીલ્વર, ફર અને રોડાટેન્ડ્રોન વૃક્ષો થાય છે.*

## પાઠ-સ્વાધ્યાય

૧. વિષુવવૃત્તિય જંગલોને સદાબહાર જંગલો કેમ કહે છે ? ૩૦ શબ્દોમાં સમજાવો.

૨. કારણો આપો.

i) દરિયાકાંઠા પાસે આવેલા ભરતી-ઓટના જંગલોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વંટોળિયાઓ દરમ્યાન ખૂબ તારાજી થઈ છે, કારણ કે ,

..........................................................................

..........................................................................

ii) વિષુવવૃત્તિય સદાબહાર જંગલો કરતાં હિમાલયના જંગલોનું આર્થિક પ્રવૃત્તિઓ માટે વધુ શોષણ થયું છે, કારણ કે........

..........................................................................

..........................................................................

### ૧૧.૩.૭ ભારતમાં વન્યજીવન

આ પાઠમાં તમે આગળ ભણી ગયા કે પોતાના આગવા ભૌગોલિક સ્થાનને લીધે ભારત વન્યજીવનની દ્રષ્ટિએ ખૂબ સમૃદ્ધ છે. ભારતને વન્યજીવનનો મોટો કુદરતી વારસો મળેલો છે. અંદાજીત રીતે કહી શકાય કે આખી દુનિયાની જાણીતી પ્રાણીઓ અને વનસ્પતિઓની પ્રજાતિઓ પૈકી ૮૦% પ્રજાતિઓ ભારતમાં જોવા મળે છે. ઘણી વનસ્પતિઓ એવા પદાર્થોને સંયોજીત કરે છે જે મનુષ્યો તથા પ્રાણીઓના સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે. છેલ્લા કેટલાક વર્ષોથી મનુષ્યોના દબાણને લીધે ભારતનું વન્યજીવન જોખમમાં મૂકાયું છે. આના પડઘારૂપે ૧૯૩૫ માં શરૂ કરવામાં આવેલ રાષ્ટ્રિયપાર્કો, અભ્યારણ્યો અને આરક્ષિત વિસ્તારોમાં આવેલા વન્યજીવનના રક્ષણ માટે જે વન્યજીવન સંરક્ષણ કાયદો ૧૯૭૨ માં ઘડાયો હતો, તેમાં મહત્વના સુધારા-વધારા કરવામાં આવ્યા છે. આપણા દેશની જૈવિક વિવિધતા સુરક્ષિત રાખવા અને તેને જાળવી રાખવા માટે દેશભરમાં ઘણાં કાર્યક્રમો ચાલે છે. ભારતભરમાં ૫૫૧ વન્યજીવ અભ્યારણ્યો, ૯૬ રાષ્ટ્રિય પાર્કો, ૨૫ અને ૧૫ જૈવ આરક્ષિત ક્ષેત્રોમાં પ્રાકૃતિક નિવાસો, પક્ષીઓ અને વનસ્પતિઓને જાળવવામાં આવ્યા છે.

તદઉપરાંત પોતપોતાના ક્ષેત્રમાં જે લુપ્ત થતી પ્રજાતિઓ હોય તેના સંરક્ષણ અને સંવર્ધન માટે ૩૩ બોટેનીકલ ગાર્ડન, ૨૭૫ ઝુલોજીકલ પાર્ક, હરણપાર્ક, સફારી પાર્ક, માછલીઘરો વગેરે તૈયાર કરાયા છે.

ભારતમાં વન્યજીવોના પ્રાકૃતિક નિવાસની યોગ્ય જાળવણી માટે પ્રોજેક્ટ ટાઈગર ૧૯૭૩ અને પ્રોજેક્ટ એલીફન્ટ ૧૯૯૨ જેવા પ્રોજેક્ટસ હાથ ધરાયા છે. આવી અમુક પ્રોજેટક્સનું મહત્વ ઘણું વધી જાય છે.

જો કે, જ્યાં સુધી પ્રત્યેક ભારતીય જૈવ વિવિધતાને બચાવવામાં પોતાની ભૂમિકાનું મહત્વ ન સમજે ત્યાં સુધી આમાંથી કોઈ પ્રયત્ન સફળ ન થઈ શકે.

**i) વન્યજીવન અભયારણ્ય**

વન્યજીવન અભ્યારણ્યનો મુખ્ય ઉદ્દેશ વન્યજીવોને તેમના પ્રાકૃતિક આવાસોમાં રહેવા દઈને તેમની અપેક્ષિત વસ્તી વધારવાનો છે.

ભારતના વન્યજીવ અભયારણ્યો વિવિધ પ્રજાતિના પક્ષીઓ, ૩૫૦૦ સ્તનધારી પ્રજાતિઓ, લગભગ ૩૦,૦૦૦ જેટલા જીવજંતુઓ અને ૧૫૦૦૦ થી વધુ વિવિધ જાતની વનસ્પતિઓ માટેના રહેઠાણો બન્યા છે. આ અભયારણ્યો અને જંગલો કેટલાક પશુ-પક્ષીઓની લુપ્ત થતી પ્રજાતિઓ માટેના પણ રહેઠાણો છે. આ પ્રજાતિઓ પૈકી કેટલીક છે- એશિયાઈ હાથી, રોયલ બંગાલ ટાઈગર, હિમ દીપડા અને સાઈબેરીયન ક્રેઈન (બગલા) ભારતમાં આવેલા ઘણાં જંગલો અને અભયારણ્યો પ્રાણીઓની અમુક ચોક્કસ પ્રજાતિઓ માટે જાણીતા બન્યા છે. જેમ કે, આસામનું કાઝીરંગા, ભારતીય ગેંડા માટે, કેરળનું પેરિયાર ત્યાંના હાથીઓ માટે જાણીતું છે. ભારતમાં ૫૫૧ અભ્યારણ્યો આવેલા છે. ઓલીવ રીડલી દરિયાઈ કાચબા, સાઈબેરીયન ક્રેઈન અને ફલેમીંગો જેવા યાયાવર (વિદેશી) પક્ષીઓ અને પ્રાણીઓ માટે ભારત તેમનું ઘર બન્યું છે.

**ii) રાષ્ટ્રિય પાર્ક :**


રાષ્ટ્રિય પાર્કોની સ્થાપનાનો ઉદ્દેશ પ્રાકૃતિક અને ઐતિહાસિક વસ્તુઓ અને વન્ય જીવોનું સંરક્ષણ છે જેમાં વન્ય જીવોને છુટ્ટા મુકી દેવામાં આવે અને તેમને ભવિષ્યની પેઢી દ્વારા કોઈ નુક્સાન પહોંચાડવામાં ન આવે. ૧૯૭૦ માં ભારતમાં ફક્ત પાંચ રાષ્ટ્રિય પાર્ક હતાં. ૧૯૭૨ માં ભારત વન્યજીવ સંરક્ષણ કાયદો/વિલુપ્ત થતી પ્રજાતિઓના સંરક્ષણ માટે બનાવવામાં આવ્યો હતો. આ કાયદાના બે મુખ્ય ઉદ્દેશ છે. - કાયદામાં સૂચિબદ્ધ રીતે દર્શાવાયેલી લુપ્તપ્રાય પ્રજાતિઓને સંરક્ષણ આપવું અને રાષ્ટ્રિય ઉધાન તરીકે જાહેર કરાયેલા દેશના વિસ્તારોને કાનૂની સહાયતા કરવી.

નોંધ



**કોષ્ટક ૧૧.૧ રાષ્ટ્રિય ઉધાનોમાં જોવા મળતી લુપ્તપ્રાય પ્રજાતિઓ**


| રાષ્ટ્રિય ઉધાનો | રક્ષિત વન્યજીવોની જૂજ પ્રજાતિઓ (વન્યજીવ અભયારણ્યો) |
|---|---|
| ૧. દાચીગ્રામ (જમ્મૂ-કાશ્મીર) | હંગૂલ, મસ્ક, હરણ, |
| ૨. કોર્બેટ(ઉત્તરાખંડ) | વાઘ, હાથી, પૈંથર, હરણ |
| ૩. દુધવા (ઉ.પ્ર.) | વાઘ, હાથી |
| ૪. કાન્હા (મ.પ્ર.) | વાઘ, બારાસિંઘા |
| ૫.બાંદીપુર (કર્ણાટક) | વાઘ, બારાસિંઘા |
| ૬.પેરિયાર (કેરળ) | હાથી |
| ૭. ભરતપુર (રાજસ્થાન) | વિવિધ પ્રકારના જન-પક્ષી |
| ૮. રણ ઉધાન (રાજસ્થાન) | રણનું વર, શિયાળ |
| ૯. ગિર (ગુજરાત) | સિંહ, પૈંથર, ચીતળ |
| ૧૦. કાઝીરંગા (આસામ) | હાથી, ગેંડો, જંગલી ભેંસ |
| ૧૧. માનસ (આસામ) | હાથી, ગેંડો, જંગલી ભેંસ |
| ૧૨. નમ દહા (અરૂણાચલપ્રદેશ) | વાઘ,ગૌર, જંગલી ભેંસ |
| ૧૩. સુંદરવન (પશ્ચિમબંગાળ) | રોયલ, બંગાળટાઈગર |




**આકૃતિ ૧૧.૪ ભારતમાં આવેલા રાષ્ટ્રિય ઉધાનો, વન્યજીવ અભ્યારણ્યો અને પક્ષી અભયારણ્યો**

### (iii) જળપ્લવિત વિસ્તાર

*જળપલવિત વિસ્તાર એટલે જમીનનો એક એવો વિસ્તાર જ્યાંની માટી અમુક ઋતુ અનુસાર અથવા તો હંમેશા ભેજવાળી રહે છે. આવા વિસ્તારો સંપૂર્ણ રીતે અથવા અમુક અંશે પાણીમાં ડૂબેલાં રહે છે. આવા વિસ્તારોમાં સરોવર, તળાવ જેવી જગ્યાઓએ ખારૂં પાણી, તાજું પાણી અથવા પાણી મળે છે. સૌથી મહત્વની વાત એ છે કે આર્દ્રભૂમિ પાણીશુદ્ધિકરણ માટે કુદરતી વ્યવસ્થાતંત્ર પૂરું પાડે છે. તમામ પર્યાવરણતંત્રોમાં જળપ્લવિતક્ષેત્ર એ તદ્દન ભિન્ન જૈવીક તંત્ર ગણાય છે. અહીં ચેર, વોટર, લીલી, ક્રોટેલ્સ, સેજ, ટેમરેક, કાળા સ્પ્રૂસ, સાયપ્રસ, ગુંદર અને બીજી ઘણી વનસ્પતિ જોવા મળે છે. અહીંના પ્રાણીજગતમાં સરિસૃપો, ઊભયચરો, પક્ષીઓ, કીટકો અને*







સ્તનધારી પ્રાણીઓ સામેલ છે. આબોહવાના પરિવર્તન સંબંધે આર્દ્રભૂમિ બે મહત્વના કાર્યો કરે છે. તેમની કાર્બનને શોષી લેવાની ક્ષમતાને લીધે તેઓ શમન કરવામાં મદદ કરે છે અને પાણીને સંઘરીને નિયમન કરવાની ક્ષમતાને લીધે અનૂકુલન કરે છે.

જળપ્લવિત વિસ્તારના ઘસારા અને ઘટાડાને સંદર્ભે વૈશ્વિક સ્તરે રામસર કરાર (આર્દ્રભૂમિ માટેનો આંતરરાષ્ટ્રિય કરાર) કરવામાં આવ્યો છે.

આ કરારનો પ્રાથમિક ઉદ્દેશ એ છે કે આંતરરાષ્ટ્રિય મહત્વ ધરાવતી આર્દ્રભૂમિનોની યાદી બનાવવી અને તેમના વ્યવસ્થિત ઉપયોગ અંગે લોકોને જાગૃત કરવા, જેથી આખરે વિશ્વની મહત્વની આર્દ્રભૂમિઓ સચવાઈ રહે. તેની માટેની રીતો પૈકી કેટલીક રીત એ છે કે આદ્રભૂમિના મોટાભાગના વિસ્તારોમાં લોકોને જતા અટકાવવા અને લોકોની એ ગેરમાન્યતા દૂર કરવી કે જળપ્લવિત વિસ્તાર એ નકામી ભૂમિ છે.

**? શું તમે જાણો છો**

ભારતમાં લગભગ ૨૫ જગ્યાઓ જળપ્લવિત વિસ્તાર અથવા રામસર તરીકે જાહેર થઈ છે.

**કોષ્ટક ૧૧.૨ ભારતની આર્દ્રભૂમિઓ**

| સંખ્યા | નામ | રાજય | વિસ્તાર (કિ.મી.) |
|---|---|---|---|
| ૧. | અષ્ટામુડી | કેરળ | ૬૧૪ |
| ૨. | ભીતરકણિકા ચેર | ઓરિસ્સા | ૬૫૦ |
| ૩. | ચિલ્કા સરોવર | ઓરિસ્સા | ૧૧૬૫ |
| ૪. | પૂર્વીય આર્દ્રભૂમિ | પશ્ચિમબંગાળ, કોલકત્તા | ૧૨૫ |
| ૫. | કોલ્લેરુ સરોવર | આંધ્રપ્રદેશ | ૯૦૧ |
| ૬. | લોકતક તળાવ | મણિપુર | ૨૬૬ |
| ૭. | પોઈંટ કાલીમર | તમિલનાડુ | ૩૮૫ |
| ૮. | પોંગ ડેમ સરોવર | હિમાચલ પ્રદેશ | ૧૫૭ |
| ૯. | સાંભર સરોવર | રાજસ્થાન | ૨૪૦ |
| ૧૦. | સેમોરીરી | જમ્મુ અને કાશ્મીર | ૧૮૯ |
| ૧૧. | ઉપરવાસ ગંગાની નહેર | ઉત્તરપ્રદેશ | ૨૬૬ |
| ૧૨. | બિંબનાદ કોલ આર્દ્રભૂમિ | કેરળ | ૧૫૧૨ |
| ૧૩. | વુલર સરોવર | જમ્મૂ અને કાશ્મીર | ૧૮૯ |
| ૧૪. | હારેક સરોવર | પંજાબ | ૪૧ |
| ૧૫. | આર્દ્રભૂમિ | મધ્યપ્રદેશ | ૩૨ |


## (ઘ) જૈવ આરક્ષિત ક્ષેત્ર (બાયોસ્ફીઅર રીઝર્વ)

*જૈવિક વિવિધતાનું પ્રતિનિધિત્વ કરતાં પર્યાવરણતંત્રોના સંરક્ષણ માટે અનેક રીતે સુરક્ષિત રાખવામાં આવેલા વિસ્તારોએ જૈવ આરક્ષિત ક્ષેત્રો ગણાય છે. ભારત સરકારે આવા ૧૫ જૈવ આરક્ષિત વિસ્તારો જાહેર કર્યા છે. આ વિસ્તારો અભ્યારણ્યો અને રાષ્ટ્રિય ઉધાનો કરતાં મોટાં કુદરતી નિવાસ વિસ્તારો હોય છે. ઘણીવાર અભયારણ્યો તેમનો એક ભાગ હોય છે અને આવા વિસ્તારોમાં અમુક જ આર્થિક પ્રવૃત્તિઓ માટેની પરવાનગી હોય છે. અહીં માત્ર વનસ્પતિઓ અને પ્રાણીઓને જ નહીં પણ એ માનવજાતિઓને પણ સંરક્ષણ આપવામાં આવે છે જે આ વિસ્તારોના નિવાસી છે, તેમજ તેમની જીવનશૈલીને પણ સુરક્ષા આપવામાં આવે છે. આવા ક્ષેત્રો રાખવાના ઉદ્દેશો છે :*


i) *વનસ્પતિઓ, પ્રાણીઓ અને જીવજંતુઓના જીવનમાં વિવિધતા અને અખંડિતતાનું સંરક્ષણ કરવું.*

ii) *આ વિસ્તારોમાં પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી વિકસાવવી અને*

iii) *આ વિસ્તારના જીવનમાં પર્યાવરણલક્ષી જાળવણી, સંશોધન, શિક્ષણ અને તાલીમ માટે જાગૃતિ ફેલાવવી.*




**આકૃતિ ૧૧.૫ ભારતના જૈવ આરક્ષિત ક્ષેત્રો**




**કોષ્ટક ૧૧.૩ જૈવ આરક્ષિત ક્ષેત્રો**

| ક્રમ | નામ | રાજ્ય |
|---|---|---|
| ૧. | નીલગીરી | તમિલનાડુ, કેરળ, કર્ણાટક |
| ૨. | મુન્નારની ખાડી | તમિલનાડુ |
| ૩. | સુંદરવન | પશ્ચિમબંગાળ |
| ૪. | નંદાદેવી | ઉત્તરાખંડ |
| ૫. | દિહાંગ-દિબાંગ | અરૂણાચલપ્રદેશ |
| ૬. | પંચમઢી | મધ્યપ્રદેશ |
| ૭. | સિમ્લીપલ | ઓરિસ્સા |
| ૮. | અચના કુમાર | મધ્યપ્રદેશ અને છત્તીસગઢ, અમરકંટક |
| ૯. | માનસ | આસામ |
| ૧૦. | કંચનજંઘા | સિકિકિમ |
| ૧૧. | અગસ્ત્ય માલા | કેરળ |
| ૧૨. | ગ્રેટ નિકોબાર | આંદામાન-નિકોબાર-ટાપુઓ |
| ૧૩. | નોકરેક | મેઘાલય |
| ૧૪. | ડિબરુ-સિખોલા | આસામ |
| ૧૫. | કચ્છનું રણ | ગુજરાત |

## ૧૧.૪ જૈવ વિવિધતાના સંરક્ષણની આવશ્યકતા

*વિભાગ ૧૧.૧ માં આપણે જૈવ વિવિધતાને એક વિસ્તારના જીન, પ્રજાતિઓ તથા પર્યાવરણતંત્રના સરવાળા તરીકે ઓળખાવી છે. આપણે એ પણ જોયું કે પૃથ્વી પરના આપણા જીવન માટે જૈવ વિવિધતા એ મૂળભૂત આધાર છે. ખોરાક, પાણી, તંતુઓ અને આશ્રય માટે આપણને કુદરતની જરૂર પડે છે. આ બધું એકબીજા સાથે જોડાયેલું અને પરસ્પર આધારિત છે. જો કોઈ એક ઘટકને નુકસાન થાય, તો બીજા બધા ઘટકો પર તેની બહુવિધ અસરો થઈ શકે છે. જો આપણે આપણી પ્રાકૃતિક વનસ્પતિઓ તેમજ વન્યજીવનને બચાવવા માંગતા હોઈએ તો સૌથી પહેલાં આપણે એ જોવું પડે કે આપણે તેને બગાડ્યું કઈ રીતે આ સમયે આપણે આપણી જીવનશૈલીને ફરી તપાસી જોવાની છે અને કુદરત સાથે તેને તેટલી સંવાદિત બનાવવાની છે.*



નોંધ

વનસ્પતિ આપણા જીવનનો અંતરંગ હિસ્સો છે. ચાલો જોઈએ કે વનસ્પતિઓ આપણને કેવી રીતે અસર કરે છે.

i) વનસ્પતિએ જૈવ વિવિધતાનું એક મુખ્ય ઘટક છે. જો વનસ્પતિ ન હોય તો રહેઠાણ, ખોરાક અને ઓક્સિજન ન મળવાથી પ્રાણીઓ તેમજ અમુક જીવજંતુઓ મૃત્યુ પામે.

ii) વનસ્પતિઓના મૂળિયાં માટીને વાવાઝોડામાં ફૂંકાઈ જવાથી અથવા પાણીના પ્રવાહમાં ધોવાઈ જવામાંથી અટકાવે છે.

iii) જળચક્રમાં વનસ્પતિ મોટો ભાગ ભજવે છે. વનસ્પતિ જમીનમાંથી પાણી શોષીને તેના પાંદડા દ્વારા વાતાવરણમાં વરાળરૂપે છોડે છે. આ રીતે વાતાવરણ અને જમીન વચ્ચે વનસ્પતિ કડીરૂપ છે.

iv) જમીનની સપાટી ઉપર વહેતા જળપ્રવાહ માટે વનસ્પતિ એક અવરોધક છે તે ધસમસતા પાણીના પ્રવાહને અવરોધીને ધીમો બનાવે છે.

v) પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા વનસ્પતિ વાતાવરણમાંથી કાર્બન ડાયોકસાઈડ મુકત કરીને તેની જગ્યાએ ઓક્સિજન આપે છે. વાતાવરણમાંના બીજા પ્રદુષણો પણ વનસ્પતિની શુદ્ધ હવા દ્વારા ગળાઈ જાય છે.

vi) ગ્રીનહાઉસ અસરમાં વનસ્પતિએ એક સંતુલન કરનાર ઘટક બને છે. આથી વિરૂદ્ધ, જયારે વનસ્પતિઓને કાપી નાંખવામાં આવે છે.ગ્રીનહાઉસ અસરમાં મુખ્ય ભાગ ભજવનાર કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધી જાય છે.

vii) ખોરાકમાં સંતુલન જાળવી રાખવાનું કામ વન્યસૃષ્ટિ કરે છે. વન્યજીવનની આ ભૂમિકા પર્યાવરણને સંતુલિત રાખીને જૈવ વિવિધતાને પણ ટકાવી રાખે છે.

viii) સૂક્ષ્મ જીવજંતુઓ સફાઈ કામદાર જેવી મહત્વની ભૂમિકા ભજવે છે, જેને લીધે માટીના ઔષધિય ગુણો ખૂબ વિકસે છે અને માટી ખૂબ ફળદ્રુપ બને છે.

હવે તમે અનુભવી શકયા હશો કે માત્ર રાષ્ટ્રિય વારસા કે વૈશ્વિક વારસાની દ્રષ્ટિએ જ નહીં પરંતુ દુનિયાના કોઈપણ છેડે વસતા લોકોના અસ્તિત્વ માટે જૈવ વિવિધતાનું સંરક્ષણ કેટલું અગત્યનું છે. વિશ્વના એક જવાબદાર નાગરિક તરીકે આપણે આપણી જીવનશૈલીની પસંદગીમાં પોતાની સકારાત્મક ભૂમિકા સમજવાની જરુર છે. જૈવિક વિવિધતાના સંરક્ષણમાં એ રીતે આપણે આપણું યોગદાન આપી શકીએ.

## જૈવ વિવિધતાના સંરક્ષણમાં લોકોનું યોગદાન (એક કેસસ્ટડી)

*૨૫ વર્ષીય રાજેન્દ્રસિંહે ગ્રામીણ વિકાસ માટે સમર્પિત બનવા પોતાની નોકરી છોડી દીધી. પોતાના ચાર સાથીદારો સાથે તે બસમાં ચઢયા અને અલવર પાસે આવેલા એક ઉજ્જડ ગામ તરફ ચાલી નીકળ્યા. આ વખતે અલવરમાં ખાણિયાઓ તથા સંગ્રહ કરનારાઓને કામ કરવાની પરવાનગી આપવામાં આવી હતી, જેમણે તેના જંગલો અને નદી-નાળાઓનો નાશ કરવા માંડયો હતો. ત્યાં ખેતરો પણ સુકાઈ ગયા હતાં. હવે ચોમાસામાં આ વિસ્તારમાં જોખમી પૂર આવતા હતાં. આ વિપત્તિઓથી ત્રાસીને ગ્રામવાસીઓ તેમના જોહડને છોડીને શહેરોમાં કામ કરવા જવા માંડયા. સૂકી જમીનમાં મહિલાઓએ હલકું ધાન વાવવા માંડયું અને પાણીની શોધમાં તેમને ઘણા કિલોમીટર દુર ચાલીને જવું પડવા માંડયું. જયારે ૧૯૮૫ માં રાજેન્દ્ર સિંહ અલવર આવ્યા ત્યારે ત્યાં આવી પરિસ્થિતિ હતી તે પહેલાં તેમણે વણઝારા આદિવાસીઓ સાથે કામ કર્યુ અને ગ્રામીણ વિસ્તારોમાં કુદરતી સંશાધનોનું પ્રબંધન કરવામાં જરૂરી મુદ્દાઓને સમજયા.*

*એક વડીલ ગ્રામીણની સલાહ લઈને તેમણે ગ્રામવાસીઓને તેમના જૂના જોહાદને સમારવાનું અને વધુ ઊંડા કરવાનું શરુ કર્યું. ગ્રામ સ્વાવલંબનની માટે તેમણે એક જાગૃતિ અભિયાન શરૂ કર્યુ જે દર ઊનાળામાં ૪૦ દિવસ માટે જુદાજુદા હજારો ગામોમાં ચલાવવામાં આવે છે. આ અભિયાનમાં શ્રમદાન, ગ્રામ સ્વાવલંબન પર ચર્ચા, સુધરેલા બિયારણ, માટીનું સંવર્ધન, ઔષધિય વનસ્પતિઓનો સંગ્રહ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.*

*રાજેન્દ્રસિંહે આ પ્રવૃત્તિઓને ગ્રામવાસીઓના પરંપરાગત રીવાજો અને વ્યવહારોમાં વણી લીધી. ૬૫૦૦ ચો. કિ.મી.ના વિસ્તારમાં આવેલા ૧૦૫૮ ગામડાઓમાં ૮૬૦૦ જોહાદ (જળસંચય સંરચનાઓ/વીરડાઓ ) બનાવવામાં તેમણે એક ઉત્તેજકનું કામ કર્યું. આમાંથી ૩૫૦૦ ટીબીએસ દ્વારા બાંધવામાં આવ્યા, જેની અસરરૂપે ગ્રામવાસીઓએ બાકીના ૫૧૦૦ બાંધકામ કર્યા.*

*રાજેન્દ્રસિંહે તેમની નિષ્ઠા, સંકલ્પ, દૂરંદેશી અને મહેનતથી અરવલ્લી પર્વતમાળામાં વસતા ૧૦૫૮ ગામોના રહેવાસીઓનું જીવન બદલી નાંખ્યુ. તેમણે ઉજ્જડ જમીનને ખેતી યોગ્ય બનાવી દીધી. ગાઢ વૃક્ષારોપણ દ્વારા મોટા વિસ્તારમાં પાણીનો પ્રબંધ કરીને ત્યાં એક વન્યજીવ અભ્યારણ્ય ઊભું કરી દીધું છે. સૂકાઈ ગયેલી નદીઓમાં હવે આખું વર્ષ પાણી રહે છે. જળસૃષ્ટિ અને પક્ષીઓના અભયારણ્યો વિકસ્યા છે. પ્રાણીજગત પણ જીવંત બની ગયું છે. આ રીતે રણમાં પણ ચારે તરફ ખુશહાલ જીવન વ્યાપી ગયું છે.*

### શું તમે જાણો છો

*પ્રકૃતિના રક્ષણ માટે આપણે ઘણું બધું કરી શકીએ.*

*જરા વિચારો કે કુદરત પાસેથી આપણે જેટલું લઈએ છીએ તેના બદલે તેને શું આપીએ છીએ. જો આપણે એક વૃક્ષ કાપીએ તો તેની જગ્યાએ બીજા બે નાનાછોડ વાવવા જોઈએ. ફક્ત એવી જ વસ્તુઓ વાપરવી જોઈએ, જેનો અખતરો પ્રાણીઓ પર થયો ન હોય, કાગળનો બગાડ ન કરો. રીસાયક્લ થયેલા કાગળ વાપરવાની કોશીશ કરો.*

### મનોયત્ન ૧૧.૨

*તમારા વિસ્તારમાં જો કોઈ આર્દ્રભૂમિ આવેલી હોય તો તે જાણો અને તમારા રહેઠાણથી તેનું અંતર કેટલું છે તે જાણો.*

### પાઠ-સ્વાધ્યાય ૧૧.૩

૧. *કૌસમાં આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરીને ખાલી જગ્યા પુરો :*

i) *હાલમાં ................વન્યજીવ અભયારણ્ય છે. (૪૪૧/૫૫૧)*

ii) *આસામમાં ................ભારતીય ગેંડા માટે જાણીતું છે. (કાઝીરંગા/માનસ)*

iii) *દરેક આર્દ્રભૂમિ ............માં આવેલી છે. (પંજાબ/હિમાચલપ્રદેશ)*

iv) *તમિલનાડુમાં ............જૈવ આરક્ષિત ક્ષેત્ર આવેલું છે. (મન્નારની ખાડી/પંચમઢી)*

૨. *આર્દ્રભૂમિની વ્યાખ્યા આપો.........*

૩. *તમારી આજુબાજુના વિસ્તારમાં જૈવ વિવિધતાના સંરક્ષણ માટે તમે કયાકયા ત્રણ પ્રયત્નો કરશો ? એક યાદી બનાવો.*

..........................................................................

..........................................................................

..........................................................................

નોંધ

## તમે આટલું શીખ્યા

- આપણે જે ગ્રહ ઉપર રહીએ છીએ ત્યાં આપણા સદ્‌નસીબે પુષ્કળ જૈવ વિવિધતા છે.
- આપણે કુદરતનું એક અભિન્ન અંગ છીએ, તેથી જૈવ વિવિધતાનું સંરક્ષણ આપણે માટે મહત્વનું છે.
- આ અનન્ય કુદરતી સંપત્તિ અને જૈવ વિવિધતાને બચાવવા માટે વિશ્વભરમાંથી લોકો કામ કરી રહયા છે.
- વનસ્પતિ અને વન્યજીવન એ જૈવ વિવિધતાના મહત્વના ઘટકો છે.
- દુનિયાના ૧૨ મેગા જૈવ વિવિધતા ધરાવતા દેશો પૈકી એક દેશ ભારત છે, જે વન્યજીવનનો સમૃદ્ધ વારસો અને પ્રાકૃતિક વનસ્પતિની વિશાળ શૃંખલા ધરાવે છે.
- આ કુદરતી સંપત્તિને નડતા જોખમો અને તેના સંરક્ષણની જરૂર વિશે જાણવું ખૂબ જ મહત્વનું બન્યું છે.

## પાઠયાંત સ્વાધ્યાય :

૧. જૈવ વિવિધતાની વ્યાખ્યા આપો. પ્રાકૃતિક વનસ્પતિ, વન્યજીવન અને સૂક્ષ્મ જીવજંતુઓ વચ્ચે રહેલો આંતર-સંબંધ સમજાવો.

૨. ભારતમાં આવેલા વિષુવવૃત્તિય સદાબહાર જંગલોના લક્ષણો અને વિસ્તાર અનુસાર તેમની વહેંચણી જણાવો.

૩. ભારતના ભેજવાળા પાનખર જંગલો અને સૂકા પાનખર જંગલો વચ્ચે રહેલા કોઈ બે તફાવતો જણાવો.

૪. ભારતમાં જૈવ આરક્ષિત ક્ષેત્રોની સ્થાપના કરવા માટેના ત્રણ ઉદ્દેશ જણાવો.

૫. જૈવ વિવિધતા ઘટવાના મુખ્ય કારણો કયા છે ? કોઈપણ ચાર કારણ જણાવો.

૬. યોગ્ય કારણો આપીને પ્રાકૃતિક વનસ્પતિ, વન્યજીવન અને સૂક્ષ્મ જીવજંતુઓના સંરક્ષણની જરૂર સમજાવો.

૭. નીચે આપેલું કોષ્ટક વાંચીને તેના આધારે તેની નીચે આપેલાં પ્રશ્નોના જવાબ આપો.

| ક્રમ | રાષ્ટ્રિય ઉધાન /વન્યજીવ | સંરક્ષિત વન્યપ્રાણીઓ |
|---|---|---|
| ૧. | કાઝીરંગા | વાઘ |
| ૨. | માનસ | હાથી |
| ૩. | પેરીયાર | હરણ |
| ૪. | કોર્બેટ | સિંહ |
| ૫. | દાચીગ્રામ | ગેંડા |
| ૬. | જંગલી ભેંસ | |
| ૭. | પેંથર | |
| ૮. | રીંછ | |

(એ) જે પ્રાણી જે અભયારણ્યમાં સંરક્ષિત હોય, તે મુજબ જોડી બનાવો.

(બી) કોઈપણ રાષ્ટ્રિય ઉધાનમાં સંરક્ષિત ન કરાયેલા પ્રાણીઓના નામ પર કૂડાળું કરો.

(સી) એક કરતાં વધુ રાષ્ટ્રિય ઉધાનોમાં સંરક્ષિત રખાયેલા પ્રાણીઓના નામ જણાવો.

**આકૃતિ ૧૧.૩ ના સંદર્ભે નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(એ) તમારા રાજયમાં આવેલી વનસ્પતિઓના પ્રકાર શોધી કાઢો.

(બી) કયા વિસ્તારમાં કાંટાળા જંગલો છે ?


(સી) કયા વિસ્તારોમાં ભરતી-ઓટના જંગલો છે અને આ જંગલો શું કામ પ્રતિબંધિત છે ?

## પાઠ સ્વાધ્યાયના જવાબ :

**૧૧.૧**

૧. જૈવવિવિધતા એ પૃથ્વી પરના જીવનનો મૂળભૂત આધાર છે. કારણ કે તેના દ્વારા જ આપણને ખોરાક, પાણી, તંતુ, ઈંધણ વગેરે મળે છે અને તે જ વાતાવરણજન્ય રોગોનું નિયંત્રણ કરે છે.

૨. જૈવવિવિધતાનું આકર્ષણ કેન્દ્ર એ વિસ્તાર છે જયાં દેશદ પ્રજાતિઓ વધારે પ્રમાણમાં જોવા મળે છે. દેશજ પ્રજાતિઓએ પ્રજાતિઓ છે જે અમુક મર્યાદિત વિસ્તારમાં જ જોવા મળે છે.



નોંધ



૧૧.૨

(૧) આ વિસ્તારના વૃક્ષો હંમેશા હરિયાળા રહે છે કારણકે આખા વર્ષ દરમ્યાન અહીંનું તાપમાન હૂંફાળું અને ભેજવાળું રહે છે. વળી, આ વૃક્ષોના પાંદડા કોઈ ચોક્કસ ઋતુમાં ખરતા નથી. તેથી જ આ જંગલો સદાબહાર કહેવાય છે.

(૨)

(અ) પૂર્વીય દરિયાકાંઠે આવેલા ભરતી-ઓટના જંગલો વંટોળિયાઓ સામે રક્ષણ આપે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં અહીના જંગલો કપાઈ જવાને લીધે અહીં વંટોળિયાઓ તારાજી સર્જી રહયા છે.

(બ) વિષુવવૃત્તિય સદાબહાર જંગલો બધા પ્રકારની મિશ્ર વનસ્પતિઓથી ગાઢા છવાયેલા રહે છે, જેથી તેમનો આર્થિક ઉપભોગ યોગ્ય નથી, જ્યારે હિમાલયના જંગલો ઓછા ગાઢ છે અને ખુલ્લા જોવા મળે છે.

૧૧.૩

૧. (એ) ૫૫૧ (સી) પંજાબ

(બી) કાઝીરંગા (ડી) મન્નારની ખાડી

૨. આર્દ્રભૂમિ એવો વિસ્તાર છે જ્યાંની માટી અમુક ઋતુઓમાં અથવા બારેમાસ પૂરેપૂરી ભેજવાળી અથવા આંશિક રીતે ડૂબેલા રહે છે.

૩. તમારી આસપાસના વિસ્તારમાં જૈવ વિવિધતાના સંરક્ષણ માટે તમે આવા કેટલાક પ્રયત્નો કરી શકો :

(i) વૃક્ષો કાપવાનું બંધ કરવું.

(ii) વધુ વૃક્ષો વાવવા

(iii) બધાં પ્રાણીઓની રક્ષા કરવી.

(iv) ઘાયલ પશુ-પક્ષી માટે દવાખાના ખોલવા

v) બહાર કચરો ન ફેંકીને પર્યાવરણને થતું પ્રદૂષણ અટકાવવું.

# ૧૨

# ભારતમાં ખેતી

ગયા પાઠમાં આપણે ભારતની ભૌગોલિક સ્થિતિ, આબોહવા અને પ્રાકૃતિક વનસ્પતિઓ વિશે જાણ્યું. હવે આપણે ભારતની અર્થવ્યવસ્થાની કરોડરજ્જૂ સમી ખેતીની વાત કરીશું. ભારતમાં લગભગ ૭૦ % લોકો પોતાની આજીવિકા ખેતી દ્વારા મેળવે છે. ખેતી હજુ પણ આપણા દેશમાં મોટાભાગના લોકોનો જીવનનિર્વાહ કરે છે તે મનુષ્ય અન બીજા કેટલાક સજીવોની મૂળભૂત જરૂરીયાત પૂરી પાડે છે. તે ઘણાં ખેતી આધારિત ઉધોગો માટે જરૂરી કાચા માલનો મહત્વનો સ્રોત છે. ભારતની અનોખી ભૌગોલિક સ્થિતિને લીધે અહીં ખેતી માટે ખૂબ અનુકુળ પરિસ્થિતિ છે. અહીં મેદાનો, ફળદ્રુપ માટી, પાક ઉગવા માટેનો લાંબો સમયગાળો, આબોહવાની વિવિધ પરિસ્થિતિઓ વગેરે છે. તદઉપરાંત કૃષિઉત્પાદન વધારવા માટે ભારત વિજ્ઞાન અને ટેકનોલોજીના નવતર પ્રયત્નો સતત કરી રહયું છે.

આ પાઠમાં આપણે ખેતીના પ્રકારો અને વિવિધ પાકો ઉગાડવાની પદ્ધતિ વિશે ચર્ચા કરીશું. અને જુદાજુદા ભૌગોલિક પરિબળો સાથે તેનો શું સંબંધ છે તે જોઈશું. આપણે આ પાઠમાં ભારતની ખેતીને અસર કરતાં મુખ્ય મુદ્દાઓ તથા પડકારોની પણ વાત કરીશું.

## હેતુઓ :

આ પાઠ શીખ્યા પછી તમે આટલું કરી શકશો :

- ભારતમાં ખેતીના વિવિધ પ્રકાર સમજાવી શકશો.
- ભારતની ખેતીની મુખ્ય વિશેષતાઓ વર્ણવી શકશો.
- ભારતમાં થતા મુખ્ય પાકો અને તેમની ઉપયોગીતાની યાદી બનાવી શકશો.
- પાકોની આબોહવા અને માટીના પ્રકારો સાથેનો સંબંધ સમજાવી શકશો.
- ભારતના રેખાંકિત નકશા ઉપર મુખ્ય ખેતી ઉત્પાદક વિસ્તારો દર્શાવી શકશો.
- ભારતીય ખેતીમાં ખેડૂતો માટે રહેલાં મુખ્ય પડકારોનું વિશ્લેષણ કરી શકશો.

## ૧૨.૧ ભારતમાં ખેતીના પ્રકારો :

તમે જાણો છો કે ભારત જુદાંજુદાં ભાગોમાં જુદીજુદી ભૌગોલિક સ્થિતિ છે. ભારતની ભૌતિક ભૂગોળ પાઠમાં તમે એ શીખી ગયા છો ભારતમાં પશ્ચિમે જમ્મૂ અને કાશ્મીરથી માંડીને ઉત્તર-પૂર્વમાં અરૂણાચલપ્રદેશ સુધી વિસ્તરેલી હિમાલય પર્વતમાળા આવેલી છે. આ પર્વતમાળામાં પૂર્વીયઘાટ અને પશ્ચિમી ઘાટની પહાડીઓ છે. શું તમે જાણો છો કે વિશ્વના સૌથી લાંબા મેદાનો પૈકી એક મેદાન-સિંધુ-ગંગાના મેદાનોનો પ્રદેશ છે ? ભારતનો મધ્યભાગ ઉચ્ચપ્રદેશોથી બનેલો છે. ભૂપૃષ્ઠ ઉપરાંત ભારતની આબોહવા અને જમીનના પ્રકારોમાં પણ ખૂબ વિવિધતા છે. આ ભૌગોલિક વિવિધતા ઉપરાંત બીજા પરિબળોએ પણ ભારતમાં થતી વિવિધ પ્રકારની ખેતીને વિકસાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. - જેવાં કે, સિંચાઈની સગવડ, મશીનોનો ઉપયોગ, આધુનિક સામગ્રીઓ જેવી કે ઉચ્ચ ઉત્પાદન આપનારા બીયા (એચ.વાય.વી.) નો ઉપયોગ, કીટનાશક અને ઉધઈનાશક દવાઓનો ઉપયોગ. અહી ખેતીના કેટલાક મુખ્ય પ્રકારોની ચર્ચા કરવામાં આવી છે.

### ૧. જીવનનિર્વાહ અને વ્યાપારીખેતી :

ભારતના મોટાભાગના ખેડૂતો જીવનનિર્વાહ માટે ખેતી કરે છે. એટલે કે, પોતાના ઉપયોગ માટે ખેતી બીજી રીતે કહીએ તો ખેતીનો મોટોભાગ ખેડૂતો તથા તેમના કુટુંબો માટે વપરાય છે અને બજારમાં વેચાણ માટે ઉપલબ્ધ હોતો નથી. આ પ્રકારની ખેતીમાં જમીનના ભાગ નાના અને વહેંચાયેલા હોય છે. ખેતીમાં વપરાતી ટેકનોલોજી પરંપરાગત અને સરળ હોય છે. અહીં ટ્રેકટર, આધુનિક બિયારણ, રાસાયણિક ખાતર,કીટનાશક, ઉધઈનાશક જેવી આધુનિક પદ્ધતિઓ અને સહાયતાનો અહીં સદંતર અભાવ જોવા મળે છે. આ પ્રકારની ખેતીમાં ખેડૂતા માટાભાગે તેલીબીયા, કઠોળ, શાકભાજી અને શેરડી ઉગાડે છે.

વ્યાપારીખેતીએ જીવનનિર્વાહ માટે થતી ખેતી કરતાં તદ્દન ઉલટી છે. આ ખેતી દ્વારા થતું મોટાભાગનું ઉત્પાદન બજારમાં વેચવામાં આવે છે. આ રીતે થતી ખેતીમાં ખેડૂતો સિંચાઈ, આધુનિક બિયારણ, રાસાયણિક ખાતર, જંતુનાશકો, ઉધઈનાશકો વગેરનો છૂટથી ઉપયોગ કરે છે. ભારતમાં ઉગાડવામાં આવતા મુખ્ય રોકડિયા પાકો છે- રૂ, શણ, શેરડી, મગફળી વગેરે. હરિયાણામાં લેવામાં આવતો ડાંગરનો પાક મુખ્યત્વે વેપારી હેતુથી ખોરાકમાં ઘઉં વાપરે છે. જ્યારે, પૂર્વ અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં થતી ડાંગરની ખેતી લોકોના જીવનનિર્વાહ માટેની હોય છે.

### સઘન અને વિસ્તૃત ખેતી :

ખેતીના આ બે પ્રકાર વચ્ચેનો મુખ્ય તફાવત છે. જમીનના દર એકમે થતું ઉત્પાદન અમેરીકાના સંયુક્ત રાજ્યો, કેનેડા અને પૂર્વ સોવિયેતસંઘના સમશીતોષ્ણ પ્રદેશોની સરખામણીમાં જોઈએ તો ભારતમાં વિસ્તૃત ખેતી થતી નથી. જ્યારે ખેતી માટે આપણે દેશના મોટા વિસ્તારોનો ઉપયોગ કરીએ ત્યારે તેને વિસ્તૃત ખેતી કહેવાય. એમાં મોટો વિસ્તાર હોવાને લીધે કુલ ઉત્પાદન

વધુ થાય પરંતુ એકમદીઠ ઉત્પાદન ઓછું થાય. વિસ્તૃત ખેતી ભારતમાં પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશના પશ્ચિમભાગમાં જોવા મળે છે. સઘનખેતીમાં જમીનનું સારામાં સારૂ ઉદાહરણ જોવા મળે છે. જયાં જમીન ઘણી જ ઓછી છે. ભારતના કેરળમાં પણ આવી જ સ્થિતિ જોવા મળે છે.

**૩. રોપણ ખેતી :**

રોપણ ખેતી અથવા બાગાયત ખેતી એક વિકસાવવામાં આવેલો કૃત્રિમ પ્રકાર છે. અહીં જમીનસંપત્તિ ઉપર કોઈ ચોક્કસ રોકડિયો પાક વેચાણઅર્થે ઉગાડવામાં આવે છે. આ પ્રકારની ખેતીમાં કોઈ એક જ રોકડિયા પાકને ખાસ વેચાણ માટે જ ઉગાડવામાં અને ઉછેરવામાં આવે છે. ચા, કોફી, કેળાં, રબર અને મસાલા આ ખેતીના ઉદાહરણ છે. આમાંના મોટાભાગના પાકો અંગ્રેજો દ્વારા ૧૯મી સદીમાં શરૂ કરાયાં હતાં.

**૪. મિશ્ર ખેતી :**

આ એક એવી પરિસ્થિતિ છે, જેમાં ખેતી અને પશુપાલન સાથોસાથ જ કરવામાં આવે છે. આવી મિશ્ર ખેતી કરનારાં ખેડૂતો બીજા ખેડૂતો કરતાં આર્થિક રીતે સદ્ધર હોય છે.

ખેતીના આ બધાં પ્રકાર ખેતીની પ્રકૃતિ અને ઉદ્દેશ પર આધારિત છે. કયારેક એકથી વધુ પ્રકાર એકસાથે પણ જોવા મળી શકે. દાખલા તરીકે, કેળાંની ખેતીએ રોપણ ખેતી છે, જેને વ્યાપારી ખેતી પણ ગણી શકાય.

**? શું તમે જાણો છો**

**હરિયાળી ક્રાંતિ :**

ભારતમાં ખેતીક્ષેત્રે આવેલી ક્રાંતિ ટેકનોલોજીની સફળતાને આભારી છે, જેમ કે

(૧) વધુ ઊપજ આપવાવાળા વિવિધ સુધરેલા બિયારણો

(૨) સિંચાઈ વ્યવસ્થા દ્વારા પૂરતા પાણીની સતત ચાલુ રહેતી વ્યવસ્થા

(૩) ખેતીના ઉત્પાદનને વધારવા માટે વધુ પ્રમાણમાં અને યોગ્ય રીતે વપરાતાં રાસાયણિક ખાતરો

**શ્વેત ક્રાંતિ**

તેનો અર્થ થાય છે દૂધના ઉત્પાદનમાં અસાધારણ વૃદ્ધિ અને રાષ્ટ્રિય દૂધ મંડળીની સ્થાપના જેનાથી પ્રાદેશિક અને મોસમી અસંતુલન નિવારી શકાય. આ સંદર્ભે વપરાતી ટેકનોલોજી છે.

i) સ્વદેશી ગાયોનું યુરોપીઅન જાતીની વધુ દૂધ આપતી ગાયો સાથે આંતર પ્રજજન.

ii) લાંબા સમય સુધી દૂધ ટકાવી રાખવા માટે તેનું પાશ્ચરાઈઝેશન

iii) ગ્રામ્યવાસીઓ પાસેથી ગુણવત્તાસભર દૂધ ઊઘરાવવું.

iv) રેફ્રીજરેટીંગવાળો વાહનવ્યવહાર જેમાં ટ્રેઈન અને બસ દ્વારા મહાનગરો સુધી દૂધ પહોચે.

**નીલ ક્રાંતિ**

નીલ ક્રાંતિનો અર્થ છે સમુદ્ર તેમજ મીઠાપાણીમાંથી માછલી પકડવાની પ્રવૃત્તિમાં જંગી વધારો.

**પીળી ક્રાંતિ :**

તેનો અર્થ થાય છે નોંધપાત્ર માત્રામાં પોલ્ટ્રી પેદાશોનો નિયમીત અને સ્થિર જથ્થો પૂરો પાડવો.

**ગુલાબી ક્રાંતિ :**

તેનો અર્થ થાય છે સફરજનના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો - ખાસ કરીને હિમાચલ પ્રદેશ તથા જમ્મૂ અને કાશ્મીરમાં

**મનોયત્ન ૧૨.૧**

તમારા રહેઠાણની આજુબાજુના ૧ કિ.મી.વિસ્તારમાં આવેલી વસ્તીમાં એ વિસ્તારમાં વાવેલા પાકોના સર્વે કરો. નીચે આપેલા કોષ્ટકમાં તમારા તારણો લખો અને તેની માટે કારણો આપો.

| પાઠનું નામ | રાજય | ખેતીનો પ્રકાર | કારણો |
|---|---|---|---|
| દા.ત. સફરજન | એચ.પી | વ્યાપારી | અનુકૂળ આબોહવા બજારમાં ખૂબ માંગ હોવાથી ખૂબ ઉત્પાદન |
| | | | |

## ૧૨.૭ ભારતીય ખેતીની મુખ્ય વિશેષતાઓ

**(ક) જીવનનિર્વાહ ખેતી :**

આગળ જણાવ્યા મુજબ ભારતના મોટાભાગમાં જીવનનિર્વાહ ખેતી કરવામાં આવે છે. ભારતમાં ઘણાં વર્ષોથી આ પ્રકારની ખેતી ચાલુ છે. સ્વતંત્રતા પછી ખેતી ક્ષેત્રે ઘણાં પરિવર્તનો આવ્યા હોવાછતાં આજે પણ ભારતના મોટાભાગના પ્રદેશોમાં આ પ્રકારની ખેતી જોવા મળે છે.

**(ખ) ખેતી પર વસ્તીનું દબાણ :**

શહેરીકરણ અને ઔદ્યોગિકરણ વધ્યા હોવાછતાં વસ્તીનો લગભગ ૭૦ % ભાગ સીધી કે આડકતરી રીતે ખેતી પર આધાર રાખે છે.

**(ગ) ખેતીનું યાંત્રિકીકરણ :**

૬૦ મા દાયકાના અંત અને સીત્તેરમાં દાયકાની શરૂઆતમાં ભારતમાં હરિયાળી ક્રાંતિ થઈ. આજે હરિયાળી ક્રાંતિના ૪૦ વર્ષ પછી ખેતીના સાધનો અને ટેકનોલોજીમાં આવેલી ક્રાંતિ પછી પણ ખેતીમાં સંપૂર્ણપણે યંત્રોનો ઉપયોગ થયો નથી અને હજુ પણ તે એક સપના જેવું જ છે.

**(ઘ) ચોમાસા પર આધારિતતા :**

સ્વતંત્રતા પછી સિંચાઈની ભૌતિક સગવડો ખૂબ ઝડપથી વિકસી. બહોળી સિંચાઇ વ્યવસ્થા વિકાસ પામી હોવાછતાં કુલ વાવેતરનો ફક્ત એકતૃતિયાંશ ભાગ સિંચાઈથી પાણી મેળવે છે. પરિણામે વાવેતરનો બે તૃતિયાંશ ભાગ હજુ પણ ચોમાસા ઉપર આધારિત છે. તમે જાણો છો તેમ, ભારતનું ચોમાસુ અનિયમિત અને અણધાર્યુ હોય છે. આબોહવામાં આવેલા પરિવર્તનોને લીધે તે વધુ અનિયમિત બન્યું છે.

**(ચ) પાઠોના વિવિધ પ્રકાર :**

શું તમે ધારી શકો છો કે ભારતમાં વિવિધ પ્રકારના પાઠો કેમ જોવા મળે છે ? પાઠમાં આગળ ઉપર જણાવ્યા મુજબ ભારત વિવિધ પ્રકારનું ભૂપૃષ્ઠ, માટી અને આબોહવા ધરાવે છે. દુનિયામાં બીજા એવા બહુ ઓછા દેશ છે જેમાં ભારત જેટલી વિવિધતા હોય. ભારતમાં ઉષ્ણ તેમજ સમશીતોષ્ણ આબોહવા છે, તેથી અહીં બેઉ પ્રકારના પાકો જોવા મળે છે. આપણે જ્યારે પાકોના વિવિધ પ્રકારની વિસ્તૃત ચર્ચા કરીશું ત્યારે આ વાતનો ખ્યાલ આપણને વધુ આવશે. કોષ્ટક ૧ જુઓ અને થોડો ખ્યાલ મેળવો.

**(છ) ખાદ્ય પાકોનું પ્રાધાન્ય :**

ભારતની મોટાભાગની વસ્તી ખેતીના ઉત્પાદનમાંથી ખોરાક મેળવે છે, તેથી લગભગ આખા દેશમાં ખેડૂતોની પ્રથમ પસંદગી ખાદ્ય પદાર્થોના પાકોની હોય છે. જો કે, છેલ્લા કેટલાક વર્ષોમાં જમીનના બીજા વ્યાપારી ઉપયોગો વધુ નફાકારક લાગતા હોવાને લીધે ખાદ્ય પાકો માટે વપરાતી જમીન ઘટવા માંડી છે.

(જ) ઋતુચક્ર :

ભારતમાં ત્રણ અલગઅલગ પ્રકારની ઋતુઓ ખેતી માટે છે. તમે ખરીફ, રવી અને ઝૈદ વિશે સાંભળ્યુ હશે. ભારતમાં ત્રણ ઋતુઓમાં આ ત્રણ પાક લેવામાં આવે છે. દાખલા તરીકે, ડાંગર એક ખરીફ પાક છે જ્યારે ઘઉં એક રવી પાક છે.

## પાઠ સ્વાધ્યાય ૧૨.૧

૧. બે-બે ઉદાહરણ આપી ઘનીષ્ઠ અને વિસ્તૃત ખેતી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

૨. ઉપર જણાવેલી વિશેષતાઓને આધારે તમારા વિસ્તારમાં લાગૂ પડતી એક વિશેષતા ઓળખી બતાવો. ઉ.દા. હરિયાળામાં મોટાપાયે સારી સિંચાઈવાળી અને યંત્રો દ્વારા થતી ખેતી જોવા મળે છે. આમ, એ ચોમાસા પર ઓછી આધારીત છે.

## ૧૨.૩ ભારતના મુખ્ય પાકો :

ભારતમાં લગભગ દરેક પ્રકારના પાકો લેવાય છે. તમને ખ્યાલ છે, એવું કેમ છે ? જો આપણે કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને પશ્ચિમમાં ગુજરાતથી પૂર્વમાં અરૂણાચલ પ્રદેશ સુધી લેવાતા પાકોની વિવિધતા જોઈએ તો આપણને હજારો જાતના પાક જોવા મળશે. આ બધા પાકોને આપણે ચાર મુખ્ય ભાગોમાં વહેંચીએ. પ્રત્યેક પ્રકારના મુખ્ય પાકોની વિસ્તૃત ચર્ચા કરીએ

**કોષ્ટક ૧૨.૧**

| ક્રમ સં. | પાકના પ્રકાર | અર્થ | મુખ્યપાક |
|---|---|---|---|
| ૧. | ખાદ્ય પાક વપરાતા પાક | મનુષ્યોના ખોરાક માટે બાજરી, દાળ/કઠોળ | ચોખા, ઘઉ, મકાઈ, |
| ૨. | રોકડિયાપાક | આ પાકોને કાચા કે થોડા તૈયાર કરીને વેચવા માટે ઉગાડવામાં આવે છે. | રૂ, શણ, શેરડી, તમાકુ, તેલીબીયા |
| ૩. | રોપણ પાકો (વૃક્ષારોપણ) | આ પાક વૃક્ષારોપણ દ્વારા કોઈ મોટા વિસ્તારમાં ઉગાડવામાં આવે છે. | ચા, કોફી, નાળિયેર અને રબર |
| ૪. | બાગાયતી પાક | ખેતીનો એ વિભાગ જેમાં શાકભાજી તેમજ ફરી ઉગાડવામાં આવે છે. | ફળ અને શાકભાજી |

**૧. ખાદ્ય પાક :**

*ડાંગર એ ભારતનો મુખ્ય ખાદ્ય પાક છે. મુખ્યત્વે આ એક ખરીફ અથવા ઉનાળુ પાક છે તે દેશની કુલ ખેતીલાયક જમીનના એક તૃતીયાશ ભાગ પર લેવામાં આવે છે, જેનાથી દેશની અડધી કરતાં વધારે વસ્તી ખોરાક મેળવે છે. ભારતની મોટાભાગની વસ્તી ચોખા ખાનારી છે. શું તમે જાણો છો કે ચોખાની ખેતી માટે કેવી ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ ? જો તમે ભારતમાં ચોખાની ખેતી કરનારા પ્રદેશો જોશો તો તમને ખ્યાલ આવશે કે આ એક જ એવો પાક છે જે નીચે દર્શાવ્યા મુજબ વિવિધ પ્રકારની પરિસ્થિતિઓમાં લેવામાં આવે છે.*

*અમુક ભૌગોલિક પરિસ્થિતિઓ આ પ્રમાણે છે :*

**(અ) તાપમાન :**


*ચોખા માટે ગરમ અને ભેજવાળું હવામાન જરૂરી છે. તાપમાન ઠીકઠીક વધારે હોવું જોઈએ. સરાસર ૨૪ સે.તાપમાન હોવું જોઈએ. એટલે કે મહીનાનું સામાન્ય તાપમાન ૨૨.૮ થી ૩૨. સે.ની વચ્ચે હોવું જોઈએ.*

**(બ) વર્ષા :**

*ચોખા ઉગાડવા માટે ૧૫૦-૩૦૦ સે.મી.વરસાદ યોગ્ય છે. પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશનો પશ્ચિમ ભાગ જયાં ૧૦૦ સે.મી.થી ઓછો વરસાદ પડે છે, ત્યાં ચોખાની ખેતી સિંચાઈ દ્વારા કરવામાં આવે છે.*

**(ક) માટી :**

*ચોખા વિવિધ પ્રકારની માટીમાં ઉગાડવામાં આવે છે, પણ ઘટ્ટ ચીકણી માટી અને માટી તેને માટે ઉત્તમ છે. ભાત મુખ્યત્વે મેદાની પ્રદેશોમાં ઉગાડવામાં આવે છે તે સમુદ્રની સપાટીથી નીચેના વિસ્તારો જેવા કે કેરળનું કુટ્ટીનાદ ઉત્તરપૂર્વીય રાજ્યોના પર્વતીય ઢોળાવો તથા કાશ્મીરની ખીણમાં પણ ઉગાડવામાં આવે છે.*




**આકૃતિ ૧૨.૧ ભારત : ચોખાની ખેતીવાળા વિસ્તારો**

(ડ) શ્રમ :

*ચોખાના ઉત્પાદનમાં સહેલાઈથી મળતા મજૂરો જરૂરી છે. કેમ કે ચોખાની ખેતીમાં જરુરી મોટાભાગની પ્રવૃત્તિઓ શ્રમ આધારિત છે, જેમા યંત્રો કામ લાગી શકતા નથી.*

**(ઈ) વિતરણ :**

*ભારતની મોટાભાગના રાજ્યોમાં ચોખાની ખેતી થાય છે. ચોખા ઉગાડતા મુખ્ય રાજ્યો છે- તમિલનાડુ, પશ્ચિમબંગાળ, આંધ્રપ્રદેશ, બિહાર, ઝારખંડ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, પંજાબ, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ, કર્ણાટિક, આસામ અને મહારાષ્ટ્ર તે હરિયાણા, મધ્યપ્રદેશ, કેરળ, ગુજરાત અને કાશ્મીરની ખીણમાં પણ ચોખા ઉગાડવામાં આવે છે. (જુઓ આકૃતિ ૧૨.૧)*

**ii) ઘઉં :**

*ચોખા પછી બીજો મુખ્ય પાક છે ઘઉં. તે રવીપાક અથવા શિયાળુ પાક છે. તેની વાવણી શિયાળાની શરૂઆતમાં થાય છે અને કાપણી ઉનાળાના અંતમાં ઉત્તરભારતમાં સામાન્ય રીતે વાવણી ઓક્ટોબર-નવેમ્બરમાં અને કાપણી (લણણી) માર્ચ-એપ્રિલમાં થાય છે. ભારતના ઉત્તર અને ઉત્તર-પશ્ચિમ પ્રદેશોમાં તે મુખ્ય ખોરાક છે.*

**કેટલીક ભૌગોલિક પરિસ્થિતિઓ :**

**(અ) તાપમાન :**

*મુખ્યત્વે આ પાક અક્ષાંશીય ઘાસના મેદાનોમાં લેવાતો પાક છે. તેની માટે ઠંડા હવામાનની જરૂર પડે છે. વાવણી માટેનું આદર્શ તાપમાન છે ૧૦ સે.થી ૧૫ સે.અને પાકવા તથા લણણી વખતનું આદર્શ તાપમાન ૨૧ સે.થી ૨૬ સે.*

**(બ) વર્ષા :**

*લગભગ ૭૫ સે.મી.વર્ષા ધરાવતા ક્ષેત્રોમાં બહુ સારી રીતે ઘઉં ઉગે છે. ઘઉંની ખેતી માટેની મહત્તમ મર્યાદા ૧૦૦સે.મી.છે. તમે જાણો છો કે ૧૦૦સે.મી.થી વધુ વર્ષા ધરાવતા ક્ષેત્રો ચોખાના ઉત્પાદન માટે ઉપયોગી છે જ્યાં ૭૫ સે.મી.થી ઓછો વરસાદ હોય, ત્યાં ચોખાની ખેતી માફક સિંચાઈ ઉપયોગમાં લઈ શકાય છે. ઘઉં પાકતા હોય ત્યારે આવતો પાછો વરસાદ આ પાક માટે અનુકૂળ હોય છે. બીજી તરફ, ઘઉંના ફુલ આવતી વખતે પડતું ઝાકળ અને કાપણી વખતે પડતા કરા આ પાકને નુકસાન પહોંચાડે છે.*

**(ક) માટી :**

*ઘઉં વિવિધ પ્રકારની માટીમાં ઉગી શકે છે. જો કે, ઠીકઠીક ધોવાયેલી ફળદ્રુપ માટી અને ચિકણી માટી ઘઉના પાક માટે ઉત્તમ છે. સપાટ મેદાની વિસ્તારો ઘઉંના પાક માટે ઉત્તમ છે.*

**(ડ) શ્રમ :**

*ઘઉંની ખેતી વિસ્તૃત રીતે યંત્રોની મદદથી કરવામાં આવે છે, જેમાં ઓછી મજૂરી જરૂર છે.*


(ઈ) વિતરણ :

*ભારતમાં ઘઉંની ખેતી કરતાં મુખ્ય પ્રદેશો છે- હરિયાણા, ઉત્તરપ્રદેશ, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત, મહારાષ્ટ્ર. ભારતના કુલ ઘઉં ઉત્પાદનના ૬૬ % ઘઉં હરિયાણા, પંજાબ અને ઉત્તરપ્રદેશ મળીને પકવે છે.*

**iii) બાજરી અને તેવા બીજા હલકા ધાન્ય :**

*બાજરી એ ટૂંકાગાળાનો ગરમ ઋતુનો પાક છે. આ જાડા ધાન્યનો પાક છે, જેનો ઉપયોગ ખોરાક તથા ઘાસચારા બેઉ તરીકે થાય છે.*

*આ ખરીફ પાક છે. તેની વાવણી મે-ઓગષ્ટમાં થાય છે અને કાપણી ઓક્ટોબર-નવેમ્બરમાં થાય છે. આજે ભારતના ગરીબ લોકોનો આ મુખ્ય ખોરાક છે. ભારતમાં બાજરીનો પાક ઘણોબધો લેવામાં આવે છે. વિવિધ ભાગોમાં તે વિવિધ નામોથી ઓળખાય છે. તેમાંના કેટલાંક છે- જુવાર, બાજરી, રાગી, કોરા, કોદો, કુટકી, સૂકા, બાઉટી, રાજગરો વગેરે. ભારતમાં જુવાર, બાજરી અને સગી ઘણાં મોટાપાયે ઉગાડવામાં આવે છે પણ દુર્ભાગ્યે તેમને ઉગાડતા વિસ્તારો ઘટતા જઈ રહયા છે.*




**આકૃતિ ૧૨.૨ ભારત : ઘઉંની ખેતી કરતા વિસ્તારો :**

**(અ) તાપમાન :**

આ પાક ત્યાં લેવામાં આવે છે જયાં ૨૭ સે. થી ૩૨ સે.જેટલું ઊંચુ તાપમાન હોય.

**(બ) વર્ષા :**

આગળ જણાવ્યા મુજબ બાજરીએ સુકી જમીનનો પાક છે. તેથી તેના ઉત્પાદન માટે ૫૦ થી ૧૦૦ સે.મી.સુધીની વર્ષા ઉત્તમ છે.

**(ક) માટી :**

બાજરીના પાકને માટીની મર્યાદાઓ ખાસ નડતી નથી. તે ઊતરતા કાંપવાળી કે ચિકણી માટીમાં ઊગી શકે છે.

**(ડ) વિતરણ :**

જુવાર અને બાજરી તે ઉત્તર ભારત તેમજ દક્ષિણ ભારત-બેઉ જગ્યાએ ઉગાડવામાં આવે છે. જ્યારે રાત્રીની ખેતી સામાન્ય રીતે દક્ષિણ ભારતમાં કરવામાં આવે છે. જુવાર-બાજરીની ખેતી મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, હરિયાણા અને પંજાબમાં થાય છે. રાગી દક્ષિણ ભારતના તમિલનાડુ, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં ઉગાડવામાં આવે છે.

**iv) કઠોળ :**

આ પાકમાં સીંગ ધરાવતા  એવા અનેક પાકોનો સમાવેશ થાય છે, જેમાંથી ભારતની શાકાહારી પ્રજાને અમૂલ્ય પ્રોટીન મળી રહે છે, જે બીજા માંસાહારી લોકોને માંસ-મચ્છીમાંથી મળતું હોય છે. કઠોળએ પશુઓ માટે પણ ચારાનો અને અવાજનો ઉત્તમ સ્રોત બને છે. તદઉપરાંત આ સીંગદાર પાક વાતાવરણમાંથી નાઈટ્રોજન શોષીને માટીમાં ભેળવે છે. આ પાકો બીજા પાકો દરમ્યાન વારેઘાડીએ ઉગાડી શકાય છે, જેને લીધે જમીનની ફળદ્રુપતા ટકી રહે છે.

ભારતમાં વિવિધ પ્રકારના કઠોળ ઉગાડવામાં આવે છે. તે છે ચણા, તુવેર અથવા અરહર, અડગ, મગ, મસૂર, કુલ્થી, વટાણા વગેરે. પરંતુ આ બધામાંથી ચણા અને તુવેર વધુ મહત્વનું કઠોળ છે.

બધા કઠોળમાં ચણા સૌથી મહત્વનું કઠોળ છે. કઠોળના કુલ ઉત્પાદનમાંથી તેનું ઉત્પાદન લગભગ ૩૭ % જેટલું થાય છે. કઠોળની ખેતી માટે વપરાતી જમીન પૈકી ૩૦ % જમીન ચણાના ઉત્પાદનમાં વપરાય છે. તે એક શિયાળુ પાક છે જે સપ્ટેમ્બરથી નવેમ્બર દરમ્યાન વાવવામાં આવે

છે અને ફેબ્રુઆરીથી એપ્રીલ દરમ્યાન લણવામાં આવે છે. આ પાક એકલો જ ઉગાડાય છે અથવા તો ઘઉં, જવ, અળસી અથવા સરસવની ભેગો ઉગાડવામાં આવે છે.

**કેટલીક ભૌગોલિક પરિસ્થિતિઓ :**

**(અ) તાપમાન :**

આ પાક આબોહવાની વિસ્તૃત પરિસ્થિતિનો વચ્ચે લેવામાં આવે છે. તેની માટે ૨૦ થી ૨૫ સે. તાપમાનની સાથે આછી ઠંડકવાળું હવામાન અને સૂકી આબોહવા ઉત્તમ છે.

(બ) **વર્ષા :** ૪૦ થી ૪૫ સે.મી. વર્ષા ચણાની ખેતી માટે અનુકુળ છે.

(ક) **માટી :** ચીકણી માટી પર ચણાની ખેતી સારી થાય છે.

(ડ) **વિતરણ :** આમ તો આખા દેશમાં ચણાની ખેતી થાય છે. પરંતુ તેનું ૯૦% ઉત્પાદન પાંચ રાજ્યોમાં કરવામાં આવે છે. આ રાજ્યો છે મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા અને મહારાષ્ટ્ર

**? શું તમે જાણો છો**

૧. ચોખા અને ઘઉં આબોહવાથી અસર પામતા હોય છે જ્યારે બાજરીએ આબોહવાનો સામનો કરતો પાક છે.

૨. ભારતમાં બાજરીને મુખ્ય આહારમાં લેવાની ઘણી પરંપરા હતી પરંતુ પછીના કેટલાક વર્ષોથી ભારતના મોટાભાગના લોકો ઘઉ અને ચોખાને મુખ્ય આહાર તરીકે વાપરે છે.

૩. જીવનશૈલી બદલાવાને લીધે અનેક દેશવ્યાપી રોગોનો પ્રકોપ વધ્યો છે. આજકાલ વિવિધ પ્રકારે બાજરી ખાવાની સલાહ આપવામાં આવી રહી છે કેમ કે તેમાં મળતા રેસાયુક્ત પદાર્થો ઘણા રોગો સામે રક્ષણ આપે છે.

**મનોયત્ન ૧૨.૨**

૧. ભારતના એવા રાજ્યો/પ્રદેશો જાણો, જ્યાં ચોખા, ઘઉં અને બાજરી મુખ્ય આહાર છે. નીચે આપેલા રાજ્યો પૈકી દરેકમાં મુખ્ય આહાર (ચોખા, ઘઉં, બાજરી) દર્શાવો.

| રાજ્ય | મુખ્ય આહાર |
|---|---|
| રાજસ્થાન | ઘઉં, બાજરી |
| કર્ણાટક | |
| તમારું રાજ્ય | |

૨. *ભારતના રેખાંકિત નકશા ઉપર એ બે રાજયોને અલગ છાયાઓથી દર્શાવો જયાં ઘઉં અને ચોખા મુખ્ય આહાર છે.*

**(૨) રોકડિયા પાકો :**

*પાઠની શરુઆતમાં જણાવ્યા મુજબ, રોકડીયા પાકોએ પાકો છે જેને કાચા અથવા થોડા તૈયાર કરીને વેચવા માટે ઉગાડવામાં આવે છે. આ પાઠમાં કેટલાંક ચુનીંદા રોકડિયા પાકોની ચર્ચા કરીશું, જેવા કે- શેરડી, કપાસ, શણ, ચા, કોફી, તેલીબીયાં- મગફળી, સરસવ અને શણ-બી.*

*આ ભાગમાં આપણે એકદમ ચુનીંદા પાકો - કપાસ, શેરડી અને શણ વિશે જાણીશું.*

**(i) શેરડી**

*શું તમારી દિનચર્યામાં તમે ખાંડ વગરનું જીવન કલ્પી શકશો ? ખાંડ વગરના જીવન વિશે વિચારવું અસંભવ છે. શું તમે જાણો છો કે શેરડીએ વાંસ પરિવારમાં આવે છે. અને ભારત માટે તે સ્વદેશી પાક છે ? આ ખરીફ પાક છે. આ ખાંડ, ગોળ અને બુરુ ખાંડનો મુખ્ય સ્રોત છે.*

*દારૂ બનાવવા માટેનો કાચો માલ પણ તે આપે છે. શેરડીના કૂચાના પણ ઘણા ઉપયોગ થાય છે, જેમ કે કાગળ બનાવવામાં પેટ્રોલિયમની બનાવટો માટે આ એક ઉપયોગી વિકલ્પ છે. ઉપરાંત અનેક રાસાયણિક પેદાશો માટે પણ એક વિકલ્પ બને છે. તેને ઘાસચારા તરીકે પણ વાપરવામાં આવે છે.*


**શેરડીના ઉત્પાદન માટે જરુરી કેટલીક ભૌગોલિક પરિસ્થિતિઓ**

**(અ) તાપમાન :**

*તેની માટે ગરમ અને ભેજવાળું હવામાન જરૂરી છે જયાં ૨૧ સે.થી ૨૭ સે. જેટલું તાપમાન સામાન્ય રીતે રહેતું હોય.*

**(બ) વર્ષા :**

*શેરડીની ખેતી માટે ૭૫-૧૫૦ સે.મી. વર્ષા અનુકુળ છે. જયાં વર્ષા આનાથી ઓછી હોય ત્યાં સિંચાઈની જરૂર પડે છે.*




**આકૃતિ ૧૨.૩ ભારત : શેરડીની ખેતી કરનારા મુખ્ય વિસ્તારો :**

(ડ) જમીન :

*શેરડી ઘણા પ્રકારની માટીમાં ઊગી શકે છે. આમ તો, ભેજ સંઘરી શકે એવી કોઈપણ માટીમાં શેરડીની ખેતી થઈ શકે છે. જો કે, ઘાટી ચીકણી માટી તેની માટે ઉત્તમ છે. માટી નાઈટ્રોજન, કેલ્શીયમ અને ફોસ્ફરસથી સમૃદ્ધ હોવી જોઈએ. પરંતુ ન તો તે ક્ષારવાળી હોવી જોઈએ, ન તો એસીડવાળી. સમતલ મેદાન અને સપાટ ઉચ્ચપ્રદેશો આ ખેતી માટે લાભદાયક છે, કેમ કે ત્યાં ખેતરોની સિંચાઈમાં અને શેરડીને ફેકટરી સુધી લઈ જવામાં સરળતા રહે. શેરડીની ખેતી માટે વધુ ખાતર અને રાસાયણીક ખાતરની જરુર રહે છે કારણ કે તે ઝડપથી મોટા પ્રમાણમાં જમીનની ફળદ્રુપતા શોષી લે છે.*

(ડ) શ્રમ

*આ શ્રમ કેન્દ્રિત ખેતી છે અને તેમાં સસ્તી મજુરીની જરૂર રહે છે. તેના દરેક તબક્કે માણસોની મદદની જરૂર પડે છે- જેવા કે, રોપણી, ઝોડ મારવી, નીરણ કરવુ, સિંચાઈ કરવી, કાપણી કરવી અને શેરડીને ફેકટરી સુધી લઈ જવી.*

(ઈ) વિતરણ :

*ભારત શેરડી ઉત્પાદક વિસ્તારની દ્રષ્ટિએ વિશ્વમાં પ્રથમ છે અને શેરડીના ઉત્પાદનમાં બ્રાઝીલ પછી બીજું સ્થાન ધરાવે છે. ભારતમાં શેરડી ઉત્પન્ન કરતાં ત્રણ મોટાં વિસ્તારો છે.*

i) *સતલજ - પંજાબથી બિહાર સુધીના ગંગાના મેદાનો જે શેરડી ઉત્પાદક વિસ્તારના ૫૧ % છે. અને જેમાં દેશના કુલ શેરડી ઉત્પાદનના ૬૦ ટકા ઉત્પાદન થાય છે.*

ii) *મહારાષ્ટ્રથી તમિલનાડુ સુધીનો કાળી માટેનો પટ્ટો જે પશ્ચિમી ઘાટના પૂર્વીય ઢોળાવો ઉપર આવેલો છે.*

iii) *આંધ્રપ્રદેશનો દરિયાકાંઠો અને કૃષ્ણાનદીની ખીણ.*

**(ii) કપાસ :**

*કપાસ માત્ર ભારતનો જ નહી પરંતુ વિશ્વભરનો મહત્વપૂર્ણ રેસાયુકત પાક છે. તે ફકત સુતરાઉ કાપડના ઉધોગ માટે કાચો માલ જ નથી આપતો, બલ્કે તેના બીયા વનસ્પતિ ઘીના ઉધોગમાં પણ વપરાય છે. કપાસના બીયા બહેતર દૂધ ઉત્પાદન માટે દૂધાળા ઢોરના ચારા તરીકે વપરાય છે. કપાસ મૂળભૂત રીતે એક ખરીફ પાક છે અને તે વિષુવવૃત્તીય અને ઉપવિષુવવૃત્તિય પ્રદેશોનાં થાય છે.*

કેટલીક ભૌગોલિક પરિસ્થિતિઓ :

(ક) તાપમાન :

*કપાસ વિષવવૃત્તિય અને ઉપવિષુવવૃત્તિય ક્ષેત્રોનો પાક છે. આને માટે નિયમીત રીતે ઊંચું તાપમાન જોઈએ. જે ૨૧ સે.થી ૩૦ સે.ની વચ્ચે હોય.*

(ખ) વર્ષા :

*તે મોટાભાગે એ વિસ્તારોમાં ઉગાડવામાં આવે છે જયાં વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા ૨૧૦ દિવસ ધુમ્મસ વગરના મળે.*

*તેને ૫૦ થી ૧૦૦ સે.મી. જેટલાં સામાન્ય વરસાદની જરૂર પડે છે. સારા પાક માટે તેની શરુઆતમાં વધારે વરસાદ અને પાક ઊગવા દરમ્યાન સૂકું અને તડકાવાળું હવામાન ખૂબ ઉપયોગી નીવડે છે.*

**(ગ) માટી :**


કપાસની ખેતી ડેક્કન અને માળવાના ઉચ્ચપ્રદેશ સાથે ખાસ જોડાયેલી છે. જો કે, સતલજ-ગંગાના મેદાનોની કાંપવાળી માટીમાં અને ઉચ્ચપ્રદેશોની લાલ અને લેટ્રાઈટ માટીમાં પણ તેનો સારો પાક થાય છે.

**(ઘ) ગ્રામ :**


કપાસ વીણવાનું કામ હજુ યંત્રો દ્વારા થઈ શકતું ન હોવાથી આ કામમાં સસ્તા અને કુશળ મજૂરોની જરૂર રહે છે.

**(ચ) ધિરાણ :**

કપાસ ઉત્પાદન માટેનો વિશ્વનો સૌથી મોટો વિસ્તાર ભારતમાં છે. કપાસના ઉત્પાદનમાં ભારત ચીન અને અમેરીકા સંયુક્ત રાષ્ટ્રો પછી ત્રીજા નંબરે આવે છે. દેશના કુલ ઉત્પાદનનો બે તૃતિયાંશ ભાગ ચાર રાજ્યોમાંથી આવે છે. આ મુખ્ય ચાર રાજ્યો છે- પંજાબ, મહારાષ્ટ્ર, ગુજરાત અને હરિયાણા




**આકૃતિ ૧૨.૪ : ભારત કપાસની ખેતી કરનારાં મુખ્ય વિસ્તારો**



નોંધ

**(iii) તેલીબીયા :**

*ભારતના મુખ્ય વ્યાપારી પાકોમાંથી આ એક મહત્વનો પાક છે. તેલીબીયાના ઉત્પાદન વિસ્તારની દ્રષ્ટિએ તેમજ ઉત્પાદનના જથ્થાની દ્રષ્ટિએ ભારત વિશ્વમાં સૌથી આગળ છે. વાસ્તવમાં, ભારતના તેલીબીયાઓમાંથી નીકળતું તેલ માત્ર આપણા આહારનો જ ભાગ નથી પત પણ તે હાઈડ્રોજનીય તેલો, પેઈંટ, વર્નિશ, સાબુ, ઊંજણતેલ વગેરે માટે પણ કાચો માલ પૂરો પાડે છે. તેલીબીયામાંથી તેલ કાઢી લેવાયા પછી વધતા કૂચા પશુઆહાર અને ખાતર તરીકે વપરાય છે.*

**મગફળી :** *આ ભારતના સૌથી અગત્યના તેલીબીયા છે. તે ખરીફ તેમજ રવી પાક તરીકે ઉગાડાય છે, પણ તેમાં ૯૦-૯૫ % પાક ખરીફ તરીકે લેવાય છે.*

**કેટલીક ભૌગોલિક પરિસ્થિતિઓ :**

**(ક) તાપમાન :**

*ઉષ્ણકટિબંદ્રીય તાપમાનમાં તેનો સૌથી સારો પાક મળે છે તેની માટે ૨૦ સે. થી ૩૦ સે. સુધીનું તાપમાન જોઈએ છે.*

**(ખ) વર્ષા :**

*૫૦.૭૫ સે.મી. વર્ષા મગફળીની ખેતી માટે અનુકૂળ છે. તેના પર પુષ્કળ ઠંડી, લાંબા સમય સુધીનો દુકાળ, સતત વરસાદ કે રોકાયેલા પાણીની અસર થતી નથી. તેથી જ, તેને પાકવા માટે સૂકા અને ઠંડા હવામાનની જરુર પડે છે.*

**(ગ) માટી :**

*તેની ખેતી માટે આછી રેતાળ, લાલ, પીળી અને કાળી માટી અનુકુળ રહે છે.*


**(ઘ) વિતરણ :**

*તે ભારતના સૌથી મહત્વના તેલીબીયા છે, જેનું ઉત્પાદન કુલ તેલીબીયાના લગભગ અરધો ભાગ થાય છે. આખા વિશ્વમાં થતા મગફળીના ઉત્પાદનનો એક તૃતિયાંશ ભાગ ભારતમાં ઉત્પન્ન થાય છે. મગફળીના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ છે. ભારતમાં મગફળી પેદા કરતાં મુખ્ય રાજયો છે- ગુજરાત, આંધ્રપ્રદેશ અને તમિલનાડુ આ ત્રણે રાજયોમાં કુલ મળીને આખા દેશના મગફળી ઉત્પાદનના ૬૦ % થાય છે. બાકીના ૪૦% ઉત્પાદન મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઓરિસ્સામાં થાય છે.*

**(૩) રોકડીયા પાકો (વૃક્ષારોપણ)**

**(૧) ચા :**

*ભારત તેના ચાના બગીચાઓ માટે પ્રસિદ્ધ છે. તમે પશ્ચિમ બંગાળમાં આવેલ દાર્જીલીંગના*







*તથા આસામના ચાના બગીચા વિશે જાણતા હશો અમે કહેવાય છે કે જયારે ૧૯૨૩ માં આસામના પર્વતો અને જંગલોમાંથી અંગ્રજોએ જંગલી ચાના છોડ શોધી નાંખ્યા ત્યારથી ભારતમાં ચાનું ઉત્પાદન શરૂ થયું. ચાના છોડના કોમળ અંકુરોની પાંદડીઓને સૂકવીને ચા બનાવવામાં આવે છે. હાલમાં ચાના ઉત્પાદનમાં ભારત સૌથી આગળ છે. ચીન અને શ્રીલંકા અનુક્રમે બીજા અને ત્રીજા નંબરના મોટા ઉત્પાદકો છે.*

**ચાના ઉત્પાદન માટે જરુરી કેટલીક ભૌગોલિક પરિસ્થિતિઓ :**

**(ક) તાપમાન :**

*તેને ગરમ અને ભેજવાળા હવામાનની જરુર પડે છે ચાના છોડ અને પાંદડીઓના વિકાસ માટે જરુરી આદર્શ તાપમાન ૨૦ સે.થી ૩૦ સે.વચ્ચેનું છે. જો તાપમાન ૩૫ સે.થી ઊંચું કે ૧૦ સે.થી નીચું જાય તો તે ચાના છોડના તેમજ પાંદડીઓના વિકાસ પર માઠી અસર કરે છે.*


**(ખ) વર્ષા :**

*ઉપર જણાવ્યા મુજબ ચાના ઉત્પાદન માટે વધુ વર્ષા જરૂરી છે. આખા વર્ષ દરમ્યાન થતો વરસાદ એકસમાન રીતે વહેંચાયેલો હોવો જોઈએ અને વાર્ષિક વરસાદ ૧૫૦ થી ૩૦૦ સે.મી. જેટલો હોવો જોઈએ. લાંબા સમય સુધી રહેતો સૂકો સમયગાળો ચા માટે ઘાતક છે.*

**(ગ) માટી :**

*ચા જો માટીમાં સારી રીતે ઉગે છે જે માટી સારી પેટે ધોવાયેલી, ઊંડી, ખરબચડી ફળદ્રુપ હોય.*

*જો કે, જંગલોની કુંવારી માટી જે હયુમસ અને આયર્ન તત્વ (લોહતત્વ) થી સમૃદ્ધ હોય તે ચાના બગીચા માટે સર્વોત્તમ મનાય છે. ચા એક છાયડાપ્રેમી છોડ છે અને છાંયડામાં તેનો સારો વિકાસ થાય છે.*




આકૃતિ ૧૩.૫ ભારત : ચા ઉત્પાદન કરનારા વિસ્તારો

(ઘ) શ્રમ :

*ચાની ખેતીમાં સસ્તા અને કુશળ મજૂરો જરુરી છે.*

(ચ) વિતરણ :

*ચાના ઉત્પાદનમાં આસામ સૌથી આગળ છે. ભારતમાં ચાના કુલ ઉત્પાદનમાં ૫૦% થી પણ વધુ ચા ઉત્પન્ન થાય છે. અહીં ચાની ખેતીના વિસ્તારો સૂરમા અને બ્રહ્મપુત્રા ખીણના પર્વતોના ઢોળાવોમાં આવેલા છે. ચાના ઉત્પાદનમાં બીજા નંબરે પશ્ચિમ બંગાળ આવે છે. જ્યાંના દાર્જીલીંગો, સિલીગુડી, જલપાઈગુડી અને કૂચ બિહાર જિલ્લાઓમાં ચા ઉગાડવામાં આવે છે. ત્રીજા નંબરે તામિલનાડુ આવે છે જ્યાં ચાનું ઉત્પાદન નીલગીરી પહાડીઓના અમુક ચોક્કસ ભાગ સુધી સીમિત છે.*

**(૨) કોફી :**

*શું તમે જાણો છો કે ભારતમાં કોફી ક્યાંથી લાવવામાં આવી ? આ છોડ મૂળ ઈથીયોપિયા (અવિસનીયા ઉચ્ચપ્રદેશ) નો છે. ઈથિયોપિયાથી ૧૧ મી સદીમાં તેને અરબસ્તાનથી લાવવામાં આવ્યો હતો. અરબસ્તાનથી બાબાબુદાન દ્વારા ૧૭ મી સદીમાં અહીં લાવવામાં આવ્યો અને કર્ણાટકની બાબા બુદાન પહાડીઓ પર ઉછેરવામાં આવ્યો. જો કે, અંગ્રજોએ વધુ રસ લઈને પશ્ચિમ ઘાટની જમીનોમાં કોફીના મોટા બગીચા ઊભા કર્યા.*

**કોફીના વિકાસ માટેની અમુક જરુરી ભૌગોલિક પરિસ્થિતિઓ**

**(ક) તાપમાન :**

*એની માટે ભેજવાળુ ગરમ હવામાન જોઈએ, જ્યાં તાપમાન ૧૫ સે.થી ૨૮ સે.વચ્ચે હોય. તેને મોટાભાગે છાયાવાળા વૃક્ષો નીચે ઉગાડવામાં આવે છે. તેથી ૩૦ સે.થી વધુ તાપમાન, વધુ તડકો, ધુમ્મસ અને હિમવર્ષા કોફી માટે ઘાતક બને છે. કોફીના દાણ પાકવાના સમયે સૂકું હવામાન હોવું જરુરી છે.*

**(ખ) વર્ષા :**

*૧૫૦ થી ૨૫૦ સે.મી.સુધીની વર્ષા કોફીના પાક માટે અનુકૂળ છે.*

**(ગ) માટી :**

*સારી પેઠે ધોવાયેલી, ખરબચડી ચીકણી ફળદ્રુપ માટી જેમાં હયુમસ, લોહતત્વ અને કેલ્શયમ જેવા ખનીજયુક્ત હોય તે કોફી માટે ઉત્તમ છે. માટીની ફળદ્રુપતા ટકાવી રાખવા માટે તથા તેની ઉત્પાદકતા વધારવા માટે માટીને બરાબર ગ્રેડ મારવી તથા ખાતર આપવું જરુરી છે.*

**(ઘ) શ્રમ**


*ચાની જેમ કોફીની ખેતી માટે જરુરી વિવિધ જરુરીયાતો પુરી કરવા માટે સસ્તા અને કુશળ મજુરોની જરુર પડે છે. આ જરુરી ક્રિયાઓ છે. રોપણી, પ્રતિરોપણ, છાંટણી, ચૂંટવું, રંગકામ, ક્રમ નિર્ધારણ (ગ્રેડીંગ) અને કોફીને ડબ્બાઓમાં પેક કરવી.*

**(ચ) વિતરણ :**

*ભારતમાં કોફી ઉત્પન્ન કરતાં મુખ્ય રાજ્યો છે- કર્ણાટક, કેરળ અને તમિલનાડુ*

**પાઠ -સ્વાધ્યાય ૧૨.૨**

1. *કપાસની ખેતીમાં જરુરી કોઈપણ ત્રણ ભૌગોલિક સ્થિતિ વર્ણવો.*



૨. જો સતત ઘણાં વર્ષો સુધી ભારતમાં કપાસનો પાક નિષ્ફળ જાય તો ભારત એક અબજ કરતાં પણ વધારે વસ્તીને કેવીરીતે કાપડ પૂરું પાડી શકે ?

૩. વ્યાપારી પાકો કેમ રોકડીયા પાકો ગણાય છે ?

## ૧૨.૪ ભારતીય ખેતી સામે ઊભેલા મહત્વના પડકારો :

આપણે ભારતીય ખેતીના પડકારોને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકીએ. ઘણા સમયથી ચાલી આવતી સમસ્યાઓ પહેલા વર્ગમાં આવશે. બીજા વર્ગની સમસ્યાઓ નવી છે જેમનો સંબંધ બદલાતી આબોહવા, ખેતીની પ્રચલિત પદ્ધતિ અને અર્થતંત્ર સાથે છે. મુખ્ય પડકારો ઉપર વિસ્તૃત ચર્ચા કરીશું.

### ૧. મુખ્ય પાકોના ઉત્પાદનમાં સ્થગિતતા :

ઘઉં અને ચોખા જેવા મુખ્ય આહારજનક પાકોમાં છેલ્લા ઘણા વખતથી એક સ્થગિતતા જોવા મળે છે. વૈજ્ઞાનિકો, આયોજકો અને નીતિ ઘડનારાઓ માટે આ એક ચિંતાનો વિષય છે. જો આ વલણ આવું જ રહેશે, તો લગાતાર વધતી વસ્તી અને ઉત્પાદન વચ્ચેનું અંતર વધતું જ જશે. હરિયાળી ક્રાંતિ પહેલાં જે સ્થિતિ હતી તેમાં પાછું જવા કોઈ રાજી ન જ થાય. હરિયાળી ક્રાંતિ પહેલાં શુ સ્થિતિ હતી તે જાણવાની કોશીશ કરો.

### ૨. ખેતીના ની ઊંચી કિંમતો :


ખેતીમાં જરુરી રોકાણો ની કિંમતોમાં વર્ષોવર્ષ ઘણો વધારો થયો છે. આ રોકાણોમાં ખાતર, જંતુનાશકો, ઉધઈનાશકો, એચ.વાય.વી., બિયારણ, ખેતમજૂરીની કિંમત વગેરે સામેલ છે. આવા ભાવવધારાને લીધે ઓછી કે મધ્યમ જમીન ધરાવતા ખેડૂતોને ગેરફાયદો થાય છે.

### ૫. માટીની ફળદ્રુપતાનો નાશ :

એક દ્રષ્ટિથી જોતાં હરિયાળી ક્રાંતિએ ભારતમાંથી ભૂખ ભાંગવાનું કામ કર્યુ. બીજી તરફ તેના અમુક માઠા પરિણામો પણ આવ્યા, જેમાંથી એક છે જમીનની ફળદ્રુપતામાં ઘટાડો. જમીનની ફળદ્રુપતામાં ઘટાડોનો અર્થ છે- એકનો એક પાક એક જ જમીનમાં વારંવાર લેવાને લીધે ત્યાંની માટીમાં રહેલા પોષક તત્વોનો ઘટાડો. મોટાભાગે આવું વરસાદી જંગલોના પ્રદેશમાં બને છે.

### ૪. ભૂમિગત મીઠા પાણીની અછત :

હરીયાળી ક્રાંતિની બીજી મોટી નકારાત્મક અસર છે મીઠા ભૂમિગત પાણીની કમી. તમને યાદ આવશે કે હરિયાળી ક્રાંતિ જ્યાં સફળ હતી, ત્યાં તેના કારણ રાસાયણિક ખાતર અને સિંચાઈનો ઉપયોગ હતાં. પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશના પશ્ચિમ ભાગોના સૂકા પ્રદેશોમાં ભૂમિગત પાલીનો પુષ્કળ વપરાશ કરીને સિંચાઈ કરવામાં આવી હતી. આજે આ રાજ્યોમાં ભૂમિગત પાણીની સ્થિતિ ભયસૂચક છે. જો આ રાજ્યોમાં આ જ પ્રકારની ખેતી ચાલુ રહી તો આગામી વર્ષોમાં અહીં પાણીનો દુકાળ પડવાની સંભાવના છે.



નોંધ



**૫. વૈશ્વિક આબોહવામાં પરિવર્તનની પ્રતિકૂળ અસર :**

*બીજી બધી સમસ્યાઓમાં વૈશ્વિક આબોહવાનું પરિવર્તન નવી સમસ્યા છે. એવી આગાહી થઈ છે કે ખેતી ઉપર તેની તીવ્ર અસર થશે. જ્યારે ૭૦% ભારતીય વસ્તી ખેતીમાં પરોવાયેલી છે ત્યારે તેની અસરની તીવ્રતા તમે સમજી શકો છો એવું ધારવામાં આવે છે કે આબોહવામાં પરિવર્તનને લીધે તાપમાન ૨ સે.થી ૩ સે. જેટલું વધશે, દરિયાની સપાટીનું સ્તર વધી જશે, વધુ શક્તિશાળી વંટોળિયા ફૂંકાશે, વધુ માવઠા થશે. વગેરે આ ફેરફારોની અવળી અસર ઘઉં-ચોખાના ઉત્પાદન પર થશે. ખાસ કરીને, શિયાળામાં તાપમાન ઊંચું જતાં ઉત્તરભારતમાં લેવાતા ઘઉંના પાકને અસર થશે. વારંવાર વંટોળિયા આવવાને લીધે અને ક્ષારયુક્ત પાણી ફેલાવાને લીધે દરિયાકાંઠાઓ પર થતાં ચોખાના ઉત્પાદન પર અસર પડશે.*

**૬. વૈશ્વિકરણની અસરો :**

*ભારતની ખેતી ઉપર તમે વૈશ્વિકરણની અસર જોઈ શકશો. દરેક વિકાસશીલ દેશો ઉપર તેની અસર થઈ છે. સૌથી વધુ દેખીતી અસર છે. ખેડૂતોની ઘટતી જતી આવક અને ખેતીની વ્યવહારિકતા પર ઊભું થયેલું જોખમ છે. વધતા જતા રોકાણખર્ચ અને ઘટતી જતી ઉત્પાદનની કિમતને લીધે આમ બન્યું છે. ખેડૂતોને મળતી આર્થિક સહાયમાં અને તેમની સુરક્ષામાં ઘટાડો એ આ વાતને ટેકો આપે છે. વ્યાપાર વૈશ્વિકરણને લીધે આ ખેડૂતો વિશ્વના બીજા એ ખેડૂતો સાથે સીધા જ સ્પર્ધામાં આવી જાય છે, જે લોકો આર્થિક સહાય મેળવે છે.*

*વૈશ્વિકરણનો અર્થ થાય છે, સંસ્કૃતિ, લોકો તથા તેમની આર્થિક પ્રવૃત્તિઓમાં વૈશ્વિક આંતરસંબંધો વધવા સબસીડી (આર્થિક રાહત) એટલે સરકાર દ્વારા કોઈ વ્યક્તિ કે ધંધાને અપાતી નાણાંકીય મદદ. ઉદારીકરણ (લીબરલાઈઝેશન) એટલે દેશમાં ગમે ત્યારે ગમે ત્યાં કોઈ ચોકકસ ખાનગી કે સરકારી પ્રતિબંધો વગર આર્થિક પ્રવૃત્તિ કરવાની છૂટ.*

**૭. ખાધસુરક્ષા પુરી પાડવી :**

*ભારતમાં હરિયાળી ક્રાંતિની શરુઆત પહેલાં આપણે ખાધ પદાર્થોના ઉત્પાદનમાં આત્મનિર્ભર ન હતો. ૧૯૪૭ માં ભારતના ભાગલા પડવાને લીધે નહેર સિંચાઈ વ્યવસ્થા, કપાસનો પટ્ટો અને ઘઉંનો વાટકો પશ્ચિમ પાકિસ્તાનમાં જતો રહયો જે આજે પાકિસ્તાનમાં છે. એ જ પ્રકારે, ચોખાનો વાટકો અને શણનો પટ્ટો પૂર્વીય પાકિસ્તાનને મળ્યો, જે આજે બાંગ્લાદેશમાં છે. હરિયાળી ક્રાંતિ થતાં જ ભારતમાં ખાધપદાર્થોનું ઉત્પાદન વધ્યું અને ખોરાકની બાબતમાં ભારત આત્મનિર્ભર બન્યું. જો કે, છેલ્લા એક દાયકાથી કુલ ઉત્પાદન આપણે વસ્તીમાં ૧૬ થી ૧૮ કરોડ લોકોનો ઉમેરો કર્યો છે. ભારત ભલે ખાધ પદાર્થોના ઉત્પાદનમાં આત્મનિર્ભર બની ગયુ હોય પણ ખોરાકની સલામતી સુનિશ્ચિત કરવા માટે હજુ તેણે તૈયાર થવાનું છે. આ સલામતીમાં ખાધપદાર્થો સારી પોષણક્ષમતાવાળા ખાધ પદાર્થો મળવા જેવી બાબતો સંકળાયેલ છે. લોકોને ખાધ પદાર્થોની બાબતે સલામતી આપવી એ ભારત માટેના મોટા પડકારો પૈકી એક છે.*

## ૮. ખેડૂતોની આત્મહત્યા :

દરેક આત્મહત્યા પાછળ ઘણાં કારણો હોય છે. પરંતુ જ્યારે આવા ૨,૦૦,૦૦૦ દાખલા નોંધાય ત્યારે એ જૂથના કેટલાક સામાન્ય લક્ષણો તમે તારવી શકો. આ આપઘાતો એવા વિસ્તારોમાં જોવા મળે છે જ્યાં વ્યાપારીકરણ વધુ છે અને જ્યાં ખેડૂતોના દેવા વધારે છે. ખાદ્ય પદાર્થોના પાક લેનારા ખેડૂતો કરતા રોકડિયા પાક લેનારા ખેડૂતોને આત્મહત્યાનું વધું જોખમ જોવા મળે છે. છતાં હજુ વધુ ગંભીર સંજોગોને ધ્યાનમાં લેવાયા નથી. જ્યારે ગામડાઓનું વ્યાપારીકરણ થવા માંડયુ અને ખેતીમાં કરવામાં આવતા રોકાણમાં ખૂબ ઘટાડો નોંધાયો ત્યારથી આ પડતીની શરુઆત થઈ. જ્યારે ખેતી માટે જરૂરી સામગ્રીના ભાવ આસમાને ગયા હોય કે ખેતઉત્પાદનતા ભાવમાં કડાકો બોલ્યો હોય એ વખતે બેંકમાંથી પૈસા ઉપાડવાના કારણે સમસ્યા વિકટ બની.

કરોડો લોકોને ખાદ્ય પાકોથી રોકડીયા પાકો તરફ વાળવામાં તેનું પોતાનું જોખમ તો હતું જ ઘણા સંશાધનોનું ખાનગીકરણ પણ સમસ્યામાં જટીલતા માટે જવાબદાર બન્યું.

આ તારાજી મોટા પાંચ રાજયો, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં થઈ છે. ૨૦૦૩ થી ૨૦૦૮ દરમ્યાન આ રાજયોમાં કુલ ખેત-આત્મહત્યાના ૨/૩ આત્મહત્યા થઈ. ખેડૂતોનું વધેલું દેવું પાકની નિષ્ફળતા અને આર્થિક સ્થિતિમાં આવેલી નબળાઈ પણ મુખ્ય કારણો છે. સામાજીક દરજ્જો નીચો જવો, સ્થાનિક શરાફો દ્વારા (અરક્ષિત ખેડૂતોને) ઊંચા વ્યાજે નાણા અપાવા, કુટુંબમાં લાંબી બિમારી, વ્યસનો વગેરેને લીધે ખેડૂતોનું જીવન કઠીન બન્યું છે.

### મનોયત્ન ૧૨.૫

જો તમને દેશની રાજકીય નેતાગીરી સોંપવામાં આવે, તો તમે ઉપર દર્શાવેલા પડકારોને પહોંચી વળવા કેવા પગલા લેશો ? કયા બે ફેરફારોને તમે હાથ ધરશો કે કેમ ?

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

### પાઠ-સ્વાધ્યાય ૧૨.૩

૧. આબોહવામાં થતાં પરિવર્તન ભારતની ખેતી ઉપર કેવી રીતે અસર કરે છે ? કોઈપણ બે પરિસ્થિતિ સમજાવો.

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

## તમે આટલું શીખ્યા

- ભારતમાં વિવિધ પ્રકારની ખેતી થાય છે. તેમાંની કેટલીક છે- વ્યાપારી ખેતી અને જીવનનિર્વાહની ખેતી, સઘન અને વિસ્તૃત ખેતી, રોપણ ખેતી અને મિશ્ર ખેતી.
- ભારતની ખેતીની વિશેષતાનો છે - જીવનનિર્વાહ માટે થતી ખેતી, વરસાદ અને ઢોર ઉપર રહેલી નિર્ભરતા, પાકોમાં વિવિધતા અને ખાદ્ય પાકોનું આગવું મહત્વ
- ભારતના પાકોને મુખ્ય ૪ વિભાગોમાં વહેંચી શકાય. રોકડિયા પાકો, રોપણ પાકો અને ફળ.
- ભારતની ખેતી સામે ઊભા થયેલાં મુખ્ય પડકારો છે.
- ઉત્પાદનમાં સ્થગિતતા, ખેતી માટે જરુરી સવલતો અને સામગ્રીની કિંમતમાં વધારો, માટેની ફળદ્રુપતામાં ઘટાડો, ભૂમિગત જળમાં ઘટાડો, આબોહવામાં પરિવર્તન, વૈશ્વિકરણ અને અર્થતંત્રનું ઉદારીકરણ, ખાદ્ય પાકોની સલામતીનો પ્રશ્ન, ખેડૂતોની આત્મહત્યા

## પાઠયાંત સ્વાધ્યાય

૧. ભારતીય ખેતીની કોઈપણ ચાર વિશેષતાઓ જણાવો.

૨. ઘઉં અને ચોખાની ખેતી માટે જરૂરી ભિન્ન ભૌગોલિક પરિસ્થિતિઓને સરખાવો.

૩. ચા અને કોફીના ઉત્પાદન માટે જરૂરી ચાર સરખી ભૌગોલિક પરિસ્થિતિઓ શોધી બતાવો.

૪. ભારતની ખેતી સામે ઉભા થયેલા કોઈ પણ ૪ પડકારો વર્ણવો.

૫. ખાદ્ય પાકોની સલામતીનો પ્રશ્ન શું છે તે સમજાવો. ખાદ્ય પદાર્થોની બાબતમાં આત્મનિર્ભરતા કરતાં તે કેવી રીતે જુદો પડે છે તે સમજાવો.

૬. ભારતના રેખાંકિત નકશામાં આ વિસ્તારો દર્શાવો

(૧) બે એવા પાક જેમાં વધુ મજુરોની જરૂર પડે છે.

(૨) બે એવાં પાક જે વિવિધ પ્રદેશોમાં થાય છે.

## પાઠ-સ્વાધ્યાયના જવાબો :

**૧૨.૧**

૧. ખેતીના આ બે પ્રકારો વચ્ચે રહેલો મૂળ તફાવત છે તેમનું એકમદીઠ ઉત્પાદન. યુ.એસ.એ.કેનેડા, સોવિયેત સંઘ જેવા દેશોમાં વિસ્તૃત ખેતી કરવામાં આવે છે જ્યારે ઘનિષ્ઠ ખેતીનું ઉત્તમ ઉદાહરણ છે જાપાન.

**૧૨.૨**

૧.

(૧) ૨૧ સે.થી ૩૦ સે.જેટલું એકસરખું ઊંચું તાપમાન

(૨) તે એવા વિસ્તારોમાં થાય છે જ્યાં વર્ષ દરમ્યાન કમ સે કમ ૨૧૦ દિવસ ધુમ્મસ વગરના હોય.

(૩) તેને માટે ૫૦ થી ૧૦૦ સે.મી.જેટલો મધ્યમ વરસાદ જરૂરી છે. જો કે, જ્યાં ૫૦ સે.મી.થી ઓછો વરસાદ હોય ત્યાં કપાસનો પાક સિંચાઈની મદદથી લઈ શકાય છે.

(૪) સારા પાક માટે તેની શરુઆતમાં સારો વરસાદ અને પાક ઉગવા દરમ્યાન સૂકું અને તડકાવાળું હવામાન જરૂરી છે.

(૫) કપાસની ખેતીને કાળી માટી સાથે સીધો સંબંધ છે. જો કે, તે સતલજ-ગંગાના મેદાનોની કાંપવાળી માટી અને ઉચ્ચપ્રદેશોની લાલ માટીમાં પણ ઉગી શકે છે.

૨. વિધાર્થીઓના અનુભવ મુજબ.

૩. વ્યાપારી પાકો રોકડીયા પાકો ગણાય છે કારણ કે તેમાંના મોટાભાગના પાકો બજારમાં વેચાય છે.

**૧૨.૩**

૧. ઘઉ અને ચોખાના પાકને નુકસાન કરતાં પરિબળો છે- આબોહવામાં આવતા ફેરફારોને લીધે તાપમાનમાં ૨ સે.થી ૩ સે.સુધીનો વધારો, અનિયમિત વર્ષા, વધુ તોફાની વંટોળિયા, સમુદ્રની સપાટીમાં વધારો વિગેરે.

ખાસ કરીને, શિયાળામાં તાપમાન ઊંચું જવાથી ઉત્તર ભારતમાં થતા ઘઉંના પાક ઉપર અસર થઈ શકે. ભારતના દરિયાકાંઠાના વિસ્તારોમાં થતા ચોખાના ઉત્પાદનને બે વાતો મુખ્ય રીતે નડી શકે- સમુદ્રની સપાટી વધવાથી ફેલાતું ક્ષારયુક્ત પાણી અને વારંવાર આવતાં વંટોળીયા

# ૧૩

# વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર

*રાકેશ અને તેની પત્ની એક નાનકડા ગામમાં રહેતા હતા. એક દિવસ ત્યાં ભારે વરસાદ અને આંધી તોફાન આવ્યા. તેની પત્ની ને પેટમાં ખૂબ દુઃખતુ હતું. ગામની નર્સે તેને પાસેના દવાખાનામાં લઈ જવાની સલાહ આપી. ત્યાં સંદેશા વ્યવહારની કોઈ સગવડ ન હોવાથી રાકેશ કોઈ દવાખાનું, ડૉક્ટર કે એમ્બ્યુલન્સનો સંપર્ક કરી શકે તેમ ન હતું. તેણે તેના મિત્રને વિનંતી કરી કે તેને પાસેના દવાખાને મૂકી આવે. કમનસીબે તેનું ટ્રેક્ટર અમુક કિલોમીટરથી દૂર જઈ શક્યું નહી, કેમ કે ભારે વરસાદને લીધે રસ્તો તૂટી ગયો હતો અને ત્યાં ખૂબ પાણી ભરાઈ ગયું હતું. રાકેશે શું કરવું જોઈએ ? આ સમસ્યાનો ઉકેલ શું હોઈ શકે ? આ ઘટના આપણા વાહનવ્યવહાર તથા સંદેશાવ્યવહારની સુવિધાઓ તરફ આપણું ધ્યાન દોરે છે. આ પાઠમાં વિવિધ પ્રકારના સંદેશાવ્યવહાર તેમજ વાહનવ્યવહાર અને દેશના વિકાસમાં તેના મહત્વ વિશે આપણે જાણીશું.*

## હેતુઓ :

*આ પાઠ ભણ્યા પછી તમે આટલું કરી શકશો.*

- *એવું સમજી શકશો કે કોઈ વિસ્તારના સામાજીક-આર્થિક વિકાસને સહાય કરવામાં અને લોકોને એકબીજા સાથે જોડવામાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર મદદરૂપ છે.*
- *માર્ગોને વિવિધ માપદંડોથી મૂલવી શકશો અને આપણા દૈનિક જીવન તથા રાષ્ટ્રના વિકાસમાં વાહનવ્યવહારની ભૂમિકા અને મહત્વને ઓળખી શકશો.*
- *ભારતમાં રેલ્વે નેટવર્કની ગીચતા અને વહેંચણીને અસર કરતાં પરિબળોને ચકાસી શકશો અને આ ક્ષેત્રમાં થયેલા તકનીકી વિકાસને સમજી શકશો.*
- *જળમાર્ગના વિવિધ પરિવહન (વાહન-વ્યવહાર) નું મહત્વ સમજી શકશો.*
- *હવાઈ વાહનવ્યવહારના મહત્વ તથા તેના વધતા જતા આર્થિક મહત્વને સમજી શકશો.*
- *લોકો વચ્ચેનું અંતર દૂર કરીને તેમને જોડવામાં સંદેશાવ્યવહારની ભૂમિકાને સ્પષ્ટ કરી શકશો.*

## ૧૩.૧ વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર દેશની જીવનરેખાઓ

આજે સંદેશાવ્યહાર અને વાહનવ્યવહાર આપણા જીવનના અંતરંગ ભાગ બની ગયાં છે. શું તેમના વગરનું જીવન આપણે કલ્પી શકીશું.? જરા કલ્પના કરી જુઓ કે ઈંધણ ખૂટી જવાને લીધે સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારની બધી સેવાઓ અને સાધનો સ્થગિત કરી દેવામાં આવ્યા છે, એક દિવસ જો તમને એવા સમાચાર મળે તો ? એ કલ્પના કરી જુઓ કે આ પરિસ્થિતિમાં તમને કેવી મુશ્કેલીઓ પડે.

### મનોયત્ન ૧૩.૧

તમને પડનારી મુશ્કેલીઓ યાદી બનાવો

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

### ૧૩.૧.૧ સંદેશાવ્યવહાર અને વાહન વ્યવહારની ભૂમિકા

ઉત્પાદનના વિસ્તારથી બજાર સુધી વસ્તુઓ પહોંચાડવામાં વાહનવ્યવહાર મદદરૂપ થાય છે, અને તે રીતે એ વેપાર-વાણિજ્યને સહાયક બને છે. જે વિસ્તારોમાં વસ્તુઓ વધારે હોય ત્યાંથી વસ્તુઓની અછતવાળા વિસ્તારો સુધી તે વસ્તુઓ પહોંચે છે. વાહનવ્યવહારની સગવડને લીધે રોજગાર, શિક્ષણ અને આકસ્મિક જરૂર માટે લોકો આવ-જા કરી શકે છે.

સંદેશાવ્યવહાર આપણને વિશ્વમાં બનતી ઘટનાઓ અને પ્રવૃત્તિઓ વિશે માહિતગાર રાખે છે. તે લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવે છે અને એ રીતે આર્થિક સ્થિતિ સુદ્દઢ બનાવે છે.

## ૧૩.૨ વાહનવ્યવહારના પ્રકારો

લોકોના વિકાસલક્ષી જોડાણો માટે દેશ આ પ્રકારના વિવિધ વાહનવ્યવહારો ઉપર આધાર રાખે છે.

વાહનવ્યવહારના પ્રકારો


- જમીન માર્ગ
  - સડકો
  - રેલ્વે
- જળમાર્ગ
  - સમુદ્ર
  - આંતરદેશીય
- વાયુમાર્ગ
  - સ્થાનિક
  - આંતરરાષ્ટ્રિય

**૧૩.૨.૧ જમીનમાર્ગ માટે મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચી શકાય :**

**૧.રસ્તાઓ/સડકો** **૨. રેલ્વે**

**૧. રસ્તાઓ /સડક માર્ગ**

*ચિત્ર ૧૩.૧ માં આપેલાં ચિત્રો જુઓ. આ ચિત્રો પરથી તમને ખ્યાલ આવે છે, કે કઈરીતે આપણે પ્રાચીનથી અર્વાચીન સમયમાં આગળ વધ્યાં છીએ ? ધારો કે તમારે તમારા ઘરથી માત્ર ૫૦૦ મીટર દૂર રહેતાં તમારા મિત્રની ઘેર જવું છે અથવા તો કોઈ ઓળખીતાને ઘેર જવું છે જે તમારાથી ૧૦૦ કિ.મી.દૂર રહે છે. એક ગ્રામવાસીને ગામથી શહેર આવવા માટે બસ પકડવી પડતી હોય છે. ચોક્કસ તેઓ સડકમાર્ગનો ઉપયોગ કરશે.*



*ચિત્ર ૧૩.૧ વિવિધ વાહનવ્યવહાર*

હવે તમે સમજી ગયા હશો કે સડકમાર્ગ પરિવહન (વાહનવ્યવહાર) માટે સૌથી વધુ વપરાય છે. લોકોનાં એકબીજા સાથે સંપર્ક કરાવતા રહીને સામાજિક-આર્થિક વિકાસ વધારતા રહેવામાં તેની અગત્યની ભૂમિકા છે. જે નીચે જણાવેલા મુદ્દાઓ વધુ સ્પષ્ટ કરે છે.

- સડકો ઉપર રીક્ષા, કાર, સાઈકલ, બસ, સ્કૂટર અથવા ટ્રક વાપરીને ઘેરઘેર પહોંચી શકાય છે.
- સડક બાંધવાનો, તેના રીપેરીંગનો અને તેની માવજતનો ખર્ચ વાહનવ્યવહારના બીજા પ્રકારો કરતાં ઓછો રહે છે.
- કેટલાક લોકો માટે આ એક સસ્તી અને સુવિધાજનક સવલત બને છે. વળી, ઓછા અંતર દરમ્યાન વસ્તુઓ લાવવા-લઈ જવા માટે પણ સડકમાર્ગ ઉપયોગી છે.
- રસ્તાઓ જ આપણને રેલ્વે, હવાઈમથક અને બંદરો સુધી પહોંચાડે છે.
- દૂધ, ફળ, શાકભાજી જેવી જલ્દી બગડી જનારી વસ્તુઓને સડકમાર્ગ દ્વારા જ ગામમાંથી શહેરોમાં કે બીજા સ્થળોએ લઈ જવામાં આવે છે.
- રસ્તાઓ શહેરો સાથે ગામડાઓને જોડે છે. પર્વત, રણ, ટેકરીઓ કે ઉચ્ચપ્રદેશોમાં - ગમે ત્યાં સડકો બાંધી શકાય છે.

**સડકોના પ્રકારો :**

શું દરેક જગ્યાએ તમને એકસરખી સડકો જોવા મળે છે ? બિલકુલ નહીં. ક્યાંક કાચા- તો ક્યાંક પાકા, ક્યાંક સાંકડા તો ક્યાંક પહોળા રસ્તા જોવા મળે છે. રસ્તાઓનું વર્ગીકરણ આ મુજબ કરવામાં આવે છે.

(૧) રસ્તો બાંધવામાં વપરાયેલી સામગ્રી મુજબ

(૨) રસ્તાના બાંધકામ અને માવજત રાખનારી સત્તાધીશ સંસ્થા મુજબ

(i) રસ્તો બાંધવામાં વપરાતી સામગ્રી :

આ સામગ્રી મુજબ સડકો બે પ્રકાર પાડી શકાય- કાચી અને પાકી સડક. પાકી સડકો મુખ્યત્વે ઈંટ, કોંકીટ, સીમેન્ટ અને કોલસાથી બનાવવામાં આવે છે. કાચી સડકો ધૂળ, માટી અને ભૂસાથી બનેલી હોય છે.

**મનોયત્ન ૧૩.૨**

સડકોના નિર્માણ માટે વપરાયેલી સામગ્રી ઓળખો.

| પાકી સડકો | કાચી સડકો |
|---|---|
| | |
| | |
| | |
| | |

**(ii) સડક બાંધકામ અને માવજત અધિકારીઓ :**

*તમને કદી એવો વિચાર આવ્યો કે આ સડકો કોણે બાંધી હશે અને તેને માટે પૈસા કયાંથી આવ્યા હશે ? આ પૈસા આવે છે જાહેર ફંડ માંથી અને લોકો દ્વારા ભરાતા કરવેરામાંથી સડકોના વ્યવસ્થિત બાંધકામ અને કુશળ વહીવટ માટે ઘણા સરકારી વિભાગો જવાબદાર હોય છે.*


- *ગામડાઓની સડકોની કામગીરી કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના અંતર્ગત થાય છે.*




*આકૃતિ ૧૩.૨ ભારત : સ્વર્ણિમ ચતુર્ભુજ :*

આ યોજના અંતર્ગત બનતી સડકો ગામડા ગામડા વચ્ચે અને ગ્રામ્ય વિસ્તારથી શહેરી વિસ્તાર વચ્ચેની કડીરુપ બને છે. ભારતની કુલ સડક લંબાઈ પૈકી ૮૦% લંબાઈ ગ્રામીણ સડકોની છે.

- જિલ્લાના વડા મથકને જિલ્લાના બીજા ગામ અને શહેર સાથે જોડતી સડકો બાંધવાની જવાબદારી જિલ્લા પરિષદની છે. ભારતની કુલ સડક લંબાઈ પૈકી ૧૪ % લંબાઈ આ જિલ્લા સડકોની છે.
- સ્ટેટ પબ્લીક વર્કસ ડિપાર્ટમેન્ટ (એસ.પી.ડબ્લ્યુ.ડી) એ સડકો બાંધે છે. જે રાજયના ધોરીમાર્ગો બાંધીને રાજધાનીઓને જિલ્લાઓના વડામથકો સાથે જોડે છે. દેશની કુલ સડક લંબાઈ પૈકી ૪% લંબાઈ આ સડકોની છે.




આકૃતિ ૧૩.૩ ઉત્તર-દક્ષિણ- પૂર્વ - પશ્ચિમ

ભારતીય રાષ્ટ્રિય ધોરીમાર્ગ વિભાગ દ્વારા રાષ્ટ્રિય ધોરીમાર્ગ (નેશનલ હાઈવે) એન.એચ.બાંધવામાં અને દેખરેખ રાખવામાં આવે છે. આ સડકો દ્વારા દેશના વિવિધ મહત્વના પ્રદેશો અંદરોઅંદર જોડાય છે તેમજ રાજયની રાજધાનીઓ અન્ય શહેરો સાથે જોડાય છે. દેશની કુલ સડક લંબાઈના ફક્ત ૨% રોકતી આ સડકો પર દેશના રોડ ટ્રાફિકના ૪૦% ભાગનું રોડ ટ્રાફિક રહે છે. સરકાર દ્વારા ઉત્તર-દક્ષિણ, પુર્વ- પશ્ચિમ પ્રદેશોને જોડતી સડક યોજના વિક્સાવવામાં આવી છે તેને લીધે સમય અને ઈંધણ બચશે. તેને લીધે ભારતના મુખ્ય શહેરો વચ્ચેનો ટ્રાફિકની ઝડપી અવરજવરને નિયંત્રિત કરવામાં પણ સુગમતા રહેશે. આ યોજના ભારતના રાષ્ટ્રિય ધોરી માર્ગ વિભાગ દ્વારા અમલમાં મૂકાઈ છે. મુખ્ય બૃહદ ધોરીમાર્ગો છે :

(અ) સ્વર્ણિમ ચર્તુથભુર્જ જે દિલ્હી- મુબંઈ - કલકત્તા અને ચેન્નઈને જોડીને ભૌમિતિક ચર્તુષ્કોણ બનાવે છે.

(બ) ઉત્તર દક્ષિણ પથ શ્રીનગરથી કન્યાકુમારીને જોડે છે.

(ક) પૂર્વ-પશ્ચિમ પથ પૂર્વમાં સીલ્ચરથી પશ્ચિમમાં પોરબંદરને જોડે છે.

- દેશની સરહદો ઉપર વસતા લોકો સૈન્યને માટે રોજીંદા વપરાશ તેમજ યુદ્ધ અને કટોકટી (ઈમરજન્સી) દરમ્યાન ચીજવસ્તુઓ તેમજ અન્ય સુવિધાઓ સરળતાથી મળી રહે તે માટે સરહદી સડકો બાંધવામાં આવે છે. આ સડકોના નિર્માણ તથા દેખરેખની જવાબદારી (બી.આર.ઓ. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન) સીમા સડક સંગઠનની રહે છે.

**? શું તમે જાણો છો**

પ્રસ્તુત મહારાજા શેરખાન સુરી (સોળમી સદી) એ ગંગાના મેદાનોમાં ઉત્તરથી પૂર્વ સુધી બાંધેલી સડક લાંબામાં લાબી અને જુનામાં જુની છે તેનું નવું નામ છે. ગ્રાંડ ટ્રંક રોડ. આ સડકને હાલમાં બે ભાગમાં વહેંચવામાં આવી છે. - ને.હા.નં.૧ (અમૃતસરથી દિલ્હી) અને ને.હા.નં.૨ (દિલ્હીથી કલકત્તા) આજે ભારતની સડકો લગભગ ૩૩૦ લાખ કિ.મી. માં ફેલાયેલી છે. જયારે ૧૯૪૭ માં તેનો વિસ્તાર માત્ર ૪ લાખ કિ.મી.હતો.

**મનોયત્ન ૧૩.૩**

નકશા ૧૩.૨ અને ૧૩.૩ જુઓ અને શોધી કાઢો કે કયો સુપર હાઈવે / એક્સપ્રેસવે તમારા ઘરની સૌથી નજીક છે તેની દેખરેખ રાખનારી સત્તાધીશ સંસ્થા કઈ છે.

### ૨. રેલ્વે

“તેમની માંગણીઓ પુરી કરાવવાનો આ એક સરળ રસ્તો તેમને મળી ગયો છે અને તેની માટે પાછી ખાસ સજા પણ નથી. ” અનુના પિતાએ છાપુ વાંચતા વાંચતા કહયું. અનુએ પૂછયું, “શુ

થયુ ?" પિતાએ કહયું , "કાંઈ નવુ નહી. બસ અમુક ચળવળીયા લોકોએ ટ્રેનનો રસ્તો રોકી લીધો તેમણે ટ્રેનને રોકી લીધી અને આગ્રા દિલ્હી રૂટની બે બોગીઓ બાળી નાખી." અનુએ તેમને પુછયું કે તેઓ કેમ પરેશાન હતા. તેમણે કહયું , "શું તું નથી જાણતી, સેંકડો લોકોની મહેનત અને કરોડો રૂપીયાના ખર્ચાથી આ રેલ્વે ટ્રક અને ડબ્બાઓ બને છે. અને તેની માવજત થાય છે. આ બધું એટલા માટે કરવામાં આવે છે જેથી આપણને ઝડપી પરિવહન અને આરામદાયક વાહનવ્યવહારની સવલત મળે. આ ટ્રેન રોકો ચળવળો જેવા કાર્યોથી લોકોને અસુવિધા થાય છે. લાખો રૂપિયાનું નુકસાન થાય છે અને વેપારધંધાને અસર થાય છે. " અનુને રેલ્વેના મહત્વની ઓળખ થઈ. આ મહત્વ નીચેના મુદ્દાઓ દ્વારા સ્પષ્ટ થાય છે.

- વાહનવ્યવહારની આ સૌથી સસ્તા દરે ઉપલબ્ધ થતી સેવા છે જેના દ્વારા લાખો લોકો શિક્ષણ, રોજગાર, પ્રવાસયાત્રા કે સગા વ્હાલાં મિત્રોને મળવા માટે જાય છે.
- જુદીજુદી આવક ધરાવતાં તમામ લોકો ટ્રેનની મુસાફરી કરી શકે છે. કેમ કે તેમાં સ્લિપર, સામાન્ય કે એ.સી.ચેરકાર જેવા વિવિધ વર્ગો હોય છે.
- સ્લીપર કોચમાં બાથરુમ અને સુવા માટેની સીટની સુવિધા હોવાને લીધે લોકો આરામથી રાત્રે પણ મુસાફરી કરી શકે છે.
- દેશના ઉધોગો માટે જરૂરી ભારે માલ જેવાં કે કોલસો, સીમેન્ટ, ખાધપદાર્થો, ખાતર, પેટ્રોલિયમ, ઓટોમોબાઈલ વગેરેને ટ્રેનો દ્વારા ખાણમાંથી ફેકટરીઓ સુધી અને ફેકટરીઓથી બજારો અથવા ઉપભોકતાઓના રહેઠાણ વિસ્તારો સુધી પહોંચાડવામાં આવે છે.
- તેથી જ દેશના આ મહત્વના સંશાધનની જાળવણીમાં આપણે સૌએ મદદરુપ થવું જોઈએ. રેલ્વે માલ તથા લોકો બેઉની અવરજવર માટે સહાયક બને છે અને આ રીતે દેશના અર્થતંત્રના વિકાસમાં પોતાનો ફાળો આપે છે.

**? શું તમે જાણો છો**

ભારતીય રેલ્વેની શરૂઆત મુંબઈથી થાણેની વચ્ચે થઈ જેનું અંતર હતું ૩૪ કિ.મી.

આજે ભારતીય રેલ્વે નેટવર્ક આખી દુનિયામાં ચોથું અને એશિયામાં પ્રથમ છે. જે લગભગ ૬૪૦૦૦ કિ.મી.કરતાં પણ વધુ લંબાઈ ધરાવે છે.

૧.૬ કરોડ લોકોને રોજગાર આપતું આ સૌથી મોટું સરકારી સાહસ છે. જેની માટે અલાયદું બજેટ ફાળવવામાં આવે છે.

કામના વધુ વ્યવસ્થિત સંચાલન અને વહીવટ માટે રેલ્વેને ૧૬ ઝોનમાં વહેંચવામાં આવે છે.

*અનુ અને તેના પિતા રેલ્વેના મહત્વ અંગે વાત કરી રહયા હતા. તેટલામાં અન્નુની મિત્ર જીયાં ત્યાં આવી તે દિલ્હી વિશ્વવિધાલયમાં ભણતી હતી પણ તેનું મૂળ વતન સિક્કીમ હતું. તે વાત તાર્કિક રીતે સમજી પણ તેને એ ખ્યાલ ન આવ્યો કે સિક્કમ દેશના બાકીના ભાગો સાથે હજુ કેમ સરખું જોડાયેલું નથી. તે થોડીવાર અટકયા પછી બોલી, "કાકા, બીજા રાજયોની જેમ મારા રાજયમાં વધુ રેલ્વે લાઈન કેમ નથી ?" તેમણે રેલ્વેના વિકાસ માટે કારણરૂપ પરિબળો સમજાવ્યા.*

- *પર્વતીય વિસ્તારોમાં રેલ્વેનું બાંધકામ ખૂબ જ ખર્ચાળ અને મુશ્કેલ બને છે. જયારે સમથળ પ્રદેશોમાં તે આસાનાથી થઈ જાય છે. તેથી જ ગંગાના મેદાનોમાં સઘન રેલ્વે નેટવર્ક જોવા મળે છે જયારે રણ પર્વતો, દળદળવાળા વિસ્તારો, પૂર પ્રભાવિત ક્ષેત્રો, ગાઢ જંગલો, રેપીડસ અને નદીઓવાળા વિસ્તારોમાં તેનો વધુ વિકાસ થયો નથી.*

- *ઉત્તરપ્રદેશ, હરિયાણા, પ.બંગાળ, બિહાર અને પંજાબમાં રેલ્વેનો વિસ્તાર સારો થયો છે. કેમ કે આ રાજય મેદાની પ્રદેશોમાં આવેલા છે. તેમણે એમ પણ કહયું કે આ પ્રદેશો અનાજના ભંડાર જેવા છે જયાંથી રેલ્વે દ્વારા દેશભરમાં અનાજ પહોંચે છે.*

- *જયાં ખાણો અને ઉધોગોનો વધુ વિકાસ થયો છે તેવા વિસ્તારોમાં માલ તથા ઉત્પાદિત વસ્તુઓની હેરફેર માટે રેલ્વેનો પણ સારો વિકાસ થયો છે. આથી વિપરીત ઓછા ઔધોગિકરણવાળા વિસ્તારો રેલ્વેના બાંધકામ તથા દેખરેખના ખર્ચાને પહોચી વળે તેમ ન હોવાથી ત્યાં રેલ્વે ઓછી વિકસી છે.*

- *વધુ ગીચ વસ્તી અને વધુ અવરજવરવાળા વિસ્તારોમાં ચોકકસપણે રેલ્વે સેવા વધુ વિકસી હોય છે.*

- *શહેરી વિસ્તારો અથવા મોટા શહેરોમાં નોકરી, ધંધો, શિક્ષણ, બેન્કિંગ વેગેરેની વધુ તક હોવાથી ત્યાં થતી લોકોની પુષ્કળ ઝડપી અવરજવરને પહોચી વળવા માટે રેલ્વે ઉપલબ્ધ હોય છે.*

*અનુના પિતાએ હસીને કહયું , "ના જીયા, સરકારને દેશના વિવિધ વિસ્તારોને જોડવાના મહત્વ જાણ છે જ, અને અંતરિયાળ વિસ્તારોને તો ખાસ હવે આ વાતને તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવી છે."*

*જીયાને ખ્યાલ આવ્યો કે દુનિયાના કોઈપણ ખૂણે વસતા લોકો ઈન્ટરનેટના માધ્યમથી અંદરોઅંદર જોડાઈ શકે છે.*

**ભારતીય રેલ્વે દ્વારા થયેલી તકનીકી ઉન્નતિ :**

*દેશની ઉત્તરથી માંડીને દક્ષિણે સીધી જ રેલ્વે સેવા ઉપલબ્ધ છે. (એટલે કે કાશ્મીરથી કન્યાકુમારી સુધી) જે ૭૧ કલાકમાં ૩૭૫૧ કિ.મી.અંતર કાપે છે. વિવિધ આવક ધરાવતાં વિવિધ*

લોકોની જરુરીયાત મુજબ અનુકૂળ પ્રથમ એ.સી., દ્વિતીય વર્ગ સ્લીપર કોચ અને સામાન્ય વર્ગ (જનરલ) જેવી રેલ્વે કોચની શ્રેણીઓ ઉપલબ્ધ કરાઈ છે. પ્રદુષણમુક્ત મુસાફરી માટે બ્રોડગેજ (મોટી લાઈન) રેલ્વેલાઈન પર માત્ર ડીઝલ અને વિજળીથી ચાલતી ટ્રેઈન દોડાવવામાં આવે છે. મુસાફરો આસાનીથી ઘેરબેઠા ઈન્ટરનેટથી ઈ-ટીકીટ મેળવી શકે છે. રેલ્વેના ખાસ વેગનોમાં ઉત્પાદિત માલ ગ્રાહકોના વિસ્તારોમાં તથા કાચો માલ ઔધોગિક વિસ્તારોમાં પહોંચાડવામાં આવે છે.

## મનોયત્ન ૧૩.૪

નીચે આપેલ અક્ષર-ચોરસમાં રેલ્વેના મુખ્ય ઝોનના વડામથક શોધો ..........

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| P | O | R | I | T | S | M |
| U | P | N | K | J | O | U |
| K | L | M | T | R | P | M |
| Q | U | W | A | I | T | B |
| K | O | L | K | A | T | A |
| J | A | I | P | I | N | I |
| Z | V | D | U | X | Y | R |
| C | H | E | N | N | A | I |
| T | K | L | J | Q | R | J |
| I | T | H | Q | X | Z | U |
| N | P | I | T | O | J | K |

## પાઠ-સ્વાધ્યાય ૧૩.૧

(૧) નીચે આપેલાં વાકયોની પૂર્તિ કરો.

(અ) દેશના પૂર્વ-પશ્ચિમ પથ ..........અને ............ને જોડે છે.

(બ) ચાર મુખ્ય શહેરો (મેટ્રો સીટી) ને જોડતાં બૃહદ્ર ધોરીમાર્ગોને ..........કહે છે. તેઓ ........... બનાવે છે.

(૨) (અ) રેલ્વેના સઘન વિસ્તાર પાછળ જવાબદાર મુખ્ય પરિબળો સમજાવો. રાજયોના એવા બે જૂથોને ઓળખી બતાવો જયાં રેલ્વેનું ગીચ અથવા આછુ નેટવર્ક ફેલાયેલું હોય એમ થવા પાછળ તમને જવાબદાર લાગતા કારણો દર્શાવો.

(બ) સડકમાર્ગ અને રેલ્વેમાર્ગ વાહનવ્યવહારના બે-બે ફાયદા અને મર્યાદાઓ વર્ણવો.

(૩) ભારતના કેટલાક વિસ્તારોમાં સારા રેલ્વે નેટવર્કની કમી છે. ૩૦ શબ્દોમાં આ વિધાન સમજાવો.

## મનોયત્ન ૧૩.૫

નીચે આપેલ રેલ્વે રીઝર્વેશન ફોર્મ (આરક્ષણ ફોર્મ) તમારાં કુટુંબને બતાવો. આ ફોર્મમાં માગેલી વિગતોના અર્થ અને મહત્વની ચર્ચા કરતા જઈને નીચે આપેલ કોલમો ભરવાની કોશિશ કરો.

(અ) તબીબી વ્યવસાયકાર

(બ) વરીષ્ઠ નાગરિક

(ક) સીટની પસંદગી

(ડ) અમુક ટ્રેઈનમાં ઉપલબ્ધ ખાણું

## રેલ્વે રિઝર્વેશન ફોર્મ

### RAILWAY RESERVATION / CANCELLATION REQUISITION FORM

| | | | | | |
|---|---|---|---|---|---|
| If you are a Medical Practitioner Please tick ( ) in Box Dr. ☐ (You could be of help in an emergency) | | | | | |
| If you want Sr. Citizen concession, please write Yes/No in box ☐ (if yes, please carry a proof of age during the journey to avoid inconvenience of penal charging under extant Railway Rules) | | | | | |
| Do you want to be upgraded without any extra charge? Write ☐ Yes/No in the box. (If this option is not exercised, full fare paying passengers may be upgraded automatically) | | | | | |
| Train No & Name: | | Date of Journey: | | | |
| Class: | | No.of Berth / Seat: | | | |
| Station From: | | Station To: | | | |
| Boarding At: | | Reservation Upto: | | | |

| S.No. | Name in Block Letters (not more than 15 chars) | Sex (M/F) | Age | Concession / Travel Authority No. | Choice if any |
|---|---|---|---|---|---|
| | | | | | Lower / Upper Berth |
| | | | | | |
| | | | | | |
| | | | | | Veg / Non-veg Meal for Rajdhani / Shatabdi Express only |
| | | | | | |
| | | | | | |

CHILDREN BELOW 5 YEARS (FOR WHOM TICKET IS NOT TO BE ISSUED)

| S.No. | Name in Block Letters | Sex | Age |
|---|---|---|---|
| | | | |
| | | | |

**ONWARD / RETURN JOURNEY DETAILS**

Train No & Name ______________________ Date ____________________

Class __________ Station From ______________ To __________________

Name of Applicant ____________________________________________

Full Address ________________________________________________

**Signature of the Applicant**

**FOR OFFICE USE ONLY**

S.No. of Requisition________________ PNR No.________________________


Berth/Seat No.______________________ Amount Collected ________________

**Signature of Reservation Clerk**

Note: 1. Maximum permissible passengers are 6 per requisition.
2. One person can give one requisition form at a time.
3. Please check your ticket and balance amount before leaving the window.
4. Forms not properly filled or in illegible forms shall not be entertained.
5. Choice is subject to availability.

### ૧૩.૭.૨ જળમાર્ગીય વાહનવ્યવહાર / પરિવહન

*શું તમે કદી વિચાર્યુ છે કે પ્રાચીન સમયમાં લોકો નદીઓ પાસેના નીચાણવાળા વિસ્તારોમાં કેમ વસતા હતા ? વિદેશો સાથે તેમનો વ્યવહાર કઈ રીતે શકય બન્યો હતો. ? હા તે નદીઓ અને તેમજ સમુદ્ર દ્વારા વિકસ્યો હતો. પ્રાચીન સમયથી આજ સુધી જળમાર્ગે વાહનવ્યવહાર એક મહત્વનો પ્રકાર રહયો છે. કારણ કે*



*ચિત્ર ૧૩.૪ જળમાર્ગ પરિવહન*

- *રસ્તાના બાંધકામ અને માવજતની દ્રષ્ટિએ જળમાર્ગ સૌથી સસ્તો પડે છે કેમ કે તેમાં કોઈ બાંધકામ આવતું નથી.*
- *ભારે અને મોટા જથ્થામાં વસ્તુઓની હેરફેર માટે આ માર્ગ ખૂબ જ ઉપયોગી નીવડે છે. એક વહાણ એકીસાથે લાખો ટન વજનની વસ્તુઓ લઈ જઈ શકે છે.*
- *પેટ્રોલિયમ અને તેની પેદાશોની આંતરરાષ્ટ્રિય તથા આતરખંડીય (એક ખંડથી બીજા ખંડમાં) લેવડ-દેવડ માટે જળમાર્ગ વધુ સરળ પડે છે.*
- *ભારતમાં પેટ્રોલિયમ પેદાશોની અછત જે જેને મધ્યપૂર્વના દેશોમાંથી આયાત કરવામાં આવે છે.*
- *આ એક ઈંધણ બચાવનાર અને પર્યાવરણ માટે અનુકુળ એવો વાહનવ્યવહાર છે.*
- *જળમાર્ગને હમેશા બે ભાગમાં વહેંચવામાં આવે છે. શું તમને એનો ખ્યાલ છે ? એ શોધી કાઢો કે આ માર્ગોને અંતદેશીય (ઈનલેન્ડ) જળમાર્ગ અને મહાસાગર (ઓશનરૂટ) માર્ગ કેમ કહેવામાં આવે છે.*

### (૧) અંતર્દેશીય જળમાર્ગ (ઈનલેન્ડ વોટર વેઝ)

*ભારતમાં ૧૪૫૦૦ કિ.મી.લાંબો આંતરદેશીય જળમાર્ગ છે જેમાં નહેરો (કેનાલો), નદીઓ, બેકવોટર્સ અને સાંકડી ખાઈઓ સામેલ છે પરંતુ ઉત્તરમાં ગંગા અને બ્રહ્મપુત્ર તથા દક્ષિણમાં ગોદાવરી કૃષ્ણા અને કાવેરી નદીઓમાં જ યાંત્રિક નૌકાઓ ચાલી શકે છે જે કુલ નદીઓના ૩૭૦૦ કિ.મી. છે.*

અંતદેશીય જળમાર્ગોનું સારુ નેટવર્ક ધોરી સડકમાર્ગો પરનો ટ્રાફિક ઘટાડી શકે છે. તે વસ્તુઓના પરિવહનમા પણ મદદરૂપ થાય છે.

ભારતીય અંતદેશીય જળમાર્ગ પ્રાધીકરણ (ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરીટી ઓફ ઈન્ડિયા) ૧૯૮૬ માં ઘડવામાં આવ્યું જે અંતદેશીય જળમાર્ગના વિકાસ, સંચાલન અને દેખરેખની જવાબદારની નિભાવે છે. નીચે જણાવેલા ત્રણ જળમાર્ગો રાષ્ટ્રિય જળમાર્ગ ઘોષિત થયા છે.


એનડબ્લ્યુ-૧ - ઉત્તરપ્રદેશના અલ્હાબાદથી પશ્ચિમબંગાળના હલ્દીયા સુધી વહેતી ગંગાનદી (૧૬૨૦ કિ.મી.)

એનડબલ્યુ-૨- આસામમાં સાદીયાથી ગુગરી સુધી વહેતી બ્રહ્મપુત્ર નદી (૮૯૧ કિ.મી.)

એનડબલ્યુ-૩ કેરળમાં કોલમથી કોટ્ટાપુરમ સુધી આવેલી નહેર (૨૦૫ કિ.મી.)

### (૨) મહાસાગર જળમાર્ગ

જો તમે ભારતના નકશાને જોશો તો ખ્યાલ આવશે કે ભારત દેશ એ ત્રણ બાજુએથી અરબી સમુદ્ર બંગાળની ખાડી અને હિંદમહાસાગરથી ઘેરાયેલો દેશ છે જે ૭૫૧૬ કિ.મી.લાંબો છે. દરીયાકાંઠો ધરાવે છે. ૧૯૪૬ માં ભારતમાં ૧,૨૭,૦૮૩ ટન ક્ષમતાવાળા ફક્ત ૪૯ વહાણ હતા સ્વતંત્રતા પછી સરકારે એ દિશામાં વિવિધ પગલા લીધા જેને પરિણામે ૨૦૦૪ માં ૬૧૬ એવા વહાણ ખરીદવામાં આવ્યા જેની ભારવહન ક્ષમતા લગભગ ૭ લાખ ટન છે.




આકૃતિ ૧૩.૫ ભારતના મુખ્ય બંદરો

ભારતના સમુદ્રી જળમાર્ગના બે મુખ્ય વિભાગો છે.

**(અ) દરીયાકાંઠાનો જળ વાહન વ્યવહાર (કોસ્ટલ શીપીંગ)**

દેશના દરીયાકાંઠે આવેલા બંદરોના મુસાફરોના અને ત્યાંથી થતા માલનું પરીવહન દરીયાકાંઠા પરના નૌકા કાફલા દ્વારા થાય છે.

આ જળમાર્ગમાં લગભગ ૧૦૦ જેટલી શીપીગ કંપનીઓના વહાણ ૭ લાખ ટનના કાર્બો વહાણો દ્વારા ૧૨ મુખ્ય બંદરો અને ૧૮૯ અન્ય નાના કે મધ્યમવર્ગના બંદરો સુધી પહોંચે છે.

**(બ) આંતરરાષ્ટ્રિય જળ વાહન વ્યવહાર (ઈન્ટેરનેશનલ શીપીંગ)**


ભારતીય જળ વાહન વ્યવહારનો મોટો ભાગ આંતરરાષ્ટ્રિય જળ વાહન વ્યવહારમાં વપરાય છે. આંતરરાષ્ટ્રિય આયાતનિકાસ (ઈમ્પોર્ટ-એક્સપોર્ટ) માટે પૂર્વીય દરીયાકાંઠા દ્વારા મ્યાનમાર, મલેશીયા, ઈન્ડોનેશીયા, ઓસ્ટ્રેલિયા, ચીન, જાપાન દેશો સાથે અને પશ્ચિમી દરીયાકાંઠા દ્વારા યુ.એસ.એ. (અમેરીકાના સંયુક્ત રાષ્ટ્રો) યુરોપ ખંડ અને એશિયાખંડના કેટલાક દેશો સાથે જળ વ્યવહાર ચાલે છે.

## પાઠ સ્વાધ્યાય ૧૩.૨

(૧) (અ) નીચે આપેલા નકશાની મદદથી આ કોષ્ટક પૂરો

| બંદર | રાજય | દરિયાકાંઠો |
|---|---|---|
| મુંબઈ | મહારાષ્ટ્ર | પશ્ચિમી |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

(બ) એ વિસ્તારનું નામ કહો, જયાં બંદરો નથી. આમ થવા પાછળનું એક કારણ જણાવો.




### ૧૩.૨.૩. હવાઈમાર્ગ :

*શુ તમે પંખીની જેમ ઉડવા માંગો છો ?*


*હવાઈમાર્ગ દ્વારા ઝડપથી કોઈ ટ્રાફિક અવરોધ વગર તમે તમારા ગંતવ્યસ્થાન (જ્યાં જવુ હોય તે જગ્યા) એ પહોંચી શકો છો.*

*૧૯૦૩ માં આપણા આધુનિક વિમાનોની ડીઝાઈનની રચના રાઈટ બંધુઓએ કરી હતી. ભારતમાં હવાઈમાર્ગ ૧૯૧૧ માં શરૂ થયો. આજે સડકમાર્ગ અને રેલ્વેમાર્ગની જેમ હવાઈમાર્ગ પણ એક મહત્વનું પરિવહન બની ગયો છે. ભારતમાં અંતર્દેશિય તથા આંતરરાષ્ટ્રિય એમ બેઉ પ્રકારના હવાઈમાર્ગોની સવલત છે. આજના યુગમાં તેના મહત્વની ચર્ચા આપણે હવે કરીએ.*



**આકૃતિ ૧૩.૬ હવાઈમાર્ગ પરિવહન**

- *હવાઈ વાહનવ્યવહાર દ્વારા દુનિયા એક વૈશ્વિક ગ્રામ બનવા માંડી છે. વાહનવ્યવહારનો આ સૌથી ઝડપી પ્રકાર છે, જેના દ્વારા અમુક કલાકોમાં જ હજારો કિ.મી.નું અંતર કાપી, નિર્ધારિત સ્થળે પહોંચી જવાય છે.*
- *તે ઊંચા પહાડો, કળણવાળી જમીનો, ગાઢ જંગલો કે પૂર પ્રભાવિત વિસ્તારો જેવા અવરોધોથી મુક્ત છે.*
- *રાષ્ટ્રિય સુરક્ષામાં ઉપયોગિતાને લીધે તેનું મહત્વ ખુબ વધી ગયું છે.*
- *નિર્ધારિત સમયમાં મોંઘી દવાઓ અત્યાધુનિક મશીનો, ફળ, શાકભાજી જેવી મૂલ્યવાન વસ્તુઓની હેરફેર માટે આ વાહનવ્યવહાર સૌથી મહત્વપૂર્ણ છે.*
- *કુદરતી આફત અથવા બીજી કોઈ કટોકટીના સમયમાં લોકોને તેમની જરુરી વસ્તુઓ પહોંચાડવા માટે હવાઈમાર્ગ ઉત્તમ રહે છે.*
- *આ વાહનવ્યવહારમાં ફક્ત એક મર્યાદા છે. વાહનવ્યવહાર અને મુસાફરીનો ઊંચો ખર્ચ તેથી જન સામાન્યજન માટે હજુપણ તે પહોંચની બહાર છે. છેલ્લા કેટલાક વર્ગોમાં હવાઈમાર્ગના ઉપયોગમાં ઝડપી વધારો નોંધાયો છે.*
- *ભારતીય હવાઈમાર્ગને નીચે દર્શાવેલ બે ભાગમાં વહેંચી શકાય.*







### ૧૩.૭.૪ અંતર્દેશીય અને આંતરરાષ્ટ્રિય હવાઈમાર્ગ

*સરકાર તેમજ ખાનગી સંસ્થાઓ દ્વારા અંતદેર્શીય તેમજ આંતરરાષ્ટ્રિય હવાઈ મુસાફરી સેવાઓ આપવામાં આવે છે. સરકારી સંસ્થા-પવનહંસ હેલીકોપ્ટર લિ.દ્વારા ઓએનજીસી (ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન), આઈ.ઓ.સી. (ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન) ને તથા દેશના ઉત્તરી-પૂર્વ ભાગમાં હવાઈ પરિવહનની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.*

### પાઠ-સ્વાધ્યાય ૧૩.૩

*(૧) કયા રાજ્યોમાં એકથી વધુ આંતરરાષ્ટ્રિય વિમાન મથકો છે ?*

*(૨) એવાં બે રાજયો જણાવો જ્યાં આંતરરાષ્ટ્રિય વિમાનમથકો નથી.*

*(૩) તમારા ઘરથી નજીકમાં નજીક કયું અંતરદેર્શિય કે આંતરરાષ્ટ્રિય હવાઈમથક/વિમાનમથક આવેલું છે ?*

### ૧૩.૩ સંદેશાવ્યવહાર અને તેનું મહત્વ :

*તમારી બહેનના લગ્ન નકકી થઈ ગયા છે અને તમે ઈચ્છો છો કે તમારા બધા સગાવ્હાલાં ને મિત્રો તેમાં હાજર રહે. તમે તેમને કેવી રીતે જણાવશો ? ધારો કે અચાનક તમારા દાદાને હદયરોગનો હુમલો આવે છે ને તમારા પિતા ઓફિસે ગયા છે, તો તમે એમને કેવી રીતે જાણ કરશો ? તમને જાપાનના સુનામી વિશે કે ઈજીપ્તના રાષ્ટ્રપતિનાં વિરોધમાં થયેલી ચળવળના સમાચાર કેવી રીતે જાણવા મળ્યા ?*




આકૃતિ ૧૩.૭ ભારતના મુખ્ય આંતરરાષ્ટ્રિય હવાઈમથકો

ઉપરોક્ત પરિસ્થિતિઓમાં તમે જે પ્રતિભાવ આપ્યા હશે, તેના પરથી તમને આપણા રોજીંદા વ્યવહારમાં સંદેશાવ્યવહારની જરૂર તેના સાધનો અને તેના મહત્વનો ખ્યાલ આવ્યો હશે.

આમ, વિચારો , સૂચનાઓ અને સંદેશાઓની લેવડદેવડ તથા પોતાના મિત્રો તેમજ કુટુબીજનો સાથે સુખ-દુ:ખમાં ભાગીદાર બનવા માટેનું સાધન સંદેશાવ્યવહાર છે.

હવે તમે સમજી ગયા હશો કે સંદેશાવ્યવહારની જરુરીયાત અને હેતુ મુજબ તેના સાધનો બદલાય છે.

સંદેશાવ્યવહારના ઘણાં સાધનો છે. લોકો એકબીજા સાથે સંદેશાવ્યવહાર કરવા માટે ટી.વી.રેડિયો તાર (ટેલીગ્રામ) કમ્પ્યુટર ટેકનોલોજી છાપા, સામયિકો કે ચોપાનીયા વાપરે છે. સંદેશાઓ મોકલવા માટે તાર (ટેલીગ્રામ) ફેસીમાઈલ મશીન (ફેક્સ) કે ઈ-મેઈલ (ઈલેક્ટ્રોનિક મેઈલ) (ઈલેક્ટ્રોનીક પત્ર) નો ઉપયોગ થાય છે. સૌથી ઝડપી સંદેશાવ્યવહાર માટે ઈ-મેઈલ વપરાવા માંડયા છે જે લગભગ નિ:શુલ્ક હોય છે.

એ જાણવું પણ અગત્યનું છે કે સંદેશાવ્યવહારના ચોક્કસ હેતુ માટે ચોક્કસ સાધનો વપરાય છે.

હવે આપણે સંદેશાવ્યવહારના સાધનોના મુખ્ય વિભાગ જોઈએ.

(૧) વ્યક્તિગત સંદેશાવ્યવહારના સાધનો

(૨) જાહેર સંદેશાવ્યવહારના સાધનો

(૧) વ્યકિગત સંદેશાવ્યવહારના સાધનો

(૧) પોસ્ટલ સેવા (પોસ્ટઓફિસ દ્વારા પત્રવ્યવહાર)

(૨) ટેલીફોન સેવા

**(૧) પોસ્ટલ સેવા :**


સંદેશાવ્યવહારનું આ એક ઘણું જૂનું સાધન છે. પત્રલેખન આજ બહુ ઉપયોગી નથી. છતાંય ઘણું મહત્વનું છે. વિશ્વમાં ભારતની પોસ્ટલ સેવાનો કાર્યવિસ્તાર સૌથી મોટો છે. ૨૦૦૧ માં ભારતમાં ૧,૫૩,૦૦૦ પોસ્ટ ઓફિસો હતી જે વિવિધ પોસ્ટસેવાઓ પહોંચાડતી હતી. જેમ કે પત્રો, મનીઓર્ડર, પાર્સલ, પોસ્ટ ઓફિસ બચત યોજના વગેરે

**(૨) ટેલિફોન સેવાઓ**

આ સુવિધા આજની દુનિયામાં સોથી વધુ વપરાતી અને સૌથી વધુ મહત્વની ગણાતી સંદેશાવ્યવહારની સેવાઓ પૈકી એક છે. તે ઝડપી અને સસ્તી સેવા છે જે આપણી જરુરીયાતોને અમર્યાદિત રીતે પહોચી વળે છે.

**(૨) જાહેર સંદેશાવ્યવહારના સાધનો :**

આ સાધનો દ્વારા લોકોના મોટા સમૂહ સાથે સંદેશાવ્યવહાર કરી શકાય તેને મીડીયા અથવા જાહેર સંદેશાવ્યવહાર (જનસંચાર) કે માસ કોમયુનીકેશન કહેવાય છે. જેવું કે રેડીયો, ટેલીવીઝન, સમાચારપત્રો (છાપા) સીનેમા, પુસ્તકો, સામયિકો પરંપરાગત લોકકથાઓ અથવ લોક્સાહિત્યની રીતો અને રીવાજો તેમજ કૃત્રિમ ઉપગ્રહ દ્વારા કરવામાં આવતો સંદેશાવ્યવહાર





(૧) રેડીયો :

*ભારતના લોકોના મનોરંજન મહત્વની માહિતી પ્રદાન તેમજ શૈક્ષણિક માહિતી પ્રદાન માટે ૧૯૨૭ માં મુંબઈ અને કલકત્તામાં રેડીયો સેવા શરુ કરવમાં આવી. આજે ભારતમાં ૯૦% વિસ્તારોમાં વસતી ૯૮.૮% વસ્તીને આકાશવાણી (ઓલઈન્ડિયા રેડીયો)* A.I.R *ની સુવિધા મળે છે.*

(૨) દુરદર્શન :

*ભારતની રાષ્ટ્રિય ટેલિવીઝન પ્રસારણ સેવા દુરદર્શનને ૧૯૫૯ માં શરુ કરવામાં આવી. જે વિશ્વની સૌથી મોટી સ્થળ પ્રસારણ સંગઠનોમાંથી એક છે. આજે ભારતને ૮૭% વસ્તી તેનો લાભ લઈ શકે છે. ટેલીવીઝનના કાર્યક્રમોનું પ્રસારણ રાષ્ટ્રિય, પ્રાદેશિક અને સ્થાનિક દુરદર્શન દ્વારા તેમજ ઘણી ખાનગી ચેનલો દ્વારા શિક્ષણ, માહિતી અને મનોરંજન માટે ઉપલબ્ધ છે.*

(૩) કોમ્પ્યુટર (ઈન્ફર્મેશન ટેકનોલોજી- સુચના પ્રાયોગિકી)

*આજે કોમ્પ્યુટર સંદેશાવ્યવહાર અને આર્થિક વિકાસનો આધાર બની ગયું છે. કેમ કે તે ઓફિસથી માંડીને ઘર, દવાખાના, હવાઈમથકો, રેલ્વે, બેન્ક કે શૈક્ષણિક સંસ્થાઓ વગેરે તમામ જગ્યાએ વપરાય છે.*

*૧૩.૩.૧ નવીન સંદેશાવ્યવહાર ટેકનોલોજી છેલ્લા કેટલાંક વર્ષોમાં ટેકનોલોજીમાં થયેલી ક્રાંતિકારી શોધોને પરિણામે લોકો વધુ સારીરીતે સંદેશાવ્યવહાર કરી શકે છે. જેમ કે*

(અ) ઈન્ટરનેટ

*તેને લીધે વિવિધ પ્રકારની માહિતીઓ ઉપલબ્ધ થાય છે.*

(બ) વિડીયોકોન્ફસરીગ

*એકબીજાથી ઘણે દુર વસતા લોકો આ સેવાની મદદથી ચર્ચાઓ કરી શકે છે.*

(ક) ઈ-કોમર્સ

*ઈન્ટરનેટ અને ફેક્સની મદદથી ખરીદવેચાણ માટે આ સારી વ્યવસ્થા છે.*

(ડ) ઈન્ટરનેટ ફોન સેવા

*આ એક એવું સોફટવેર છે જેના દ્વારા કોમ્પયુટર ફોન જેવુ કામ કરે છે. આ સુવિધાને લીધે ફોનના દર ખૂબ જ ઘટી ગયા છે.*

(ઈ) ઈ-મેઈલ

આ સુવિધાને લીધે એક ક્ષણમાં જ દૂનિયાના કોઈપણ ખૂણે પત્ર કે માહિતી પહોંચાડી શકાય છે.

(ફ) ટેલીમેડીશીન (ટેલી ઔષધસેવા)

આ સુવિધાને લીધે ડોકટરો તેમના એ દર્દીઓને સલાહ આપી શકે છે જે તેમનાથી ઘણે દૂર વસતા હોય છે.

આમ, ટેકનોલોજીના વિકાસ દ્વારા સંદેશાવ્યવહારની વ્યવસ્થામાં ક્રાંતિ આવી છે હવે લોકો એકબીજાની વધુ નજીક આવ્યા છે અને આખી દુનિયા એક વૈશ્વિક ગ્રામ બની ગઈ છે.

## મનોયત્ન ૧૩.૬

જુના પત્તાનું એક પેકેટ લો. જુના છાપાઓ અને સામયિકોમાંથી સંદેશાવ્યવહારના વિવિધ પ્રકારોના ચિત્રો કાપો. પત્તાના પેકેટના દરેક પત્તા ઉપર એકએક ચિત્ર ચોટાડો. તેની પાછળની બાજુએ સંદેશાવ્યવહારને લગતો એક પ્રશ્ન લખો. હવે તમારી પાસે સંદેશાવ્યવહારના પત્તાનો આખો સેટ તૈયાર થશે. તમારા મિત્રો અને કુટુંબીજનો સાથે તે રમો.

**સંકેત :** સંદેશાવ્યવહાનું એવું કયું સાધન છે જે એકી સાથે આખા દેશમાં એક સંદેશો ફેલાવી શકે છે ? (જવાબ- ટી.વી.)

## પાઠ-સ્વાધ્યાય ૧૩.૪

(૧) નીચેનાને વ્યક્તિગત, જાહેર અને અન્ય સંદેશાવ્યવહારના વર્ગોમાં વિભાજીત કરો.

ઈલેક્ટ્રોનિક મોનીટર, યુટીલીટી વાન (ઉપયોગીતા વાન) ટ્રેક્ટર, મેટ્રો રેલ્વે, તાર, મોબાઈલ, પોસ્ટકાર્ડ, ફેક્સ, ન્યુઝ બુલેટીન, રેડીયો, એમ્બ્યુલન્સ, ફેસબુક, ટવીટર અને સામયીકો જથ્થાબંધ (બલક) એસ.એમ.એસ

(૨) નીચેના દરેક વિધાન માટે એકએક શબ્દ આપો.

(અ) વિચારોના આદાનપ્રદાન વિચારો તથા માહિતી માટે સંદેશાવ્યવહાર કરવાની એક વ્યવસ્થા

(બ) એ સેવા જેના દ્વારા પત્રો, પાર્સલ અને મનીઓર્ડર મોકલવામાં આવે છે

(ક) ઈન્ટરનેટ દ્વારા પત્રો લખવાની સુવિધા

(ડ) ભારતમાં રેડીયો દ્વારા કાર્યક્રમો દ્વારા પ્રસારણ કરતો વિભાગ

(ઈ) ભારતમાં હાલમાં સંદેશાવ્યવહારની સૌથી પ્રચલિત સાધન

## તમે આટલું શીખ્યા...

- સંદેશાવ્યવહાર તથા વાહનવ્યવહારના સાધનો અને તેમનું મહત્વ
- ભારતમાં નિર્મિત સડકોના પ્રકાર
- દેશના વિકાસમાં રેલ્વેની ભૂમિકા
- જળમાર્ગોના પ્રકારો અને દેશના વ્યાપાર વાણિજયમાં તેમનું મહત્વ
- ભારત જેવા દેશમાં હવાઈમાર્ગની જરુર અને મહત્વ
- સંદેશાવ્યવહારના આધુનિક સાધનો અને આપણા જીવનમા તેનું મહત્વ

## પાઠયાંત સ્વાધ્યાય

(૧) પરીવહન અને સંદેશાવ્યવહારને દેશના અર્થતંત્રની જીવનરેખા કેમ ગણવામાં આવે છે ?

(૨) સડકમાર્ગના ત્રણ ગુણ અને ત્રણ મર્યાદાઓ જણાવો.

(૩) ભારતના જળમાર્ગોનું શું મહત્વ છે ?

(૪) ભારતના મુખ્ય બંદરોનો નકશો જોઈને નીચેના પ્રશ્નોના જવાબ આપો

(અ) પૂર્વીય દરીયાકાંઠા ઉપર કેટલા બંદરો છે તે ગણીને લખો.

(બ) બે બંદર ધરાવતા રાજયોના નામ લખો.

(ક) પારાદ્રીપ બંદર જે રાજયમાં આવેલું છે તેરાજયનું નામ જણાવો.

(ડ) ગોવામાં આવેલા બંદરનું નામ જણાવો.

(ઈ) ભારતના દક્ષિણ છેડે આવેલા બંદરનું નામ કહો.

(૫) વાહનવ્યવહારના બીજા પ્રકારો કરતાં હવાઈમાર્ગમાં કયા વિશેષ ફાયદા છે ?

(૬) તમારી રોજીંદી પ્રવૃત્તિઓમાં સંદેશાવ્યવહારનું મહત્વ દર્શાવો ?


(૭) વ્યકિતગત અને જાહેર સંદેશાવ્યવહાર વચ્ચેનો તફાવત દર્શાવો ?

(૮) તમારી છેલ્લી ટ્રેઈન મુસાફરી દરમ્યાન તમને પડેલી કોઈ પાંચ મુશ્કેલીઓની યાદી બનાવો. તમને નડેલી સમસ્યાનો ઓછામાં ઓછો એક ઉકેલ સૂચવો.

(૯) ભારતના રેખાંકીત નકશામાં વધુ, મધ્યમ અને ઓછી સઘન રેલ્વે સુવિધાવાળા રાજયો

*ઓળખીને તેમના નામ જણાવો. આ રાજ્યોમાં જ તે સઘનતા કેમ જોવા મળે છે ?*

**(સંકેત : કઠિન પ્રદેશ વિષમ આબોહવા અર્થતંત્રના મુદ્દા વગેરે)**




**ભારત : રેલ્વેઝોન**

**પ્રોજેક્ટ :**

*પોતાના વિસ્તારમાં ઓછામાં ઓછા એવા પાંચ લોકોના ઈન્ટરવ્યુ લો જે છેલ્લા દસ વર્ષથી ત્યાં રહેતા હોય. તેમને એ પુછો કે છેલ્લા ૧૦ વર્ષોમાં નવી સડકો કે રેલ્વે લાઈન બંધાવાને લીધે એ વિસ્તારમાં કેવા કેવા પરિવર્તનો આવ્યા છે.*

*અથવા*

*તમારા વિસ્તારમાં સડક બાંધનાર અધિકારી સંસ્થા વિશે માહિતી મેળવો તેન માટે કદાચ તમારે તેનો ઓફિસમાં જઈને માહિતીની વિગતો મેળવવી પડશે.*

## પાઠ સ્વાધ્યાયના જવાબો :

૧૩.૧

(૧) (અ) પૂર્વમાં સિલ્ચર અને પશ્ચિમમાં પોરબંદર આવેલાં છે.

(બ) સ્વર્ણીમ ચતુર્ભુજ, એક ભૌમિતિક ચતુષ્કોણ છે, જે આખા દેશમાં વિવિધ વિશેષતાઓ આવરી લે છે.

(૨) (અ) આ પ્રદેશોમાં રેલ્વેની ઉચ્ચ ઘનિષ્ઠતા જોવા મળે છે, જેના કારણો નીચે મુજબ છે.

પંજાબ અને હરિયાણા- ખેતીના ઉત્પાદનને લીધે


મહારાષ્ટ્ર અને ગુજરાત- ઔદ્યોગિકરણને લીધે

ઝારખંડ અને છત્તીસગઢ- ખનીજની ખાણોને લીધે

(બ) બંને જાહેર વાહનવ્યવહારના મહત્વના સાધનો છે.

- બંને પ્રદેશોના વિસ્તાર માટે જરુરી છે.
- રેલ્વેનો ઉપયોગ મોટાભાગે લાંબા અંતરોની મુસાફરી માટે થાય છે જ્યારે ટુંકા અંતરની મુસાફરી માટે સડકમાર્ગાનો ઉપયોગ થાય છે.
- રેલ્વેમાં ખૂબ ભારે વસ્તુઓ લઈ જઈ શકાય છે. સડકમાર્ગોમાં ઓછા વજનવાળી વસ્તુઓ લઈ જઈ શકાય છે.
- રેલ્વેમાં બાંધકામ તથા દેખરેખનો ખર્ચો ઘણો થાય છે.
- સડકમાર્ગોના બાંધકામ તથા દેખરેખનો ખર્ચો પ્રમાણમાં ઓછો થાય છે.

(૩) ઊંચા પર્વતો તથા કઠીન પ્રદેશને લીધે દાખલા તરીકે, સિકકીમ અને અરૂણાચલ પ્રદેશ



૧૩.૨

(૧) (અ) કોષ્ટક

| બંદર | રાજ્ય | દરિયાકાંઠો |
|---|---|---|
| કંડલા | ગુજરાત | પશ્ચિમી |
| મુંબઈ | મહારાષ્ટ્રા | પશ્ચિમી |
| જવાહરલાલ નેહરુ | મહારાષ્ટ્ર | પશ્ચિમી |
| મારમાગાંવ | ગોવા | પશ્ચિમી |
| નવું મેંગ્લોર | કર્ણાટક | પશ્ચિમી |
| કોચિ | કેરળ | પશ્ચિમી |
| તૃતીકોરીન | તમિલનાડુ | પૂર્વીય |
| ચેન્નાઈ | તમિલનાડુ | પૂર્વીય |
| વિશાખાપટ્ટનમ | આંધ્રપ્રદેશ | પૂર્વીય |
| પારાદ્રિપ | ઓરિસ્સા | પૂર્વીય |
| હલ્દિયા | પ.બંગાળ | પૂર્વીય |
| કોલકત્તા | પ.બંગાળ | પૂર્વીય |

(બ) રાજસ્થાન, હરિયાણા, પંજાબ, બિહાર વગેરેમાં કોઈ બંદર નથી, કેમ કે તે સમુદ્રથી ખુબ દૂર છે.

૧૩.૩

૧) મહારાષ્ટ્ર      ૨) હરિયાણા અને રાજસ્થાન

૩) વિધાર્થીઓના અનુભવ મુજબ

૧૩.૪

(૧) વાહન-વ્યવહારના સાધનો : યૂટીલીટી વાન, મેટ્રો રેલ્વે, ટ્રેકટર, એમ્બ્યુલન્સ, ટ્રોલી, સાઈકલ વગેરે સંદેશાવ્યવહારના સાધનો : તાર, મોબાઈલ, પોસ્ટકાર્ડ, ફેક્સ, ફેસબુક, ટવીટર

(૨) (અ) સંદેશાવ્યવહાર (બ) પોસ્ટલ સેવા (ક) ઈ-મેઈલ (ડ) આકાશવાણી (ઈ) મોબાઈલ ફોન

# ૧૪

# વસ્તી : આપણું સૌથી મોટુ સંસાધન

*આપણે ઘણાં લોકોને એવું બોલતાં સાંભળ્યા છે કે ભારતની વસ્તીએ એક મોટી સમસ્યા છે. તમને પણ તેવું લાગતું હશે. તમને ખ્યાલ છે કે ભારતની જનસંખ્યા (વસ્તી) એક અબજથી વધુ છે અને હજુ પણ વધી રહી છે. શક્ય છે, કે આગામી અમુક વર્ષોમાં તે ચીનની વસ્તી કરતા પણ આગળ વધી જાય. પછી તો ભારત દુનિયામાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બની જશે. આ દ્રષ્ટિકોણથી વસ્તી એક ભાર છે. વિકાસ અને ગુણવત્તાવાળા જીવનની આડે-આવતું એક રોડું છે પરંતુ શું આ સત્ય છે ? આઓ, તેને સમજી-વિચારીને જોઈએ.*

*શું વસ્તી એ દેશ માટે સંસાધન અને સંપત્તિ નથી ? આજે ભારતને દુનિયાભરમાં માનવશક્તિ ધરાવતો એક આગળ પડતો દેશ માનવામાં આવે છે. આખી દુનિયાના સ્તર પર ભારતનું આવું માનભર્યુ સ્થાન બનાવવામાં આપણા દેશના યુવાનો, શિક્ષિત લોકો અને ઉત્પાદકોનો મહત્વનો ફાળો છે. આ લોકો માત્ર આપણા જ નહીં, બલ્કે અન્ય દેશોના વિકાસમાં પણ મદદરૂપ થઈ રહયાં છે.*

*આ સંદર્ભે વસ્તીએ અર્થતંત્ર માટે એક સંપત્તિ છે, દેશનું સૌથી મોટું સંસાધન છે, ભાર નહી. આપણા દેશની વસ્તી કઈરીતે આપણું સૌથી મોટું સંસાધન છે તે આપણે આ પાઠમાં જોઈશું.*

## હેતુઓ :

*આ પાઠ સમાપ્ત કર્યા પછી તમે :*

- *દેશની વસ્તીને માત્ર સંખ્યા અને સમસ્યા તરીકે નહીં પણ સૌથી મોટા સંસાધન તરીકે મૂલવી શકશો.*
- *વસ્તીને માનવ સંસાધન બનાવતા પરિબળોનું વર્ણન કરી શકશો.*
- *ઊંચી સામાન્ય અને નીચી વસ્તી ઘનતા ધરાવતા વિસ્તારોને ઓળખી શકશો અને ભારતના નકશામાં તેને દર્શાવી શકશો.*

- ભારતની વસ્તીની ઘનતા અને વિતરણ (વહેંચણી) ને અસર કરતાં પરિબળો વર્ણવી શકશો.
- વસ્તીમાં રહેલા સાક્ષરતા, જાતિ, વયજૂથ તેમજ ગ્રામીણ-શહેરી ભિન્નતાના પ્રમાણને સમજાવી શકશો.
- તરૂણોની જરૂરીયાતોને સમજીને તેમને એક મહત્વના વસ્તી-જૂથ તથા વિકાસક્ષમ માનવ સંસાધન તરીકે જોઈ શકશો.
- ભારતમાં મહિલા સશક્તિકરણની જરૂરીયાત ઓળખી શકશો.
- ભારત સરકાર દ્વારા ઘડવામાં આવેલી વસ્તી વિષયક નીતિઓનું - ખાસ કરીને માનવ સંસાધન વિકાસ અંગેની નીતિઓનું - મૂલ્યાંકન કરી શકશો.

## ૧૪.૧ સંસાધન તરીકે વસ્તી :

સામાન્ય રીતે વસ્તી એટલે લોકોનો સંગ્રહ એમ આપણે સમજીએ છીએ. આવો, અહીં આપેલા ખાનામાં આપેલો વસ્તીનો અર્થ વાંચીએ. આ શબ્દ 'વસ્તી' નો અર્થ અલગઅલગ દ્રષ્ટિએ જુદો જુદો કરવામાં આવ્યો છે.

> **વસ્તી એટલે શું ?**
>
> - કોઈપણ ચોક્કસ વિસ્તારમાં રહેનારાં લોકોની કુલ સંખ્યા ( જેમ કે, ગામ,શહેર, રાજ્ય, દેશ કે વિશ્વની વસ્તી)
> - કોઈપણ સમૂહ, જ્ઞાતિ વર્ગ કે શ્રૃંખલાના લોકોની કુલ સંખ્યા (જેમ કે- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ધાર્મિક સમૂહો જેવા કે હિન્દુ, મુસ્લિમ, શિખ, ખ્રિસ્રી)
> - જીવવિજ્ઞાનની દ્રષ્ટિએ, વસ્તી એટલે કોઈપણ પ્રજાતિ અંતર્ગત (જેમ કે વાઘ, હરણ વગેરેની સંખ્યા) આગળ જતાં તમે ભણશો કે વળી અંકશાસ્ત્ર (સ્ટેટેસ્ટીક્સ) માં વસ્તીનો કંઈક જુદો જ અર્થ થાય છે.

તમને ખ્યાલ આવશે કે વસ્તી શબ્દનો જે અર્થ જીવવિજ્ઞાન કે વિજ્ઞાનના પાઠયપુસ્તકમાં કરવામાં આવ્યો હોય, તેના કરતાં જુદો જ અર્થ સામાજીક વિજ્ઞાન, ભૂગોળ, અર્થશાસ્ત્ર કે સમાજશાસ્ત્રના પુસ્તકોમાં કરવામાં આવે છે.

શું તમને જાણવું છે કે તે શું છે ? તમને અંકશાસ્ત્રના પુસ્તકોમાંથી તે અર્થ મળશે. જો કે, આ પાઠમાં વસ્તીનો અર્થ આપણે આ મુજબ કરીશું- વસ્તી એટલે કોઈ ચોક્કસ વિસ્તાર અથવા ચોક્કસ ભૌગોલિક ક્ષેત્રમાં વસતા લોકોનો સમૂહ. વસ્તીગણતરીમાં પણ આ જ અર્થ લેવામાં આવે છે. લોકોનો સમૂહ એટલે તેમની કુલ સંખ્યા એમ સામાન્ય રીતે સમજવામાં આવે છે, પરંતુ વસ્તીને એક માવન સંસાધન તરીકે પણ જોવામાં આવે છે.

સંસાધન એટલે શું ? એ કંઈક એવું છે, જેનો વારંવાર ઉપયોગ થઈ શકે છે. આવો, આપણે આ ઓરડાની ચારે બાજુએ જોઈએ. આપણને ફર્નીચર, ચોપડીઓ, નોટબુક, પેન, કપ ને બીજું ઘણુબધું દેખાય છે. આ વસ્તુઓને આપણે સસાધન માનીએ છીએ અને આપણા રોજીંદા જીવનમાં વારંવાર તેનો ઉપયોગ કરીએ છીએ.

હવે આપણે એ જાણવાની કોશિશ કરીએ કે આ વસ્તુઓ શેમાંથી બની. આ વસ્તુઓ આપણને કુદરતી સંસાધનોમાંથી મળી છે. ફર્નિચર બને છે જંગલમાંથી મળતા લાકડામાંથી પુસ્તકોને નોટબુકો બને છે - લાકડાના માવામાંથી, જે માવો આપણને જંગલમાંથી મળે છે. પેન પ્લાસ્ટિકમાંથી બને છે, જે એક પેટ્રોલિયમ પેદાશ છે. કપ માટીમાંથી બને છે, જે માટી આપણને જમીનમાંથી મળે છે. આ તમામ વસ્તુઓ ઉપરાંત આપણા રોજીંદા જીવનમાં વપરાતી ઘણીબધી ચીજવસ્તુઓ કુદરતી સંસાધનોમાંથી કાઢવામાં આવે છે અથવા તૈયાર કરવામાં આવે છે. આમ, કુદરતી સંસાધનોને લોકો જ પોતાના શારીરિક અને માનસિક પ્રયત્નો દ્વારા વપરાશની ચીજ-વસ્તુઓનું રૂપ આપે છે.

**? શું તમે જાણો છો**

પહેલાં ભારત સરકારમાં જે શિક્ષણ અને સંસ્કૃતિ મંત્રાલય હતું તેને ૧૯૮૫ માં બદલીને માનવસંસાધન મંત્રાલય બનાવવામાં આવ્યું. ઘણાં રાજ્યોએ પણ આ કર્યુ. આ વિગતથી ખ્યાલ આવે છે કે લોકોને માનવસંસાધન તરીકે જોવાના વિચારને ઘણી જગ્યાએ સ્વીકારવામાં આવ્યો છે.

જો સંસાધન એટલે એવું કંઈક હોય, જેને ઉપયોગ અને પુનઃઉપયોગમાં લઈ શકાતું હોય, તો વસ્તીને કેવી રીતે સંસાધન માની શકાય ? આપણે જાણીએ છીએ કે ખેતરોમાં ઉગાડવામાં આવતું અનાજ, ખાણમાંથી મેળવવામાં આવતા ખનીજો, કારખાનાઓમાં ઉત્પન્ન કરાતો માલ-આ બધું જ લોકો જ બનાવે છે. દેશની વસ્તી જ પોતાનું જીવન આરામદાયક બનાવવા માટે વિવિધ સવલતો અને સેવાઓ વિકસાવે છે. જેવી કે વાહનવ્યવહાર-પરિવહન, સંદેશાવ્યવહાર, શાળાઓ, કોલેજો, વિજળી, દવાખાનાઓ જેવી આ સવલતો દેશના વિકાસમાં મહત્વનું યોગદાન આપે છે.

આ તમામ સવલતો ઊભી કરવાનું અને તેમને ઉપયોગી સંસાધન તરીકે વિકસાવવાનું કાર્ય માણસો જ કરે છે, તેથી તેઓ પોતે શ્રેષ્ઠ સંસાધન ગણાય છે.

આમ, માનવ સંસાધનની હાજરી વગર બીજા સંસાધનોનો ઉપયોગ અને વિકાસ થઈ શકે નહી. તેથી જ દેશની વસ્તીની સંખ્યા અને ગુણવત્તા જ તેનું સૌથી સાચું અને અગત્યનું સંસાધન છે.

ઉપર કરેલી ચર્ચાની દ્રષ્ટિએ જોઈએ તો જ્યારે આપણે વસ્તી ગણતરી મુજબ લોકોની ફક્ત સંખ્યા જ જોઈશું, તો આપણને તે સંખ્યા મોટી જવાબદારી જેવી લાગશે પરંતુ જો વસ્તીના લોકોની ગુણવત્તા સારી હશે તો તેઓ માનવમૂડી કહેવાશે. દેશની વસ્તીને માનવમૂડી બનાવવા માટે તેમની માટે મોટું રોકાણ કરવું પડે, જેમાંથી તેમના સ્વાસ્થ્ય અને પોષણ, શિક્ષણ અને વિશેષ તાલીમની વ્યવસ્થા થાય અને તેમના જીવનની ગુણવત્તા સુધરે.

સરકાર અને સમાજ દ્વારા લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે કરવામાં આવતા રોકાણનું ઘણું મહત્વ છે. દરેક વ્યક્તિ પોતાનો વિકાસ કરીને દેશના વિકાસની પ્રક્રિયામાં પોતાનો ફાળો આપે તે ખૂબ જ જરૂરી છે.

આથી, એ સમજવું પડે કે લોકોએ માનવ સંસાધન તરીકે પોતે વિકાસ પામે છે અને દેશના વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર પણ બને છે.

આપણે આગળ ચર્ચા કરી તે મુજબ લોકોની માત્ર સંખ્યા જ તેમને સંસાધન નથી બનાવતી પણ કેટલાક પરિબળો છે જેને લીધે લોકો એક ઉપયોગી સંસાધન બને છે.

**? શું તમે જાણો છો**

**માનવ મૂડી :** છેલ્લા કેટલાંક વર્ષોમાં, નોકરી-ધંધો કરતાં કમર્ચારીઓ માટે વાપરવામાં આવતા અમુક શબ્દો બદલાયા છે. પહેલાં તેમને કર્મચારી કહેવામાં આવતા, પછી માનવસંસાધન અને હવે માનવ-મૂડી કહેવામાં આવે છે. માનવમૂડી શબ્દ માણસોમાં રહેલી આર્થિક ઉત્પાદકતાના ગુણને દર્શાવે છે. 'માનવમૂડી' શબ્દમાં માનવશ્રમમાં જે ઉત્પાદન માટેની આવડતો અને યાંત્રિક જ્ઞાન રહેલાં છે, તેનો નિર્દેશ થાય છે.

**વસ્તીગણતરી :** એક ચોકક્સ વસ્તીના સભ્યો અંગે વ્યવસ્થિત માહિતી ભેગી કરીને નોંધવાની પ્રક્રિયા એટલે વસ્તીગણતરી. મોટાભાગે દર દસ વર્ષે સરકાર દ્વારા ઘેરઘેર જઈને કરવામાં આવતી રાષ્ટ્રિય વસ્તી ગણતરી માટે આ શબ્દ વાપરવામાં આવે છે. રાજ્ય સરકારોની સહાયતાથી ભારત સરકાર વસ્તી ગણતરી કરે છે જેમાં દેશના લોકોની વિવિધ સામાજિક, આર્થિક અને ભૌતિક માહિતીની નોંધ રાખવામાં આવે છે.

**વસ્તીને એક સંસાધન બનાવતાં પરિબળો :**

એવાં કયાં પરિબળો છે જે વસ્તીને એક સંસાધન બનાવે છે. ઉપર આપેલી ચર્ચામાંથી તમે તારવી શકશો કે શિક્ષણ, લોકોના આરોગ્ય અને પોષણનું સ્તર અને તેમની ખાસ કેળવણી દ્વારા વસ્તી એક ગુણવત્તાવાળું સંસાધન બને છે. પણ આ પરિબળો ઉપરાંત પણ બીજા એવા કેટલાક મહત્વના સામાજિક-ભૌતિક પરિબળો છે. જેઓ વસ્તીને સંસાધન બનાવવામાં મહત્વનો ફાળો આપે છે. આ પરિબળો છે. i) વસ્તીની વહેંચણી ii) વસ્તીમાં આવતાં પરિવર્તનો iii) વસ્તી - વિન્યાસ આ ત્રણ પરિળોને સમજીએ. સૌ પ્રથમ સમજીશું વસ્તીની વહેંચણી.

## પાઠ સ્વાધ્યાય ૧૪.૧


૧. *સંસાધન એટલે શું ?*

૨. *વ્યક્તિને સંસાધન બનાવતા મહત્વના ગુણ જણાવો.*

## ૧૪.૨ વસ્તીની વહેંચણી :

*તમે જાણો છો કે કુદરતી અથવા કૃત્રિમ સંસાધનો બધા સ્થળે એકસરખી રીતે વહેંચાયેલા હોતા નથી. દાખલા તરીકે, જંગલો, કાચું લોખંડ અથવા કોલસા જેવા કુદરતી સંશાધનો આખી દુનિયામાં કે આખા ભારતમાં બધી જગ્યાએ સરખા પ્રમાણમાં મળી આવતા નથી. માનવ સંશાધનોની વાત પણ એવી જ છે. તે પણ આખા વિશ્વમાં એકસરખા વહેંચાયેલા નથી અને તેમની સંખ્યા પણ બદલાતી રહે છે. કોઈ એક રાજ્ય અથવા આખા દેશમાં, કોઈ ચોક્કસ વિસ્તારમાં આવેલી વસ્તીને વસ્તીની વહેંચણી કહે છે.*

*નીચે આકૃતિ ૧૪.૧ માં આપેલા ભારતના નકશાને તમે જોશો તો તમને બહુ રસપ્રદ લાગશે. આ નકશો ભારતના રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોમાં વસ્તી કેવી રીતે ફેલાયેલી છે તે દર્શાવે છે. આ બાબતને ટપકાં દ્વારા દર્શાવવામાં આવી છે. એક ટપકું પાંચ લાખ લોકોનો સમૂહ દર્શાવે છે. તમને દેખાશે કે અમુક રાજયોનો વિસ્તાર ઘણો વધારે હોવાછતાં તેમાં ટપકાઓની સંખ્યા ઓછી છે. તેનો અર્થ એ થાય, કે એ રાજયોમાં વસ્તી ખૂબ છૂટીછવાયી છે અથવા તો થોડીક સમાન રીતે ફેલાયેલી છે પરંતુ, બીજા અમુક રાજયોમાં દર્શાવેલા ટપકાં એકબીજાથી એટલા નજીક છે, કે જાણે કોઈ ચિત્ર દોર્યુ હોય તેવું લાગે. આવી જગ્યાએ વસ્તી ઘણી ગીચ રીતે પ્રસરેલી છે. ચાલો, આપણે સૌથી ગીચ વસ્તી ધરાવતા, થોડીઘણી ગીચ વસ્તી ધરાવતા અને છૂટીછવાયી વસ્તી ધરાવતા રાજયો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોની યાદી બનાવીએ.*




**આકૃતિ ૧૪.૧**

**ભારતમાં વસ્તીની વહેંચણી**

## ૧૪.૩ વસ્તીની ગીચતા/ ઘનતા

*ઉપરની આકૃતિમાં દર્શાવેલી માહિતીના આધારે કોઈપણ બે રાજ્યોની વસ્તીની ગીચતાની સરખામણી ખૂબ રસપ્રદ બનશે. ચાલો આપણે નકશામાં દર્શાવેલ મહારાષ્ટ્ર અન પશ્ચિમબંગાળ રાજ્યોને જોઈએ. (આકૃતિ ૧૪.૧) બેઉ રાજ્યોમાં વસ્તીનો ફેલાવો જુદીજુદી રીતે થયેલો છે. પહેલી નજરે જોતાં એમ લાગે કે પશ્ચિમ બંગાળમાં મહારાષ્ટ્ર કરતાં વધુ વસ્તી છે. પણ આ વાત સાચી નથી. મહારાષ્ટ્રમાં પશ્ચિમબંગાળ કરતાં વસ્તી વધુ છે, પરંતુ તેનો વિસ્તાર પ.બંગાળ કરતાં વધારે છે. એટલે તેની વસ્તી ઓછી દેખાય છે. આમ, ફકત લોકોની સંખ્યાની દ્રષ્ટિએ બે રાજ્યોની વસ્તી સરખાવી ન શકાય. સાથેસાથે તે રાજ્યો કેટલો વિસ્તાર ધરાવે છે તે પણ જોવું પડે. તેથી જ, વિવિધ દેશ-પ્રદેશોની વસ્તની સરખામણી કરવા માટે વસ્તીની ગીચતા ધ્યાનમાં લેવામાં આવે છે.*

**શું તમે જાણો છો**


*વસ્તીની ઘનતા : કોઈ ચોક્કસ વિસ્તારના એક એકમમાં વસતા લોકોની સંખ્યાને વસ્તીની ગીચતા અથવા ઘનતા કહે છે. સામાન્ય રીતે*

*વસ્તીની ઘનતા દર ચોરસ કિ.મી. (સ્કવેર કિ.મી.) માં આવેલા લોકોની સંખ્યા તરીકે દર્શાવવામાં આવે છે. આ ગણતરી માટેનું સુત્ર છે.*

$$\text{વસ્તીની ઘનતા} = \frac{\text{કોઈ ચોક્કસ વિસ્તારના એક એકમમાં વસતા લોકોની સંખ્યા}}{\text{તે ચોક્કસ વિસ્તારનું કુલ ક્ષેત્રફળ (કુલ ચોરસમાં કિ.મી.)}}$$

*વસ્તીની ગીચતા /ઘનતા નક્કી કરવા માટે કોઈ ચોક્કસ વિસ્તારના કોઈ ચોક્કસ વિભાગમાં રહેતા લોકોની સંખ્યાને તે આખા વિસ્તારના કુલ ક્ષેત્રફળથી ભાગવામાં આવે છે. (વિભાજીત કરવામાં આવે છે.) આમ કરવાથી તે વિસ્તારમાં (દર ચોરસ કિલોમીટરે વસેલા) રહેતા લોકોની સરાસરી સંખ્યા જાણવા મળે છે. દાખલા તરીકે, આપણે ધારીએ કે કોઈ જિલ્લાની વસ્તી છે. ૨,૫૦,૦૦૦ અને તેનું ક્ષેત્રફળ છે. ૧૦૦૦ ચોરસ કિ.મી.આ વિસ્તારમાં વસ્તીની ઘનતા નીચે મુજબ ગણી શકાય.*

$$\text{વસ્તીની ઘનતા} = \frac{\text{૨,૫૦,૦૦૦ વ્યક્તિ}}{\text{૧૦૦૦ ચો.કિ.મી.ક્ષેત્રફળ}} = \text{૨૫૦ વ્યક્તિ પ્રતિ ચો.કિ.મી.}$$




**આકૃતિ ૧૪.૨ : ભારતમાં વસ્તીની ઘનતા**

**વસ્તી :** *આપણું મુખ્ય સંશાધન*

*આકૃતિ ૧૪.૨ નો નકશો દર્શાવે છે કે ભારતમાં વસ્તીની ઘનતા અસમાન છે. દરેક રાજ્યમાં વસ્તીની ઘનતા જુદાજુદા પ્રમાણમાં છે.*

## મનોયત્ન ૧૪.૧




*ભારત આકૃતિ ૧૪.૨ જુઓ અને એ રાજ્યોના નામ જણાવો જ્યાં વસ્તીની ઘનતા સૌથી વધુ (૫૦૦ કરતાં વધુ વ્યક્તિ પ્રતિ વસ્તીની ઘનતા ચો.કિ.મી) સામાન્ય (૧૦૦-૫૦૦ વ્યક્તિ પ્રતિ ચો.કિ.મી.) અને ઓછી (પ્રતિ ચો.કિ.મી.એ ૧૦૦ કરતાં ઓછા વ્યક્તિ) હોય.*


*વસ્તીની વધુ ઘનતા સામાન્ય ધરાવતા રાજ્યો , વસ્તીની સામાન્ય ઘનતા ધરાવતા રાજ્યો, વસ્તીની ઓછી ઘનતા ધરાવતા રાજ્યો*


*શું વસ્તીની ઘનતામાં આવો તફાવત હોવાના કારણો તમે જણાવી શકો ?*

**સંકેત :**

*પ્રતિકૂળ / વિષમ આબોહવા, ખાડા-ટેકરાવાળા વિસ્તારો અને ઓછી ફળદ્રુપતાવાળી જમીનએ વસ્તીની ઓછી ઘનતા માટેના મુખ્ય જવાબદાર કારણો છે. ફળદ્રુપ જમીન, પૂરતો વરસાદ, સિંચાઈની પૂરતી વ્યવસ્થા, મધ્યમ આબોહવા અને શહેરીકરણ જેવા પરિબળો વસ્તીની ઘનતા વધારવા માટે જવાબદાર બને છે. જ્યારે, ઓછી વિકસીત સિંચાઈ વ્યવસ્થા, સાધારણ વરસાદ, સામાન્ય ફળદ્રુપતાવાળી જમીન અને અમુક અંશે પથરાળ/રેતાળ સપાટીવાળી જમીન જેવા કારણોને લીધે વસ્તીની ઘનતા સામાન્ય જોવા મળે છે.*

*આ પરિબળો બદલાયા પણ કરે છે. તમે આકૃતિ ૯.૩ માં જોઈ શકશો કે ઈ.સ.૧૯૦૧ માં ભારતમાં વસ્તીની ઘનતા દર ચો.કિ.મી.એ ૭૭ વ્યક્તિ હતી. આ ઘનતા ઝડપથી વધતી જઈને ૧૯૩૧ માં ૯૦ વ્યક્તિ પ્રતિ ચો.કિ.મી.થી માંડીને ઈ.સ.૨૦૦૧ માં ૩૨૫ વ્યક્તિ પ્રતિ ચો.કિ.મી.થઈ ગઈ. તમને જાણવું ગમશે કે ભારતમાં કયા રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં વસ્તીની ઘનતા સૌથી વધુ છે. તે માટે તમારે વસ્તી ગણતરીનો રિપોર્ટ જોવો પડે.*







*૨૦૦૧ ના વસ્તી ગણતરી રિપોર્ટ મુજબ દિલ્હીને રાષ્ટ્રિય રાજધાની પ્રદેશ (એન.સી.ટી. દિલ્હી) માં વસ્તીની ઘનતા સૌથી વધુ છે. (૯૩૪૦ વ્યક્તિ પ્રતિ ચો.કિ.મી. તેના પછીના ક્રમે આવે છે ચંદીગઢનો કેન્દ્રશાસિત પ્રદેશ (૭૯૦૦ વ્યક્તિ પ્રતિ ચો.કિ.મી.) અરૂણાચલ પ્રદેશમાં વસ્તીની ઘનતા સૌથી ઓછી છે. (૧૩ વ્યક્તિ પ્રતિ ચો.કિ.મી.) રાજ્યોમાં સૌથી વધુ વસ્તી ઘનતા ધરાવતું રાજ્ય પશ્ચિમ બંગાળ છે. (૯૦૩ વ્યક્તિ પ્રતિ ચો.કિ.મી.)*

**વસ્તીની વહેંચણી અને ઘનતાને અસર કરતાં પરિબળો :**

*વસ્તીની વહેંચણી શાથી અસમાન હોય છે ? સ્વાભાવિક રીતે એમ બને છે કે જ્યાં બધા સંસાધન અને સગવડ આસાનાથી મળી રહેતા હોય ત્યાં લોકોને વધુ રહેવાનું ગમે. એટલે કે, જ્યાં રોજગાર, તાજુ પાણી, ખોરાક, રહેઠાણ, ફળદ્રુપ જમીન મળી રહે ત્યાં લોકોને રહેવાનું મન થાય. આ સંશાધનો ઉપલબ્ધ હોય કે ન હોય એ વાતનો આધાર વળી બીજા ભૌગોલિક પરિબળો ઉપર રહે છે, જેને લીધે વસ્તી અસમાન રીતે વહેંચાયેલી જોવા મળે છે. વસ્તીની વહેંચણી અને ઘનતા ઉપર અસર કરતાં પરિબળોને આપણે મુખ્ય બે વિભાગમાં વહેંચી શકીએ : ભૌતિક અને સામાજિક-આર્થિક.*

**એ) ભૌતિક પરિબળો :**

*ત્રણ મુખ્ય ભૌતિક પરિબળો વસ્તીની વહેંચણી અને ઘનતા માટે જવાબદાર બને છે. ભૂપૃષ્ઠ, આબોહવા અને જમીન.*


(i) *ભૂપુષ્ઠ :*

*તમે પર્વતીય પ્રદેશો અને મેદાનોમાં આવેલા સ્થળોએ ગયા હશો તો જોયું હશે કે મેદાનોવાળા પ્રદેશો કરતાં પહાડી પ્રદેશોમાં વસ્તી ઓછી ગીચ હોય છે. જે પ્રદેશના ઉચાણવાળા વિસ્તારો અને નીચાણવાળા વિસ્તારોમાં ખૂબ તફાવત કે ઢાળ જોવા મળતાં હોય ત્યાં એકથી બીજા સ્થળે પહોંચતા તકલીફ છે. આ બાબત વસ્તીની ઘનતા પર સીધી જ અસર કરે છે. જે વિસ્તારોમાં આસાનાથી પહોંચી શકાતું હોય ત્યાં વધ્ લોકો વસતા જોવા મળે છે. તેથી જ પહાડી વિસ્તારોમાં કે ઉચ્ચ પ્રદેશોમાં વસ્તી ઓછી ગીચ હોય છે. જ્યારે મેદાનોના પ્રદેશોમાં વસ્તી વધુ ગીચ હોય છે. જો તમે ઉત્તરીય મેદાનોની વસ્તીની ગીચતા અને વહેંચણીની સરખામણી હિમાલયના પ્રદેશોની વસ્તી સાથે કરશો તો ભૂપૃષ્ઠ પરની અસમાનતાની આવી અસરનો ખ્યાલ તમને આવશે.*

**ભૌતિક લાક્ષણિકતાઓ (વસ્તીની વહેંચણી તથા ઘનતાને અસર કરે છે.)**

- *પર્વતો*
- *સિંધુ ગંગાના મેદાનો*
- *થારનું રણ*

(વસ્તીની વહેંચણીને અસર કરતા પરિબળો)




આકૃતિ ૧૪.૪

ભૂપૃષ્ઠ જમીનની સપાટીની ઊંચાળનીચાણવાળી ગોઠવણી - જમીનની સપાટીની ઊંચાઈમાં રહેલા તફાવતો જેને લીધે પર્વતો અને ખીણો બને છે.

**(ii) આબોહવા**

વસ્તીની વહેંચણી અને ઘનતાને અસર કરતા પરિબળોમાંથી એક મહત્વનું પરિબળ છે. આબોહવા અનુકુળ આબોહવામાં લોકો સરળતાથી જીવી શકે છે. જે વિસ્તારની આબોહવા સારી હોય ત્યાં વસ્તીની ગીચતા વધુ જોવા મળે છે. પરંતુ જે વિસ્તારોમાં પ્રતિકુળ આબોહવા હોય એટલે કે તાપમાન ખૂબ ગરમ, ખૂબ ઠંડુ, ખૂબ સૂકું કે ખૂબ ભેજવાળું રહેતું હોય ત્યાં વસ્તીની ઘનતા ઓછી જોવા મળે છે. ભારતના ખૂબ સુખી આબોહવા ધરાવતા રાજસ્થાનમાં ખૂબ ઠંડુ તાપમાન ધરાવતા જમ્મૂ કાશ્મીરના ખીણ પ્રદેશમાંથી હિમાચલપ્રદેશમાં અને ઉત્તરાખંડમાં વસ્તીની ઘનતા ઓછી જોવા મળે છે.

**(iii) જમીન**

ખેતી માટે માણસો જમીનની ગુણવત્તા ઉપર આધાર રાખે છે તેથી જ ફળદ્રુપ જમીન ધરાવતા વિસ્તારોમાં વસ્તીની ગીચતા પણ વધુ હોય છે. આવા કારણોસર જ ઉપજાઉં માટી ધરાવતા ઉત્તર ભારતના મેદાનો અને દરીયાકાંઠાના મેદાનોમાં વસ્તીની ઘનતા ઘણી વધુ જોવા મળે છે. આથી વિપરીત ઓછી ફળદ્રુપ જમીનવાળા મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢના વિસ્તારોના વસ્તીની ઘનતા ઘણી ઓછી જોવા મળે છે.

**(બી) સામાજીક આર્થિક પરિબળો :**

વસ્તીની વહેંચણી વિવિધ સામાજીક, આર્થિક પરિબળો ઉપર પણ આધાર રાખે છે.

**(૧) શહેરીકરણ અને ઔધોગિકરણ**

તમને ખ્યાલ હશે જ કે ઉધોગો જયાં હોય તેવા વિસ્તારોમાં ઘણાબધા લોકો વસતા હોય છે. લોકોને શહેરી વિસ્તારોમાં રહેવું ગમતું હોય છે. વધુ ખનીજ ધરાવતા વિસ્તારો પણ વધુ વસ્તી આકર્ષતા હોય છે. ઝારખંડમાં આવેલા ખાણવાળા વિસ્તારોમાં ગીચ વસ્તી છે. આવું એથી બને છે કે આવા વિસ્તારોમાં ઘણી આર્થિક પ્રવૃત્તિઓ અને રોજગારની તકો ઉપલબ્ધ હોય છે. તદ્ઉપરાંત આવી જગ્યાઓએ શિક્ષણ અને આરોગ્યની સવલતો પણ સારી હોય છે. આપણે જાણીએ છીએ કે દિલ્હી, મુંબઈ, બેંગ્લુરૂ, કોલકત્તા, હૈદરાબાદ, ચેન્નઈ અને ભારતના એવા બીજા ઘણા મોટા શહેરોમાં વસ્તી ઘણી ગીચ છે.

ઉપર દર્શાવેલા તમામ પરિબળો એકબીજા સાથે જોડાઈને અસર કરે છે. આપણે ગંગાના મેદાનોમાં આવેલી ગીચ વસ્તીનું ઉદાહરણ લઈ શકીએ. અહી વસ્તીની ગીચતાના કારણરૂપ પરિબળો આ બધાં જ છે. જેમ કે, સમથળ જમીન, ફળદ્રુપ માટી, અનુકુળ આબોહવા, ઔધોગિકરણ અને શહેરીકરણ અને પ્રમાણમાં સુવિકસિત વાહનવ્યહાર અને સંદેશાવ્યવહાર. બીજી તરફ ખાડાટેકરાવાળો વિસ્તાર, પ્રતિકુળ આબોહવા, નબળો વાહનવ્યવહાર તેમજ નબળો સંદેશાવ્યવહાર જેવા પરિબળોને લીધે અરૂણાચલપ્રદેશમાં વસ્તીની ગીચતા સાવ ઓછી છે.

**મનોયત્ન ૧૪.૨**

પાઠ ૧૧ - આપણી માતૃભુમિનું મલકતું મુખમાંથી ભારતના ભૌગોલિક વિભાગો દર્શાવતા નકશામાં ઉત્તરના પર્વતો અને દ્રિપકલ્પના ઉચ્ચ પ્રદેશોનો અભ્યાસ કરો.

આકૃતિ ૧૪.૧, ૧૪.૨ અને ૧૪.૪ માં આપેલી માહિતી ધ્યાનમાં રાખીને આ નકશાઓ વાંચો. વસ્તીની વહેંચણી અને ગીચતાની આ નકશાઓને અંદરોઅંદર સરખાવી જુઓ અને એ વિસ્તારોને ઓળખાવો. જયાંની ભૌતિક પરિસ્થિતિઓ લોકોના વસવાટ માટે અનુકુળ હોય.

## સ્વાધ્યાય ૧૪.૨

૧. ઈ.સ.૨૦૦૧ ની વસ્તી ગણતરી અનુસાર નીચે દર્શાવેલ રાજ્યો પૈકી સૌથી વધુ ગીચ વસ્તી ધરાવતું રાજ્ય કયું ?

(એ) પશ્ચિમબંગાળ (બી) કેરાલા (સી) તમિલનાડું (ડી) ઉત્તરપ્રદેશ

૨. એક જિલ્લાની વસ્તી ત્રણ લાખ છે ત્યાનું ક્ષેત્રફળ ૧૦૦૦ ચો.કિ.મી. છે. અહી વસ્તીની ઘનતા કેટલી હશે ?

(એ) ૧૫૦ વ્યક્તિ ચો.કિ.મી. (બી) ૨૦૦ વ્યક્તિ ચો.મી.

(સી) ૨૫૦ વ્યક્તિ ચો.મી. (ડી) ૩૦૦ વ્યક્તિ ચો.મી.

૩. દિલ્હી, મુંબઈ, કલકત્તા અને ચેન્નઈ જેવા મોટા શહેરોમાં વસ્તીની ગીચતા માટે જવાબદાર હોય તેવા મુખ્ય ચાર પરિબળો જણાવો.

૪. ઉત્તરાખંડમાં વસ્તીની ઘનતા કેમ ઓછી છે. બે કારણો આપો.

## ૧૪.૪ વસ્તીમાં પરિવર્તન

કોઈપણ દેશની વસ્તીની ગુણવત્તાનો આધાર વસ્તીમાં આવતા પરિવર્તન ઉપર રહે છે. આ પરિવર્તન વસ્તીમાં વધારા કે ઘટાડારૂપે આવતું હોય છે. ભલે વિશ્વની વસ્તી વધી રહી છે. પરંતુ ઘણા દેશ એવાં પણ છે, જયાં વસ્તી ઘટી રહી છે. વસ્તીમાં થતો વધારો કે ઘટાડો માનવ સંસાધનની ગુણવત્તા ઉપર સીધી જ અસર કરે છે. જો વસ્તીમાં ખૂબ ઝડપથી વધારો થાય તો દેશમાં ઉપલબ્ધ સંસાધનો અને લોકોની સંખ્યા વચ્ચે અસંતુલન ઊભું થાય. આવી સ્થિતિ માનવસંસાધનની ગુણવત્તા ઉપર વિપરીત અસર કરે.

ભારતની વસ્તી ઘણા લાંબા સમયથી વધી રહી છે. ઈ.સ.૧૯૦૧ માં ર૩૮ કરોડની વસ્તી હતી જે ઈ.સ.૨૦૦૧ સુધીમાં ૧૦૨૮ કરોડ થઈ ગઈ અને હજુ વધી રહી છે. વસ્તીમાં થયેલો આ વધારો એક સદીમાં ચાર ગણો થયો છે તો બીજી તરફ, પશ્ચિમ યુરોપમાં એવાં દેશો છે જયાં વસ્તી ઘટી રહી છે. આવું કેમ છે ? ચાલો, આપણે એ પરિબળોને ચકાસીએ જેનાથી વસ્તીમાં આવાં પરિવર્તનો થાય છે.

### વસ્તી-પરિવર્તનના પરિબળો


કોઈપણ દેશમાં થતા વસ્તીવધારા કે ઘટાડા પાછળ ત્રણ જનસંખ્યાયિક પરિબળો જવાબદાર હોય છે. (એ) જન્મદર (બી) મૃત્યુદર (સી)સ્થળાંતર, જન્મદર તથા મૃત્યુદરને ઘણાં સામાજીક - આર્થિક પરિબળો પણ અસર કરતાં હોય છે, જેને લીધે આખરે વસ્તી-પરિવર્તન થાય છે. જો કે,

આકૃતિ ૧૪.૫ દ્વારા તમે સમજી શકશો કે આપણા દેશમાં થતા ઝડપી વસ્તીવધારા પાછળ મુખ્યત્વે જવાબદાર કારણો છે- ઊંચો જન્મદર અને નીચો મૃત્યુદર. રાષ્ટ્રીય સ્તર પર વસ્તીવધારા માટે સ્થળાંતર ખાસ મહત્વનું પરિબળ બનતું નથી.

વસ્તીનો જન્મ, મૃત્યુ અને વૃદ્ધિનો દર

સ્થિર ધીમો ઉચ્ચ ઘટતો

વસ્તી વધારાનો દર, જન્મદર, મૃત્યુદર (૧૯૬૧-૨૦૦૧):




**આકૃતિ ૧૪.૫ વસ્તીવધારો**

તમે આકૃતિ ૧૪.૫ નું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરશો તો જણાશે કે ઈ.સ. ૧૯૨૧ થી મૃત્યુદર ઘટી રહયો છે. જો કે, મૃત્યુદર જન્મદર કરતાં વધુ ઝડપથી ઘટયો. આ રીતે જન્મદર અને મૃત્યુદર વચ્ચેનું અંતર વધતું ગયું ને એ રીતે વસ્તી પણ વધતી ગઈ. તમે આકૃતિ ૧૪.૬ ઉપર નજર દોડાવશો તો પણ દસકાઓ દરમ્યાન વધેલી વસ્તીનો ખ્યાલ આવશે. દસકામાં જોઈએ તો ઈ.સ. ૧૯૮૧ અને ૧૯૯૧ વચ્ચે તેમજ ૧૯૯૧ થી ૨૦૦૧ વચ્ચે વસ્તીવધારાનો દર ઘટેલો જણાય છે. આ એક સારી નિશાની છે. પરંતુ એ જાણીને તમને આશ્ચર્ય થશે કે વસ્તીવધારાનો દર ઘટવા છતાં વસ્તીની કુલ સંખ્યામાં તો સતત વધારો થતો જ જાય છે. જન્મદર અને મૃત્યુદરના પરિણામોના આધાર પર ૧૯૦૧ થી ૨૦૦૧ સુધીના સમયગાળાને વસ્તીવધારાની દ્રષ્ટિએ ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. સ્થિર, ધીમો ઝડપી અને ઘટતા દરવાળો વસ્તીવધારો.

### ? શું તમે જાણો છો

**જન્મદર :** એક ચોક્કસ વિસ્તારમાં કોઈ વર્ષે દર હજારની વસ્તીએ જન્મેલા બાળકોની સંખ્યાને શુદ્ધ જન્મદર કહેવાય છે. આમ,

$$\text{જન્મદર} = \frac{\text{એક ચોક્કસ વિભાગમાં એક ચોક્કસ થયેલા જીવંત જન્મોની સંખ્યા}}{\text{તે વિસ્તારમાં મધ્યવર્ષ દરમ્યાનની વસ્તીની સંખ્યા}} \times \text{૧૦૦૦}$$

સુધારો કે કોઈ જીલ્લામાં કોઈ એક વર્ષમાં કુલ જીવંત જન્મેલા બાળકોની સંખ્યા ૮૦૦ હોય અને ત્યાં વર્ષની મધ્યમાં વસ્તીની સંખ્યા ૨૫૦૦૦ હોય, તો

$$\text{જન્મદર} = \frac{\text{૮૦૦}}{\text{૨૫૦૦૦}} \times \text{૧૦૦૦} = \text{૩૨ દર હજારની વસ્તીએ}$$

**મૃત્યુદર :** એક ચોક્કસ વિસ્તારમાં એક ચોક્કસ વર્ષ દર હજારની વસ્તીએ મૃત્યુ પામતા લોકોની સંખ્યાને શુદ્ધ મૃત્યુદર કહે છે. આમ, (મૃત્યુદર)

$$\text{મૃત્યુદર} = \frac{\text{કોઈ ચોક્કસ વિસ્તારમાં કોઈ ચોક્કસ વર્ષે મૃત્યુ પામનારાની સંખ્યા}}{\text{તે વિસ્તારમાં મધ્યવર્ગીય વસ્તીની સંખ્યા}} \times \text{૧૦૦૦}$$


ધારો કે કોઈ જિલ્લામાં કોઈ એક વર્ષ દરમ્યાન મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૬૦૦ હોય અને તેની મધ્યવર્ષીય વસ્તી-સંખ્યા ૨૫૦૦૦ હોય, તો

$$\text{મૃત્યુદર} = \frac{\text{૬૦૦}}{\text{૨૫૦૦૦}} \times \text{૧૦૦૦} = \text{૨૪ દર હજારની વસ્તીએ}$$

**પ્રાકૃતિક વૃદ્ધિ દર :**

પ્રાકૃતિક વૃદ્ધિ દર એ જન્મદર અને મૃત્યુદર વચ્ચેનો તફાવત છે. તેથી, પ્રાકૃતિક વૃદ્ધિ દર = જન્મદર-મૃત્યુદર

ધારો કે, કોઈ એક વિસ્તારમાં કોઈ એક વર્ષ દરમ્યાન જન્મદર ૩૨ અને મૃત્યુદર ૨૪ છે, તેથી અહીં પ્રાકૃતિક વૃદ્ધિ દર રહેશે. ૩૨-૨૪=૮ પ્રતિહજારની વસ્તીએ.




**આકૃતિ ૧૪.૬ ભારતમાં દસકાવાર વસ્તીવધારો (૧૯૦૧-૨૦૦૧)**

જેવું કે આપણે ૨૦ મી સદીની શરૂઆતથી જોઈએ છીએ, કે ભારતની વસ્તી ૧૯૨૧ સિવાય કાયમ જ કુલ સંખ્યા તરીકે વધી છે. ૧૯૨૧ ને ભારતની વસ્તીના જનસાંખ્યયિક ઈતિહાસમાં ''મહાન વિભાજન''નું વર્ષ ગણવામાં આવે છે, કારણ કે ૧૯૨૧ પછી વસ્તીમાં સતત વધારાનું વલણ ચાલુ થયું.

ચાલો આપણે ભારતમાં ઝડપી વસ્તીવધારાના કારણો જોઈએ. મુખ્ય કારણોમાં આવે છે નિરક્ષરતા, નબળું શિક્ષણ અને અપૂરતી આરોગ્ય-સંભાળ, અપૂરતું પોષણ અને ગરીબી. તે સિવાય પણ અગત્યના સામાજિક-આર્થિક પરિબળો છે જેમ કે પુરુષ બાળકોમાં છોકરાઓને અપાતી પ્રથમ પસંદગી, બાળલગ્ન, ધાર્મિક માન્યતાઓ અને મહિલાઓનું સમાજમાં નીચું સ્થાન.

## સ્વાધ્યાય ૧૪.૩

૧. જો કોઈ વિસ્તારમાં જન્મદર હજારે ૪૫ અને મૃત્યુદર હજારે ૨૫ છે તો પ્રાકૃતિક વૃદ્ધિ દર કેટલો હશે ?


અ) ૧૫ પ્રતિહજાર (બ) હજારે ૧૮

ક) ૨૦ પ્રતિહજાર (ડ) હજારે ૨૫

૨. ભારતમાં ઝડપી વસ્તીવધારા માટે નીચેના પૈકી કયું કારણ સૌથી વધુ જવાબદાર છે ?

અ) ઊંચો જન્મદર અને ઊંચો મૃત્યુદર

બ) જન્મદર અને નીચો મૃત્યૃદર



ક) નીચો જન્મદર અને નીચો મૃત્યુદર

ડ) નીચો જન્મદર અને ઊંચો મૃત્યુદર

૩. ઈ.સ. ૧૯૨૧ ને જનસાંખ્યિક મહાન વિભાજન વર્ષ શાથી કહેવામાં આવે છે ?

## ૧૪.૫ વસ્તી વિન્યાસ

અત્યાર સુધીમાં આપણે વસ્તીની વહેંચણી, ઘનતા અને વસ્તીવધારા વિશે જાણ્યું. તમને ખ્યાલ આવ્યો હશે કે જન્મદર અને મૃત્યુદર વચ્ચેનો તફાવત વસ્તી-પરિવર્તનની ઝડપ અને વલણ નક્કી કરે છે. આ તફાવત વસ્તીનો વિન્યાસ પણ દર્શાવે છે, જેના દ્વારા વસ્તીની માનવસંસાધન તરીકેની ગુણવત્તા અને વસ્તી વધારાની ઝડપ ઉપર પણ અસર થાય છે.

વસ્તી શું છે ? વસ્તી સરચનાએ વસ્તીનું વર્ણન છે, જેમાં ઉંમર, જાતિ, શહેરી-ગ્રામ્ય વસ્તી અથવા સાક્ષરતા જેવા લક્ષણો ધ્યાનમાં લેવામાં આવે છે. તેથી, આપણે ભારતની વસ્તી-વિન્યાસના નિમ્નલિખિત પાસાંઓને સમજીએ :

(i) વય અનુસાર વસ્તી વિન્યાસ
(ii) લિંગ અનુસાર વસ્તી વિન્યાસ
(iii) ગ્રામિણ અને શહેરી વસ્તી વિન્યાસ
(iv) સાક્ષરતા


### i) વય અનુસાર વસ્તી વિન્યાસ :

દેશના વર્તમાન અને ભાવિ વિકાસ ઉપર વસ્તીની ઉંમર - સંરચના મહત્વની અસર જન્માવે છે. સામાન્ય રીતે વસ્તીને વયજૂથ મુજબ મુખ્ય વિભાગોમાં વહેંચવામાં આવે છે.

બાળકો (૦-૧૪ વર્ષ) પુખ્તો (૧૫-૬૦ વર્ષ) અને વૃદ્ધો (૬૦ વર્ષથી વધુ) આકૃતિ ૧૪.૭ આ વયજૂથ મુજબ ભારતની વસ્તીની સંરચના દર્શાવે છે.

**અમૂક ચોક્કસ જૂથોમાં વસ્તીની વયજૂથ મુજબ વિન્યાસ (૧૯૬૧-૨૦૦૧)**

*વસ્તી (ટકાવારીમાં)*




**આકૃતિ ૧૪.૭ : વયજૂથ અનુસાર વસ્તી વિન્યાસ**

જો આપણે ઈ.સ. ૧૯૭૧ ના આંકડાઓને સરખાવીએ તો એ સ્પષ્ટ જણાઈ આવે છે કે બાળકોની સંખ્યા ઘટી રહી છે અને પુખ્તોની સંખ્યા વધી રહી છે. વૃદ્ધોની સંખ્યા પણ વધી રહી છે.

આ રીતે, આશ્રિત વસ્તીની સંખ્યા વધી રહી છે. જ્યારે આવું બને ત્યારે વસ્તીમાં આશ્રિત વસ્તીનો ભાગ પણ વધે. તેના લીધે સરકારને બાળકોના વિકાસ અને વૃદ્ધોના કલ્યાણ માટે વધુ રોકાણ કરવું પડે. જો આવું ન હોય તો ઉત્પાદક વસ્તી માટે વધુ રોકાણ કરી શકાય.

**? શું તમે જાણો છો**

**આશ્રિત વસ્તી**

$$\text{આશ્રિત વસ્તી પ્રમાણ} = \frac{\text{આશ્રિત વસ્તી ૦-૧૪ વર્ષ વત્તા ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકો}}{\text{ઉત્પાદક વસ્તી (૧૫-૫૯ વર્ષ)}} \times ૧૦૦$$

ધારો કે એક જિલ્લામાં આશ્રિત વસ્તી (૦-૧૪ વર્ષ તથા ૬૦ વર્ષથી ઉપર ) ૭૦૦૦ છે અને ઉત્પાદક વસ્તી (૧૫-૫૯ વર્ષ ) ૧૮૦૦૦ છે, તો

$$\text{આશ્રિત વસ્તી પ્રમાણ} = \frac{૭૦૦૦}{૧૮૦૦૦} \times ૧૦૦ = ૩૮.૮૯$$

આનો અર્થ એ કે દરેક ૧૦૦ વ્યક્તિઓ પૈકી ૩૮.૮૯ વ્યક્તિ નિર્ભર છે અને ૬૧.૧૧ વ્યક્તિ ઉત્પાદક છે.

**વિચારો**

*તમારા દાદા-દાદીની ઉંમર ૬૦ વર્ષથી વધું છે. તેઓ આશ્રિત વસ્તીનો ભાગ છે. શું તમને લાગે છે કે તેઓ બોજારૂપ છે ? શું તેઓ કુટુંબ અને સમાજના કલ્યાણ માટે ફાળો આપતા નથી ? જો તેનો જવાબ 'હા' હોય તો કેવી રીતે ફાળો આપે છે ? જો 'ના' હોય તો ફાળો કેમ નથી આપતા?*

**વસ્તીનું એક અલગ જૂથ : કિશોર**

*નવા દ્રષ્ટિકોણ મુજબ વસ્તીની વયજૂથ સંરચનાને સમજવા માટે કિશોરોને અલગ વયજૂથમાં મૂકીને જોવા પડે. પરંપરાગત રીતે આપણે વયજૂથ મુજબ વસ્તીને ત્રણ વિભાગોમાં જ વહેચીએ છીએ : બાળકો, પુખ્તો અને વૃદ્ધો પરંતુ આપણે જોઈએ છીએ કે એવી ઘણી વ્યક્તિઓ છે જે ન તો બાળક છે કે ન તો પુખ્ત છે. જો તમે પોતે એ વયજૂથમાં હશો તો તમને તમારા વડીલો અથવા વાલીઓ પાસેથી વારંવાર એવું સાંભળવા મળતું હશે કે, તમે આવું શું કામ કરો છો ? હવે તમે કંઈ બાળક ના કહેવાઓ." બીજી કોઈવાર એ જ વડીલ તમને કહેતા હશે, "તમે આવું કરે જ કઈ રીતે શકો ? તમે કંઈ પુખ્ત નથી." ખરેખર તો, જીવનમાં પુખ્તાવસ્થા અને બાળપણ વચ્ચેના આ તબક્કાને કિશોરાવસ્થા કહેવામાં આવે છે. (લગભગ ૧૦ થી ૧૯ વર્ષ) અને આ વયજૂથમાં આવનારી વ્યક્તિઓને કિશોરો તરીકે ઓળખવામાં આવે છે. કિશોરાવસ્થાનો અર્થ બરોબર સમજવા માટે બોકસમાં આપેલું લખાણ વાંચો.*

**? શું તમે જાણો છો**

**કિશોર એટલે શું ?**

*વયજૂથ મુજબ સંયુકત રાષ્ટ્રો (યુ.એન) એ નીચે મુજબ વ્યાખ્યાં કરી છે :*


- *કિશોરો - ૧૦-૧૯ વર્ષ*
- *યુવાનો - ૧૫-૨૪ વર્ષ*
- *યુવાધન- ૧૦-૨૪ વર્ષ*

*પરંતુ, કિશોરાવસ્થાને વસ્તીના વિશેષ જૂથ તરીકે જોતાં તેની ઉમરનો ચોકકસ ગાળો જ ફકત ધ્યાનમાં ન લેવાય, કેમ કે દરેક વ્યક્તિની કિશોરાવસ્થાનો તબકકો જુદીજુદી ઉંમર દરમ્યાન આવી શકે. કિશોરાવસ્થા એટલે, એ વિકાસશીલ તબકકો જે બાળપણના અંતથી શરૂ થઈને પુખ્તતાની શરૂઆત સુધી લંબાય છે."*

*કિશોરાવસ્થાને એ સમયગાળો કે તબકકો કહેવામાં આવે છે જયારે બાળપણથી પુખ્તતાં તરફ શારીરિક, માનસિક અને સામાજિક પુખ્તતા આવતી જાય છે. આ તબકકે યુવાનીનો આરંભ થાય છે અને તે પ્રજનનક્ષમ પરિપકવતા સુધી પહોંચે છે.*

કોષ્ટક ૧.૧ માં દર્શાવ્યા મુજબ વસ્તીના એક વિશિષ્ટ જૂથ તરીકે કિશોરો ભારતની વસ્તીના લગભગ ૨૨ % જેટલા છે. આ ભાગ ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ છે. તેમની સંખ્યા હજુ વધી રહી છે અને વર્તમાન (૨૦૦૯) માં તેમનો ભાગ વધી ગયો છે. રાષ્ટ્રિય વસ્તી નીતિ ૨૦૦૦ મુજબ કિશોરા "વસ્તીના અવગણાયેલા જૂથ" માં આવે છે. કારણ કે આજસુધી તેમની જરૂરીયાતો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું નથી. આ વસ્તી-નીતિમાં કિશોરોની વિવિધ જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને વિવિધ કાર્ય ઘડવામાં આવી છે.

ભારતમાં જાતિ પ્રમાણના વલણો




આકૃતિ ૧૪.૮ (એ)

i) કિશોરાવસ્થામાં આવતા શારીરિક, માનસિક, મનોવૈજ્ઞાનિક, મનોક્રિયાત્મક અને સામાજિક પરિવર્તનની સંપૂર્ણ અથવા બને તેટલી માહિતી મેળવી આપવી.

ii) તેમનામાં જરૂરી જીવનકૌશલ્યો વિકસાવી તેમને એવા સક્ષમ કરવા જેથી તેઓ જીવનના જોખમોથી બચે.

iii) પૂરતું પોષણ અને પૂરતા ખોરાકની વ્યવસ્થા કરવી.

iv) જરૂરી આરોગ્ય અને કાઉન્સેલીંગ સેવાઓ ઉપલબ્ધ કરાવવી.

**કોષ્ટક ૧.૧ કિશોરો (૧૦-૧૯ વર્ષ ) (સંખ્યા દર હજારે, લીંગ મુજબ)**

**૧૯૯૧ અને ૨૦૦૧ ની વસ્તી અનુસાર**

| વસ્તી ગણતરી વર્ષ | કિશોરોની કુલ સંખ્યા | વસ્તીના કુલ ટકા | પુરુષો | પુરુષોના કુલ % | મહિલા | મહિલાના કુલ % |
|---|---|---|---|---|---|---|
| ૧૯૯૧ | ૧૮૧,૪૧૯ | ૨૧.૪ | ૯૫,૯૬૯ | ૨૧.૯ | ૮૫,૪૫૦ | ૨૧.૦ |
| ૨૦૦૧ | ૨૨૫,૦૬૧ | ૨૧.૯ | ૧૧૯,૫૭૧ | ૨૨.૪ | ૧૦૫,૪૯૦ | ૨૧.૨ |

**પ્રવૃત્તિ ૧૪.૩**

**કોષ્ટક ૧.૧ માં આપેલી માહિતી અનુસાર નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. *કિશોરીઓની સંખ્યા કિશોરો કરતાં ઓછી કેમ છે ? ખરેખર તો જૈવીક આધાર વિકાસની દ્રષ્ટિએ જોતાં આ સંખ્યા વધુ હોવી જોઈતી હતી*


૨. *ઈ.સ.૧૯૯૧ થી ઈ.સ.૨૦૦૧ દરમ્યાન કિશોરો અને કિશોરીઓની ટકાવારીનું વલણ કેવું છે ?*

૩. *કિશોરોને "અવગણાયેલા જૂથ " તરીકે કેમ જોવામાં આવે છે ?*

૪. *શું તમે સમાજ દ્વારા જેનું ધ્યાન રખાવું જોઈએ એવી કિશોરોની બાબતોની યાદી બનાવી શકશો ?*

### ii) જાતિ મુજબ વસ્તી વિન્યાસ

*માનવસંસાધન તરીકે વસ્તીના જાતિ મુજબ વિન્યાસ એ અસર કરતું એક મહત્વનું પરિબળ છે. ખરેખર તો, તેને લીંગ-પ્રમાણના આધારે સમજવામાં આવે છે. જાતિ પ્રમાણ એટલે દર ૧૦૦૦ પુરુષે મહિલાઓની સંખ્યા કોઈ ચોક્કસ સમયગાળા દરમ્યાન સ્ત્રી-પુરૂષો વચ્ચે સમાનતાની સ્થિતિનો અંદાજ લેવા માટેનું આ મહત્વનું સામાજિક સૂચક છે.*




**આકૃતિ ૧૪.૮ (બી)**

*ભારતમાં જાતિ પ્રમાણના વલણો જાતિ-પ્રમાણ અનુકૂળ હોવું જોઈએ પરંતુ આપણા દેશની વસ્તીમાં જાતિ-પ્રમાણ સ્ત્રીઓ માટે હંમેશા પ્રતિકૂળ રહયું છે અને ચિંતાજનક વાત એ છે કે આ પ્રમાણ હજુ ઘટી રહયું છે. ઈ.સ.૧૯૦૧ માં દર એક હજાર પુરૂષે ૯૭૨ મહિલાઓ હતી. ઈ.સ.૨૦૦૧ માં આ આંકડો ૯૩૩ નો થઈ ગયો છે. આ વલણ આકૃતિ ૧૪.૮ (અ) અને (બ) માં દર્શાવવામાં આવ્યું છે.*

**? શું તમે જાણો છો**

- *જાતિ પ્રમાણ આ રીતે નકકી કરવામાં આવે છે.*

*કોઈ ચોકકસ વિસ્તારમાં વસતી*

$$\text{જાતિ પ્રમાણ} = \frac{\text{મહિલાઓની કુલ સંખ્યા}}{\text{તે જ વિસ્તારમાં રહેતા પુરૂષોની કુલ સંખ્યા}} \times ૧૦૦૦$$

*ધારો કે એક જિલ્લામાં મહિલાઓની કુલ સંખ્યા ૧૨૦૦૦ અને પુરૂષોની ૧૩૦૦૦ હોય, તો*

$$\text{જાતિ પ્રમાણ} = \frac{૧૨,૦૦૦}{૧૩,૦૦૦} \times ૧૦૦૦ = \text{દર એક હજાર પુરૂષે ૯૨૩ મહિલા}$$

*ચાલો આપણે વિચારી જોઈએ કે આપણા દેશમાં પ્રતિકૂળ જાતિ પ્રમાણ કેમ છે ? આનું મુખ્ય કારણ છે આપણા સમાજના સ્ત્રીઓ સાથે કરવામાં આવતા ભેદભાવ અનુકૂળ જાતિ પ્રમાણ ફકત એક રાજય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં છે તે છે ૧૦૫૮-કેરલમાં અને ૧૦૦૧ પોંડિચેરી (પુદુચ્ચેરી) માં બાળ જાતિ પ્રમાણ દેશમાં બાળ-જાતિ પ્રમાણમાં થયેલો ઘટાડોએ ખૂબ નોંધપાત્ર*

બાબત છે. ૦-૬ વયજૂથની વસ્તીમાં જાતિ-પ્રમાણ સતત ઘટી રહયું છે. ૧૯૯૧ અને ૨૦૦૧ ની વસ્તી ગણતરીમાં સમગ્ર જાતિ પ્રમાણમાં થોડાઘણા સુધારા આવેલા જણાય છે. પરંતુ ૦-૬ વર્ષના વયજૂથમાં જાતિ-પ્રમાણ ઝડપથી ઘટયું છે. ૨૮ રાજયો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશો પૈકી માત્ર ચાર રાજય- કેરાલા, મિઝોરમ, સિકિકમ, ત્રિપુરા અને લક્ષદ્વિપ કેન્દ્રશાસિત ક્ષેત્રમાં જ બાળજાતિ પ્રમાણ સમગ્ર જાતિ પ્રમાણને અનુકુળ છે. સૌથી ખરાબ બાળજાતિ પ્રમાણ ધરાવતા રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશો છે- હરિયાણા, હિમાચલપ્રદેશ, ગુજરાત, પંજાબ, ઉત્તરાખંડ અને રાષ્ટ્રિય રાજધાની ક્ષેત્ર દિલ્હી તથા સંઘ શાસિત ચંડીગઢ બાળજાતિ પ્રમાણમાં થયેલો આ ઘટાડો દર્શાવે છે કે આ રાજયોમાં કન્યા ભ્રૂણહત્યા અને કન્યાં શીશુહત્યાનો રીવાજ આજે પણ છે. આવા રીવાજો સભ્યસમાજના નિયમોની વિરૂદ્ધમાં છે.

**iii) ગ્રામીણ-શહેરી વસ્તી વિન્યાસ**

ભારત ખેડૂતોની ભૂમિ અને ગામડાંઓનો દેશ રહેલો છે. વીસમી સદીની શરૂઆતમાં દસમાંથી નવ લોકો ગામડાઓમાં રહેતા. હાલમાં પણ આપણી વસ્તીના પોણા ભાગ કરતાં વધુ લોકો ગામડાઓમાં વસે છે. ભારતમાં શહેરી વિસ્તાર એને કહેવામાં આવે છે, જેમાં પોણાભાગથી વધુ લોકો સીધી કે આડકતરી રીતે ખેતી સિવાયનું કામ કરતા હોય, ઓછામાં ઓછી ૫૦૦૦ ની વસ્તી હોય અને વસ્તીની ઘનતા ૪૦૦ વ્યકિત/ચો.કિ.ની હોય.

એવું લાગે છે (જુઓ આકૃતિ ૧૪.૯ ) કે આપણે ખૂબ ઝડપથી શહેરીકરણ તરફ ભાગી રહયા છીએ. પરંતુ તેની સાથે જ તેની આડઅસરો પણ જોડાયેલી છે, જેવી કે - રહેઠાણોની અછત, પાણી, પર્યાવરણ અને વીજળી વેડફવી વગેરે.


**ગ્રામીણ અને શહેરી વસ્તી વિન્યાસ (૧૯૫૧-૨૦૦૧)**

| Year | Population (million) Rural | Urban | % of population Rural | Urban |
|---|---|---|---|---|
| 1951 | 299 | 62 | 82.7 | 17.3 |
| 1961 | 360 | 79 | 82.0 | 18.0 |
| 1971 | 439 | 109 | 80.1 | 19.9 |
| 1981 | 524 | 159 | 76.77 | 23.3 |
| 1991 | 629 | 218 | 74.3 | 25.7 |
| 2001 | 742 | 285 | 72.2 | 27.8 |

**આકૃતિ ૧૪.૯ ગ્રામીણ-શહેરી પરિવર્તન**

**iv) સાક્ષરતા :**

સાક્ષરતા કોઈપણ સમાજના વિકાસનો એક મહત્વનો માપદંડ છે. વસ્તીગણતરીમાં આપેલી વ્યાખ્યા મુજબ, સાત વર્ષથી ઉપરની એ વ્યક્તિને સાક્ષર માનવામાં આવશે જે કોઈપણ ભાષા લખી, વાંચી તેમજ સમજી શકશે.'' આપણા દેશમાં ૧૯૫૧ માં સાક્ષરતા દર હતો ૧૮.૩૩ % ૨૦૦૧ માં આ દર વધીને ૬૫.૩૭ % થઈ ગયો. આપણા દેશના વિભિન્ન રાજ્યો પૈકી સૌથી વધુ સાક્ષરતા ૯૦.૮૬ % કેરલમાં છે. મિઝોરમમાં ૮૮.૪૯ % અને લક્ષદ્વિપમાં ૮૭.૫૨ % છે. પરંતુ સામાન્ય રીતે જોતાં પુરૂષો કરતાં મહિલાઓમાં સાક્ષરતા દર નીચો છે. (જુઓ આકૃતિ ૧૪.૧૦)




**આકૃતિ ૧૪.૧૦ : સાક્ષરતા**

**મનોયત્ન ૧૪.૪**

પોતાની આસપાસના ૧૦-૧૫ ઘરોમાંથી આ માહિતી ભેગી કરો :

૧. ઈન્ટરવ્યુ આપનાર વ્યક્તિનું નામ ..........

૨. ઉંમર (વર્ષોમાં)

૩. શૈક્ષણિક યોગ્યતા

૪. પરિવારમાં કમાતા સભ્યોની સંખ્યા ........

૫. કુટુંબીજનોની કુલ સંખ્યા : પુરુષ ......... સ્ત્રી ..........

૬. કુટુંબીજનોના વયજૂથ મુજબ સંખ્યા :

એ) ૧૪ વર્ષ સુધી

બી) ૧૫ થી ૬૦ વર્ષ

સી) ૬૦ થી વધુ વર્ષ

૭. ઉપરોક્ત માહિતીના આધારે નીચે આપેલ બાબતોની ગણતરી અને વિશ્લેષણ કરો :

એ) જાતિ પ્રમાણ

બી) નિભર્રતા પ્રમાણ ...........

i) ૧૪ વર્ષથી નીચે ..........અને તેની ટકાવારી

ii) ૬૦ વર્ષથી ઉપર ...........અને તેની ટકાવારી

આ રીતે આપણે સમજી શકયા છીએ કે કોઈપણ દેશની વસ્તી માત્ર સંખ્યાની દ્રષ્ટિએ તેનું સંસાધન બની શકે નહીં. દેશ માટે લોકોની સંખ્યાની દ્રષ્ટિએ જણાતી વિશેષતાઓની ગુણવત્તામાં સુધારો કરવા માટે દેશને તેમાં નોંધપાત્ર રોકાણ કરવું પડે છે, જેથી વસ્તી સંસાધનમાં બદલાવ કરવું પડે છે, જેથી વસ્તી સંશાધનમાં બદલાવ દુનિયાના બીજા દેશોની જેમ ભારત પણ પોતાની વસ્તીને સંસાધન બનાવવા માટે ઘણી નીતિઓ અને કાર્યક્રમો બનાવે છે. તેથી પ્રકરણના આગલા ભાગમાં આપણે ભારત સરકારની એ જનસંખ્યા-નીતિઓને સમજીશું જેને મહિલા સશક્તિકરણને સંદર્ભે ઘડવામાં આવી છે.

## સ્વાધ્યાય ૧૪.૪


૧. ૨૦૦૧ ની વસ્તી મુજબ, ભારતમાં જાતિ-પ્રમાણ :

અ) ૯૭૦ બ) ૯૨૭ સ) ૯૩૩ દ) ૯૪૩

૨. ૨૦૦૩ ની વસ્તી ગણતરી મુજબ શહેરી વસ્તીના ટકા છે.

અ) ૨૭.૮ બ) ૨૬.૭ સ) ૨૫.૭ દ) ૨૪.૦

૩. જો નિર્ભરતા પ્રમાણ વધુ હોય તો શું પરિણામ આવે ?



નોંધ

૪. ભારતમાં પ્રતિકૂળ જાતિ-પ્રમાણ માટે જવાબદાર કોઈપણ બે કારણો જણાવો.

## ૧૪.૬ ભારતની વસ્તી-નીતિ

શું તમે જાણો છો કે ભારતમાં વસ્તી વધારા અંગે તેમજ વસ્તી-નીતિ અપનાવવાની જરૂરીયાત અંગેનો વિચાર-વિમર્શ સ્વતંત્રતા પહેલાં જ શરૂ થઈ ગયો હતો ? ૧૯૩૮ માં વચગાળાની સરકાર દ્વારા રાષ્ટ્રિય આયોજન સમિતિ હેઠળ વસ્તી-નીતિ ઘડવા માટે એક પેટા-સમિતિ રચવામાં આવી. આ સમિતિએ ૧૯૧૦ માં તેના સંકલ્પમાં જણાવ્યું, સામાજિક અર્થવ્યવસ્થા, કુટુંબ કલ્યાણ અને રાષ્ટ્રિય યોજનાના હિતમાં કુટુંબ નિયોજન અને બાળકોની સંખ્યાની મર્યાદા આવશ્યક છે.

૧૯૫૨ માં ભારતએ વિશ્વમાં પ્રથમ દેશ બન્યો જેણે કુટુંબ નિયોજન ઉપર ભાર મૂકતી રાષ્ટ્રિય વસ્તી યોજના શરૂ કરી. કાર્યક્રમનો ઉદ્દેશ જન્મદર ઘટાડીને ''રાષ્ટ્રિય અર્થવ્યવસ્થા માટે આવશ્યક સ્તર પર જનસંખ્યાને સ્થિર કરવી'' તે હતો. ત્યારથી માંડીને આજસુધી વખતોવખત ભારત તેની વસ્તી-નીતિમાં સુધારણા કરતું રહયું છે. જેની જાણકારી સંદર્ભે પુસ્તકોમાંથી મળશે અથવા તમારા ઉપલા ધોરણોમાં મળશે.

અત્યારે આપણે તદ્દન નવી વસ્તી-નીતિને સમજવાનો પ્રયાસ કરીએ. જેને ભારત-સરકાર દ્વારા ૨૦૦૦ માં ઘડવામાં આવી. રાષ્ટ્રિય વસ્તી નીતિ (નેશનલ પોલ્યૂલેશન પોલીસી એન.પી.પી.) રાષ્ટ્રિય વસ્તી નીતિ ૨૦૦૦ માં વસ્તીના વિવિધ મુદ્દાઓને ગુણવત્તાજનક દ્રષ્ટિકોણથી જોવામાં આવ્યા છે. તેમાં વસ્તી નિયમન પર સીધો ભાર મૂકવામાં આવ્યો નથી. તેમાં કહેવામાં આવ્યું છે કે આર્થિક અને સામાજીક વિકાસનો હેતુ તેમના કલ્યાણમાં વૃદ્ધિ કરવાનો, સમાજમાં સંસાધન બનવામાં મદદ કરવાનો, દેશનો વિકાસ સતત થાય તે માટે વસ્તીને સંખ્યાની દ્રષ્ટિએ સ્થિર કરવી જરૂરી છે.

રાષ્ટ્રિય વસ્તી નીતિ ૨૦૦૦ ના તાત્કાલિક ઉદ્દેશ છે- ગર્ભનિરોધન, સ્વાસ્થ્ય સંબંધી સારવારમાં મૂળભૂત સુવિધાઓ, સ્વાસ્થ્ય કાર્યકર્તાઓની અપૂર્ણ જરૂરીયાતોને પૂરી કરવી. સાથોસાથ પ્રજનન અને શીશુ સંભાળ માટે એક સાથે સેવા આપવી.

મધ્યકાલીન ઉદ્દેશ છે - કુલ પ્રજનન દરને ૨૦૧૦ સુધી વસ્તીની સ્થિરતાના દર સુધી લાવવાનો છે જેને માટે આંતરવિભાગીય કાર્યનીતિઓ અમલમાં મૂકાઈ છે.

લાંબા સમયગાળાનો ઉદ્દેશ છે- ૨૦૪૫ સુધીમાં સતત આર્થિક તથા સામાજિક વિકાસની સાથોસાથ પર્યાવરણ સંરક્ષણ કરીને એક સ્થિર વસ્તી પ્રાપ્ત કરવી.

? શું તમે જાણો છો

**પ્રતિસ્થાપન સ્તર પર કુલ પ્રજનનક્ષમતા દર :**

આ કુલ પ્રજનન દર છે જેમાં એક નવજાત બાળકી પોતાના જીવનકાળ દરમ્યાન સામાન્ય રીતે માત્ર એક પુત્રીને જ જન્મ આપે છે. સાદા શબ્દોમાં કહીએ તો દરેક સ્ત્રી ફક્ત એટલા જ બાળકોને જન્મ આપે, જે તેનું પ્રતિસ્થાપન (replacement) કરે. આનું પરિણામ શૂન્ય વસ્તીવધારો આવે.

**સ્થિર વસ્તી :**

એક વસ્તી જ્યાં પ્રજનન અને મરણ એક સમયગાળામાં એકસરખા રહે છે. આ રીતે વસ્તી એકસરખા દરથી વધે અને એકસમાન રીતે વહેંચાય. જ્યાં જન્મદર અને મૃત્યુદર સરખા હોય ત્યાં વસ્તી હંમેશા સ્થિર રહે.

**ભારતમાં મહિલા સશકિતકરણ :**

માનવસંસાધન તરીકે વસ્તીની ગુણવત્તા સુધારવા માટે મહિલાઓનું સશક્તિકરણ કરવાની ખૂબ જરૂર છે. ભારતમાં કુલ વસ્તીના લગભગ ૫૦% જેટલી વસ્તી મહિલાઓની છે, છતાં સમાજમાં તેમનું સ્થાન નીચુ અને ભેદભાવવાળુ રાખવામાં આવે છે. આમ સીધો જ ખ્યાલ આવી શકે છે કે મહિલાઓની અવગણના કરવાને લીધે દેશની ૫૦ % વસ્તીનું યોગદાન દેશને મળી શકતું નથી. જ્યારે વિશ્વના વિકસીત રાષ્ટ્રોમાં આથી સાવ ઉલટું બને છે. આપણા દેશમાં મહિલાઓની ભૂમિકા માત્ર કુટુંબની કાળજી લેવા પૂરતી જ જણાય છે. તેમની સાથે થતા ભેદભાવ, અપરાધ અને દુર્વ્યવહાર મૂંગા મોઢે જોઈ રહે છે.

જો તમે ભારતના સંવિધાનના ૧૪,૧૫,૧૬, ૧૯, ૩૯, ૪૨,૫૧-ઈ પ્રકરણો જોશો તો તેમાં સૌને માટે ન્યાય અને સમાનતાની જોગવાઈઓ જોવા મળશે. ખાસ લગ્ન કાયદો ૧૯૪૫, ગર્ભાવસ્થાનો તબીબી સમાપન કાયદો ૧૯૭૧ અને બાળલગ્ન (સુધારો) ૧૯૭૮ જેવા ખાસ કાયદાઓ પણ લાગૂ કરવામાં આવ્યા છે. છતાં મહિલાઓની સ્થિતિ ઘણી ગંભીર ચિંતાનો વિષય હજુ બનેલી છે.

આ દિશામાં અમુક પગલાં લેવાયા છે અને મહિલાઓની સ્થિતિની ગુણવત્તા સુધરે તેવી આશા જન્મી છે. મહિલા સશક્તિકરણની દિશામાં મહત્વનું પગલું ત્યારે લેવાયું જ્યારે સંસદમાં ૭૫ મો અને ૭૪ મો સુધારો પસાર કરાયો, જેમાં પંચાયતી રાજ્યની સંસ્થાઓમાં અને શહેરોની સ્થાનિક સંસ્થાઓમાં મહિલાઓ માટે ૩૩ % બેઠકો અનામત રાખવાનું નક્કી થયેલું.

૧૯૯૦ માં પસાર કરવામાં આવેલા એક કાયદા દ્વારા ૧૯૯૨ માં મહિલાઓ માટેનું એક રાષ્ટ્રિય પંચ બનાવવામાં આવ્યું. મહિલાઓના અધિકારની રક્ષા માટે તેમજ તેમને થતા દુર્વ્યવહારો

સામે તેમની સુરક્ષા માટે કાનૂની તપાસને લઈને આ સંગઠનમાં ઘણા પ્રકારના કાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો.

આનો અંતિમ ઉદ્દેશ છે મહિલાઓની ઉન્નતિ, વિકાસ અને સશક્તીકરણમાં સહાયરૂપ બનવું અને મહિલાઓ સાથે કરવામાં આવતા તમામ ભેદભાવો દૂર કરવા. આ પગલાંઓ દ્વારા મહિલાઓની પ્રવૃત્તિઓ પણ વધશે અને જીવનના ઘણાબધા પાસાઓમાં તેઓ સક્રિયતાથી ભાગ લેશે. મહિલા સશક્તિકરણની જરૂર અને તેની માટેના પ્રયત્નો અંગે વધુ વિગતથી તમે જાણી શકશો ''સામાજિક-આર્થિક વિકાસ અને વંચિત સમૂહોનું સશક્તીકરણ'' નામના પાઠમાં.

## સ્વાધ્યાય ૧૪.૫

૧. ધારો કે એક ચોકક્સ જિલ્લાનું ક્ષેત્રફળ ૨૦૦ ચો.કિ.મી. છે તે જિલ્લાની વસ્તી ૧૯૫૧, ૧૯૬૧, ૧૯૭૧, ૧૯૮૧,૧૯૯૧ અને ૨૦૦૧ ની વસ્તી ગણત્રી અનુસાર ક્રમશ : ૧૭,૪૦૦, ૨૬,૨૦૦, ૩૬,૭૦૦, ૪૨,૨૦૦, ૫૯,૮૦૦ અને ૭૫,૨૦૦ છે.

એ) આ છ વર્ષની વસ્તી ગણત્રી મુજબ વસ્તીની ઘનતા ગણી બતાવો.

બી) વસ્તીની ઘનતામાં દસકાઓ દરમ્યાન આવેલો ફેરફાર ચકાસો.

સી) તમે કરેલી વસ્તીની ઘનતાની ગણતરી અને સરખામણી દ્વારા તમને વસ્તીને લગતા કોઈ વલણ જોવા મળે છે ?

## તમે આ શીખ્યા :

- કોઈ ચોકક્સ સમય દરમ્યાન એક દેશમાં વસતા લોકોની કુલ સંખ્યાને તે દેશની વસ્તી કહેવાય છે. દસ-દસ વર્ષ પછી ભારત સરકાર દ્વારા વસ્તીને લગતી સામાજિક, આર્થિક અને જનસાંખ્યાયિક (લોકોની સંખ્યાને લગતી) માહિતી એકત્ર કરવામાં આવે છે જેને વસ્તી ગણતરી કહેવામાં આવે છે.

- ૨૦૦૧ ની વસ્તીગણત્રી મુજબ ભારતની કુલ વસ્તી ૧૦૨૮.૭ કરોડ છે જે ૧૯૦૧ માં ભારતની જે વસ્તી હતી (૨૩૮.૩ કરોડ) તેના કરતાં ૪ ગણી છે. જન્મદર અને મૃત્યુદર વચ્ચેનો તફાવતએ પ્રાકૃતિક વૃદ્ધિદર કહેવાય છે.

- દર ચો.કિ.મી. એ વસતા લોકોની સંખ્યાને વસ્તીની ઘનતા /ગીચતા કહે છે. ભારતમાં તેની વહેંચણી ઘણી અસમાન છે. રાષ્ટ્રિય રાજધાની ક્ષેત્ર દિલ્હી ભારતનો સૌથી ગીચ વસ્તી ધરાવતો પ્રદેશ છે. (૯૨૯૪ વ્યકિત/ચો.કિ.મી.) અને અરૂણાચલ પ્રદેશ સૌથી ઓછી ગીચ વસ્તી ધરાવતું રાજ્ય છે.

- (૧૪ વ્યક્તિ /ચો.કિ.મી)

કુલ વસ્તીમાં દર ૧૦૦૦ પુરુષે મહિલાઓની જે સંખ્યા હોય તેને જાતિ પ્રમાણ કહે છે. ભારતમાં જાતિપ્રમાણ પ્રતિકૂળ છે. ૨૦૦૧ ની વસ્તીગણત્રી મુજબ તે ૯૩૩ છે. મહિલાઓના સશકતીકરણ દ્વારા જાતિ પ્રમાણ સુધરી શકે.

- ભારતની વસ્તીને વયજૂથ મુજબ મુખ્યત્વે ત્રણ જૂથમાં વહેંચવામાં આવે છે. (૧) બાળકો (૦-૧૪ વર્ષ) (૨) પુખ્તો (૧૫-૬૦ વર્ષ) (૩) વૃદ્ધો (૬૦ + વર્ષ) બાળકો અને વૃદ્ધો મળીને દેશની આશ્રિત વસ્તી બને છે, જે કુલ વસ્તીના લગભગ ૪૩ % છે.

- એક જાગૃત સમાજ માટે સાક્ષરતા એક મહત્વનો માપદંડ છે. વસ્તીગણતરી મુજબ ''સાત વર્ષથી વધુ ઉંમર ધરાવતી વ્યક્તિને સમજણપૂર્વક લખતાવાંચતા આવડવું જોઈએ. આપણા દેશમાં સાક્ષરતાનું પ્રમાણ ઘણું વધ્યું છે. ૧૯૫૧ માં સાક્ષરતા દર માત્ર ૧૮.૩૩ % હતો જે ૨૦૦૧ માં ૬૫.૩૭ % થયો છે. કેરલ રાજયમાં સૌથી વધુ ૯૦.૮૬ % સાક્ષરતા છે.

- રાષ્ટ્રિય વસ્તી નીતિનો મુખ્ય ઉદ્દેશ એ છે કે જન્મદર અને મૃત્યુદરને ઘટાડી, કુટુંબ કલ્યાણ અને વસ્તીમાં સ્થિરતા લાવી, આર્થિક-સામાજીક વિકાસ કરી અને પર્યાવરણનું સંરક્ષણ કરીને લોકોના જીવનની ગુણવત્તા સુધારવી. લોકોની જીવન-ગુણવત્તા સુધારવા માટે તેમાં યોગ્ય રોકાણ કરીને વસ્તીને એક ઉત્પાદક સંસાધનમાં ફેરવી શકાય છે.

## સત્રાંત સ્વાધ્યાય :

૧. જાતિ-પ્રમાણની વ્યાખ્યા આપો. ભારતમાં જાતિ-પ્રમાણ પ્રતિકૂળ કેમ છે ?

૨. વસ્તીવધારાના દરની વ્યાખ્યા આપો અને તે કેવી રીતે ગણી શકાય છે તે ગણત્રી કરી બતાવો.

૩. ભારતના વય જૂથ મુજબ વસ્તી વિન્યાસની આંકડાકીય માહિતી દ્વારા આપણે શું તારણ કાઢી શકીએ ?

૪. આપણી બહોળી વસ્તીને આપણે સંસાધન કેવી રીતે બનાવી દઈ શકીએ ?

૫. નીચે આપેલા શબ્દોની વ્યાખ્યા આપો.

i) વસ્તીની ઘનતા

ii) જન્મદર, મૃત્યુદર અને વૃદ્ધિ દર

iii) સાક્ષરતા

૬. રાષ્ટ્રિય વસ્તી નીતિ સમજાવો.

૭. મહિલા સશક્તીકરણ એટલે શું ? મહિલા સશક્તીકરણ દ્વારા આખા સમાજનું સશક્તીકરણ કેવી રીતે થઈ શકે ?

## સ્વાધ્યાયના જવાબ

૧. ૧૪.૧ એવું કંઈક જે આપણે વારંવાર ઉપયોગમાં લઈ શકીએ.

૨. શિક્ષણ, સ્વાસ્થ્ય, પોષણ અને વિશેષ તાલીમ

**૧૪.૨**

૧. પશ્ચિમ બંગાળ

૨. ડી) ૩૦૦ વ્યક્તિ/ચો.કિ.મી.

૩. ૧) ઔધોગિકરણ ૨) શહેરીકરણ

૩) રોજગારની તકો ૪) વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારની સગવડો

૪. ૧) ખાડા-ટેકરાવાળું ભૃપૃષ્ઠ

૨) વિષમ/પ્રતિકૂળ આબોહવા

**૧૪.૩**

૧. (સી) દર એક હજારે ૨૦

૨. (સી) ઊંચો જન્મદર અને નીચો મૃત્યુદર

૩. ૧૯૨૧ નું વર્ષ વસ્તીમાં ઘટાડો સુચવે છે પરંતુ તેના પછી વસ્તી સતત વધી રહેલી જણાય છે.

**૧૪.૪**

૧. સી-૯૩૩

૨. એ-૨૭.૮

૩. સરકાર પર આશ્રિત વસ્તીના કલ્યાણ માટે સરકારે તેમાં વધુ રોકાણ કરવું પડે છે, જેને લીધે દેશમાં બીજા વિકાસના કાર્યો માટે ઓછા નાણા બચે છે.

૪. ૧) મહિલાઓ સાથે કરવામાં આવતા ભેદભાવ

૨) મહિલા ભૃણ હત્યા અને મહિલાશીશુ હત્યા

૧૪.૫

| વર્ષ | (અ) વસ્તીની ઘનતા | (બ) વસ્તીમાં દસકાઓમાં આવેલા પરિવર્તનો | (ક) વસ્તીની ઘનતાના વલણમાં સતત વૃદ્ધિ |
|---|---|---|---|
| ૧૯૫૧ | ૮૭ | | |
| ૧૯૬૧ | ૧૩૧ | ૪૪ | |
| ૧૯૭૧ | ૧૮૧ | ૫૦ | |
| ૧૯૮૧ | ૨૩૬ | ૫૫ | |
| ૧૯૯૧ | ૨૯૯ | ૬૩ | |
| ૨૦૦૧ | ૩૭૬ | ૭૭ | |

## …ક્રિયા અને પાઠો

| … | પાઠનું નામ | વિષયવસ્તુ | | | ભાષા | | ચિત્ર | | તમે શું શીખ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મુશ્કેલ | મનોરંજક | મુંઝવતું | સાદી | જટિલ | ઉપયોગી | બિન ઉપયોગી | ખુબ જ ઉપયોગી | બિન ઉ… |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

---ચોથું ફોલ્ડ---

---ત્રીજો ફોલ્ડ---

…મિત્રો,

…આખા સ્વાધ્યાય પુસ્તકને ચોકકસપણે આનંદથી માણ્યું હશે. અહીં અમારો પ્રયત્ન …ાસ સામગ્રીને સુસંગત, અસરકારક અને રસપ્રદ બનાવવાનો રહ્યો છે. અભ્યાસ …ૈયાર કરવી એ દ્વિમાગી પ્રક્રિયા છે. તમારા પ્રતિભાવો અમને આ અભ્યાસ … સુધારવામાં મદદરૂપ થશે. થોડો સમય કાઢીને અહીં આપેલ પ્રતિભાવપત્રક …થી વધુ રસપ્રદ અને ઉપયોગી સામગ્રી બનાવી શકાય.

…નેટર

…ાન)

## પ્રતિક્રિયા ઉપર પ્રશ્નો

| પાઠ નં. | પાઠનું નામ | Intext પ્રશ્નો | | ટર્મિનલપ્રશ્નો | | |
|---|---|---|---|---|---|---|
| | | ઉપયોગી | બિનઉપયોગી | સહેલા | મુશ્કેલ | ખુબ મુ… |
| 1. | | | | | | |
| 2. | | | | | | |
| 3. | | | | | | |
| 4. | | | | | | |
| 5. | | | | | | |
| 6. | | | | | | |
| 7. | | | | | | |
| 8. | | | | | | |
| 9. | | | | | | |
| 10. | | | | | | |
| 11. | | | | | | |
| 12. | | | | | | |
| 13. | | | | | | |

બીજો ફોલ્ડ

શું તમે મનોવિજ્ઞાનના અભ્યાસ માટે બીજા કોઈ પુસ્તકનો ઉપયોગ કર્યો ?
હા / ના
જો હા, તો ઉપયોગ કરવાનું કારણ આપો.

_______________________________
_______________________________

નામ : _______________________
એનરોલમેન્ટ નં. _______________________
સરનામું : _______________________
_______________________

વિષય : _______________________
પુસ્તક નં. : _______________________

ટપાલ
ટિકિટ

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થાન
(MHRD), ભારત સરકાર હસ્તક (સ્વાયત્ત) સંસ્થા)
એ-૨૪-૨૫, ઇન્સ્ટિટ્યૂશનલ વિસ્તાર, સેક્ટર- ૬૨, નોઈડા-
૨૦૧૩૦૯ (યુ. પી. )